ચોથી શ્રેણી

પુસ્તકઃ ૧૨

મંગળવાર, તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૪
ફાલ્ગુન ૬, ૧૯૩૫ શાકે

થી

બુધવાર, તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૯૧૪
ફાલ્ગુન ૭, ૧૯૩૫ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## તેરમી ગુજરાત વિધાનસભા
## ત્રીજું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

**વિષય** **અ નુ ક્ર મ ણિ કા** **પાના નંબર**


તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૪ / ફાલ્ગુન ૬, ૧૯૩૫ શાકે

પહેલી બેઠક

| | | |
|---|---|---|
| લેખાનુદાન માટેનો પ્રસ્તાવ | ૧ | ૪૨ |
| **બીજી બેઠક** | | |
| તારાંકિત પ્રશ્નો | ૪૩ | ૫૭ |
| અતારાંકિત પ્રશ્નો | ૫૮ | ૧૩૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૩૩ | ૩૬૬ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૩૬૭ | ૩૬૮ |
| ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૪ | ૩૬૯ | ૩૭૧ |

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૯૧૪ / ફાલ્ગુન ૭, ૧૯૩૫ શાકે

પહેલી બેઠક

| | | |
|---|---|---|
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન | ૩૭૨ | ૩૭૯ |
| **બીજી બેઠક** | | |
| અધ્યક્ષશ્રીની જાહેરાત | ૩૮૦ | ૪૧૦ |
| તારાંકિત પ્રશ્નો | ૪૧૧ | ૪૨૬ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૨૭ | ૫૦૪ |
| અતારાંકિત પ્રશ્નોની યાદી | ૫૦૫ | ૫૮૪ |
| જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪) | ૫૮૬ | ૫૮૮ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૫૮૯ | ૫૮૯ |
| ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) વિધેયક, ૨૦૧૪ | ૫૯૦ | ૫૯૦ |
| અધ્યક્ષશ્રીની જાહેરાત | ૫૯૧ | ૫૯૧ |
| ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૧૪ | ૫૯૨ | ૫૯૫ |
| ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબત વિધેયક, ૨૦૧૪ | ૫૯૬ | ૫૯૬ |
| છેલ્લા દિવસનો પ્રસ્તાવ | ૫૯૭ | ૬૦૯ |
| અતારાંકિત પ્રશ્નો | ૬૧૦ | ૬૮૩ |

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૪**
**ફાલ્ગુન ૬, ૧૯૩૫ શાકે**
**સભાગૃહ સવારના ૮–૩૦ વાગે મળ્યું**
**અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને**
**પહેલી બેઠક**

# •લેખાનુદાન માટેનો પ્રસ્તાવ

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણામંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે અનુસૂચિમાં મૂકેલ માગણીઓ મુજબ વર્ષ ૨૦૧૪–૨૦૧૫ના નાણાકીય વર્ષના અમુક ભાગ એટલે કે એપ્રિલથી જુલાઇ–૨૦૧૪ના ચાર મહિના માટે અંદાજી ખર્ચ પેટે રૂ. ૩,૩૪,૦૦,૬૪,૧૭,૦૦૦/– સુધીની રકમ રાજયપાલશ્રીને અગાઉથી મંજૂર કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : આ સત્રમાં સરકાર એપ્રિલથી જુલાઇ સુધીના ૪ મહિનાના સમય માટે લેખાનુદાન લેવા માગે છે. લેખાનુદાન માટેની જોગવાઇ ભારતના બંધારણના અનુચ્છેદ–૨૦૬માં કરવામાં આવેલી છે. વિધાનસભા જયારે અંદાજપત્ર રજૂ કરી શકે તેવી સ્થિતિમાં ના હોય ત્યારે રાજયનો વહીવટ ચલાવવા સરકારને જે પૈસા જોઇએ, તે પૈસા આ અંદાજપત્ર પેટે એ મેળવી શકે એવી જોગવાઇ બંધારણના અનુચ્છેદથી કરવામાં આવી છે. વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૬માં લેખાનુદાન માટે જે જોગવાઇ કરવામાં આવી છે તે મુજબ લેખાનુદાન ઉપર ચર્ચાનું કાર્યક્ષેત્ર ઘણું મર્યાદિત છે. નિયમ ૨૩૬(૪)ની જોગવાઇ પ્રમાણે આવા પ્રસ્તાવ ઉપર સામાન્ય ચર્ચા કરવા દેવામાં આવે છે પરંતુ સામાન્ય મુદ્દાઓની ચોખવટ માટે જરૂરી હોય તેના કરતા વિશેષ વિગતો ઉપર ચર્ચા કરી શકાતી નથી. આથી લેખાનુદાન પ્રસ્તાવની ચર્ચા વખતે આ મુદ્દો દરેક સભ્યશ્રીએ ધ્યાનમાં રાખવા વિનંતી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભાગૃહના સૌ માનનીય સભ્યશ્રીઓ જાણે છે એ પ્રમાણે આ વર્ષે કેન્દ્ર સરકારની ચૂંટણી યોજાવાની છે એટલે સ્વાભાવિક કેન્દ્ર સરકાર સહિત દેશના મોટા ભાગના રાજયોએ પૂર્ણ અંદાજપત્ર રજૂ કરવાને બદલે લેખાનુદાન, વોટ ઓન એકાઉન્ટ મંજૂર કરાવી વિધાનસભામાંથી નકકી કરેલા સમયગાળા માટે રાજયના બજેટની જોગવાઇ કરવામાં આવે છે. મેં અત્યારે જે પ્રમાણે પ્રસ્તાવ રજૂ કર્યો એ પ્રમાણે પણ આપણે આગામી ચાર માસ માટે ગુજરાત વિધાનસભાના આપ સૌ માનનીય સભ્યશ્રીઓ સમક્ષ આ લેખાનુદાન અમે રજૂ કર્યુ છે. અંદાજપત્ર જયારે મેં રજૂ કર્યુ ત્યારે પણ સ્પષ્ટતા કરી હતી કે ચાર મહિના માટેના ખર્ચ અને ચાલુ વ્યવસ્થાઓ, ચાલુ યોજનાઓનો અમલ અમે કરવા માટે લેખાનુદાન પ્રસ્તાવ રજૂ કરીશું અને એ પ્રમાણે રૂ.૩,૩૪,૦૦,૬૪,૧૭,૦૦૦/–સુધીનો ખર્ચ કરવાની સત્તા માનનીય ગવર્નરશ્રી દ્વારા રાજય સરકારને મળે અને આ સભાગૃહ એને મંજૂર કરે એ માટે અહીંયા હું ઉપસ્થિત થયો છું.

આપણે બધા જાણીએ છીએ કે ગુજરાત એ વિકસિત, પ્રગતિશીલ, સમૃદ્ધ, ન્યાય વ્યવસ્થા, કાયદો ધરાવતું, આરોગ્ય, પીવાનું પાણી, વીજળી, ઇન્ફ્રાસ્ટ્રકચર, ગરીબો, દલિતો, બક્ષીપંચ, આદિજાતિ સમાજ અને ગુજરાતના સર્વાંગી વિકાસનો ૬ કરોડની જનતાને અધિકાર છે તેવા તમામ નાગરિકો માટે સર્વ સમાવેશક બજેટ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન, પ્રેરણા અને દીર્ઘદ્રષ્ટિના આધારે

• લેખાનુદાન માટેનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો તે પહેલા ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૦૩ના ખંડ (૩) સાથે વાંચતા તેના અનુચ્છેદ ૨૦૫થી મળેલા અધિકાર અન્વયે નાણામંત્રીશ્રીએ માહે એપ્રિલ–૨૦૧૪ થી માહે જુલાઇ–૨૦૧૪ સુધીના ૪ માસના સમય માટે લેખાનુદાન માટેના પ્રસ્તાવની વિચારણા ગુજરાત વિધાનસભાએ કરવાની નામદાર રાજયપાલશ્રીની સિફારીસ વાંચી સંભળાવી.

છેલ્લા ૧૩ વર્ષથી ગુજરાતનો જે સુચારું વહીવટ ચાલે છે અને જેના કારણે સમગ્ર દેશ અને વિશ્વમાં આપણા ગુજરાત રાજ્યે ખૂબ પ્રતિષ્ઠા અને ગૌરવ મેળવ્યું છે. દરેક ગુજરાતીને જ્યારે જ્યારે બહાર જાય ત્યારે ગૌરવ થાય છે કે હું ગુજરાતી તરીકે સમગ્ર દેશ અને વિદેશમાં સન્માન પ્રાપ્ત કરું છું ત્યારે આવા સમયે ગુજરાતની વિકાસ યાત્રા, ગુજરાતના વિકાસ રથને વધુ આગળ લઇ જવા માટે રાજ્ય સરકારની અનેક યોજનાઓ જે અમારા સૌ માનનીય મંત્રીશ્રીઓના નિયંત્રણમાં પોતપોતાના વિભાગો દ્વારા પ્રજાના સુખ, સુવિધા અને સગવડો માટે અને રાજ્યના વિકાસ માટે આગળ ચલાવવામાં આવે છે. જેમાં અનેક પ્રકારની જે મુખ્ય યોજનાઓ છે, જે આપણી માનવ સેવાની યોજનાઓ કહેવાય એવી યોજનાઓનો અમે અમલ કરીએ છીએ.

આજે રાજ્યમાં ગરીબ કલ્યાણ મેળાઓ હોય, કૃષિ મહોત્સવનું આયોજન હોય, કન્યા કેળવણીનું આયોજન હોય, શાળા પ્રવેશોત્સવનું આયોજન હોય, વનબંધુ વિકાસ યોજના, સાગર ખેડૂ વિકાસ યોજના હોય, શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના હોય એવી અનેક મોટી મોટી સેંકડો કરોડના ખર્ચ સાથેની યોજનાઓના અમલની સાથે સાથે નાની નાની અનેક યોજનાઓ કે કોઇ જિલ્લા માટે, કોઇ તાલુકા માટે, કોઇ નિશ્ચિત સમુદાય માટે અમલમાં મૂકીએ છીએ. આવી અનેક યોજનાઓથી રાજ્ય સરકાર ગુજરાતની પ્રજાને સંપૂર્ણ રીતે સંતોષ થાય એ પ્રકારની કામગીરી આપણે વિધાનસભામાંથી જે બજેટ આપસૌ માનનીય સભ્યશ્રીઓ મંજૂર કરો એમાંથી મળતી રકમ દ્વારા આપણે આયોજન કરીએ છીએ અને પ્રજાને એનો પૂરેપૂરો સંતોષ છે એ આપણે છેલ્લા ૧૩ વર્ષથી જોઇ રહ્યા છીએ. માનનીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં વિધાનસભાની ઘણી ચૂંટણીઓ આપણે જીત્યા પછી પણ પ્રજા સંપૂર્ણ સમર્થન સાથે આ સરકારને સમર્થન આપી રહી છે. સ્વભાવિક છે કે મારે આપસૌના ધ્યાન ઉપર આ બજેટની કેટલીક બાબતો નમ્રપણે ધ્યાન ઉપર મૂકવી છે. અગાઉ કહ્યું એમ ૪ મહિના સુધી આ રકમ આપણે મંજૂર કરવાના છીએ. ૪ મહિના પછી ફરીથી વિધાનસભામાં પૂર્ણ કદનું બજેટ સરકાર દ્વારા, નાણા વિભાગ દ્વારા રજૂ કરવામાં આવશે અને એમાં બાકીના સમયગાળા માટે નવી યોજનાઓ કે અન્ય સુધારા–વધારા અથવા કર અંગેની કોઇ દરખાસ્ત જે પણ રાજ્ય સરકાર નક્કી કરશે એ અમે વિધાનસભામાં મૂકીશું અને ફરીથી વિભાગવાર બજેટની ચર્ચાઓ થશે. આ વખતે આપણે વિભાગવાર બજેટની ચર્ચા કરતા નથી પણ પૂર્ણ કદનું બજેટ આવશે અને જેમ પ્રસ્થાપિત પ્રણાલિ છે એમ દરેક વિભાગ ઉપર માનનીય સભ્યશ્રીઓ પોતપોતાના મંતવ્યો અને સૂચનો રજૂ કરી શકશે. પોતાની પ્રજા અને નાગરિકો માટે જરૂરિયાતની બાબતો પણ માનનીય મંત્રીશ્રીઓના ધ્યાન ઉપર મૂકીને અને પોતાના વિસ્તારમાં સારા અને સાચા પ્રજા ઉપયોગી કામો થાય એ માટે સરકારને જાણ કરી અને માગણી પણ કરી શકશે. આજે જે છે એમાં મુખ્ય બાબત એ છે કે આ ૪ મહિના માટેનું જ છે. આખા વર્ષનું બજેટ રજૂ કર્યું છે એનો ભાગ પાડ્યો છે. આખા વર્ષનું મેં બજેટ રજૂ કર્યું એ ૧ લાખ ૨૦ હજાર ૩૯૦ કરોડ રૂપિયાનું ગુજરાતનું બજેટ આપણે મૂક્યું છે. એમાંથી આ વખતે લગભગ ૩૩ ટકા રકમ આપણે આ ૪ મહિના માટે અમે માગણી કરી છે. ગુજરાતના જે વર્ષ ૨૦૧૩–૧૪ના સુધારેલા અંદાજો હતા, એના કરતા ૧૦ટકા વધુ આપણે એમ કહીએ છીએ કે ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન છે તો ગુજરાતનું બજેટ પણ દર વર્ષે વધતું જાય તે પ્રમાણે ૧૦% વધારો આપણે આમાં મૂક્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની આવક પણ હોય તો જ આપણે ખર્ચ કરી શકીએ ત્યારે આવક વધારવામાં પણ આપણે જે ૨૦૧૪–૧૫માં ૯૫૪૪૦કરોડની આવક રાજ્યની અંદાજિત છે અને એમાં ૨૦૧૩–૧૪માં મહેસૂલી આવક કરતા ૧૨% નો વધારો આપણે નિશ્ચિત કર્યો છે એટલે ૧૦% ટોટલ બજેટનો વધારો અને રાજ્યની મહેસૂલી આવકમાં ૧૨% વધારાના લક્ષ્યાંક સાથે આપણે આગળ વધી રહ્યા છીએ. વર્ષ ૨૦૧૪–૧૫ માટે રાજ્યની પોતાની જે કર આવક છે એ કર આવકનો અંદાજ અમે ૬૩૦૬૮ કરોડ રૂપિયા અંદાજી છે અને બીજી બિન કર આવક છે તેનો અંદાજ ૭૨૧૪ કરોડ આપણે અંદાજ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વચગાળાના બજેટમાં જે આપણે આયોજનની જોગવાઇ કરી છે એ ૯૭૨૯ કરોડ વધાર્યા છે અને કુલ ૬૧૯૪૦ કરોડની આપણે જોગવાઇ સૂચવી છે. કોઇપણ સરકાર હોય એ ફક્ત પગારો કરે અને વિકાસ ખર્ચમાં રકમ ના ફાળવી શકે. સરકાર નહિ નગરપાલિકા હોય, તાલુકા પંચાયત હોય કે જિલ્લા પંચાયત હોય તો પોતાના પ્રજાજનોને બહુ મોટી વિકાસની હરણફાળ ભરાવી શકતા નથી. આપણા

સૌ માનનીય સભ્યશ્રીઓને બજેટની સાથે સાથે ત્રણ પ્રકારની બૂકલેટ આપી છે. એમાં એક સંક્ષિપ્ત અંદાજપત્ર સૌ માનનીય સભ્યશ્રીઓને આપણે મૂક્યું છે. એક ગ્રાફિક્સ, આ વખતે આપણે નવી શરૂઆત ગુજરાતમાં પ્રણાલી પાડી છે કે, નોંધ પણ વાંચી જવાય. ટૂંકમાં જો કોઇ વસ્તુ જોવી હોય કે કયા વર્ષની સરખામણીમાં, કયા રસ્તાની સરખામણીમાં કેટલો ગ્રોથ થયો અથવા શું સુધારો થયો તો આ ગ્રાફિક્સ જો આપણે જોઇએ તો આપણને ખ્યાલ આવશે કે, કેટલો બધો ગુજરાતનો વિકાસ વિવિધ ક્ષેત્રમાં આપણા મુખ્યમંત્રી, ગૃહના નેતા માનનીય નરેન્દ્રભાઇના નેતૃત્વમાં રાજ્ય સરકારે કર્યો છે એટલે જે બૂક આપી છે એમાં પણ આપ સૌ જોઇ શકો છો. ખૂબ સરળ ભાષામાં આપણે એમને બતાવ્યું છે કે રાજ્યની જે કુલ આવક થવાની છે એ રકમો કયાં કયાં, કેવી રીતે મળશે? આવક ક્યાં ક્યાંથી મળશે અને ખર્ચ ક્યાં ક્યાંથી થશે? તો આપણે જોઇ શકીએ છે કે રાજ્યની કુલ આવકોમાં આપણો જે વેટ –વેલ્યુએડેડ ટેક્ષનો  લગભગ અંદાજ છે આમ એકઝેટ ગણીએ તો ૩૯.૩૨% છે. એટલે કે લગભગ રાજ્યની ૪૦% આવક આપણે વેટમાંથી પ્રાપ્ત કરીએ છીએ.  વેટ, વેરા અને મૂલ્યવર્ધિત કર સિવાયના અન્ય જે વેરા રાજ્ય સરકાર પ્રાપ્ત કરે છે એ ૧૩.૪૪% છે. દરેક સભ્યોને આપેલું છે એ આપ જોઇ શકશો. એ પછી લોન અને પેશગી એ ૦.૨૦% છે. એવી રીતે કરવેરા સિવાયની બીજી જે આવક છે એ ૬% છે. કેન્દ્ર સરકાર તરફથી આપણને હક્કના, હું ખાસ શબ્દ વાપરું છું હક્કના, ભારતના બંધારણની વ્યવસ્થા પ્રમાણે આપણને મળવાપાત્ર છે, એવું કેન્દ્ર સરકારનું જે અનુદાન છે એ ૧૧.૩૧% છે. આ રીતે આપણે રાજ્યની કુલ લગભગ આવક મેળવી શકીશું.

એવી રીતે જો ખર્ચ માટે જોઇએ તો રાજ્ય સરકાર સામાજિક સેવાઓ ખાસ કરીને ગરીબોનો વિકાસ, બાળકોના શિક્ષણ, દર્દીઓને આરોગ્ય સુવિધા, જે લોકોને ઘર નથી ગરીબો છે એમના માટેની આવાસ યોજનાઓ આ બધીજ રકમો જે આપણે ખર્ચ કરીશું એનો પણ જો હું બ્રેકઅપ આપું તો રાજ્યમાં કૃષિ અને સિંચાઇ માટે આપણે જે ખર્ચ કરવાના છીએ એનો હિસ્સો ૨૨.૧% છે. એવી રીતે સામાજિક સેવાઓ જે છે મુખ્ય એ આપણે શિક્ષણ, રમતગમત, કલા, સંસ્કૃતિ. શિક્ષણ એ પાયો છે, આપણે બધા જાણીએ છીએ કે, નવી પેઢીને, ભાવિ પેઢીને વધુ પ્રગતિશીલ અને શિક્ષિત કરવી જરૂરી છે એના માટે ૨૪ ટકા રકમ છે. નાગરિકોને પીવાનું સ્વચ્છ પાણી મળે એ જરૂરી છે. છ કરોડ ગુજરાતીઓ, પછી એ કચ્છના રણમાં રહેતા હોય કે આદિજાતિ વિસ્તારના ડુંગરાળ વિસ્તારમાં રહેતા હોય કે સાગર ખેડૂ જેવા સોમનાથ, વેરાવળ કે દ્વારકાના વિસ્તારમાં રહેતા હોય એવા નાગરિકોને પીવાનું પાણી પૂરૂં પાડવા ૧૪ ટકાની આપણે જોગવાઇ કરી છે. ઉર્જા, ઉદ્યોગ, ખાણ–ખનીજ, રાજ્યને વીજળી પણ સતત મળે અને અન્ય રીતે પણ વિકાસમાં વીજળીનો જે ઉપયોગ થાય છે આપણે જાણીએ છીએ, એના માટે ૧૦ ટકા રકમની જોગવાઇ કરી છે. સમાજ કલ્યાણની જુદી જુદી યોજનાઓ માટે ૫ ટકાની જોગવાઇ આપણે કરી છે. આ રીતે લગભગ સામાજિક ક્ષેત્રે આપણે જોઇએ તો રાજ્યનું જે કુલ બજેટ છે એ બજેટમાંથી ખૂબ મોટી રકમ આપણે આમાં વાપરવાના છીએ, સામાજિક ક્ષેત્રમાં. જયારે ગુજરાતનો સર્વાંગી વિકાસ થાય, ગુજરાત સતત પ્રગતિ કરે, ગુજરાતમાં ગરીબી નાબૂદીના નક્કર કાર્યક્રમો માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની આ સરકાર દ્વારા જે લેવાઇ રહ્યા છે એ વધુ આગળ વધે અને દેશમાં સૌથી સારામાં સારું, સૌથી વિકસીત, સુખીમાં સુખી, સૌથી સમૃદ્ધ અને સારામાં સારું રાજય જેને છ કરોડ ગુજરાતીઓ, વિદેશમાં કે બીજા રાજ્યોમાં રહેતા કરોડો ગુજરાતીઓ ગૌરવથી એમ કહી શકે અને ભારતીયો પણ એમ કહી શકે કે, આ ગુજરાત અમારા દેશનું એક ગુજરાત છે અને ગુજરાતી ગૌરવથી એમ કહી શકે કે હું ગુજરાતી છું, એવું બજેટ રજૂ કરી, ગુજરાતીઓને સુખ, શાંતિ, સમૃદ્ધિ, પ્રગતિ અને વિકાસના પંથે લઇ જઇએ અને મુખ્યમંત્રીએ જે સૂત્ર આપ્યું છે કે, "સૌનો સાથ, સૌનો વિકાસ" એના દ્વારા એક ભારત, શ્રેષ્ઠ ભારત નિર્માણ કરવા આપણે શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં આગળ વધીએ એવી વિનંતી સાથે આપ સૌ સભ્યશ્રીઓ આ બજેટને, લેખાનુદાનને મંજૂર કરો એવી સૌને વિનંતી.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા (વિરોધપક્ષના નેતા) :માનનીય અધ્યક્ષશ્રી, આપને અહીં બેઠેલા જોઇને આનંદ થાય છે કે, આજે આ ભૂખ્યા લોકોને કોઇ શિકાર નથી મળ્યો, નહીંતર પરાણે પકડીને આપની પાસે લઇને લોભ, લાલચ, આ ના કરીને (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સાહેબ, હમણાં મેં કેટલી સુંદર વાત કરી (અંતરાય)

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : હું એ સુંદર વાત જ કરું છું.(અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, એક મિનિટ સાહેબ, મારી શંકરસિંહજીને, વિપક્ષના નેતાશ્રીને વિનંતી છે કે, ૧૯૯૬–૯૭ના દિવસો યાદ કરો. ખજૂરાહો બધાને લઇ ગયેલા, આ ભાઇઓ જ અહીંયા બેઠા છે, એટલે કોણે ગુજરાતમાં આ બધું કર્યું છે, એ બધા જાણે છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : કાંઇ વાંધો નહીં. હવે તમારું કાંઇ રહેતું નથી. કહેવું હોય તો આના વિશે કહો. બેય સરખે સરખા સમજી ગયા. (અંતરાય)

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : ખુલ્લે આમ લઇ ગયા હતા અને આ બાબુલાલ આવ્યા હતા અને એમના ઘરેથી લેવા આવ્યા હતા અને કહ્યું હતું કે લઇ જાવ પાછા, કોઇને આવી રીતે લોભ લાલચ આપીને હોદ્દાની લાલચ આપીને નહોતો લઇ ગયો, રીતસર હક્કથી લઇ ગયો હતો એ વખતે (અંતરાય) અને એના પછી કોઇનોય સંપર્ક કર્યો હોય તો મને કહો. આમાં પચાસ ટકા કરતાં વધારે છતાં મેં કોઇને પણ નથી કર્યું, જે તમે કરી રહ્યા છો એ મેં નથી કર્યું કોઇને, આ બેઠેલામાં કોઇને પણ પૂછો, મેં કોઇને વાત કરી હોય કે, ત્યાં સુખી છો કે દુ:ખી છો? દુ:ખી છે એવું સામેથી કહે છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : કાલની કોઇને કાંઇ ખબર નથી, કાલે શું હશે એ. એક મિનિટ, હવે બોલવા દો, કાં પછી આના વિશે જ ચાલુ કરી દો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : સરકારે ધાર્યું હોત તો આખું બજેટ મૂકી શકત, જેમ રોજના એક દિવસમાં બે સત્ર ગણાય છે એમ. આખા માર્ચના પંદરમી–વીસમી સુધી અને ફેબ્રુઆરીમાં વહેલા પણ શરૂ કર્યા હોત. જેવી સરકારની મરજી અને સરકારે જે ભારતની આગવી સંઘીય પ્રકારની અર્થ વ્યવસ્થાના ભાગરૂપે કેન્દ્ર અને રાજ્યોની આર્થિક નીતિઓ પરસ્પર પૂરક બની રહે એના આધારે કેન્દ્ર સરકારે લેખાનુદાન મૂક્યું અને ગુજરાત સરકારે પણ વોટ ઓન એકાઉન્ટની જે વાત કરી છે એમાં કેન્દ્ર સરકારે ઓટોમોબાઇલ અને બાકીની બધી એકસાઇઝ રાહત આપી છે.જો ગુજરાત સરકારે ભારત સરકારની કોપી જ કરવાની હોત તો વેટ જેમાં ૪૦ ટકા રકમ ગુજરાત આખુ, ગુજરાતની આવક વેટમાંથી ગરીબ માણસો જે વેઠ કરે છે. એમાંથી નીકળતી વેટની આવક એમાં ૪૦ ટકા આવક વેટની છે અને ૧૦ ટકા –૧૨ ટકા ભારત સરકારની એનો અર્થ કે પચાસ ટકા રૂપિયા સરકાર અદ્ધરથી લાવે છે. થોડી પણ રાહત આપી હોત તો ઇલેકશનમાં લોકો તમને આશીર્વાદ આપત. એક કર્યુ હોત તો સારું હતું.

જે જી.એસ.ડી.પી.ની વાત કરી છે. ગુજરાત નંબર–૧, નંબર–૧. આ છેતરામણું બજેટ છે. આ આંકડા જે છે એ સારા સારા આંકડા હોય એવા એમણે એવરેજ કાઢીને. કોઇ ભણેલો એન્જીનીયર નદી ક્રોસ કરવી હોય અને નદીને માપે કે વચમાં પંદર ફુટ છે, છેડે એક ફુટ છે અને એવરેજ જો એ સાડા પાંચ ફુટ હાઇટ કરે અને જો છ ફુટના માણસને નદી ક્રોસ કરવાની હોય અને એ કહે કે જાવ નદી ક્રોસ કરો તો વચમાં જ બધા પતી જાય એવા આખા અલગ અલગ રાજ્યોની એવરેજ લઇને તમે ગુજરાત આટલું છે, આટલું છે. હકીકતમાં એવું નથી. ગુજરાત જે છે એમાં લગભગ બીજા રાજ્યો ૨૦૦૯–૧૦માં ગુજરાતનો જે જી.એસ.ડી.પી. ૧૦.૧૦ હતો. અરૂણાચલ જેવું નાનું રાજ્ય ૧૪.૮૦, બિહાર આપણા કરતા વધારે ૧૦.૪૨, ગોવા ૧૦.૬૩, હરિયાણા ૧૧, મધ્યપ્રદેશ ૧૦.૫૦, મિઝોરમ ૧૦.૩૯, સિક્કિમ જેવું નાનું રાજ્ય ૧૧.૭૪, દિલ્હી જેવું નાનું રાજ્ય ૧૦.૯૨ ટકા ગુજરાત કરતા જી.એસ.ડી.પી.માં આગળ હતું. હું માનું છું ત્યાં સુધી જે રીતે આંકડા મૂકવા જોઇએ એ આંકડા બીજા રાજ્યોની તુલનામાં ગુજરાત જેમાં સારું હોય એના વખાણ કરો પણ એવી રીતે ન કરો કે અમે જ આગળ છીએ અને બીજા રાજ્યોમાં કાંઇ છે નહીં. ૨૦૧૦–૧૧માં પણ ગુજરાતનો જે જી.એસ.ડી.પી. ૧૦.૪૭ હતો. એના કરતા બીજા અનેક રાજ્યો આપણા કરતા વધારે હતા એટલું હું આપનું ધ્યાન દોરીશ.

એટલું જ નહીં સાહેબ, આજે અત્યારે જે વાત કરી છે અંદાજપત્રના આંકડા જે એમને એમ મૂકયા છે એમાં હું માનું છું ત્યાં સુધી ગુજરાત એગ્રીકલ્ચરની બાબતમાં સૌથી આગળ છે અને બહુ મોટો વિકાસ થઇ ગયો હોય એવી એક વાત અને જમીન ખૂબ વધી ગઇ હોય એવી વાતો અવારનવાર કરવામાં આવે છે. કપાસ સિવાય ગુજરાતમાં સૌથી સારું ઉત્પાદન હોય એવું હું નથી માનતો. કપાસમાં ગુજરાત સરકારની કોઇપણ નીતિ કદાચ ગયા વખતે ટેક્ષટાઇલ પોલિસી એમણે અમલમાં મૂકેલી શું કોણે, લાભ લીધો એની મને ખબર નથી પણ ભારત સરકારની યોજનાના લીધે કપાસનો ભાવ વધારો હતો. કપાસમાં ખેડૂતો સુખી થયા અને કપાસના આંકડા એમાં ગણવામાં આવે છે આના લીધે ગુજરાત એકદમ આગળ છે તો હકીકતમાં જેના આંકડા જોઇએ તો ૨૦૧૧–૧૨ની તુલનામાં ખેતીની જમીન ૨,૨૪,૦૦૦ હેકટર ઓછી થઇ છે અને કૃષિ ઉત્પાદનમાં પણ આ સમય દરમિયાન ૧૯,૩૪,૦૦૦ ટનનો ઘટાડો થયો છે. આ એમના જ સરવે રિપોર્ટમાંથી આંકડા હું ટાંકુ છું.

એવી જ રીતે પાકિસ્તાનને વીજળી એકસપોર્ટ કરવી છે. અહીં છ લાખ ખેડૂતો વીજળી વગર મરી જાય છે અને આઇ.એમ.પી.એમ. સંસ્થાએ જે ૧૯૯૧માં સર્વે કરેલો એમાં ૧૯૯૧માં ગુજરાતના ૧૮૦૨૮ ગામડા પૈકી ૧૭૯૪૦ ગામડાંઓમાં વીજળી પહોંચાડી દેવામાં આવી હતી. મારા ગામમાં ૧૯૬૨ માં વીજળી આવી હતી. ૧૯૯૧માં જો ૧૭૯૪૦ ગામડાંઓમાં વીજળી પહોંચાડી હોય અને ગુજરાતની ભા.જ.પ.ની સરકાર જે ૧૮૦૦૦ ગામડાંઓની વાત કરે છે તો બાર વર્ષના શાસનમાં ફકત ૬૦ ગામડામાં વીજળી પહોંચાડી. રાજીવ ગાંધી વિદ્યુતીકરણ યોજનાના આધારે એગ્રીકલ્ચરમાંથી એક ફેઝ કાઢીને જે જયોતિ ગ્રામમાં એમણે નાખ્યો જે ૧૯૯૧માં પણ હતું જ, એમાં એગ્રીકલ્ચર અને ઘરના વપરાશ બંને માટે હતું. આ ફકત ઘર માટે જયોતિ ગ્રામ રાજીવ ગાંધી વિદ્યુતકરણ યોજનાના ભાગરૂપે આજે પણ ખેડૂતો ટળવળે છે. વીજળી મોંઘી દાટ ખરીદાય છે. કરોડો રૂપિયાનું ભારણ પ્રજા ઉપર આવે છે અને ખેડૂતોને વીજળી આપવામાં ઠાગાઠૈયા. એમાંય હું હમણા જે ખેડૂતો અપવાસ ઉપર બેઠેલા એમને મળવા ગયેલો. સાહેબ, અમને તત્કાલ જોડાણ આપે છે. મીટરથી આપે છે. ૧ રૂપિયા યુનિટથી આપે છે. તો મીટરની પ્રથા કાઢી નાખો. ખેડૂતોના આશીર્વાદ લો. ૧૨ વર્ષમાં ખેડૂતો શેના માટે ભીખ માગે છે સરકાર પાસે? જે ખેડૂતોના મત લેતા તમને કોઇ સંકોચ નથી થતો, એવા ખેડૂતોને જેનાથી ખેત ઉત્પાદનમાં વધારો થવાનો છે, એમને વીજળી આપવામાં કયાં તકલીફ પડી એ હું સમજી શકતો નથી. જે બાકીની બીજા રાજયોમાં જે સરેરાશ એગ્રીકલ્ચરનો વિકાસ દર પોંડિચેરી જેવું રાજ્ય એ પણ આપણા કરતા ઘણું આગળ છે. મેઘાલય આગળ છે. મણીપુર, આસામ, આવા અનેક રાજયો ગુજરાત કરતા આગળ છે. અને ગુજરાતનો એમાં સાતમો નંબર છે.

એટલું જ નહીં, શિક્ષણની વાત કરી. સાહેબ, આખા ગુજરાતમાં સાચું સ્વીકાર કરો કે ગુજરાતમાં કેટલો સ્ટાફ ઓછો છે? પ્રિન્સિપાલ છે? નથી. ચાર્જમાં. અધિકારીઓ ચાર્જમાં છે ને એમ અહીયા ચાર્જમાં છે. એકિટંગ પ્રિન્સિપાલ. પૂરો સ્ટાફ નહિ. બાકીનો સ્ટાફ બાંધ્યા પગારવાળો. સરકારી પ્રાથમિક શાળાઓમાં આજે પણ હજારો ઓરડા સિવાય છોકરાઓ ભેગા બેસે છે. પ્રાથિમક શાળાઓ બંધ થઇ ગઇ છે. અને ખાનગી પ્રાથમિક શાળાઓ આગળ વધી ગઇ છે. તમે બાંધ્યા પગારના આધારે જે શિક્ષણમાં ખર્ચની વાત કરો છો તે કમસે કમ જે લોકોને જૂની જે બાલગુરુમાંથી તમે જે વિદ્યાસહાયકનું નામ આપ્યું એમાં ૫ વર્ષ પછી એ પરમેનન્ટ શિક્ષક બનવાનો હતો. અહીં કેટલાં વર્ષો પછી તમે પરમેનન્ટ શિક્ષક બનાવવાના તેની મને ખબર નથી, પણ જે ગુજરાતને તમે શિક્ષણની વાહ વાહ કરો છો, તેમાં ગુજરાત ઘણુ પાછળ એટલે ઘણું પાછળ, ઘણું પાછળ છે. એના કરતા મહારાષ્ટ્ર, બિહાર, છત્તીછગઢ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન આ બધા રાજયમાં ૨૦ થી ૧૪ ટકા જેટલા ખર્ચની બજેટમાં જોગવાઇ છે. જયારે આપણે ત્યાં ૧૩ ટકા બજેટમાં વાપરો છો અને •(xxxxxx) કે ચીન ૨૦ ટકા વાપરે છે. ચીનનું તો સાડા ત્રણ ટકા ચાઇનામાં એજ્યુકેશન બજેટ છે. અને આપણે અહીં તમે વાત કરી કે ૧૩.૯ એના કરતા બીજા ઘણા રાજયો આપણા કરતા ઘણી આગળની શિક્ષણની વ્યવસ્થા કરી રહ્યા છે.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

સાક્ષરતાની બાબતમાં ૨૦૦૧ની વસ્તી ગણતરીએ લગભગ ૭૦ ટકા સાથે સમગ્ર દેશમાં ૧૫ માં નંબરે આપણે હતા અને આજે ૨૦૧૧ ની વસ્તી ગણતરી દ્રષ્ટીએ ૭૯.૩૦ સાથે સમગ્ર દેશમાં ૧૮માં ક્રમે છીએ. જે ગુજરાત ગુજરાતી આખા દેશમાં દુનિયા ગુજરાતી ગુજરાતી તમે ૧૮માં ક્રમે શિક્ષણમાં છો. ભાવિ પેઢી માફ નહિ કરે. જે રીતે શિક્ષણનું વ્યાપારીકરણ થઇ રહ્યું છે, જે રીતે સ્ટાફની અછત છે, જે રીતે બાંધ્યા પગારવાળો પ્રાથમિક શિક્ષક ૧૫,૦૦૦ પગાર લેતો હોય અને બીજો શિક્ષક ૫,૦૦૦ પગાર લેતો હોય એક જ જગ્યાએ છોકરાઓને ભણાવતા હોય તો પેલાની માનસિક સ્થિતિ કેવી હોઇ શકે? એનો આપ વિચાર કરો અને એ રીતે બાકીની બધી વાતો. હું બહુ વિગતમાં નહિ જઉં. બીજા ઘણા મિત્રો કહેશે. જે મુદ્દાસર સાગરખેડુ, વનબંધુ, ગરીબ સમુદ્ધિની વાત જે કરી. તમે બજેટ મૂકો છો. કયા હેડ નીચે સાગરખેડુ અને વનબંધુ કલ્યાણ યોજના કરી? કયા હેડ નીચે? તમારા બજેટમાં હેડ તો વંચાવો? ભારત સરકાર વીજળીના રૂપિયા તમને આપે તમે સાગરખેડુઓને વીજળીના કનેકશન આપો. તમે સાગરખેડુ યોજનામાં ગણાવો. ભારત સરકાર આદિવાસી વિકાસ માટે પૈસા આપે. તમે વનબંધુ કલ્યાણ. કોનું કલ્યાણ થયું? તલાટીનું કલ્યાણ થયું? ભાજપનું કલ્યાણ થયું? ભ્રષ્ટાચારનું કલ્યાણ થયું? કોનું કલ્યાણ થયું? અને એ તલાટીઓનું કલ્યાણ થયું ૮૦૦ લોકોનું. અને એટલે આ જે રીતે શહેરી વનબંધુને બાકીની યોજનાઓમાં છે.

જે મેળાવડાઓની વાત કરી, સાહેબ ગરીબ કલ્યાણ મેળા કેટલા ગરીબોને ઉપર લાવ્યા? જે કામ ટી.ડી.ઓ, મામલતદાર, કલેકટર એમણે જે કરવાનું હતું તે સરકાર કરી રહી છે. પરાણે લોકોને ભેગા કરીને એસ.ટી.ના કરોડો રૂપિયા. મારા ખ્યાલથી એસ.ટી. ખાડામાં ગઇ હોય તો આવી યોજનાના ભાગ રૂપે. કરોડો રૂપિયા એસ.ટી. ના આજે બાકી છે. પરાણે લોકોને પકડી લાવીને જે ચેક મામલતદારે આપવાનો હતો તે ચેક મુખ્યમંત્રીશ્રી આપે તો ગરીબનું કલ્યાણ નથી થતું. ઘણા ચેક પાછા ગયા છે. પાસ નથી થતા એટલે ફકત દેખાવા સિવાય એના સિવાય કોઇ એવો આધાર નથી કે જેથી લોકોનું કલ્યાણ થયું હોય. સાહેબ હમણા જે કઇ સદ્દભાવનાની વાત હતી. સદ્દભાવનાના લાખો રૂપિયાની જાહેરાત આખા દેશમાં. મલયાલમમાં પણ જાહેરાત. સદ્દભાવના મિશન. માનનીય અધ્યક્ષશ્રી, પંજાબી ભાષામાં પણ જાહેરાત સદ્દભાવના મિશન, જે સદ્દભાવનામાં એક માઇનોરીટી જે અત્યારે લોકસભાની લ્હાયમાં ગળે લગાડવામાં આવે છે તે બિચારો માથે ટોપી પહેરાવવા ગયો તો નહીં. એટલે જો માઇનોરીટી સાચા અર્થમાં અને સરકારે બુરખાનો ખર્ચો પાડયો સાહેબ. બુરખા સરકાર, ટોપીઓ સરકાર. નાણામંત્રીના બજેટમાં કયાંય આ આયોજન છે ખરું કે માઇનોરીટીની ટોપી કહેવાય અને મુસલમાન બહેનો બુરખા પહેરે તેવા બુરખા પણ ખરીદીને લોકોને પહેરાવેલા. બુરખામાં કોણ હોય ભગવાન જાણે. ખબર તો પડે નહીં. જે જિલ્લાઓમાં સદ્દભાવનાનો સવારથી સાંજનો અપવાસનો ભવ્ય કાર્યક્રમ જે આપ્યો આ અપવાસમાં લગભગ ૩૮ હજાર કરોડ જેટલી જાહેરાતો થઇ. કોઇ જિલ્લાને કહ્યું કે ૨૦૦૦ કરોડ આપ્યા. ૨૫૦૦ કરોડ આપ્યા. ૧૮૦૦ કરોડ આપ્યા. આર.ટી.આઇ.ની માહિતી માગી તેમાં એકપણ રૂપિયો, એકપણ રૂપિયો આ બધા અધિકારીઓ કહે છે કે અમને એકપણ રૂપિયો આટલા રૂપિયામાંથી મળ્યો નથી. તમે કોને છેતરો છો? તમારી જાતને છેતરો છો, તમે પ્રજાને છેતરો છો? તમે સદ્દભાવના જેવો સારો શબ્દ વાપરીને કયાંય એવી ભાવના દેખાય, •(xxxxxx) અને એકપણ પૈસો જો તમે આમાં ન આપવાના હોય તો શેના માટે જાહેરાતો કરી તે મને ખબર નથી પડી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ (xxxxxx) શબ્દ...

અધ્યક્ષશ્રી : એક મિનિટ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : ગુમરાહ કરો છો. આડે રસ્તે લઇ ગયા. જે માનવ સૂચકાંક, આર્થિક વિકાસ તેમાં રાજયનો ઘણો નબળો વિકાસ, ઘણો નબળો વિકાસ એટલા માટે કે જે અત્યારે હાલ હ્યુમન ડેવલપમેન્ટ રિપોર્ટના આધારે ભારતના લગભગ ૧૯૯૯–૨૦૦૦ થી ૨૦૦૭–૦૮ના વર્ષો દરમ્યાન ૨૧ ટકાનો જે વધારો થયો છે તેની સામે ગુજરાત રાજયમાં માત્ર આ સમયગાળા દરમ્યાન ૨૦૦૭–૦૮ થી ૨૦૧૧ સુધીમાં ૧૩ ટકાનો વધારો થયો છે. માનવ વિકાસ, માનવ સૂચકાંક, આર્થિક વિકાસ તેમાં રાજયનો આટલો

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

કંગાળ દેખાવ અને હું માનું છું ત્યાં સુધી તમારે પુનઃ વિચાર કરવો જોઇએ. બજેટમાં જે આંકડા ફાળવ્યા તે એક વાત છે અને તેનો ઉપયોગ, ખર્ચ થાય છે કે નહીં તેનો વિચાર કરવો જોઇએ. જે રીતે અત્યારે હાલ આપણે શિક્ષણમાં ૧૮મા ક્રમે અને બાકીનામાં માનવ વિકાસ અને આર્થિક વિકાસમાં જે ૧૩ ટકાનો વધારો કે જે સામાન્ય કહી શકાય તેની ચિંતા તમારે કરવી જોઇએ.

એટલું જ નહીં બાળમૃત્યુમાં આપણે કહીએ તો ૧૫ રાજયોમાં બાળ મૃત્યુદર ગુજરાત કરતાં ઓછો છે. એનો અર્થ કે આપણે ૧૫મા ક્રમે છીએ. આંધ્રપ્રદેશ, તામિલનાડુ. માતાનો મૃત્યુદર તે રાજયમાં ઘણો ઓછો છે. ગુજરાતમાં માતાનો મૃત્યુદર પણ ઘણો છે. એટલું જ નહીં પણ ભારત સરકારે આરોગ્યની જે નીતિ જાહેર કરી છે. કીડની માટે અને બીજા દર્દો માટે. તે આખીને આખી નકલ ગુજરાત સરકારે પોતાના નામે કરી છે. એટલે તે સાચા અર્થમાં ભારત સરકાર કોઇ રાજય ઉપર ઉપકાર કરતું નથી. પરંતુ જે હેડ નીચે રૂપિયા આપે તે હેડનો ઉલ્લેખ તો કરો. જેએનએનયુઆરએમ ઉલ્લેખ તો કરો. રસ્તા ઉલ્લેખ તો કરો, વીજળી ઉલ્લેખ તો કરો. એન.ડી.એ. હોય કે યુ.પી.એ હોય દિલ્હીની સરકાર તે સરકાર હોય છે. તે સરકાર કોઇની ફેવરીઝમ પોલિટીકલી નથી કરતી. પોલિટીકલ ફેવર કરતી હોય તો લગભગ ઘણા ઈલેકટ્રીક પાવર ગુજરાતમાં, નર્મદામાં પ્રધાનમંત્રી પોતે જામીન થાય, પોતે જામીન થાય તો પણ અહીં દેખાવો થાય. એટલે આ કેન્દ્ર સરકાર સાવ નકામી છે, કેન્દ્ર સરકારે અમારું આમ કર્યુ, તેમ કર્યુ અને હું માનું ત્યાં સુધી કેન્દ્ર સરકારમાં એન.ડી.એ. હતી ત્યારે એન.ડી.એ.ના સાત વર્ષનો સરવાળો અને યુ.પી.એ.ના દસ વર્ષનો સરવાળો તમે કરો તો કયાંય તેની તુલનામાં એન.ડી.એ. નહીં આવે એટલો બધો વધારો ગુજરાતમાં આ લોકોએ આપ્યો છે. વીજળીની વાત કરી. તેમાં વેટ ઓછો કરો તો મોંઘવારી ઘટશે. જે ૪૦ ટકા જો વેટ હોય, પેટ્રોલ, ડીઝલ અને ફર્ટીલાઇઝર પર હાઇએસ્ટ વેટ હોય

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ કાલે સ્પષ્ટતા કરી છે.

અધ્યક્ષશ્રી : તમે તે વાત કહેજો. તમને ચાન્સ મળશે. સાંભળો ભાઇ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : આપણે ગુજરાતની પ્રજાની વાત કરીએ છીએ. બીજાની તુલના તમે કરો છો તેમાં હું તુલના કરું છું. તેવી જ રીતે તમે વીજળીની વાત કરો. જે રાજયોમાં પ્રતિ યુનિટ વીજદર ગોવામાં ૧.૫૩, જમ્મુ કાશ્મીરમાં ૨.૦૭, છત્તીસગઢમાં ૨.૪૦, ઝારખંડમાં ૨.૬૦, ઉત્તરાખંડમાં ૨.૬૦, દિલ્હી ૨.૯૦, હિમાચલપ્રદેશ ૩.૦૦, આંધ્રપ્રદેશ ૩.૦૦, કેરલ ૩.૨૦, તામિલનાડુ ૩.૩૩ અને ગુજરાત ૩.૪૩ થી ૩.૬૫ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ...

અધ્યક્ષશ્રી : એક મિનિટ. તમારો વારો આવશે ત્યારે તમે બોલી લેજો. મહારાષ્ટ્રમાં શું છે. શાંતિથી સાંભળો. સભ્ય બોલે ત્યારે બીજાએ કોમેન્ટ કરવી ન જોઇએ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલાઃ માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પ્રજા પાસે ખાનગી વીજ ઉત્પાદકો સૌથી વધારે કમાણી એમને કરાવીને ગુજરાતના વીજ વપરાશવાળા પાસેથી સૌથી વધારે યુનિટ દીઠ ભાવ લઇને જનતા સાથે •(xxxxxx) છે એ વિચાર કરો, વીજળીના ભાવ, કમસેકમ ગોવામાં તમારું રાજ છે એટલું તો તમે રાખો સાથે. એણે વેટ કાઢ્યો તમે તો કાઢો. તમને લોકોના આશીર્વાદ મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, વાયબ્રન્ટ ગુજરાતનું જે કંઇ, મહાત્મા મંદિર, ગાંધીજી કયાં ગયા ખબર નહીં, પણ મહાત્મા મંદિરમાં જે રીતે છેલ્લા ૩,૫,૭,૯,૧૧ અને ૧૩ એ જે જાહેરાતો કરી, જે રીતે વાયબ્રન્ટનું ઇમ્પ્લીમેન્ટેશન અને માફ કરજો સાહેબ, જેટલો ખર્ચો થયો જે લોકોને વાહવાહ માટે બોલાવ્યા અને એમ.ઓ. યુ. કર્યા, એ એમ. ઓ. યુ. કરતાં છેલ્લે ગુજરાત સરકાર શરમાઇ કે હવે ૧૩મા એમ.ઓ.યુ. કરવા નથી. એમને મોઢુ બતાવવા જેવું રહ્યું નહીં કે જો ૨૦૧૧માં ૧.૯૫ ટકા ઇમ્પ્લીમેન્ટેશન જેટલું, તમને શરમ આવવી જોઇએ કે ૧.૯૫ અને કરોડો રૂપિયા, કરોડો એટલે દેશના બજેટ કરતાં વધારે રૂપિયાના એમઓયુ થયા, શેના માટે?

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

કયું માઇન્ડ કામ કરે છે કે આવા લોકોને (xxxxxx) કાલે આમ કરીશું તો હકીકત બહાર નહીં આવે. આ હકીકત બહાર આવી એમાં..

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દ છે, એ શબ્દ કાઢી નાખો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : ગુમરાહ કરીને, સાહેબ. કમસેકમ ૧ ને ૯૫, બીજા રાજયોમાં ઓરિસ્સા અને છત્તીસગઢ, ઝારખંડ એવા રાજયોમાં આવા વાયબ્રન્ટ જેવા કાર્યક્રમો નથી કર્યા, ત્યાં પણ ગુજરાત કરતાં વધારે મૂડીરોકાણ થયું છે. અને ૧.૯૫ જેવું મૂડીરોકાણ જેના પરિણામે ૨૦૧૩ના વાયબ્રન્ટ સમીટના એમઓયુ કરવાના બંધ કરી દીધા કે આપણે બહાર નથી પાડવું.

માનનીય અધ્યક્ષશ્રી, આરટીઆઇ નામે આરટીઆઇમાં હમણાં કમિશનર મૂકયા, હમણાં લોકાયુકત મૂકયા. બાકીની વિગતોમાં હું નથી જતો, પણ તમે જે બજેટ મૂકો છો એમાં બીજા મિત્રો બોલશે, તમે ચિંતા ન કરો. જે બજેટ તમે મૂકો છો એ બજેટમાં પૂરાંતવાળું બજેટ કે એ જે તમારું બજેટ છે એ ખાદ્ય વાળું, છેલ્લે લાખો રૂપિયાની હેરાફેરી, લગભગ ડબલ જેટલું એમાં ખાદ્ય વધી જાય છે. મૂડી ખાદ્ય, જેના આધારે પૂરાંત પણ નથી રહેતી અને ખાદ્ય એ બતાવતા નથી. દિલ્હી સરકાર ન ગમે એ હું સમજું છું કારણ કે દિલ્હી સરકારે ગુજરાતની અને દેશની જનતાને રાઇટ ટુ ઇન્ફરમેશન એકટ આપ્યો. એ એકટ નીચે લગભગ દોઢસો ટકાનો વધારો અરજીઓના ઢગલા થયા, પૂરી માહિતી ગુજરાત સરકાર આપતી નથી. આરટીઆઇના ત્રણ કમિશનરો મૂકયા, બે કમિશનર છેલ્લે મૂકયા, એ ફરજિયાત મૂકવા પડ્યા મારે, કારણ કે સરકાર બહાનું ન કાઢે કે સ્ટાફ પૂરો નથી. હજી પણ લોકોની અરજીઓનો જલદી નિકાલ થાય કારણ કે આરટીઆઇ એવી વસ્તુ છે, એવું શાસ્ત્ર અને શસ્ત્ર છે કે જેથી કરીને માણસ સરકારના પોલ ખોલી શકે અને એવો એક બિચારો કે એક જેને પોલ ખોલ્યું એ ઉપર ગયો અને એમાં ભાજપના એક મેમ્બર પાર્લામેન્ટ આજે પણ છે એ જેલની અંદર છે. એમને બચવા માટે બીજા એક લઇ જાઓ. એવી જ રીતે નરેગા, મહાત્મા ગાંધી , જે ટ્રાયબલ વિસ્તાર છે એ ગરીબ વિસ્તાર છે, ભારત સરકારે ૧૦૦ દિવસની રોજગારી, કેટલાક ઠેકાણે ૧૫૦ દિવસની રોજગારીની ગેરન્ટી આપી છે. ગુજરાત સરકાર ભારત સરકારને યશ મળે, પેલા ગરીબને રોટલો મળે એ નહીં, દિલ્હી સરકાર જો યશ લઇ જાય તો આ યોજના અમલમાં નહીં મૂકવાની, ઠાગાઠૈયા કરવાના યોજના અમલમાં મૂકવામાં એટલે નરેગા યોજનાનું પૂરૂં જે ગરીબ લોકોને, બક્ષીપંચ, આદિવાસી , દલિત, સામાન્ય બેરોજગાર માણસોને રાહત થાય છે એ લાભથી પણ આ સરકારે વંચિત રાખ્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય ભૂપેન્દ્રસિંહ, એમને બોલવા દો, વચ્ચે બોલવાની આપણી પદ્ધતિ નથી. તમે જવાબ આપજો. સભ્યશ્રી બોલે અના જવાબ તરત ન હોય, તમે જવાબ આપજો. જવાબનો તમને પૂરો હકક છે, હજી ૧૫ માનનીય સભ્યશ્રીઓ બોલવાના છે,

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : જમીન ખરીદ વેચાણના ટ્રાન્ઝેક્શન ચેક મારફતે કરવા, જે.એન. યુ. આર.એમ. જેમાં શહેરના બ્રીજીસ અને બાકીની બીજી બધી સારી સગવડો આપેલી છે, ઇન્દિરા ગાંધી આવાસ યોજના જેને તમે સરદાર આવાસ નામ આપ્યું. ગમે તે આપો પણ તમે આવાસ આપો, પણ લોકોને ઘર મળવા જોઇએ, પંદર સત્તર વરસના શાસનમાં પણ આજે પણ આ સરકાર ઘર આપી શકી નથી, બાર વરસ થયાં, ૨૦૧૪માં પણ હજી પણ વાયદા છે, કોને ક્યારે મકાન મળશે એ જાણે અને ઉપરવાળો જાણે, એટલું જ નહિ, રાષ્ટ્રીય ગ્રામીણ વિકાસ યોજના, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, મધ્યાહ્ન ભોજન યોજના, રાષ્ટ્રીય ડ્રીકીંગ વોટર યોજના, નેશનલ ડિફેન્સ યોજના, ખેડૂતોનું દેવું સરકારે આવતાની સાથે ૭૦૦૦૦ કરોડ રૂપિયા માફ કર્યા, મધ્યમ વર્ગનો સામાન્ય ખેડૂત એ દેવાથી પિડીત, વ્યાજથી પિડીત, કેન્દ્ર સરકારે એકજ ઝાટકામાં બજેટમાં પાસ કરીને ૭૦૦૦૦ કરતાં વધુ કરોડ રૂપિયાનું દેવું માફ કર્યું. રાઇટ ટુ એજ્યુકેશન, આર.ટી.આઇ. શિક્ષણના અધિકાર સાથે એનો પણ તમે ક્યાંક ઉલ્લેખ કરો અને છેલ્લે ખાદ્ય માટે ફુડ સિક્યોરિટી બિલ, આ દેશમાં ૮૧ કરોડ લોકો આનો લાભ લેવાના. એનો ક્યાંકને ક્યાંક તમે ઉલ્લેખ કરો કે હા ફુડ સિક્યોરિટી બિલ બહુ સારી વસ્તુ છે. અનાજના ભંડાર ભરેલા છે આપણે ત્યાં અને એના આધારે લોકોને લાભ મળે,

એલ.પી.જી.માં પણ ૯ ના ૧૨ કર્યા. ગેસ સિલિન્ડર, જૈનોને માઇનોરિટીમાં મૂક્યા. લોકપાલ બિલ હમણાં પાસ કર્યું. •(xxxxxx) સુપ્રીમે ઠપકાર્યા પછી,

પોઇન્ટ ઓફ ઓર્ડર

લોકાયુકત અંગે કોર્ટ કચેરીમાં થયેલ ખર્ચ બાબત

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતા આ ફલોર ઉપર એવું કહે છે કે, (xxxxxx) આ તદ્દન અસત્ય વાત છે. આવી વાત હાઉસના રેકર્ડ ઉપર વાત મૂકવી યોગ્ય નથી.

અધ્યક્ષશ્રી : એક મિનિટ ભાઇ, તમારે જવાબ આપવાનો છે? પણ શું કરવાને તમે? શાંતિ રાખોને.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, (xxxxxx) એ મુદ્દો,એ શબ્દો દૂર કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : ૪૦–૫૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે એ માટે તમારી પાસે કોઇ આધાર પુરાવા છે?

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : એક પૈસાનો પણ ખર્ચો નહિ થયો હોય,

અધ્યક્ષશ્રી : ચાલો, એ રેકર્ડમાંથી કાઢી નાંખીએ છીએ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : વકીલનો ખર્ચ હોય, ભા.જ.પ.ના વકીલ હોય,

અધ્યક્ષશ્રી : (અંતરાય) હા પણ તમે બોલો તો એ સ્વીકારવા તૈયાર છે. બોલતા જ નથી તમે કોઇ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : ભા.જ.પ.ના વકીલો કે બીજા જે જે વકીલ હોય એમણે એક એક કલાકના (xxxxxx) લીધા છે, મોંઘા ભાવના વકીલો હોય, કદાચ ભારતીય જનતા પાર્ટી આડા હાથે ફંડ આપી દે તો મને ખબર નથી. પણ એ રીતે થયેલ છે.

અધ્યક્ષશ્રી : વળી પાછું એ જ થયું. હવે તમારે કેટલું બોલવાનું છે?

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : બે ત્રણ મિનિટ, છેલ્લે હમણાં સામાન્ય લારી–ગલ્લાં વાળા, ચા ની કિટલીવાળા, ચાની કિટલીમાં બંધબેસતું નહિ કરતાં પાછા અને ફેરિયાઓ, પોલીસ તેમને હટાવી ના દે, આજીવિકાનો રોટલો રળતા આવા લોકો માટે પણ ભારત સરકારે કાયદો કરીને એમને આશ્વાસન આપ્યું કે તમારા લારી–ગલ્લાં, ચાની કિટલી વિગેરે સલામત રહેશે.

અધ્યક્ષશ્રી : આ તમે પાર્લામેન્ટનું બોલો છો શંકરસિંહ. અહીંયા ગુજરાતનું બોલોને તમે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : હું તો એમ કહુ છું કે તમે આ નહિ કરો અને છેલ્લે જી.ડી.પી. જે રેટ છે એમાં યુરોપથી પણ સારો રહ્યો છે. તમારે ગુજરાતનો, દેશનો એના કરતાં પણ સારી રીતે જી.ડી.પી. રહ્યો છે. ૧૦૮ એમ્બ્યુલન્સ, બી.આર.ટી.એસ. અને ટાટાનું જ્યારે થયું ત્યારે મને એક અધિકારીનો ફોન આવ્યો કે ટાટાનું કલ્યાણ થવાનું છે અને બંગાળમાંથી ટાટા પ્લાન્ટ અહીંયા લઇ આવીએ છીએ. એના માટે મમતા બેનરજી ઉપવાસ ઉપર ઉતર્યા, જીવના જોખમે ટાટાને ત્યાંથી કાઢ્યા નેનો માટે, ગુજરાત સરકારે લાલ જાજમ બિછાવીને, ટાટાને સાષ્ટાંગ દંડવત કરીને, ૯ હજાર ૧૦ હજાર કરોડ રૂપિયાનું ધિરાણ કરીને મફતના ભાવમાં ગરીબ પ્રજાના રૂપિયા, ભા.જ.પ.ની તિજોરીના રૂપિયા નહોતા સાહેબ, ઝીરો ઇન્ટરેસ્ટમાં આટલા બધા કરોડો રૂપિયા, એનીમલ હસ્બન્ડરીવાળી યુનિવર્સિટી કરવાની હતી જ્યાં નેનો છે ત્યાં એ જગ્યા આખી આપી દીધી અને આજે એક પણ નેનોનું ટાયર પણ ત્યાં બનતું નથી, નેનોના પાર્ટ અને પાર્સલ, નેનો પ્રોજેકટ બંધ છે ત્યાં, જગુઆર બનાવે છે, શેના માટે નેનો નેનો નેનો, આજે નેનો ક્યાં છે? કરોડો રૂપિયાની જમીન આપ્યા પછી પણ જો નેનોનું ઉત્પાદન બંધ હોય. અને જે ટાટાને કરોડો રૂપિયાની લોન તમે શેના માટે આપો છો? પબ્લિક જે લોકો બેન્કમાંથી લોન લે છે ગુજરાતના લોકો જો વ્યાજ આપતાં હોય તો ટાટાને મફતમાં કેમ? કયો પ્રેમ તમને ટાટા ઉપર ઉભરાયો છે. અને સૌનો સાથ સૌનો વિકાસ, કલ્યાણનો સાથ ભાજપનો વિકાસ, ભ્રષ્ટાચારનો વિકાસ. તમને ૧૭ વર્ષે ભારત યાદ આવ્યું? અત્યારસુધી ભારત નહોતું? તો અત્યારે કેમ? તમને ૧૭ વર્ષે ભારત કેમ યાદ આવ્યું? ભારત આજે શ્રેષ્ઠ નથી, તમારા અને મારા જન્મ પહેલાં ભારત શ્રેષ્ઠ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

હતું. તમારા કહેવાથી ભારત શ્રેષ્ઠ નથી રહેવાનું. ભારત શ્રેષ્ઠ છે તેમાં તમારી વ્યાખ્યાની જરૂર નથી. એટલે કલ્યાણનો સાથ, ભાજપનો વિકાસ અને ભ્રષ્ટાચારનો વિકાસ, તલાટીઓનો નાશ, ગુજરાતની પ્રજાનો વિનાશ. ધન્યવાદ.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી જે બજેટ માટેની દરખાસ્ત લઇને આવ્યા છે તેના સમર્થનમાં હું ઊભો થયો છું. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે વિગતો આપી છે તે વિગતો હું જયારે સાંભળતો હતો ત્યારે મને ખૂબ દુઃખ થયુ કે કોંગ્રેસ સરકારે આટલા વર્ષો સુધી ગુજરાતની અંદર શાસન કર્યુ અને ગુજરાતની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગરીબ કલ્યાણ મેળાની શરૂઆત કરી તો મારે તેમને કહેવું છે કે, ભારતીય જનતા પાર્ટીની સરકારે આ ગરીબ કલ્યાણ મેળાઓ શરૂ કરીને ૮૫ લાખ ગરીબોને સહાય આપી છે અને ૧૪ હજાર કરોડની રકમ ગરીબો માટે ફાળવેલી છે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રી કહેતાં કે ઘરો નથી તો ગ્રામીણ વિસ્તારની અંદર ૨૦ લાખથી પણ વધારે લોકોને ૮ હજાર કરોડની સહાય તે પછી સરદાર આવાસ હોય, પંડિત દીનદયાળ આવાસ હોય, આંબેડકર આવાસ હોય અને કેન્દ્ર સરકારની ઇંદિરા આવાસ હોય...

અધ્યક્ષશ્રી : પ્લીઝ, તમે તેમને બોલવા દો.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : મારે તેમને જણાવવું છે કે, ઇંદિરા આવાસ નીચે રાજય સરકારને બે લાખનું ટાર્ગેટ મળે છે. જયારે છેલ્લાં ત્રણ વર્ષની અંદર ૨૦ લાખ માણસોને, ગરીબ માણસોને આવાસ માટે સહાય આપવામાં આવી છે તેમાંથી સાડા ત્રણ લાખ લોકો આદિવાસીઓ છે. ૭૦ હજારથી પણ વધારે અનુસૂચિત જાતિના લોકો છે. આ ગરીબ કલ્યાણ મેળાના કારણે ૧૦ લાખથી પણ વધારે લોકોના ઘરોમાં રોશની આવેલી છે પણ વિરોધપક્ષના નેતા તેની નોંધ લેતાં નથી. ૧૬ લાખથી પણ વધારે લોકોને સ્વરોજગારી માટે નાના નાના સાધનો, માનવ ગરિમા, માનવ કલ્યાણ યોજના નીચે તેઓ પોતે રોજગારી કરી શકે તેના માટેની સહાય આપવામાં આવેલી છે. મુખ્ય બાબત એ છે કે, ગરીબ કલ્યાણ મેળાના કારણે કોંગ્રેસ સરકારે જે વચેટિયાઓનું કલ્ચર ઊભું કર્યુ હતુ તે વચેટિયાઓ નાબૂદ થઇ ગયા તેનું દુઃખ મને લાગે છે કે કોંગ્રેસવાળાને વધારે છે. કારણ કે સીધી રીતે કોંગ્રેસની સરકારમાં એજન્ટો મારફતે જે સહાય મળતી હતી તે હવે લોકોને બારોબાર સીધી મળવા લાગી છે.

અધ્યક્ષશ્રી : ભાઇ, સ્પષ્ટતા કરી લો તમે કોંગ્રેસને વચેટિયા કહો છો ?

શ્રી રજનીકાન્ત મો. પટેલ : નાજી,

અધ્યક્ષશ્રી : કોંગ્રેસના શાસનમાં વચેટિયા એમ કહો છોને?

શ્રી રજનીકાન્ત મો. પટેલ : હું વચેટિયા કલ્ચરની વાત કરું છું. હું કોઇ પક્ષને વચેટિયા કહેતો નથી પણ જે કલ્ચર ડેવલપ કરવામાં આવ્યું હતું એ કલ્ચરને ગરીબ કલ્યાણ મેળાએ તોડી નાંખ્યુ છે.

અધ્યક્ષશ્રી : તમે શાંતિથી સાંભળો, બિન સંસદીય શબ્દો હશે તો તમે કહેજો આપણે કાઢી નાખીશું.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના નેતાશ્રીએ ચિંતા કરી, મને જણાવતાં આનંદ થાય છે કે ૨૦૦૦–૨૦૦૧ની અંદર ૭૫ ટકા નામાંકન દર હતો તે વધીને અત્યારે ૯૯ ટકા થયો છે. ૯૯ ટકાથી પણ વધારે એનરોલમેન્ટ રેઇટ થયો છે. સાક્ષરતાનો દર છેલ્લાં દસ વર્ષની અંદર જે ૬૯ ટકા હતો તે ૭૮ ટકા થયો છે. અને ખાસ કરીને આનંદની વાત એ છે કે મહિલા સાક્ષરતા દર દેશનો ૫૭.૮૦ હતો એ ગુજરાતમાં વધીને ૬૯.૬૮ થયો છે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના ધ્યાન ઉપર એક વાત મૂકવા માગું છું કે દેશમાં સરેરાશ ૧૦ વર્ષમાં ૯.૧૩ ટકાનો સાક્ષરતા દર થયો છે એની સામે ગુજરાતમાં એનાથી વધારે ૧૦.૫૦ ટકાનો સાક્ષરતાનો દર થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુવિધાઓની જયારે આપણે વાત કરીએ છીએ ત્યારે મારે કહેવું જોઇએ કે ૨૦૦૧ ના વર્ષમાં ૧૦૧૮૪ સ્કૂલોમાં પીવાનું પાણી અપાતું હતું જે અત્યારે ૩૩૪૯૪ શાળાઓમાં પીવાનું પાણી પૂરૂં પાડવાની વ્યવસ્થા છે. એમને પોતાને ખ્યાલ નહીં હોય કે ૧૯૬૧ થી ૨૦૦૧ માં રાજયમાં શાળાઓમાં કોમ્પ્યુટરની વ્યવસ્થા ઊભી કરવાની હતી એમાં ૪૮૭ શાળાઓમાં કોમ્પ્યુટર લેબ હતી અને આજે ૨૦૫૦૨ શાળાઓમાં ગરીબ બાળકો પોતે કોમ્પ્યુટર શીખીને પોતાનો વિકાસ કરી રહ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષકોની ઘટની એમણે વાત કરી તો મારે કહેવું જોઇએ કે છેલ્લા ૧૦ વર્ષમાં ૧,૪૧,૪૪૮ વિદ્યા સહાયકોની ભરતી કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી પોતે કન્યા કેળવણીના હિમાયતી છે અને અને એના માટે કટિબદ્ધ છે. તેમણે કહ્યું કે હું ઇચ્છું છું કે તમે મને ભિક્ષામાં તમારી દીકરીઓને ભણાવવાનું વચન આપો. મને લાગે કે ગુજરાતમાં આવું કહેનાર કોઇપણ મુખ્યમંત્રીશ્રી નથી કે જેઓ પોતાના માટે નહીં પણ ગુજરાતની કન્યાઓને કેળવણી મળી રહે એના માટે ચિંતિત છે અને એના માટે એમને જે ભેટસોગાદો મળી છે અને મળી રહી છે એનો ઉપયોગ એ ભેટસોગાદોની હરાજી કરીને એમાંથી જે કાંઇ ફંડ મળે એનો ઉપયોગ આ કન્યાઓની કેળવણી માટે કરે છે અને એ રીતે એમને જે ભેટ મળી એમાંથી ૫૫ હજાર દીકરીઓને ૨૫૦૦ થી વધુની સહાય આપી છે અને એમને ૧૧૮ કરોડ રૂપિયાનાં વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે મધ્યાહ્ન ભોજન યોજનાની વાત કરું તો ૩૪૦૭૧ શાળાઓમાં ૫૩ લાખ બાળકોને મધ્યાહ્ન ભોજન આપવામાં આવે છે. હું પોતે પૂછવા માગું છું કે ભારત સરકારે સર્વ શિક્ષા અભિયાન કાર્યક્રમ હાથ ઉપર લીધો હતો જેના અંતર્ગત શિક્ષકોની ભરતી કરવાની હતી, શાળાઓના ઓરડા બનાવવાના હતા. ગુજરાત સરકારે એમાં ૮૯ ટકા ખર્ચ કરીને પોતાના ફંડમાંથી એ બનાવેલ છે અને ભારત સરકારે ફકત ૧૧ ટકા જ ખર્ચ એમાં આપેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ માટે માધ્યમિક શાળા શિક્ષણ અભિયાન શરૂ કર્યુ તેમાં ૬ હજાર કરોડ રૂપિયાની ગ્રાન્ટ આવી એમાંથી ફકત ૨૦ કરોડ રૂપિયા જ આપણને મળી શકયા કારણ કે ભારત સરકારે એમાં એક એવો માપદંડ નકકી કર્યો હતો કે ગુજરાત એમાંથી બાકાત રહી જાય અને એ રીતે ફકત સરકારી શાળાઓને જ એનો લાભ મળી શકે અને ગુજરાતમાં મોટાભાગની માધ્યમિક શાળાઓ એ ગ્રાન્ટેબલ શાળાઓ હોઇ એ એનો લાભ ના લઇ શકી અને રાજયની માધ્યમિક શાળાઓને એ પૈસા ના મળી શકયા.

માનનીય અધ્યક્ષશ્રી, શાળા આરોગ્ય કાર્યક્રમની વાત કરું તો કુલ ૧ કરોડ ૨૫ લાખ બાળકોની આ યોજના અંતર્ગત શાળા આરોગ્યમાં તપાસણી કરવામાં આવી. એમાંથી ૨૦૫૭ બાળકોને હ્રદયરોગની સારવાર આપવામાં આવી, ૨૮૪ બાળકોને કીડનીની સારવાર આપવામાં આવી અને ૧૧૪ બાળકોને કેન્સરની સારવાર આપવામાં આવી. માનનીય અધ્યક્ષશ્રી, આજે માધ્યમિક શાળાઓમાં રાજય સરકારે શાળાઓના બાંધકામ માટે ૧૧ કરોડ રૂપિયાની સહાય કરી છે. રાજયમાં ૫૩૮૭ જેટલી સંસ્થાઓ એ પછી સામાન્ય પ્રવાહ હોય કે વિજ્ઞાન પ્રવાહ હોય એમને સહાય આપવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ઉચ્ચ શિક્ષણની પણ ચિંતા કરવામાં આવી છે. અત્યારસુધી જે ૧૫ જેટલી યુનિવર્સિટી હતી એની જગ્યાએ એની સંખ્યા ૫૨ જેટલી થઇ છે. મને જણાવતાં આનંદ થાય છે કે એન્જિનિયરિંગમાં અગાઉ ૨૦૦૧-૦૨ સુધીમાં ૨૩ કોલેજો હતી એ આજે ૧૨૧ જેટલી કોલેજો થઇ છે અને બેઠકો જે ૮૫૦૧ જેટલી હતી એ વધીને ૯૨૩૦૧ થઇ ગઇ છે. ડિપ્લોમા માટેની કોલેજો હતી એ ૧૨૬ છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

સભ્યશ્રી તરફથી રજૂ થતી આંકડાકીય માહિતીનો સોર્સ રજૂ કરવા બાબત

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે માનનીય સભ્યશ્રી જે આંકડા રજૂ કરે છે તે આંકડા શેમાંથી રજૂ કરે છે તે તેમણે અમારા અભ્યાસ માટે મેજ ઉપર મૂકવા જોઇએ.

અધ્યક્ષશ્રી : સરકારશ્રીની છાપેલી બૂક છે એમાંથી તેઓ બોલે છે. બન્ને પક્ષને હું વિનંતી કરું છું કે તમારા અહીંના આંકડા વધે ને તેનો વિચાર કરો. આ તો અહીં સાંભળીને ભૂલી જવાના છો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય સભ્યશ્રીનું કહેવું એમ છે કે માનનીય સભ્યશ્રી જે બોલે છે એનો સોર્સ કયો છે?

અધ્યક્ષશ્રી : ગવર્નમેન્ટની બૂકલેટ છે એમની પાસે એમાંથી બોલે છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : તેઓ એ કઇ બૂકલેટ છે તેવું બોલ્યા નથી.

અધ્યક્ષશ્રી : તે બોલવાની જરૂર નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સાહેબ અમને આપ કહો છો કે શેમાંથી બોલો છો તે કહો, અને માનનીય નીતિનભાઇ પણ વાંધો ઊઠાવતા હોય છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી તમે શેમાંથી બોલો છો તે કહી દો. અને આપ ચાલુ રાખો.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : શિક્ષણ વિભાગ તરફથી નૂતન ગુજરાતની અંદર આ બૂકલેટ બહાર પાડવામાં આવેલી છે તેના આધારે કહું છું. એમ.બી.એ. માટે ૨૦ કોલેજો હતી અત્યારે ૧૮૦ કોલેજો કાર્યરત છે. પહેલા ૭૫૦ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાતો હતો અત્યારે ૧૨૫૨૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે. એ જ રીતે એમ.સી.એ. માટે ૨૬ કોલેજો હતી અત્યારે ૭૯ કોલેજો છે, પહેલા ૧૨૪૧ વિદ્યાર્થીઓને લાભ મળતો હતો અત્યારે ૭૬૮૦ વિદ્યાર્થીઓને પ્રવેશનો લાભ મળે છે. માનનીય અધ્યક્ષશ્રી, વિકાસ માટે નમો ચમત્કાર થઇ ગયો, નમો નમો, આખા દેશની અંદર નમો નમો થઇ ગયું અને મને લાગે છે કે એની ચિંતા આ મારા મિત્રોને થઇ રહી છે. આ બજેટને હું સમર્થન આપું છું.

શ્રી અજયકુમાર જ. ચોક્સી(સુરત (ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી નીતિનભાઇ પટેલે જે લેખાનુદાન રજૂ કર્યુ છે તેના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું. ખાસ કરીને ગુજરાતની અંદર આજે શહેરોમાં જે વિકાસ થયો છે તેમાં વસતિની દ્રષ્ટિએ જોઇએ તો આજે ૪૨.૬ ટકા જેટલી વસતિ શહેરોમાં વસે છે. આખા દેશમાં આ શહેરી વિકાસ દર ૩૧ ટકાની નજીક છે. ત્યારે હવે પછી ભવિષ્યમાં ૨૦૩૦ માં આ ગુજરાતમાં શહેરી વિકાસ દર લગભગ ૬૬ ટકા નજીક જવાનો છે ત્યારે ગુજરાત સરકારે આ શહેરોના વિકાસ માટે પણ ખૂબ મોટી હરણફાળ ભરી છે. ૨૦૦૯–૧૦ માં શહેરોના વિકાસ માટે સૌપ્રથમ વખત ૭૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી અને તેની અમલવારી થઇ ત્યારે તેના પરિણામો ખૂબ સારા મળવાને કારણે ૨૦૧૨–૧૩ થી પાંચ વર્ષ માટે આ શહેરોના વિકાસ માટે ૧૫૦૦૦ કરોડ જેવી માતબર રકમની યોજના રાજય સરકારે રજૂ કરી, અને તેના કારણે ગુજરાતના શહેરો આજે માળખાકીય સુવિધાઓથી સમૃદ્ધ બનવા માંડયા છે.

એવી જ રીતે શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના હેઠળ પણ ૨૦૦૭ થી ૨૦૧૨ ના પાંચ વર્ષના સમય દરમિયાન ૧૩૦૦૦ કરોડ જેવી માતબર રકમની ફાળવણી કરી અને અમલવારી કરી. તેના પરિણામો ખૂબ સારા આવ્યા અને તેને ધ્યાનમાં રાખીને ૨૦૧૨ થી ૨૦૧૭ દરમિયાન ૨૫૦૦૦ કરોડ જેવી માતબર રકમ આ શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના માટે ફાળવવામાં આવી. શહેરોમાં સામાન્ય રીતે પાણી, ગટર, રસ્તાઓ, સ્ટ્રીટ લાઇટ, આરોગ્યની સુવિધાઓ, શહેરી મનોરંજન માટે ઓડિટોરીયમ, રમત ગમતના સંકૂલો, ફલાય ઓવર બ્રીજ જેવી માળખાકીય સુવિધાઓ અને પાયાની સુવિધાઓ પ્રત્યે રાજય સરકાર ખૂબ જ ધ્યાન આપે છે. તેના ભાગરૂપે રાજય સરકારે ગુજરાતની ૧૫૯ નગરપાલિકાઓ અને ૮ મહાનગરપાલિકાઓમાં પાણીની સુવિધાઓ મળી રહે તેના માટે ખૂબ મોટું આયોજન કરેલ છે અને ૧૫૭ જેટલી પરિયોજના ૧૬૩૦ કરોડના ખર્ચે મંજૂર કરી છે. જે પૈકી ૮૦ યોજનાઓના કામ પૂર્ણ થઇ ગયા છે અને ૬૪ પરિયોજનાઓ પ્રગતિમાં છે જે ડિસેમ્બર, ૨૦૧૪ સુધીમાં પૂર્ણ થતાં રાજયની આ ૧૫૭ નગરપાલિકાઓમાં શુદ્ધ પીવા લાયક પાણી પૂરૂં પાડી શકાશે.

ભૂગર્ભ ગટર યોજનાની વાત કરીએ તો આ રાજય સરકારે રૂપિયા ૪૭૫૦ કરોડના ખર્ચે ૧૩૨ જેટલી નગરપાલિકાઓ માટે ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરી છે. જે તબક્કાવાર ડિસેમ્બર, ૨૦૧૭ સુધીમાં પૂર્ણ થતાં આ શહેરોમાં જે કંઇ ગંદકી થતી હતી જેના કારણે રોગચાળો થતો હતો એમાંથી મુકિત મળશે. એ જ રીતે પાણી અને ભૂગર્ભ ગટર યોજના માટે સન ૨૦૧૪–૨૦૧૫ માં રૂપિયા ૫૫૦ કરોડનું આયોજન કરવામાં આવેલ છે. એ જ રીતે આ નગરપાલિકાઓને નમૂનારૂપ બનાવવા માટે એને ગૌરવ પથ બ્રિજ, રસ્તાઓ, હરિયાળા શહેરનું નિર્માણ,થીમ બેઇઝ ટ્રાફિક સર્કલ, હેરીટેઝ, સોલાર લાઇટ, જળસંચય, ઇ–ગવર્નન્સ, રમતગમત સંકુલોના નિર્માણ, સ્લમ વિસ્તારના કામો સહિત આશરે ૪૭૦૦ જેટલા કામોની મંજૂરી આપવામાં આવી છે. એ જ રીતે આ નગરોને આરોગ્યની દષ્ટિએ રોગમુકત કરવા માટે રાજય સરકારે એક નવો વ્યૂહ અપનાવ્યો, જેમાં શહેરોના ગરીબ લોકો ખુલ્લામાં હાજતે જતા હતા એમાં એમને સુવિધા મળે એ માટે વ્યકિતગત શૌચાલય બનાવવા માટે રાજય સરકાર પહેલા છ હજારની સહાય આપતી હતી એ

વધારીને હવે આઠ હજાર રૂપિયાની સહાય કરવામાં આવી છે. એના લીધે શહેરી વિસ્તારમાં ૪,૨૭,૮૪૭ જેટલા શૌચાલયો ૧૯૦.૭૫ કરોડના ખર્ચે બનાવીને શહેરી વિસ્તારને સ્વચ્છ બનાવવાનો પ્રયત્ન કર્યો છે. એથી આગળ વધીને જણાવું કે ૧૭૦૦ થી વધુ પે એન્ડ યુઝ શૌચાલયો પણ બનાવવામાં આવ્યા છે.

એથી આગળ જણાવું કે આ શહેરોને ઝૂંપડપટ્ટી મુકત કરવાનું મહાભગીરથ કાર્ય આ રાજય સરકારે ઉપાડયું છે. એમાં સાત લાખ કરતા વધારે કુટુંબો ઝૂંપડપટ્ટીમાં વસે છે એને તબક્કાવાર ત્યાંને ત્યાં જ વસાવવા માટે ખૂબ સારી પોલિસી પી.પી.પી. ના ધોરણે રાજય સરકારે જાહેર કરી છે, મને લાગે છે કે આવનાર દિવસોમાં આ પોલિસીને કારણે ગુજરાતના શહેરો ઝૂંપડપટ્ટી મુકત બનશે અને ગરીબોને મફત મકાન મળશે. આખા દેશમાં આ એક નવતર પ્રયોગ છે એમ કહીએ તો ખોટું નથી. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ હરહંમેશ શહેરી ગરીબો માટે ચિંતા કરતાં હોય છે ત્યારે રાજય સરકાર એના માટે આગળ આવે તો શહેરી ગરીબો સમૃદ્ધ થઇ શકે તેમ છે. શહેરી ગરીબો માટે રોજગારી ઊભી કરવા માટે આ નગરોમાં ૧૭૦ કરતાં વધારે કૌશલ્ય વર્ધક કેન્દ્રો ઉભા કરવામાં આવ્યા છે. ૧૮ થી ૩૫ વર્ષના લોકોને આ કૌશલ્ય વર્ધક કેન્દ્રો દ્વારા તાલીમ આપવામાં આવે છે જેના દ્વારા બે લાખ કરતાં વધારે વ્યકિતઓને તાલીમ આપીને હજારો લોકોને રોજગારી પૂરી પાડવામાં આવી છે. જે પૈકી ૪૦ ટકાથી વધુ મહિલાઓનો સમાવેશ થાય છે.

શહેરી ગરીબો માટે આખા ગુજરાતમાં ૨૨ લાખ કરતાં વધારે મકાનો પાંચ વર્ષની અંદર બનાવવાનો ટાર્ગેટ રાજય સરકારે જાહેર કર્યો છે અને એના માટેની પોલિસી ડેવલપ કરી છે. મને લાગે છે કે આવનાર વર્ષોમાં ગુજરાતની અંદર દરેક કુટુંબ પાસે રહેવા લાયક મકાન હશે તેવી આ રાજય સરકારની પોલિસી છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી લેખાનુદાન બજેટ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

ગુજરાતમાં ટ્રાયબલના લગભગ ૫,૮૮૪ ગામો, ૧૨ જિલ્લાઓ અને ૪૩ તાલુકાઓ અને ૭૯ લાખ જેટલ વસતિ આવેલી છે. ૭૯ લાખ જેટલી વસ્તી એ વસ્તીમાં બજેટ દર વર્ષે રજૂ કરવામાં આવે છે. અને બજેટ પહેલા તો ૧૯૬૧ની વસ્તી ગણતરી થઇ ત્યારે ગુજરાતમાં ૧ કરોડ અને ૬૦ લોકો હતા. ૨૦૧૧ની વસ્તી ગણતરી થઇ ત્યારે ગુજરાતમાં ૬ કરોડ અને ૩ લાખ લોકો હતા એટલે સ્વાભાવિક રીતે ૧ કરોડ અને ૬૦ લાખ લોકો હોય એટલે બજેટ પણ ઓછું હોય. હવે બજેટની રકમ ૬ કરોડ અને ૩ લાખ લોકોની વસ્તી હોય એટલે સ્વાભાવિક રીતે બજેટની રકમ પણ વધે છે પરંતુ અમારી કમનસીબી એ છે કે માની લો કે વડોદરા જિલ્લાનો છોટાઉદેપુર જિલ્લો જૂદો પડયો. હવે છોટાઉદેપુરના છ તાલુકા એ, છ તાલુકાનો જિલ્લો થયો પરંતુ જે પૈસા આપ્યા હતા એ પૈસા આજ સુધી વપરાયા નથી. ૨૦૦૯–૨૦૧૦, ૨૦૧૦–૨૦૧૧, ૨૦૧૧–૨૦૧૨, ૨૦૧૨–૨૦૧૩ એમાં ખેતીવાડી અધિકારી જિલ્લા પંચાયત ૧ કરોડ ૮૯ લાખ એવી રીતે ૩૧ વિભાગો છે. ૩૧ વિભાગોમાં ૧૭૭ કરોડ, ૧૭૭,૮૭,૬૮,૦૦૦ રૂપિયા એમાં બાંધકામ, ખેતીવાડી, શિક્ષણ, બાલવિકાસ, આરોગ્ય એવા જુદાજુદા સદરોમાં આ પૈસા ૧૭૭ કરોડ આજ સુધી વપરાયા નથી. આ માટે જિલ્લા વિકાસ અધિકારી વડોદરાને મેં માંગણી કરી, તો જિલ્લા વિકાસ અધિકારી મને કહે છે કે જિલ્લા પંચાયત કચેરી છોટાઉદેપુરમાં તાલુકાવાર ગ્રાન્ટની ફાળવણી નામદાર સરકારશ્રીના પરિપત્રમાં જણાવ્યા અનુસાર જયારે જિલ્લાનું વિભાજન કરવામાં આવશે ત્યારે ભાગે પડતી તમામ રકમો તબદીલ કરવામાં આવશે. હાલમાં આવી કોઇ સૂચનાઓ રાજય સરકાર તરફથી મળેલ નથી. સૂચના ન મળે ત્યાં સુધી નાણાકીય વહીવટ અત્રેથી કરવામાં આવશે. મારી નામદાર સરકારને વિનંતી છે કે ૧૭૭ કરોડ જેવી રકમ ટ્રાઇબલ વિભાગની જૂદાજૂદા સદરો હેઠળની રકમ આજ સુધી ન મળે અને આદિવાસી તાલુકાઓ છે, આ બધા તાલુકા આદિવાસી, ટ્રાયબલના છે. મધ્યપ્રદેશની બોર્ડર ઉપર આવેલા તાલુકાઓ અને પેલી બાજુ છે મહારાષ્ટ્ર, આ બાજુ રાજસ્થાનની બોર્ડર ઉપર આવેલા તાલુકાના વિકાસ માટે સિંચાઇનું કામ હોય કે બીજા કોઇપણ કામો માટે જે પૈસા મળે છે એ પૈસા આજસુધી વપરાતા નથી.

મેં દસ જિલ્લાના લગભગ ૧૬,૬૩,૫૨૭ લોકો માટે જે જૂથ યોજનાઓ જુદી જુદી બની છે એમાં હાથેશ્વર, નસવાડી જૂથ નર્મદાનો સોર્સ, સાવલી,અગર,પી.એમ.૩–એ, પી.એમ.૩–બી, પી.એમ.૪–બી, અને ઉંમરપાડા, બોરીયાસાવર, રેન્જપારડી, સાદરવિહર, ટીંમ્બર થવા, સુંદરા આ બધા ગામો માટે ૧૬,૬૩,૫૨૭ લોકો માટે એમાં આદિવાસીઓની વસ્તી ૧૦,૩૯,૭૧૭ અને ૬૫૬,૬૭,૮૭,૦૦૦ની અંદાજિત કિંમત અને આ જુદાજુદા સોર્સમાંથી આ પાણી મળશે એમ કરીને ૨૦૧૧, ૨૦૧૨ અને ૨૦૧૩માં આ યોજનાઓ શરૂ કરેલી એનો ખર્ચ થયો ૪૧૭,૧૨,૫૪,૦૦૦ અને આ પાણી પુરવઠા યોજનાઓ પૂર્ણ થવાની ૬–૨–૨૦૧૪. આજ સુધી આ યોજનાઓમાં ખર્ચો આટલો બધો પડી ગયો, પણ યોજનાઓનું કામ માની લો કે છોટા ઉદેપુર તાલુકાના ૩૦૫ ગામો માટે ૨૬૭૮૫ લોકોને પીવાના પાણી માટે લગભગ ૮૫ કરોડ અને ૯૯ લાખ રૂપિયાનો ખર્ચ થઇ ગયો પરંતુ પાણી પુરવઠાની યોજનાઓનું કોઇ ઠેકાણું નથી. એમ કહેવામાં આવે છે કે ગુજરાત રાજ્યમાં લગભગ ૫૭ ટકા આદિવાસીઓના ઘરોમાં પીવાના પાણીના નળ આવી ગયા છે. મારે ત્યાં કેટલીક યોજનાઓ બની છે પણ એ યોજનાઓ ૧૭–૧૭ ગામોમાં ડુંગરવા, ભીખાપુરા, ઉંચાપન આ બધા પાણી પુરવઠાની યોજનાઓનું પાણી બે ગામોને મળતું નથી. અનેક યોજનાઓ છે કે જે યોજનાઓનું પીવાનું પાણી ન મળે અને સાડા ત્રણ લાખની મીની પાઇપ યોજનાઓ બની એમાં ૩૪ મીની પાણી પુરવઠા યોજનાને સાડા ત્રણ વર્ષ થયા પણ એને વીજળી પણ આજ સુધી મળી નથી. ત્રણ વર્ષથી આ સાડા ત્રણ લાખ રૂપિયાની મીની પાણી પુરવઠાની યોજના બની છે. છોટા ઉદેપુર અને પાવી જેતપુરની નામવાર યોજનાની યાદી પણ આપી છે પણ કામો થતા નથી.

વર્ષ ૨૦૧૨–૧૩માં બજેટમાં ૪૨૬ કરોડ રૂપિયા છોટા ઉદેપુર, કવાંટ અને દાહોદના સિંચાઇ વિસ્તાર માટે ફાળવેલા એ રકમ પણ આજ સુધી વપરાઇ નથી અને કામ થયું નથી. ગયા બજેટમાં પણ કેટલાક પુલો માટે ૧૬ કરોડ, ૨૦ કરોડ એમ લગભગ ૮૦ કરોડ રૂપિયા ૨૦૧૩–૧૪માં મંજૂર થયા હતા. છોટા ઉદેપુર તાલુકામાં આ બજેટના કામો ચાલુ થયા નથી. કારણ કે ટ્રાયબલ વિસ્તાર હોવાના કારણે આ કામો જે કરવા જોઇએ એ કામો થતા નથી. આપના દ્વારા મારી આ સરકારને નમ્ર વિનંતી છે કે ટ્રાયબલ વિસ્તારના ગામોના જે કોઇ કામો હોય, બજેટ ફાળવેલ હોવા છતાં આ રકમ જે તે વખતે મળવી જોઇએ એ મળતી નથી. મારે એટલું જ કહેવાનું છે કે ૧૬ કરોડ રૂપિયાના ખર્ચે દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં સંમેલન થયું ત્યારે મારા છોટા ઉદેપુરની ૧૦૦ એસ.ટી.ની બસો આદિવાસીઓને લઇને ઝાલોદ ગઇ. જંગલની જમીન ખેડનાર લોકોને આદેશ અપાયો, ભીલપુર ગામના ૫૭ ખેડૂતો જંગલની જમીન વર્ષોથી ખેડે છે અને ૧૯૯૦–૯૧થી દંડ કરેલાની પહોંચ કોર્ટમાં હતી છતાં પણ એમના ટ્રેક્ટર આ જંગલની જમીનમાં ચાલતા હતા એ તા. ૩૧–૧–૨૦૧૩ના રોજ જંગલ ખાતાએ લઇ લીધા. આજ સુધી એ ટ્રેક્ટરો પણ પરત કર્યા નથી. કોલી ઘોઘાદર ગામે જે જંગલની જમીન ૧૬૩ ખેડૂતોને આપી પણ બુલડોઝર અને જે.સી.બી. ચલાવીને એ જંગલની જમીન જે લાભાર્થીઓની હતી એમની પાસેથી ઝૂંટવી લીધી. આવું કાર્ય સરકાર દ્વારા થાય ત્યારે એનો અમારો સખત વિરોધ છે. કારણ કે ૧.૯૧ લાખમાંથી ૫૦ હજાર લોકોને જંગલની જમીન મળી પણ બીજાને ક્યારે મળશે એ સમય સમયનું કામ કરશે. કોઇ એમ કહે કે અમે બધું કર્યું છે પણ મને ખબર છે કે ૧૯૬૦થી અત્યાર સુધી ગુજરાતમાં ૧૭૧ જેટલા બંધો બંધાયા, એમાં ઉકાઇ, પાનમ, કડાણા, દમણ–ગંગા, સુખી કે રામી એ બંધો બંધાયા ત્યારે ગુજરાતના ખેડૂતો ૨૩ ટકાથી ઉપર સિંચાઇ કરીને ગુજરાતને નંદનવન કર્યું છે એટલી મને ખબર છે.

**શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી લેખાનુદાન પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશ એ ગામડાનો બનેલો દેશ છે. કૃષિ અને પશુપાલન એ આ દેશની પરંપરા અને સંસ્કૃતિ રહી છે. ગ્રામ્ય જીવન અને વંશ પરંપરાગત કૃષિ અને પશુપાલનથી પોતાનું જીવન, પોતાના પરિવારનું પેટિયું ભરતા હોય છે. વર્ષો સુધી આઝાદી પછી પણ જે પ્રમાણે કૃષિ અને પશુપાલન અંગે સરકારશ્રીએ જે ચિંતા કરવી જોઇએ એ નહિ થઇ જેના કારણે દિનપ્રતિદિન ગુજરાતના ગામડા તૂટવાનું પાપ એ અગાઉના વર્ષોમાં આપણે બધાએ જોયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અનેક રાષ્ટ્રો, અનેક દેશોમાં એક અલગ પ્રકારની આપણી એક આર્થિક ઉપાર્જન માટેની દેશની સિસ્ટમમાં રાજ્યના ૪૨ લાખ કુટુંબો એ આ પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલા છે. ૧૦૩ લાખ મેટ્રિક ટનથી વધુ દૂધનું ઉત્પાદન કરવાનું કામ એ ગુજરાતના ગામડામાં રહેનારા ગ્રામ્ય સમાજના લોકો કરતા હોય છે. હમણાં અહીંયા સામે પક્ષેથી ઘણી વખતે વિકાસની વાતો કરતા હતા. અહીંયાથી કહેવામાં આવે કે, ભાઇ વિકાસ અમે કર્યો, વિકાસ વધુ થયો. 'સૌનો સાથ, સૌનો વિકાસ' પણ એમને ગળે ઉતરતું નહોતું. હું સ્પષ્ટપણે કહેવા માગુ છું કે આટલા વર્ષોના પછી પણ ..(અંતરાય)

અધ્યક્ષશ્રી : ગળે ઉતરતું નથી એ અસંસદીય નથી. વાંધો નહિ.

શ્રી રણછોડભાઇ મ. દેસાઇ : આટલા વર્ષો પછી પણ કૃષિ અને પશુપાલન પ્રત્યે અનદેખી કરવાના કારણે ગુજરાતના ગામડામાં  રહેનારા લોકો દુ:ખ અને યાતનામાં વર્ષો સુધી જીવન વીતાવે છે. આજે અમે ગૌરવથી માથું ઊચું કરીને કહીએ છીએ, સ્વાભિમાનથી કહીએ છીએ કે, સમગ્ર દેશની અંદર ગુજરાત એ ચોથાક્રમે દૂધ ઉત્પાદન કરનાર રાજ્ય છે. હું આજે ૧૨ વર્ષ પહેલાની વાત કરું છું, વધુ વાત નથી કરતો. ૧૨ વર્ષ પહેલા જે દૂધ ઉત્પાદકો દ્વારા વાર્ષિક વૃદ્ધિ દર ૩૧ ટકા હતો યાનેકી ૬૨૬૫ વાર્ષિક વિકાસ ફાળો  એ દૂધ ઉત્પાદનથી આજથી ૧૨ વર્ષ પહેલા હતો. ફક્ત અને ફક્ત ૧૨ વર્ષની અંદર આ વિકાસ ફાળામાં ૩૧૦૨૪ કરોડ, એનો મતલબ એ થયો કે ૩૦૦થી પણ વધુ ટકાનો વધારો ખાલી ૧૨ વર્ષમાં. મારો કહેવાનો મતલબ એ છે કે, સરકારો આવે અથવા તો જાય પણ સરકારની પ્રજા પ્રત્યેની જે ઇચ્છાશક્તિ હોવી જોઇએ. પ્રજા પ્રત્યેની જે સંવેદના હોવી જોઇએ, વિકાસ માટેની જે તમન્ના હોવી જોઇએ એનો જો કોઇ દાખલો હોય તો એ આ દાખલો જોઇ શકીએ છીએ. દૂધ દ્વારા સમગ્ર દેશની અંદર આપણે શ્વેતક્રાંતિમાં પણ એક સફળ રાજ્ય તરીકે પોતાનું એક આગવું પ્રદાન આપણે પ્રસ્થાપિત કરી શક્યાં છીએ. વર્ષો સુધી ગામડામાં રહેનારા લોકો એ પરંપરાગત પશુપાલન અને કૃષિ કરતા સરકારની દિર્ઘદષ્ટિથી નરેન્દ્રભાઇની એક આગવી સૂઝના કારણે ગુજરાતના ગામડામાં એ સુજલામ્ સુફલામ હોય, નર્મદા નહેરની કેનાલ હોય અને જેનાથી કૃષિ ઉત્પાદન વધે અને એની સાથે સાથે આધુનિક અને વૈજ્ઞાનિક ઢબે પશુપાલનની સારવાર થાય, પશુપાલનનો ઉછેર થાય અને જેના કારણે દૂધનું ઉત્પાદન વધે એ માટે સરકારશ્રીએ અનેકગણા પગલાં લીધા છે. આટલા વર્ષો સુધી પશુપાલનની બાબતમાં સરકારે ચિંતા ન કરતાં, વર્તમાન માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇની સરકારે લાઇવ સ્ટોક ડેવલપમેન્ટ બોર્ડ દ્વારા, એનીમલ હોસ્ટેલ દ્વારા, પશુ સંવર્ધન નીતિ દ્વારા અને પ્રાણી કલ્યાણ બોર્ડ જેવા વિવિધ ક્ષેત્રો દ્વારા આ પશુપાલનના વ્યવસાય દ્વારા ગુજરાતના ગામડામાં પણ રહેનાર ગરીબ સમાજના લોકો આર્થિક રીતે સુખી અને સંપન્ન બને સ્વાભિમાનથી જીવન જીવે એ ગૌરવ આપવાનું કામ આટલા વર્ષો સુધી ન થયું એ ગુજરાતમાં શ્રદ્ધેય આદરણીય શ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે.

અધ્યક્ષશ્રી : શ્રી રમેશભાઇ મહેશ્વરી.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી  (ગાંધીધામ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના નાણા મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે લેખાનુદાન પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામે બેઠેલા લોકોને ચિંતા છે, સતત ચોથી વખત રાજ્યના મુખ્ય મંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાતનું વિકાસ સાથે સંચાલન કરી રહ્યા છે. એનું કારણ શું છે ? એનું કારણ એ છે કે, જ્યારે રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ પ્રથમ વખત મુખ્યમંત્રી તરીકે પોતાના ઘરમાં પ્રવેશ કર્યો ત્યારે એક દલિત કન્યાના માથે કળશ મૂકીને પોતાના ઘરમાં પ્રવેશ કર્યો હતો. એ દલિત કન્યાએ આ બેડું એના ઘરમાં મૂક્યું છે. કોંગ્રેસના મિત્રોને યાદ કરાવું છું કે, આ કળશ હવે દિલ્હી જવાનો છે, આ કળશને કોઇ રોકી નહીં શકે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના દલિત અને પછાત વર્ગના લોકો માટે રાજ્યના મુખ્યમંત્રી અને રાજ્યના સમાજ કલ્યાણ મંત્રીશ્રી રમણભાઇએ અનેક યોજનાઓ બનાવી છે, અનેક યોજનાઓ ગરીબો અને દલિતો સુધી પહોંચે એવી કામગીરી કરી છે, ત્યારે હમણાં કોંગ્રેસના ધારાસભ્યોના ટપોટપ રાજીનામાઓ પડે, એનું પણ એક મોટું કારણ છે. રાજ્યની અંદર કે સમગ્ર ગુજરાતની અંદર ચૂંટાયેલા પ્રતિનિધિને જ્યારે પોતાનું

રાજીનામું દેવાની ફરજ પડે છે. કારણ કે, તે પોતાના મત વિસ્તારમાં જાય છે ત્યારે લોકો એને કહે છે કે, તમે ગમે તે કરો આ વખતે તો અમે મોદી સાથે રહેવાના છીએ, અમે તો મોદી સાહેબને મત આપવાના છીએ, અમે તો મોદી સાહેબનો વિકાસ સાથેનો જે વિચાર છે એની સાથે જોડાયેલા છીએ. અભી તો મોદી આને વાલા હૈં, આપ રાજીનામા દો યા ના દો. એટલે જ રાજીનામાઓ પડે છે. હમણાં બાપુ કહેતા હતા કે, ખેંચીને લાવો છો, ધમકાવીને લાવો છો. એવું કાંઇ નથી, એ પ્રેમથી આવે છે. એને ખબર છે કે, આગામી દિવસોમાં ભારત દેશનું નવનિર્માણ થવાનું છે.

હમણાં જ ચોવીસ કલાક વીજળીની વાત થઇ. વિરોધપક્ષના નેતા વીજળીની વાત કરતા હતા કે, વીજળીનું આમ છે, ગુજરાતમાં આમ છે, ખેડૂતોને વીજળી મળતી નથી. પરંતુ ચોવીસ કલાક વીજળીના કારણે ગામડાઓમાં રહેતો દલિત, શોષિત, પીડિત ગ્રામ્ય કારીગર પોતાના ગામમાં, પોતાના કૌશલ્યથી પોતાની રોજીરોટી મેળવી શકે છે. ગામડું તૂટતું હતું. ગામડું બચાવવા માટે આ ચોવીસ કલાક વીજળીના માધ્યમથી આજે ગુજરાતના ગામડાની અંદર વિકાસ થઇ રહ્યો છે અને ગામડાના ગ્રામ્ય કારીગરોનો પણ આર્થિક વિકાસ થયો છે. એટલે જે ખોટી વાતો, ખોટી રજૂઆતો આ હાઉસની અંદર કરી રહ્યા છે એમાં ગરીબ કલ્યાણ મેળાની પણ વાત કરી. ગરીબોને ગરીબ કલ્યાણના મેળાના માધ્યમથી જે યોજનાઓનો લાભ મળ્યો છે એનો ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીમાં ગરીબોએ પોતાના મતના બેલેટથી તમને જવાબ આપ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિના લોકોને ઘણા વર્ષોથી રાજકીય પક્ષોએ બહુ ગુમરાહ કર્યા હતા, જયારે ગરીબ, દલિત, શોષિતના ઘરમાં લગ્ન હોય ત્યારે એને ચિંતા થતી હતી કે, મારી દીકરીના લગ્ન છે, હવે શું થશે ?રાજયના મરદ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ કુંવરબાઇનું  મામેરૂ લઇને કોણ આવશે? આવશે રાજયની સરકાર, રાજયના મુખ્યમંત્રી મામેરૂ લઇને આવશે.  ૨૦૧૨–૧૩ સુધીમાં ૪૬૦૩૪ કુટુંબો અને ૨૪.૧૫ કરોડ રૂપિયા જેવી માતબર રકમનું રાજય સરકારે આ દલિત શોષિત કન્યાઓને કુંવરબાઇનું મામેરૂ આપીને એમને પ્રોત્સાહિત કર્યા છે.

લોકસભા અને દિલ્હીની અંદર કેન્દ્ર સરકાર જે ભ્રષ્ટાચાર કરે છે. આ ભ્રષ્ટાચારના માધ્યમથી રાજયના દરેક સમાજને દરેક વ્યકિતને એનું ભોગવવું પડે છે કારણકે ભ્રષ્ટાચાર ત્યાં છે અને ગરીબ અને દલિત લોકોના ઘર સુધી ભરણપોષણ કરવાની પણ તકલીફ પડતી હોય છે ત્યારે દીકરા અને દીકરીના લગ્ન કરવાના હોય છે ત્યારે રાજય સરકારે સમૂહ લગ્નમાં જોડાયેલા દંપતિને આ યોજના હેઠળ ૩૭૯૩ યુગલોને ૨.૫૫ કરોડની સહાય આપીને એને પ્રોત્સાહિત કર્યા છે. દલિત સમાજનો યુવાન એને ટ્રક ડ્રાઇવર બનવું હોય તો પણ એને બહુ જ ચિંતા થતી હોય કે હું ટ્રક ડ્રાઇવર કેવી રીતે બનીશ? ત્યારે આજનો દલિત યુવાન ભણી ગણીને હોંશિયાર થાય, ડોકટર થાય, વકીલ થાય, પાઇલોટ થાય એના માટેની રાજય સરકારે વિવિધ યોજનાના માધ્યમથી પાઇલોટ બનવાની યોજના ૨૦ લાખ રૂપિયા, વકીલ બનવા માટે, વકીલ બન્યા પછી એને આધુનિક ઓફિસ બનાવવા માટેની સહાય યોજના રાજય સરકારે કરી છે. રાજયના મુખ્યમંત્રીએ આ દલિતોને આર્થિક રીતે સદ્ધર કરવા માટેની યોજના બનાવી તેથી દલિતો ગુજરાતની અંદર બહુ જ આર્થિક સદ્ધર બન્યા છે. રાજયના મુખ્યમંત્રી અને બાબા સાહેબે કીધું હતું કે સાચું શિક્ષણ મનુષ્યને સુરક્ષિત કરે છે. સારા નાગરિકોને પેદા કરે છે. રાષ્ટ્ર માટે ઘરોનું નિર્માણ કરે છે. મનુષ્યમાં માનવતા જગાવે છે. રાજય સરકારની શિક્ષણની ઘણીબધી યોજનાઓનો લાભ પહોંચાડી ભારતના રત્ન ડો. બાબાસાહેબ આંબેડકરના શબ્દો સાકાર કર્યા છે અને આવતા દિવસોમાં સો ટકા ગુજરાત અને ગુજરાતના લોકો છવ્વીસે છવ્વીસ લોકસભામાં ભારતીય જનતા પાર્ટીનો વિજય થવાનો છે. દલિતો હવે સમજી ગયા છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ચાર મહિના માટેનું જે લેખાનુદાન બજેટ લઇને આવ્યા છે એ અંગે હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

રાજયનું બજેટ અને એનું ચિત્ર એ સમગ્ર રાજય વિકાસના કયા તબકકામાં છે એનું એક અરીસાની માફક પ્રતિબિંબ રજૂ કરતું હોય છે. ત્યારે આ સરકારને, રાજયના વિકાસ દરને દરેક ક્ષેત્રમાં ઊંચા સ્તરે લઇ જવા માટેનો પર્યાપ્ત સમય મળ્યો છે છતાં મારે દુઃખ સાથે કહેવું જોઇએ કે બજેટનું રોકાણ, કરવેરાનું માળખું એવા પ્રકારનું રહ્યું છે કે આ છેલ્લા વર્ષોમાં સમગ્ર રાજયનો સમતુલિત પ્રાદેશિક વિકાસ થઇ શકયો નથી અને

એ દેખીતી બાબત છે એના માટે એક ઉદાહરણ આપું કે છેક અંબાજીથી માંડીને ઉમરગામ સુધીનો જે આખો આદિવાસી પટ્ટો છે એમાં દાહોદ, પંચમહાલ, નવો બનેલો મહીસાગર જિલ્લો, અરવલ્લી જિલ્લો, બનાસકાંઠા, સાબરકાંઠા અને છેક છોટાઉદેપુરથી માંડીને નર્મદા સુધીનો આખો પટ્ટો તો આઇ.જી.પટેલ કમિશને ૧૯૮૪–૮૫માં જે રિપોર્ટ રજૂ કરેલો અને એમાં અતિ પછાત તાલુકાઓનું પ્રમાણ જે ૩૩ હતું, ત્યારપછી કૌલગી કમિશને જે રિપોર્ટ રજૂ કર્યો ૧૫–૧૭ વર્ષ પછી, એમાં જે રાજ્યના કુલ તાલુકાઓ પૈકી ૫૪ તાલુકાઓને પછાતપણાનો જે ક્રમ આપ્યો. એ ક્રમમાં કોઇ ફેરફાર થયો નથી. આ રિપોર્ટ બહુ દિશાસૂચક રિપોર્ટ છે. દરેક બાબતને એમાં આવરી લેવાઇ છે. છેલ્લે છેલ્લે મેં જોયું તો એ રિપોર્ટની અંદર થોડા ક સુધારા થયા છે, પણ વ્યાપક પ્રમાણમાં નહિ. આટલા લાંબા સમય ગાળા પછી પણ જે પછાત વિસ્તારો છે એ પછાત રહ્યા છે. ઔદ્યોગિક વિકાસ થયો છે. એ ઔદ્યોગિક વિકાસના અમુક પોઇન્ટ છે. રાજય સરકાર શહેરીકરણ થાય અને એને આનંદ થાય. બીજાં કારણો છે. એમાં એમનું પોતાનું હીત સમાયેલું છે, પણ રાજયમાં બજેટની પ્રક્રિયા અને કરવેરાની પદ્ધતિ એવી હોવી જોઇએ કે જયારે મોટા પ્રમાણમાં મોટા ઉદ્યોગોને સબસિડી આપવામાં આવે, વગર વ્યાજની લોન આપવામાં આવે છે, ત્યારે આગ્રહ એવો રાખવો જોઇએ કે જે વિકાસથી વંચિત છે, તેવા વિસ્તારોમાં તે જાય અને ફરજ પાડવી જોઇએ, જેના કારણે નાના નાના પછાત વિસ્તારોમાં ઉદ્યોગોની સ્થાપના થઇ છે. અને રોજગારી માટે જે શહેરોમાં આવે છે અને એના કારણે શહેરોમાં ઘણી બધી સમસ્યાઓ ઊભી થાય છે. પાણીની, રસ્તાની સમસ્યા, લૂંટફાટ, કાયદો અને વ્યવસ્થા જાળવવાની સમસ્યા, સાંસ્કૃતિક, સામાજિકને પણ અસર થતી હોય છે, તો એને નિવારવી હોય તો બેલેન્સિંગ સમતુલિત પ્રાદેશિક વિકાસ માટેના પ્રયત્ન કરવા જોઇએ અને સાચા અર્થમાં પ્રયત્નો થયા નથી. એ બહુ દુઃખદ બાબત છે. જયારે કુલ બજેટ રજૂ કરવામાં આવે ત્યારે અપેક્ષા રાખું છે આ બાબત તરફ સરકાર અને નાણા મંત્રીશ્રી ધ્યાન આપે.

બીજી એક વાત કહું. અહીયા સને ૨૦૦૩ થી ૨૦૧૨–૨૦૧૩ ના જી.એસ.ડી.પી. ૨૦૦૪–૦૫ ના ભાવો મુજબ ૧૦.૧૭ ટકાના વાર્ષિક દરે વધ્યો છે. મોટા રાજ્યોની સરખામણીમાં સૌથી ઉંચો દર છે. દેશની સરેરાશ વાર્ષિક વૃદ્ધિ દર કરતા ૭.૮ છે, એના કરતા ઉંચો છે. બીજું માથાદીઠ આવકની ગણતરી દેશની માથાદીઠ આવક ૬૭,૮૩૯ છે. ગુજરાતની ૯૬,૯૭૬ છે. એનો વધારાનો દર ૧૧.૨ ટકા છે. આ જે સરખામણી છે એ સરખામણી વાજબી નથી. સરખામણી કોઇ રાજય સાથે હોઇ શકે. દેશ સાથે સમગ્ર સંઘ સરકારમાં અનેક રાજ્યો વિકસતા રાજયો, અવિકસિત પ્રદેશો હોય એની સાથે સરખામણી કરીએ અને કહે ગુજરાતે વિકાસ દર ઉંચો કર્યો છે તો એ વાજબી નથી. બીજી વાત કહુ જયારે કુસ્તી થતી હોય છે તો પણ સરખા વેઇટવાળા વચ્ચે થાય. સમકક્ષ સાથે થાય. રાજય સરકાર, નાણા મંત્રીશ્રી સરખામણી કરે તો તે બળિયા સાથે કરવી જોઇએ. આપણે કયાં છીએ. સાચા પરિપ્રેક્ષ્યમાં રજૂ કરવી જોઇએ. અહીયા સાચા પરિપ્રેક્ષ્યમાં રજૂ કરવામાં આવી નથી. ત્યારે મારી વિનંતી છે કે આ દેશના જે સમૃદ્ધ રાજ્યો છે, એ રાજયો સાથે આ સરખામણી થવી જોઇએ અને બીજી વાત કહું રાજય સરકાર પૂરાંતવાળું બજેટનો ખ્યાલ લઇને આવે છે, એનો આગ્રહ રાખે છે. પરિણામે આ રાજયનું દેવું ઉત્તરોત્તર વધતું જાય છે. એ રિઝર્વ બેન્કના રિપોર્ટ પ્રમાણે જાન્યુઆરીમાં રિપોર્ટ આવ્યો. એ રિપોર્ટમાં રાજયનું દેવું ૧૨ ટકા ૯૭ પોઇન્ટ જેટલું છેલ્લાં વર્ષમાં વધ્યું છે.માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણ વર્ષમાં દેવાનું પ્રમાણ વધતું જાય છે. દેવાનું પ્રમાણ વધતું જાય અને જી.એસ.ડી.પી. દર છે તેના કરતાં દેવાનું પ્રમાણ ૨૪ ટકા કે ૨૪ થી ૨૫ ટકાની વચ્ચે છે તેમ કહીને સંતોષ માનવાની જરૂર નથી. દેવું એ દેવું છે. દેવું વ્યાજ અને મુદલ સાથે ચુકવવું પડતું હોય છે. હા, દેવું એ દેવું છે. રાજય દેવું કરવામાં પાછુ ન પડે.

અધ્યક્ષશ્રી : ભાઇ, દેવુ અહીંયાં જ છે. ત્યાં તમારે દેવુ નથી. અહીં બેઠા છે દેવુ.

શ્રી હીરાભાઇ હ. પટેલ : ભવિષ્યમાં આ દેવાનો બોજ વધી જાય તો વિકાસ માટેના નાણાં રાજયની સરકાર પાસે ઓછા રહેશે તે પણ એક વાસ્તવિકતા છે. જયારે બીજા રાજયોની સરખામણી કરીએ ત્યારે રિઝર્વ બેન્કના આ રિપોર્ટની અંદર કેટલીક બાબતો વિરોધપક્ષના નેતાશ્રીએ કહી અને હું કહું તો શિક્ષણ પાછળ

ખર્ચમાં દેશ ૧૪મા ક્રમે છે. સામાજિક ક્ષેત્રે ૧૪મા ક્રમે, આરોગ્ય ક્ષેત્રે ૪થા ક્રમે, બાળ મૃત્યુદરમાં ૧૬મા ક્રમે, માતા મૃત્યુદરમાં ૧૧ મા ક્રમે ત્યારે આમાં સરખાવવાની જરૂર નથી.

શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ જે ૨૦૧૪-૧૫ નું લેખાનુદાન લઇને આવ્યા છે તેના સમર્થનમાં હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપીએ એટલા ઓછા છે. જે સમાજ માટે ખાસ કરીને આદિવાસી સમાજ માટે જેમણે ભેખ ધારણ કરી છે અને તે સમાજ માટે સતત ચિંતા કરે છે તેવા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને લાખ લાખ અભિનંદન આપું છું. ખાસ કરીને જે રીતે ગામડાનો વિકાસ અને જે પંચાયત ક્ષેત્રે ગ્રામસભાના માધ્યમથી ગામડાના લોકોને જાગૃત કરવાનો જે અભિગમ અપનાવ્યો અને તેના કારણે ગામડાના છેવાડાના લોકોને જે વિકાસ કરવાનો અવસર પ્રાપ્ત થયો છે, તેમાં ખાસ કરીને ગ્રામસભાના માધ્યમથી પદાધિકારીઓ અને અધિકારીઓ, ગામના લોકો વિકાસના કામનું આયોજન કરે, રસ્તા હોય, પીવાનું પાણી હોય, શિક્ષણ હોય, આરોગ્ય હોય, ગામની સ્વચ્છતા હોય, કૃષિ વિગેરે અનેક ક્ષેત્રે એમણે જે રીતે ગ્રામસભાના માધ્યમથી વિકાસ કરવાનો અવસર પ્રાપ્ત થયો છે અને તેને ઉંચાઇ પર લઇ જવાનું સીમાચિહ્ન પ્રસ્થાપિત કરવાનું કાર્ય, મહાન ભગીરથ કાર્ય આ ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીએ કર્યુ છે તેને ધન્યવાદ આપીએ. ખાસ કરીને પંચાયત ક્ષેત્રે સરપંચો માટે દસ હજાર રૂપિયાની જોગવાઇ કરી છે તે ભારત દેશના ઇતિહાસમાં કહું તો ખોટું નથી. આ ગુજરાતે પહેલ કરી છે ત્યારે દસ હજાર રૂપિયાનું આયોજન આ સરપંચો કરી શકે તેવા બજેટની જોગવાઇ આ સરકારે કરી છે. દસ હજાર રૂપિયાની સામે સમગ્ર બજેટની જોગવાઇનો પંચાયત ક્ષેત્રે કરવામાં આવેલી છે. તે જ પ્રકારે મિશન મંગલમ્ , સખી મંડળને જે પ્રાધાન્ય આપવામાં આવેલ છે તેમાં ગામડાની બહેનો સખી મંડળ બનાવીને ઉન્નત મસ્તકે જીવન જીવે તે દિશા તરફ લઇ જવા માટેનું ભગીરથ કાર્ય કર્યુ હોય તો આ માનનીય મુખ્યમંત્રીશ્રીએ કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, 'મિશન મંગલમ્' નો પ્રારંભ કર્યો, ૨૧૪૧૦૨ જેટલા જૂથો સખી મંડળો કાર્યરત છે. જેની સભ્ય સંખ્યા ૨૬ લાખ છે. લગભગ ૯૦ ટકા સ્વસહાય જૂથોને બેંકો દ્વારા ગ્રેડીંગ કરી રૂપિયા ૧૧૨૬.૭૬ કરોડનું ધિરાણ અને ૨૫૬.૭૬ કરોડ જૂથોની બચતની સામે રાજય સરકારે આપેલ રિવોલ્વીંગ ફંડ ૮૩.૩૬ કરોડ છે. આમ કુલ ૧૪૬૬.૨૭ કરોડનો આર્થિક કારોબાર નિર્માણ થયેલ છે. આ પ્રકારે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ગામડાના છેવાડાના લોકને જે રીતે પ્રાધાન્ય આપ્યું છે એ ખૂબ જ આવકારદાયક આદિવાસી સમાજમાં છે. ખાસ કરીને ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજના ગામડાને ઇ-સેવાથી જોડવામાં વિશ્વના નકશામાં ગુજરાતની આગવી ઓળખ આપવામાં આવી છે તેમાં ખાસ કરીને અમારા આદિવાસી વિસ્તારમાં ઇ-ગ્રામથી જે ૭(૧૨)ની નકલ નીકળે છે, ખેડૂતોને પહેલા સમજ નહોતી પડતી, પહેલા તલાટીઓ જેને મન ફાવે તેમ એનું નામ ચડાવી દેવામાં આવતું હતું અને નામ કમી કરી દેવામાં આવતું હતું પરંતુ આ જે ઇ-ગ્રામ થવાથી આ ૭(૧૨)ની નકલ પરથી આદિવાસી સમાજને પણ ખબર પડી જાય છે કે મારી જમીન કઇ રીતે આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકારે સમરસ ગ્રામ પંચાયતની યોજના-સમરસ ગ્રામ પંચાયત યોજના ગામડાઓમાં થતા વેરઝેર, કાવાદાવા અને વૈમનસ્ય ઊભા ન થાય તેવી સદ્ભાવના ઉજાગર કરતી સમરસ ગ્રામ પંચાયત યોજના પણ દાખલ કરવામાં આવી છે. સર્વ સમંતિથી ચૂંટાયેલ ગ્રામ પંચાયતને ૩ લાખ રૂપિયા જેટલું અનુદાન આપવામાં આવે છે. એથીય વિશેષ મહિલા સમરસ ગ્રામ પંચાયતને ૫ લાખ રૂપિયા પ્રોત્સાહિત અનુદાન આપવામાં આવે છે. માર્ચ અંતિત ૨૦૧૩ સુધી ૧૦૭૯૩ સમરસ ગ્રામ પંચાયતો પૈકી ૩૬૨ મહિલા સમરસ ગ્રામ પંચાયતો છે.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠક્કરબાપાનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી લેખાનુદાન બજેટ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપવા માટે ઊભો થયો છું અને મારી વાત કહેવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારું સદ્ ભાગ્ય છે કે, આજે હું જેને લોકો જગતના તાત કહે છે એવા ખેડૂત અને ખેતી માટે વાત કરવા માટે ઊભો થયો છું. સરદાર પટેલ ખેડૂત પુત્ર હતા અને ખેડૂતો પ્રત્યે પ્રેમ રાખતા

હતા. આ ગુજરાત સરકારે સરદાર પટેલનું સ્ટેચ્યુ ઓફ યુનિટી બનાવીને જે દેશ અને દુનિયામાં સરદાર પટેલનું નામ અમર કર્યુ છે, એ બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે સરદાર પટેલના સ્ટેચ્યુ માટે ખેડૂતોએ જે ઓજારથી પોતાનો પરસેવો અને લોહી અને પાણી એક કરીને જે અનાજ પકવ્યું હોય એ અનાજથી જે આ ધરતીના દરેક પુત્રોએ જે પોતાનું પેટ ભર્યું હોય, એ ઓજારને ભંગાર કહેવું એ સામેના લોકોની માનસિકતા કેવી છે એ નક્કી થાય છે. આ ખેડૂતનું ઓજાર એ ભારતના સ્વાભિમાનનું પ્રતીક છે.  આ ઓજાર એ ઓજાર નહિ પણ એ ખેડૂતના હ્રદયનો ટૂકડો છે અને ખેડૂતના આ હ્રદયના ટૂકડાને ભંગાર કહેવું એ આ લોકોની માનસિકતા કેવી છે એ છતી થાય છે.

હું ગુજરાતના એક પછાત કહેવાય એવા સુરેન્દ્રનગર જિલ્લાનો ખેડૂત છું અને ગુજરાતમાં પછાતમાં પછાત જિલ્લો કેવો હોય તો બાકીના જિલ્લા કેવા હશે એની એક વાત કરવા જઇ રહ્યો છું.  ૧૯૯૩–૯૪માં જ્યારે કોંગ્રેસની સરકાર ૨૦ વરસ પહેલાં હતી ત્યારે આ સુરેન્દ્રનગર જિલ્લો, આ જિલ્લાની અંદર, હમણાં મિત્રો કાયદો અને વ્યવસ્થાની વાત કરતા હતા, પરંતુ કાયદો અને વ્યવસ્થા આ જિલ્લામાં ત્યારે કેવી હતી એ સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાગંધ્રા તાલુકાના એક વાવડી ગામની વાત કરવા જઇ રહ્યો છું.  ત્યારે ખેડૂતો પોતાના ખેતરે નહોતા જઇ શકતા. ત્યારે ગુંડાઓના ત્રાસથી, ભેલાણોના ત્રાસથી લોકો પોતાના ખેતર વાવી નહોતા શકતા, એ ખેતરો, એ જમીનો ફળદ્રુપ જમીનોનો એ વિસ્તાર ચાર હજાર રૂપિયે એકર જમીનો વેચી નાંખતા હતા અને કદાચ એનો હું પણ સાક્ષી છું, એ ચાર હજાર રૂપિયે એકરે વેચાયેલી જમીનો આજે દસ લાખ રૂપિયે એકર પણ કોઇ વેચવાવાળો નથી, કારણ કે આ ગુજરાતના પનોતા પુત્ર માનનીય નરેન્દ્રભાઇ મોદીનું શાસન આવ્યું. ભારતની ભૂમિ ઉપર લોકમાતા ગંગાને લાવવાનું શ્રેય રાજા ભગીરથને જાય છે એમ જ નર્મદાના નીરને ગુજરાતમાં દરેક ખેડૂતના ખેતરમાં લાવવા માટેનું કોઇ શ્રેય જતું હોય તો એ ગુજરાતના ભગીરથ નરેન્દ્રભાઇ મોદીને જાય છે.

હમણાં જ સામેથી વિરોધપક્ષના નેતા કહેતા હતા કે ગુજરાતમાં અનાજનું ઉત્પાદન ઓછું થયું છે, મારે કહેવું છે કે આ સરકારના ૨૦૦૧–૦૨ના આંકડા જોઇએ તો ત્યારે દસ લાખ ટન ઘઉં પાકતા હતા અને આજે અહીંયા ૪૫ લાખ ટન ઘઉં પાકે છે અને ગુજરાતને કૃષિક્ષેત્ર–કૃષિકર્મણ નો એવોર્ડ કેન્દ્ર સરકારે આપ્યો છે તમને ખોટું લાગતું હોય તો તમે પાછો લઇ લો.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સુરેન્દ્રનગર જિલ્લો પછાત કહી શકાય એના એક આંકડા છે કે દર વરસે ૨૫૦૦૦ મોટર સાયકલો આવે છે, દર એક વરસના આંકડા છે અને ૨૫૦૦ મોટરકાર  આવે છે, અમારે ત્યાં સાત જ તાલુકા છે.  ૨૫૦૦ ટ્રેકટરો આવે છે.  આ બતાવે છે કે આ સુરેન્દ્રનગર જેવો પછાત જિલ્લો જો ગુજરાતનો આવો ફળદ્રુપ હોય તો બાકીના જિલ્લા કેવા હશે એ નક્કી થાય છે.  હજી પણ જ્યારે આ "સૌ" ની યોજના સાકાર થશે ત્યારે આખા ગુજરાતમાં લીલાલહેર થશે અને માનનીય મુખ્યમંત્રી જ્યારે વડાપ્રધાન થવા જઇ રહ્યા છે ત્યારે આખા દેશમાં એમની વાહ વાહ થઇ જશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે અમારે ગુજરાતીમાં એક કહેવત છે કે, માનનીય નાણામંત્રીશ્રી તો એક સારા ઉદ્યોગપતિ છે. પણ બજેટની અંદર જે રીતે આંકડાની પરિસ્થિતિનું નિર્માણ થાય અને બજેટમાં જે નક્કી થાય અને વર્ષના અંતે નફો કર્યો કે નુકસાન કર્યુ એ જે નક્કી કરે તેનું નામ સાચુ બજેટ રજૂ કર્યુ કહેવાય. માનનીય મંત્રીશ્રી એમ કહે, ગુજરાતીની કહેવત મુજબ કે અભી બોલા અભી ફોક. મારે એટલા માટે કહેવું છે કે, આ વખતે ૭૩૨ કરોડ રૂપિયાનું બજેટની અંદર કે ભાઇ તેમને નફો થવાનો છે એ પરિસ્થિતિનું નિર્માણ કર્યુ છે. ભૂતકાળમાં એક વર્ષે તેમણે વહીવટ કર્યો ત્યારે તેમણે એમ કહ્યું હતું કે અમે ૭૨૭ કરોડ રૂપિયાનું ખાધ થવા નહીં દઇએ અને નફો કરીશું. વર્ષના અંતે જોયું હશે ૧૦૪ કરોડ રૂપિયાની ખાધ કરી. મને તો એમ લાગે છે કે, પહેલાં જ વર્ષે માનનીય મંત્રીશ્રી જે છે તે આખા ગુજરાતની શું પરિસ્થિતિનું નિર્માણ થયું તે સમગ્ર ગુજરાતે જોયું છે. આ વખતે માનનીય મંત્રીશ્રીને મારે ખાસ કહેવું છે કે આવનારા સમયમાં હું જે પ્રમાણે જોઇ રહ્યો છું અને જે પરિસ્થિતિનું નિર્માણ છે તેમાં ૪૦૦ કરોડ રૂપિયાથી વધારે ખાધ રહેવાની છે. મારે ખાસ એ કહેવું છે કે, ઘણી વખત રાજય કયાં જઇ રહ્યું છે ગુજરાત પ્રગતિ કરી રહ્યું છે? આખા દેશમાં કહેવામાં આવે છે પણ મારે તેમના

જ બજેટના આંકડા ઉપરથી કહેવું છે કે, સામે વિત્તીય સેકટર ઉદ્યોગોનો જે ફાળો છે તે ૨૦૦૯–૧૦ની અંદર ૩૯.૫૦ ટકા હતો ૨૦૧૧–૧૨ની અંદર તે ઘટીને ૩૬.૧૦ થયો. ગુજરાત પ્રગતિ નહીં માનનીય અધ્યક્ષશ્રી, વાયબ્રન્ટના નામે, બીજા નામે આ સરકારના આંકડા કહે છે કે આજે ગુજરાતમાં ઘટાડો થઇ રહ્યો છે. આ સ્પષ્ટપણે દેખાઇ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે વાસ્તવિકતાથી એ કહેવું છે કે, આપણે વૃધ્ધિ દર. વૃધ્ધિ દર એટલા માટે કહેવું છે કે માનનીય નીતિનભાઇ સાહેબ અને માનનીય મુખ્યમંત્રીશ્રી સમગ્ર ભારતની અંદર ફરે આપણને તેનો વાંધો ના હોય. પણ ગુજરાતમાં ગુજરાતની રીતે જે રીતે ગયા છે ગુજરાતનું કલ્યાણ થવું જોઇએ. ૨૦૧૧–૧૨ની અંદર આપણો વૃદ્ધિદર ૨૩ ટકા હતો, ૨૦૧૧–૧૨ની અંદર ૧૫.૩૩ થયો અને આજે ૨૦૧૨–૧૩ની અંદર તેમાં ઘટાડો થયો. દિન–પ્રતિદિન વધારો થાય. આજે ૯.૫૨ થયો. આ બતાવે છે કે આપણું વાસ્તવિક ઘરેલું ઉત્પાદનની અંદર વર્ષે વૃધ્ધિ દર છેલ્લાં બે વર્ષમાં આજે ઘટાડો થઇ રહ્યો છે એવી સ્થિતિનું આ નિર્માણ છે એ વાસ્તવિકતા ગુજરાતની આપણે આજે જોઇ રહ્યાં છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને આજે મારે એ કહેવું છે કે હમણાં જ મારા હીરાભાઇ સાહેબ કહેતાં હતા કે સમગ્ર બજેટના આંકડાઓમાં આ સરકારે આ વખતે ૯૬,૯૭૬ રૂપિયા બતાવ્યાં છે. મારે ખાસ કરીને એ કહેવું છે કે, જે ૨૦૧૧–૧૨ની અંદર ૨૨.૯૦ ટકા આપણો વધારો હતો. છેલ્લાં બે વર્ષમાં એ કઇ પરિસ્થિતિનું નિર્માણ થાય છે આપણાં સી.એમ.સાહેબ બહાર રહે છે? યા ગુજરાત સરકારના બધાજ લોકો આજે પ્રચારના ધંધામાં બહાર રહે છે? આ વાસ્તવિક આંકડાઓ કહું છું ૨૦૧૧–૧૨ની અંદર ૧૩.૮૦ આજે માથાદીઠ આવક થઇ છે. અને ૨૦૧૨–૧૩ની અંદર ૮.૧૫, આ બધું જે બતાવે છે છેલ્લાં બે–બે વર્ષની અંદર આજે ઘટી રહ્યું છે. દેશનું ઘરેલું ઉત્પાદન ગુજરાતનો જે ફાળો હતો અમને ગૌરવ થતું હતુ કે ચાલો ગુજરાતમાં, દેશમાં સારૂ થાય છે અને આપણો તેમાં ફાળો છે. બે વર્ષની અંદર ૨૦૧૦–૧૧ની અંદર ૨૨.૯૫ હતો ૨૦૧૨–૧૩ની અંદર ૧૩.૧૮ થયો આ ૯ ટકાનો માનનીય અધ્યક્ષશ્રી, ઘટાડો થયો છે. આ સરકારની વાસ્તવિકતા આ રિયાલીટી છે. એનાથી આગળ વધીને મારે કહેવું છે કે હમણાં જ નર્મદાની વાત થઇ. હમણાં જ કહેતા હતા કે નર્મદાનું નીર લાવ્યા તાણી. તો મને કહેતાં દુઃખ થાય છે કે જેટલા પૈસા આ નર્મદા યોજનાના ફાળવવામાં આવે છે અને એ વપરાતા નથી. અમે તો આ નર્મદા યોજનાને સપોર્ટ કરીએ છીએ અને અમારા માનનીય વડાપ્રધાનશ્રી પણ જયારે તમારા જામીન થતા હોય અને સપોર્ટ કરે છે ત્યારે...

અધ્યક્ષશ્રી : સપોર્ટ તમને કરે જ છે ને, કેટલા બધા જણાને મોકલ્યા છે તમારામાં? તો પછી..

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : મારે એ કહેવું છે કે અમારો બધો કચરો એ ઉપાડીને ત્યાં ઠલવાયો છે, પરંતુ એ પછી જે પરિસ્થિતિનું નિર્માણ થશે ત્યારે તમને ખબર પડશે કે શું થવાનું છે? (અંતરાય)

અધ્યક્ષશ્રી : આમાં એ એમ જ કહે છે કે કચરો જે ભરાયો હતો એ તમે ઓછો કર્યો છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : અને એ કચરાનો ભાવ પણ કેટલો બધો કે તમે બહાર જઇને કોઇને પૂછો તો કરોડોના ભાવની વાતો થાય છે આ એક નરી વાસ્તવિકતા છે.

અધ્યક્ષશ્રી : ગમે તેમ તોય ગુજરાતનો કચરો છે ને?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : મારે બીજી મંત્રીશ્રીને વિનંતી છે કે આ નર્મદા યોજના એ આપણી બધાની યોજના છે. એના માટે જેટલા પૈસા અપાય એટલા બધા વપરાવા જોઇએ. પહેલાં ૫૨ ટકા ૨૦૧૧–૧૨ માં વપરાયા અને આજે ૭૦ ટકા પૈસા વપરાયા છે. આજે મોટાભાગના પૈસા આપણા એમાં વ્યાજમાં જાય છે. આપણા ખર્ચમાં પૈસા જાય છે. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે નર્મદા યોજના માટેના જેટલા પણ પૈસા ફાળવાય છે એ વપરાતા નથી તો એ જેટલા પણ પૈસા ફાળવાય એ ઝડપથી સો એ સો ટકા પૈસા વપરાવા જોઇએ અને સરકારે એના માટે તાકીદ રાખવી જોઇએ. કેન્દ્ર સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાતને જે પેસા આપ્યા છે એનો સરવાળો કરો તો એ ૨ લાખ કરોડ થવા જાય છે અને એ માટે હું ભારત સરકારને અભિનંદન આપું છું. ગુજરાતમાં કોઇ ગમે તે કહેતું હોય, પરંતુ ૧૫ રાજયો કરતાં કદાચ વધારે પૈસા કોઇને આપ્યા હોય તો ભારત સરકારે ગુજરાત રાજયને આપ્યા છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, કેટલા ૧૦ લાખ કરોડ આપ્યા?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : નહીં, નહીં, ૨ લાખ કરોડ આપ્યા છે.

અધ્યક્ષશ્રી : ૨ લાખ કરોડ? એનો ખર્ચ જ ૨૦ હજાર કરોડ થયો છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : એ હું સુધારીને ૨૧ હજાર કરોડ કહું છું.

અધ્યક્ષશ્રી : પણ આપણો ૨૧ હજાર કરોડ રૂપિયા તો કુલ ખર્ચ છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : મારે ખાસ એ કહેવું છે કે મારી પાસે હવે બે મિનિટ જ છે.

અધ્યક્ષશ્રી : હા, કહો, ભાઇ સૌ સાંભળો. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ, મારો સમય બગાડે છે. નીતિનભાઇ, પ્લીઝ, (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ૨ લાખ કરોડ કે ૨૧ હજાર કરોડ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : એ મેં સુધારી લીધું છે.

અધ્યક્ષશ્રી : એટલે જ મેં પણ એ જ કહ્યું ને.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : એ મેં સુધાર્યુ છે. મારે એ કહેવું છે કે સરકારે એક વખત વચન આપ્યું હતું કે એક ટકો સર્વિસ ટેક્સ લગાડીએ છીએ એ આજે ચાર પાંચ વર્ષથી કહેવાય છે કે નાબૂદ કરીશું પણ એ આજે પણ ગુજરાતની જનતા એ ભોગવી રહી છે જે સરકારે બાદ કરવો જોઇએ એ કરતી નથી. કદાચ એવું બજેટ લઇને આવ્યા હોત તો ઘણું સારુ થાત કે આ એક ટકો ટેક્સ અમે નાબૂદ કરીએ છીએ તો આનંદ થાત. કદાચ ખાતર ઉપર ઘટાડયો હોત, પેટ્રોલ ઉપર ઘટાડયો હોત, બીજી કોઇ આઇટમ ઉપર ઘટાડયો હોત તો સારુ થાત. આજે આપણે મોંઘવારીની વાત કરીએ છીએ, પણ આ ટેક્સ નાબૂદ કરતા નથી એનો પ્રજા પર મોટો બોજો પડે છે અને એ કરોડો રૂપિયા થવા જાય છે.

આજે આપણે જોઇએ તો જેટલી પણ બધી યોજનાઓ છે એમાં જોઇએ તો આ બજેટમાં અરધો કે પોણો ટકો ઘટાડો કર્યો છે. સરકારે બહાર જઇને મોટી મોટી વાતો કરે છે, પરંતુ વાસ્તવમાં બજેટમાં આયોજનમાં ઘટાડો થયો છે.

મારી પાસે સમય ઓછો છે તો માનનીય ઉર્જામંત્રીશ્રીને એક નાનકડી વિનંતી કરવાની છે કે આજે ૫૦૦ જેટલા લોકોના તત્કાલ વીજ કનેકશન નીચે કૂવા બનાવેલા છે. તેમણે ૧૦-૧૫ લાખ રૂપિયા જેટલો એક એક બોર પછળ ખર્ચ કરેલ છે અને તેમને તત્કાલ વીજ કનેકશન આપવામાં આવેલ નથી અને એ લોકો ખર્ચ કરીને તત્કાલ વીજ કનેકશન ન મળતાં દુઃખી દુઃખી થઇ ગયા છે. તો આ અમારા વિસ્તારનો પ્રશ્ન મંત્રીશ્રી ઉકેલે એટલી જ મારી તેમને વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય બલવંતસિંહ, આપનું પ્રવચન પૂરૂં થાય છે. વિરામનો સમય થયો છે.

**વિરામ સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ આ સન્માનનીય ગૃહ સમક્ષ જે લેખાનુદાન પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને મારું અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું. ગુજરાત એ અછત અને અર્ધ અછત વાળું રાજય રહ્યું છે. અપૂરતા વરસાદ છતાં ઉત્તમ જળ વ્યવસ્થાપન, જળ સંચય અને સુદ્રઢ આયોજન થકી ઉપલબ્ધ જળ સ્ત્રોતના કાર્યક્ષમ ઉપયોગથી પાણીની સમસ્યાના સાધનોનો માર્ગ અપનાવ્યો છે. જળ સંચય ક્ષેત્રે રાજયે કરેલી કામગીરીને દેશમાં નમૂનારૂપ કામગીરી તરીકે બિરદાવવામાં આવી છે. રાજયની સરકારે લોક કલ્યાણના કામો માટે એક આંદોલન જગાવ્યું છે. પછી એ આંદોલનનું સ્વરૂપ હજારો ચેક ડેમ હોય, ખેત તલાવડી હોય, બોરીબંધ હોય, જલ મંદિરો હોય, તળાવો ઊંડા કરવાનું અભિયાન હોય, જૂની કેનાલોની મરામત અને આધુનિકરણ હોય કે ટપક અને સુક્ષ્મ સિંચાઇની પદ્ધતિ હોય. મારા મહેસાણા જિલ્લાના મત વિસ્તારમાં આવેલ ચીમનાબાઇ સરોવર કે જે ૧૭૦૦ એકરમાં પથરાયેલું છે જેનું નિર્માણ શ્રીમાન ગાયકવાડ સરકારે કરેલું. આ ચીમનાબાઇ સરોવરમાં ચાલુ વર્ષે નર્મદાના પાણી નાખવા બદલ હું રાજયના મુખ્ય મંત્રીશ્રી અને આદરણીય સિંચાઇ

મંત્રીશ્રી બાબુભાઇ બોખીરીયાને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ સરોવરમાં પાણી નાખવાને કારણે આજુબાજુના ગામડાંઓજેવા કડુ, કુડા, નડુ, દેલવાડા હઠી, કાદરપુર, ખેરપુરા, જોરાપુરા, મીયાસણા, નંદાલી, સાકરી, મદરોપુર, ડભાડ, મહીયલ, સાણસોલ, ગાજીપુરના ખેડૂતોની જમીનના ભૂગર્ભ જળ ઉંચા આવશે. ખેરાલુ વિસ્તારના ખેડૂતોને સિંચાઇ કરવા માટે પાણી આપવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારની નજીકના તાલુકાઓ બનાસકાંઠાનો વડગામ અને મહેસાણાના ઉંઝા અને વિસનગર જેવા તાલુકાના ખેડૂતોની જમીનના ભૂગર્ભ જળ ઊંચા આવશે. માનનીય અધ્યક્ષશ્રી, ધરોઇ ડેમમાંથી ૨૦૦ કયુસેક પાણી ચીમનાબાઇ સરોવરમાં નાખવાનું આ સરકારે મંજૂર કર્યું છે. આના કારણે ૧૭૦૦ એકર જમીનમાં ચીમનાબાઇ સરોવર છે, તે આખા જિલ્લામાં ભૂગર્ભ જળ ઉંચા લાવવામાં મદદરૂપ થશે. મારો સતલાસણા તાલુકો ધરોઇ ડેમથી નજીક હોવા છતાં તે ઉપરવાસમાં આવેલો હોવાને કારણે સિંચાઇનો તેને લાભ મળતો નથી. પરંતુ આ ૨૦૦ કયુસેક પાણી નાખવાની જે મંજૂરી આપવામાં આવી છે એમાંથી ૧૫૦ કયુસેક પાણી જો વરસન તળાવમાં નાખવામાં આવે તો આખા સતલાસણા તાલુકાને લીલોછમ કરી શકાય એમ છે. તેથી હું આ માટે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજના હેઠળ લોકભાગીદારીથી ૪૩૬૦ નાના ચેક ડેમો અને ૬૬૭ મોટા ચેક ડેમો પૂર્ણ થયા છે. ૬૯૧ નાના ચેકડેમો તથા ૩૨૧ મોટા ચેકડેમો જે હાલ પ્રગતિમાં છે એ ટૂંક સમયમાં પૂર્ણ થતાં ૩૪૮૭૧ હેકટર જમીન સીધી કે આડકતરી રીતે સિંચાઇ તળે આવશે. રાજય સરકાર દ્વારા ચાલુ વર્ષે ૧૫૦૪ થી વધારે તળાવો ઊંડા કરવામાં આવ્યા છે જેનાથી વધુ ૪૫૦૦ હેકટર જેટલી જમીન સીધી કે આડકતરી રીતે સિંચાઇ તળે આવશે. ભૂગર્ભ જળ રીચાર્જ યોજના પૈકી રાજયની અગત્યની ૩૩૨ કિલોમીટરની લંબાઇની સુજલામ સુફલામ સ્પ્રીંડીંગ કેનાલમાં ચોમાસા દરમિયાન પાણી ભરવાથી તેમજ નર્મદા નહેરમાંથી પાણી ઉદ્વહન કરીને આઠ જેટલી ઉદ્વહન પાઇપ લાઇન યોજના દ્વારા ભૂગર્ભ જળ રીચાર્જ થાય છે. નર્મદા મુખ્ય નહેરમાંથી પાઇપ લાઇન દ્વારા પાણી વહેવડાવીને વાત્રક, મેશ્વો અને માઝૂમ ડેમોની અંદર નાખવાની કામગીરી કરવામાં આવી છે.

શ્રી મોતીલાલ પૂ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ જે લેખાનુદાન અંદાજપત્ર લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું.

છેલ્લા બે-ત્રણ દિવસથી વિપક્ષના માનનીય મિત્રો વૃદ્ધિ દર અને વિકાસ દર વિવિધ રાજયનો સરખામણીએ ગણી બતાવે છે. ગુજરાતનો વિકાસ થાય છે અને વૃદ્ધિ દરમાં પણ વધારો થયો છે પણ અમારી પાસે એવો કોઇ ઇલાજ નથી કે એમનો વૃદ્ધિ દર ઓછો છે એ વધે એમાં અમે કંઇ કરી શકીએ તેમ નથી. એમને એ દર વધારવા દવાની જરૂર હોય તો અમારા મંત્રીશ્રી ચોક્કસ આપશે.

સન ૨૦૦૭માં વનબંધુ કલ્યાણ યોજના માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ હાઉસમાં નિયમ-૪૪ હેઠળ દાખલ કરી ત્યારે ૧૫ હજાર કરોડ રૂપિયાની રકમ ફાળવવામાં આવી હતી. તે વખતે કોંગ્રેસના મિત્રો વાત કરતા હતા કે આટલી બધી રકમ કયાંથી આવશે અને વનબંધુ કલ્યાણ યોજના જેવી કોઇ યોજના હોય જ નહિ. ગત સરકારમાં આદિવાસી ભાઇઓ માટે ઘણી બધી યોજનાઓ હતી. અમે ગામડાંની અંદર યોજના વિશે માહિતી આપીએ તો કાળા વાવટા બતાવે. સાહેબ આ ૧૫ હજાર કરોડની જગ્યાએ ૧૭ હજાર કરોડ રૂપિયા આ રાજય સરકારે પાંચ વર્ષની અંદર વાપર્યા છે અને આવનાર પાંચ વર્ષમાં ૪૦ હજાર કરોડ રૂપિયા આ સરકારે આદિવાસી ભાઇઓ અને બહેનો માટે એના વિસ્તારના વિકાસ માટે ખર્ચવાની છે. એનાથી કેટલા કામો થાય છે. આદિવાસી વિસ્તારમાં ગુજરાત પેટર્ન યોજના છે, સરવાળે આ હાઉસ યોજના બનાવતી હોય છે. મંત્રીમંડળ અને અધિકારીઓ સાથે બેસીને યોજના બનાવે છે, એનો અમલ જે તે વિસ્તારમાં થતો હોય છે. આદિવાસી તાલુકાની અંદર આદિવાસી સભ્યોને આ સત્તા આપી છે. યોજના પણ તમે બનાવો અને રૂપિયા પણ તમે ફાળવો અને વિકાસના કામો પણ તમે કરો. એટલે કેટલી મોટી તાકાત તાલુકામાં ઊભી થઇ છે. અમારે જ બનાવવાનું છે અને અમારે જ નાણાં ફાળવવાના છે અને અમારા વિસ્તારના વિકાસના કામો અમારે જ કરવાના છે. ગુજરાત પેટર્ન, એટીવીટી, બોર્ડર

વિલેજના કામો માટે એક વર્ષમાં ૩૬૫ દિવસ હોય છે. આદિવાસી વિસ્તારમાં માનનીય જોશીયારા સાહેબ કહેતા હતા મારે એમને કહેવું છે કે રોજના પાંચ કામોમાંથી બે લોકાર્પણ અને ત્રણના ખાતમુહૂર્ત અમે કરીએ છીએ, એના માટે ૩૬૫ દિવસ પણ ઓછા પડે છે. હું અગાઉ સાબરકાંઠાના પ્રવાસે હતો ત્યારે એક પેપરમાં માનનીય સભ્યશ્રી અશ્વિનભાઇ કોટવાલનું નિવેદન હતું કે રાજયના માર્ગ અને મકાન વિભાગે ૧ કરોડ અને ૧૦ લાખના કામો મંજૂર કર્યા છે.આવું નિવેદન માનનીય સભ્યશ્રીનું છાપામાં હતું. એમ કરીને એમનું નિવેદન છાપામાં હતું. પછી કેવી રીતે વાત કરો છો કે અમારા વિસ્તારમાં કામો નથી થતા? જયારે ૨૦૦૩માં શાળા પ્રવેશ ઉત્સવ ચાલુ કરવામાં આવ્યો અને પહેલી દીકરીને મારા દેડીયાપાડામાં મુખ્યમંત્રીસાહેબે આંગળી પકડીને ત્યાં સ્કૂલમાં લઇ ગયા. એ દીકરી જયારે સાતમું ધોરણ પાસ થઇને બહાર આવી એના મા-બાપને ચિંતા હતી કે હવે આઠમા ધોરણમાં દીકરીને કયાં મૂકીશું? સાહેબ આ સરકાર અને મુખ્યમંત્રીશ્રીએ એ દીકરીને પાંચ કીલોમીટરમાં જ ભણવા જવા માટે હાઇસ્કૂલની રચના કરવામાં આવી અને આઠથી દસ સુધીનો એણે અભ્યાસ કર્યો. એ દીકરી સુમીત્રા હુરજીભાઇ વસાવા, એ દીકરી દસમામાં પાસ થઇ અને અગિયારમા ધોરણમાં એને સાયન્સ લેવું હતું. ગરીબ મા-બાપની દીકરી હતી અને સ્વાભાવિક છે દીકરીને બહાર મોકલીએ, એ દીકરી જે દિવસે અગિયારમા ધોરણમાં દાખલ થઇ અગિયારમા-બારમાની સાયન્સ સ્કૂલ મારા દેડીયાપાડામાં ચાલુ કરી અને એ દીકરી ત્યાં અભ્યાસ કરે છે. એ દીકરીના મા-બાપ મળ્યા, બારમા ધોરણમાં સાયન્સમાં પાસ થશે મારી દીકરી એને કોલેજમાં હવે મારે રાજપીપળા, ભરૂચ દૂર મોકલવી પડશે, મેં કીધું અમારા મુખ્યમંત્રી એની ચિંતા કરે છે. આ વર્ષે સાયન્સ કોલેજની અમને ત્યાં વ્યવસ્થા કરી આપી, એ દીકરી એનો આખો અભ્યાસ કોલેજનો ત્યાં પૂરો કરશે, એટલે આવી વ્યવસ્થા અમારી સરકારશ્રીએ આ વિસ્તારની અંદર કરી છે.

હમણા જ વિરોધ પક્ષના નેતાશ્રી કહેતા હતા કે વીજળી તો ૧૯૬૨માં આવી, મારા વિસ્તારના ૪૨ ગામડાઓ જંગલ વિસ્તારમાં હતા, આઝાદી પછી કેટલાએ વર્ષો, ૬૦-૬૫ વર્ષો સુધી અંધારામાં એ લોકોએ દિવસ પસાર કર્યા. માનનીય મુખ્યમંત્રીસાહેબે ૨૦ કરોડ રૂપિયા આપ્યા અને અંદરના ગામડાઓમાં અંડરગ્રાઉન્ડ વીજળી આ બાસઠે બાસઠ ગામને આ સરકારે પૂરી પાડી છે એટલે વિકાસના કામો જે રીતે થાય છે, ઘણીવખત બધા મિત્રો કહે છે કે એ જ યોજના, નાણાકીય વ્યવસ્થા પણ એ જ. મારે એટલું જ કહેવું છે કે કોઇપણ યોજના પાંચ વર્ષની બનતી હોય છે અને યોજના પૂરી ન થાય તો બીજા પાંચ વર્ષ માટે એને આગળ આપણે એકસ્ટેંશન કરીએ અને નાણાકીય વ્યવસ્થા કરીએ છીએ પણ અમારી સરકાર, અમારા અધિકારીશ્રીઓ, અમારા ધારાસભ્યશ્રીઓની એક જ નેમ છે કે ઊઠો જાગો અને મંડયા રહો જયાં સુધી છેવાડાના ઘરમાં અજવાળું ના થાય ત્યાં સુધી આ વ્યવસ્થા આ સરકાર કરે છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીની પણ કેટલાક લોકોએ વાત કરી. સ્ટેચ્યુ ઓફ યુનિટી જયાં બને છે ૧૮૨ મીટરનું સ્ટેચ્યુ બનશે એનું મહત્વ એટલું છે પણ એને અમે જે રીતે જોઇ રહ્યા છીએ, જે રીતે મૂલવી રહ્યા છીએ, જયાં સ્ટેચ્યુ ઓફ યુનિટી બને છે ત્યાં ચાર રાજયોના આદિવાસીઓ રહે છે અને આ ચાર રાજયોના બોર્ડરની ઉપર એગ્રીકલ્ચર ડેવલપ હજી જોઇએ એવું થયું નથી. સિંચાઇની સુવિધા જોઇએ એવી થઇ નથી. રોજગારીની સુવિધા નથી થઇ. એની નીચે ટ્રાયબલ રીસર્ચ સેન્ટર બનવાનું છે. એગ્રીકલ્ચર રીસર્ચ સેન્ટર બનવાનું છે. આ ચારે ચાર રાજયોના આદિવાસીઓ તેનો લાભ લેશે અને સરદાર સાહેબનું નામ આગળ વધશે. એટલે આ રીતે સ્ટેચ્યુ ઓફ યુનિટીનું મહત્વ અમે વિકાસની સાથે પણ જોઇ રહ્યા છીએ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. દર વર્ષે બજેટ આ ગૃહમાં રજૂ થાય, રાજયનો વિકાસ થાય, રાજયની પ્રજાને ફાયદો થાય. છેલ્લા વર્ષોમાં રાજય દિન-પ્રતિદિન દેવાદાર બનતું જાય છે. ૨૦૦૪ના વર્ષમાં ભારતના કોમ્પટ્રોલર અને ઓડિટર જનરલે આ સરકારને ચેતવણી આપી હતી કે તમે દેવું જે છે એ ઓછું કરો, છતાં પણ આ સરકારે સાંભળ્યા સિવાય કેગની ચીમકીને અવગણીને ભાજપે ૧.૭૦ લાખ કરોડની જવાબદારીઓ ઊભી કરીને આ રાજયને દેવાદાર બનાવી દીધું છે.૨૮ હજાનું દેવું વત્તા ૨૪૦૦ રૂપિયાનું વ્યાજ અને વર્ષના અંતે ૧૦ હજારના માથાદીઠ નવા કરવેરાના ભારણ સાથે આ રાજયની

પ્રજા જીવી રહી છે. રાજ્ય સરકારે અગાઉ તેના ચૂંટણી ઢંઢેરામાં, એના સંકલ્પ પત્રમાં અને અગાઉના બજેટો વખતે અગાઉના વર્ષોમાં નીતિ વિષયક જાહેરાતો પણ કરેલ અને આ ગૃહમાં લોકોના કામ લઇને પ્રશ્નોનો સમયસર નિકાલ થાય તેના માટે જાહેર સેવામાં સમય નિર્ધારિત કરતો સિટિઝન ચાર્ટડ કાયદો વિધાનસભા ગૃહે પસાર કર્યો. મહામહીમ રાજ્યપાલશ્રીએ એને મંજૂરી આપી પણ મારે દુઃખ સાથે કહેવું જોઇએ કે આ રાજ્ય સરકારે આ કાયદાનો અમલ કરવા માટેના નિયમો આજદિન સુધી બનાવ્યા પણ નથી અને અમલ કરવાનું તો કોઇ ઠેકાણું નથી.

સુશાસનની વાતો ચાલે છે. સુશાસન માટે છાસવારે કહેવામાં આવે છે કે આ સરકારનો વહીવટ સારો છે. મારે આ ગૃહમાં માનનીય સભ્યશ્રીઓને પૂછવું છે અને કહેવું છે કે આપણે આપણી છાતી ઉપર હાથ મૂકીને કહીએ ખરા કે આપણે અહીંયા બોલીએ છીએ એ વાસ્તવમાં ગામડાના છેવાડાના માણસ સુધી એનો અમલ થાય છે ખરો? મારે કહેવું જોઇએ કે આ સિવાય આ રાજ્ય સરકારે જે નીતિ વિષયક જાહેરાતો કરેલી એમાં વાયબ્રન્ટ ગુજરાતમાં નવી ઉદ્યોગ નીતિ મુદ્દે સરકાર આજે પણ અનિર્ણિત છે. કરોડોના એમ.ઓ.યુ. કર્યા બાદ સોલાર પાવર, આઇ.ટી. પોલિસી જાહેર કરવામાં આવી નથી. મકાનો ઉપર વીજ પ્રોડક્શન કરી પૈસા કમાવાની પોલિસીનો પણ અમલ કર્યો નથી. કુછ દિન તો ગુજારીએ ગુજરાત મેં જાહેરાત પછી ટુરિઝમ પોલિસી હજુ સુધી ક્યાંય અસ્તિત્વમાં આવી નથી. દરિયા કાંઠાના ૮ બીચ ડેવલપ કર્યા પછી બીચ પોલિસીના કોઇ ઠેકાણા નથી. સરકારી જમીન ઉપરના દબાણો દૂર કરવા માટેની નવી નીતિની જાહેરાત કરી હતી પણ આજ સુધી એનો અમલ થયો નથી. ધાર્મિક સંસ્થાઓને સરકારી જમીન ફાળવણીના નિયમો આજ સુધી ઘડવામાં આવ્યા નથી. ડચકા ખાતા મેટ્રો રેલ પ્રોજેક્ટને ૧૭ હજાર કરોડના ફંડ પછી કોઇ કાર્યવાહી થઇ નથી અને ગાંધીનગર રાજ્યના પાટનગરને એમાંથી બાદ કરી નાખવામાં આવ્યું છે. આર.એમ.પટેલ સિનિયર છે અને અગાઉ રાજ્યના સનદી અધિકારી તરીકે કામ કરી ચૂક્યા છે. હું ટીકા નથી કરતો પણ ગરીબ કલ્યાણ મેળાની વાત એમણે કરી. ગરીબ કલ્યાણ મેળાઓ યોજીને માત્રને માત્ર સરકાર દ્વારા ભારતીય જનતા પક્ષની જાહેરાતો થાય એના માટે ગરીબ કલ્યાણ મેળાઓ યોજવામાં આવે છે. મારે આર.એમ.પટેલને કહેવું છે કે ગરીબ કલ્યાણ મેળાના માધ્યમ દ્વારા ગરીબોની મશ્કરી કરવામાં આવે છે. એને જે સહાયના ચેકો આપવામાં આવે છે એ ચેકોના કવરમાં કોઇ કાગળ નથી નીકળતો પણ માત્ર કાગળ નીકળે છે અને એમાં નરેન્દ્રભાઇ મોદીના ફોટાવાળી જાહેરાતના નામ આવે. આ સિવાય ચેક મળતો નથી એ વાસ્તવિક વાત છે. હું આખા રાજ્યનો દાખલો નહીં આપું, કદાચ બધી જગ્યાએ આ જ હકીકત હશે પણ ૨૦૧૨ના નવમા મહિનામાં અમારે ઉના ખાતે ગરીબ કલ્યાણ મેળો યોજવામાં આવ્યો હતો. આ મેળામાં ૧૧૫૪ આવાસો બનાવવા માટે ૨૧ હજારના ચેકો આપવામાં આવ્યા. પટેલ સાહેબ, બે વર્ષ પછી ૨૩૪ મકાનો બનાવ્યા છે. બાકીના મકાનો બન્યા નથી. આજે પણ કાગળ ઉપર છે. સ્વાગત ઓન લાઇન કાર્યક્રમ અંગે આ ગૃહમાં *(xxxxxx)વાતો કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દો કાઢી નાખું છું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : સ્વાગત ઓન લાઇન કાર્યક્રમના આંકડા, જે પ્રજાના પ્રશ્નોના નિકાલ કરવા માટેની ટકાવારી આપવામાં આવી છે એ હાસ્યાસ્પદ છે. માનનીય અધ્યક્ષશ્રી, સરકારી રેકર્ડ બતાવવામાં આવે? ગ્રામસભાનો અહીંયા ઉલ્લેખ્ કરવામાં આવ્યો. ગ્રામસભાના આંકડાઓ બતાવવામાં આવે તો પહેલી ગ્રામસભા મળી ત્યારે જે ગ્રામસભામાં જે પ્રશ્નો રજૂ થયા એ છેલ્લી ગ્રામસભામાં હોય એ જ પ્રશ્નો પાછા રજૂ થયા છે એ રેકર્ડ ઉપરથી સાબિત થઇ શકે. મારે દુઃખ સાથે કહેવું જોઇએ કે તાલુકા ફરિયાદ સમિતિની રચના કરી છે એ આવકારદાયક છે. મહેસૂલ વિભાગે વાયબ્રન્ટ તાલુકા એટીવીટી અંતર્ગત તાલુકા ફરિયાદ સમિતિની અંદર ધારાસભ્ય અને પદાધિકારીઓ હોય, એમાં નગરપાલિકાના પ્રમુખને સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવે છે પણ તાલુકા ફરિયાદ સમિતિમાં હોદ્દાની રૂએ જ્યારે નગરપાલિકાના પ્રમુખ પ્રશ્ન પૂછવામાં આવે તો એ કાઢી નાંખવામાં આવે છે, એને સ્વીકારવામાં આવતા નથી. જો નગરપાલિકા પ્રમુખને તાલુકા ફરિયાદ

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

સમિતિની અંદર જો મેમ્બર તરીકે આપણે જો મૂકી શકતા હોઇએ તો પદાધિકારીઓ પ્રશ્ન શા માટે પૂછી ના શકે? એ મારે રાજ્ય સરકારને કહેવું છે. એનાથી આગળ વધીને રાજ્ય સરકારે રાજ્યની કુલ વસ્તીના ૫૧ટકા ઓ.બી.સી.–બક્ષીપંચની વસ્તી છે. હું દર વખતે આ સન્માનનીય ગૃહની અંદર કહેતો આવું છું કે, અનુસૂચિત જનજાતિ માટે બજેટ આપે એમાં વાંધો હોઇ શકે નહિ, અનુસૂચિત જાતિ માટે બજેટ આપે એમાં વાંધો હોઇ શકે નહિ પણ રાજ્યની કુલ વસ્તીના ૫૧ ટકા બક્ષીપંચની વસ્તી હોઇ, બક્ષીપંચના નામે જ્યારે વાતો કરવામાં આવતી હોય ત્યારે એ પછાત લોકો માટે બજેટની અંદર પુરતી જોગવાઇ કરવામાં ના આવે એ માટે આ સરકાર પાસે બીજી કોઇ અપેક્ષા રાખી ના શકાય. મોદી સાહેબ વાતો કરે છે બક્ષીપંચની પણ આ લોકોને રાજ્યની અંદર વધુમાં વધુ અન્યાય થાય છે એવું મારું માનવું છે.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર): માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના નાણામંત્રીશ્રી નીતિનભાઇએ રજૂ કરેલ લેખાનુદાન પ્રસ્તાવ અંગે મારા વિચારો રજૂ કરીને સમર્થન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં ઊભા થયેલા સરકાર–પ્રજા વચેના વિશ્વાસના વાતાવરણે ગુજરાતે વિકાસ કરેલો છે. આ વિકાસ સર્વાંગી વિકાસ તરફ કૂચ કરી રહ્યો છે ત્યારે આપણે જોઇ શકીએ છીએ કે, ગુજરાતમાં ઉદ્યોગોના વિકાસની સાથે ખેતીક્ષેત્રે થયેલા વિકાસને પણ નોંધવું પડે છે. તેજ રીતે ગુજરાતમાં સાગરખેડૂ યોજના દ્બારા દરિયા કિનારાનો વિકાસ કરી શક્યા હતા ત્યારે તેની સાથે વનબંધુના વિકાસની પણ યોજના અમલમાં આવી છે. એની સાથોસાથ શહેરી વિસ્તારના ગરીબોના વિકાસને પણ ધ્યાનમાં રાખેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ દેશનું ગ્રોથ એન્જિન બની રહ્યું છે ત્યારે ગુજરાત આ દેશનું વિકાસ મોડલ છે. આજે આપણે જોઇ શકીએ છીએ કે અન્ય રાજ્યના લોકો પણ આ ગુજરાત મોડલ જોવા માટે આવે છે અને અન્ય રાજ્યના લોકો પણ આ ગુજરાતની નકલ કરી રહ્યાં છે. આજે રાષ્ટ્રીય ઉત્પાદનની વાત કરીએ છીએ ત્યારે ગુજરાતનું યોગદાન ૩૨ ટકા જેટલું થવા જઇ રહ્યું છે. લઘુ–ઉદ્યોગોમાં પણ ગુજરાત અગ્રેસર છે એના માધ્યમથી ૧૮,૭૨,૦૦૦ જેટલી વ્યક્તિઓને રોજગારી આપી શક્યા છીએ. વાહન વ્યવહાર ખાતું એ આ રાજ્ય સરકારનું એક મહત્વનું અંગ છે. મોટર વાહન વ્યવહાર વેરો એ રાજ્ય સરકારની મહેસૂલી આવકમાં અગ્રસ્થાન ધરાવે છે ત્યારે વાહન વ્યવહાર ક્ષેત્રે ગુજરાતે ક્રાંતિકારી પગલાં પણ ભર્યા છે. ગુજરાતના નવા બની રહેલા એસ.ટી. ડેપોની વાત કરું તો એરપોર્ટની બરોબરી કરી શકે એ રીતના આ ગુજરાતના ડેપો બની રહ્યાં છે. તાજેતરમાં જ ૧૫ દિવસ પહેલા મકરપરા વડોદરાખાતે જે એસ.ટી. ડેપોનું ઉદ્ઘાટન થયેલ હતું ત્યારે હું પણ ત્યાં હતો ત્યારે જે આમજનતા હતી એ એમ કહેતી હતી કે હરણી એરપોર્ટ કરતા પણ આ એસ.ટી.ડેપો ખૂબ સારો બનાવ્યો છે અને એરપોર્ટને પણ શરમાવે તેવી સુવિધા આ મકરપરા એસ.ટી. ડેપોની અંદર થઇ રહી છે. આર.ટી.ઓ. કચેરીના મકાનની પણ વાત કરીએ ત્યારે પ્રજાજનોને આધુનિક સુવિધા વધતી યોજના અમલમાં મૂકી છે ત્યારે મારા ભરૂચની આર.ટી.ઓ. કચેરીની વાત કરું ત્યારે કોમ્પ્યુટરાઇઝેશન કરીને વહિવટમાં પારદર્શકતા, શહેરીકરણ અને આધુનીકરણ કરવાના પ્રયાસો પણ હાથ ધરેલ છે. જો ભૂતકાળની અંદર અમારા ભરુચની વાત કરીએ ત્યારે આર.ટી.ઓ. કચેરી એ ભાડાના મકાનમાં ચાલતી હતી. આજે કરોડો રૂપિયાના ખર્ચે, આ ગત વર્ષે ભરુચની અંદર આર.ટી.ઓ. કચેરીના મકાનનું પણ ઉદઘાટન થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના શાસનમાં એસ.ટી. બસોની હાલત કેવી હતી એ આપણે સૌએ જોયું છે. ભૂતકાળમાં એમના શાસનની અંદર બસ હોય તો ડ્રાયવર ના હોય, અને ડ્રાયવર હોય તો કન્ડકટર ના હોય અને ડ્રાયવર અને કન્ડકટર હોય તો ડિઝલ ના હોય, અને ડ્રાયવર અને કન્ડકટર અને ડિઝલ હોય તો કયાંક ટાયરમાં પંચર હોય સાહેબ, આવી હાલત આ કોંગ્રેસના રાજમાં એસ.ટી.ની અંદર હતી. (સમયસૂચક ઘંટડી)

સાહેબ, હું નાનો હતો ત્યારે મને યાદ છે કે, જયારે ચોમાસામાં બસ જતી નહતી, શિયાળા અને ઉનાળામાં કોંગ્રેસના શાસનમાં અમારે ત્યાં ધૂળિયા રસ્તામાં બસ જતી. સાહેબ, એસ.ટી.ના બારીના ગ્લાસ હતા એ ગ્લાસના પણ ઠેકાણા ના મળે, ધૂળ બસની અંદર આવે, માણસ બસમાંથી ઉતરે ત્યારે માણસ ઓળખાય પણ નહીં. કારણ કે, એના ઉપર ધૂળથી એ માણસ છવાઇ ગયેલો હોય ત્યારે આજે એકદમ

આધુનિકરણવાળી બસો, મીની સેમી લક્ઝરી બસો અને છેલ્લે તો સાહેબ, વોલ્વો બસોની પણ આ ગુજરાતમાં શરૂઆત થઇ છે. માત્ર ગુજરાત એક રાજ્ય એવું છે કે, જયાં સામાન્ય માણસોની મુસાફરીની અંદર આ વોલ્વો બસો આવી રહી છે. મિત્રો આજે અને એટલા જ માટે આ ગુજરાતની પ્રજાએ આપને પંદર–પંદર વર્ષોથી આ સામેની પાટલીએ બેસાડેલા છે, તમારે ભવિષ્યમાં મિત્રો હજી પણ તમારે પચ્ચીસ વર્ષ અહીંયા જ બેસવાનું છે.

મિત્રો, ૧૮૫૭ના બળવાની વાત કરીએ ત્યારે આ આઝાદીના વાવેતરના બીજ વવાયા હતા ૧૮૫૭ની અંદર. એજ રીતે માનનીય અધ્યક્ષશ્રી, આજે જયારે આ ગુજરાતના કોંગ્રેસનો ૨૦૧૪નો જે બળવો થઇ રહ્યો છે એ એજ બતાવે છે કે, આ રાજયના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી ને દિલ્હીની ગાદી પર જવા માટેના અત્યારથી અહીંયા બીજ વવાઇ ગયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ છેલ્લા દસ વર્ષમાં જે વાહન વ્યવહાર ખાતામાં પણ જે ઉત્તરોત્તર પ્રગતિ થઇ રહી છે, એમાં હું આપને કહીશ કે, વર્ષ ૨૦૦૩ની અંદર ૧,૧૦૬.૭૮ કરોડનો વધારો આવકમાં થયો હતો. આજે ૨૦૧૨–૧૩ની વાત કરીએ ત્યારે ૨,૩૯૫.૬૮ કરોડ રૂપિયા આ આવકમાં વધારો થઇ રહ્યો છે. એજ રીતે વાહન નોંધણીની પણ વાત કરીએ તો કોઇ પણ દેશ કે કોઇ પણ રાજ્ય હોય જયાં પ્રગતિ થતી હોય ત્યાં જ આવકમાં વધારો થતો હોય છે અને ત્યાં જ વાહનો પણ વધતા હોય છે. ભૂતકાળમાં તમારા શાસનની વાત કરીએ ત્યારે પચ્ચીસ ગામ વચ્ચે એકાદ ગામની અંદર એકાદ ટુ વ્હીલર હતું, આજથી પચ્ચીસ–ત્રીસ વર્ષ પહેલાં. માનનીય અધ્યક્ષશ્રી, આ જે કામગીરી થઇ રહી છે ત્યારે હું વાહન વ્યવહાર મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવી વિરમું છું.

શ્રી તારાચંદ જ. છેડા (માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી નીતિનભાઇ જે લેખાનુદાન બજેટ લઇને આવ્યા છે એ બજેટ ઉપર હું બાંધકામ અને માર્ગ અને મકાન વિભાગ ઉપર મારા વિચારો રજૂ કરું છું અને માનનીય નાણા મંત્રીશ્રીના બજેટને સંપૂર્ણ ટેકો આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિરોધ પક્ષના નેતાશ્રી જયારે ભાષણ કરતા હતા ત્યારે એમાંથી નિરાશાની બૂ આવતી હતી. સાહેબ એમણે એક વાત કરી કે, ગાંધીનગરની અંદર ક્રાંતિ મંદિર બન્યું પણ ગાંધી ક્યાં ગયા ? તમારા આત્માને પૂછો કે ગાંધી કયાં ગયા ? એ ગાંધી તો જયાં ગયા ત્યાં પણ આ તમારા નકલી ગાંધીએ, આજે નકલી ગાંધીએ દેશની દાટવાળી છે.(અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સાહેબ, આ નકલી ગાંધીએ દેશની દાટ (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, આ બોલે છે એનો જવાબ વળી થાય છે. (અંતરાય) આ ગાંધીજીની વિશે ટીકા નથી કરતા, એ ભલેને કહે. તમે કહો મોદી હોય તો નકલી મોદી હોય, કહે ને એમાં શું છે ? હા, પણ એમાં બધાયમાં એ રીતે છૂટ છે. અસલી વિશે ટીકા કરે તો થાય (અંતરાય)

શ્રી તારાચંદ જ. છેડાઃ બીજી વાત હું એ કરવા માગું છું કે માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી કહેતા હતા કે ગુજરાતનો ખેડૂત કપાસ વધુ પકવે છે અને કપાસને કારણે ખેડૂતો વધારે શ્રીમંત થયા છે પણ આ ખેડૂતો શ્રીમંત થાય એ પણ કેન્દ્રની સરકારને ફાવતું નહોતું એટલે કપાસની નિકાસ ઉપર આ લોકોએ ટેકસ નાખ્યો અને પ્રતિબંધ મૂકયો અને ગુજરાતનો ખેડૂત કેમ ખતમ થાય એવું પાપ કરવાનું કામ કેન્દ્રની યુ.પી.એ. સરકારે કર્યું છે. કપાસ ઉપર નિકાસ માટે ટેકસ અને ગાંધીના ગુજરાતમાં મટનની નિકાસ ઉપર સબસિડી આપી. એના સિવાય બીજી નીતિ કઇ હોઇ શકે?

મારે માર્ગ અને મકાનની વાત કરવી છે. વર્તમાન સરકાર અને વર્તમાન સરકારના માર્ગ અને મકાન વિભાગે આ દેશમાં એક ક્રાંતિ કરી છે અને આ ગુજરાતના મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળ બાંધકામ ખાતાની અંદર આદરણીય આનંદીબહેને જે રસ્તાઓ બનાવ્યા છે હું મારા કચ્છની વાત કરું તો આ દશકાના કાળમાં કચ્છમાં સોનાનો સુરજ ઉગ્યો છે એમ કહેવું પણ ખોટું નથી. કચ્છ જિલ્લો એ ઇન્ડો–પાક ઇન્ટરનેશનલ બોર્ડર સાથે જોડાયેલો છે. (અંતરાય) આ સાણંદવાળા તલાટીને સમજાવોને સાહેબ, કાંઇક બોલવા દે સરખું અમને. વિરોધ પક્ષના દંડક કેન્દ્રની સરકારમાંથી લાખો અને કરોડો રૂપિયા ગુજરાતને

આપ્યા એમાં કરોડોની વાત પછી વાત ફેરવી નાખી, ના મારી વાત ખોટી છે હવે આ ૨૦ લાખની વાત છે. પહેલા બે કરોડની વાત કરતા હતા.

રાજયની અંદર પ્રધાનમંત્રી સડક યોજના માનનીય અટલજીના જમાનામાં અસ્તિત્વમાં આવી. વર્તમાન સમયમાં આ ગુજરાતની અંદર પ્રધાન મંત્રી સડક યોજનાની અંદર કેન્દ્ર સરકાર તરફથી એક પણ પૈસો મળ્યો નથી છતાં ગુજરાતની સરકાર આ પ્રધાન મંત્રી સડક યોજનાને માનભેર આગળ વધારી રહી છે અને ગામડે ગામડે એ સડક દ્વારા ગામડાને સાંધવાનું કામ આ સરકારી કરી રહી છે. કચ્છ જિલ્લો ૪૫૬૬૨ કિલોમીટર જેટલો એરિયા ધરાવે છે. આની અંડરમાં જોઇન્ટ ઇન્ટરનેશનલ ઇન્ડો પા જોડે જોડે છે. આમ સંરક્ષણની દ્રષ્ટિએ આ જિલ્લો ખૂબ જ અગત્યનો છે અને આ જિલ્લા માટે આ રાજયની સરકારે જે માળખાકીય સુવિધાઓ માર્ગ અને મકાને જે ઊભી કરી છે એના કારણે આ જિલ્લો આજે એક પ્રવાસનનું હબ બન્યો છે. અને પ્રવાસનનું હબ બનવાને કારણે આ જિલ્લાની અંદર એટલી બધી રોજગારીની તકો ઊભી થઇ છે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ (બાલાસિનોર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે લેખાનુદાન બજેટ લઇને આવ્યા છે ચાર મહિનાનું એમાં હું મારા વિચારો વ્યકત કરું છું. અહીંયા ગૃહમાં સાંભળવામાં આવે છે અમારા રાજયની અંદર ગુનાનું પ્રમાણ ઘટયું છે. ગૃહ વિભાગની વાત કરીશ તો એમાં દેશના બીજા રાજયોની અંદર ગુનાનું પ્રમાણ કેમ ગુજરાતમાં વધ્યું છે તો એનું કારણ બિહાર જેવા રાજયમાં દર ૬૫ માણસે એક પોલીસ કર્મચારી, ઉત્તર પ્રદેશમાં ૯૪ માણસે એક પોલીસ કર્મી અને ગુજરાતમાં એનો દર છે ૧૧૭૨ માણસોએ એક પોલીસકર્મી. આમ ૨૦ ટકા જેટલી જગ્યા ખાલી છે પોલીસ કર્મીઓની અને એના કારણે જે કાયદો અને વ્યવસ્થા જળવાવી જોઇએ એ જળવાતી નથી અને જે ભરતી કરવામાં આવે છે એ મોટા ભાગના ફિક્સ પગારના પોલીસ કર્મીઓ છે. એમને ફિક્સ પગાર મળે છે. આમ અપૂરતા કર્મીઓના લીધે રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ આજે બિલકુલ કથળી ગઇ છે. જેમના શિરે જવાબદારી છે એવા ૩૪ જેટલા આઇ.પી.એસ. અધિકારીઓ જેલમાં છે. આખા દેશમાં એક ગુજરાત એવું રાજય છે કે જેની જવાબદારી રક્ષણ કરવાની છે એવા અધિકારીઓ આજે જેલમાં છે. આ વરિષ્ઠ અધિકારીઓ એન્કાઉન્ટરના ગુના હેઠળ જેલમાં છે.

અહીંયા જે વાત કરી છે. અમદાવાદની મધ્યસ્થ જેલની અંદર ૨૪૦ ફુટની સુરંગને ખોદવામાં આવી, તેમ છતા પોલીસ તંત્રને અને સરકારને ખબર નથી. આજે પોલીસ અધિકારીઓ ઉપલબ્ધ છે, એમાંના મોટા ભાગના માનનીય મુખ્યમંત્રી માટે ૫૬ જેટલા પોલીસ અધિકારીઓ તૈનાત છે. બાકી આંતકવાદીનો સામનો કરવા માટે સરકારે બે ટૂકડીની રચના કરેલી. એમાં ૧૧૨ જેટલા પોલીસ અધિકારી હતા, એમાં ફકત ૫૬ કમાન્ડો આ મુખ્યમંત્રીના તહેનાતમાં છે. ૫૬ જેટલા રાજયની સેવામાં છે. આ ગાંધીનું ગુજરાત અને સરદાર સાહેબનું ગુજરાત અને એમાં હું વાત કરીશ કે અમદાવાદની અંદર જે સોનીને ત્યાં લૂંટ થઇ એને ગોળી મારીને મારી નાખવામાં આવ્યા. આખા સોની સમાજે આવેદનપત્ર આપ્યું. એમાં કઇ થયું નહિ.

અહીંયા બીજી વાત કરીશ. ગાંધીનું ગુજરાત છે. સરદાર સાહેબનું ગુજરાત છે. અહીયા રાજયની અંદર ખૂન,લૂંટ, બળાત્કાર એ રોજબરોજના છાપામાં કિસ્સા જોવા મળે છે. હમણા ઉત્તર ગુજરાતની અંદર ૨૦ જેટલા ટોળાએ એક ઘરની અંદર ઘૂસી ગયા અને આખું ઘર જોઇ રહ્યું. કશું કરી શકયા નહિ. લૂંટી ગયા. આ ઉત્તર ગુજરાતનો કિસ્સો છે. અહીયા દારૂની વાત કરીશું તો મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાંથી પંચમહાલ બોર્ડરમાંથી અમારા તાલુકામાં થઇને પોલીસ પ્રોટેક્શન આપે એ રીતે ટ્રકને ટ્રક ભરીને આખા ગુજરાતમાં દારૂ જાય છે. એક બાજુ સરકાર કહે છે કે ૬૫ ટકા યુવાનો આ દેશનું યુવાધન છે. ગુજરાતની ધરોહર છે, પણ આવા યુવાનો દારૂના રવાડે ચડી જાય છે. એ ખરેખર ચિંતાનો વિષય છે. આ યુવાનો ભણવા જોઇએ અને સારા રસ્તે જવા જોઇએ. ૬ મહિના પહેલા આવો ૨૨ લાખ રૂપિયાનો દારૂ ખેડા જિલ્લાના કઠલાલ પાસે એક બુટલેગરને ત્યાંથી પકડાયો અને બુટલેગર એ ભાજપનો કોર્પોરેટર છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ. સબજ્યુડીશ મેટર હોઇ કંઇ નહિ કહેવાનું. એફ.આઇ.આર. થઇ હોય કે કોર્ટમાં હોય એની ચર્ચા નહિ. જનરલ ચર્ચા કરો. લેખાનુદાનની અંદર એક એક ઉદાહરણની ચર્ચા ન થાય.

જનરલ પ્રિન્સિપલની વાત કરો.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : આજે એની ધરપકડ પણ થતી નથી અને ખુલ્લેઆમ નગરપાલિકાની મીટિંગમાં પોતે જાય છે. અહીયા કૃષિની વાત કરી છે. અહીયા કહેવામાં આવ્યું કે અને મિત્રો કહે છે કે મોટરસાઇકલની, કારની વાત આવે આપણા મુખ્યમંત્રીશ્રી બીજા રાજયમાં જઇને કહે છે કે કૃષિની અંદર ૨૨ ટકા વધ્યો અને એની વાત બજેટમાં પણ કહેવામાં આવી છે. આપણે જોઇશું તો જે ખેડૂતો ગામડાની અંદર સીમ વિસ્તારમાં રહેતા હોય છે અને સરકારે હમણા જી.ઇ.બી. એ પરિપત્ર બહાર પાડ્યો. ૨૦ ગ્રાહક હોય તો જ કનેક્શન. એ ચિંતાનો વિષય છે. માનનીય અધ્યક્ષશ્રી,આજે ગામડાની અંદર રહેવાની જગ્યા ન હોય તો આખા રાજયની અંદર ખેડૂતો પોતાના સીમ વિસ્તારની અંદર મકાનો બાંધી ખેતીના ધંધા સાથે લાગેલા હોય છે. ખરેખર આ પરિપત્ર હું માનનીય ઉર્જા મંત્રીશ્રીને વિનંતી કરું કે આ રદ કરવો જોઇએ. નહીંતર વીજ ગ્રાહકો થાય નહીં અને તે લોકો અંધારામાં જીવશે. બીજો પરિપત્ર છે કે જે ખેડૂતો છે તે બે–ચાર ભાઇઓ હોય અને ભેગી જમીનનો એક બ્લોક હોય તો તેમાં એક જ ખેડૂતને વીજ કનેકશન મળતું હોય છે. બીજા ભાઇને કનેકશનથી વંચિત રહે છે. આ પરિપત્ર પણ નુકસાનકર્તા છે. આ પરિપત્ર પણ રદ કરવો જોઇએ.

શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર (દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે લેખાનુદાન બજેટ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, રાજયના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ જે સમાજની ગુજરાતમાં ૫૦ ટકા વસ્તી છે આ ૫૦ ટકા વસ્તીના વિકાસ માટે અગાઉના શાસકોએ ૫૦ વર્ષ સુધી તેના શિક્ષણ માટે કોઇ આયોજન કર્યુ નહીં અને આ સમાજનો ૫૦ ટકા વર્ગ છે તે શિક્ષણના અભાવને લીધે વિકાસમાં ખૂબ પછાત રહ્યો છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આ વિચરતી જાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગ માટે શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે જે આયોજન કર્યુ, તેના ધંધા રોજગાર માટેની જે યોજનાઓ કરી અને તેના લીધે જયારે સામેથી વિપક્ષના નેતા કહેતા હતા કે ગરીબ કલ્યાણ મેળા કરવાની કયાં જરૂર હતી. એ તો ચેક મામલતદાર ઓફિસમાં બેસીને પણ આપી શકે. મારે કહેવું છે કે તમારા એક વખતના વડાપ્રધાન એમ કહેતા હતા કે હું દિલ્હીથી એક રૂપિયા મોકલું છું અને ૮૫ પૈસા ઘસાઇ જાય છે. ત્યારે આ ૮૫ પૈસા કયાં ઘસાઇ જતા હતા અને આ જે લાભાર્થીઓ હતા અને તેમના માટેની જે યોજનાઓ હતી તે યોજનાઓ માટે એક ઓફિસમાંથી બીજી ઓફિસ, બીજી ઓફિસમાંથી ત્રીજી ઓફિસ એમ દરેક ઓફીસે ધક્કા ખાવા પડતા હતા. માનનીય મુખ્યમંત્રીશ્રીએ એક જ જગ્યાએ લાભાર્થીઓને ચેક મળે એટલા માટે આ ગરીબ કલ્યાણ મેળા કર્યા. ગરીબ કલ્યાણ મેળામાં લાખો લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યા અને કરોડો રૂપિયા લાભાર્થીઓને હાથોહાથ આપવામાં આવ્યા છે ત્યારે વિકાસથી વંચિત હતા તેવા વંચિતોના અને ગરીબોના આશીર્વાદ માનનીય મુખ્યમંત્રીશ્રીને મળ્યા છે અને તેના આશીર્વાદથી નરેન્દ્રભાઇ આખા દેશમાં સભાઓ કરી રહ્યા છે અને દિલ્હીની ગાદીએ બેસવાના છે. આ ગરીબોના આશીર્વાદ જ તેમને ઉપયોગી થવાના છે ત્યારે મારે ગરીબોની યોજના વિશે કહેવું છે.

રાજયના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, લઘુમતિઓ, વિચરતી જાતિઓ માટે લેખાનુદાન બજેટમાં માનનીય નાણામંત્રીશ્રીએ ૬૨૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. આ જે સમાજ છે તે સમાજના વિદ્યાર્થીઓને વિવિધ શૈક્ષણિક યોજનાઓ હેઠળ આશરે રૂપિયા ૨૯૭.૩૮ કરોડની શિષ્યવૃત્તિ ગણવેશ સહાય માટે ચૂકવવામાં આવે છે. સામાજિક અને શૈક્ષણિક પછાત લોકો માટે રાજય સરકાર દ્વારા ૭૨૩ ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો, ૬૩ સરકારી છાત્રાલયો, ૧૮૭ આશ્રમશાળાઓ તેમજ ૩૩ આદર્શ નિવાસી શાળાઓ ચાલે છે અને એમાં અંદાજે ૬૦ હજાર જેટલા વિદ્યાર્થીઓને વિનામૂલ્યે રહેવા, જમવા અને ભણવાની સુવિધા પૂરી પાડવામાં આવે છે અને એ માટે માનનીય નાણા મંત્રીશ્રી દ્વારા ૧૦૭ કરોડ રૂપિયા ખર્ચ કરવાની જોગવાઇ કરવામાં આવી છે.

ડો. અનિલ જોષીયારા(ભિલોડા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે લેખાનુદાન લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી થોડાક સમય પહેલાં એમ કહેતા હતા કે આ ગુજરાતની તિજોરી પર કોંગ્રેસનો પંજો નહીં પડવા દઉં , હમણાં તેઓશ્રી પંજાબમાં ગયા હતા, અને હજી તો તેમણે મુખ્યમંત્રીશ્રી તરીકેનું રાજીનામું નથી આપ્યું, હજી પીએમ નથી બન્યા છતાં કેન્દ્રની તિજોરીની વાત કરી કે કેન્દ્રની તિજોરી પર પંજો નહીં પડવા દઉં. આ મારે એટલા માટે કહેવું પડે છે કે, આજે ગુજરાતની તિજોરી પર કૂદકે અને ભૂસકે દેવું વધતું જાય છે. આ દેવું ૨૦૧૩માં ૧લાખ ૬૪ હજાર કરોડ રૂપિયા હતું, એ દેવું ૨૦૧૪માં ૨૧ હજાર કરોડ રૂપિયા વધીને એટલે કે ૧૨.૮૭ ટકા વધીને ૧ લાખ ૮૫ હજાર કરોડ રૂપિયા થવાનું છે. તો આ તિજોરી ઉપર પંજો પડે તો એમાંથી મળે શું? દેવું જ મળે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં માનનીય મોતીભાઇ કહેતા હતા કે, આદિવાસીઓ માટે ૧૫ હજાર કરોડ રૂપિયાની જાહેરાત કરી છે ત્યારે મારે એમ કહેવું છે કે, ટ્રાઇબલ વિભાગના મિનિસ્ટર અહીયાં નથી અત્યારે પણ એમના વિભાગના કયા હેડમાં આ ૧૫ હજાર કરોડ રૂપિયા છે? જયારે એનો રિપોર્ટ મળ્યો છેલ્લે, પાંચ વર્ષ પૂરા થયા પછી, તો કોઇ જગ્યાએ એનો સાચો આંકડો મળતો નથી. કોઇ ૧૭ હજાર કરોડ રૂપિયા ખર્ચ કર્યો એમ કહે છે, કોઇ કહે છે કે ૧૭૮૩૭ કરોડ ખર્ચ કર્યો, તો આ આંકડો સરકાર પાસે સાચો નથી કારણ કે સરકાર પાસે આ પૈસાની કોઇ જોગવાઇ જ ન હતી. આ તો સદ્ભાવના ઉપવાસમાં જે જુદા જુદા જિલ્લાઓમાં માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જાહેરાત કરી હતી કે ભાઇ, તમારા જિલ્લાના વિકાસ માટે હું આટલા પૈસા આપી જાઉં છું, એ રીતે ૪૨ હજાર કરોડ રૂપિયાની જાહેરાત કરી અને એનો કોઇ ઉલ્લેખ ન હતો, તે પ્રમાણે અત્યારે પણ એવું થાય છે કે આદિવાસીઓને આવા પેકેજની વાત કરવામાં આવે છે અને વાસ્તવમાં આજની તારીખે પરિસ્થિતિ એની એ છે. ગામડા વિસ્તારમાં રસ્તાઓની હાલત એની એ જ છે. વીસ વીસ વર્ષ થઇ ગયા છતાં ડામર આ સરકાર કરી શકતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઇ માટે સરકારનો આંકડો એમ કહે છે કે, ૮.૪૬ લાખ હેકટર જમીનમાં આદિવાસી વિસ્તારમાં સિંચાઇની સગવડ કરી છે, તો મારે એમને પૂછવું છે કે કયા વિસ્તારમાં આ સિંચાઇની સગવડ કરી છે. અમારા વિસ્તારમાં આજની તારીખે એમની સરકાર બેઠી ત્યારે ૨૦૦૧થી માંડીને આજની તારીખ સુધી કોઇ સિંચાઇની સગવડ કરવામાં આવી નથી. પાણી માટેની વાત કરીએ તો ઘરે ઘરે રસોડાના નળ સુધી પાણી આપી દેવાની વાત કરે છે, પણ ૧૫૦૦ કરોડ રૂપિયા વપરાયા આજની તારીખમાં કોઇ આદિવાસી વિસ્તારમાં જઇએ તો ન તો નળ મળે કે ન તો પાણી મળે. આ હાલત છે તો મારે એ કહેવું છે કે આ પૈસા ગયા કયાં? ખાસ કરીને ટ્રાઇબલ વિસ્તારના સભ્યોને કહેવું છે કે, તમે તપાસ કરો સાહેબ, આ પૈસાનું ડાયવર્જન થાય છે અને એના લીધે આદિવાસી સમાજને બહુ મોટું નુકસાન થઇ રહ્યું છે તો આના માટે એટલી જ વિનંતી નાણા મંત્રીશ્રીને છે કે, આ પૈસા ખરેખર ટ્રાઇબલ મિનિસ્ટરના હવાલે કરો તો આ ડાયવર્જન થતું અટકી જાય.

બીજું, અમારા વિસ્તારમાં જે શિક્ષકોની જગ્યાઓ ખાલી છે, અને જે ટ્રાયબલ વિભાગની સ્કૂલો છે એમાં પણ શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. વિભાગ પણ નાણા વિભાગમાં માગણી કરતું હશે, પણ નાણા વિભાગની પહેલાં જ ના હોય છે. ના પહેલાં અને પછી વાત કયાંથી રહી? શિક્ષકો જ નથી મળતા, અને આ સરકારમાં જેટલી જગ્યાઓ હતી એ ખાલી રહી અને ખાલી રહી એટલે એબીયેન્સમાં ગઇ અને એના લીધે ખૂબ મોટુ નુકસાન થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડોકટરોની વાત કરું તો સરકાર તો એમ કહે છે કે ૧૧માંથી ૧૯ કોલેજો કરી. ૧૪૫૫ સ્ટુડન્ટસ ભણતા હતા એ આજે ૨૯૦૦ થયા. તો આ સ્ટુડન્ટો ભણીને ગયા કયાં? બોન્ડેડ કેન્ડીડેટ હતા, શા માટે આપણે મૂકી ન શકયા? એમની પાસેથી બોન્ડ વસૂલ કરો અને એમને મૂકવા એ ફરજિયાત કરો નહીં તો આ જગ્યાઓ ભરાશે નહીં. ઘણી એવી જગ્યાઓ છે કે જે આપણે ભરી શકતા નથી. ગઇકાલે અમારા વિસ્તારના એક મંત્રી વાત કરતા હતા, સીધા સવાલની વાત કરતા હતા, એના સંદર્ભમાં મારે એ કહેવું છે કે, ખેડૂતોને ૨૦૦૧માં જે કનેકશનો હતા એના કરતાં ૬ લાખ કનેકશનો વધ્યા એવું એમણે કહ્યું, ૨૦૦૧માં જે વીજળી મળતી હતી એ ૧૫૬૯૫ મિલિયન યુનિટ હતી એ આજની તારીખમાં ઓછી થઇ છે, તો મારે એમ કહેવું છે કે એ જે ખેડૂતોને ૬ લાખ કનેકશનો આપ્યા તો આ જે મોટરો ફરતી હતી તે વગર વીજળીએ ફરતી

હતી? કેવી રીતે આ મોટરો ચાલી? વગર વીજળીએ મોટર ચાલતી હતી? એવું મંત્રીશ્રી ગઇકાલે સીધા સવાલની વાત કરતા હતા ત્યારે મારે એમને આ બાબત પુછવી છે કે વીજળી ખરેખર તો અમારા ખેડૂતોને મળી શકતી નથી,

બીજી એક વાત મારે કરવી છે એ "નરેગા"ની વાત છે, "નરેગા"ની વાતમાં ૬૦–૪૦ ના રેશિયામાં એટલું બધું મોટું કૌભાંડ થયું છે, ગયા વખતે મંત્રીશ્રીએ વાત કરી હતી. આની કોઇ તપાસ થાય નહિ. એના એમ.બી. રેકર્ડ ચોરાઇ ગયા, બાળી દીધી અને કમ્પ્યુટર પણ બાળી દીધા. બીજી વાત અત્યારે આવન જાવન વધારે થયું છે એટલે એના માટે આ લોકો અમને બધા કહેતા હોય છે કે, અમારે ત્યાં તમારે ત્યાંથી આવે છે. એના માટે મારે એટલું જ કહેવું છે કે, ગયા વખતે અમારા જિલ્લાના એક ધારાસભ્ય હતા એમણે કહ્યું કે રાજકીય ગ્રીવન્સ રાખીને પાર્ટીને સંપૂર્ણપણે માનસિક અને સામાજિક ત્રાસ આપવામાં આવે છે. એમને કોઇક જમીનની મુશ્કેલી હતી, એના લીધે મંત્રીશ્રીએ પણ જવાબ આપેલો છે. મંત્રીશ્રીએ એમ કહ્યું કે, આ જમીન અમે સરકાર હસ્તક કરી લેવાના છીએ. આવા દબાણોના કારણે એ બાજુ ખેંચવાનો પ્રયત્ન કરવામાં આવતો હોય તેમ લાગે છે. આ એક ગંભીર બાબત છે અને એટલા માટે માનનીય નાણામંત્રીશ્રીએ જે લેખાનુદાનનો પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને હું ટેકો આપતો નથી.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી જે લેખાનુદાન લઇને આવ્યા છે એના સમર્થનમાં મારે વાત કરવી છે. એ પહેલાં મારા વિપક્ષના સભ્યોએ ઘણી બધી વાત કરી છે ત્યારે મારે એક વાત કરવી છે કે કોંગ્રેસના એક આગેવાન મને એવું કહેતા હતા કે બહેન – **"હમારે પાસ મેડમ હૈ, હમારે પાસ શહજાદા હૈ, હમારે પાસ દામાદ હૈ, ઔર હમારે પાસ દામાદકી બેટી ભી હૈ આપ કે પાસ ક્યા હૈ"** એટલે મેં એવું કહ્યું કે **હમારે પાસ મા હૈ,** મા જેવું સહૃદયી વ્યક્તિત્વ ધરાવતી સંવેદનશીલ વ્યક્તિ આજે મુખ્યમંત્રી તરીકે જે છે એવી અમારી પાસે મા છે. પોતાના સ્વાસ્થ્યની ચિંતા કર્યા વગર જે મા પોતાના બાળકના સ્વાસ્થ્ય માટે જીવન ખપાવી દે એવા અમારી પાસે મુખ્યમંત્રી છે કે જે બાર બાર વરસથી ૩૬૫ દિવસ અને ચોવીસ કલાક કાર્યરત છે, પોતાના આરોગ્યની ચિંતા નથી કરતાં રાજયના નાગરિકોના આરોગ્યની ચિંતા કરે એવા મુખ્યમંત્રી અમારી પાસે છે. બાળક પોતાની માતાના ખોળામાં જેમ સુરક્ષિતતા અનુભવે એવી જ સુરક્ષિતતા આજે ગુજરાતનો નાગરિક નરેન્દ્રભાઇના નેતૃત્વમાં પોતાની જાતને સુરક્ષિત સમજે છે અને આવી જ એક યોજના એટલે કે "મુખ્યમંત્રી અમૃતમ યોજના –મા યોજના", બી.પી.એલ.ના જે ગરીબ પરિવારો છે એ ગરીબ પરિવારોને ગંભીર રોગો માટે સારવાર આપતી યોજનાને સાકાર કરી છે અને ગયા વરસે ૪૦ લાખ પરિવારોને એટલે કે ૧.૭૫ કરોડની વસતિને આ સેવા આપવામાં આવી છે અને એમાં કુલ ૪૩ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. ૨૦૧૪–૧૫માં એના માટે ૮૦ કરોડ રૂપિયાની જોગવાઇ પણ કરવામાં આવી છે.

આરોગ્યના બજેટની જો વાત કરીએ તો દર પાંચ વરસમાં આ બજેટ ત્રણ ગણું વધતું હોય છે. એકાદ બે ગણો નહિ દર પાંચ વરસે ત્રણ ગણા જેટલો વધારો આ બજેટમાં કરવામાં આવે છે. ૨૦૦૭ની કમ્પેરીઝનમાં જો જોઇએ તો ૨૦૦૭–૦૮ની અંદર જે બજેટ હતું એના કરતાં આજના બજેટની અંદર ૪૦૦ ટકાનો વધારો કર્યો છે. આ રાજયની અંદર દરરોજ ૯૩૦૦૦ દર્દીઓને વિનામૂલ્યે દવા અને સારવાર આપવામાં આવે છે. જેની અંદર સારવાર માટેનો આટલો મોટો ખર્ચો જે આશરે ૧૫૦ કરોડ રૂપિયા જેટલો થાય છે, વરસે ૧૫૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરતી આ સરકાર છે. કિડની હોસ્પિટલની જો વાત કરીએ તો દેશભરમાં સૌથી વધુ જો કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવાનો જો કોઇ એક શ્રેય હોય તો એ આ ગુજરાતની કિડની હોસ્પિટલને છે, ગયા વરસે ૪૦૦ કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવાનો એક એવોર્ડ પણ આપવામાં આવ્યો છે, ભારતભરની અંદર ગુજરાતે સૌથી વધુ કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવાની નામના મેળવી છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલને આંતરરાષ્ટ્રીય કક્ષાની સિવિલ હોસ્પિટલ બનાવવા માટે થઇને ૧૨૦૦ પથારી અને ૩૨૫ કરોડ રૂપિયાનો ખર્ચ કરીને ટૂંક સમયમાં આ સિવિલ હોસ્પિટલ કાર્યરત થશે. સુરતની અંદર સ્ટેમ સેલ થેરાપીની ઇન્સ્ટિટયૂટ ૩૫ કરોડના ખર્ચે અને કિડની હોસ્પિટલ માટે ૧૨ કરોડનો ખર્ચ પણ આ સરકારે કર્યો છે. અમારા ભાવનગરની સર ટી હોસ્પિટલની અંદર કેન્સર માટેના કેન્સર કેર યુનિટ એટલે કે કેન્સર કેર હોસ્પિટલનું ખાતમુહૂર્ત થયું છે. એની

અંદર કામકાજ પણ શરૂ થયુ છે અને આવતા એકાદ વર્ષની અંદર આ કેન્સર હોસ્પિટલ સંપૂર્ણપણે સરકાર સંચાલિત કેન્સર હોસ્પિટલ ભાવનગરની અંદર શરૂ થવાની છે. ભાવનગર, રાજકોટ અને જામનગર જેવા નાના મહાનગરો માટે આધુનિક બનાવવા માટે ૯૦ કરોડની જોગવાઇ પણ કરવામાં આવી છે. હમણાં જ અમારા ડોકટર મિત્રએ કહ્યું કે દસમાંથી ઓગણીસ કોલેજો કરી છે. બારસો બારસો વિદ્યાર્થીઓને દર વર્ષે હેવી કેપિટેશન ફી ભરી અને બહાર જવું પડતું હતું. આજે એ વિદ્યાર્થીઓને બહાર નથી જવું પડતું ૧૨૦૦ કરોડ રૂપિયા દર વર્ષે આ સરકાર બચાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌનો સાથ અને સૌનો વિકાસ લઇને ચાલતી આ સરકાર માટે મારે એક વાકય કહેવું છે, કવિતા કહેવી છે મિત્રો સાંભળજો,

**મત શરમાઓ, હાથ બઢાવો, જો મેં ગાઉં, વહ તુમ ગાવો,**
**હર મુશ્કીલ આસાન બના દુ, મેંરે સાથ તુમ અગર બોલો**
**સૌનો સાથ સૌનો વિકાસ**
**પથ કે કાટે ફૂલ બના દું, સત્ય સભી અનુમાન બના દું,**
**હર રૂદન કો ગાના બના દું. પતઝડ કો મધુવાસ બના દું,**
**ધરતી કો આકાશ બના દું, સીના વજ્ર સમાન બના દું,**
**મેંરે સાથ અગર તુમ બોલો. સૌનો સાથ સૌનો વિકાસ.**

સાથ આપવાથી આ બધાનો વિકાસ થવાનો છે. માનનીય અધ્યક્ષશ્રી, સામે બેઠેલાં મારા મિત્રોને કહેવું છે હવે તો ગુજરાતીનો વારો છે, હવે તો ગુજરાતીનો વારો છે. રાજકારણ છોડી દઇ અને હવે ગુજરાત માટે કંઇક વિચારતા શીખો.

શ્રી છનાભાઇ કો. ચૌધરી(વાંસદા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે લેખાનુદાન બજેટ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો અહીં ઘણી વાતો થાય છે કે, દરેક ક્ષેત્રે અમારૂ બજેટ આટલા ટકા દર વર્ષે વધારે કરીને લોકોના કામ કરીએ છીએ. પણ આદિવાસી વિસ્તારોમાં અમે જોઇએ છીએ ત્યારે ખાસ કરીને જે પાણી પુરવઠા યોજના છે તે પાણી પુરવઠા યોજનામાં આજે અહીં કહેવાય કે ભાઇ દરેક ઘરે ઘરે અમે નળ આપ્યાં છે. પણ તમે તે વિસ્તારમાં જઇને જુઓ તો ખરાં કે કેટલાં નળ આપ્યાં છે. ટાંકીઓ કેટલાય વર્ષોથી પડેલી છે તેમાં પાણીનું ટીપું પણ હજુ સુધી નથી પડયું અને બોરમાં પાણી પણ ના હોય એવી ટાંકીઓ ઊભી છે. આપણે આને વિકાસ કહીએ છીએ તો આ વિકાસ થોડો કહેવાય ? આ ટાંકીઓ તો ખરેખર એવી રીતે બનાવવી જોઇએ કે જેથી કરીને તે લોકોને કામમાં આવે. શિક્ષણ છે તે શિક્ષણ ખાડે ગયું છે તેમ કહીએ તો ચાલે કારણ કે પ્રાથમિક શાળાની પરિસ્થિતિ એવી છે કે એ વિસ્તારોમાં ખાનગી પ્રાથમિક શાળાઓ વધતી જાય છે. આપણી સરકારી પ્રાથમિક શાળાઓ છે તેમાં શિક્ષકો જ નથી. આજે વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાનો દાખલો લઉં તો આજે ૪૬ જેટલી શાળાઓમાં એક જ શિક્ષકની શાળાઓ છે. આ બાબતે કેટલીય વખત રજૂઆતો કરવામાં આવી પણ ત્યાં શિક્ષકો મૂકાતા જ નથી. એવી પણ શાળાઓ છે કે જયાં ત્રણસો ત્રણસો જેટલાં બાળકો છે અને ત્યાં શિક્ષકો પણ નથી. એક શાળા તો એવી છે કે જયાં ૩૧૭ વિદ્યાર્થીઓ છે અને તેમાં એક જ શિક્ષક છે. જયાં શિક્ષકો જ ના હોય તો બાળકો શું ભણી શકે? આવી દશા શિક્ષણની આદિવાસી વિસ્તારોમાં છે એટલે તેના ઉપર ધ્યાન આપીએ તો જ આ બાળકો છે તે ભણી શકે. આજે માધ્યમિક શાળાઓ છે કે ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ છે મારા જ વિસ્તારમાં હું જોઉં છું તો ઉચ્ચત્તર માધ્યમિક શાળા કે જયાં સરકારે વિજ્ઞાનનો પ્રવાહ મંજૂર કર્યો છે પણ ત્રણ વર્ષથી ત્યાં શિક્ષકો જ નથી. આ વખતે શિક્ષકો મૂકયા એક બેચ તેનો પૂરો થઇ ગયો ૧૧, અને ૧૨. બારમાની પરીક્ષામાં રિઝલ્ટ કેટલું હતું એ ત્યાંના શિક્ષકો જે હતા એ લોકોને મૂકીને તે લોકોને ભણાવ્યા. તો આપણે એવું તે કેવું શિક્ષણ આપીએ છીએ કે જયાં આપણે મંજૂર કરીએ છીએ પણ શિક્ષકો જ ના મૂકીએ. મને તો એવું લાગે છે કે, આદિવાસીઓના બાળકો ભણે જ નહીં, તેના વિદ્યાર્થીઓનું શિક્ષણનું સ્તર ખૂબ નીચું જાય એવા પ્રયત્નો થઇ રહ્યાં હોય એવુ લાગે છે એટલે આ શિક્ષણનું સ્તર છે તે સુધારવું જોઇએ.

માનનનીય અધ્યક્ષશ્રી, સિંચાઇની વાત થઇ કે સિંચાઇમાં અમે ખેતીનું સ્તર સુધાર્યુ છે. મારા વિસ્તારમાં જુજ અને કેલા સિંચાઇ યોજનાઓ ચાલે છે. વર્ષોથી સરકારે તેમાં નક્કી કરેલું કે આટલા એકરને આ સિંચાઇ યોજનાથી પાણી આપવું જોઇએ. તેમાંથી ૫૦ ટકા ખેડૂતોને પણ આપણે પાણી આપી શકયા નથી. ત્યારે આ વર્ષે તેની જે ત્રણ ઓફિસો ચાલતી હતી તે ત્રણે ત્રણ ઓફિસો બંધ કરી દીધી છે. મને તો એમ લાગે છે કે તેની નહેરો પણ અત્યારે બિસ્માર હાલતમાં છે. પાણી પહોંચી શકતું નથી. તો સરકારનો આ ઓફિસો બંધ કરવાનો ઇરાદો શું આ વિસ્તારનો ખેડૂતોને પાણી નહીં આપવાનો છે? આજે ૫૦ ટકા ખેડૂતોને પાણી મળતું નથી. આ યોજનાના કર્મચારીઓ અને અધિકારીઓને બીજી જગ્યાએ મૂકી દીધા છે. તો આ યોજના બંધ થઇ જશે એમ લાગે છે.

મારે વીજળી માટે કહેવું છે કે સરકાર કહે છે કે અમે ૮ કલાક વીજળી આપીએ છીએ, પરંતુ ૮ કલાક તો નહીં, પરંતુ જે ૫૦ ટકા સહાય અપાય છે એ પણ મળતી નથી. ચોમાસામાં જયારે ડાંગરની અમારા વિસ્તારમાં રોપણી થતી હોય છે ત્યારે જયારે જોઇએ ત્યારે પાણી મળતું નથી અને એ રોપણી છેલ્લા ૩ મહિનાથી તો બિલકુલ બંધ રહે છે. કેટલાય વખત ફરિયાદ કરવા છતાંપણ પાણી અપાતું નથી. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે મારા વિસ્તારમાં એક અંકવાસ ગામે ૬૬ કે.વી.નું સબ સ્ટેશન તૈયાર થઇને પડયું છે, પરંતુ એના રેસા–લાઇન નાંખવામાં આવતી નથી અને એ સબ સ્ટેશન એના અભાવે ચાલુ થતું નથી. તો મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે વહેલી તકે એના રેસાઓ ખેંચાવીને એ સબ સ્ટેશન ચાલુ કરવામાં આવે.

શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે લેખાનુદાન લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારી સામે બેઠેલા મારા વડીલશ્રીઓ વનબંધુ કલ્યાણ યોજના વિશે બોલતા હતા. આ વનબંધુ યોજના ૧૫ હજાર કરોડ રૂપિયાની છે એમ કહેવામાં આવે છે, પરંતુ એ ૧૫ હજાર કરોડ રૂપિયા કયાંથી આવ્યા એ જ મને ખબર પડતી નથી. આ ૧૫ હજાર કરોડ રૂપિયાની ફાળવણી તો બજેટમાં કરવામાં આવતી નથી અને એના નામે આદિવાસી સમાજને ગુમરાહ કરવામાં આવે છે એવું લાગે છે. આ ૧૫ હજાર કરોડ રૂપિયાનો આંકડો એવી રીતે બતાવવામાં આવે છે કે વિજયનગરનું તળાવ ટ્રાયબલ વિસ્તારમાં ઊંડું કરવામાં આવે તો એ તળાવ સરકારી બજેટમાંથી ઊંડું કરવામાં આવે, હિંમતનગરનું તળાવ ઊંડું થાય એ પણ સરકારી બજેટમાંથી થાય અને આ બધો ખર્ચ એ વનબંધુ યોજનામાં ગણવામાં આવે છે. ટ્રાયબલ વિસ્તારના યુવાનોને બેંકેબલ યોજના નીચે લોન આપવામાં આવે તો એ યોજનાનો લાભ જે યુવાનો લે એને પણ આ વનબંધુ યોજનામાં ગણવામાં આવે છે. એટલે આ વનબંધુ કલ્યાણ યોજનાના આ ૧૫ હજાર કરોડ રૂપિયા જે બતાવે છે એ આ રીતે બતાવવામાં આવે છે જે નિરર્થક છે અને એકદમ *(xxxxxx) વાત છે.

અધ્યક્ષશ્રી : આપે જે (xxxxxx) શબ્દપ્રયોગ કર્યો છે તે અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવે છે.

શ્રી અશ્વિન કોટવાલ : હા,જી સર. એ શબ્દો કાઢી નાખો. હું બીજી પણ એક વાત કહેવા માગું છું કે મારા સમાજમાંથી આદિવાસી વિસ્તારમાંથી ચૂંટાયેલા મુરબ્બીઓ અને વડીલો સામા પક્ષે બેઠા છે તેમણે પણ અમારા સમાજ પ્રત્યે થોડી પણ લાગણી રાખીને સાચું બોલવું જોઇએ એમ હું માનું છું. હમણાં એમ કહેવામાં આવ્યું કે આદિવાસીઓ પાયલોટ બની ગયા, પરંતુ હું પૂછું છું સામેવાળાને કે છેલ્લા ૧૦ વર્ષમાં તમે એકપણ પાયલોટ બનાવ્યો છે ખરો? મારો એકપણ આદિવાસી ભાઇ આજે વિમાન ચલાવે છે ખરો? હું તેમને બીજી પાણ વાત કરવા માગું છું કે આ ગુજરાતમાં મેડીકલ વિભાગની આદિવાસી ભાઇઓની ૨૦૦ જગ્યા ખાલી રહી છે ત્યારે કઇ રીતે આદિવાસીઓના વિકાસની વાત કરવામાં આવે છે? મને પોતાને ખબર છે કે જયારે ગુજરાતમાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે આદિવાસીઓ ગુજરાતમાં આવીને ભણી શકે, વડોદરામાં આવીને ભણી શકે એ માટે અમદાવાદમાં નરસિંહ ભગત નામનું છાત્રાલય હતું . એમાંથી કેટલાય યુવાનો અધિકારી થયા, ડી.એસ.પી. થયા, કલેકટર થયા, પરંતુ આ સરકારે છેલ્લા ૧૫ વર્ષમાં સમ ખાવા પૂરતું

---

* આ શબ્દ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યો છે.

એકપણ છાત્રાલય બનાવ્યું હોત તો અમને સારું લાગત અને જે છાત્રાલય ખોલવામાં આવ્યાં છે એ પણ ભાડાના મકાનમાં ખોલવામાં આવ્યાં છે. એટલે મારી આ સામે બેઠેલા મારા વડીલોને વિનંતી છે કે આપણે કોઇપણ વાત આદિવાસીઓના વિકાસની કરીએ તો એ ખરેખર વિકાસ થયો છે કે કેમ એ સમજીને વાત કરવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, એ.ટી.વી.ટી.ની યોજના સરકારે કરી એમાં શું થયું કે ધારાસભ્યને ૫૦ લાખ રૂપિયાનું ફંડ ફાળવવામાં આવ્યું અને ડેપ્યુટી કલેકટરને અને પ્રાંત અધિકારીને સવા કરોડ રૂપિયાનું ફંડ ફાળવવામાં આવ્યું. અમે ધારાસભ્ય તરીકે ચૂંટાયા છીએ અને એ પોતાના વિસ્તારનો વિકાસ કરે એની જવાબદારી ધારાસભ્યને આપવી જોઇએ એના કરતાં ડેપ્યુટી કલેકટર કે પ્રાંત અધિકારીને આ ફંડ મળે એ બરાબર ના કહેવાય.ધારાસભ્યને પૂરતું ફંડ ના ફાળવવાથી એ પોતાના વિસ્તારનો વિકાસ સારી રીતે કરી શકતો નથી.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી આ ગૃહ સમક્ષ ૩૧મી જુલાઇ સુધીનું વોટ ઓન એકાઉન્ટ ૭૩૨ કરોડની પુરાંતવાળું બજેટ લઇને આવ્યા છે તેને આવકાર આપવા અને અનુમોદન આપવા માટે ઊભો થયો છું.

અહીં ઘણી બધી વાતો થઇ, પરંતુ ગુજરાતના બજેટની એક આગવી છાપ, અંદાજપત્રની સમયબદ્ધતા, તેની સંપૂર્ણતા અને સરળતા એની ટ્રાન્સપરન્સી માટે દેશના અન્ય રાજયોના બજેટની સરખામણીમાં પણ એમને સેન્ટર ઓફ બજેટ એન્ડ ગવર્નમેન્ટ એકાઉન્ટીબિલિટીની રીતે એને બીજા રાજયો કરતા ઉંચો સ્કોર આપ્યો છે તે આપણે બધા જાણીએ છીએ. વિરોધપક્ષના મારા સભ્યોએ અંદાજપત્રમાં કઇ કઇ તકલીફો છે, કયાં તકલીફો દેખાય છે? છેતરામણું બજેટ છે એમ કહ્યું છે. મારે એટલું જ કહેવું છે કે આપ પણ જેમનાંથી ખૂબ પરિચિત હતા એવા શૂન્ય પાલનપુરી, ઉત્તરના એ ખૂબ જ સારા શાયરે ખૂબ સારું કહ્યું છે, કે ''દેખાતા પણ જે ન સમજે, એ છાયાનો અસુલ, ઉંઘતાને જગાડવો સરળ છે, જાગતાને જગાડવો મુશ્કેલ છે, અને આંધળા છે તેની સામે અરીસો છે ફજૂલ,''

મારે વિશેષ વાત એ મહેસૂલ વિભાગને લક્ષમાં રાખીને કરવી છે, અને મહેસૂલ વિભાગને લક્ષમાં રાખીને મારા વિચારો રજૂ કરવા આવ્યો છું. શરીરમાં જે રીતે સ્પાઇનલ કોડનું અગત્યનું સ્થાન છે એ જ રીતે રાજય સરકારના જુદા જુદા જે ખાતાઓ છે એમાં મહેસૂલ વિભાગનું એક આગવું સ્થાન રહ્યું છે. મારે માનનીય મુખ્યમંત્રીશ્રી અને મહેસૂલ વિભાગના મંત્રીશ્રીને અભિનંદન આપવા છે. એમણે એમના વહીવટમાં પરદર્શીતા, કાર્યક્ષમતા, સત્તાનું વિકેન્દ્રીકરણ, સરળતા, આધુનિક ટેકનોલોજી એ આ વિભાગની વિશેષતાઓ છે. મહેસૂલ વિભાગની અંદાજપત્રની જોગવાઇ ૨૦૦૪-૦૫ માં ૫૭૧ કરોડની હતી. માનનીય અધ્યક્ષશ્રી, રાજયના પ્રચંડ ઉર્જા પુરુષ, ૨૧મી સદીના પ્રચંડ ઉર્જા પુરુષ અને ભારતના ભાવિ વડાપ્રધાન નરેન્દ્રભાઇનું જે સૂત્ર હતું સૌનો સાથ સૌનો વિકાસ, એ સૂત્ર મહેસૂલ વિભાગે સાકાર કર્યું છે. મારે એક વાત કરવી છે, જે કોઇ વાત કરતું હોય તે, પરંતુ મારે શ્રેષ્ઠ સરકારી ભવનની વાત કરવી છે. અહીંયા વિરોધપક્ષના મિત્રો બેઠા છે એ તાપી ભવનની વાત કરવી છે. નથી અમારી તાલુકા પંચાયત, નથી અમારી જિલ્લા પંચાયત, નથી અમારો ધારાસભ્ય, નથી અમારો સંસદ સભ્ય, સૌનો સાથ સૌના વિકાસમાં લઇને એ જે મહેસૂલ ભવન બનાવ્યું છે, ઘણાં તીર્થ સ્થાનો હશે, પરંતુ મારા વિરોધ પક્ષના સભ્યોને કહું છું. એક વખત જઇને જુઓ આ તાપી ભવન સો કરોડના ખર્ચે શ્રેષ્ઠ સરકારી ભવન બાંધ્યું હોય તો આ ભારતીય જનતા પર્ટીની સરકારે બાંધ્યું છે. તમે જયારે મને એક મિનિટ કહી છે ત્યારે છેલ્લી શાયરી અને તે પણ અમારા માનનીય મુખ્યમંત્રી છે તેના માટે હ્રદયની ઉર્મિઓમાંથી જે વાત નીકળી છે એ વાત આપને પણ ગમશે, કે ''આંધિયો સે જા કે કહે દો, આંધીયો સે જાકે કહે દો, જરા ઔકાતમેં રહે, હમ પરો સે નહીં, હોંસલો સે ઉડા કરતે હૈ.''

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ જે લેખાનુદાન અંદાજપત્ર લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું. ગુજરાતે સમગ્ર દેશને પ્રતિતી કરાવી છે કે દરેક ક્ષેત્રની અંદર પરિવર્તન શકય છે, સપના હોવા જોઇએ, અને તેને સાકાર કરવા માટે વિઝન હોવું જોઇએ, મિશન હોવું જોઇએ, આયોજન હોવું જોઇએ અને કટીબદ્ધતા હોવી જોઇએ.

એટલા માટે જ ગુજરાત આજે સર્વને સમાવેશ કરતું સામાજિક, આર્થિક વિકાસનું વ્યાપક ટકાઉ મોડેલ બની ચૂકયું છે. જયારે સમગ્ર દેશ ગુજરાતના તમામ પ્રકારની ઉર્જાની વાત કરતું હોય ત્યારે છેલ્લા બાર વર્ષમાં રાજય સરકારે વિઝન અને પ્લાનિંગના આયોજન સાથે વિવિધ પગલાંની સાથે આ રાજય વીજ ઉત્પાદનમાં સ્વનિર્ભર થયું છે. આજે ગુજરાત એક જ સરપ્લસ સ્ટેટ તો છે જ, સાથે સાથે કોલસાના ભાવમાં ૬૨ ટકાનો વધારો થયો હોય, આયાતી કોલસામાં ૧૫૩ ટકાનો ભાવ વધારો થયો હોય, વીજ ઉત્પાદન ક્ષેત્રે લગભગ ૨૭૦૦ કરોડ રૂપિયાનો બોજો પડતો હોય છતાં પણ એક પણ રૂપિયાનો ભાવ વધારો આ વીજ ઉપર લેવાયો નથી. ખેડૂતો ઉપર આ સરકરે બોજ પડવા દીધો નથી તે માટે રાજય સરકારે સબસિડી પણ ચૂકવી છે. સૌથી અગત્યની બાબત છે કે ૧૯૮૩ થી ખેડૂતોના બિલમાં પાંચ ટકા ઇલેકટ્રિસિટી ડયૂટી આકારાતી હતી એ આ સરકારે નાબૂદ કરી છે. આવી તો અનેક સિદ્ધિઓ છે કે જે ડેવલપમેન્ટ એનર્જી સેકટરમાં થઇ છે. આજે ગુજરાત પહેલું રાજય છે કે જેણે સન ૨૦૦૯માં પોતાની સોલાર પોલિસી ડેવલપ કરી છે, ૫૦૦ મેગાવોટનો સોલાર પાર્ક પાટણ જિલ્લાના ચારણકા ગામે સ્થાપવામાં આવ્યો છે. ગુજરાત વિશ્વની અંદર કેનાલ ટોપ એક મેગાવોટનો પ્રોજેકટ છે જે વિશ્વમાં ગૌરવ અપાવે એવો છે. જે સ્ટેટનું ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક છે એમાં એક કરોડ ૩૫ લાખ જેટલા કસ્ટમર્સને વીજળી પૂરી પડીએ છીએ. પર કેપીટા જે કન્ઝમ્શન ગુજરાતનું ૧૫૧૯ યુનિટ છે ત્યારે દેશનું ૮૭૦ યુનિટ છે, એટલે આપણી વીજળીની વપરાશ ડબલ છે. આપણે સેકન્ડ હાઇએસ્ટ ઇન્સ્ટોલેશન જનરેશન કેપેસિટી આપણું ગુજરાત રાજય ધરાવે છે. હાઇએસ્ટ ટ્રાન્સમિશન નેટવર્ક આપણી પાસે છે. જયોતિ ગ્રામ યોજનાને ફલેગ શીપ યોજના જાહેર કરી છે. કોંગ્રેસના ૧૮ જેટલા રાજયોએ ગુજરાતની અંદર આવીને વીજળીનું કેવી રીતે ઉત્પાદન થાય છે એ જોઇને ત્યાં આગળ અમલમાં મૂકવાની વાત કરે છે. એક લાખ જેટલા નવા ખેતીવાડી કનેકશન આ વર્ષમાં રીલીઝ થયા છે અને અત્યાર સુધી કોઇ ટેરીફ આની ઉપર લેવાયો નથી. વીજ ક્ષેત્રની ઉત્કૃષ્ઠ કામગીરીને ઘ્યાને લઇને છેલ્લા સાત વર્ષની અંદર લગભગ ૭૫ એવોર્ડ આ રાજયને મળ્યા છે.

એથી આગળ વધીને વીજ લાઇનની વાત કરુ તો હાલમાં અત્યારે ૪૮,૯૬૩ કિલોમીટરની વીજ લાઇન કાર્યરત છે, જેમાં વર્ષના અંતે બીજા ૧૪૮૦ કિલોમીટર વીજ લાઇનનો વધારો થવાનો છે. લેખાનુદાનમાં પણ મંત્રીશ્રીએ લખ્યું છે કે ૨૦૧૪–૧૫ માં આ પ્રમાણે વધારાની ૧૮૫૭ કિલોમીટરની નવી લાઇન ઊભી કરવાનું આયોજન છે. સબ સ્ટેશનની વાત કરુ તો ૩૦–૧૧–૨૦૦૩ની સ્થિતિએ કુલ ૧૩૬૧ સબ સ્ટેશન કાર્યરત છે એમાં આ વર્ષના આખરમાં નવા ૧૦૯ સબ સ્ટેશનનો વધારે કરવામાં આવશે. ૨૦૧૪–૧૫ માં આવા બીજા નવ સબ સ્ટેશનો કાર્યાન્વિત થવાના છે.

મફત ઘરગથ્થું વીજ જોડાણની સભ્યશ્રીઓ વાતો કરતા હતા ત્યારે રાજય સરકારે ગરીબ પરિવારને નિઃશૂલ્ક વીજળી પૂરી પાડવા માટે વિવિધ યોજના અમલમાં મૂકી છે. ૨૦૧૩–૧૪માં નવેમ્બરના અંત સુધી ૬૯,૫૯૬ ઘરગથ્થું વીજજોડાણ વિવિધ યોજના થકી એ ઝૂંપડા હોય, કુટિરજયોતિ યોજના હોય, અનુસૂચિત જાતિની વસતિની વીજળીકરણ યોજના હોય. માનનીય નટવરસિંહજી અમારે ત્યાં બીજા રાજયોમાંથી રાત્રે ગુજરાતમાં બસમાં આવતા હોય, જયાં અજવાળું જોવે ત્યારે લોકો કિલોમીટર નથી જોતા અને એમ કહે છે કે આ ગુજરાત આવી ગયું. ૨૦૧૪–૧૫માં ૬૨ હજારથી વધુ જોડાણો રૂપિયા ૪૦ કરોડના ખર્ચે આપવાનું આયોજન છે.

કૃષિની વાત કરતા હતા, ૨૦૦૧–૨૦૦૨ સુધીમાં કૃષિ વીજ જોડાણની સંખ્યા ૭,૩૩,૦૦૦ હતી જે વધીને જાન્યુઆરી ૨૦૧૪માં ૧૨,૨૬, ૪૬૧ થઇ છે જે પૈકી ૩,૧૫,૦૦૦ જેટલા વીજ જોડાણો તો માત્ર ૫ વર્ષના ટૂંકા ગાળામાં આપવામાં આવ્યા છે. વિવિધ યોજના હેઠળ ૨૦૧૨–૧૩ દરમિયાન ૯૭૪૫૯ કૃષિ વીજ જોડાણ અને વર્ષ ૨૦૧૩–૧૪માં જાન્યુઆરી –૧૪ના અંત સુધીમાં ૭૨,૦૦૦ કૃષિ વીજ જોડાણો આપવામાં આવ્યા છે. ડોકટર સાહેબ આપ કહેશો તો વિગત હું અહીં આગળ આપી દઇશ. વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન ૧ લાખથી વધુ વીજજોડાણો આપવાનું નકકી કરવામાં આવેલું છે. કિસાન હિત ઉર્જા શકિત યોજના,(ખુશી) રાજય સરકારે કૃષિ ક્ષેત્રે, પૂરા દબાણથી, ગુણવત્તાપૂર્ણ અને સાતત્યપૂર્ણ વીજળી મળે તે હેતુથી રાજય સરકારે કિસાન હિત ઉર્જાશકિત ખુશી અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના અંગર્ગત ૨૦૧૪–૧૫માં

દોઢસો કરોડ રૂપિયાના ખર્ચે એલ.ટી. લાઇનને એસ.ટી. લાઇનમાં ફેરવવાની કામગીરી, મોટી ક્ષમતાવાળા ટ્રાન્સફોર્મરની જગ્યાએ નાની ક્ષમતાવાળ ૯૫૦૦ ટ્રાન્સફોર્મર લગાવવાની કામગીરી પણ આ બજેટમાં લેવામાં આવી છે.

હું બિન પરંપરાગત ઉર્જાની વાત કરતો હતો. ગુજરાત રાજયે સિદ્ધિ મેળવી છે , જે બિન પરંપરાગત ૪૧૨૬ મેગાવોટ વીજળી ગુજરાતે પહેલ કરી છે તેને સફળતા મળી છે. આજે પણ નવી ટેકનોલોજી, નવા સંશોધન, નવા પ્રોગ્રામ થકી બિન પરંપરાગત વીજળીની અંદર ગુજરાત અગ્રેસર છે. મારે કહેવું છે કે જે વિશ્વની રાક્ષસી સમસ્યા ગ્લોબલ વોર્મીંગની સામે કાર્બન ક્રેડીટ મેળવવાની અંદર આજે દેશની અંદર ગુજરાત અવ્વલ નંબરે આવે છે ત્યારે જયારે આપણે ૪૧૨૬ મેગવોટ બિનપરંપરાગત વીજળી પેદા કરીએ છીએ ત્યારે એક સર્વે કહે છે કે અત્યારે લગભગ આપણે ૬૦લાખ ટન કાર્બન ડાયોકસાઇડ હવામાં જતો અટકાવી શકીએ છીએ, એનાથી આગળ વધીને રાજય સરકાર ટાઇડલ એનર્જી લાવવાની દિશામાં છે. સમુદ્ર આધારીત આપણી પાસે ૧૬૪૦ કિલોમિટર લાંબો દરીયાકિનારો છે અને સમુદ્ર આધારિત, સમુદ્રના મોજા આધારીત ૫૦ મેગાવોટ વીજમથક સ્થાપવાની પ્રગતિ અને સિદ્ધિ પણ હાંસલ કરી છે. હું એક લાઇનમાં કવિતા કહી દઉં. હમણા દિલહી જવાનું થયું અને ત્યારે એક ગરીબને, ભીખારીને સાંભળ્યો, એ કહેતો હતો,

•(xxxxxx) મગર લૌટા દો વો કીંમતે પૂરાની, વો આટા, વો ગેસ, વો બીજલી, વો પાની,
બડી મહેરબાની, બડી મહેરબાની.

શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ પટેલ લેખાનુદાન પ્રસ્તાવ લઇને આવ્યા છે એની ઉપર હું મારા મંતવ્યો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય નીતિનભાઇ પટેલ અમારા તાલુકાના વતની છે અને અમારા નજીકના મિત્ર છે. ખાસ અંગભૂત યોજનામાં હું અનુસૂચિત જાતિ ઉપર બોલવા માગુ છું. ખાસ અંગભૂત યોજનામાં કેન્દ્ર સરકારના પ્લાનીંગ પ્રમાણે ખૂબ જ સ્પષ્ટ સૂચના હોવા છતાં અનુસૂચિત જાતિની સાત ટકા પ્રમાણે જે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તે પૂરી ફાળવવામાં આવતી નથી. ચાર ટકાથી વધારે ગ્રાન્ટ વધારે ફાળવતા નથી. એનાથી બીજી વધારે તકલીફ એ છે કે માનનીય નીતિનભાઇ પટેલ નગરપાલિકામાં ભા.જ.પ.ની બોડી છે અને જેટલી અનુસૂચિત જાતિની ગ્રાન્ટ આવે કેન્દ્ર સરકારની , અહીંયા મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડની જે પણ ગ્રાન્ટ આવે અનુસૂચિત જાતિ માટેની એ તમામ ગ્રાન્ટો અનુસૂચિત જાતિના વિસ્તારમાં ન ફાળવતા અન્ય વિસ્તારમાં ફાળવી દેવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી :** તમારી પાસે કોઇ ઉદાહરણ હોય તો આપો. વેગ વાત નહીં કરવાની કે આટલી ગ્રાન્ટ કેન્દ્ર સરકારે આ તારીખે ફાળવી હતી એના બદલે બીજાને ફાળવી દીધી. એવું બજેટ હેડમાં હોય તો બતાવો. ખોટી ગેરસમજ નહીં કરવાની. કેન્દ્રની ગ્રાન્ટ બીજે ફાળવાય જ નહીં. રાજ્ય સરકારની હેસિયત નથી અને ત્રેવડ પણ નથી અને કાયદો ના પાડે છે.

**શ્રી રમેશભાઇ મ. ચાવડા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મ્યુનિસિપાલિટીમાં કાઉન્સિલર છું અને વિરોધ પક્ષનો નેતા છું. આ બાબતની મારી પાસે ચોક્કસ માહિતી છે અને હું આ માહિતી ટેબલ ઉપર મૂકીશ.

**અધ્યક્ષશ્રી :** મ્યુનિસિપાલિટીને કેન્દ્ર પ્રોજેક્ટ આપતું હશે. અહીંનું કંઇ ટ્રાન્સફર ન થાય.

**શ્રી રમેશભાઇ મ. ચાવડા :** હું મ્યુનિસિપલ ફાયનાન્સની વાત કરું છું. ગુજરાતના મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડની વાત કરું છું કે જેના નાણાં આપવામાં આવે છે. હું પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિની બાબતમાં વાત કરીશ કે અહીંયા દલિત વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિની યોજના જે કેન્દ્ર સરકારની છે આમ છતાં ગરીબ વિદ્યાર્થીઓને બે બે વર્ષ સુધી સ્થાનિક સરકાર સ્કોલરશીપ આપતી નથી અને એના પૈસા ક્યાં વાપરે છે એની સમજ પડતી નથી. બે બે વર્ષ સુધી આપતી નથી. સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં તગડી ફી લેવામાં આવે છે અને ફી પાછી મેળવવા માટે સમાજ કલ્યાણ વિભાગમાંથી જે કાર્યવાહી કરવામાં આવે છે એમાં વિદ્યાર્થીઓને ફાંફાં પડી જાય છે. ૫૦ ધક્કા ખાઇએ તો પણ મેળ આવતો નથી એવી પરિસ્થિતિ આ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

રાજ્યમાં છે. યુનિવર્સિટીની ફી નક્કી કરવા માટેની જે કમિટી હોય છે એ બેસતી નથી અને ફી નક્કી કરતી નથી. આદર્શ નિવાસી શાળાઓમાં સરકારશ્રી તરફથી સાયન્સ વિભાગ ચાલુ કરવા માટે નક્કી કરેલ છે. માનનીય રમણભાઇ વોરા સાહેબ તરફથી આ નક્કી થયેલ છે. આ વાતને આજે કેટલા વર્ષો થઇ ગયા? આજ સુધી એનો કોઇ નિકાલ આવ્યો નથી. અહીંયા ૧૦ વર્ષ પહેલાં આ જ ગૃહમાં માનનીય સમાજ કલ્યાણ મંત્રીશ્રી રમણભાઇ વોરા સાહેબ હતા અને એમણે કહ્યું હતું કે ગુજરાતના બધા જ તાલુકા દીઠ આંબેડકર હોલ બનાવવામાં આવશે. આજે ૧૦ વર્ષ થઇ ગયા પણ હોલની એક ઇંટ મૂકાઇ નથી. ગૃહમાં શું બોલ્યા છીએ એના માટે કોઇ ધ્યાન રાખવામાં આવતું નથી.

**ડો. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે લેખાનુદાન બજેટ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો વ્યક્ત કરું છું. માનનીય નાણામંત્રીશ્રીએ એમના બજેટમાં જણાવ્યું છે કે, અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે એમણે ૮૩ લાખ રૂપિયા શિષ્યવૃત્તિ માટે ફાળવ્યા છે. મારા સાથી મિત્રએ વાત કરી. તેમણે આર.ટી.આઇ. એક્ટ મુજબ અમદાવાદ જિલ્લાની માહિતી માગેલ તેમાં ૩૧૨૫ દલિત વિદ્યાર્થીઓને કરોડો રૂપિયાની શિષ્યવૃત્તિ આજ સુધી મળી નથી અને ૧૬૧૩ વિદ્યાર્થીઓના ફોર્મ સ્વીકાર્યા નથી. આ પ્રવેશોત્સવના નામે જે કરોડો રૂપિયા વપરાય છે તેમ છતાં આજે હજારો જેટલી પ્રાથમિક શાળાઓ કે જે બાળકોની સંખ્યાના અભાવે મર્જ કરવામાં આવે છે અને ચોરે ને ચૌટે •(xxxxxx) જેમ સેલ્ફ ફાયનાન્સ સ્કૂલો ઊભી કરવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી :** (xxxxxx) વાળા શબ્દો કાઢી નાખું છું.

**ડો. તેજશ્રીબેન દિ. પટેલ :** એટલી વિનંતી કરવામાં આવે છે કે સરકારી શાળાઓને પ્રોત્સાહન આપવામાં આવે અને ગરીબ વિદ્યાર્થીઓને થોડું વધારે જ્ઞાન મળે અને એમનો વિકાસ થાય એવા પ્રયત્નો કરવામાં આવે.

**શ્રી રમણલાલ ઇ. વોરા (શિક્ષણ મંત્રીશ્રી) :** પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન છે. જે વાત કરી રહ્યા છે એ કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. આપણે ચર્ચા કરી રહ્યા છીએ ગુજરાત સરકારના બજેટની. આ કેન્દ્ર પુરસ્કૃત યોજનામાં રાજ્ય સરકારે પરિપત્ર કર્યો છે. આજ દિન સુધી કેન્દ્ર સરકાર તરફથી એક પણ નવો પૈસો આપવામાં આવ્યો નથી.

**ડો. તેજશ્રીબેન દિ. પટેલ :** હાલ ગુજરાતમાં ૧૨મા ધોરણમાં એક જ એન્યુઅલ એક્ઝામ લેવામાં આવતી હતી એના બદલે ચાર સેમેસ્ટરમાં એક્ઝામ કરી એના કારણે વાલી અને બાળકોને ત્રણ ત્રણ વખત બીફોર શોક અને જેઇઇ, નીટ અને ગુજસેટની પરીક્ષા આપવા માટે આફટર શોકના આંચકા ખાવા પડે છે. એના કારણે ભાર વગરના ભણતરની વાત કરવામાં આવતી હતી,એના બદલે વિદ્યાર્થીઓ ઉપર ખૂબજ ભાર વધી ગયો છે અને આત્મહત્યાઓનું પ્રમાણ જે વિદ્યાર્થીઓનું વધી ગયું છે એની સરકાર ચિંતા કરે તો સારી વાત છે. યાદ રહે કે એજ્યુકેશન ભલે સર્વિસ હોય પણ વિદ્યાર્થી એક કસ્ટમર નથી એ તો જીવતું જાગતું બાળક છે તેથી તેની અહેવાલના ના થાય. ગુજરાતની ખાનગી વીજ કંપની જ્યારે વીજળીની વાત કરું, ટૉરેન્ટ, અદાણી, સુઝલોન એનર્જી, એસ્સાર પાવર દ્વારા આ બધી જુદી જુદી કંપનીઓને જ્યારે સરકારી જમીન તેઓ સસ્તા દરે લેતી હોય, અન્ય સરકારી કર રાહતો મેળવતી હોય, તગડો નફો કરતી હોય ત્યારે સસ્તા ભાવે ઉત્પન્ન થતી વીજળી પ્રજાને મોંઘા ભાવે જ્યારે વેચી દઇ અને આ સરકાર જ્યારે જુદા જુદા ગ્રાહક મંડળો રજૂઆત કરતા હોય, બૂમાબૂમ કરતા હોય છતાંય (xxxxxx) ૨૦૧૩ની સ્થિતિએ.. (અંતરાય)

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દ કાઢી નાંખો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : ૫૬૪૪૯૨ ખેડૂતોની વીજ કનેકશનની અરજીઓ જ્યારે પડતર રહી છે. આ જે જવાબ છે એ તમારા વિધાનસભાના જવાબના આધારે મેં આંકડા લીધા છે અને ૧૬૮૭૫.૭૫ મિલિયન યુનિટ અન્ય રાજ્યોમાં જે વીજળી વેચવામાં આવે છે એ વીજળી જો અન્ય રાજ્યોમાં વેચવામાં આવતી ના હોય તો આપણા ગુજરાતના ગરીબ ખેડૂતોને એનો લાભ મળે અને આ જે વીજ કંપનીઓ છે એનું

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

ઓડિટ કરવામાં આવે તેવો હું અનુરોધ કરું છું અને બીજું ગુજરાતમાં નાના નાના જે વેપારીઓ છે, જે લઘુ ઉદ્યોગો છે, ખેડૂતો છે એના જોડે જો ટેકસ ઉઘરાવવાની બાબત આવે ત્યારે પઠાણી ઉઘરાણી કરવામાં આવતી હોય અને ૨૦ જેટલી કંપનીઓ છે, મોટા ઉદ્યોગો છે, જેનો જવાબ વિધાનસભામાં આપ્યો છે કે ૨૦૦૦ કરોડ જેવી મોટી રકમ વેરા પેટે બાકી નીકળતી હોય ત્યારે જુદા જુદા કરવેરાઓ નાંખી વાર્ષિક હિસાબો સરભર કરવા માટે થઇ અને જનતા પર જ્યારે ટેકસનું ભારણ જ્યારે વધી જતું હોય ત્યારે આ બજેટના અંદાજોમાં ફેરફાર કરવા પડે છે તો એ પણ આ જે ટેકસ લેવામાં આવે છે. મોરબીના સીરામિક ઉદ્યોગની વાત કરું.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે લેખાનુદાન લઇને આવ્યાં છે એમાં મારું અનુમોદન આપું છું.

આપણે સૌ જાણીએ છીએ કે મુરબ્બી નરેન્દ્રભાઇની જ્યારે સરકાર આવી ત્યારથી, અહીંયાથી સામે બેઠેલા ભાઇ નીકળતા હશે ત્યારે કેનાલમાં પાણી જોતા હશે કે ક્યાં જાય છે? અમારું સૌરાષ્ટ્ર ઉંધી રકાબી જેવું સ્ટેન્ડ હોય એ ટાઇપનું સૌરાષ્ટ્ર છે. ત્યાંથી જે નર્મદાનું પાણી જાય છે એ પાંચ જગ્યાએ પંપિંગ કરી આશરે ૩૬૦૮૪ કિલોમીટર બલ્કમાં મોટી લાઇન નાંખી છે. નાની લાઇન ૧૨૭૬૯ કિલોમીટર લાઇન નાંખીને ગામડે ગામડે જે પાણી આપ્યું છે એ ભારતીય જનતા પાર્ટીની સરકારે આપ્યું છે. સાહેબ, મને યાદ છે જ્યારે હું ૧૯૯૦માં તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીમાં જ્યારે ઊભો હતો ત્યારે તાલુકા પંચાયતમાં ટેન્કર માટે કોંગ્રેસના આગેવાનો બાઝતાં હતાં. ભાઇ ટેન્કર મારું, ફેરા પાંચ મંજૂર કરો એમાંથી બે નાંખવાના આ પોઝિશન હતી. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યાં પછી એ સાવ બંધ થઇ ગયું. માનનીય અધ્યક્ષશ્રી, નરેન્દ્રભાઇની જ્યારે સરકાર આવી અને જ્યારે પાણી પુરવઠા મંત્રી તરીકે નીતિનભાઇ હતા ત્યારે સિંચાઇ માટે ૩૫ લિટર પાણી આપતા હતાં, એનું ૭૦ કર્યું અને ૭૦નું આજે ૧૦૦ લિટર પાણી આપે છે.

બીજું, મારા મિત્ર અશ્વિનભાઇ કહેતા હતા કે, પાયલોટની વાત. મારી પાસે નામ છે નવસારી જિલ્લામાં ૧૫ જણાને પાયલોટની ટ્રેનિંગ મળી છે. નામ છે આ હું અશ્વિનભાઇને મોકલું છું. વાંચીને અભ્યાસ સાચો કરે. (અંતરાય) બોલોમાં હવે થોડા ઘણા છો એ પણ નહિ રહો. માનનીય અધ્યક્ષશ્રી, કહેતા મને આનંદ છે કે, મારા જાહેર જીવનમાં ૩૨ વર્ષ થયા પહેલીવાર એવું બન્યું છે કે પાણી પુરવઠા મંત્રી હતા ૪૨ દિવસમાં માત્ર થોડાક દિવસ મોરબીને પાણી જોઇતું હતું. એની લાઇન નક્કી થઇ, પ્લાન નક્કી થયા, એસ્ટીમેટ થયા અને ૪૨ દિવસમાં આ મોરબીને નર્મદાનું પાણી આપ્યું. મંજૂર કરવાથી માંડીને કામ પુરું કર્યું આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. માનનીય મુખ્યમંત્રીશ્રી સરકારમાં રહીને કામ કરે છે. શંકરસિંહ બાપુ જતા રહ્યા, મારાં ગુરુ છે. એ કેમ સાંભળવા માટે બેસતા નથી? મને યાદ છે કે જ્યારે મોરબીમાં હોનારત આવીને એ એમને પણ ખ્યાલ છે. જ્યારે મોરબીમાં હોનારત આવ્યું હતું ત્યારે શ્રી બાબુભાઇ જશભાઇ પટેલ મુખ્ય મંત્રી હતા ( સમયસૂચક ઘંટડી) ત્યારે અમારા નરેન્દ્રભાઇને કામ સોંપવામાં આવ્યું. નરેન્દ્રભાઇ ત્યારે બોલ્યા, અઘરામાં અઘરું કામ મને આપો. હું સંઘના સ્વયં સેવક તરીકે ત્યારે કામ કરવા આવ્યો હતો. ત્યારે મોરબીના ચાર હજાર મૃત્યુ પામ્યા હતા એના મડદા ઉપાડી અને એના અગ્નિ સંસ્કાર કર્યા હતા અને બાપુ એના સાક્ષી હતા અને બાપુ ત્યારે એના વખાણ કરતા હતા. હવે કેમ વખાણ નથી કરતા ?

હમણાં બહેનશ્રી મારા કહેતા હતા, બહેનને હું એક જવાબ આપું કે, રાજયના શિક્ષણ વિભાગે જે ચાર–ચાર, છ–છ મહિને જે પરીક્ષા લીધી, વિદ્યાર્થીને ભાર ઓછો થાય. છ મહિને પરીક્ષા લે, એના વાલીને જવાની જરૂર નથી. શું કામ વાલી જાય છે ? વિદ્યાર્થી પરીક્ષા દેવા જતા હોય તો એના વાલીએ જવાની કાંઇ અત્યારે પણ અગાઉની સરકારમાં ચોરી કરાવવા જતા હતા અને અત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ચોરી વગર સારા ટકા આવે એના માટે છ–છ મહિને આ રાજયના શિક્ષણ મંત્રીએ નિર્ણય લીધો અને એના આધારે વિદ્યાર્થીઓને ભાર જ ના પડે. પણ જૂની આદત હોય, જૂની વિચારસરણી હોય, એ તમે બોલી શકો. પેટમાં પડ્યું રહેતું નથી. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી આ જે સિસ્ટમમાં જે ફેરફાર કરે છે એને હું અભિનદન આપું છું અને શ્રી નીતિનભાઇને નાણા મંત્રી તરીકે જે કામ કરે છે એમને પણ અભિનંદન આપું છું. આજે બે શબ્દો બોલવાની જે તક આપી, અધ્યક્ષશ્રી તો સાક્ષી છે કે, નરેન્દ્રભાઇ તો સત્તામાં છે પણ

સત્તામાં નહતા ત્યારે આજીવન એણે કામ કર્યું છે, નજરે જોયું છે. તો એને કોઇ રોકવાનું નથી. તમે મહેરબાની કરીને સારું બોલો તો કાંઇક તમારા વિસ્તારમાં તમને આભાર માનશે નહીંતો ગાળો આપશે મતદારો. તો આજે મને અતિ આનંદ થયો. હજી થોડા ઘણા સારા માણસો હોય અમારી સાથે. માનનીય અધ્યક્ષશ્રી, કાલે એના વખાણ કરતા હતા સભ્યના અને એ નીતિ નિયમથી આ બાજુ આવે તો વેચાઇ ગયો માલ ? (અંતરાય) તમે બોલો નહીં, તમારે પણ આમાં આવવું પડશે, નહીં આવો તો ત્યાં બેસવાની જગ્યા નહીં રહે. જયારે વર્ષો પહેલાં અમારા દસ સભ્યો હતા ને એવા રહેશો તમે ભાઇ. તો આવી જાવ. કહેતા મને આનંદ થાય છે, અમારે જે મુરબ્બી નરેન્દ્રભાઇનું જે સ્વપ્ન છે એ સ્વપ્ન દેશ માટેનું છે. નથી એના પરિવાર માટે, નથી એના સગા માટે, આ દેશ માટે જ છે. (અંતરાય) દેશ માટેનું સ્વપ્ન તો બોલી શકું ને. માનનીય અધ્યક્ષશ્રી, મોરબીની હું વાત કરું કે, મોરબીનો જે સિરામીકનો ઉદ્યોગ જે છે એનું ડેવલપમેન્ટ જો કોઇએ કર્યું હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. ગેસની લાઇન આપી છે, પાણી આપ્યું છે અને પુષ્કળ એનું કામ કર્યું છે પણ તમારી માફક તમારા કોંગ્રેસના આગેવાનો દિલ્હી જઇ અને કાગળ લખી કોલ-ગેસ બંધ કરાવ્યા છે. આ મોરબીના કોલ-ગેસ •(xxxxxx) દિલ્હી જઇને કાગળ લઇને. મોરબીનો સિરામીક ઉદ્યોગ સારી રીતે ચાલતો હતો.(અંતરાય)

અધ્યક્ષશ્રી : કાંતિભાઇ આપનું પ્રવચન પૂરૂં થાય છે, બેન શ્રી ભારતીબેન.(અંતરાય) એક મિનિટ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ (xxxxxx) એમનું (અંતરાય) એવો આક્ષેપ કરે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, હા.(અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપણે આપણા ગૃહમાં કોઇ ના હોય હાજર એનું આપણે નામ નથી લઇ શકતા એટલે આ રેકર્ડ ઉપરથી દૂર કરવું જોઇએ.

અધ્યક્ષશ્રી : ગૃહમાં જે વ્યક્તિ હાજર ના હોય એના વિશે કોઇ ટીકા-ટિપ્પણ થઇ ના શકે. પણ એ જોઇ લઇશું, ટીકા-ટિપ્પણ નહીં હોય અને એનો ઉલ્લેખ હશે તો ચાલુ રાખીશું, ટીકા હશે તો કાઢી નાખીશું. બેનશ્રી ભારતીબેન. (અંતરાય)

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યશ્રી એવું કહેવા જવા માગતા હતા કે, (અંતરાય)

અધ્યક્ષશ્રી : પણ હવે પૂરૂં થઇ ગયું છે.(અંતરાય) બીજાનો બોલવાનો વારો નહીં આવે. સમય વધારવાના નથી, વારો નહીં આવે. એક મિનિટ કાંતિભાઇ. (અંતરાય) ભાઇ, આમાં મોટાભાગના સભ્ય જે આ બૂકમાં નથી એવું જ બોલ્યા છે બધાય અને શાંતિ રાખો એમાં, બેન શ્રી ભારતીબેન (અંતરાય) બેસો બેય, કાંતિભાઇ, બેનને બોલવા દો, તમારો વારો પતી ગયો ઉપરથી ત્રણ મિનિટ લીધી તમે, બેસો તમે. બોલો. એક મિનિટ.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે સ્પષ્ટતા કરવા માગતા હતા કે, માનનીય સાંસદે છેલ્લા બે વર્ષમાં દિલ્હીની અંદર અનેક અનેક કાગળમાં ફરિયાદ કરી હતી અને એની કોપી અમારી પાસે છે એ વિશેની વાત કરતા હતા.

અધ્યક્ષશ્રી : સૌરભભાઇ, મેં એ વાત કરી કે જો સભ્યની ટીકા થઇ હશે તો એ કાઢી નાખીશું, ટીકા નહીં થઇ હોય અને ઉદાહરણ હશે અને પોઝિટીવ હશે તો એમને એમ રહેશે. બેનશ્રી ભારતીબેન.

ડો. ભારતીબેન ધી. શ્યાળ(તળાજા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં મુખ્યમંત્રીશ્રી માનનીય નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન હેઠળ માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે ૩૧ જુલાઇ સુધીનું લેખાનુદાન લઇને આવ્યા છે અને ગુજરાતના વિકાસનો જે હાઇવે બનાવ્યો છે એમને મારા લાખ લાખ અભિનંદન સાથે આ લેખાનુદાનમાં હું મારો સૂર પુરાવું છું. ૧૯૪૭, ૧૫ મી ઓગષ્ટના દિવસે આપણે સ્વતંત્ર થયા એ પછી ૨૬ મી જાન્યુઆરી ૧૯૫૦ ના દિવસે આપણે પ્રજાસત્તાક થયા એટલે કે આપણે આઝાદ કહેવાયા પરંતુ ત્યારથી આજ દિવસ સુધી જે દેશમાં સૌથી વધારે સમય વડાપ્રધાન તરીકેનું શાસન સંભાળ્યું

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

હોય તો એક મહિલાએ સંભાળ્યું છે અને અત્યારે પણ જે પાર્ટીનું શાસન આ દેશમાં ચાલી રહ્યું છે એ પાર્ટીના વડા પણ એક મહિલા છે ત્યારે મારે સામેના મિત્રોને પૂછવું છે કે આઝાદીના આટલા વર્ષો પછી પણ ખરા અર્થમાં આ મારા ભારત દેશની જે બહેનો છે એ આઝાદ થઇ છે ખરી? જે દેશનો અડધોઅડધ જનસમુદાય અને જનશકિત (અંતરાય)

અધ્યક્ષશ્રી : એપ્રિસિએટ કરે છે. બહેન આ કક્ષાએ મોટા છે, પાર્ટીમાં મોટા છે. બોલવા દો ને. અમથા પણ બધા બહેનો બોલે એ સહન કરતા આવ્યા છે. અહીં પણ સહન કરી લોને.

ડો. ભારતીબેન ધી. શ્યાળ : જે જનસમુદાયનો પચાસ ટકા હિસ્સો એ નારી શકિત હોય, એ નારી શકિતને માત્ર વોટ બેંક ગણી અત્યાર સુધી આર્થિક ગુલામી, સામાજિક ગુલામી અને શૈક્ષણિક ગુલામીમાં સબડતી રાખી હોય તો એ આ કોંગ્રેસના મિત્રો અને કહેવાતા મહિલા નેતાઓએ આ નારી શકિતનું અપમાન કરી ઘોર અન્યાય કર્યો છે. હમણા થોડા ટાઇમ પહેલા અમે એક બીજા રાજયમાં ગયા હતા અને ત્યાં મને જાણવા મળ્યું ઘરની બહેન દીકરી રાત્રે છ સાત વાગ્યા પછી કયાંય બહાર નીકળી શકતી નથી ત્યારે મને આશ્ચર્ય થયું કે અમારા ગુજરાતમાં તો રાત્રે બાર એક વાગે પણ કોઇપણ બહેન દીકરી ગરબે ઘૂમીને એકલી ઘરે જઇ શકે છે. ગઇકાલે મારા વિપક્ષના સાથી તેજશ્રીબેન કવિતા ગાતા હતા કે આવું શાથી થાય છે તો મારે આજે એમને પૂછવું છે કે આવું શાથી થાય છે તેજશ્રીબેન કે ગુજરાતની બહેન દીકરીને આવી સલામતી અને આવું આત્મસન્માન કોણે આપ્યું? મારે ગૌરવ સાથે કહેવું છે કે આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને આપણી આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુજરાતની બહેન દીકરીઓને આવું આત્મસન્માન અને સલામતી પૂરી પાડી છે.

ઋગ્વેદમાં એક સુત્ર છે વચનેષુ કિં દરિદ્રતાં? હમણા આપણા વિપક્ષના નેતાશ્રી ઘરની વાત કરતા હતા તો મારે એમને કહેવું છે કે થોડા સમય પહેલા ગઇ વિધાનસભાની ચૂંટણીઓ પહેલા ઘરના ઘરની વાત કરીને મારી ગુજરાતની કેટલીયે બહેન દીકરીઓને હેબે ચડાવી હતી અને એ દ્રશ્યો હજીપણ અમને ભૂલાતા નથી ત્યારે મારે ગર્વ સાથે કહેવું છે કે મારી ભારતીય જનતા પાર્ટીની સરકારે મુખ્યમંત્રી ગૃહ આવાસ યોજના હેઠળ આ ગુજરાતની બહેન દીકરીઓ પરિવાર સાથે સલામત રીતે જીવી શકે એ માટે એને પરવડી શકે એવા ઘરના ઘરની યોજના અને ખરા અર્થમાં વીરપસલી આપવા જઇ રહ્યાં છે ત્યારે હું એમને ફરી વખત અભિનંદન આપું છું.

અમારા ભાવનગર જિલ્લામાં ગામડે ગામડે અને આમ તો ગુજરાતના ગામડે ગામડે અભણ અને ઓછું ભણેલી બહેનો દુધ મંડળીઓ ચલાવે છે. લગભગ બેથી અઢી હજાર જેટલી દુધ મંડળીઓ અને એના સાડા છ લાખ જેટલા મહિલા સભ્યો અને ખૂબ સારી આવક કરીને ખરા અર્થમાં એ ગૃહ લક્ષ્મીની ફરજ પૂરી પાડે છે ત્યારે પણ સતત આ માટે રાજય સરકારનું પ્રોત્સાહન મળતું રહે છે. અમારી રાજય સરકારના સતત માર્ગદર્શન અને પ્રોત્સાહનથી ૨.૨૫ લાખ જેટલા સખી મંડળો મિશન મંગલમ હેઠળ આવરીને ૨૬ લાખ જેટલી બહેનોને અઢી હજાર કરોડ રૂપિયાનો કારોબાર સોંપ્યો છે અને આવતા દિવસોમાં પણ લગભગ ૫,૦૦૦ કરોડ રૂપિયાનો કારોબાર આ બહેનોને સોંપવાનો છે, ત્યારે એમને અભિનંદન આપવાનું મન થાય છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરૂં થાય છે. માનનીયશ્રી નીતિનભાઇ..

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ જે લેખાનુદાન પ્રસ્તાવ સવારે મેં રજૂ કર્યો, એના ઉપર ૨૭ જેટલા માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિચારો અને સૂચનોની રજૂઆત કરી છે. મને આનંદ થાય છે કે અમારી ભારતીય જનતા પાર્ટી સરકાર પક્ષના સર્વે માનનીય સભ્યશ્રીઓએ એકે એક વિભાગ વાર એટલી બધી સુંદર સ્પષ્ટતા, છણાવટ, માહિતી અને વિગતો આપી છે. કે મારે કોઇ વધારે વિશેષ વિગતો વિપક્ષના સભ્યશ્રીઓએ રજૂઆતો કે ફરિયાદો કે આક્ષેપો સરકાર ઉપર કર્યા હોય તેના વિષે મારે બહુ વધારે કહેવાનું રહેતું નથી, એવો અમારા તમામ માનનીય ધારાસભ્યશ્રીઓએ ખૂબ સુંદર રીતે જવાબ આપ્યો છે.

અહીંયા વિપક્ષના સભ્યશ્રીઓને કહેવું છે કે અમે કર્યુ, ભૂતકાળમાં અમે કર્યુ એમ તેમનું કહેવું છે. મારે કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓને પ્રશ્ન પૂછવા છે કે તમે શિક્ષણમાં કહ્યું કે હજુ આટલું બધુ બાકી છે.

સિંચાઇમાં આટલું બધુ બાકી છે. રસ્તામાં બાકી છે? તો થોડા પ્રશ્નો પૂછવા માગું છું કે અત્યારે જવાબ ન આપો તો કંઇ નહિ, ઘરે ઉંઘતા, ઉંઘતા વિચારીને મને પાછળથી જવાબ આપશો. મારે કોંગ્રેસના મિત્રોને પૂછવું છે કે કોંગ્રેસે આપ્યું હોય તો ૧૯૬૦ માં ગુજરાત અલગ બન્યું લગભગ ૧૯૯૫ સુધી ૩૫ વર્ષ સતત ગુજરાતમાં કોંગ્રેસે શાસન કર્યુ છે. ૩૫ વર્ષ સુધી. ૩૫ વર્ષમાં જો તમે શિક્ષણ આપ્યું હોત તો અત્યારે અમે આ સાક્ષરતાનો દર, મહિલાઓની અસાક્ષરતા એ માહિતી અમારે રજૂ કરવી પડી હોત? કોંગ્રેસે આપ્યું અમે પાછું લઇ લીધું? કોંગ્રેસે કઇ બનાવ્યું હતું તે અમે તોડી નાખ્યું? કોંગ્રેસે જેને ભણાવ્યા એનું જ્ઞાન અમે પાછું ખેંચી લીધું? કોંગ્રેસે જેમને પૈસાદાર બનાવ્યા એને અમે કઇ ગરીબ બનાવી દીધા? કોંગ્રેસે રોજગારી આપી અમે પાછી લઇ લીધી? કોંગ્રેસે વીજળી આપી હતી અમે ફ્યૂઝ ખેંચી લીધા છે? કોંગ્રેસે પાણી આપ્યું હતું તો અમે નળ બંધ કરી દીધા? કોંગ્રેસે સિંચાઇ કરી હતી, તો સિંચાઇની કેનાલો અમે બંધ કરી દીધી? કોંગ્રેસે રસ્તા કર્યા તે અમે તોડી નાખ્યા છે? કોંગ્રેસે નર્મદાનું પાણી આપ્યું તે અમે પાછું લઇ લીધું છે? પણ સાચી વાત એ છે કે કોંગ્રેસના ૩૫ વર્ષના એવા મોટા ઊંડા ઊંડા આ વહીવટના ભ્રષ્ટાચારી વહીવટના ખાડા, એ પૂરવા માટે એ ખાડા પૂરવામાં અમારે પહેલા ૫ વર્ષ તો ભારતીય જનતા પાર્ટીએ, નરેન્દ્રભાઇ મોદીએ કુશળ વહીવટ કરવો પડ્યો. કોંગ્રેસના ખાડા, ભ્રષ્ટાચારના ખાડા, અણ વહીવટના ખાડા, બિન કુશળ વહીવટના ખાડા પૂર્યા છે. એ અમે પૂર્યા છે.

અધ્યક્ષશ્રી : નીતિનભાઇ તમે જવાબ આપો. બાકીના બધા લિમિટ બહાર ગયા હતા, પણ તમે લિમિટમાં રહો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સારું. કમનસીબે ૩૫ વર્ષ એવા લોકોના હાથમાં વહીવટ રહ્યો કે ગુજરાત અત્યારે છે, એમાં પાછળ રહેવામાં ૩૫ વર્ષનો મોટામાં મોટો હિસ્સો હતો. જો પહેલેથી ભારતીય જનતા પક્ષ જનસંઘની જો રાહ જોઇ હોત તો આજે અમેરિકાની હરીફાઇ કરે તેવું ગુજરાત અમે બનાવી દીધું હોત. પણ તમે હવે અમને કયાંના ય ગુજરાતના રહેવા નથી દીધા. અહીયા દેવાની વાત કરી છે. દેવું કર્યુ, દેવું કર્યુ? આટલું કર્યુ, તેટલું કર્યુ? મારે કોંગ્રેસના મિત્રોને થોડીક માહિતી આપવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર, રાજય સરકારો દરેકને બંધારણીય રીતે રાજયના વિકાસના કામો માટે જુદી જુદી યોજનાઓમાંથી, જુદી જુદી સંસ્થાઓમાંથી પછી એ નાબાર્ડ હોય, વિશ્વ બેન્ક હોય, એશિયન ડેવલપમેન્ટ બેન્ક હોય, ભારત સરકારની બેન્કો હોય, તેમાંથી કાયદા પ્રમાણે લોનો લેવાની સત્તા છે. અહીંયાં ગુજરાત વિશે બહુ મોટી મોટી માનનીય વિપક્ષના નેતાશ્રીએ વાત કરી, પણ મારે કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓને કહેવું છે કે તમે જે સરકારના ગુણગાન ગાઓ છો, રાત દિવસ, ચોવીસ કલાક, ઉંઘતા જાગતા તે તમારી કેન્દ્રની કોંગ્રેસ સરકારનું દેવું ૪૦ લાખ કરોડ રૂપિયા છે. ૪૦ લાખ કરોડ કેન્દ્રનું દેવું છે. ભાઇ નટવરસિંહ તમને તો ૪૦ લાખ કરોડ શું તે સમજાવવા પાછું મારે શિક્ષકો આપવા પડશે. ૪૦ લાખ કરોડ. ટકાવારીની સરખામણી કરું તો ગુજરાતની અંદર જે દેવું છે તે જી.એસ.ડી.પી.ના પ્રમાણમાં ૧૯.૫૬ ટકા છે. રિઝર્વ બેન્ક અને ભારત સરકારના નિયમ પ્રમાણે આપણી આવકના પ્રમાણમાં આપણે ૨૭ ટકા સુધી લોનો લઇ શકીએ છીએ. તેના બદલે ૧૯.૫૬ ટકા છે. હવે કેન્દ્રની કોંગ્રેસ સરકારનું દેવું જે ૪૦ લાખ કરોડ છે તે કેન્દ્ર સરકારની આવકના ૪૦ ટકા દેવું તમે કરેલું છે. ૪૦ ટકા દેવું તમારું અને અમારું ૧૯ ટકા છે. વિચારી લો તમે કે તમે દેવાળું ફૂંકયું છે કે નહીં? બીજી માનનીય વિપક્ષના સભ્યશ્રીઓએ ખેતીવાડીની આવકની વાત કરી. અહીં કોઇ કોંગ્રેસના સભ્યશ્રીએ કહ્યું કે સરખામણી કરો તો સરખા સરખા રાજયોની કરો. મારે વિપક્ષના નેતાએ ખેતીવાડીમાં ગુજરાત કરતાં કોણ આગળ છે એવું કહ્યું. તો પાંડિચેરી..

અધ્યક્ષશ્રી : એક મિનિટ. બોલો શું છે?

શ્રી પરેશ ધાનાણી : માનનીય મંત્રીશ્રીએ ભારત સરકારના સંદર્ભમાં એવું કહ્યું કે તમે દેવાળું ફૂંકયું છે. આ ભારત સરકાર દેવાળું ના ફૂંકે. સમગ્ર વિશ્વની અંદર સૌથી સદ્ધર અર્થતંત્ર એ ભારતનું અર્થતંત્ર છે, ત્યારે આ શબ્દો રદ કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : એક મિનિટ. આ એની સદ્ધરતા જ કહી કે ગુજરાતમાં ૧૯ ટકા અને પેલા ૪૦ ટકા છે. એટલે બેનો ડીફરન્સ જ કહ્યો છે. કંઇ વાંધો નહીં. બોલો તમે. ચલાવો આગળ. કમ્પેરીઝન થઇ શકે. તેમાં

ખોટું નથી. તમે જવાબ શોધજો. તમે જવાબ આનો બહુ સારો શોધી શકશો. શોધજો જવાબ તમે. એક મિનિટ બેસો તમે. આમાં કંઇ રહેતું નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રીએ ગુજરાતના કૃષિદરની સરખામણી કોની સાથે કરી તો પાંડિચેરી સાથે કરી. સાહેબ ગુજરાતના એક રાજકોટ જેવા શહેરથી નાની વસ્તી ધરાવતો એક કેન્દ્ર શાસિત વિસ્તાર જે છે તેને વિપક્ષના નેતા ગુજરાત જેવા વિકસિત રાજય સાથે કૃષિની સરખામણી તેની જોડે કરે છે. તમારા જ કોઇ સભ્યશ્રીએ કહ્યું કે સરખામણી કરો તો સરખા સરખાની કરો. તમારા વિપક્ષના નેતાએ....

અધ્યક્ષશ્રી : એક મિનિટ. બધા સાંભળો. તમે જે બોલ્યા છો તેના જવાબ આપે છે. શાંતિથી સાંભળો બધા સભ્યો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો કૃષિ વિકાસદર દેશમાં સૌથી ઊંચામાં ઊંચો છે. નર્મદા યોજના, સુજલામ્ સુફલામ્ યોજના, હજારો લાખો ચેકડેમ, તળાવો ઊંડા કરવાની પ્રવૃત્તિ, જળ સંચયની પ્રવૃત્તિ, ડ્રીપ ઈરીગેશન, સ્પ્રીંકલર આમાં મોટી સબસિડી આ બધાના કારણે ગુજરાતના મહેનતું પ્રગતિશીલ વૈજ્ઞાનિક ખેતી કરતા ખેડૂતોએ ૧ લાખ ૧૨ હજાર કરોડ રૂપિયાનું કૃષિ ઉત્પાદન કરી દેશમાં મોટામાં મોટુ યોગદાન આપ્યું છે. તમે અમારી ટીકા કરો તો ચાલે, પક્ષ તરીકે, રાજકીય રીતે પણ ગુજરાતના ખેડૂતોએ મહેનત કરી, પરસેવો પાડી જે આવક કરી છે તેની તો ઈર્ષા ના કરશો તમે. આવી ઈર્ષા ના કરશો.

અધ્યક્ષશ્રી : નટવરસિંહ સાંભળી લો. પછી તમે જવાબ આપજો કાલે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સાક્ષરતા દરની વાત કરી છે તો તેમાં સરખામણી કોની જોડે કરી? ગોવા, પાંડિચેરી, મિઝોરમ આવા નાના નાના રાજયો જોડે કરી. આ રાજયોને જો બાકાત કરીએ તો ગુજરાત રાજયે જે ૫, ૭ કે ૧૦ કરોડની વસતિ ધરાવતા દેશના મોટા મહત્વના જે રાજયો છે એની સરખામણીમાં ચોથા નંબરે આપણે પહોંચ્યા છીએ. આમ તો પહેલો નંબર હોવો જોઇએ એ અમે સ્વીકારીએ છીએ પણ તમારા અણઘડતર વહીવટના લીધે ૩૫ વર્ષ સુધી ગુજરાતની પ્રજાને આદિવાસીઓને, બક્ષીપંચને, દલિતોને, બહેનોને તમે ભણાવ્યા જ નહીં એના કારણે અમારે આ કરવું પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જોઇતાભાઇ બનાસકાંઠાના ધારાસભ્યશ્રીએ એમ કહ્યું કે, અમારા બનાસકાંઠા જિલ્લામાં સ્કૂલો– સંસ્થાઓ નથી ત્યારે મારે એમને પૂછવું છે કે, એન્જીનીયરીંગ કોલેજ પાલનપુરમાં ૫૦ કરોડ રૂપિયાના વધુ ખર્ચે ગુજરાત સરકારે તાજેતરમાં ચાલુ કરી કે ના કરી? કોણે કરી?

બીજું, સરકારી સાયન્સ કોલેજ ચાલુ કરી. હું બનાસકાંઠાનો પ્રભારી છું, મને ખબર છે. હું જયારે ગયા વર્ષે પ્રભારી બન્યો અને હું ત્યાં જઇને બધુ સમજયો, સાહેબ, મને બહુ દુઃખ થયેલું કે, કોંગ્રેસના ૩૫ વર્ષના શાસનમાં બનાસકાંઠા જિલ્લા જેવો જિલ્લો ગુજરાતમાં શિક્ષણમાં ર૬મા નંબરે હતો અને એ ર૬મા નંબરે કોંગ્રેસના કારણે હતો. આ રેકર્ડ ઉપર છે.

માનનીય અધ્યક્ષશ્રી, માથાદીઠ આવકની વાત કરી, વિપક્ષના નેતાશ્રી અને અન્ય કોંગ્રેસના સભ્યશ્રીઓએ માથાદીઠ આવકની વાત કરી. મારે એનો પણ જવાબ આપવો છે. ગુજરાતમાં માથાદીઠ આવક હું પાછલા વર્ષોની સરખામણીમાં કહું તો ભારતની ૩ર હજાર હતી ત્યારે ગુજરાતની ર૪ હજાર હતી, તમારી સરકારો વખતનું ચાલતું આવતું હતું. ર૦૧૧–૧રમાં ભારતની ૬૧૫૬૪ હતી આપણે ૮૯૬૬૮ એટલે દેશની સરખામણીમાં ૪૫ ટકા વધુ માથાદીઠ આવક ગુજરાતની છે. તોયે તમે સુખી લોકોને સમજી શકતા નથી. ગુજરાતનો વિકાસ– પ્રગતિને તમે સ્વીકારી શકતા નથી .

હમણાં અમારા એક ધારાસભ્યશ્રીએ ખૂબ સુંદર કહ્યું કે ઊંઘી ગયો હોય એને જગાડાય, કોઇ સૂઇ ગયો હોય તો એને ઢંઢોળીને જગાડાય, પણ જાગતો માણસ સૂઇ ગયાનો ઢોંગ કરતો હોય, જેવો અત્યારે કોંગ્રેસ કરી રહી છે તો મારે એમને સૂવા દેવો છે. મારે જગાડવા નથી અને લેખાનુદાન સર્વાનુમતે મંજૂર કરો તેવી મારી સૌને વિનંતી છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧૨–૫૫ વાગે પૂરૂં થતાં, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બીજી બેઠક માટે બપોરના ૨–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**મંગળવાર, તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૪**
**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૨–૩૦ કલાકે મળ્યું.**
**અધ્યક્ષ શ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રોયલ્ટી ચોરી અટકાવવા બાબત**

* ૭૭૮૫ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય ખાણ–ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બોકસાઇટ, લાઇમસ્ટોન અને રેતીની કેટલી રકમની રોયલ્ટી ચોરી પકડવામાં આવી, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોકસાઇટ, લાઇમસ્ટોન અને રેતીની જામનગર જિલ્લામાં રૂ.૪૯,૬૩,૨૫૮/– અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રૂ.૧૯,૩૧,૦૩૯/– ની રોયલ્ટી ચોરી પકડવામાં આવી. |
| (૨) ઉકત જિલ્લામાં બોકસાઇટ, લાઇમસ્ટોન અને રેતીની ચોરી અટકાવવા સરકાર કોઈ ખાસ આયોજન કરવા માંગે છે કે કેમ, અને<br>(૩) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) અને (૩) જિલ્લામાં ખનીજ ચોરી અટકાવવા માટે ઓનલાઈન રોયલ્ટી પાસ, ઈ–ડીલીવરી ચલણ, લીઝોના કોર્ડીનેટસ, વે–બ્રીજ નોટીફીકેશન અને ટ્રેડર્સ રજીસ્ટ્રેશન જેવા અનેકવિધ સુધારાત્મક પગલાં લીધેલ છે. |

**શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા:** માનનીય અધ્યક્ષશ્રી, ગત સત્રમાં છેલ્લાં દિવસે મને એવું લાગે છે કે માનનીય મંત્રીશ્રી દ્વારા અથવા અધિકારીઓ દ્વારા મને ખોટો જવાબ આપવામાં આવ્યો હતો, આ જ ખનિજનો પ્રશ્ન હતો, મારી પાસે એના મિડિયાના અને છાપાના કટિંગ છે અધિકારીનું રોજકામ છે તે છતાં મને •(xxxxxx) જવાબ આ ગૃહમાં આપવામાં આવ્યો હતો,

અધ્યક્ષશ્રી: (xxxxxx) જવાબ છે એમ ના કહેવાય એક મિનિટ તમારો સવાલ પૂછો.

**શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા:** માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે પુરાવા છે, મારો પ્રશ્ન પહેલો આ જ છે કે, ગત વિધાનસભામાં મને જે ..

અધ્યક્ષશ્રી: અરે તમારો સવાલ શું છે એ પૂછો તમે, પેટા સવાલ પૂછો.

**શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા:** પેટા સવાલમાં મારો પ્રશ્ન એ છે કે જામનગર જિલ્લામાં અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લાં એક વરસમાં જે મને ખનિજ ચોરીના આંકડા આપવામાં આવ્યા છે છેલ્લાં આઠ માસ થયાં, મેં પણ પોતે ફરિયાદ કરી છે, વારંવાર ત્યાં ખનિજ ચોરી થઇ રહી છે, પોલીસ પકડે છે ત્યારે ખાણ ખનિજના અધિકારીઓ દ્વારા આ ચોરી થતી અટકાવવામાં આવતી નથી, હું વારંવાર ફરિયાદ કરું છું, સંકલન સમિતિમાં પણ આ પ્રશ્ન લેવડાવ્યો તો પણ તે અટકાવવામાં આવતી નથી,

અધ્યક્ષશ્રી: તમે ફરિયાદ કરો એટલે ચોરી થઇ હોય એવું થોડું છે? એક મિનિટ. તમે ફરિયાદ કરો એની તપાસ થાય, તપાસના અંતે ખબર પડે કે આમાં ચોરી થઇ છે, તો પોલીસ કાર્યવાહી કરે. ચોરી કેટલી થઇ છે, કેટલી પકડાઇ છે, એના એમણે જવાબ આપ્યા છે. હવે તમારે પેટા સવાલ પૂછવો હોય તે પૂછો.

**શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા:** આમાં જેટલા પકડાયા છે એમના પર પોલીસ ફરિયાદ થઇ છે? એમાં મારો પહેલો પ્રશ્ન એ છે કે એના ઉપર કઇ કલમ લગાડવામાં આવી છે, બીજું પોલીસ દ્વારા કેટલી અટકાયત થઇ છે અને ખાણ અને ખનિજ વિભાગ તરફથી કેટલી અટકાયત થઇ છે?

અધ્યક્ષશ્રી: કઇ કલમ લગાડવામાં આવી છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીને મારે વિગતવાર જવાબ આપવો છે, જામનગર જિલ્લો અને દેવભૂમિ દ્વારકા જિલ્લાની અંદર ૨૦૧૨ અને ૨૦૧૩માં જામનગર જિલ્લાની અંદર

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

ઇલલીગલ ટ્રાન્સપોર્ટેશનમાં ૨૯૦ કેસ અને રકમ કુલ ૪૪ લાખ રૂપિયા અને એવી જ રીતે માઇનીંગની અંદર પાંચ કેસ અને રકમ કુલ ૨.૫૯ લાખ, ૨૦૧૨ અને ૨૦૧૩માં દેવભૂમિ દ્વારકાની અંદર ૯૬ કેસ અને રકમ ૧૯ લાખ ૩૧ હજાર, એટલે આ આપણે ઓલરેડી એ લોકો ઉપર કેસ કર્યા છે અને આની રિકવરી આવી છે, માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે જે રેગ્યુલર ઓફેન્સ કરનારા હોય એમાં પોલીસ કેસ કરવામાં આવ્યા છે, જામનગર જિલ્લામાં ૪ કેસમાં ૫૨.૪૫ લાખ અને દેવભૂમિ દ્વારકાની અંદર ૪૨ કેસ ૧૭.૫૮ કરોડ રૂપિયા એટલે આ પ્રમાણેની કાર્યવાહી આપણે કરી છે અને આના કારણે હાલમાં પોલીસ કેસો કરવામાં આવ્યા છે.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જામનગર જિલ્લો અને દેવભૂમિ દ્વારકામાં ખનિજ ચોરી અટકાવવા માટે શું પગલાં ભરવામાં આવ્યા છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે ઘણી બધી કામગીરી કરવાના કારણે અત્યારે ખનિજ ચોરીની અંદર કમ્પેરેટીવલી ઇ–ગવર્નન્સના કારણે આપણે ડીટેકશન સારી રીતે કરી શકતા આવ્યા છીએ, સૌથી પહેલાં આપણે દરેક કેસીસનું સિસ્ટમ ઓડિટ કરીએ છીએ, એમાં સોએ સો ટકા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા જ કરવામાં આવે છે, એટલે એની અંદર એ લોકોએ કેટલી ખાણ ખોદી હોય અને એના ઉપર એ લોકોએ રોયલ્ટી ભરી છે કે નથી ભરી? એની માપણી પણ કરવામાં આવે છે અને એના કારણે ખબર પડે કે બહારથી માલ લાવતા હોય કે પોતાનો માલ લઇને વેચે છે એ સંપૂર્ણપણે એના બુક્સ ઓફ એકાઉન્ટ્સ તરફથી શોધી શકીએ છીએ. બીજું રેલ્વેઝ, પોર્ટઝ એન્ડ કસ્ટમ ડિપાર્ટમેન્ટ જોડે ટ્રેકીંગ મટિરિયલ મૂવમેન્ટ માટે આપણે જોડે રહીને કામગીરી કરીએ છીએ. ૨૪X ૭ એટલે કે ચોવીસે કલાક માટેનો કન્ટ્રોલ રૂમ ખોલ્યો છે અને એ કન્ટ્રોલ રૂમની અંદર કોઇપણ ગમે ત્યારે ફરિયાદ કરી શકે છે. આપણને કોઇ ઇન્ફોર્મર માહિતી આપતા હોય તો એના માટે ઇન્સેન્ટીવની સ્કીમ પણ જાહેર કરવામાં આવી છે. કમ્પલસરી weighment તે જોડે જ હોવું જોઇએ અને ગાડીની જોડે જ હોવું જોઇએ તે પ્રમાણેની વ્યવસ્થા કરી છે. બધી જ લીઝોનું demarkation હોવું જોઇએ એ પણ ફરજિયાત કર્યુ છે. બધા ટ્રેડરો છે તેનું રજિસ્ટ્રેશન પણ ફરજિયાત કર્યુ છે. ઉપરાંત અત્યારે જે મીનરલ અને માઇનર મીનરલની અંદર લીઝ આપવામાં આવે છે તે પારદર્શક રીતથી આપણે ઓકશન દ્વારા છાપામાં જાહેર ખબર આપીને કરીએ છીએ. આ ઉપરાંત ઇ રોયલ્ટી પાસથી માંડીને ઇ પેમેન્ટથી માંડીને બધુ જ આપણે ઓનલાઇન ચાલુ કર્યુ છે કે જેથી કમ્પેરેટીવલી આપણે transparency આવે અને ઇ–ગવર્નન્સના કારણે આપણે ચોરી પકડી શકીએ.

શ્રીમતી પુનમબેન હે. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, પાછલા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આ રોયલ્ટીની કેટલી આવક થઇ છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં બે વર્ષની અંદર ૨૦૧૨ની અંદર જામનગરમાં ૧૫.૩૪ કરોડ, ૨૦૧૩માં ૧૦.૪૫ તેમ જ ૨૫.૭૯ કરોડની જામનગરમાં થઇ છે. જયારે દેવભૂમિ દ્વારકાની અંદર ૨૦૧૨ની અંદર ૪૬.૩૫, ૨૦૧૩ની અંદર ૭૦.૧૬ એટલે ૧૧૬.૫૦ કરોડની આવક થયેલી છે. એટલે કુલ બે વર્ષની અંદર આ બન્ને જિલ્લાની અંદર ૧૪૨.૩૦ કરોડની રોયલ્ટીની આવક થઇ છે.

**ગાંધીનગર જિલ્લામાં લીઝ ઉપરાંતની જગ્યામાં ખોદકામ**

* ૭૮૭૪ **શ્રી અમિતભાઇ હ. ચૌધરી (માણસા) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં રેતી તેમજ ગૌણ ખનીજ માટેના કુલ કેટલા પરવાના આપ્યા, | (૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ સાદી રેતી ખનીજનો એક પણ પરવાનો આપવામાં આવેલ નથી. પરંતુ સાદી રેતી ખનીજની ૧ (એક) કવોરીલીઝ અને ૪ (ચાર) બ્લોક મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) આ લીઝ ધારકો તેઓને ફાળવવામાં આવેલ લીંઝ ઉપરાંતની જગ્યામાં ખોદકામ કરતા હોવાના કેટલા કિસ્સાઓ સરકારને ધ્યાને આવ્યા, | (૨) ૧ (એક). |
| (૩) આવા કસૂરદારો સામે સરકારે શી શિક્ષાત્મક કાર્યવાહી કરી, અને | (૩) કસુરદાર સામે નિયમ અનુસારની કાર્યવાહી કરીને રૂ.૪.૪૧ લાખની દંડકીય વસૂલાત કરેલ છે. |
| (૪) આવા લીઝ ધારકો પાસે ઉકત સ્થિતિએ છેલ્લા | (૪) રૂ.૧૫૬.૭૭ લાખ. |

એક વર્ષમાં રોયલ્ટીની કેટલી આવક થઈ ?

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ જે પરવાના આપ્યા છે તેમાં પર્યાવરણની મંજૂરી લેવી પડે છે કે કેમ ? અને તે કયાંથી લેવી પડે છે ? મારો પ્રશ્ન નં.૨ કે •(xxxxxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : (અંતરાય) એક મિનિટ, બેસો. માનનીય અમિતભાઇ. તમે બેસાડોમાં, હું અહીંયાથી બેસાડું છું. અમિતભાઇ, તમે નવા છો આ તમે જે પ્રશ્ન પૂછયો તેમાંથી જ પૂછો બાકીના તમારા શબ્દો રેકર્ડ ઉપરથી દૂર થાય છે. આ જે પ્રશ્ન છે તેનો પેટા પ્રશ્ન તમે પૂછો.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : સાહેબ, ખનીજ ચોરીનો જ પ્રશ્ન છે. સાહેબ અમીત જેઠવાનું મર્ડર થઇ જાય આ ખનીજ ચોરીનો જ પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : તમારો જે પ્રશ્ન છે તેમાંથી તમારે પેટા પ્રશ્ન પૂછવો હોય તો પૂછો નહીંતર બીજાનો વારો આવે.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : સાહેબ, આ ખોદકામની જ વાત છે અને એમાં સ્પષ્ટ લખ્યું છે કે, લીઝ આપી હોય, પરવાના આપ્યા હોય તેના સિવાયનું કોઇ ખનીજ ખોદતું હોય એ જ પ્રશ્ન છે અને તેના જ અનુસંધાનમાં હું પૂછું છું.

અધ્યક્ષશ્રી : આ જે પ્રશ્ન પૂછયો તેમાંથી જ પેટા પ્રશ્ન પૂછો.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : (xxxxxx) આ ઓન રેકર્ડ છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ. બીજા કોઇને પૂછવુ હોય..(અંતરાય) ભાઇ, જેઠાભાઇ બેસી જાવ આપ. (અંતરાય). જેઠાભાઇ પ્લીઝ બેસી જાવ, કાંતિભાઇ બેસી જાવ. પરેશભાઇ, તમને કોણે ઊભા થવાનું કહ્યું? તમે કેમ ઊભા થાવ છો ? અરે, તમે આ ત્રીજી વખત ઊભા થયા. (અંતરાય) એ મારુ કામ છે, તમે શાંતિથી બેસો. હું અમિતભાઇને કહું છું તમે નવા છો કોઇ વ્યંગાત્મકને બદલે તમે આમાંથી ઉભો થતો પેટા પ્રશ્ન પૂછો. તેને કાંઇ પેટા પ્રશ્ન નથી એટલે બીજા કોઇને પ્રશ્ન..(અંતરાય). એક મિનિટ (અંતરાય) માનનીય અશોકભાઇ,

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગુ છું કે, ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલી લીઝો આવેલી છે અને છેલ્લાં બે વર્ષમાં...

અધ્યક્ષશ્રી : બેસો બધાય, અશોકભાઇ બેસો, તમે તમારો પ્રશ્ન શાંતિથી પૂછો.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલો પ્રશ્ન કર્યો છે કે આમાં પર્યાચવરણની મંજૂરી લીધી છે કે કેમ, આ મંજૂરી કયાંથી લેવી પડે છે અને આ પરવાનો આપ્યો છે એમાં ચારેય ચારમાં મંજૂરી લીધી છે કે કેમ અને બીજો પ્રશ્ન હું એનો એ જ પૂછું છું કે આ કેસમાં....

અધ્યક્ષશ્રી : તેમને ટૂંકમાં જવાબ આપી દો ને, અમીતભાઇ, છે એનાથી વધુ કાંઇ નહીં. આમાં દરેક વ્યકિત જોઇએ એના કરતાં વધુ હોંશિયાર છે. વધારાની હોંશિયારી સૌ પોતપોતાની પાસે રાખજો. વિધાનસભામાં નિયમ મુજબ ચાલવાની વાત છે. (અંતરાય) નહીં ભાઇ,તમે બાકીના માટે વ્યંગાત્મક ભાષા બોલજો (અંતરાય) પ્રશ્ન શું પૂછે છે એ તમે સાંભળો છો. એ તો એમની જગ્યાએ બેઠાં છે એમને કોઇએ ઊભા કર્યા નથી. તમે આનો જવાબ આપી દીધો છે. હું એકને નહીં પણ તમામ માનનીય સભ્યશ્રીઓને કહું છું કે મહેરબાની કરીને પ્રશ્નોત્તરી વખતે સીધો પ્રશ્ન જ પૂછજો. પેટા પ્રશ્ન કે વ્યંગાત્મક ભાષામાં કોઇ પ્રશ્ન પૂછે નહીં. આ પ્રશ્નોત્તરીનો સમય એ ખૂબ અગત્યની વાત છે. દરેક વ્યકિતને આની માહિતી મેળવવવાનો અધિકાર છે અને એટલે જ પોલીટીકલી રીતે તો બે દિવસથી ભાષણ ચાલે જ છે, કોઇને પણ મેં રોકયા નથી, પરંતુ પ્રશ્નોત્તરીમાં બીજી કોઇ વાત નહીં.

શ્રી સૌરભ પટેલ : માનનીય સભ્યશ્રીએ જે સવાલ પૂછયો એની માહિતી આપવા માગું છું કે જિલ્લામાં કોઇ પરવાના આપતા નથી, પરંતુ આપણે છેલ્લા એક વર્ષમાં બ્લોક સિસ્ટમ દ્વારા -૪ અને એક કવોરી લીઝ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

રેતીની મંજૂરી આપવામાં આવેલ છે. જે તમે ઇ.સી.ના પ્રમાણપત્રની વાત કરી જે બળદેવજી ઠાકોર, ક્વોરી લીઝ, અમરાપુર, તાલુકો માણસા તેમને મંજૂરી આપી હતી, પરંતુ એ ઇ.સી.નું પ્રમાણપત્ર લાવી ના શક્યા એટલે તેમની ક્વોરી ચાલુ કરી શકાઇ નથી.

શ્રી અશોકકુમાર ર. પટેલ : હું પૂછવા માગું છું કે ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલી લીઝ આવેલ છે અને એની છેલ્લા બે વર્ષની આવક શું છે?

શ્રી સૌરભ પટેલ : ગાંધીનગર જિલ્લાની વાત કરું તો ગાંધીનગર તાલુકામાં ૭૮ અને કલોલ તાલુકામાં ૮, માણસામાં ૬ અને દહેગામમાં ૬ એમ કુલ ચાર બ્લોકમાં ૯૮ આપવામાં આવેલ છે અને ૨૦૧૨ માં એની આવક ૯૦૫ લાખ હતી અને ૨૦૧૩ માં ૧૪ કરોડ ૧૫ લાખ હતી.

શ્રી શંભુજી ચે. ઠાકોર : હું પૂછવા માગું છું કે ગેરકાયદેસર ખનીજ ચોરીના કેટલા કેસો કર્યા અને તેમાંથી કેટલો દંડ વસૂલ કર્યો?

શ્રી સૌરભ પટેલ : ૨૦૧૨ માં ટ્રાન્સપોર્ટેશનના ૧૨૪ કેસ કરવામાં આવ્યા અને ૭૭.૨૨ લાખની ચોરી પકડવામાં આવી, ૨૦૧૩ માં ટ્રાન્સપોર્ટેશનના ૩૩૨ કેસ કર્યા અને એમાં ૨૦૭ લાખ રૂપિયાની ચોરી પકડાઇ છે. એમ કુલ ૪૫૬ ટ્રાન્સપોર્ટેશનના કેસ કરીને કુલ ૨ કરોડ ૮૫ લાખ રૂપિયાની ચોરી પકડવામાં આવી છે. અને એસ્કેવેશનમાં ૨૦૧૨ અને ૨૦૧૩ ના ભેગા કરીએ તો ૨૭ કેસ કર્યા અને ૨૮.૩૭ લાખની પેનલ્ટી કરી છે. એમ કુલ ટ્રાન્સપોર્ટેશન અને એસ્કેવેશનના ભેગા કરીને ૪૮૩ કેસમાં ૩ કરોડ ૧૩ લાખની ચોરી પકડાઇ છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : અહીં છાપેલા જવાબમાં જણાવ્યું છે કે (ચાર) બ્લોક સાદી રેતીની ખનીજના ફાળવેલ છે. તો મારે પૂછવું છે કે રાજ્ય સરકારે જે રેતીના બ્લોક હરાજીથી આપેલ છે એ કોને કોને આપેલ છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ચાર બ્લોક આપવામાં આવેલ છે એ ટ્રાન્સપેરન્ટ પ્રોસેસથી ઓકશન બીડ કરવામાં આવ્યા હતા એની અંદર સૌથી પહેલાં તો એનો કેટલો જથ્થો છે એ જથ્થો જોયો અને એનું રિઝર્વ જોયું. કેટલું રિઝર્વ છે એની રોયલ્ટીની ગણતરી કરી અને મીનીમમ બીડ ડબલ રોયલ્ટીનું ગણીને નોટિસ દ્વારા ઇ ઓકશન દ્વારા બહાર પ્રસિદ્ધ કર્યું છે. નોટીફિકેશન દ્વારા ઇ ઓકશન દ્વારા પ્રસિદ્ધ કરી અને ત્યાર પછી બીડ પ્રાઇઝ આવ્યા પછી ટ્રાન્સપરન્સીથી પંકજ એન. પટેલ, દીપેશ્વરી ટ્રેડર્સ, શ્રી પ્રભાતસિંહ ઠાકોર અને શ્રી કાળાજી ઠાકોર, એ લોકોને કુલ ૧ કરોડ ૫૬ લાખમાં આપવામાં આવેલ છે.

શ્રી જશુભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આ ખનિજનું ગેરકાયદેસર ખનન થાય છે.

અધ્યક્ષશ્રી : ગાંધીનગર જિલ્લા પૂરતું હોય તો જ કહેજો, આ ટોટલ ખનીજની વાત નથી, જિલ્લા પૂરતું જ તમારે પૂછવાનું હોય તો પૂછો.

શ્રી જશુભાઇ ધા. બારડ : હું એ જ વાત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી માઇનિંગ બે પ્રકારની હોય છે.

અધ્યક્ષશ્રી : ગાંધીનગર જિલ્લામાં બે પ્રકારની હોય તો જ કહેજો.

શ્રી જશુભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, એક માઇનિંગ અને એક ક્વોરી માઇનિંગ, એમ માઇનિંગના બે પ્રકાર હોય છે. મારે એ પૂછવું છે કે ખનીજ ચોરી અને રોયલ્ટી ચોરી જયારે પકડવામાં આવે તેમાં બે પ્રકારે પકડવામાં આવે છે. એક વાહન ભરાઇ અને જતું હોય અને પોલીસ રોકે અને પૂછ પરછ કરે વિગતો ન હોય એટલે તેને ડીટેઇન કરીને પોલીસ સ્ટેશને લઇ આવે અને પછી ખાણ ખનિજ વિભાગને જાણ કરે. બીજું ખાણ ખનિજ વિભાગના સુપરવાઇઝર કે અધિકારી વાહનને પકડે અને ખનિજ માટે પાસ ન હોય તો એમના ઉપર કાયદેસરની કાર્યવાહી કરે. આમાં જે આંકડો બતાવ્યો છે એ પ્રક્રિયામાં પોલીસ દ્વારા પણ પકડવામાં આવ્યા છે અને ડિપાર્ટમેન્ટ દ્વારા પણ પકડવામાં આવ્યા છે, તો જેમ પોલીસ ખાતામાં હોય છે તેમ પોલીસના પ્રિમાઇસીસની અંદર અમુક રકમથી વધારે રકમની ખનિજ ચોરી થાય અને તેને ખાણ ખનિજ વિભાગ ન પકડે અને પોલીસ પકડે અને પછી ખાણ ખનિજને જાણ કરે તો તેવા કેસમાં ખાણ ખનિજ ખાતાના અધિકારીઓ ઉપર કોઇ પગલાં લેવા માગો છો કે કેમ?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમનું સૂચન છે.

(અંતરાય) (માનનીય સભ્યશ્રી પરેશભાઇ બેઠાં બેઠાં કંઇક બોલતા)

અધ્યક્ષશ્રી : કોઇએ બેઠાં બેઠાં બોલવાની જરૂર નથી. માનનીય પરેશભાઇ તમે શાંતિ રાખો. બે પ્રશ્નોમાં ૧૭ મિનિટ થઇ છે. બધાનો વારો પ્રશ્નમાં ન પણ આવે. (અંતરાય) માનનીય પરેશભાઇ, તમને ફરીથી કહું છું કે બેઠાં બેઠાં બોલવાની જરૂર નથી. પ્રશ્નોત્તરીમાં કોને પ્રશ્ન પૂછવા દેવો એ મારે જોવાનું છે. ૧૬ મિનિટ એક પ્રશ્ન ચાલ્યો છે. તમામ સભ્યશ્રીઓની અપેક્ષા હોય તો પણ બધાને પોતાનો જવાબ મળે જ તેવી અપેક્ષા રાખવી નહીં, ગમે ત્યારે પ્રશ્ન પૂરો થઇ શકે છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી એટલી જ છે કે માનનીય મંત્રીશ્રીઓ ટૂંકમાં જવાબ આપે, અમે પૂછીએ ટૂંકમાં અને મંત્રીશ્રીઓ મોટા મોટા જવાબો આપે તેના કારણે અમોને તક મળતી નથી.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રીઓ, સાવ ટૂંકમાં જવાબ આપોને. પ્રશ્ન ક્રમાંક-૩.

**સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રાજકોટ જિલ્લામાં નગરપાલિકાવાર રેલ્વે ઓવરબ્રીજ/અંડરબ્રીજના કામોની મંજૂરી**

* ૭૧૦૪ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુદા જુદા નગરોમાં રેલ્વે ઓવર બ્રીજ તથા અન્ડર બ્રીજના કામો માટે રાજકોટ જિલ્લાની કઈ નગરપાલિકાઓને વહીવટી મંજૂરી આપવામાં આવી,<br>(૨) કુલ કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને | (૧) અને (૨) સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રેલ્વે ઓવર બ્રીજ તથા અન્ડર બ્રીજના કામો માટે રાજકોટ જિલ્લાની ગોંડલ નગરપાલિકાને રૂ.૬.૭૫ કરોડ અને જેતપુર નગરપાલિકાને રૂ.૧૨ કરોડ એમ કુલ રૂ.૧૮.૭૫ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી. |
| (૩) ઉકત સ્થિતિએ આ કામો ક્યા તબક્કે છે? | (૩) ગોંડલ નગરપાલિકાના કામનો ડી.પી.આર. પ્રગતિ હેઠળ જ્યારે જેતપુર નગરપાલિકાનું કામ ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું એ જાણવા માગું છું કે રાજકોટ જિલ્લામાં બે રેલવે ઓવર બ્રીજ બનાવવાની વાત છે, એમાં મારો પ્રશ્ન એ છે કે કેન્દ્ર સરકારના કેટલા પૈસા આવ્યા છે, અને ગોંડલ અને જેતપુર એ બે બનાવવાના છે તો મારા મોરબીમાં પણ એક ઓવરબ્રીજની મારી માગણી છે.

અધ્યક્ષશ્રી : આમાં તમારી માગણી ન આવે, આ બે નો જ જવાબ આપો.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં ગોંડલ નગરપાલિકામાં એક ઓવરબ્રીજ મંજૂર કર્યો છે અને બીજો જેતપુર નગરપાલિકામાં મંજૂર કર્યો છે. ગોંડલમાં જે મંજૂર કર્યો છે એમાં ૬.૭૫ કરોડનો ખર્ચ થશે અને જેતપુરનો બ્રીજ છે તેમાં ૧૨ કરોડના ખર્ચથી આ ઓવરબ્રીજ બનવાના છે. આ બંનેમાં રાજય સરકાર અને રેલવેનો ૫૦-૫૦ ટકા ફાળો હોય છે.

શ્રી મોહનભાઇ ક. કુંડારિયા : શહેરની વચ્ચેથી રેલવે પસાર થતી હોય, ક્રોસીંગના કારણે હંમેશાં ટ્રાફિક જામ થતો હોય ત્યારે મારો પ્રશ્ન એ છે કે ગોંડલની અંદર ૬.૭૫ કરોડ અને જેતપુરમાં ૧૨ કરોડ એમ ૧૮ કરોડ ૭૫ લાખના ખર્ચે બે ઓવરબ્રીજનું કામ ચાલુ છે તો આ બંને પૂલના આર.ઓ.બી કેટલા છે એની લંબાઇ, પહોળાઇ કેટલી અને કેટલા સમયમાં એ પૂર્ણ થશે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : ગોંડલ નગરપાલિકામાં રેલવે હદમાં ૩૭.૨ મીટર લંબાઇ છે. ગોંડલ બાજુ એપ્રોચની લંબાઇ ૮૫ મીટર જયારે નેશનલ હાઇવે બાજુ એપ્રોચની લંબાઇ ૧૮૦ મીટર છે. એ જ રીતે જેતપુર પૂલની લંબાઇ ૯૬૦ મીટર છે. રેલવે હદમાં ૩૭.૬ મીટર, એપ્રોચની લંબાઇ ૮૮૪ મીટર અને પૂલની પહોળાઇ ૧૨ મીટર છે.

**સુરત જિલ્લામાં કુટિર ઉદ્યોગોને સહાય ચૂકવવા બાબત**

તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૪
તારાંકિત પ્રશ્નો

* ૭૧૪૭ **શ્રી ઈશ્વરભાઈ ર. પરમાર(બારડોલી) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાઓમાં કુટિર ઉદ્યોગો માટે કોઈ સહાય ચૂકવવામાં આવી છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ વર્ષવાર અને તાલુકાવાર કઈ કઈ યોજનાઓ હેઠળ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) હા.

(૨) ઉકત સ્થિતિએ ગરીબ કલ્યાણ મેળામાં માનવ કલ્યાણ યોજના હેઠળ ટુલકીટ સ્વરુપે નીચે મુજબ તાલુકાવાર સહાય ચૂકવવામાં આવી છે.

**માનવ કલ્યાણ યોજના**

| **અ. નં.** | **તાલુકાનું નામ** | **૨૦૧૨** | | **૨૦૧૩** | |
|---|---|---|---|---|---|
| | | વિતરણ કરેલ ટુલકીટોની સંખ્યા | રકમ રૂ.(લાખમાં) | વિતરણ કરેલ ટુલકીટોની સંખ્યા | રકમ રૂ.(લાખમાં) |
| ૧ | સુરત સીટી | ૪૯૮ | ૨૪.૯૦ | ૫૪૧ | ૨૭.૦૫ |
| ૨ | ચોર્યાસી | ૧૬૦ | ૮.૦૦ | ૧૨૦ | ૬.૦૦ |
| ૩ | પલસાણા | ૬૫ | ૩.૨૫ | ૧૦૩ | ૫.૧૫ |
| ૪ | કામરેજ | ૨૨૫ | ૧૧.૨૫ | ૧૩૦ | ૬.૫૦ |
| ૫ | ઓલપાડ | ૨૫૮ | ૧૨.૯૦ | ૩૦૯ | ૧૫.૪૫ |
| ૬ | બારડોલી | ૨૮૯ | ૧૪.૪૫ | ૩૮૨ | ૧૯.૧૦ |
| ૭ | મહુવા | ૧૬૨ | ૮.૧૦ | ૧૪૬ | ૭.૩૦ |
| ૮ | માંડવી | ૧૭૧ | ૮.૫૫ | ૧૭૧ | ૮.૫૫ |
| ૯ | માંગરોળ | ૩૬૯ | ૧૮.૪૫ | ૩૫૩ | ૧૭.૬૫ |
| ૧૦ | ઉમરપાડા | ૨૮૫ | ૧૪.૨૫ | ૪૧૬ | ૨૦.૮૦ |
| | **કુલ** | **૨૪૮૨** | **૧૨૪.૧૦** | **૨૬૭૧** | **૧૩૩.૫૫** |

શ્રી ઈશ્વરભાઈ ર. પરમાર : માનવ કલ્યાણ યોજના શું છે, માનવ કલ્યાણ યોજનાનો લાભ મેળવવા માટે શું લાયકાત જોઈએ?

શ્રી વાસણભાઈ ગો. આહિર : ગુજરાત રાજયના પ્રજાવત્સલ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર દ્વારા આર્થિક પછાત વર્ગોના ઉત્કર્ષ માટે આ સરકાર પ્રતિબદ્ધ છે અને યોજનામાં આર્થિક રીતે પછત વર્ગના સમૂહને પૂરતી આવક અને સ્વરોજગારી ઉભી કરવા માટે વધારાના ઓજારો અને સાધનો આપવામાં આવે છે. ગરીબી રેખા નીચે જીવતી વ્યકિતઓની, કારીગરોની આર્થિક સ્થિતિ સુધારવા માટે અગાઉની સ્વરોજગાર યોજનાને બદલે રાજય સરકારશ્રી દ્વારા આ યોજના શરૂ કરવામાં આવેલ છે. આ યોજનામાં ફેરિયા, શાકભાજી વેચનાર, સુથારી કામ જેવી ૭૯ ટ્રેડ જેવા નાના પ્રકારના વેપાર ધંધા કરવા માટે સમાજના નબળા વર્ગના લોકો માટે જેમના કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તારમાં ૨૭ હજાર અને શહેરી વિસ્તારમાં ૩૬ હજારનું ધોરણ હોય એવા લોકોને આર્થિક આવકમાં વધારો કરવા માટે આ વ્યવસાય માટે જરૂરી સાધન સહાયની પાંચ હજારની સાધનોની મર્યાદામાં આપવામાં આવે છે. બીજું એ પૂછ્યું કે એની પાત્રતા શું છે. તો આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારના લાભાર્થીઓ માટે જિલ્લા ગ્રામ વિકાસ વિભાગની ગરીબી રેખાની યાદીમાં સમાવેશ થયેલો હોવો જોઈએ એ ફરજિયાત છે. એણે આવકનો દાખલો રજૂ કરવાનો રહેતો નથી. અથવા અરજદારના કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે ૨૭ હજાર અને શહેરી વિસ્તાર માટે ૩૬ હજાર હોવી જોઈએ. આ અંગેનો મામલતદાર અથવા તાલુકા વિકાસ અધિકારી અથવા નગરપાલિકાના ચીફ ઓફિસર અથવા મહાનગરપાલિકામાં અધિકૃત કરેલા અધિકારીનો દાખલો રજૂ કરવાનો રહેશે.

શ્રી પ્રફુલ્લભાઈ છ. પાનશેરીયા : માનવ કલ્યાણ યોજના હેઠળ કેટલી અને કયા પ્રકારની ટુલકીટનો સમાવેશ કરવામાં આવ્યો છે અને એની કિંમત શું છે?

શ્રી વાસણભાઇ ગો. આહિર : આ માનવ કલ્યાણ યોજનામાં લગભગ ૭૯ ટ્રેડની અલગ અલગ વસ્તુઓ આપવામાં આવે છે એમાં સિલાઇ મશીન, હાથલારી, ફેરિયા, સાયકલ ફેરિયા, ઓટો રિપેરીંગ, એરકન્ડિશન રિપેરીંગ, રેફ્રીજરેશન રિપેરીંગ, ફીટર વાયરમેન, સુથારી કામ, લુહારી કામ, કડીયાકામ જેવા ૭૯ ટ્રેડની ટુલકીટસનો સમાવેશ કરવામાં આવેલ છે અને પાંચ હજારની કિંમતની મર્યાદામાં રહીને સાધન ઓજારના સ્વરૂપમાં આપવામાં આવે છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનવ કલ્યાણ યોજના હેઠળ કોઇ તાલીમ આપવામાં આવે છે કે કેમ, આ યોજનામાં કેન્દ્ર સરકારનો કેટલો ફાળો છે?

શ્રી વાસણભાઇ ગો. આહિર : આવા લાભાર્થીઓ આવે છે એમને ગ્રીમકો દ્વારા આઠ દિવસની તાલીમ આપવામાં આવે છે. એમાં કેન્દ્ર સરકારનો શું ફાળો છે તો મારે દુઃખ સાથે કહેવું પડે છે કે કેન્દ્ર સરકારનો એક રૂપિયો પણ મળતો નથી.

**મહી નદી ઉપરનો પુલ તૂટવાથી પડતી મુશ્કેલીઓ**

* ૭૮૮૫ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં આવેલ મહી નદી ઉપરનો પુલ ક્યારે તૂટેલ છે, | (૧) તા.૨૩-૧૧-૧૩ |
| (૨) આ પુલના તૂટવાથી કેટલા ગામોના ઇસમોને અવર-જવરમાં મુશ્કેલીઓ પડે છે, અને | (૨) ૧૪ ગામો |
| (૩) ઉકત સ્થિતિએ આ પુલને ફરીથી બનાવવા કે મજબૂતીકરણ કરવા સરકારે શાં પગલાં લીધા ? | (૩) સર્વે અને ઇન્વેસ્ટીગેશન તથા નકશા અંદાજો બનાવવાની કામગીરી હાથ ધરેલ છે. |

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે મહિસાગર જિલ્લાના મહી નદી પરનો આડો પુલ તૂટી ગયો છે. એના લીધે વરદરી વિભાગના પચાસેક ગામના, ત્યાંના શાળા-કોલેજના વિદ્યાર્થીઓને પચીસ-પચીસ કીલોમીટર ફરીને જવું પડે છે, લીંબડીયા ચોકડી..

અધ્યક્ષશ્રી : ટૂંકમાં ૧૪ ગામને મુસીબત પડે છે એમ લખ્યું છે આમાં.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી,અમને ખૂબ મુસીબત પડે છે, તો સરકારે આના માટે કોઇ વૈકલ્પિક વ્યવસ્થા કરી છે કે કેમ? બીજો પ્રશ્ન એવો છે કે અહીંયા સરવે અને નકશા ઇન્વેસ્ટીગેશનનો જવાબ આપ્યો છે. નકશા અંદાજોનો તો નકશા અંદાજો કયાં સુધી પૂરા થશે અને આ ડૂબ પુલ હતો. કડાણાથી બિલકુલ ૪૦ કિલોમિટરના અંતરે હતો એટલે એના પુરજોશથી દબાણથી કદાચ એ તૂટી ગયો હોય એટલે આ ડૂબ પુલને બદલે જરૂરી ઊંચાઇવાળો પુલ બનાવવા માગો છો કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ જે પુલ અત્યારે તૂટેલો છે એ પુલની ડાયવર્ઝન ત્યાં આગળ એ પુલમાં અત્યારે નીચે નદીમાં પાણી છે, એટલે ત્યાં ડાયવર્ઝન આપવાનું શકય છે નહીં એટલે નજીકમાં જયાંથી પણ જવાય એ રીતે વાહનો ત્યાં આગળ ડાયવર્ટ કરેલા છે. બીજું એમણે જે વાત કરી કે એમને અત્યારે આની શું પરિસ્થિતિ છે, એમનો જે પ્રશ્ન એમણે કરેલો હતો એ ૩૧-૧૨-૧૩ની પરિસ્થિતિ માગી હતી કે શું અત્યારે સરકારે કરેલું છે તો ૩૧-૧૨ની પરિસ્થિતિએ સર્વે અને ઇન્વેસ્ટીગેશન તથા નકશા અંદાજોની કામગીરી ચાલુ હતી પણ અત્યારે જે આ પુલ છે એ પુલ માટે ત્યાં આ આગળ ૨૩-૧૧-૨૦૧૩ના રોજ જયારે પુલ તૂટયો અને તરત જ અમારા આદરણીય મંત્રીશ્રીના ધ્યાને આવ્યું. એમણે તરત જ વિભાગને સૂચના આપી અને ત્યાં આગળ બધા અધિકારીઓ, નાયબ કાર્યપાલક ઇજનેર, કાર્યપાલક ઇજનેર, અધિક્ષક ઇજનેરશ્રી બધા પહોંચ્યા. અને એના માટે જે કંઇ એનો સર્વે કરવાનો હતો એમાં પાણી હતું એટલે પાણીના લીધે ત્યાં આગળ નરી આંખથી દેખાય એમ નહોતું કે કેટલી નુકસાની છે, એટલે અધિકારીઓનો રીપોર્ટ આવ્યો કે આમાં અંડર વોટર વીડીયોગ્રાફીની જરૂરિયાત છે, એટલે અંડર વોટર વીડીયોગ્રાફી પણ સરકારે કરાવી,

અધ્યક્ષશ્રી : ટૂંકમાં જવાબ આપો કે તમે એ જ જગ્યાએ ફરીથી પુલ કરવા માગો છો? અને કયાં સુધીમાં વિધિ તમારી પૂરી થશે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એનું અમે ટેન્ડર પણ બહાર પાડી દીધું છે. જે પીયર્સ તૂટેલા છે, જે સ્લેબ તૂટેલા છે, જે પીયર્સને નુકસાની છે જે એને બ્રેકેટીંગ કરવાનું પીયર્સ તૂટી ગયા છે, પીયર્સ લગભગ નવા કરવાના અને સ્લેબ જે તૂટેલો છે એ સ્લેબ પણ નવો કરી અને એને છ મહિનાની અંદર આ કામગીરી એટલે ચોમાસા પહેલા આ પુલ ઉપરથી વાહન અવર–જવર શકય બને એ રીતની કામગીરી સરકાર કરશે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પુલ એ સ્ટેટ ઉપર છે અને ડુબાઉ પુલ છે. ગત ચોમાસામાં અકસ્માતના કારણે ત્રણેક માણસના ભોગ પણ લેવાઇ ગયા છે. જયારે આ પુલનું નવું કામ કરવાનું છે ત્યારે સરકારશ્રી એનું લેવલ વધારવા માગે છે કે કેમ અને બીજું માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે બે જગ્યાએ ડાયવર્ઝન આપવામાં આવ્યું છે પણ એ ડાયવર્ઝન એ આ રસ્તો જે છે એનાથી પંદર–વીસ–પચીસ કિલોમિટર દૂર છે તો નદીમાં ડાયવર્ઝન આપવા માગે છે કે કેમ?

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, નદીમાં પાણી છે એટલે નદીમાં ડાયવર્ઝન પાણીમાં શકય ના બને. પાણીમાં તો હોડી લઇને જ જવું પડે અને પાણી ના હોય તો ડાયવર્ઝન શકય બને.

અધ્યક્ષશ્રી : અથવા પાણીને ડાયવર્ઝન આપો તો રસ્તો ખુલ્લો થઇ જાય.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય સભ્યશ્રી કહે છે કે પાણીમાં ડાયવર્ઝન તો પાણીમાં ડાયવર્ઝન શકય છે નહીં. અને જે એમણે વાત કરી કે અત્યારે જે પુલ છે એમાં હાઇલેવલ પુલ, એ બાબતમાં એમનું સૂચન છે.

અધ્યક્ષશ્રી : આ ચોમાસા પહેલા શરૂ થઇ જશે એટલી ખાતરી આપી છે.

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે આ મહી નદી પરનો પુલ તૂટ્યા પછી વિગતવાર શું કામગીરી હાથ ધરવામાં આવી?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આમાં મેં અગાઉ કીધું કે અધિકારીઓએ પણ સ્થળ ઉપર મુલાકાત લીધી અને જયારે અધિકારીઓએ મુલાકાત લીધી એમાં પાણી હતું એટલે પાણીના લીધે ત્યાં આગળ સ્થળ ઉપર પીયર્સમાં કેટલું નુકસાન છે, ખ્યાલ નહોતો એટલે અંડર વોટર વીડીયોગ્રાફી કરાવી અને એનો જે રીપોર્ટ અધિક્ષક ઇજનેરનો અને જેમણે અંડર વોટર વીડીયોગ્રાફી કરી એમનો જે રીપોર્ટ આવ્યો, એ રિપોર્ટ આવ્યા પછી એમાં અધિક્ષક ઇજનેર દ્વારા સૂચવ્યા મુજબ અન્ડર વોટર વિડિયોગ્રાફીની કામગીરી ૧૦–૧૨ થી ૧૮–૧૨ દરમિયાન થઇ. ત્યારબાદ રિપોર્ટમાં જણાવ્યા મુજબ જે ૯ પીયર્સ અને ૧૦ પીયર્સ અને પુલના બાંધકામના અંદાજો બનાવવામાં આવ્યા. ત્યારબાદ ૮–૧ના રોજ અંદાજોને તાંત્રિક મંજૂરી આપી ટેન્ડર નોટિસ બહાર પાડી છે અને ૨૮–૧ ના રોજ ટેન્ડર ખોલવામાં આવ્યા અને ઇજારાદારોની પૂર્વપાત્રતા નક્કી કરવામાં આવી અને ૨૯–૧ના રોજ ટેન્ડરના પ્રાઇઝબીડ ખોલવામાં આવ્યા. ૨૦–૨ના રોજ રોયલ ઇન્ફ્રાસ્ટ્રકચર એન્જિનિયરીંગ પ્રા.લિ. નું ટેન્ડર મંજૂર કર્યું અને ૨૧ તારીખે એમણે ડિપોઝિટ ભરી અને ઓર્ડર આપ્યો એટલે ૨૨ તારીખથી આ કામ શરૂ થયું છે.

**શ્રી સી. કે. રાઉલજી :** આ મહીસાગરને હમણાં નવો જિલ્લો બનાવવામાં આવ્યો છે. જિલ્લો બનાવવાના કારણે વિદ્યાર્થી માત્રનો સવાલ નથી પણ મામલતદાર, ટી.ડી.ઓ અને કલેકટર કચેરીને અવાર નવાર બાલાસિનોરના વિરપુર તાલુકામાંથી અને લુણાવાડા પશ્ચિમ વિભાગના ગ્રામજનોને પારાવાર મુશ્કેલીઓ છે. નદીમાં પાણી રહેતું હોય તો પાણીના અનુસંધાનમાં ડાયવર્ઝન આપીને આ ચાર મહિના બનવાનું નથી એટલે જાણવું છે કે સરવે ઇન્વેસ્ટિગેશન અને નકશા અંદાજોમાં ત્રણ મહિનાનો સમય ગયો તો અંદાજિત ખર્ચ કેટલો છે? ચોમાસા પહેલા બનાવવાની ખાતરી આપો છો તો ચાર મહિનામાં પુલ સ્લેબમાં તૂટી ગયો છે એ પૂરતા અંદાજો છે કે આખા પુલના અંદાજો છે? વિદ્યાર્થીઓના અનુસંધાનમાં તાત્કાલિક અવર–જવર માટે પાણીમાં ડાયવર્ઝન આપી શકાય તેમ છે કે કેમ તેનું ઇન્વેસ્ટીગેશન કરીને ફરીથી આ કામ કરવા માગો છો કે કેમ?

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર :** એમણે જે રકમ કહી એ ખર્ચ ૮,૧૭,૪૯,૨૨૪ રૂપિયા છે. આટલો મોટી રકમ હતી છતાં માનનીય મંત્રીશ્રીએ તાત્કાલિક એના હૂકમો કર્યા. એના કામની શરૂઆત થઇ.

**અધ્યક્ષશ્રી :** બીજો સવાલ છે, ડાયવર્ઝન ટૂંકો થઇ શકે?

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર :** ડાયવર્ઝન આપવાની શક્યતા નથી. પાણી ચાલુ છે એટલે પાણીમાં ડાયવર્ઝન ક્યારેય અપાય નહીં. (અંતરાય) જે કામગીરી કરવાની છે એમાં જે વધુ નુકસાનવાળા ૯ પીયર છે એ નવા બનાવવાના છે. હવે એ સિમેન્ટ કોંક્રિટના કરવાના છે. જૂના પત્થરના છે. આ લેટેસ્ટ કામગીરી સિમેન્ટ કોંક્રિટના ૧૦ નવા સ્લેબ બનાવવાના છે અને ૧૫ પીયર અને બી. એન્ડ એમ.ને જેકેટીંગ કરવાની કામગીરી એટલે આખો પુલ લગભગ નવા જેવો થઇ જવાનો છે.

**શ્રી સી. કે. રાઉલજી :** ગંભીર સવાલ છે. આ પુલની લંબાઇ એક કિલોમિટર છે. ૮ કરોડમાં નવો પુલ બની ન શકે, સમારકામ જ કરવું પડે. આ ડૂબાઉ પુલ છે અને ચોમાસામાં બંધ રહે છે તો ઊંચો પુલ બનાવવા માગો છો કે કેમ?

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર :** ઊંચા પુલની વાત કરી એ એમનું સૂચન છે અને અમે એ ધ્યાને લઇશું.

**અમદાવાદ-ગાંધીનગરને જોડતા મેટ્રો રેલની કામગીરી કોન્ટ્રાકટરને આપવા બાબત**

* ૭૩૮૫ **શ્રી પૂનમભાઇ મા. પરમાર(સોજીત્રા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ અમદાવાદ-ગાંધીનગરને જોડતા મેટ્રો રેલની કામગીરી ક્યા કોન્ટ્રાકટરને આપવામાં આવી છે, | (૧) અમદાવાદ-ગાંધીનગરને જોડતા મેટ્રો રેલ પ્રોજેક્ટની મુખ્ય કામગીરી કોઇ પણ કોન્ટ્રાકટરને સોંપવામાં આવેલ નથી. |
| (૨) આ પ્રોજેકટ માટે ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા હતા કે કેમ, અને | (૨) હા,જી. |
| (૩) જો હા, તો આ ટેન્ડરો બહાર પાડવા પાછળ રાજ્ય સરકારે કુલ કેટલું ખર્ચ કરેલ છે ? | (૩) બહાર પાડવામાં આવેલ તમામ ટેન્ડરો રદ કરેલ હોઇ વહીવટી ખર્ચ સિવાય અન્ય કોઇ ખર્ચ થયેલ નથી. |

**શ્રી પુનમભાઇ મા. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે મેટ્રો રેલનો કોન્ટ્રાક્ટ રદ કરવાના કારણો કયા કયા છે? મેટ્રો રેલ સરવે કરવા પાછળ અને ટેન્ડર બહાર પાડવા પાછળ વહીવટી ખર્ચ વર્ષવાર કેટલો કરવામાં આવ્યો છે અને આ મેટ્રો રેલ થવાની છે કે કેમ? કે પછી આ એક લોલીપોપ છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ :** ગાંધીનગર એરપોર્ટ અને ગીફ્ટ સિટીને જોડતા રૂટ માટેના સંબંધિત મુસાફરોની સંખ્યા ખૂબ ઓછી હતી આથી પ્રોજેક્ટના પ્રારંભિક ગાળામાં આ પ્રકારની સ્થિતિએ નિભાવ ખર્ચની દ્રષ્ટિએ યોગ્ય ન હતું. જ્યારે અમદાવાદ શહેરમાં આવતો રૂટ ઊંચી રાઇડરશીપ ધરાવે છે. તદુપરાંત નિષ્ણાંત કન્સલ્ટન્ટો, પ્રતિષ્ઠિત એજન્સીઓ દ્વારા કરાવવામાં આવેલ વિગતવાર હાઉસહોલ્ડ સરવે, Traffic analysis, topography survey, multimodel, environment impact assessment, financial and economic viability જેવા વિવિધ અભ્યાસોના પરિણામોને ધ્યાનમાં લઇ પ્રોજેકટના હિતમાં રૂટમાં ફેરફાર કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૧-૧૨માં ૧૫ કરોડ ૧૮ લાખ રૂપિયાનો ખર્ચો થયો અને ૨૦૧૨-૧૩ માં ૨૦૩૩.૧૬ લાખનો ખર્ચો થયો.

અધ્યક્ષશ્રી : આ અમદાવાદનો પ્રશ્ન છે. અમદાવાદવાળા કોઇ નહિ હોય તો તમારો વારો આવશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે, આ મેટ્રોરેલની જાહેરાત જે થઇ હતી એ જાહેરાત કઇ સાલમાં થઇ હતી? અને મેટ્રોરેલ ક્યારે પૂર્ણ કરવામાં આવશે? અને મેટ્રોરેલ માટે સરકારશ્રીએ બજેટમાં આની કોઇ જોગવાઇ કરી છે કે કેમ? બજેટમાં જોગવાઇ કરી છે તો કેટલા રૂપિયાની જોગવાઇ કરી છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે જાહેરાત કરી છે ત્યારે મેટ્રોરેલ બનશે એની ચિંતા ના કરો. આ સરકાર જ બનાવશે બીજી કોઇ સરકાર બનાવવાની નથી. માનનીય અધ્યક્ષશ્રી, મેઘા કંપનીને ૫૦૦ કરોડ રૂપિયાનું ફંડ આપેલું છે એમાંથી એમણે બે વર્ષમાં આ ખર્ચ કર્યો છે. (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : મેટ્રોરેલની સરકારશ્રીએ ક્યારે જાહેરાત કરી હતી? ક્યારે પૂર્ણ કરવા માગે છે અને બીજો મારો પ્રશ્ન હતો કે આ મેટ્રોરેલ માટે સરકાર તરફથી બજેટમાં કોઇ જોગવાઇ કરવામાં આવી છે કે કેમ?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૮ સુધીમાં પહેલો જે ફેઇઝ છે એ ફેઇઝ પૂર્ણ કરવામાં આવશે. એમાં પ્રથમ તબક્કામાં બે કોરીડોર આપણે લીધા છે. એક ઉત્તર–દક્ષિણ કોરીડોર જે મોટેરા સ્ટેડિમથી શરૂ થઇ સાબરમતિ, એ.ઇ.સી., સાબરમતિ રેલવે સ્ટેશન, રાણીપ, વાડજ, ઉસ્માનપુરા, આશ્રમરોડ, નવા ગાંધીગ્રામ, માંદલપુર, પાલડી અને વાસણા થઇને એ.પી.એમ.સી. સુધી મળશે. બીજો પૂર્વ–પશ્ચિમ કોરીડોર જે થલતેજ ગામથી શરૂ થઇને થલતેજ, દૂરદર્શન કેન્દ્ર, ગુરુકૂલ રોડ, કોમર્સ ૬ રસ્તા, સ્ટેડિયમ, આશ્રમ રોડ, શાહપુર, ઘી–કાંટા, કાલુપુર રેલવે સ્ટેશન, કાંકરીયા પૂર્વ, એપરલ પાર્ક, અમરાઇવાડી, રબારી કોલોની અને મીરાજ ૪ રસ્તા થઇને વસ્ત્રાલ સુધીનો છે. એમાં પ્રથમ તબક્કાની જે કુલ લંબાઇ છે એ ૩૫.૨ કિલોમીટર છે. જેમાં ૨૮.૨ કિલોમીટર એલીવેટેડ અને ૭ કિલોમીટર અંડર ગ્રાઉન્ડ સેકશન હશે. આ રૂટમાં કુલ ૩૨ સ્ટેશનો આવે છે અને પ્રથમ તબક્કાનો આ ફેઇઝ છે એ ૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

શ્રી પરેશ  ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આ ૫૦૦ કરોડ રૂપિયા મેટ્રોરેલ કંપનીને આપણે ફાળવ્યાં. સાહેબ, વિકસિત ભારતમાં અત્યારે મેટ્રો ટ્રેઇન, મોનો ટ્રેઇન શરૂ થઇ ગઇ અને દરેક ચૂંટણી વખતે અમદાવાદ–ગાંધીનગર વચ્ચે મેટ્રોરેલ છે એના ખાલી પાટીયા લગાડ્યા છે. ચૂંટણી આવે એટલે (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે આમાં સવાલ પૂછોને, આમાં ચૂંટણીનું ક્યાંય આવે છે? આમાં પેટા સવાલની મર્યાદા છે.

શ્રી પરેશ  ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા હતા એ કેટલા કામ માટે, કેટલી રકમના ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા હતા? આ ટેન્ડરોમાં કુલ કેટલી એજન્સીઓએ ભાગ લીધો? (અંતરાય)

અધ્યક્ષશ્રી : એટલું બધું આમાં ડીટેઇલમાં ના હોય. એ કોઇ એક એકનું નામ માગો છો કેટલું છે? જવાબ તમે વાંચો.

શ્રી પરેશ  ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આંકડા પૂછું છું હું ડિટેઇલ નથી પૂછતો. કુલ કેટલી એજન્સીઓએ એમાં ભાગીદારી લીધી? આ ટેન્ડર રદ કરવામાં આવ્યા એ રદ કરવાના કારણો શું છે?

અધ્યક્ષશ્રી : એટલી ડિટેઇલમાં જવાની જરૂર નથી.

શ્રી પરેશ  ધાનાણી : આપના મારફત સાહેબ, આમાં જવાબ છે.

અધ્યક્ષશ્રી : બહાર પાડવામાં આવ્યાં, તમે વાંચો પહેલા. હુંચ વાંચું છું ટેન્ડરો બહાર પાડવા પાછળ રાજ્ય સરકારે કુલ કેટલું ખર્ચ કર્યુ તો એમાં કેટલા ટેન્ડર આવ્યા હતા? કેટલા રિજેકટ કર્યા, કેટલા મંજૂર કર્યા, કેટલી રકમના કોના ટેન્ડર હતા? એ આમાં ના આવે. એટલે તમને એમાઉન્ટ કહે છે કે આટલા રૂપિયાનું ટેન્ડર મંજૂર થયું છે.

શ્રી પરેશ  ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો બહુ સ્પેસિફિક સવાલ છે કે,  ટેન્ડરને લગતો પ્રશ્ન છે તો ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા તો કુલ કેટલા કામ માટે થઇને.. (અંતરાય)
કુલ કેટલા કામો માટે થઇને (અંતરાય)

અધ્યક્ષશ્રી : ટેન્ડરને લગતો પ્રશ્ન નથી.

શ્રી પરેશ  ધાનાણી : સાહેબ, મૂળ પ્રશ્ન એ છે કે, કોલમ–૨(અંતરાય)

અધ્યક્ષશ્રી : સાંભળો, તમે સાંભળો, પ્રશ્ન છે એ મેટ્રો રેલનો છે અને મેટ્રો રેલ માટે ટેન્ડરની વાત છે. એ બેય વસ્તુ જુદી, ટેન્ડર માટે પ્રશ્ન હોવો અને મેટ્રો રેલ માટે હોવો. તમે ફરીથી પ્રશ્ન પૂછો (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : પૂછું છું. (અંતરાય) ( આ તકે કોંગ્રેસના સભ્યશ્રી જશુભાઇ બારડ તેમના સ્થાને ઊભા થઇ પ્રશ્નોત્તરીની બૂક હાથમાં લઇ, પ્રશ્ન અંગે કાંઇક બોલતાં)

અધ્યક્ષશ્રી : જશુભાઇ મને ખબર છે, હું ય ગુજરાતી ભણેલ છું, મને આવડે છે વાંચતા (અંતરાય) તમે બેસો, તમે બેસો, અરે, જશુભાઇ તમે બેસો. કોઇએ કહેવાની જરૂર નથી. આમાં મેં પણ પ્રશ્ન વાંચ્યો છે અને જવાબ પણ વાંચ્યો છે. હું બધુંય એકેએક પ્રશ્ન, તમે પૂછો કેટલાનું ટેન્ડર હતું ત્યાં સુધી બરાબર.

શ્રી પરેશ ધાનાણી : મારો સવાલ બહુ સ્પેસિફિક છે માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

અધ્યક્ષશ્રી : કેટલા જણાના ટેન્ડર આવ્યા હતા, કેટલા ભાવ હતા એ કહેવાની જરૂર નથી. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : સાહેબ, સરકારી સૂત્રોમાંથી જાણવા મળ્યું છે કે, આ ટેન્ડરો બહાર પાડ્યા એના માટે (અંતરાય) (આ તકે કોંગ્રેસના અમુક ધારાસભ્યો તથા દંડકશ્રી તેમના સ્થાનેથી ઊભા થઇ જતાં)

અધ્યક્ષશ્રી : કોઇએ ઊભા થવાની જરૂર નથી. (અંતરાય) પરેશ ધાનાણીને તમારા કોઇના ટેકાની જરૂર નથી. એને પ્રશ્ન પૂછવા દો, (અંતરાય) જરાય નહીં જશુભાઇ. તમારે સમજાવવાની કાંઇ જરૂર નથી, દંડક છે અથવા તો દંડકની જગ્યાએ તમે આવી જાવ (અંતરાય) હાઉસમાં ઊભા થવું હોય, તમને કોઇ અધિકાર નથી, અધિકાર દંડકને છે અને વિપક્ષના નેતાને છે. તમે બેસી જાઓ (અંતરાય) ભાઇ ફરીથી, પરેશ ધાનાણીને કહું છું કે, આ મેટ્રો માટેનું છે, એમાં તમારે ટેન્ડરનું પૂછવું હોય તો ફરીથી સવાલ પૂછો (અંતરાય) બાકીના બેસી જાઓ બધાય. (અંતરાય) નહીં કોઇ નહીં , બલવંતસિંહ (અંતરાય) એણે શું પૂછ્યું એ ખબર છે ? કેટલા કેટલાના ટેન્ડર આવ્યા હતા, કેટલા કેટલા રિજેક્ટ થયા ? આ એની વાત જ નથી. ઓલરેડી ટેન્ડર અપાઇ ગયેલું છે. (અંતરાય) ભાઇ બેસો, તમે હવે બેસોને, મને કાંઇ સમજાવવાની જરૂર નથી. હું અહીંયા સ્ટડી કરીને જ આવું છું બધોય. તમે બેસો. તમારે શું કહેવું છે, બલવંતસિંહ ? બાકીના બેસો, (અંતરાય) તમારા દંડકનું તો સાંભળો, એક મિનિટ (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : આપ જે વાંચો, ત્રીજો હતો પછી ૫૯ના પ્રશ્નમાં (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે બેસો તમારા દંડક વાત કરે છે, તમે ગ્યાસુદીનને કહું છું (અંતરાય) જો કોઇ નથી કાંઇ, જરાય નહીં, પ્રશ્નની રીતે પૂછો તમે (અંતરાય) તમારો અધિકાર નહીં, એનો અધિકાર છે અને અમદાવાદવાળા છે છતાંય એને પૂછવા દઉ છું. (અંતરાય) ચાલો, તમારે કોઇ સવાલ નહીં,(અંતરાય) જરાય નહીં, તમારે જે સમજાવવું હોય એ કહો તમે, બાકીના બેસી જાઓ,(અંતરાય) તમે બાકીના બેસી જાઓ દંડક છે તમારા(અંતરાય) અરે, આ તમારા છે, એ ૫૯ નંબર ના હોય અત્યારે સાતમો પ્રશ્ન ચાલે છે. (અંતરાય) બોલો, ભાઇ તમે દંડક કહોને. (આ તકે કોંગ્રેસના અમુક સભ્યો સતત સૂત્રોચ્ચાર ઉચ્ચારતાં) ભાઇ, પરેશ ધાનાણી ફરીથી કહું છું, અવાજ કરવાની કોઇ જરૂર નથી., (અંતરાય) તમારા દંડકને સાંભળો, (અંતરાય) તમારા દંડકને સાંભળો, તમારા બધાની રજૂઆત તમારા દંડક કરે કાં વિપક્ષના નેતા કરે,(અંતરાય) દંડક કહે છે એને સાંભળો, એને પૂરેપૂરું રિસ્પેક્ટ આપી એની વાત સાંભળીશ (અંતરાય) હવે ભાઇ, પુંજાભાઇ બેસી જાવને, એ કોઇ સવાલ નથી, તમારો તો જિલ્લો નથી. (અંતરાય) પૂછો તમે, (અંતરાય) કોઇ નહીં, જો પહેલેથી જ કહ્યું છે, જે કાંઇ હોય એ, દંડકને કહેવાનું છે એ કહેવા દો, બલવંતસિંહ કહો તમારે શું કહેવું છે? (સતત સૂત્રોચ્ચાર) ભાઇ, એક મિનિટ (અંતરાય) બેસી જાઓ, જો તમે એક, બે ત્રણ ચાર પાંચ જણા જે કાર્ડ બતાવે છે એમને હું આજના દિવસ માટે સસ્પેન્ડ કરું છું, જે છે એ, હજી જેટલા બાકીના રહી ગયા હોય એ કાઢો કાર્ડ, એ છ એ છ જણાને બહાર કાઢો, જેમણે પ્લે કાર્ડ બતાવ્યા છે એ બધાને બહાર કાઢો, એક દિવસ માટે હું સસ્પેન્ડ કરું છું, બધાયને બહાર કાઢો જેટલા પાસે પ્લે કાર્ડ છે એને, જેટલાને પ્લે કાર્ડ છે એને બહાર લઇ જાવ.(અંતરાય) હા, ભાઇ, એના કરતાં કહેવું હતું ને, પહેલેથી તૈયારી કરતા આવ્યા હતા. બધાને લઇ જાવ બહાર લઇ જાવ. (અંતરાય) સૂત્રોચ્ચાર (સતત સૂત્રોચ્ચાર) જેટલા પાસે પ્લે કાર્ડ છે એ બધાને

બહાર કાઢો. એના કરતા કહેવું હતુંને કે પહેલેથી જ તૈયારી કરીને આવ્યા હતા. આ પરેશ ધાનણીને પહેલા લઈ લો. જમાદાર, લઈ લો એમને. પેલા દરવાજેથી લઈ જાવ. (સતત સૂત્રોચ્ચાર )

**આ તબકકે સભાગૃહમાં હાજર રહેલા વિરોધ પક્ષના બાકી રહેલા તમામ સભ્યો સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.**

અધ્યક્ષશ્રીઃ પ્રશ્ન ક્રમાંક–૭

**અમદાવાદ જિલ્લામાં ગોતા–ઓગણજ–લપકામણ રસ્તાને ચારમાર્ગીય કરવાની કામગીરી**

* ૭૧૨૫ **શ્રી બાબુભાઈ જ. પટેલ(દસક્રોઈ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ગોતા–ઓગણજ–લપકામણ રસ્તાને ચારમાર્ગીય કરવાનું કામ મંજૂર થયેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામગીરી પાછળ અંદાજીત કેટલો ખર્ચ થશે ? | (૨) રૂ.૧૨૦૦.૦૦ લાખ |

શ્રી બાબુભાઈ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ રસ્તામાં શું શું કામગીરી કરવાની છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ જે રસ્તો છે એમાં જે કામગીરી કરવાની થાય છે એમાં ૩.૫૫ કિલોમીટર પૈકી ૩.૦૨ કિલોમીટર લંબાઈના હયાતમાં દસ મીટર પહોળો ડામર સપાટીના રસ્તાને ચાર માર્ગીય કરવાની કામગીરી કે જેમાં એક મીટર સેન્ટર વર્જ રાખી બંને બાજુ સાત મીટર પહોળાઈની ડામર સપાટીની કામગીરી હયાત રસ્તાને બંને તરફ અઢી મીટર પહોળાઈમાં ડામર સપાટીની કામગીરી એમાં ૧૫ સે.મી. જાડાઈનું જી.એસ.વી.નું લેયર, ૨૨.૫૦ સે. મીટર જાડાઈનું ડબલ્યુ.બી.એમ.નું લેયર, ૧૫ સે.મી. જાડાઈનું ડબલ્યુ એમ.એમ.નું લેયર, સાત મીટર બાય બેના ડામર કામમાં ૭.૫ સે.મી. જાડાઈનું બી.એસ.જી., પાંચ સે.મી. જાડાઈનું બી.એમ. તથા સળંગ પહોળાઈમાં અઢી સે.મી. જાડાઈનું એસ.જી.બી.સી.નું લેયર, કિલોમીટર ૬.૨ થી ૬.૭૩ વચ્ચે ૫૩૦ મીટર લંબાઈમાં સી.સી. રોડમાં નીચે મુજબની કામગીરી. ૧૫ સે.મી. જાડાઈનું જી.એસ.બી.નું લેયર, ૨૨.૫૦ સે.મી. જાડાઈનું ડબલ્યુ.બી.એમ.નું લેયર, ૧૦ સે.મી. જાડાઈનું પી.સી.સી. એક બાય થ્રી બાય સીકસ થ્રી સેન્ટી મીટર જાડાઈનું ટ્રીમીકસ સાથેનું સિમેન્ટ કોંક્રીટ કિલોમીટર ૬.૪૫માં આવેલ હયાત સ્લેબ પ્રિન્ટ પહોળો કરવાનું કામ, ૧૦૦૦ મીટર લંબાઈમાં મેટલ બીમ પ્રેસ બેરીયરની કામગીરી, ૩૫૭ નંગ રોડ સાઈડ બોર્ડની કામગીરી આટલી કામગીરી આ રસ્તામાં કરવામાં આવી છે.

શ્રી રાકેશ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગોતા–ઓગણજ–લપકામણનો ચારમાર્ગીય રસ્તો અમદાવાદ સીટીનો એન્ટ્રીનો રોડ છે તો આ માર્ગ થવાથી કેટલા ગામોને અને કેટલી વસ્તીને એનો લાભ મળશે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ જે કામગીરી પૂરી થશે ત્યારે નીચે જે ગામો છે એમાં ઓગણજ ગામની ૫૦૪૦ની વસ્તી છે, લપકામણ ગામની ૨૮૧૮ની વસ્તી છે, લીલાપુર ગામની ૧૨૩૧ની વસ્તી છે, સાંતેજની ૨૧૫૦ની, વડસર ૮૯૦૦, મોટીભોયણ ૮૫૦૦, વાસજડા ૪૭૧૫, વામજ ૪૯૦૩, ખાત્રજ ૪૬૦૦, કડી ૧૧૦૫૦૦ આમ કુલ ૧૫૩૩૫૭ની વસ્તી અને આ મેં કીધા એ ગામોને લાભ થવાનો છે. તે ઉપરાંત તે ગામોની વસ્તી ઉપરાંત વડસર ખાતેના એરફોર્સ સ્ટેશન તથા સાંતેજ અને ખાત્રજ ઔદ્યોગિક વસાહતના ટ્રાફિક માટે પણ આ રસ્તો ઉપયોગી થવાનો છે. આ ઉપરાંત રસ્તાની બંને તરફ રહેણાંક વિસ્તાર તરીકે વિકાસ થતો હોય, રસ્તા પર પાર્ક થતા વાહનોને કારણે થતી ગીચતામાં પણ ઘટાડો થશે.

**સુરેન્દ્રનગર જિલ્લામાં વીજ સબ સ્ટેશનો માટે અપાયેલ જમીન**

* ૭૧૦૧ **શ્રી શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વીજ સબ સ્ટેશનો માટે જમીન અપાયેલ છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી જમીન અપાયેલ છે ? | (૨) કુલ ૪૪,૪૦૦ ચો.મી. |

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સુરેન્દ્રનગર જિલ્લામાં દરેક તાલુકામાંથી ૨૦ સબ સ્ટેશનો બનાવવા માટે કેટલી અરજીઓ આવી છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સાયલા તાલુકામાંથી ૩ અરજીઓ આવી છે. એમાંથી એક મંજૂર કરી છે અને ૨ પડતર છે. ચૂડામાંથી ૨ અરજીઓ આવી એમાંથી ૧ મંજૂર કરી અને ૧ પડતર છે. મૂળીમાથી ૨ અરજીઓ આવી એમાંથી ૧ મંજૂર અને ૧ પડતર છે. પાટડીમાં ૧ અરજી આવી અને એ મંજૂર કરી. ધાંગધ્રામાં ૬ અરજીઓ મળી એમાંથી ૩ મંજૂર કરી છે. ૩ પડતર છે. ચોટીલામાં ૧ અરજી મળી અને એ ૧ પડતર છે. લીંબડીમાં ૨ અરજી આવી એમાં ૨ અરજી પડતર છે. વઢવાણમાં ૪ અરજીઓ આવી એમાં ૪ પડતર છે. આ બધી અરજીઓ સરકારમાં દરખાસ્ત આવી ગઇ છે. થોડા સમયની અંદર એને મંજૂર કરવામાં આવશે.

શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વીજ સ્ટેશનોમાં ૬૬ કે.વી. કેટલા અને ૨૨૦ કે.વી. કેટલા અને અન્ય કેટલા?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : આ અરજીઓ જે ૨૧ મળી છે. એમાં ૧૯ અરજીઓ ૬૬ કે.વી.ની છે, ચૂડા તાલુકાની ૧ અરજી ૪૦૦ કે.વી.ની સબસ્ટેશનની છે અને મૂળી તાલુકાની ૧ અરજી ૨૨૦ કે.વી. સબસ્ટેશનની છે.

શ્રી પુનમભાઇ કા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમને છાપ્યા પ્રમાણેના જવાબમાં લખેલ છે કે ૪૪,૪૦૦ ચો.મી. જમીન વીજ સબસ્ટેશનો માટે ફાળવેલ છે. તો આ જમીન ફાળવવા મંજૂરી કયારે આપેલી છે? એમાં કેટલી કિમત વસૂલ લીધેલ છે એ જાણવા માગું છું?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૬૬ કે.વી. સબસ્ટેશનની ૪,૯૦૦ ચો.મી. જગ્યા આપતા હોઇએ છીએ, એ પ્રમાણે ગણીએ તો ૪૪,૪૦૦ ચો.મી. જગ્યા ફાળવી છે. એમાં ૧૨,૭૪,૦૦૦ રૂપિયા વસૂલ કરેલ છે.

**પંચમહાલ જિલ્લામાં પ્રવાસનના વિકાસ માટે ગ્રાન્ટની ફાળવણી**

* ૭૧૫૯ **શ્રીમતી નિમીષાબેન મ. સુથાર (મોરવા હડફ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં સને ૨૦૧૨–૧૩ના વર્ષમાં પ્રવાસનના વિકાસ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી, | (૧) પંચમહાલ જિલ્લામાં સને ૨૦૧૨–૧૩ના વર્ષમાં પ્રવાસનના વિકાસ માટે કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી. |
| (૨) તે પૈકી કેટલો ખર્ચ થયેલ છે, અને | (૨) લાગુ પડતું નથી. |
| (૩) તે અન્વયે ક્યા કામો કરવામાં આવ્યા છે ? | (૩) લાગુ પડતું નથી. |

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પંચમહાલ જિલ્લામાં પ્રવાસનના વિકાસ માટે સરકારશ્રીએ શું આયોજન કરેલ છે?

શ્રી સૌરભ પટેલ : સરકાર કલેક્ટરશ્રી પાસેથી જો કોઇ દરખાસ્ત આવે તો કલેક્ટરને સીધી ગ્રાન્ટ ટુરિઝમ કોર્પોરેશન ફાળવતી હોય છે. પંચમહાલ જિલ્લામાં સીધી કોઇ દરખાસ્ત ન આવવાના કારણે કોઇ ગ્રાન્ટ ફાળવી નથી, પરંતુ આપણે પાવાગઢના ડેવલપમેન્ટ માટે ૬૦ કરોડના ખર્ચે એસ્ટીમેટ બનાવેલ છે. ટેન્ડર ડોક્યુમેન્ટ તૈયાર છે. બીજાં ઘણાં બધાં કામો આપણે હાથ ઉપર લીધેલ છે. ટુવા હોટ વોટર સ્પ્રીંગ સાઇટનું ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટનું, ઇકો ટુરિઝમ સાઇટ ડેવલપમેન્ટ માટે ઘણી બધી જગ્યાએ કેમ્પિંગ

સાઇટો આપણે આઇડેન્ટીફાઇ કરી છે. પૅરેગ્લાઈડિંગ અને એડવન્ચર સ્પોર્ટસ પાવાગઢની અંદર આપણે વ્યવસ્થા કરી રહ્યા છીએ. હેરીટેઝ ટુરિઝમ ચાંપાનેરમાં કેવી રીતે વધે તેના માટે પ્રયત્નો કરી રહ્યા છીએ. આવી રીતે અનેક અનેક કામોના અભ્યાસ ચાલી રહ્યાં છે. આ પ્રમાણે આવતા દિવસોની અંદર વધારેમાં વધારે લોકો આવે તે પ્રમાણે પ્રયત્ન રહેશે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પંચમહાલ જિલ્લાની અંદર પ્રવાસ ધામ તરીકે કયા કયા સ્થળ પસંદ કરવામાં આવેલ છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જેમ કહ્યું તેમ પાવાગઢ, ચાંપાનેર હેરીટેઝ સાઇટ, ટુવા હોટ વોટર સ્પ્રીંગ, જે ઇકો ટુરીઝમની વાત કરી તેમાં જાંબુઘોડા, હથણી માતા ફોલ્સ, કેમ્પીંગ એરીયા આપણે અનેક ડેવલપ કરી રહ્યા છીએ. બીજું ગુજટોપ દ્વારા આપણે એક સરવે કરાવ્યો છે અને જે ગેપ એનાલીસીસ હોય તેમાં બે પ્રોજેકટો અત્યારે પ્લાનિંગ સ્ટેજ પર છે.

**સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત નવસારી જિલ્લામાં નગરપાલિકાવાર રેલ્વે ઓવરબ્રીજ/અંડરબ્રીજના કામોની મંજૂરી**

* ૭૧૦૨ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુદા જુદા નગરોમાં રેલ્વે ઓવર બ્રીજ તથા અન્ડર બ્રીજના કામો માટે નવસારી જિલ્લાની કઈ નગરપાલિકાઓને વહીવટી મંજૂરી આપવામાં આવી, (૨) કુલ કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને | (૧) અને (૨) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રેલ્વે ઓવર બ્રીજ તથા અન્ડર બ્રીજના કામો માટે નવસારી જિલ્લાની નવસારી નગરપાલિકાને રૂ. ૩૫ કરોડ, વિજલપોર નગરપાલિકાને રૂ. ૨૭.૫૩ કરોડ અને બિલિમોરા નગરપાલિકાને રૂ. ૩૬ કરોડની એમ કુલ રૂ. ૯૮.૫૩ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કામો કયા તબક્કે છે ? | (૩) આ કામોના ડી.પી.આર. પ્રગતિ હેઠળ છે. |

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ મને મળી ગયો છે. પરંતુ અભિનંદન આપવા ઉભો થયો છું કે મારા જિલ્લામાં ત્રણે ત્રણ જે ઓવરબ્રીજ હતા તે ઇતિહાસમાં પહેલીવાર ભારતીય જનતા પાર્ટીની સરકારે મંજૂર કર્યા છે. તેનો મને આનંદ છે. મારો ખૂબ નાનો જિલ્લો છે છતાં તેમણે ત્રણે ઓવરબ્રીજને માનનીય શહેરી વિકાસમંત્રીશ્રીએ મંજૂર કર્યા છે અને તેના માટે મારા જે બીજા બે સાથી બેઠાં છે તે ત્રણે ત્રણ અભિનંદનને પાત્ર છે. ખાસ ખાસ અભિનંદન આપું છું.

અધ્યક્ષશ્રી : હવે કંઇ પ્રશ્ન રહેતો નથી ને? કે તમારો જવાબ તમે જ દઇ દીધો.

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના છે તે યોજનામાં જયાં જયાં શહેરોમાં રેલવે પસાર થાય છે ત્યાં આવા રેલવે બ્રીજ બનાવવાનું સરકારે આયોજન કરીને નકકી કર્યુ છે. આ આયોજનમાં રેલવેના ઉપર બ્રીજ બનતા હોવાના કારણે કેન્દ્ર સરકાર આની અંદર કોઇ ફંડ આપે છે કે નથી આપતી, અને આપે છે તો કેટલું ફંડ આપે છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોસ્ટ શેરીંગ પદ્ધતિથી આ બ્રીજ મંજૂર થાય છે. તેમાં ૫૦ ટકા ખર્ચ કેન્દ્ર સરકાર અને ૫૦ ટકા ખર્ચ રાજય સરકાર આપે છે. આમાં એવું થાય છે કે ૨૦૦૯માં મંજૂરી આપી હોય અને તે વખતે બ્રીજનો ખર્ચ ૩૦ કરોડ રૂપિયા અંદાજયો હોય. પછી રેલવેની મંજૂરી આવતાં આવતાં બે વર્ષ વીતી જાય એટલે ૨૦૧૧ આવે. પછી આપણે ટેન્ડર બહાર પાડીએ એટલે એસ.ઓ.આર. પણ બદલાઇ ગયા હોય એટલે ૩૦ કરોડના બદલામાં ૬૦ કે ૫૦ કરોડનો ઓવરબ્રીજ બને. એટલે પહેલા જે ૩૦ કરોડ રૂપિયા મંજૂર થયા હોય તેમાંના ૧૫ કરોડ રૂપિયા કેન્દ્ર સરકાર આપે, પણ પછીથી ૩૦ કરોડના બદલામાં ૬૦ કરોડ રૂપિયા થાય તો ૩૦ કરોડ નથી આપતા, પણ આપણને ૧૫ કરોડ જ આપે

છે. એટલે આમ દરેક બ્રીજની અંદર પરિસ્થિતિ એવી થાય છે કે ૬૦ કે ૬૫ ટકા રાજય સરકારે ખર્ચવા પડે છે અને બાકીના ૩૦ ટકા કેન્દ્ર સરકારે ખર્ચવા પડે છે.

**ભાવનગર જિલ્લામાં જમીન માપણી અને તેમાં બાકી રહેતા તાલુકાની રી–સર્વેનું કામ**

* ૭૦૯૫ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં જમીન માપણીનું રી–સર્વેનું કામ ક્યારથી શરૂ કરવામાં આવ્યું, | (૧) તા.૧૬–૯–૨૦૧૩ થી |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા તાલુકામાં જમીન માપણીનું કામ પૂર્ણ થયું, અને | (૨) કોઈ તાલુકાઓમાં પૂર્ણ થયું નથી. |
| (૩) બાકીના તાલુકાનું રી–સર્વેનું કામ ક્યારે પૂર્ણ થશે ? | (૩) તા. ૧૫–૯–૨૦૧૬ સુધીમાં. |

શ્રી કેશુભાઇ હિ. નાકરાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ભાવનગર જિલ્લાની માપણી પૂર્ણ થયે કેટલો ખર્ચ થવાનો અંદાજ છે?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આખા દેશમાં જમીનની રી–સર્વેની કામગીરી માત્રને માત્ર ગુજરાતમાં સરકારમાં થઇ રહી છે. ગુજરાત રાજયની અંદર થઇ રહી છે. અત્યાર સુધીમાં લગભગ ૧૬ જિલ્લાઓની અંદર આપણે આ કામગીરીનો આરંભ કર્યો છે. પ્રમોલગેશન સુધી આપણે તેમાં પહોંચ્યા છીએ. ભાવનગર જિલ્લાની અંદર ૬૭૬ જેટલા ગામ અને ૯ તાલુકા આવેલા છે. કરાર તારીખ ૧૬–૯–૨૦૧૩ના દિવસે કરી છે અને લગભગ ૨૦૧૬ સુધીમાં આ સર્વે પૂરો કરવાનું આયોજન છે. અત્યાર સુધીમાં ભાવનગરની અંદર જે કામ થયું છે તેમાં ગ્રાઉન્ડ કંટ્રોલ નેટવર્કની કામગીરી પૂર્ણ કરી દીધી છે. ટોટલ પ્રોજેકટનો ખર્ચ પ્રતિ ચોરસ કિલોમીટર પ્રમાણે ૧૬૯૦૦ નકકી કરેલો છે અને તે પ્રમાણે ગણીએ તો પ્રોજેકટની કિંમત ૧૫ કરોડ ૩૨ લાખ રૂપિયા થાય.

ડો. ભારતીબેન ધી. શ્યાળ : માનનીય અધ્યક્ષશ્રી, મને મારો જવાબ મળી ગયો છે.

શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રી–સર્વેની કામગીરીની સાથે સમાવિષ્ટ અન્ય મહત્વની કામગીરી કઇ છે.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ કામગીરીની સાથે સાથે ઘણીબધી કામગીરી જોડે કરવી પડતી હોય છે. તેમાં જમીનોની રી–સર્વેની કામગીરી હોય છે. મહેસૂલી કચેરીઓ ખાતે મોર્ડન રેકર્ડ રૂમ ઊભા કરવાના હોય છે. રાજયના જમીન રેકર્ડને જી.આઇ.એસ. સિસ્ટમમાં તૈયાર કરવું અને ઇન્ટરનેટ પર મૂકવાનું હોય છે. જમીનોના રેકર્ડને ગેરંટેડ ટાઇટલ આપી શકાય તે અંગે વ્યવસ્થા તંત્ર ઊભું કરવામાં આવે છે. કાયદાઓ સુધારવા પડે છે. એનાલોગ એન્ટ્રી સેલ ઊભું કરવું પડે છે. રી–સરવેની કામગીરીના તબકકાઓ છે તેમાં કાયદાકીય મંજૂરીઓ લેવી પડે છે. કામગીરીની વ્યાપક જાહેરાત અને ગ્રામસભા કરવી પડે છે. આધુનિક માપણીના સાધનો દ્વારા સમગ્ર જિલ્લામાં....

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂર્ણ થાય છે. હવે હું જાહેરાત કરી દઉં.

# અતારાંકિત પ્રશ્નો

## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### રાજકોટ જિલ્લામાં જમીન માપણી અને તેમાં બાકી રહેલા તાલુકામાં રી-સર્વેની કામગીરી

* ૭૦૯૬ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં જમીન માપણીનું રી-સર્વેનું કામ ક્યારથી શરૂ કરવામાં આવ્યું, | (૧) જાન્યુઆરી-૨૦૧૧ થી |
| (૨) ઉકત સ્થિતિએ કેટલા તાલુકામાં જમીન માપણીનું કામ પૂર્ણ થયું, અને | (૨) ૨ (બે) |
| (૩) બાકીના તાલુકાનું રી-સર્વેનું કામ ક્યારે પૂર્ણ થશે ? | (૩) તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં |

---------

### વડોદરા જિલ્લામાં સ્વ રોજગાર યોજના હેઠળ મળેલ અરજીઓમાં સહાય

* ૭૧૫૨ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ વડોદરા જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં છેલ્લા બે વર્ષમાં સ્વરોજગાર યોજનાઓ માટે કુલ કેટલી અરજીઓ આવી, | (૧) ૧૦૩૪૦ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, | (૨) અરજીઓ મંજૂર : ૪૧૨૭<br>અરજીઓ નામંજૂર : ૩૭૨૪ |
| (૩) કેટલી અરજીઓ પડતર છે, અને | (૩) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ ૨૮૯ અરજીઓ પડતર છે. બેન્ક કક્ષાએ ૭૮૨ અરજીઓ પડતર છે. |
| (૪) કેટલી સહાયની રકમ ચૂકવવામાં આવી ? | (૪) રૂ. ૬૫૯.૫૮ લાખ સહાય ચૂકવવામાં આવી. |

---------

### કોલસાના દરમાં વધારાને કારણે વણાકબોરી વીજમથક પર આર્થિક બોજો

* ૭૧૭૬ **શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વણાકબોરી વીજ મથક માટે લાવવામાં આવતા કોલસાના દરોમાં કોઈ વધારો થયો છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યારે અને કેટલો વધારો થયો, અને | (૨) વણાકબોરી વીજ મથક માટે લાવવામાં આવતા કોલસાના દરોમાં વર્ષ ૨૦૧૨ માં રૂ. ૭૩.૯૩ પ્રતિ મેટ્રીક ટન વધારો અને વર્ષ ૨૦૧૩માં, માહે ડિસેમ્બર-૨૦૧૩ સુધીમાં રૂ. ૧૭૧.૮૯ પ્રતિ મેટ્રીક ટન વધારો થયો હતો. |
| (૩) તેના કારણે કેટલો આર્થિક બોજો પડ્યો ? | (૩) વણાકબોરી વીજ મથક માટે લાવવામાં આવતા કોલસાના દરોમાં થયેલ વધારાને કારણે વર્ષ ૨૦૧૨માં વાર્ષિક ૬૨.૯૯ કરોડનો વધારાનો આર્થિક બોજો પડેલ અને વર્ષ ૨૦૧૩માં, માહે ડિસેમ્બર-૨૦૧૩ સુધીમાં ૧૪૬.૪૫ કરોડનો વધારાનો આર્થિક બોજો પડેલ છે. |

---------

### કોલસાના દરોમાં વધારાને કારણે ગાંધીનગર વીજમથક પર આર્થિક બોજો

* ૭૧૬૫ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે | (૧) હા, જી. |

વર્ષમાં ગાંધીનગર વીજ મથક માટે લાવવામાં આવતા કોલસાના દરોમાં કોઈ વધારો થયો છે કે કેમ,

(૨) જો હા, તો ક્યારે કેટલો વધારો થયો, અને

(૨) ગાંધીનગર વીજ મથક માટે લાવવામાં આવતા કોલસાના દરોમાં વર્ષ ૨૦૧૨ માં રૂ. ૧૩૫.૯૦ પ્રતિ મેટ્રીક ટન વધારો અને વર્ષ ૨૦૧૩માં, માહે ડિસેમ્બર–૨૦૧૩ સુધીમાં

એચબી–૬૧૭–૨

રૂ. ૧૯૯.૯૦ પ્રતિ મેટ્રીક ટન વધારો થયો હતો.

(૩) તેના કારણે કેટલો આર્થિક બોજો પડ્યો ?

(૩) ગાંધીનગર વીજ મથક માટે લાવવામાં આવતા કોલસાના દરોમાં થયેલ વધારાને કારણે વર્ષ ૨૦૧૨માં, વાર્ષિક ૪૭.૦૨ કરોડનો વધારાનો આર્થિક બોજો પડેલ અને વર્ષ ૨૦૧૩માં, માહે ડિસેમ્બર–૨૦૧૩ સુધીમાં ૬૯.૧૭ કરોડનો વધારાનો આર્થિક બોજો પડેલ છે.

---------

## આણંદ અને ખેડા જિલ્લામાં જિલ્લા જમીન તકેદારી સમિતિમાં મળેલ અરજીઓ

* ૭૯૫૮ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લામાં જિલ્લા જમીન તકેદારી સમિતિ(સીટ)માં કેટલી અરજીઓ મળી, | (૧) આણંદ જિલ્લામાં ૫૦ તથા ખેડા જિલ્લામાં ૩૦–અરજીઓ મળેલ છે. |
| (૨) સદર અરજીઓ પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો અને કેટલી અરજીઓ પડતર છે, | (૨) આણંદ જિલ્લામાં ૪૪–અરજીનો નિકાલ અને ૬–પડતર, ખેડા જિલ્લામાં ૨૭–અરજીનો નિકાલ અને ૩–પડતર, |
| (૩) સદર અરજીઓ અન્વયે કયા પ્રકારે કાર્યવાહી કરવામાં આવી, અને | (૩) અરજીઓ અન્વયે નાયબ કલેક્ટરશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રી મારફતે તપાસ કરાવ્યા બાદ તેમના અહેવાલ જિલ્લા જમીન તકેદારી સમિતિની બેઠકમાં ચર્ચા કર્યા બાદ કેસ અંગે નિર્ણય કરવામાં આવેલ છે. |
| (૪) પડતર અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ? | (૪) બનતી ત્વરાએ. |

---------

## વલસાડ જિલ્લાના નોંધાયેલા બેરોજગારોને રોજગારી આપવા બાબત

* ૭૧૧૨ **શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ જિલ્લા રોજગાર વિનિમય કચેરી વલસાડ ખાતે કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૨૦૮૭૩ |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૧૭૯૪૪. |

---------

## વિજયનગર તાલુકામાં ખોખરા બસ સ્ટેશન થી કાટવી બોર્ડરને જોડતા રસ્તાનું કામ

* ૭૬૭૪ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં ખોખરા બસ સ્ટેશનથી કાટવી બોર્ડરને જોડતો દોઢ કિ.મી.નો રસ્તો બનાવવાનું તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ વર્ષ ૨૦૧૩–૧૪માં સરકારનું શું આયોજન છે, | (૧), (૨) અને (૩) આ રસ્તો કાચો પગદંડી તથા નેળીયાનો છે જે મા.મ.વિભાગ હસ્તક ન હોઈ હાલ હાથે ધરવાનું આયોજન નથી. |
| (૨) આ રસ્તાનું કામ કયાં સુધીમાં ચાલુ કરવામાં આવશે તેમજ કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને | |
| (૩) આ રસ્તા માટે કેટલા રૂપિયાની જોગવાઈ | |

કરવામાં આવી છે ?

---------

**વલસાડ જિલ્લાના મોહન ગામ-મોટી દમણ રસ્તાની કામગીરી**

* ૭૧૩૪ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ વલસાડ જિલ્લાના મોહન ગામ-મોટી દમણ રસ્તાના કામ માટે છેલ્લા બે વર્ષમાં ક્યારે વહીવટી મંજૂરી આપવામાં આવી, | (૧) તા. ૩-૧૨-૨૦૧૩. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ કામ કયા તબક્કે છે, અને | (૨) ટેન્ડર તબક્કે |
| (૩) આ કામગીરી પાછળ અંદાજિત કેટલો ખર્ચ થશે ? | (૩) રૂ. ૪૫૦ લાખ. |

---------

**સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પાટણ જિલ્લામાં નગરપાલિકાવાર રેલ્વે ઓવરબ્રીજ/અંડરબ્રીજના કામોની મંજૂરી**

* ૭૧૦૩ **શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુદા જુદા નગરોમાં રેલ્વે ઓવર બ્રીજ તથા અન્ડર બ્રીજના કામો માટે પાટણ જિલ્લાની કઈ નગરપાલિકાઓને વહીવટી મંજૂરી આપવામાં આવી, (૨) કુલ કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને | (૧) અને (૨) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રેલ્વે ઓવર બ્રીજ તથા અન્ડર બ્રીજના કામો માટે પાટણ જિલ્લાની પાટણ નગરપાલિકાને રૂ. ૩૨.૦૦ કરોડ, અને સિધ્ધપુર નગરપાલિકાને રૂ. ૧૮.૫૫ કરોડ એમ કુલ રૂ.૫૦.૫૫ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કામો કયા તબક્કે છે ? | (૩) પાટણ નગરપાલિકાનું કામ પ્રગતિ હેઠળ જયારે સિધ્ધપુર નગરપાલિકાનો ડી.પી.આર પ્રક્રિયા હેઠળ છે. |

---------

**આંતરરાષ્ટ્રીય બર્ડ વોચર્સ કોન્ફરન્સ પાછળ ખર્ચ**

* ૭૧૬૩ **શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩માં આંતરરાષ્ટ્રીય બર્ડ વોચર્સ કોન્ફરન્સ પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૧) વર્ષ ૨૦૧૩માં આંતરરાષ્ટ્રીય બર્ડ વોચર્સ કોન્ફરન્સ પાછળ કુલ રૂપિયા ૧,૧૬,૩૪,૬૯૨/-નો ખર્ચ થયેલ છે. |
| (૨) તેમાં કેટલા લોકોએ ભાગ લીધો હતો? | (૨) તેમાં ૭૧૧ લોકોએ ભાગ લીધો હતો. |

---------

**ગાંધીનગર જિલ્લામાં કુટિર ઉદ્યોગ માટે લોન સહાય**

* ૭૧૪૮ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કુટિર ઉદ્યોગ માટે લોન સહાય મેળવવા માટે કુલ કેટલી અરજીઓ આવી, | (૧) ૫૯૫૮ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૨) ૨૦૮૨ |
| (૩) કેટલા ઉદ્યોગોને બેંક લોન સહાય આપવામાં આવી? | (૩) રૂ. ૧૫૩૭.૫૬ લાખ લોન આપવામાં આવી. રૂ. ૨૦૯.૮૯ લાખ સહાય આપવામાં આવી. |

---------

### બનાસકાંઠા જિલ્લામાં સૌર ઉર્જાથી વીજળી મેળવવાની યોજના

* ૭૩૭૬ **શ્રી શંકરભાઇ લ. પટેલ(વાવ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જીલ્લાના વાવ, ભાભર અને સુઈગામ તાલુકાના ખેતરોમાં છૂટાછવાયા રહેતા ખેડૂતોને ઘર વપરાશ માટે સૌર ઉર્જાથી વીજળી મેળવવા માટેની કોઈ યોજના સરકારમાં છે કે કેમ, | (૧) કોઈ યોજના અમલમાં નથી. |
| (૨) આ યોજનાનું અમલીકરણ સરકારની વિચારણામાં છે કે કેમ, | (૨) ના, જી. |
| (૩) જો હા, તો આ યોજના ક્યારથી અમલમાં મૂકવામાં આવશે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) લાભાર્થીઓને સહાય પેટે કેટલા સમયમાં કેટલી સબસીડી આપવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### અરવલ્લી જિલ્લાના નોન પ્લાન રસ્તાઓને પુન: ડામર કરવા બાબત

* ૭૩૧૪ **શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૨૦-૦૧-૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના માર્ગ અને મકાન વિભાગ હસ્તકના નોન પ્લાન રસ્તાઓ જે ઉક્ત સ્થિતિએ દસ વર્ષ અગાઉ ડામર કરવામાં આવ્યા હોય અને પુન:ડામર ન કરવામાં આવ્યા હોય તેવા રસ્તાઓ કયા છે, | (૧) પરિશિષ્ટ-૧ મુજબ |
| (૨) આવા રસ્તાઓને પુન:ડામર કરવામાં નહી આવ્યાના કારણો શા છે અને કયાં સુધીમાં તેને પુન: ડામર કરવામાં આવશે? | (૨) ૧૧ રસ્તાની કામગીરી પ્રગતિમાં હોવાથી તથા હાલમાં પ્લાન રસ્તાને પ્રાધન્ય આપવામાં આવતું હોવાથી. |

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

---------

### વલસાડ જિલ્લામાં રસ્તાઓની મરામત કામગીરી

* ૭૯૮૦ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૩-૧૪ના વર્ષમાં ભારે વરસાદના કારણે વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા માર્ગ મકાન વિભાગ હસ્તકના રસ્તાઓનું ધોવાણ તા. ૩૧-૧૨-૨૦૧૩ સુધીમાં થયું, | (૧) વલસાડ તાલુકાના ૨ રસ્તાને ભારે વરસાદના કારણે વધુ નુકશાન થયેલ હતું. |
| (૨) તે અન્વયે આવા રસ્તાની મરામત કામગીરી ક્યારે હાથ ધરવામાં આવી તેમજ કેટલા રસ્તાની મરામત કામગીરી બાકી છે, અને | (૨) રસ્તાની મરામતની કામીગીરી હાથ ધરી પુર્ણ કરવામાં આવેલ છે. |
| (૩) આ મરામત કામ પાછળ કેટલો ખર્ચ થયો? | (૩) રૂા. ૨૧,૩૭,૮૯૮.૦૦નો ખર્ચ થયો. |

---------

### વડોદરા જિલ્લામાં જમીન માપણી અને તેમાં બાકી રહેતા તાલુકાની રી-સર્વેની કામગીરી

* ૭૦૯૭ **શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં જમીન માપણીનું રી-સર્વેનું કામ ક્યારથી શરૂ કરવામાં આવ્યુ, | (૧) તા. ૨૩-૩-૨૦૧૨ થી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા તાલુકાઓમાં જમીન | (૨) ૨ (બે). |

| | |
|---|---|
| માપણીનું કામ પુર્ણ થયું, અને | |
| (૩) બાકીના તાલુકાનું રી-સર્વેનું કામ ક્યારે પૂર્ણ થશે? | (૩) ડીસેમ્બર-૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

### ભરૂચ જિલ્લામાં નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવા બાબત

* ૭૧૧૦ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ જિલ્લા રોજગાર વિનિમય કચેરી ભરૂચ ખાતે વર્ષ ૨૦૧૩ દરમ્યાન કેટલા બેરોજગારોની નોંધણી થયેલ છે, અને | (૧) ૩૩૬૨૦ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી? | (૨) ૨૮૨૧૩ |

---------

### અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં ઘાસચારા અને રોજગારીની વિકટ પરિસ્થિતિ

* ૭૮૫૧ **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય દુષ્કાળ રાહત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં પાછોતરો વરસાદ પડતાં અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં ઘાસચારાની તેમજ રોજગારીની વિકટ પરિસ્થિતિ ઉભી થઈ છે, તે અંગે ઉક્ત સ્થિતિએ છેલ્લા ચાર માસમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૨ (બે). |
| (૨) ઘાસચારા અને રોજગારી માટે શું આયોજન કરવામાં આવ્યું છે, કેટલા કેમ્પો ક્યારથી શરૂ કરવાનું આયોજન છે, | (૨) અછત/અર્ધઅછતની પરિસ્થિતિ જાહેર કરેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આમ છતાં મનરેગા અંતર્ગત માંગણી મુજબ રોજગાર પૂરો પાડવામાં આવે છે. |
| (૩) આયોજન ન કરવામાં આવ્યું હોય તો તેનાં કારણો શાં છે, અને | (૩) ઉપર મુજબ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) કેટલા સમયમાં આયોજન કરવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

એચબી-૬૧૭-૩

---------

### નર્મદા જિલ્લાના જેસલપુર-સોઢલીયા-શહેરાવ રસ્તાને મજબુતીકરણ કરવાની કામગીરી

* ૭૧૩૯ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લાના જેસલપુર-સોઢલીયા-શહેરાવ રસ્તાને મજબુતીકરણ કરવાનું કામ ક્યારે શરૂ કરવામાં આવ્યું, | (૧), (૨) અને (૩) રૂ. ૩૬૩.૦૦ લાખની અંદાજીત રકમનાં કામને તા. ૧૫-૧૦-૧૩ના રોજ મંજૂર કરવામાં આવ્યું, જે ટેન્ડર તબક્કે છે. |
| (૨) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, અને | |
| (૩) આ કામ માટે અંદાજિત કેટલો ખર્ચ થશે ? | |

---------

### જામનગર જિલ્લામાં સ્વરોજગાર શિબિરોનું આયોજન

* ૭૧૧૭ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૪૪ |
| (૨) આ શિબિરોમાં કેટલા ઉમેદવારો હાજર હતા ? | (૨) ૩૩૮૦ |

---------

**અમદાવાદ જિલ્લામાં જમીન માપણી અને તેમાં બાકી રહેતા તાલુકાની રી–સર્વેની કામગીરી**

* ૭૦૯૪ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં જમીન માપણીનું રી–સર્વેનું કામ ક્યારથી શરૂ કરવામાં આવ્યું, | (૧) તા. ૨૨–૧૧–૨૦૧૦ થી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા તાલુકામાં જમીન માપણીનું કામ પૂર્ણ થયું, અને | (૨) ૧૧ (અગીયાર) તાલુકામાં. |
| (૩) બાકીના તાલુકાનું રી–સર્વેનું કામ ક્યારે પૂર્ણ થશે ? | (૩) તા. ૩૦–૬–૨૦૧૪ સુધીમાં. |

---------

**ભાવનગર જિલ્લામાં ઝૂંપડપટ્ટી યોજના અંતર્ગત વીજ જોડાણો**

* ૭૧૭૨ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે રાજ્ય સરકારની ઝૂંપડપટ્ટી યોજના અંતર્ગત ભાવનગર જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યાં, અને | (૧) રાજ્યમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ગૃહ વપરાશના વીજ જોડાણ માટેની ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ભાવનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૮૯૬૩ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યાં. |
| (૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) આ માટે વર્ષ ૨૦૧૨માં રૂ઼ા. ૯૧.૭૫ લાખ અને વર્ષ ૨૦૧૩માં રૂ઼ા. ૧૮૮.૮૫ લાખ મળી કુલ રૂ઼ા. ૨૮૦.૬૦ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં કાર્બોસેલ ખનીજ કાઢવા માટેની માંગણી**

* ૭૯૭૨ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં કાર્બોસેલની કેટલી લીઝો આવેલ છે, | (૧) ૧૨ (બાર) લીઝો. |
| (૨) ઉક્ત સ્થિતિએ જિલ્લામાં કાર્બોસેલ ખનીજ કાઢવા માટે છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, અને | (૨) ૯ (નવ) અરજીઓ. |
| (૩) તે અન્વયે વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી અરજીઓ નામંજૂર કરી ? | (૩) |

| વર્ષ | મંજૂર | નામંજૂર |
|---|---|---|
| ૨૦૧૨ | ૧ | – |
| ૨૦૧૩ | ૪ | – |

---------

**જામનગર તાલુકાની સિક્કા બરો મ્યુનિસિપાલીટીના ચીફઓફિસર સામે બાંધકામ અને વહીવટની કામગીરીમાં ગેરરીતીઓની ફરિયાદો**

* ૭૪૦૮ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર તાલુકાની સીક્કા બરો મ્યુનિસિપાલીટીના ચીફ ઓફિસર સામે નગરપાલિકાના વહીવટની તથા બાંધકામની કામગીરીમાં ગેરરીતીઓ સંબંધી કુલ ૨૩ ફરિયાદો તા. ૩૦–૬–૨૦૧૩ ની સ્થિતિએ સરકારને મળી છે, તે ફરિયાદોની મુખ્ય વિગતો શી છે, | (૧) આ ફરિયાદોમાં મુખ્યત્વે વિકાસ કામોમાં ભ્રષ્ટાચાર, ગેરરીતી, સત્તા/નાણાનો દુરૂપયોગ, પુરાવાઓનો નાશ, ઉચાપત, ગેરવહીવટ તથા બેઠકોમાં સતત ગેરહાજરી જેવી રજુઆતો કરાયેલ છે. |
| (૨) આ ફરિયાદો પરત્વે તા. ૩૧મી ડીસેમ્બર–૨૦૧૩ ની સ્થિતિએ તપાસ કરી શાં શિક્ષાત્મક પગલાં લેવામાં આવ્યા, | (૨) અને (૩) તપાસના અંતે આક્ષેપોમાં તથ્ય જણાયેલ ન હોવાથી શિક્ષાત્મક પગલાં લેવામાં આવ્યા નથી. |

(૩) ઉક્ત સ્થિતિએ આ ફરિયાદો હોવા છતાં ચીફ ઓફિસરને ફરજ ઉપર ચાલુ રાખવાના તથા ફરજ મોકુફી ન કરવાના કારણો શાં છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ કયાં સુધીમાં પગલાં લેવામાં આવનાર છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજકોટ જિલ્લામાં ઝૂંપડપટ્ટી યોજના અંતર્ગત વીજ જોડાણો**

* ૭૧૬૮ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ-ગ્રામ્ય) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે રાજ્ય સરકારની ઝૂંપડપટ્ટી યોજના અંતર્ગત રાજકોટ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યાં, અને

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) રાજ્યમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ગૃહ વપરાશના વીજ જોડાણ માટેની ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૮૭૪૪ લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યાં.

(૨) આ માટે વર્ષ ૨૦૧૨ માં રૂા. ૧૧૭.૨૧ લાખ અને વર્ષ ૨૦૧૩ માં રૂા. ૨૬૬.૧૯ લાખ મળી કુલ રૂા. ૩૮૩.૪૦ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**ભરૂચ જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન**

* ૭૧૨૦ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યુ, અને

(૨) આ ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી ?

**જવાબ**

(૧) ૪૭

(૨) ૨૨૩૮૮

---------

**સુરત જિલ્લામાં કુટિર ઉદ્યોગ માટે લોન સહાય**

* ૭૦૯૦ **શ્રી કિશોરભાઇ શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુટિર ઉદ્યોગ માટે લોન સહાયની કેટલી અરજીઓ મળી, અને

(૨) તે અન્વયે તાલુકાવાર કેટલા લાભાર્થીઓની અરજીઓ મંજૂર કરી ?

**જવાબ**

(૧) ૧૦૦૬૧

(૨)

| ક્રમ | તાલુકો | મંજુર કરેલી અરજીઓ |
|---|---|---|
| ૧ | સીટી | ૧૧૮૦ |
| ૨ | ચોર્યાસી | ૨૦૩ |
| ૩ | ઓલપાડ | ૩૩૦ |
| ૪ | માંગરોળ | ૨૯૩ |
| ૫ | ઉમરપાડા | ૯૮ |
| ૬ | માંડવી | ૩૦૪ |
| ૭ | બારડોલી | ૩૫૪ |
| ૮ | મહુવા | ૨૨૨ |
| ૯ | પલસાણા | ૨૨૩ |
| ૧૦ | કામરેજ | ૨૫૧ |
| | **કુલઃ-** | **૩૪૫૮** |

---------

**રાજ્યમાં સૌર ઉર્જા ની સ્થાપિત વીજ ક્ષમતામાં વધારો**

* ૭૧૬૭ **શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા(સુરત-પૂર્વ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ સૌર-ઉર્જા ઉત્પાદન મેળવવા માટેની સ્થાપિત વીજ ક્ષમતા કેટલી છે, અને | (૧) ૮૫૭.૨૪ મે. વો. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સૌર-ઉર્જા થી ઉત્પાદન મેળવવા માટેની સ્થાપિત વીજ ક્ષમતા માં કેટલો વધારો કરવામાં આવ્યો ? | (૨) છેલ્લા બે વર્ષમાં ૬૮૨.૨૭ મે. વો. નો વધારો કરવામાં આવેલ છે. |

---------

**સુરત જિલ્લાના ચોર્યાસી તથા ઓલપાડ તાલુકાને જોડતો પુલ બાંધવાની કામગીરી**

* ૭૧૩૨ **શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ(ચોર્યાસી) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લાના ચોર્યાસી તથા ઓલપાડ તાલુકાને જોડતો ખાડી ઉપરનો પુલ બાંધવાની કામગીરી તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) ટેન્ડર મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) આ પુલ બાંધવાની કામગીરી પાછળ અંદાજિત કેટલો ખર્ચ થશે ? | (૨) રૂ।. ૭૦૯૯.૦૦ લાખ |

---------

**વડોદરા જિલ્લાના સાંઠોદ-ચાંણોદ રસ્તાને સાત મીટર પહોળો કરવાની કામગીરી**

* ૭૧૩૦ **શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ વડોદરા જિલ્લાના સાંઠોદ-ચાંણોદ રસ્તાને ૭ મીટર પહોળો કરવાની કામગીરી કયા તબક્કે છે, અને | (૧) ટેન્ડર તબક્કે |
| (૨) આ કામગીરી પાછળ અંદાજિત કેટલો ખર્ચ થશે ? | (૨) રૂ।. ૧૫૦૦.૦૦ લાખ |

---------

**નર્મદા જિલ્લામાં કુટિર ઉદ્યોગોને સહાય ચુકવવા બાબત**

* ૭૧૪૩ **શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં તાલુકાવાર યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાઓમાં કુટીર ઉદ્યોગો માટે કોઈ સહાય ચૂકવવામાં આવી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ વર્ષવાર અને તાલુકાવાર કઈ કઈ યોજનાઓ હેઠળ કેટલી રકમની સહાય ચુકવવામાં આવી ? | (૨) ઉક્ત સ્થિતિએ ગરીબ કલ્યાણ મેળામાં માનવ કલ્યાણ યોજના હેઠળ ટુલકિટ સ્વરૂપે નીચે મુજબ તાલુકાવાર સહાય ચુકવવામાં આવી છે. |

| **માનવ કલ્યાણ યોજના** | | **૨૦૧૨** | | **૨૦૧૩** | |
|---|---|---|---|---|---|
| **અ.નં.** | **તાલુકાનું નામ** | **વિતરણ કરેલ ટુલકીટોની સંખ્યા** | **રકમ રૂ।. (લાખમાં)** | **વિતરણ કરેલ ટુલકીટોની સંખ્યા** | **રકમ રૂ।. (લાખમાં)** |
| ૧ | નાંદોદ | ૨૬૦ | ૧૩.૦૦ | ૫૭૫ | ૨૮.૭૫ |
| ૨ | તિલકવાડા | ૧૦૫ | ૫.૨૫ | ૧૮૫ | ૯.૨૫ |
| ૩ | દેડીયાપાડા | ૨૫૨ | ૧૨.૬૦ | ૨૫૯ | ૧૨.૯૫ |
| ૪ | સાગબારા | ૧૧૦ | ૫.૫૦ | ૨૧૦ | ૧૦.૫૦ |
| | **કુલ** | **૭૨૭** | **૩૬.૩૫** | **૧૨૨૯** | **૬૧.૪૫** |

---------

**સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રાજકોટ જિલ્લામાં નગરપાલિકાવાર પાણી પુરવઠા યોજનાઓ**

* ૭૧૦૯ **શ્રી મોહનભાઇ ક. કુંડારીયા(ટંકારા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લાની કઈ નગરપાલિકાઓની પાણી પુરવઠા યોજનાઓને વહીવટી મંજૂરી આપવામાં આવી,

(૨) કુલ કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ કામો કયા તબક્કે છે ?

**જવાબ**

(૧) અને (૨) : સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લાની ગોંડલ નગરપાલિકાની રૂ।. ૨૧૭૦.૮૯ લાખના ખર્ચે એક, જેતપુર નવાગઢ નગરપાલિકાની રૂ।. ૩૫૧૧.૮૩ લાખના ખર્ચે બે તથા ધોરાજી નગરપાલિકાની રૂ।. ૧૪૪૬.૫૧ લાખના ખર્ચે બે એમ કુલ ૫ પાણી પુરવઠા યોજનાઓને કુલ રૂ।. ૭૧૨૯.૨૩ લાખની વહીવટી મંજુરી આપવામાં આવી.

(૩) ઉક્ત સ્થિતિએ કામોની પરિસ્થિતિ નીચે મુજબ છે.

| કામનું નામ | કામની પરિસ્થિતિ |
|---|---|
| ગોંડલ (ભાગ–૨) | કામગીરી ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |
| જેતપુર નવાગઢ (ભાગ–૨) | એજન્સી નક્કી કરવામાં આવેલ છે. |
| ધોરાજી (અછત) | કામગીરી પૂર્ણ |
| જેતપુર નવાગઢ (અછત) | કામગીરી પૂર્ણ |
| ધોરાજી (ભાગ–૨) | કામગીરી ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |

---------

**ડાંગ જિલ્લામાં સ્થાનિકોને મળતા રહેણાંક તથા વ્યાવસાયીક હેતુ માટેના પ્લોટના ધારાધોરણ**

* ૭૯૧૨ **શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની ડાંગ જિલ્લામાં સ્થાનિકોને રહેણાંક તથા વ્યાવસાયીક હેતુ માટેના પ્લોટ જાહેર હરાજીથી નહી પરંતુ અગાઉના ધારાધોરણ મુજબ મળવા જોઈએ તેવી કેટલી અરજીઓ સરકારને છેલ્લા બે વર્ષમાં મળી, અને

(૨) મળેલ અરજીઓ અન્વયે છેલ્લા બે વર્ષમાં સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) કોઈ અરજીઓ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યમાં રણોત્સવમાં થયેલ ખર્ચ**

* ૭૧૬૧ **શ્રી જીતેન્દ્રભાઇ સ. વાધાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર ૨૦૧૩માં રાજ્યમાં યોજવામાં આવેલ રણોત્સવમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૨) તેમાં કેટલા લોકોએ ભાગ લીધો હતો ?

**જવાબ**

(૧) ડિસેમ્બર ૨૦૧૩માં રાજ્યમાં યોજવામાં આવેલ રણોત્સવમાં તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રૂ।. ૧,૭૮,૮૩,૯૮૪/–નો ખર્ચ કરવામાં આવેલ છે.

(૨) રણોત્સવ ૨૦૧૩માં તા. ૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં કુલ ૬૦,૬૮૦ પ્રવાસીઓએ મુલાકાત લીધેલ છે.

---------

**પાલનપુર શહેરમાં ભૂગર્ભ ગટર યોજનાનું કામ**

* ૭૫૦૨ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર શહેરની ભૂગર્ભ ગટર યોજનાનું કામ કયા તબક્કે છે, અને

(૨) આ કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે

**જવાબ**

(૧) આ કામ માટેના ટેન્ડર આખરીકરણ હેઠળ છે.

(૨) માર્ચ–૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

?

---------

**રાજ્યના ઔદ્યોગિક એકમોને વીજ શુલ્કમાં રાહત**

* ૬૯૪૨ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ઔદ્યોગિક એકમોને વીજ શુલ્કમાં રાહત કે માફી આપવામાં આવી, અને

(૨) આ રાહત કે માફીથી રાજ્ય સરકારને કેટલી રકમનું આર્થિક નુકશાન થાય છે ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબના ઔદ્યોગિક એકમોને વીજ શુલ્કમાં માફી/રાહત આપવામાં આવેલ છે.

| માફી | | રાહત | |
|---|---|---|---|
| ૨૦૧૨ | ૨૦૧૩ | ૨૦૧૨ | ૨૦૧૩ |
| ૨૨૨૯ | ૨૧૪૮ | ૧૯૪ | ૧૮૯ |

(૨) ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ ૧૯૫૮ની જોગવાઈ અનુસાર માફી/રાહત આપવામાં આવતી હોવાથી રાજ્ય સરકારને આર્થિક નુકશાન થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

---------

**ગાંધીનગર જિલ્લામાં જમીનોને સરકારી પડતરમાંથી મુક્તિ આપવા બાબત**

* ૭૮૧૧ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી જમીનોને સરકારી પડતરમાંથી ખેડૂતોને રીગ્રાન્ટ કરવામાં આવી, અને

(૨) તાલુકાવાર મળેલ અરજીઓમાંથી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી તથા કેટલી નામંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) શૂન્ય

(૨)

| તાલુકાનું નામ | મંજૂર કરવામાં આવેલ અરજીઓ | નામંજૂર કરવામાં આવેલ અરજીઓ |
|---|---|---|
| ગાંધીનગર | ૦૦ | ૧૨ |
| દહેગામ | ૦૦ | ૦૩ |
| કલોલ | ૦૦ | ૦૭ |
| માણસા | ૦૦ | ૦૦ |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ઝૂંપડપટ્ટી યોજના અંતર્ગત વીજ જોડાણો**

* ૭૧૭૩ **શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે રાજ્ય સરકારની ઝૂંપડપટ્ટી યોજના અંતર્ગત પાટણ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) રાજ્યમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ગૃહ વપરાશના વીજ જોડાણો આપવા માટેની ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૩૫૩૩ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા.

(૨) આ માટે વર્ષ ૨૦૧૨માં રૂ. ૨૮.૬૭ લાખ અને વર્ષ ૨૦૧૩માં રૂ. ૧૨૭.૯૯ મળીને બે વર્ષમાં કુલ રૂ. ૧૫૬.૬૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

---------

**સુરત જિલ્લામાં ઉદ્યોગ કેન્દ્રમાં લોન મેળવવા બાબત**

* ૭૦૯૧ **શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં તાલુકાવાર લોન સહાય મેળવવા માટે કુલ કેટલી અરજીઓ આવી, અને

(૨) તે પૈકી કેટલી અરજદારોને લોન સહાય આપવામાં આવી ?

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | સીટી | ૬૩૨૧ |
| ૨ | ચોર્યાસી | ૩૦૦ |
| ૩ | ઓલપાડ | ૪૧૦ |
| ૪ | માંગરોળ | ૬૧૦ |
| ૫ | ઉમરપાડા | ૨૬૭ |
| ૬ | માંડવી | ૫૨૨ |
| ૭ | બારડોલી | ૫૩૩ |
| ૮ | મહુવા | ૪૦૮ |
| ૯ | પલસાણા | ૩૧૬ |
| ૧૦ | કામરેજ | ૩૭૪ |
| | કુલ :- | ૧૦૦૬૧ |

(૨) રૂ।. ૫૬૯૦.૭૮ લાખ લોન આપવામાં આવી.
રૂ।. ૮૬૭.૭૦ લાખ સહાય આપવામાં આવી.

---------

**પંચમહાલ જિલ્લામાં કુટિર ઉદ્યોગોને સહાય ચુકવવા બાબત**

* ૭૧૪૪ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં કુટીર ઉદ્યોગ માટે કોઈ સહાય ચુકવવામાં આવી છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ વર્ષવાર અને તાલુકાવાર કઈ કઈ યોજનાઓ હેઠળ કેટલી રકમની સહાય ચુકવવામાં આવી?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ઉક્ત સ્થિતિએ ગરીબ કલ્યાણ મેળામાં માનવ કલ્યાણ યોજના હેઠળ ટુલકિટ સ્વરૂપે નીચે મુજબ તાલુકાવાર સહાય ચુકવવામાં આવી છે.

| માનવ કલ્યાણ યોજના | | ૨૦૧૨ | | ૨૦૧૩ | |
|---|---|---|---|---|---|
| અ.નં. | તાલુકાનું નામ | વિતરણ કરેલ ટુલકીટોની સંખ્યા | રકમ રૂ. (લાખમાં) | વિતરણ કરેલ ટુલકીટોની સંખ્યા | રકમ રૂ. (લાખમાં) |
| ૧ | ગોધરા | ૩૧૯ | ૧૫.૯૫ | ૨૮૦ | ૧૪.૦૦ |
| ૨ | કાલોલ | ૧૬૫ | ૮.૨૫ | ૯૯ | ૪.૯૫ |
| ૩ | મોરવા | ૫૬ | ૨.૮૦ | ૪૮ | ૨.૪૦ |
| ૪ | હાલોલ | ૧૧૪ | ૫.૭૦ | ૧૩૮ | ૬.૯૦ |
| ૫ | ઘોઘંબા | ૧૮૮ | ૯.૪૦ | ૧૬૫ | ૮.૨૫ |
| ૬ | જાંબુઘોડા | ૫૩ | ૨.૬૫ | ૯૫ | ૪.૭૫ |
| ૭ | શહેરા | ૧૬૧ | ૮.૦૫ | ૩૩૦ | ૧૬.૫૦ |
| ૮ | લુણાવાડા | ૧૨૭ | ૬.૩૫ | ૨૫૪ | ૧૨.૭૦ |
| ૯ | સંતરામપુર | ૨૦૭ | ૧૦.૩૫ | ૬૧૮ | ૩૦.૯૦ |
| ૧૦ | કડાણા | ૮૦ | ૪.૦૦ | ૨૪૧ | ૧૨.૦૫ |
| ૧૧ | ખાનપુર | ૧૦૭ | ૫.૩૫ | ૧૭૦ | ૮.૫૦ |
| | કુલ | ૧૫૭૭ | ૭૮.૮૫ | ૨૪૩૮ | ૧૨૧.૯૦ |

---------

## 68/p a g e > સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં નગરપાલિકાવાર ભૂગર્ભ ગટર યોજનાઓની મંજૂરી

* ૭૧૦૭ **શ્રી કિરીટસિંહ જી. રાણા (લીંબડી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાની કઈ કઈ નગરપાલિકાઓની ભૂગર્ભ ગટર યોજનાઓને વહીવટી મંજૂરી આપવામાં આવી,<br>(૨) કુલ કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને | (૧) અને (૨) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાની (૧) ચોટીલા નગરપાલિકાને રૂ.૨૧૪૬.૫૮ લાખ (૨) પાટડી નગરપાલિકાને રૂ. ૧૪૮૯.૬૫ લાખ (૩) ધ્રાંગધ્રા નગરપાલિકાને રૂ. ૫૨૮૭.૩૮ લાખ (૪) વઢવાણ નગરપાલિકાને રૂ. ૭૨૩૪ લાખ અને (૫) સુરેન્દ્રનગર નગરપાલિકાને રૂ. ૨૧૪૭૬.૪૦ લાખ એમ કુલ પાંચ નગરપાલિકાઓની ભૂગર્ભ ગટર યોજનાઓને કુલ રૂ. ૩૭,૬૩૪.૦૧ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવી. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કામો કયા તબક્કે છે? | (૩) પાટડી નગરપાલિકાનું કામ પ્રગતિ હેઠળ છે. જ્યારે ચોટીલા, ધ્રાંગધ્રા, સુરેન્દ્રનગર અને વઢવાણના કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |

---------

## રાજ્યમાં કૌશલ્ય વર્ધન કેન્દ્રોમાં આપવામાં આવતી તાલીમ

* ૭૦૯૨ **શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ સુરત જિલ્લામાં કૌશલ્ય વર્ધન કેન્દ્રોમાં કયા પ્રકારની તાલીમ આપવામાં આવે છે, અને | (૧) સુરત જિલ્લાના કૌશલ્ય વર્ધન કોન્દ્રોમાં ટૂંકાગાળાના<br>WISH (W=Women Oriented<br>(I= Industry Oriented.<br>(S=Soft Skill<br>(H=Hard Core Courses)<br>એપ્રોચથી પસંદ કરેલ આશરે ૬૦ અને Modular Employable skill (MES) ૬૫૧ તથા જીવન પર્યંત સેવાઓને લગતાં ૧૯૮૦ જેટલા વ્યવસાયો પૈકીના વ્યવસાયમાં તાલીમ આપવામાં આવે છે. |
| (૨) કેટલા કૌશલ્ય વર્ધન કેન્દ્રો કાર્યરત છે? | (૨) સુરત જિલ્લામાં ૨૭ કૌશલ્ય વર્ધન કેન્દ્રો કાર્યરત છે. |

---------

એચબી–૬૧૭–૫

## અમદાવાદ જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના હેઠળના લાભાર્થીઓ

* ૭૧૪૯ **શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શ્રી વાજપાઈ બેંકેબલ યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને | (૧) ૭૭૨૧ લાભાર્થી |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચુકવવામાં આવી? | (૨) રૂ. ૭૪૩.૨૦ લાખ |

---------

**સુરત જિલ્લામાં જહાંગીરપુરા–ઈચ્છાપોર રોડ ઉપર નવો પુલ બાંધવાની કામગીરી**

* ૭૧૩૭ **શ્રી જનકભાઇ મ. કાછડીયા(કરંજ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં જહાંગીરપુરા–ઈચ્છાપોર રોડ ઉપર નવો પુલ બાંધવાનું કામ તા. ૩૧–૧૨–૧૩ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧) કામ પ્રગતિમાં છે. |
| (૨) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ અંદાજવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૧૦૦૦.૦૦ લાખ |
| (૩) આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે? | (૩) બનતી ત્વરાથી |

---------

**ડાકોર યાત્રાધામમાંથી પસાર થતો નડીયાદ–ગોધરા હાઈ–વે રસ્તાને બાયપાસ આપવાની કાર્યવાહી**

* ૬૯૫૪ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૩ની સ્થિતિએ ખેડા જિલ્લાના ઠાસરાના ડાકોર યાત્રાધામમાંથી પસાર થતો નડીયાદ–ગોધરાને બાયપાસ આપવાની કાર્યવાહી હાઈ–વે રસ્તો કયા તબક્કે છે, અને | (૧) અને (૨) હાલમાં આયોજન નથી. |
| (૨) આ કાર્યવાહી કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે? | |

---------

**પથ્થર ઘડવા તાલીમ આપવા બાબત**

* ૭૧૫૭ **શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારે રાજ્યમાં પથ્થર ઘડવા માટે તાલીમ આપવા વ્યવસ્થા કરેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો રાજ્યમાં કયા સ્થળે આવી તાલીમ અપાય છે, | (૨) સ્ટોન આર્ટીઝન પાર્ક–અંબાજી અને ધ્રાંગધ્રા ખાતે |
| (૩) છેલ્લા એક વર્ષમાં કેટલા ઈસમોને આવી તાલીમ આપવામાં આવેલ છે, અને | (૩) ૨૫૨ વ્યક્તિ |
| (૪) આવી તાલીમ આપવા માટે સરકારે કેટલો ખર્ચ કરેલ છે? | (૩) રૂ. ૩૩૧.૦૭ લાખ |

---------

**બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં રીસરફેસીંગ ન થયા હોય તેવા રસ્તાઓ**

* ૭૬૪૧ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા સાત વર્ષથી રીસરફેંસીંગ ન થયા હોય તેવા સ્ટેટ અને પંચાયત હસ્તકના કેટલા રસ્તાઓ છે, અને | (૧) ૧૮૧ રસ્તા |
| (૨) આ રસ્તાઓનું રીસરફેંસીંગ ક્યારે કરવામાં આવશે? | (૨) ઉપરોક્ત રસ્તાઓ પૈકી જરૂરીયાત હોય તેવા ૧૦૩ રસ્તાના કામોને રીસરફેંસીંગની કામગીરી મંજૂર કરેલ છે. |

---------

**અમદાવાદ–ગાંધીનગર મેટ્રોરેલ પ્રોજેક્ટની કામગીરી**

* ૭૬૨૨ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૨૦–૧–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ–ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેક્ટ કયા તબક્કે છે, | (૧) આયોજનના તબક્કે છે. |
| (૨) મેટ્રો રેલના રૂટમાં ક્યારે ફેરફાર કરવામાં આવ્યો અને તેની વિગત શી છે, | (૨) મેટ્રો રેલના રૂટમાં તા. ૨૯–૧–૨૦૧૪ના રોજ ફેરફાર કરવામાં આવ્યો જેમાં પ્રથમ તબક્કામાં થલતેજ ગામથી શરૂ કરી કાલુપુર, અમરાઈવાડી, રબારી કોલોની થઈને વસ્ત્રાલ સુધી ૨૦.૪ કિ.મી. તેમજ એપીએમસી વાસણાથી શરૂ કરી આશ્રમ રોડ ઉપર વાડજ, સાબરમતી થઈ મોટેરા સુધી ૧૪.૮ કિ.મી. સહિત કુલ ૩૫.૨ કિ.મી. ના રૂટ માટે મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) આ પ્રોજેક્ટ ક્યાં સુધીમાં પૂર્ણ થવાનો છે, | (૩) પ્રથમ તબક્કે સને–૨૦૧૮ સુધી પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૪) આ પ્રોજેક્ટ પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ કામગીરી માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૪) લેન્ડ ડેવલોપમેન્ટ ડેપો, કાસ્ટિંગ યાર્ડ અને ટેસ્ટીંગ યાર્ડ વગેરે માટે જમીનનો વિકાસ, રિટેઈનીંગ વોલના વિકાસ અને પ્લાનીંગ, ડિઝાઈન સર્વે વિગેરે માટે કુલ રૂ. ૨૪૮.૩૪ કરોડનો ખર્ચ થયેલ છે. |
| (૫) કરવામાં આવેલ કામ ટેન્ડર પ્રક્રિયા દ્વારા આપવામાં આવેલ છે કે નહીં? | (૫) કેટલાક કામો ભારત સરકારના જાહેર સાહસો મારફતે અને કેટલાક કામો ખાતાકીય રાહે હાથ ધરવામાં આવેલ. |

---------

**કચ્છ જિલ્લામાં નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવા બાબત**

* ૭૧૧૧ **ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ જિલ્લા રોજગાર વિનિમય કચેરી ભુજ ખાતે કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૧૯૮૯૯ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી? | (૨) ૧૮૬૦૨ |

---------

**તાપી જિલ્લામાં અંધ સ્નાતકને રોજગારી**

* ૬૯૨૦ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ તાપી જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીમાં જે અંધજન સ્નાતક બેરોજગાર છે તેવી કેટલી સંખ્યા નોંધાયેલ છે, અને | (૧) ૧ અંધજન સ્નાતક બેરોજગાર નોંધાયેલ છે. |
| (૨) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા અંધજન સ્નાતકને રોજગારી આપવામાં આવી ? | (૨) એક પણ નહીં. |

---------

**કચ્છ જિલ્લામાં કુટિર ઉદ્યોગ માટે લોન સહાય**

* ૭૦૮૯ **શ્રી તારાચંદ જ. છેડા(માંડવી) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુટિર ઉદ્યોગ માટે લોન સહાયની | (૧) ૭૧૭૨. |

કેટલી અરજીઓ મળી, અને

(૨) તે અન્વયે તાલુકાવાર કેટલા લાભાર્થીઓની અરજીઓ મંજૂર કરી ?

(૨)

| ક્રમ | તાલુકો | મંજૂર કરેલી અરજીઓ |
|---|---|---|
| ૧ | ભૂજ | ૧૦૦૮ |
| ૨ | અબડાસા | ૨૬૭ |
| ૩ | નખત્રાણા | ૨૨૪ |
| ૪ | માંડવી | ૧૬૮ |
| ૫ | ભચાઉ | ૭૩ |
| ૬ | રાપર | ૩૮ |
| ૭ | ગાંધીધામ | ૧૬૧ |
| ૮ | લખપત | ૫૧ |
| ૯ | મુન્દ્રા | ૯૩ |
| ૧૦ | અંજાર | ૧૩૧ |
| | **કુલ** | **૨૨૧૪** |

---------

**આણંદ જિલ્લાના ખંભાત-ધુવારણ રસ્તાને પહોળો કરવાની કામગીરી**

* ૭૧૨૮ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લાના ખંભાત-ધુવારણ રસ્તાને પહોળો કરવાની કામગીરીને ક્યારે મંજૂરી આપવામાં આવી,

(૧) તા.૧૨-૧૧-૨૦૧૩ થી.

(૨) આ કામગીરી પાછળ અંદાજિત કેટલો ખર્ચ થશે, અને

(૨) રૂ.૨૨૦૦.૦૦ લાખ.

(૩) ઉકત સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે ?

(૩) ટેન્ડર મંજૂરી હેઠળ.

---------

**સુરેન્દ્રનગર જિલ્લાના કુડાથી ટીકર માર્ગની મરામતની કામગીરી**

* ૭૧૩૬ **શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ(ચોટીલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના કુડાથી ટીકર માર્ગની મરામતની કામગીરી છેલ્લા બે વર્ષમાં ક્યારે મંજૂર થઈ,

(૧) તા.૩-૧૦-૨૦૧૩.

(૨) ઉકત સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે, અને

(૨) ટેન્ડર તબક્કે.

(૩) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ અંદાજવામાં આવેલ છે ?

(૩) રૂ.૯૯૫.૦૦ લાખ.

---------

**ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકા પચ્છવડાના ગામમાં ગેરકાયદેસર ખનીજ ખનન**

* ૭૬૮૪ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવરચીત ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના પચ્છવડા ગામના સર્વે નં. ૪૬૩-૫૧૧-૧૬૦ લોઢવા ગામના સર્વે નં.૧૦૧૪ પધટુકા ગામના સર્વે નં.૧૫૨ માં ગેરકાયેદસર ખનિજ ખનન ખોદકામ અંગે કુલ કેટલી ફરીયાદો અન્વયે વિભાગ દ્વારા ક્યારે શી કાર્યવાહી કરવામાં આવી,

(૧), (૨) અને (૩) કોઈ ફરીયાદ મળેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) ઉકત સ્થિતિએ કાર્યવાહી ક્યા તબક્કે છે, અને

(૩) જરૂરી કાર્યવાહી ક્યારે પૂર્ણ કરી શી કાનૂની

કાર્યવાહી કરવામાં આવશે ?

---------

**ભાવનગર જિલ્લામાં ખાણ ખનીજ ચોરીના નોંધાયેલા કેસો**

* ૭૬૦૦ **શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં ખાણ ખનીજની ચોરી અંગેના કેટલા કેસો નોંધાયા, | (૧) ૨૦૨ કેસો. |
| એચબી-૬૧૭-૬ (૨) ખેડૂતો માટી તથા મોરમ પોતાના ટ્રેક્ટર મારફતે ખેતી સુધારણા માટે લાવે છે તેવા કેટલા ખેડૂતોના ટ્રેક્ટર જપ્ત કરી દંડ કરવામાં આવ્યા, અને | (૨) એક પણ નહીં. |
| (૩) ખેડૂતોને ખેતી સુધારણા માટે માટી લઈ જવા માટે સરકાર મુકિત આપવા માંગે છે કે કેમ ? | (૩) ગુજરાત ગૌણ ખનીજ છુટછાટ નિયમો–૨૦૧૦ અને રાજ્ય સરકારના તા.૨૦–૧–૨૦૦૭ ના ઠરાવથી કેટલીક શરતોને આધિન મુકિત આપવામાં આવેલ છે. |

---------

**દાહોદ જિલ્લામાં નગરપાલિકાઓને ઓકટ્રોયના વિકલ્પે મળવાપાત્ર ગ્રાન્ટ**

* ૬૯૩૨ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કઈ નગરપાલિકાઓને ઓકટ્રોયના વિકલ્પે મળવાપાત્ર ગ્રાન્ટ કેટલી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં નગરપાલિકાઓને ઓકટ્રોયના વિકલ્પે મળવાપાત્ર ગ્રાન્ટ નીચે મુજબ છે.

| ક્રમ | નગરપાલિકાનું નામ | વાર્ષિક મળવાપાત્ર ગ્રાન્ટ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | દેવગઢ બારીયા | ૬૧.૯૧ |
| ૨ | ઝાલોદ | ૭૨.૫૩ |
| ૩ | દાહોદ | ૪૬૭.૪૦ |

**પ્રશ્ન**

(૨) ઉકત સ્થિતિએ તે અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવી ?

**જવાબ**

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | નગરપાલિકાનું નામ | તા.૧–૧–૧૨ થી તા.૩૧–૧૨–૧૨ (રૂ.લાખમાં) | તા.૧–૧–૧૩ થી તા.૩૧–૧૨–૧૩ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | દેવગઢ બારીયા | ૫૬.૪૨ | ૬૧.૯૧ |
| ૨ | ઝાલોદ | ૬૬.૧૦ | ૭૨.૫૩ |
| ૩ | દાહોદ | ૪૨૫.૯૮ | ૪૬૭.૪૦ |

---------

**સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટરની જગ્યામાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારોની ભરતી નહીં કરવા બાબત**

* ૭૯૨૪ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૧–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રોજગાર અને તાલીમ નિયામકની કચેરી દ્વારા સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર વર્ગ–૩ માં કરાર આધારિત ઉમેદવારોમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનો સમાવેશ ન કરવા બાબતે કેટલી ફરિયાદો મળી, અને | (૧) કુલ ૦૧ એક ફરિયાદ મળેલ છે. |
| (૨) આ અંગે સરકારે શી કાર્યવાહી કરી ? | (૨) જરૂરી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. |

તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

---------

**વડોદરા જિલ્લામાં વીજ સબ સ્ટેશનો માટે અપાયેલ જમીન**

* ૭૦૯૮ **શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વીજ સબસ્ટેશનો માટે જમીન અપાયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો કેટલી જમીન અપાયેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૩૪,૩૫૮ ચો.મી.

---------

**રાજ્યમાં ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજળીની ખરીદી**

* ૭૫૨૩ **શ્રી જવાહરભાઇ પે. ચાવડા(માણાવદર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારે ખાનગી વીજ કંપનીઓ પાસેથી કેટલી વીજળી શાં ભાવે ખરીદી કરી?

**જવાબ**

તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારે ખાનગી વીજ કંપનીઓ પાસેથી ખરીદેલ વીજળી અને તેના ભાવની વિગતો નીચે મુજબ છે.

| ખાનગી સાહસો | ૨૦૧૨ | | ૨૦૧૩ (પ્રોવિઝનલ) | |
|---|---|---|---|---|
| | મી.યુ. | રૂા./યુનીટ | મી.યુ. | રૂા./યુનીટ |
| પરંપરાગત સ્રોત | ૧૮૫૪૨ | ૩.૦૯ | ૨૮૪૩૫ | ૨.૯૮ |
| બિન પરંપરાગત સ્રોત | ૪૩૦૬ | ૫.૭૧ | ૪૬૬૪ | ૬.૨૯ |
| કુલ | ૨૨૮૪૮ | ૩.૫૮ | ૩૩૦૯૮ | ૩.૪૫ |

---------

**નવસારી જિલ્લામાં રાજ્ય અને પંચાયત હસ્તકના ડામરસપાટી વિનાના રસ્તાઓ**

* ૭૨૮૪ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકાવાર રાજ્ય હસ્તકના અને પંચાયત હસ્તકના કેટલા રસ્તાઓ ડામરસપાટી વિનાના છે, અને

(૨) આ રસ્તાઓ ડામર સપાટીવાળા ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧)

| તાલુકો | ડામર સપાટી વિનાના રસ્તાઓની સંખ્યા |
|---|---|
| નવસારી | ૦ |
| જલાલપોર | ૧ |
| ગણદેવી | ૦ |
| ચીખલી | ૪ |
| વાંસદા | ૪ |
| **કુલ** | **૯** |

(૨) તે પૈકી ૫ રસ્તાની કામીગીરી બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે.

---------

**સુરત જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન**

* ૭૧૧૯ **શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) આ ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી?

**જવાબ**

(૧) ૫૫.

(૨) ૨૭૫૨૭.

---------

**રાજ્ય સરકાર દ્વારા વીજળીની ખરીદી**

* ૭૨૧૨ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેટલી વીજળી કયા ભાવે કઈ કઈ કંપનીઓ પાસેથી ખરીદવામાં આવી?

**જવાબ**

તા. ૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા અલગ અલગ કંપનીઓ પાસેથી ખરીદવામાં આવેલ વીજળીની અને તેના ભાવની વિગતો પત્રક–અ મુજબ છે.

**પત્રક–અ**

| ક્રમાંક | કંપનીનું નામ | ૨૦૧૨ | | ૨૦૧૩ (પ્રોવિઝનલ) | |
|---|---|---|---|---|---|
| | | મી.યુ. | રૂ।./યુનીટ | મી.યુ. | રૂ।./યુનીટ |
| ૧ | ન્યુકલીયર પાવર કોર્પોરેશન | ૩૬૭૬ | ૨.૩૧ | ૩૪૮૩ | ૨.૩૩ |
| ૨ | એનટીપીસી | ૧૫૧૭૯ | ૨.૭૫ | ૧૩૯૬૭ | ૩.૦૪ |
| ૩ | સરદાર સરોવર નર્મદા નિગમ લી. | ૫૯૪ | ૨.૦૫ | ૮૩૫ | ૨.૦૫ |
| ૪ | ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી લી. | ૨૩૨૭૦ | ૩.૬૦ | ૧૫૬૪૦ | ૪.૧૨ |
| ૫ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન કંપની લી. હજીરા | ૭૪૪ | ૩.૯૦ | ૩૨૭ | ૪.૭૬ |
| ૬ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. | ૩૭૩૯ | ૩.૧૮ | ૨૯૯૬ | ૩.૨૧ |
| ૭ | ગુજરાત મીનરલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન | ૮૦૮ | ૨.૨૪ | ૬૦૪ | ૨.૧૨ |
| ૮ | એસ્સાર પાવર લીમીટેડ | ૬૬૨ | ૩.૩૬ | ૨૫ | ૬.૨૯ |
| ૯ | એસ્સાર પાવર ગુજરાત લીમીટેડ | ૨૩૧૯ | ૨.૫૮ | ૫૫૧૨ | ૨.૯૬ |
| ૧૦ | ચાઈના લાઈટ એન્ડ પાવર ઈન્ડીયા પ્રાઈવેટ લી. | ૧૮૫૨ | ૬.૮૧ | ૨૮૭ | ૨૧.૧૩ |
| ૧૧ | અદાણી પાવર લીમીટેડ | ૧૦૦૩૪ | ૨.૭૯ | ૧૨૧૫૬ | ૨.૮૮ |
| ૧૨ | એ.સી.બી. (ઈન્ડીયા) લી. | ૮૯૩ | ૧.૯૮ | ૧૩૪૫ | ૨.૧૦ |
| ૧૩ | કોસ્ટલ ગુજરાત પાવર કંપની લીમીટેડ | ૨૬૮૩ | ૨.૪૧ | ૯૦૮૧ | ૨.૬૮ |
| ૧૪ | પવનચક્કી | ૩૩૧૮ | ૩.૩૮ | ૩૨૫૭ | ૩.૪૦ |
| ૧૫ | સોલાર પાવર | ૯૧૨ | ૧૪.૩૪ | ૧૩૩૭ | ૧૩.૪૮ |
| ૧૬ | અન્ય બિનપરંપરાગત સ્ત્રોત | ૭૬ | ૩.૯૭ | ૭૦ | ૩.૮૨ |
| ૧૭ | કેપ્ટીવ પાવર પ્લાન્ટસ | ૯૯ | ૨.૬૪ | ૨૯ | ૨.૫૭ |
| | **કુલ** | **૭૦૮૫૯** | **૩.૩૦** | **૭૦૯૪૯** | **૩.૪૩** |

---------

**દાહોદ જિલ્લામાં કુટિર ઉદ્યોગ માટે લોન સહાય**

* ૭૦૯૩ **શ્રી રમેશભાઈ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર પાસે કુટિર ઉદ્યોગ માટે લોન સહાય મેળવવા માટે કુલ કેટલી અરજીઓ આવી, અને | (૧) ૪૭૩૬ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૨) ૧૫૩૩ |
| (૩) કેટલી અરજીઓમાં લોન સહાય આપવામાં આવી? | (૩) ૧૫૩૩ અરજીઓમાં લોન આપવામાં આવી.<br>૧૪૪૧ અરજીઓમાં સહાય આપવામાં આવી. |

---------

**મહીસાગર જિલ્લાના પાંડરવાડા કાલીયા કૂવા રોડનું રી–કાર્પેટીંગ અને વાઈડનીંગનું કામ**

* ૭૫૧૪ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકામાં આવેલ પાંડરવાડા કાલીયા કૂવા રોડ અત્યંત બિસ્માર હાલતમાં છે તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો આ રોડનું કાર્પેટીંગ છેલ્લે ક્યારે કરવામાં આવ્યું,

(૩) ઉક્ત સ્થિતિએ સરકાર આ રોડનું રી–કાર્પેટીંગ અને વાઈડનીંગ કરવા માંગે છે કે કેમ, અને

(૪) જો હા, તો ક્યાં સુધીમાં કરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪) ના, જી. રસ્તો વાહન વ્યવહાર લાયક છે.

---------

**રાજ્યમાં વીજ મથકોની વીજ ઉત્પાદન ક્ષમતા**

* ૭૦૭૮ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં વીજળી ઉત્પાદન કરતા કેટલા સરકારી વિદ્યુત મથકો આવેલ છે, અને

(૨) તે અન્વયે દરેક વીજમથકોમાં તેની સ્થાપિત વીજ ક્ષમતા કરતાં કેટલું વીજ ઉત્પાદન થાય છે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં વીજળી ઉત્પાદન કરતા સરકારી વિદ્યુત મથકોની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | વીજ મથક |
|---|---|
| ૧ | ઉકાઈ થર્મલ વીજ મથક |
| ૨ | ગાંધીનગર થર્મલ વીજ મથક |
| ૩ | વણાકબોરી થર્મલ વીજ મથક |
| ૪ | સિક્કા થર્મલ વીજ મથક |
| ૫ | કચ્છ લિગ્નાઈટ થર્મલ વીજ મથક |
| ૬ | ધુવારણ ગેસ આધારીત વીજ મથક |
| ૭ | ઉતરાણ ગેસ આધારીત વીજ મથક |
| ૮ | કડાણા જળ આધારીત વીજ મથક |
| ૯ | ઉકાઈ જળ આધારીત વીજ મથક |
| ૧૦ | પવન ઉર્જા આધારીત વીજ મથક |
| ૧૧ | સૌર ઉર્જા આધારીત વીજ મથક |

રાજ્ય સરકાર હસ્તકના સ્વતંત્ર વીજ એકમોની વિગત નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧૨ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન લી. ગેસ પાવર સ્ટેશન એક્ષપાન્સન, હઝીરા, સુરત |
| ૧૩ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન લી. ગેસ પાવર સ્ટેશન, એક્ષપાન્સન, હઝીરા, સુરત |
| ૧૪ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઅલ પાવર કંપની લી. ગેસ પાવર સ્ટેશન, સ્ટેજ–૧ મુ.પો. પેટ્રોકેમિકલ્સ, વડોદરા |
| ૧૫ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઅલ પાવર કંપની લી. ગેસ પાવર સ્ટેશન, સ્ટેજ–૨ મુ.પો. પેટ્રોકેમિકલ્સ, વડોદરા |
| ૧૬ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઅલ પાવર કંપની લી. એસ એલ પી પી (લીગ્નાઈટ) મુ.પો. નાની નારોલી, માંગરોલ, સુરત |
| ૧૭ | ગુજરાત મીનરલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન–લીગ્નાઈટ, અક્રિમોટા, નાની છેર, લખપત, કચ્છ |

(૨) રાજ્ય હસ્તકના વીજ મથકો વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ હોય છે અને પ્લાન્ટ અવેલીબીલીટી ફેકટર આ ઉપલબ્ધતા દર્શાવે છે. પણ આ વીજ મથકો દ્વારા રાજ્યમાંની વીજ માંગને અનુલક્ષીને સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર

(એસ.એલ.ડી.સી.) ની સૂચના અને જરૂરીયાત મુજબ વીજ ઉત્પાદન મેળવવામાં આવે છે. વીજ મથકની સ્થાપિત ક્ષમતાની સામે થયેલ વીજ ઉત્પાદનની વિગતો નીચે દર્શાવ્યા મુજબ છે.

| વીજ મથક | કુલ વીજ ઉત્પાદન ક્ષમતા (મેગાવોટ) | થયેલ વીજ ઉત્પાદન (મીલીયન યુનીટ્સમાં) |
|---|---|---|
| ઉકાઈ થર્મલ વીજ મથક | ૧૩૫૦ | ૪૭૩૭.૧૭ |
| ગાંધીનગર થર્મલ વીજ મથક | ૮૭૦ | ૨૩૩૩.૨૭ |
| વણાકબોરી થર્મલ વીજ મથક | ૧૪૭૦ | ૬૦૬૩.૩૦ |
| સિક્કા થર્મલ વીજ મથક | ૨૪૦ | ૬૬૦.૨૭ |
| કચ્છ લિગ્નાઈટ થર્મલ વીજ મથક | ૨૯૦ | ૧૮૫૦.૯૬ |
| ધુવારણ ગેસ આધારીત વીજ મથક | ૨૧૯.૦૬૭ | ૨૭૫.૫૬ |
| ઉતરાણ ગેસ આધારીત વીજ મથક | ૫૦૯.૫૭૧ | ૮૭.૬૦ |
| કડાણા જળ આધારીત વીજ મથક* | ૨૪૨ | ૩૯૨.૩૯ |
| ઉકાઈ જળ આધારીત વીજ મથક* | ૩૦૫ | ૮૨૯.૯૧ |
| પવન ઉર્જા આધારીત વીજ મથક | ૧૦ | ૧૩.૦૬ |
| સૌર ઉર્જા આધારીત વીજ મથક | ૨ | ૨.૯૫ |
| **કુલ** | **૫૫૦૮** | **૧૬૦૦૮.૧૩** |

| સરકારી ક્ષેત્રના વીજ મથક | કુલ વીજ ઉત્પાદન ક્ષમતા (મેગાવોટ) | થયેલ વીજ ઉત્પાદન (મીલીયન યુનીટ્સમાં) |
|---|---|---|
| ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. | ૧૪૫(૪૨) | ૨૪૫ |
| ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. (એસએલપીપી) | ૨૫૦ | ૧૨૮૫ |
| ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. (એસએલપીપી એક્ષપાન્સન) | ૨૫૦ | ૧૨૯૩ |
| ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન | ૨૫૦ | ૬૦૪ |
| ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન કંપની લી. હજીરા | ૧૫૬ | ૩૨૭ |
| ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. | ૧૬૫ | ૧૭૩ |
| **કુલ** | **૧૧૧૩** | **૩૯૨૭** |

---------

## બનાસકાંઠા જિલ્લામાં શિહોરી–દિયોદર રસ્તાને પહોળો કરવાની કામગીરી

* ૭૧૨૪ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં શિહોરી–દિયોદર રસ્તાને પહોળો કરવાની કામગીરીને ક્યારે મંજૂરી આપવામાં આવી, અને | (૧) તા. ૩૦–૧૦–૨૦૧૩ થી. |
| (૨) આ કામગીરી પાછળ અંદાજિત કેટલો ખર્ચ થશે? | (૨) રૂ. ૨૫૦૦.૦૦ લાખ. |

---------

## રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના ભાયાવદર–પડવલા–માખીયાણા રોડની કામગીરી

* ૭૧૪૧ **શ્રી પ્રવીણભાઇ મો. માંકડીયા (ધોરાજી) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૩ની સ્થિતિએ રાજકોટ | (૧) રૂ઼ા. ૧૨૦.૦૦ લાખનું કામ તા. ૨૬–૬– |

જિલ્લાના ઉપલેટા તાલુકાના ભાયાવદર–પડવલા–માખીયાણા રોડનું કામ કેટલી રકમનું ક્યારે મંજૂર કરવામાં આવ્યુ, અને

૨૦૧૩ ના રોજ મંજુર કરવામાં આવેલ છે.

(૨) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે?

(૨) કામ પ્રગતિમાં છે.

---------

**જૂનાગઢ જિલ્લામાં ઝૂંપડપટ્ટી યોજના અંતર્ગત વીજ જોડાણો**

* ૭૧૬૯ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘરવપરાશના વીજ જોડાણો આપવા માટે રાજ્ય સરકારની ઝૂંપડપટ્ટી યોજના અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યાં, અને

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તે માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) રાજ્યમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ગૃહ વપરાશના વીજ જોડાણ માટેની ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૂલ ૪૪૯૩ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યાં.

(૨) આ માટે વર્ષ ૨૦૧૨ માં રૂા. ૫૦.૫૭ લાખ અને વર્ષ ૨૦૧૩ માં રૂા. ૧૦૯.૩૯ લાખ મળી બે વર્ષમાં કુલ
રૂા. ૧૫૯.૯૬ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત વલસાડ જિલ્લામાં નગરપાલિકાવાર ભૂગર્ભ ગટર યોજનાઓની મંજૂરી**

* ૭૧૦૮ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લાની કઈ કઈ નગરપાલિકાઓની ભૂગર્ભ ગટર યોજનાઓને વહીવટી મંજૂરી આપવામાં આવી,

(૨) કુલ કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ કામો કયા તબક્કે છે ?

**જવાબ**

(૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લાની પારડી, વાપી, અને ધરમપુર એમ ૩ નગરપાલિકાઓની ભુગર્ભ ગટર યોજનાઓને વહીવટી મંજૂરી આપવામાં આવી.

(૨) કુલ રૂા. ૨૩૪૦૧.૬૩ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવી.

(૩) પારડી અને વાપી નગરપાલિકાઓના કામો પ્રગતિ હેઠળ છે અને ધરમપુર નગરપાલિકાના કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

---------

**ખેડા જિલ્લામાં વીજ સબ સ્ટેશનો માટે અપાયેલ જમીન**

* ૭૧૦૦ **શ્રી દેવુંસિંહ જે. ચૌહાણ (માતર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વીજ સબ સ્ટેશનો માટે જમીન અપાયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો કેટલી જમીન અપાયેલ છે ?

**જવાબ**

(૧) હા જી.

(૨) કુલ–૩૩,૬૪૯ ચો. મી.

---------

**ધામરડા એપ્રોચ રોડથી કોટડા બુર્ઝગ સુધીના રસ્તાની પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત કામગીરી**

* ૭૫૯૦ **શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ–ટાંડા સ્ટેટ હાઇવે ઉપર આવેલ ધામરડા એપ્રોચ રોડથી કોટડા બુર્ઝગ સુધીનો રસ્તો પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના

**જવાબ**

(૧) કોટડા બુજુર્ગ માલ ફળીયા (પરા) રસ્તો તા. ૨૮–૮–૧૨ના રોજ મંજુર કરવામાં આવ્યો.

અંતર્ગત ક્યારે મંજૂર કરવામાં આવ્યો,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ આ રસ્તાની કામગીરી કયા તબક્કે છે, અને

(૨) અને (૩) : ૧૧૦૦ મીટરમાં ડામરકામ પૂર્ણ કરવામાં આવેલ છે. ૪૦૦ મીટર લંબાઈમાં ખેડૂતના વિરોધના કારણે બાકી રહેલ છે. પરંતુ માલ ફળીયા પરુ ધામરડા એપ્રોચથી કોટડા બુજુર્ગ સાથે ડામરથી જોડાઈ ગયેલ છે.

(૩) કેટલા સમયમાં ઉક્ત કામગીરી પૂર્ણ થશે ?

---------

**ગાંધીનગર ખાતે ડી.એલ.એફ. ગૃપને આપેલ જમીન પરત લેવા સરકારે કરેલ કાર્યવાહી**

* ૭૫૪૯ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ ગાંધીનગર ખાતે ડી.એલ.એફ ગૃપને આપેલ જમીન પરત લેવા સરકારે છેલ્લા બે વર્ષમાં કાર્યવાહી કરી છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કેટલી જમીન પરત લેવા માટે શી કાર્યવાહી કરી છે, અને

(૩) જમીન પરત લેવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) –૨૫.૫ એકર જમીન માટે
–કલેક્ટરશ્રીની કચેરી, ગાંધીનગરના તા. ૧૪–૧૦–૧૩ના હુકમથી જમીન વિના વળતરે બોજા રહિત સરકાર હસ્તક દાખલ કરવા હુકમ કરવામાં આવેલ છે.

(૩) નિયત સમય મર્યાદામાં બાંધકામ પૂર્ણ ન કરતાં સનદની શરતોનો ભંગ થવાના કારણોસર

---------

**આણંદ જિલ્લામાં એ.ટી.વી.ટી. હેઠળ ગ્રાંટ અને મંજૂર થયેલ કામો**

* ૭૬૧૦ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય આયોજન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના હેઠળ કયા તાલુકામાં કેટલી ગ્રાન્ટ કઈ યોજનાઓ માટે ફાળવવામાં આવી,

(૨) તે અન્વયે કેટલા કામો મંજૂર થયા, અને

(૩) તે પૈકી નામંજૂર થયેલ કામોના કારણો શા છે ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના હેઠળ આ જિલ્લામાં આવેલ તાલુકાઓમાં યોજનાવાર ફાળવેલ ગ્રાન્ટ અંગેની વિગતો **પત્રક–૧**માં રજૂ કરેલ છે.

(૨) વર્ષ ૨૦૧૨–૧૩માં ૭૫૭ કામો અને વર્ષ ૨૦૧૩–૧૪ માં ૬૭૩ કામો મંજૂર કરવામાં આવેલ છે.

(૩) જોગવાઈ કરતાં વધારે આયોજન મંજૂર કરવાના કારણે વધારાના કામો અને માર્ગદર્શક યાદી બહારના કામો ના મંજૂર કરવામાં આવેલ છે.

**પત્રક–૧**

વર્ષ ૨૦૧૨–૧૩ (તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ) (રૂપિયા લાખમાં)

| ક્રમ | તાલુકાનું નામ | તાલુકા કાર્યવાહક આયોજન સમિતિને તાલુકાવાર ગ્રાન્ટ | તાલુકા દીઠ (પ્રાંત અધિકારી | પ્રાંત દીઠ | કુલ ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૧૦૦.૦૦ | ૨૫.૦૦ | ૧૨.૫૦ | ૧૩૭.૫૦ |
| ૨ | બોરસદ | ૧૨૫.૦૦ | ૨૫.૦૦ | ૨૫.૦૦ | ૧૭૫.૦૦ |
| ૩ | ખંભાત | ૧૨૫.૦૦ | ૨૫.૦૦ | ૨૫.૦૦ | ૧૭૫.૦૦ |
| ૪ | પેટલાદ | ૧૨૫.૦૦ | ૨૫.૦૦ | ૨૫.૦૦ | ૧૭૫.૦૦ |
| ૫ | સોજીત્રા | ૧૦૦.૦૦ | ૨૫.૦૦ | ૦.૦૦ | ૧૨૫.૦૦ |
| ૬ | તારાપુર | ૧૦૦.૦૦ | ૨૫.૦૦ | ૦.૦૦ | ૧૨૫.૦૦ |
| ૭ | ઉમરેઠ | ૧૦૦.૦૦ | ૨૫.૦૦ | ૧૨.૫૦ | ૧૩૭.૫૦ |
| ૮ | આંકલાવ | ૧૦૦.૦૦ | ૨૫.૦૦ | ૦.૦૦ | ૧૨૫.૦૦ |
| **કુલ** | | **૮૭૫.૦૦** | **૨૦૦.૦૦** | **૧૦૦.૦૦** | **૧૧૭૫.૦૦** |

વર્ષ – ૨૦૧૩–૧૪ (તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ) (રૂપિયા લાખમાં)

| ક્રમ | તાલુકાનું નામ | તાલુકા કાર્યવાહક આયોજન સમિતિને તાલુકાવાર ગ્રાન્ટ | તાલુકા દીઠ (પ્રાંત અધિકારી | પ્રાંત દીઠ | કુલ ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૭૫.૦૦ | ૧૮.૭૫ | ૯.૩૭ | ૧૦૩.૧૨ |
| ૨ | બોરસદ | ૯૩.૭૫ | ૧૮.૭૫ | ૧૮.૭૫ | ૧૩૧.૨૫ |
| ૩ | ખંભાત | ૯૩.૭૫ | ૧૮.૭૫ | ૧૮.૭૫ | ૧૩૧.૨૫ |
| ૪ | પેટલાદ | ૯૩.૭૫ | ૧૮.૭૫ | ૧૮.૭૫ | ૧૩૧.૨૫ |
| ૫ | સોજીત્રા | ૭૫.૦૦ | ૧૮.૭૫ | ૦.૦૦ | ૯૩.૭૫ |
| ૬ | તારાપુર | ૭૫.૦૦ | ૧૮.૭૫ | ૦.૦૦ | ૯૩.૭૫ |
| ૭ | ઉમરેઠ | ૭૫.૦૦ | ૧૮.૭૫ | ૯.૩૭ | ૧૦૩.૧૨ |
| ૮ | આંકલાવ | ૭૫.૦૦ | ૧૮.૭૫ | ૦.૦૦ | ૯૩.૭૫ |
| **કુલ** | | **૬૫૬.૨૫** | **૧૫૦.૦૦** | **૭૪.૯૯** | **૮૮૧.૨૪** |

---------

**સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ભાવનગર જિલ્લામાં નગરપાલિકાવાર ભૂગર્ભ ગટર યોજનાઓની મંજૂરી**

* ૭૧૦૫ **ડૉ. ભારતીબેન ધી. શ્યાળ(તળાજા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લાની કઈ નગરપાલિકાઓની ભૂગર્ભ ગટર યોજનાઓને વહીવટી મંજૂરી આપવામાં આવી,<br>(૨) કુલ કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને | (૧) અને (૨) : સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લાની (૧) શિહોર નગરપાલિકાને રૂા. ૨૮૦૪.૯૦ લાખ (૨) ગારીયાધાર નગરપાલિકાને રૂા. ૧૧૯૯.૮૫ લાખ (૩) તળાજા નગરપાલિકાને રૂા. ૧૯૭૩.૩૬ લાખ અને (૪) વલ્લભીપુર નગરપાલિકાને રૂા. ૧૨૪૪.૭૨ લાખ એમ કુલ ચાર નગરપાલિકાઓની ભૂગર્ભ ગટર યોજનાઓ માટે કુલ રૂા. ૭૨૨૨.૮૩ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવી. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કામો કયા તબક્કે છે ? | (૩) ગારીયાધાર નગરપાલિકાનું કામ પ્રગતિ હેઠળ જ્યારે શિહોર, તળાજા અને વલ્લભીપુર નગરપાલિકાના કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |

એચબી–૬૧૭–૮

---------

**વડોદરા જિલ્લાના નોંધાયેલા બેરોજગારોને રોજગારી આપવા બાબત**

* ૭૧૧૪ **શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ જિલ્લા રોજગાર વિનિમય કચેરી વડોદરા ખાતે વર્ષ–૨૦૧૩ દરમ્યાન કેટલા બેરોજગારોની નોંધણી થયેલ છે, અને | (૧) ૩૫૯૪૩ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૨૬૧૫૦ |

---------

**ભરૂચ જિલ્લામાં કુટિર ઉદ્યોગની લોન સહાય અરજીઓ**

* ૭૧૫૦ **શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુટિર ઉદ્યોગ માટે લોન સહાયની અરજીઓ મળી, અને | (૧) ૨૯૬૮ |

(૨) તે અન્વયે કેટલા લાભાર્થીઓની તાલુકાવાર અરજીઓ મંજુર કરી લાભો અપાયા ?

(૨)

| ક્રમ | તાલુકો | મંજૂર કરેલી અરજીઓ |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૧૦૧૭ |
| ૨ | વાગરા | ૩૮ |
| ૩ | આમોદ | ૪૦ |
| ૪ | જંબુસર | ૧૨૯ |
| ૫ | અંકલેશ્વર | ૨૪૦ |
| ૬ | હાંસોટ | ૩૭ |
| ૭ | ઝગડીયા | ૧૭૯ |
| ૮ | વાલીયા | ૧૫૨ |
| | **કુલ :-** | **૧૮૩૨** |

---------

**ઉમરાળા તાલુકાના વાંગધ્રા–ભોજવદર–સમઢીયાળા રોડ, વલભીપુર વીરડી આણંદપર રોડ અને ઉમરાળા ચાંગઢ ચમારડી રોડના કામોની મંજૂરી**

* ૭૧૪૨ **ડૉ. ડી. ટી. માણીયા(બોટાદ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના વાંગધ્રા–ભોજવદર–સમઢીયાળા રોડ, વલભીપુર વીરડી આણંદ પર રોડ તથા ઉમરાળા ચાંગઢ ચમારડી રોડના કેટલી રકમના કામો મંજૂર કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧)

| **ક્રમ** | **રસ્તાનું નામ** | **મંજુર રકમ (રૂા. લાખમાં)** |
|---|---|---|
| ૧ | વાંગધ્રા–ભોજાવદર–સમઢીયાળા રોડ | ૨૮૦.૦૦ |
| ૨ | વલભીપુર વીરડી આણંદપર રોડ | ૩૦૦.૦૦ |
| ૩ | ઉમરાળા ચાંગઢ ચમારડી રોડ | ૨૫૦.૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ આ કામો કયા તબક્કે છે ?

(૨) ઈજારદારને ડીપોઝીટ ભરવા જણાવવામાં આવેલ છે.

---------

**પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં વીજ કનેકશનોની પડતર અરજીઓ**

* ૭૩૦૦ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર ખેતી માટેની વીજ કનેકશનોની કુલ કેટલી અરજીઓ પડતર છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લાઓમાં કૃષિ વિષયક વીજ જોડાણો માટેની તાલુકાવાર પડતર અરજીઓ નીચે મુજબ છે.

પંચમહાલ જિલ્લો

| તાલુકો | પડતર અરજીઓ |
|---|---|
| ગોધરા | ૧૮૨૦ |
| કાલોલ | ૬૯૮ |
| હાલોલ | ૭૭૯ |
| જાંબુઘોડા | ૪૪૨ |
| મોરવા (હડફ) | ૬૧૦ |
| ઘોઘંબા | ૭૬૪ |
| શહેરા | ૧૬૩૮ |

મહીસાગર જિલ્લો

| તાલુકો | પડતર અરજીઓ |
|---|---|
| સંતરામપુર | ૯૩૬ |
| કડાણા | ૬૦૮ |

| | |
|---|---|
| લુણાવાડા | ૨૫૭૨ |
| ખાનપુર | ૧૫૨૭ |
| બાલાસીનોર | ૫૮૪ |
| વિરપુર | ૧૦૯૯ |

(૨) પડતર અરજીઓનો નિકાલ કરી ક્યાં સુધીમાં વીજ કનેકશન આપવામાં આવશે ?

(૨) કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. વીજ ઉત્પાદન અને વીજ માંગ વચ્ચે સંકલન જાળવવાની સાથે સાથે ઉપલબ્ધ માળખાગત સુવિધા, નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વિજ જોડાણ આપવામાં આવે છે. તદ્અનુસાર તમામ પડતર અરજીઓનો શક્ય તેટલી ઝડપથી નિકાલ કરી શકાય તેટલા વધુ કૃષિ વીજ જોડાણ આપવાનું આયોજન છે.

---------

**રાજ્યની કુલ સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા અને વધારો**

* ૭૧૬૪ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રાજ્યની કુલ સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી છે,

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રાજ્યની કુલ સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા ૨૨૩૯૬ મે. વો. હતી (પરંપરાગત સ્ત્રોત–૧૮૨૭૦ મે. વો. અને બીન પરંપરાગત સ્ત્રોત ૪૧૨૬ મે. વો.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતામાં કેટલો વધારો કરવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં કુલ ૬૧૯૯ મે. વો. વીજ ક્ષમતાનો વધારો કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| વર્ષવાર વીજ ક્ષમતામાં થયેલ વધારાની વિગત (મે.વો.) | | | |
|---|---|---|---|
| સ્ત્રોત | ૨૦૧૨ | ૨૦૧૩ | કુલ |
| પરંપરાગત સ્ત્રોત | ૩૩૯૪ | ૧૪૬૨ | ૪૮૫૬ |
| બીનપરંપરાગત સ્ત્રોત | ૧૦૯૦ | ૨૫૩ | ૧૩૪૩ |
| **કુલ** | **૪૪૮૪** | **૧૭૧૫** | **૬૧૯૯** |

(૩) આગામી બે વર્ષમાં કેટલો વધારો કરવાનું આયોજન છે ?

(૩) આગામી બે વર્ષમાં કુલ ૨૩૩૬ મે. વો. વીજ ક્ષમતાનો વધારો કરવાનું આયોજન છે જેની વિગત નીચે મુજબ છે.

| પાવર પ્રોજેક્ટ | સ્થાપિત ક્ષમતા (મે.વો.) |
|---|---|
| જી.પી.પી. સી. (પીપાવાવ) | ૭૦૦* |
| ધુવારણ સીસીપીપી એક્ષટેન્સન–૩ | ૩૯૬* |
| સિક્કા યુનિટ ૩ અને ૪ | ૫૦૦ |
| ભાવનગર એનર્જી કં. લી. | ૫૦૦ |
| મૌડા મહારાષ્ટ્ર (યુનિટ–૨) | ૧૨૦ |
| વિંધ્યાચલ થર્મલ પાવર સ્ટેશન (યુનિટ–૨) | ૧૨૦ |
| **કુલ** | **૨૩૩૬** |

*પરંતુ આ ગેસ આધારિત વિજ મથકોમાં ડોમેસ્ટીક ગેસ પુરવઠો ઉપલબ્ધ નથી.

---------

**ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્ટ્રકશન વર્કસસેસ એક્ટ પ્રમાણે સેસની આવક**

* ૭૩૬૫ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તારીખ ૧૫–૧–૨૦૧૪ની સ્થિતિએ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ સેસ એક્ટ પ્રમાણે રાજ્ય સરકાર પાસે સેસની કેટલી રકમ જમા થયેલ છે, | (૧) તારીખ ૧૫–૧–૨૦૧૪ની સ્થિતિએ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ સેસ એક્ટ પ્રમાણે રાજ્ય સરકાર પાસે રૂ઼ા. ૫૭૨,૫૭,૩૪,૩૧૮ની રકમ જમા છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તેમાંથી છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ વાપરવામાં આવી, | (૨) આ રકમ સરકારશ્રીએ નિયત કરલે હેડમાં જમા કરવાની જોગવાઈ છે તેમાં જમા થાય છે. બાઘકામ સેસની રકમ વાપરવામાં આવતી નથી (પરંતુ શ્રમિકોના કલ્યાણ માટે જરૂરી રકમ બજેટમાં મંજુર કરાવીને ઉપયોગ કરવામા આવે છે.) |
| (૩) કેટલી રકમ વણવપરાયેલ પડેલ છે, અને | (૩) બાંઘકામ સેસની જમા રકમ નિયત હેડમાં જમા રહે છે. |
| (૪) આ રકમ ન વાપરવાના કારણો શાં છે ? | (૪) બાંઘકામ સેસની જમા રકમ નિયત હેડમાં જમા રહે છે.<br>બાંધકામ શ્રમિકોના કલ્યાણ માટે બજેટ જોગવાઈમાંથી રકમ વાપરવામાં આવે છે.<br>બાંઘકામ એક્ટની જોગવાઈ મુજબ પાત્રતા ઘરાવતા નોંઘાયેલા લાભાર્થીને લાભ આપવાની જોગવાઈ હેઠળ પાત્ર લાભાર્થીઓને બજેટ જોગવાઈની રકમ માંથી લાભ આપવામાં આવે છે. |

---------

**જામનગર જિલ્લામાં કોસ્ટલ હાઈવે નંબર –૬ આમરણથી બાલાછડી જંકશન સુધીમાં રસ્તાના મજબુતીકરણની કામગીરી**

* ૭૧૩૩ **શ્રી ચીમનભાઇ ઘ. શાપરીયા(જામજોધપુર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં કોસ્ટલ હાઈવે નંબર ૬ આમરણથી બાલાછડી જંકશન સુધીમાં રસ્તાના મજબુતીકરણની કામગીરી તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧) ડ્રાફ્ટ ટેન્ડર પેપર તબક્કે |
| (૨) આ કામગીરી પાછળ અંદાજિત કેટલો ખર્ચ થશે, અને | (૨) રૂ઼ા. ૪૫૧૧.૨૩ લાખ |
| (૩) આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાથી |

---------

**આણંદ જિલ્લામાં નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવા અંગે**

* ૭૦૭૦ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા બેરોજગાર યુવકો રોજગાર વિનિમય કચેરીમાં નોંઘાયેલા છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ બેરોજગારો |
|---|---|---|
| ૧ | આણંદ | ૯૫૮૮ |
| ૨ | ખંભાત | ૫૯૬૨ |
| ૩ | બોરસદ | ૪૫૮૭ |
| ૪ | પેટલાદ | ૪૪૩૯ |
| ૫ | ઉમરેઠ | ૩૦૧૯ |
| ૬ | આંકલાવ | ૧૬૩૧ |

| | | |
|---|---|---|
| ૭ | સોજીત્રા | ૧૪૬૭ |
| ૮ | તારાપુર | ૧૩૭૨ |
| | **કુલ** | **૩૨૦૬૫** |

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે છેલ્લા એક વર્ષમાં કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવામાં આવી ?

(૨)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **અપાયેલ રોજગારી** |
|---|---|---|
| ૧ | આણંદ | ૫૩૪૮ |
| ૨ | ખંભાત | ૭૭૨ |
| ૩ | બોરસદ | ૫૪૭ |
| ૪ | પેટલાદ | ૪૪૭ |
| ૫ | ઉમરેઠ | ૩૧૯ |
| ૬ | આંકલાવ | ૨૦૬ |
| ૭ | સોજીત્રા | ૨૦૭ |
| ૮ | તારાપુર | ૧૮૦ |
| | **કુલ** | **૮૦૨૬** |

---------

એચબી-૬૧૭-૯

**મોરબી જિલ્લામાં બિસ્માર હાલતના રસ્તાઓ**

* ૭૬૫૩ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૧૩ના વર્ષમાં થયેલ ભારે વરસાદના કારણે મોરબી જિલ્લાના તાલુકાવાર કેટલા રસ્તાઓ બિસ્માર હાલતમાં છે,

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ આ રસ્તાઓની મરામત કામગીરી હાથ ધરવા સરકારે શું આયોજન કરેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા રસ્તાઓની મરામત કામગીરી પૂર્ણ કરી ?

**જવાબ**

(૧) (૨) અને (૩)

મોરબી તથા વાંકાનેર તાલુકામાં એક એક રસ્તાને ભારે વરસાદના કારણે નુકસાન થયેલ જેને જરૂરી મરામત કરીને રસ્તાઓ વાહન વ્યવહાર લાયક કરેલ છે.

---------

**રાજ્યમાં સરકાર દ્વારા ખાનગી વીજ કંપનીઓ અને સેન્ટ્રલ પુલમાંથી વીજળીની ખરીદી**

* ૭૫૭૧ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે ખાનગી વીજ કંપનીઓ અને સેન્ટ્રલ પુલમાંથી કેટલી વીજળી શા ભાવે વર્ષવાર ખરીદી,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ખાનગી વીજ કંપનીઓ પાસેથી અને સેન્ટ્રલ પુલમાંથી વર્ષવાર કરવામાં આવેલ વીજ ખરીદી તથા તેના ભાવની વિગત નીચે મુજબ છે.

| | ૨૦૧૨ | | ૨૦૧૩ (પ્રોવિઝનલ) | |
|---|---|---|---|---|
| | મી.યુ. | રૂા. યુનિટ | મી.યુ. | રૂા. યુનિટ |
| કેન્દ્રીય સાહસો | ૧૯૪૪૯ | ૨.૬૪ | ૧૮૨૮૫ | ૨.૮૬ |
| ખાનગી સાહસો | | | | |
| પરંપરાગત સ્ત્રોત | ૧૮૫૪૨ | ૩.૦૯ | ૨૮૪૩૫ | ૨.૯૮ |
| બિનપરંપરાગત સ્ત્રોત | ૪૩૦૬ | ૫.૭૧ | ૪૬૬૪ | ૬.૨૯ |

(૨) ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજળી

(૨) સમગ્ર દેશની વધતી જતી વીજ માંગીને અનુલક્ષીને

| | |
|---|---|
| ખરીદવાના કારણો શાં છે, અને | વીજ ઉત્પાદનમાં ખાનગી સાહસના મુડી રોકાણને પ્રોત્સાહન આપવાની કેન્દ્ર સરકારની નીતિ તેમજ તે અન્વયે ઈલેક્ટ્રિસિટી એક્ટ ૨૦૦૩ માં થયેલ જોગવાઈઓ અને કેન્દ્ર સરકારની નેશનલ ટેરીફ પોલીસી –૨૦૦૬ ની માર્ગદર્શિકા ને અનુરૂપ રહીને રાજ્યના તમામ પ્રકારના વીજ ગ્રાહકોને પર્યાપ્ત વીજ પૂરી પડી શકાય તે ધ્યાનમાં રાખીને વિવિધ સ્ત્રોતો મારફત વીજ ખરીદવામાં આવે છે. તદ્ઉપરાંત સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી ઓથોરીટી (સી.ઈ.એ.) ના સર્વેના આધારે રાજ્યની લાંબાગાળાની વીજ જરૂરિયાત તેમજ તમામ પ્રકારના ગ્રાહકોની વીજ માંગ ધ્યાનમાં રાખીને, નામદાર વીજ નિયમન આયોગની મંજૂરી મેળવીને લાબાગાળાના વીજ ખરીદી કરારો કરવામાં આવે છે અને જે તે સમયની વીજ માંગ તેમજ વીજ મથકોની માલિકીને નહી, પરંતુ સૌથી સસ્તા બળતણ ખર્ચના ભાવના ક્રમ મુજબ વીજ ખરીદી કરવા અંગેના નામદાર વીજ નિયમન આયોગના નિર્દેશ મુજબ વીજ માંગ સંતોષાય ત્યાં સુધીની ખરીદી કરવામાં આવે છે. |
| (૩) ખાનગી વીજ કંપનીઓ પાસેથી ભવિષ્યમાં વીજળી ન ખરીદવા રાજ્ય સરકાર શા પગલાં ભરશે ? | (૩) વર્ષ ૨૦૦૬ પહેલાં, લાંબાગાળાની વીજ ખરીદી ના કરાર ભારત સરકારની માર્ગદર્શીકા હેઠળ કોસ્ટ પ્લસ પધ્ધતિ પ્રમાણે કરવામાં આવતા હતા જેમાં વીજ પુરવઠો આપનારને ઉત્પાદન વત્તા ૧૪ ટકા રીટર્ન ઓન ઈક્વીટી આપવામાં આવતી હતી. વર્ષ ૨૦૦૬ પછી ટેરીફ પોલીસી મુજબ ખાનગી કંપનીઓ પાસેથી વીજ ખરીદી ફક્ત સ્પર્ધાત્મક બિડાણ પધ્ધતિ દ્વારા પસંદગી કરવામાં આવેલ કંપનીઓ પાસેથી કરાય છે. બિડ પ્રક્રિયામાં પસંદગી પામેલ જુદી જુદી ખાનગી કંપનીઓ સાથે નામદાર વીજ નિયમન આયોગની મંજૂરી મેળવીને વીજ ખરીદીના લાંબાગાળાના કરારો કરવામાં આવેલ છે. તદ્નુસાર, જે તે ખાનગી કંપની સાથે થયેલ કરારની મુદત પૂરી થયે વીજળી ખરીદવાનું આપોઆપ બંધ થશે. |

---------

## સુરત જિલ્લામાં પાકા રોડથી વંચિત ગ્રામ્ય પરાઓ

* ૭૯૦૨ **શ્રી પરભુભાઇ વસાવા(માંડવી) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ સુરત જિલ્લામાં તાલુકાવાર ૫૦૦ કે તેથી વધુ વસ્તી ધરાવતા કેટલા ગ્રામ્ય પરાઓ પાકા રોડથી વંચિત છે, અને | (૧) શુન્ય |
| (૨) આવા વંચિત ગ્રામ્ય પરાઓ માટે પાકા રોડ બનાવવા માટે સરકારે કયા પ્રકારનું આયોજન કરેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## પ્રાંતિજ અને તલોદ તાલુકામાં સ્થાપિત ઔદ્યોગિક એકમોમાં સ્થાનિક બેરોજગારોને રોજગારી

* ૭૩૫૧ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ પ્રાંતિજ અને તલોદ તાલુકામાં સ્થાપિત ઔદ્યોગિક એકમોમાં સ્થાનિક બેરોજગારોને રોજગારી આપવામાં આવતી નથી તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રોજગાર કચેરીના દફતરે નોંધાયેલ હોય તેવા પ્રાંતિજ અને તલોદ તાલુકામાં સ્થાપિત ઔદ્યોગિક એકમોમાં સ્થાનિકોની નિયત ટકાવારી જળવાય છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ સ્થાનિક બેરોજગારોને રોજગારી મળી રહે તે માટે સરકારે શાં પગલાં લીધાં ? | (૨) પ્રશ્ન રહેતો નથી. |

તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

---------

**વિજાપુર તાલુકાના ભાવસોરથી ખણુસાનો મંજૂર કરેલ વિજાપુર બાયપાસ રોડ**

* ૭૧૯૩ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ વિજાપુર તાલુકાના ભાવસોરથી ખણુસાનો વિજાપુર બાયપાસ રોડ ક્યારે મંજૂર કરવામાં આવ્યો, | (૧) તા. ૧૧–૯–૨૦૧૩ના રોજ રૂા. ૩૦૦.૦૦ લાખની અંદાજી કિમતનો મંજૂર કરવામાં આવ્યો. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ રોડની કાર્યવાહી કયા તબક્કે છે, અને | (૨) ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |
| (૩) કેટલા સમયમાં આ કામ પૂર્ણ થશે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

---------

**ધાનેરા–ડીસા હાઈવે ઉપર રેલ્વે પુલ પહોળો કરવાની કાર્યવાહી**

* ૭૩૩૬ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૨૦–૦૧–૨૦૧૪ની સ્થિતિએ ધાનેરા–ડીસા હાઈવે ઉપર રેલ્વે પુલ પહોળો કરવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને | (૧) રેલ્વે વિભાગના તા. ૮–૦૯–૨૦૦૯ના પત્રથી આ પુલનું કામ કોસ્ટ શેરીંગ પધ્ધતિ હેઠળ મંજુર કરેલ હતું. ત્યારબાદ તા. ૧૨–૦૪–૨૦૧૨ ના રોજ રેલ્વે વિભાગે પુલનો સંપુર્ણ ખર્ચ ગુજરાત સરકારે ભોગવવાનો રહે છે તેમ જણાવેલ. તે અન્વયે ગુજરાત સરકારે કોસ્ટ શેરીંગ ઉપર આ કામ મંજૂર કરવા રેલ્વે વિભાગ સાથે પત્ર વ્યવહાર કરેલ છે. જેનો હજુ સુધી હકારાત્મક પ્રતિભાવ મળેલ નથી. |
| (૨) કેટલા સમયમાં તે કામ પૂર્ણ થશે ? | (૨) રેલ્વે ધ્વારા હકારાત્મક પ્રતિભાવ આવ્યેથી ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**સંખેડા તાલુકામાં ઝંડહનુમાનજીના મંદિરને પ્રવાસન ધામ તરીકે વિકસાવવા બાબત**

* ૭૩૨૯ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકામાં ઝંડહનુમાનજીના મંદિરને પ્રવાસન ધામ તરીકે વિકસાવવા સરકારે શી કાર્યવાહી હાથ ધરી, અને | (૧) ઝંડ હનુમાનજીના મંદિરના વિકાસ માટે કલેકટરશ્રી, વડોદરા દ્વારા ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડને મળેલ દરખાસ્ત અન્વયે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા સબંધિત મંદિરના ટ્રસ્ટને વિગતો ઉપલબ્ધ કરવા જણાવેલ છે. |
| (૨) આ કાર્યવાહી કેટલા સમયમાં પૂર્ણ થશે ? | (૨) ઉપર્યુકત વિગતો મળ્યેથી વિચારણા કરી નિર્ણય લેવામાં આવશે. |

---------

**દાહોદ જિલ્લામાં કુટિર ઉદ્યોગોને સહાય ચુકવવા બાબત**

* ૭૧૪૬ **શ્રી બચુભાઇ મ. ખાબડ(દેવગઢબારીયા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાઓમાં કુટીર ઉદ્યોગ માટે કોઈ સહાય ચૂકવવામાં આવી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ વર્ષવાર અને તાલુકાવાર કઈ કઈ યોજનાઓ હેઠળ કેટલી રકમની સહાય ચુકવવામાં આવી ? | (૨) ઉક્ત સ્થિતિએ ગરીબ કલ્યાણ મેળામાં માનવ કલ્યાણ યોજના હેઠળ ટુલકિટ સ્વરૂપે નીચે મુજબ તાલુકાવાર સહાય ચુકવવામાં આવી છે. |

| માનવ કલ્યાણ યોજના | | ૨૦૧૨ | | ૨૦૧૩ | |
|---|---|---|---|---|---|
| અ.નં. | તાલુકાનું | વિતરણ | રકમ રૂ. | વિતરણ | રકમ રૂ. |

| | નામ | કરેલ ટુલકીટોની સંખ્યા | (લાખમાં) | કરેલ ટુલકીટોની સંખ્યા | (લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૨૦૦ | ૧૦.૦૦ | ૫૮૩ | ૨૯.૧૫ |
| ૨ | ગરબાડા | ૭૨ | ૩.૬૦ | ૧૬૧ | ૮.૦૫ |
| ૩ | ધાનપુર | ૧૦૦ | ૫.૦૦ | ૪૮૪ | ૨૪.૨૦ |
| ૪ | દેવ.બારીયા | ૮૦ | ૪.૦૦ | ૧૭૭ | ૮.૮૫ |
| ૫ | લીમખેડા | ૧૦૦ | ૫.૦૦ | ૩૦૪ | ૧૫.૨૦ |
| ૬ | ઝાલોદ | ૧૫૦ | ૭.૫૦ | ૬૩૪ | ૩૧.૭૦ |
| ૭ | ફતેપુરા | ૧૫૫ | ૭.૭૫ | ૪૯૦ | ૨૪.૫૦ |
| | **કુલ** | **૮૫૭** | **૪૨.૮૫** | **૨૮૩૩** | **૧૪૧.૬૫** |

---------

### પાટણ જિલ્લાના રાધનપુર–મસાલી–મધાપુરા રસ્તાના મરામતની કામગીરી

* ૭૧૨૭ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ પાટણ જિલ્લાના રાધનપુર–મસાલી–મધાપુરા રસ્તાના મરામતની કામગીરીને ક્યારે મંજૂર કરવામાં આવેલ છે,

(૨) આ કામગીરીમાં અંદાજિત કેટલો ખર્ચ થશે, અને

(૩) આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩–૧૦–૨૦૧૩ થી.

(૨) રૂ. ૬૩૫.૦૦ લાખ.

(૩) ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયે, બનતી ત્વરાએ.

---------

### ઉના ડીવીઝનમાંથી ગીરગઢડા સબડીવીઝન અલગ કરવા બાબત

* ૭૫૭૯ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉના ડીવીઝનમાંથી ગીરગઢડા સબ ડીવીઝનને અલગ કરવા કોના કોના તરફથી ક્યારે ક્યારે માંગણી મળી,

(૨) મળેલ માંગણીઓ અન્વયે સરકારે શી કાર્યવાહી કરી, અને

(૩) સરકાર ઉના ડીવીઝનમાંથી ગીરગઢડા ડીવીઝનને ક્યાં સુધીમાં અલગ કરવા માંગે છે ?

**જવાબ**

(૧) ઉના ડીવીઝનમાંથી નહીં પરંતુ ઉના સબ ડીવીઝનમાંથી ગીર ગઢડા સબ ડીવીઝન અલગ કરવા માટે મળેલ રજુઆતો આ સાથે સામેલ **પત્રક** મુજબ છે.

(૨) અને (૩)

ઉના–૧ સબડીવીઝન કચેરીનું વિભાજન કરી ગીર ગઢડા ખાતે નવી સબ ડીવીઝન કચેરી શરૂ કરવાની રજુઆતો વીજ વિતરણ એરીયા, ગ્રાહકોની સંખ્યા, વીજ ગ્રાહકોની અનુકૂળતા અને સરળતાના ઉપલક્ષ્યમાં ભૌગોલિક પરિસ્થિતિ વગેરે જેવા વહીવટી, તાંત્રિક અને આર્થિક પાસાને અનુલક્ષીને પશ્ચિમ ગુજરાત વીજ કંપનીની ચકાસણી હેઠળ છે. તમામ પાસાઓની ચકાસણી પૂર્ણ થયા બાદ તે મંજૂર કરવાની કાર્યવાહી પશ્ચિમ ગુજરાત વીજ કંપની દ્વારા હાથ ધરવામાં આવશે.

**પત્રક**

| ક્રમ | રજુઆતકર્તાનું નામ | હોદ્દો | રજુઆતની તારીખ |
|---|---|---|---|
| ૧ | શ્રી બાબુભાઈ બોખીરિયા | માનનીય મંત્રીશ્રી (જળ સંપત્તિ, પાણી પુરવઠા), ગુજરાત સરકાર | ૨૩/૦૯/૨૦૧૩ |
| ૨ | શ્રી ગોવિંદભાઈ પટેલ | માનનીય કૃષિ રાજય મંત્રીશ્રી, ગુજરાત સરકાર | ૦૫/૦૮/૨૦૧૩ |
| ૩ | શ્રી પૂંજાભાઈ વંશ | માનનીય ધારાસભ્યશ્રી, ઉના | ૧૦/૦૭/૨૦૧૩<br>૧૫/૦૭/૨૦૧૩<br>૨૨/૧૦/૨૦૧૩ |
| ૪ | શ્રી બાલુભાઈ હિરપરા | સદસ્યશ્રી, જિલ્લા પંચાયત, જુનાગઢ | ૧૮/૦૬/૨૦૧૩<br>૧૧/૧૦/૨૦૧૩ |

તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૪

અતારાંકિત પ્રશ્નો

| ક્રમ | રજુઆતકર્તાનું નામ | હોદ્દો | રજુઆતની તારીખ |
|---|---|---|---|
| | | | ૧૭/૧૧/૨૦૧૩ |
| ૫ | શ્રી રાજેન્દ્રભાઈ પટેલ | પ્રમુખશ્રી, ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ | ૨૫/૧૧/૨૦૧૩ |
| ૬ એચબી–૬૧૭–૧૦ | શ્રી અશ્વિનભાઈ આણદાણી | પૂર્વ અધ્યક્ષશ્રી, જુનાગઢ જિલ્લા ભારતીય જનતા પાર્ટી | ૨૦/૦૭/૨૦૧૩ ૧૭/૦૯/૨૦૧૩ |
| ૭ | શ્રી મનસુખભાઈ વોરા | સદસ્યશ્રી, તાલુકા પંચાયત, ઉના | ૧૭/૧૧/૨૦૧૩ |
| ૮ | શ્રી કરસનભાઈ ભાલીયા | સરપંચશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ગીરગઢડા | ૨૦/૦૭/૨૦૧૩ |

---------

**અમરેલી જિલ્લામાં ઝૂંપડપટ્ટી યોજના અંતર્ગત વીજ જોડાણો**

* ૭૧૭૧ **શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે રાજય સરકારની ઝૂંપડપટ્ટી યોજના અંતર્ગત અમરેલી જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યાં, અને

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) રાજયમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ગૃહ વપરાશના વીજ જોડાણ માટેની ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત અમરેલી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૂલ ૧૭૫૫ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યાં.

(૨) આ માટે વર્ષ ૨૦૧૨માં રૂા. ૧૭.૪૨ લાખ અને વર્ષ ૨૦૧૩ માં રૂા. ૮૦.૬૮ લાખ મળી કૂલ રૂા. ૯૮.૧૦ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં ડાર્કઝોનમાં નિયંત્રણ દૂર થતા ખેડૂતોને વીજ જોડાણ**

* ૭૬૯૮ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) :** તા. ૧–૧૦–૨૦૧૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૬૪૪૪ (અગ્રતા–૨૦૨)ના અનુસંધાને : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાંથી વર્ષ ૨૦૧૨માં ડાર્કઝોન નિયંત્રણો દૂર થતા અમીરગઢ અને દાંતા તાલુકામાં તે અગાઉ નોંધાયેલ અનુક્રમે ૩૩૦૬ અને ૧૩૨૬ અરજીઓ તા. ૩૦જૂન, ૨૦૧૩ની સ્થિતિએ પડતર હતી તે અરજીઓ પૈકી કેટલા અરજદારોને વીજજોડાણ તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ આપવામાં આવ્યા,

(૨) કેટલા ખેડૂતોને વીજ જોડાણ આપવાનાં બાકી છે, અને

(૩) તે ક્યાં સુધીમાં આપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) અગાઉ નોંધાયેલ અરજીઓ પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ અમીરગઢ અને દાંતા તાલુકાઓમાં અનુક્રમે ૧૭ અને ૬૩૬ કૃષિ વીજ જોડાણો આપવામાં આવ્યા છે.

(૨) અમીરગઢ તાલુકામાં ૩૨૮૮ અને દાંતા તાલુકામાં ૪૬૫ અરજીઓ પડતર છે.

(૩) કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. વીજ ઉત્પાદન અને વીજ માંગ વચ્ચે સંકલન જાળવવાની સાથે સાથે ઉપલબ્ધ માળખાગત સુવિધા, નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વિજ જોડાણ આપવામાં આવે છે. તદ્અનુસાર તમામ પડતર અરજીઓનો શક્ય તેટલી ઝડપથી નિકાલ કરી શકય તેટલા વધુ કૃષિ વીજ જોડાણ આપવાનું આયોજન છે.

---------

**કુટિર ઉદ્યોગ ક્ષેત્રના કારીગરો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓનું વેચાણ**

* ૭૧૫૪ **શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર–પૂર્વ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કુટિર ઉદ્યોગ ક્ષેત્રના કારીગરો દ્વારા ઉત્પાદિત

**જવાબ**

(૧) હા, જી.

ચીજ વસ્તુઓના વેચાણ માટે રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧–૧૨– ૨૦૧૩ની સ્થિતિએ કોઈ વ્યવસ્થા કરવામાં આવી છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી ?

(૨) કુટિર હસ્તકના બોર્ડ–નિગમ દ્વારા કુટિર ઉદ્યોગના કારીગરોની ઉત્પાદિત ચીજ વસ્તુઓના વેચાણ માટે નીચે મુજબની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

(૧) ગુજરાત રાજ્ય હાથશાળ હસ્તકલા વિકાસ નિગમ લી. દ્વારા રાજ્યમાં ૧૫ તથા રાજ્ય બહાર ૮ વેચાણ કેન્દ્રોમાં તથા મેળા પ્રદર્શન મારફત વેચાણ કરે છે.

(૨) ખાદી બોર્ડ દ્વારા ખાદી ઉત્સવનું આયોજન કરી મેળામાં પણ ખાદી ગ્રામોદ્યોગ ક્ષેત્રના કારીગરોના ઉત્પાદિત માલનું વેચાણ કરવામાં આવે છે.

(૩) ઈન્ડેક્ષ્ટ–સી દ્વારા અમદાવાદ હાટ તથા ભુજ હાટ ખાતે કાયમી વેચાણ વ્યવસ્થા ગેઠવેલ છે.

(૪) ઈન્ડેક્ષ્ટ–સી દ્વારા રાજ્ય તથા રાજ્ય બહાર મેળા પ્રદર્શન યોજી કુટિર ઉદ્યોગ ક્ષેત્રના કારીગરોના ઉત્પાદિત માલના વેચાણની વ્યવસ્થા કરવામાં આવે છે.

---------

## સુરત જિલ્લાના નોંધાયેલા બેરોજગારોને રોજગારી આપવા બાબત

* ૭૧૧૩ **શ્રી પૂર્ણેશકુમાર ઈ. મોદી: (સુરત–પશ્ચિમ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ જિલ્લા રોજગાર વિનિમય કચેરી સુરત ખાતે વર્ષ–૨૦૧૩ દરમ્યાન કેટલા બેરોજગારોની નોંધણી થયેલ છે, અને | (૧) ૩૯૪૯૪. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૩૧૧૩૪. |

---------

## જુનાગઢ જિલ્લામાં વીજ સબ સ્ટેશનો માટે અપાયેલ જમીન

* ૭૦૯૯ **શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વીજ સબ સ્ટેશનો માટે જમીન અપાયેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા,જી. |
| (૨) જો હા, તો કેટલી જમીન અપાયેલ છે? | (૨) કુલ–૫૦,૮૦૦ ચો.મી. |

---------

## અમદાવાદ જિલ્લામાં માનવ કલ્યાણ યોજના હેઠળ મળેલ અરજીઓ

* ૭૧૫૩ **શ્રી વલ્લભભાઈ ગો. કાકડીયા(ઠક્કરબાપાનગર) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૩–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર માનવ કલ્યાણ યોજના હેઠળ સ્વરોજગારી માટે કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧) તા. ૩૧–૩–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર આવેલ અરજીઓ નીચે મુજબ છે.

| **અનં.** | **તાલુકાનું નામ** | **વર્ષ ૨૦૧૧–૧૨ અરજીની સંખ્યા** | **વર્ષ–૨૦૧૨–૧૩ અરજીની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ(સીટી) | ૬૪૭૬ | ૭૩૬૭ |
| ૨ | વિરમગામ | ૪૮૬ | ૬૪૯ |
| ૩ | સાણંદ | ૪૦૭ | ૪૩૧ |
| ૪ | દેત્રોજ | ૨૮૪ | ૨૮૯ |
| ૫ | માંડલ | ૩૭૫ | ૩૪૯ |

| | | | |
|---|---|---|---|
| ૬ | દસક્રોઈ | ૪૭૯ | ૫૮૪ |
| ૭ | રાણપુર | ૨૪૫ | ૨૧૧ |
| ૮ | બાવળા | ૨૩૩ | ૨૮૫ |
| ૯ | ધોળકા | ૩૬૧ | ૪૦૩ |
| ૧૦ | બરવાળા | ૧૪૪ | ૧૮૧ |
| ૧૧ | ધંધુકા | ૪૩૨ | ૪૭૬ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૨) મંજૂર કરેલી અરજીઓ

| **અનં.** | **તાલુકાનું નામ** | **વર્ષ ૨૦૧૧-૧૨ અરજીની સંખ્યા** | **વર્ષ-૨૦૧૨-૧૩ અરજીની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ(સીટી) | ૪૧૫૦ | ૪૧૫૦ |
| ૨ | વિરમગામ | ૪૦૦ | ૪૦૦ |
| ૩ | સાણંદ | ૨૯૫ | ૨૯૫ |
| ૪ | દેત્રોજ | ૨૦૦ | ૨૦૦ |
| ૫ | માંડલ | ૨૬૦ | ૨૬૦ |
| ૬ | દસક્રોઈ | ૪૧૫ | ૪૧૫ |
| ૭ | રાણપુર | ૧૫૦ | ૧૫૦ |
| ૮ | બાવળા | ૧૯૫ | ૧૯૫ |
| ૯ | ધોળકા | ૨૭૫ | ૨૭૫ |
| ૧૦ | બરવાળા | ૧૨૦ | ૧૨૦ |
| ૧૧ | ધંધુકા | ૩૪૦ | ૩૪૦ |

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૩) નામંજૂર કરેલ અરજીઓ

| **અનં.** | **તાલુકાનું નામ** | **વર્ષ ૨૦૧૧-૧૨ અરજીની સંખ્યા** | **વર્ષ-૨૦૧૨-૧૩ અરજીની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ(સીટી) | ૧૭૯૧ | ૨૦૬૭ |
| ૨ | વિરમગામ | ૪૬ | ૧૨૪ |
| ૩ | સાણંદ | ૮૨ | ૭૬ |
| ૪ | દેત્રોજ | ૫૪ | ૩૯ |
| ૫ | માંડલ | ૮૭ | ૪૯ |
| ૬ | દસક્રોઈ | ૩૪ | ૮૯ |
| ૭ | રાણપુર | ૭૫ | ૩૧ |
| ૮ | બાવળા | ૩૮ | ૫૦ |
| ૯ | ધોળકા | ૫૭ | ૭૮ |
| ૧૦ | બરવાળા | ૨૪ | ૩૧ |
| ૧૧ | ધંધુકા | ૯૨ | ૬૬ |

(૪) અરજીઓ નામંજૂર કરવાના કારણો શા હતાં ?

(૪) અરજીઓ નામંજૂર થવાના કારણો

વર્ષ ૨૦૧૧-૧૨ તથા વર્ષ ૨૦૧૨-૧૩

૧. ઉંમર મર્યાદામાં આવતા ના હોવાથી
૨. બી.પી.એલ લાભાર્થી ન હોવાથી, તેમજ આવક વધુ હોવાથી.
૩. નિયત સમય મર્યાદામાં અરજદાર પૂર્તતા માટે હાજર ન થવાથી તેમજ વિગતો પૂર્ણ ન કરવાથી.
૪. અરજદારે/કુટુંબના અન્ય સભ્ય દ્વારા યોજનાનો લાભ લીધેલ હોવાથી.

---------

**મહેસાણા જિલ્લામાં ખેડૂતોને વીજ બીલમાં રાહત**

* ૭૧૭૫ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા મહેસાણા જિલ્લાના કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં કોઈ રાહત આપવામાં આવેલ છે કે કેમ, અને

**જવાબ**

(૧) નામદાર ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર થયેલ કૃષિ વિષયક વીજદરનો સંપૂર્ણ બોજો ખેડૂતો પર નાખવામાં આવતો નથી. પરંતુ નક્કી કરેલ વીજ દરો કરતા

ઘણા ઓછા દરે ખેડૂતોને વીજળી આપવામાં આવે છે. અને આ નિર્ણયના અમલીકરણને કારણે મહેસૂલી આવકના નુકશાન માટે વીજ કંપનીઓને સહાયકી આપવામાં આવે છે.

આ ઉપરાંત, વીજ ઉત્પાદન માટે વપરાશમાં લેવાતા કોલસો, ગેસ, ઓઈલ, નેપ્થા જેવા બળતણમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતા ભાવ વધારાના કારણે વીજ કંપનીઓને થતા વધારાના ખર્ચને પહોંચી વળવા માટે વીજ ગ્રાહકો પાસેથી નામદાર ગુજરાત વીજ નિયમન આયોગની ફોર્મ્યુલા મુજબ ફ્યુઅલ સરચાર્જની વસુલાત કરવાની થાય છે. ખેડૂતોના કિસ્સામાં ફ્યુઅલ સરચાર્જ તેમની પાસેથી વસૂલ ન કરવાનો સરકારે નિર્ણય લીધેલ હોઈ, તે અંગેની રકમ પણ સહાયકી તરીકે વીજ કંપનીઓને ચૂકવવામાં આવે છે.

આ ઉપરાંત, તા.૧–૧૦–૧૨ ના ઠરાવથી રાજ્યમાં ઓછા તથા મોડા થયેલા વરસાદને લીધે ખેડૂતોને થયેલ નુકશાનમાં રાહત આપવા માટે ખેડૂતોને તેમના વીજ વપરાશના બીલમાં એક વર્ષ (વર્ષ ૨૦૧૨–૧૩) માટે ૫૦% રાહત આપવાનો સરકારે નિર્ણય લીધેલ હોઈ, તે અંગેની રકમ પણ સહાયકી તરીકે વીજ કંપનીઓને ચૂકવવામાં આવે છે.

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લાના ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે કેટલી સબસીડી આપવામાં આવી ?

(૨) છેલ્લા બે નાણાંકીય વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા મહેસાણા જિલ્લાનાં ખેડૂતોને વીજ બીલમાં આપવામાં આવેલ સબસીડીની વિગતો આ સાથેના પત્રક–અ મુજબ છે.

**પ ત્ર ક – અ**

(રૂ.કરોડમાં)

| અ. નં. | વિગત | ૨૦૧૨–૨૦૧૩ | ૨૦૧૩–૧૪ (ડિસેમ્બર–૨૦૧૩ સુધી) |
|---|---|---|---|
| ૧ | હોર્સ પાવર આધારિત વીજ દરો માટે સહાયકી | ૧૧૦૦ | ૮૨૫ |
| ૨ | જીઈઆરસી વીજ દરમાં રાહત માટે સહાયકી | ૮૮૪ | ૬૦૦ |
| ૩ | બળતણ ખરીદી તથા વીજળી ખરીદી માટે સહાયકી | ૧૨૦૦ | ૯૭૫ |
| ૪ | ખેતીવાડી ગ્રાહકોને વીજ બીલમાં ૫૦% રાહત | ૩૯૬.૦૭ | –– |
| | **કુલ** | **૩૫૮૦.૦૭** | **૨૪૦૦.૦૦** |
| ૫ | સબસીડીનો લાભ મેળવનાર કૃષિ વિષયક વીજ ગ્રાહકોની સંખ્યા | ૯૯૧૧૮૫ | ૧૦૩૯૦૫૯ |

એચબી–૬૧૭–૧૧

---------

**વલસાડ જિલ્લામાં રાજ્ય અને પંચાયત હસ્તકના માર્ગોનું નવિનીકરણ તથા પહોળાઈ વધારવાની દરખાસ્તો**

* ૭૩૨૦ **શ્રી ઈશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં રાજ્ય હસ્તકના માર્ગો પૈકી કેટલા

(૧) ૧૨૯ રસ્તા.

માર્ગોનું નવિનીકરણ તથા પહોળાઈ વધારવાની દરખાસ્તો મંજૂર થઈ,

(૨) તાલુકાવાર કેટલી દરખાસ્તો મંજૂર થઈ, અને

(૨)

| **તાલુકો** | **કામોની સંખ્યા** |
|---|---|
| વલસાડ | ૨૬ |
| પારડી | ૩૭ |
| વાપી | ૬ |
| ઉમરગામ | ૩૪ |
| ધરમપુર | ૧૭ |
| કપરાડા | ૯ |

(૩) બાકી રહેતી દરખાસ્તો ક્યારે મંજૂર થશે ?

(૩) હાલમાં મંજૂર કરેલ કામોમાં પ્રાધાન્ય આપવાનું આયોજન છે.

---------

**કચ્છ જિલ્લામાં ઉદ્યોગ કેન્દ્રમાં કુટિર ઉદ્યોગ માટે લોન સહાય**

* ૭૦૮૮ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર પાસે કુટિર ઉદ્યોગ માટે લોન સહાય મેળવવા માટે કુલ કેટલી અરજીઓ આવી, | (૧) ૭૧૭૨ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૨૧૪ |
| (૩) કેટલી અરજીઓમાં લોન સહાય આપવામાં આવી ? | (૩) લોન રૂ.૨૪૩૯.૭૨ લાખ સહાય (સબસીડી) રૂ.૩૦૩.૯૫ લાખ. |

---------

**અમદાવાદ જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન**

* ૭૧૨૧ **શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર–ખાડિયા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૧૩૯ |
| (૨) આ ભરતીમેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી ? | (૨) ૧૧૯૮૦ |

---------

**વડોદરા જિલ્લાના વડોદરા–ડભોઈ માર્ગને ચાર માર્ગીય કરવાની કામગીરી**

* ૭૧૩૧ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઈ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના વડોદરા–ડભોઈ માર્ગને ચાર માર્ગીય કરવાની કામગીરી તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) ટેન્ડર તબક્કે. |
| (૨) આ કામગીરી પાછળ અંદાજીત કેટલો ખર્ચ થશે, અને | (૨) રૂ.૮૨૦૦.૦૦ લાખ. |
| (૩) આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા પૂર્ણ થયેથી ટેન્ડરની જોગવાઈ મુજબ પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**ખેડા જિલ્લામાં ખેત વીજ કનેકશનોને મંજૂરી**

* ૭૨૪૭ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોને કેટલા ખેત વીજ કનેકશનો આપવામાં આવ્યા,

(૨) તે પૈકી મહેમદાવાદ તથા ખેડા તાલુકામાં કેટલી ખેત વીજ કનેકશનોની અરજીઓ આવી,

(૩) તે પૈકી કેટલી અરજીઓ પડતર છે, અને

(૪) બાકી રહેલ અરજદારોને ક્યાં સુધીમાં વીજ કનેકશનો આપવામાં આવશે ?

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨૮૭૫ કૃષિ વીજ જોડાણો આપવામાં આવ્યા.

(૨) અને (૩) મહેમદાવાદ તાલુકો અગાઉ ડાર્કઝોનમાં સમાવિષ્ટ હતો. ડાર્કઝોન ઉઠાવી લીધા બાદ તા.૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં ૧૭૧૯ અરજીઓ મળેલ છે. તે પૈકી ૧૫૨૦ અરજીઓ પડતર છે. જ્યારે ખેડા તાલુકામાં કૃષિ વીજ જોડાણો માટે તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨૮૮ અરજીઓ મળી તે પૈકી ૧૭૯ અરજીઓ પડતર છે.

(૪) કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. વીજ ઉત્પાદન અને વીજ માંગ વચ્ચે સંકલન જાળવવાની સાથે સાથે ઉપલબ્ધ માળખાગત સુવિધા નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વિજ જોડાણ આપવામાં આવે છે. તદ્અનુસાર તમામ પડતર અરજીઓનો શક્ય તેટલી ઝડપથી નિકાલ કરી શક્ય તેટલા વધુ કૃષિ વીજ જોડાણ આપવાનું આયોજન છે.

---------

## તાપી જિલ્લામાં કુટિર ઉદ્યોગોને સહાય ચૂકવવા બાબત

* ૭૧૪૫ **શ્રી કાંતીલાલભાઈ રે. ગામીત (નિઝર) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં તાલુકાવાર યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાઓમાં કુટિર ઉદ્યોગો માટે કોઈ સહાય ચૂકવવામાં આવી છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ વર્ષવાર અને તાલુકાવાર કઈ કઈ યોજનાઓ હેઠળ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ઉકત સ્થિતિએ ગરીબ કલ્યાણ મેળામાં માનવ કલ્યાણ યોજના હેઠળ ટુલકીટ સ્વરુપે નીચે મુજબ તાલુકાવાર સહાય ચૂકવવામાં આવી છે.

**માનવ કલ્યાણ યોજના**

| અ. નં. | તાલુકાનું નામ | ૨૦૧૨ | | ૨૦૧૩ | |
|---|---|---|---|---|---|
| | | વિતરણ કરેલ ટુલકીટોની સંખ્યા | રકમ રૂ.(લાખમાં) | વિતરણ કરેલ ટુલકીટોની સંખ્યા | રકમ રૂ.(લાખમાં) |
| ૧ | ઉચ્છલ | ૧૧૦ | ૫.૫૦ | ૩૭૫ | ૧૮.૭૫ |
| ૨ | સોનગઢ | ૭૭ | ૩.૮૫ | ૨૦૦ | ૧૦.૦૦ |
| ૩ | વાલોડ | ૪૦ | ૨.૦૦ | ૭૫ | ૩.૭૫ |
| ૪ | નિઝર | ૧૪૮ | ૭.૪૦ | ૩૫૦ | ૧૭.૫૦ |
| ૫ | વ્યારા | ૧૪૩ | ૭.૧૫ | ૩૦૦ | ૧૫.૦૦ |
| | કુલ | ૫૧૮ | ૨૫.૯૦ | ૧૩૦૦ | ૬૫.૦૦ |

---------

## આણંદ જિલ્લામાં સ્વરોજગાર શિબિરોનું આયોજન

* ૭૧૧૬ **શ્રી દિલીપભાઇ મ. પટેલ(આણંદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૪૦ |
| (૨) આ શિબિરોમાં કેટલા ઉમેદવારો હાજર હતા ? | (૨) ૮૬૧૫ |

---------

**છોટાઉદેપુર જિલ્લામાં એ.ટી.વી.ટી. અંતર્ગત તાલુકાવાર ગ્રાંટ**

* ૭૨૬૮ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય આયોજન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજનાની ગ્રાન્ટ છેલ્લા બે વર્ષમાં કેટલા કામો માટે કેટલી ગ્રાન્ટ રાજ્ય સરકારે ક્યારે આપી, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં એ.ટી.વી.ટી. યોજના અન્વયે છેલ્લાં બે વર્ષમાં ફાળવેલ ગ્રાન્ટ અને કામોની વિગતો પત્રક-૧ મુજબ છે. |
| (૨) સન ૨૦૧૩-૧૪ના વર્ષની ઉકત સ્થિતિ સુધીમાં ફાળવેલ ગ્રાન્ટ પૈકી છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રાન્ટ કઈ તારીખે જે તે તાલુકામાં જમા કરાવી, અને | (૨) વર્ષ ૨૦૧૩-૧૪ના વર્ષની ઉકત સ્થિતિ સુધીમાં ફાળવેલ ગ્રાન્ટ પૈકી છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર ફાળવેલ ગ્રાન્ટ અને તારીખ. |

| ક્રમ | તાલુકાનું નામ | ફાળવેલ ગ્રાન્ટ (રૂ.લાખમાં) | તારીખ |
|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૧૩૧.૬૦ | ૬-૦૨-૨૦૧૪ |
| ૨ | જેતપુરપાવી | -- | -- |
| ૩ | કવાંટ | ૧૪૦.૫૦ | ૧૧-૨-૨૦૧૪ |
| ૪ | નસવાડી | ૨૯૬.૬૩ | ૧૬-૧-૨૦૧૪ |
| ૫ | સંખેડા | ૧૪૨.૮૫ | ૧૬-૧-૨૦૧૪ |
| | **કુલ** | **૭૧૧.૫૯** | |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) તે પૈકી આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અંતર્ગત કેટલી રકમના કેટલા કામો પૂર્ણ થયેલા છે ? | (૩) તૈ પૈકી આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અંતર્ગત પૂર્ણ થયેલ કામો અને ખર્ચની વિગતો નીચે મુજબ છે. |

| વર્ષ | પૂર્ણ થયેલ કામો | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૨-૧૩ | ૪૮૦ | ૮૦૮.૦૨ |
| ૨૦૧૩-૧૪ | ૫૪ | ૧૧૩.૦૬ |

**પ ત્ર ક-૧**

| હપ્તાનો ક્રમ | વર્ષ ૨૦૧૨-૧૩ | | | વર્ષ ૨૦૧૩-૧૪ | | |
|---|---|---|---|---|---|---|
| | કામોની કુલ સંખ્યા | હુકમની તારીખ | ફાળવેલ ગ્રાન્ટ (રૂપિયા લાખમાં) | કામોની કુલ સંખ્યા | હુકમની તારીખ | ફાળવેલ ગ્રાન્ટ (રૂપિયા લાખમાં) |
| ૧ | ૬૯૯ | તા.૧૭-૫-૨૦૧૨ | ૩૦૩.૨૫ | ૬૧૪ | તા.૨-૪-૨૦૧૩<br>તા.૯-૪-૨૦૧૩ | ૩૦૩.૭૫ |
| ૨ | | તા.૭-૬-૨૦૧૨<br>તા.૧૨-૬-૨૦૧૨ | ૩૦૩.૨૫ | | તા.૧૫-૬-૨૦૧૩<br>તા.૧-૭-૨૦૧૩ | ૩૦૩.૭૫ |
| ૩ | | તા.૮-૧૦-૨૦૧૨<br>તા.૧૦-૧૦-૨૦૧૨ | ૩૦૩.૨૫ | | તા.૧-૧૦-૨૦૧૩<br>તા.૧૪-૧૦-૨૦૧૩ | ૩૦૩.૭૫ |
| ૪ | | તા.૨૪-૧-૨૦૧૩<br>તા.૧૫-૩-૨૦૧૩<br>તા.૧૯-૩-૨૦૧૩ | ૩૦૩.૨૫ | | -- | -- |
| **કુલ** | **૬૯૯** | | **૧૨૧૩.૦૦** | **૬૧૪** | | **૯૧૧.૨૫** |

---------

**પ્રવાસન ક્ષેત્રમાં રાજ્યને મળેલ એવોર્ડ**

* ૭૧૬૨ **શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૨–૧૩ માં પ્રવાસન ક્ષેત્રમાં રાજ્યને કુલ કેટલા એવોર્ડ મળેલ છે, અને

(૨) તે એવોર્ડ કઈ કઈ સંસ્થા તરફથી આપવામાં આવેલ છે ?

એચબી–૬૧૭–૧૨

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૨–૧૩ માં પ્રવાસન ક્ષેત્રે રાજ્યને કુલ ૯ એવોર્ડ મળેલ છે.

(૨) તે એવોર્ડ નીચેની સંસ્થાઓ તરફથી આપવામાં આવેલ છે.

| | **એવોર્ડનું નામ** | **સંસ્થાનું નામ** |
|---|---|---|
| ૧ | પાટા ગોલ્ડ એવોર્ડ ફોર સેકન્ડરી ડેસ્ટીનેશન–ધ વ્હાઈટ રણ–કોફી ટેબલ બુક | પેસિફીક એરીયા ટ્રાવેલ એસોસિએશન |
| ૨ | બેસ્ટ ઈમર્જીંગ ડેસ્ટીનેશન ઈન ઈન્ડીયા | કોન્ટેનાસ ટ્રાવેલ, ઈન્ડીયા |
| ૩ | બેસ્ટ સ્ટેટ ટુરીઝમ બોર્ડ | સીએનબીસી આવાઝ ટ્રાવેલ |
| ૪ | બેસ્ટ ઈમર્જીંગ ડેસ્ટીનેશન | પેસિફીક એરીયા ટ્રાવેલ રાઈટર્સ એસોસિએશન (PATWA) |
| ૫ | એવોર્ડ ઓફ એકસેલેન્સ–બેસ્ટ ટુરીઝમ ફીલ્મ | કેન્દ્ર સરકારશ્રી |
| ૬ | મોસ્ટ ઈનોવેટીવ યુઝ ઓફ ઈન્ફર્મેશન ટેકનોલોજી | કેન્દ્ર સરકારશ્રી |
| ૭ | બેસ્ટ સ્ટેટ–ચુટી કોમ્પ્રેહેંસીવ ડેવલપમેન્ટ ઓફ ટુરીઝમ | કેન્દ્ર સરકારશ્રી |
| ૮ | વાઉ લાઈવ પેટ્રોન ઓફ ધ ઈયર ટુરીઝમ પ્રમોશન | બ્રેન ટીલ્સ |
| ૯ | બેસ્ટ વાઈલ્ડ લાઈફ એન્ડ નેચરલ ડેસ્ટીનેશન એવોર્ડ | સીએનબીસી આવાઝ ટ્રાવેલ |

---------

**મહેસાણા જિલ્લાના સિધ્ધપુર–ખેરાલુ રસ્તાના મરામતની કામગીરી**

* ૭૧૨૬ **શ્રી ભરતસિંહજી ચં. ડાભી(ખેરાલુ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના સિધ્ધપુર–ખેરાલુ રસ્તાના મરામતની કામગીરી ક્યારે મંજૂર કરવામાં આવેલ છે,

(૨) આ કામગીરી પાછળ અંદાજિત કેટલો ખર્ચ થશે, અને

(૩) આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩–૧૦–૨૦૧૩ થી.

(૨) રૂા. ૮૮૨.૦૦ લાખ.

(૩) ટેન્ડર પ્રક્રિયા પુર્ણ થયે બનતી ત્વરાએ.

---------

**ગુજરાત રાજ્યની માલિકીની એરસ્ટ્રીપ વિકસાવવા બાબત**

* ૧૧૬૦ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં

**જવાબ**

(૧) હા, જી.

રાજ્ય સરકારની માલિકીની એરસ્ટ્રીપને વિકસાવવાનું આયોજન છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કઈ કઈ એરસ્ટ્રીપ છે, અને

(૨) અંબાજી, દ્વારકા, મોરબી, દહેજ, પાલીતાણા, ધોળાવીરા, રાજકોટ, અંકલેશ્વર, પરસોલી, રાજપીપળા, માંડવી, જેમાંથી પ્રથમ ચરણમાં અંબાજી, દ્વારકા, અંકલેશ્વર અને પાલિતાણા ખાતે હવાઈપટ્ટી વિકસાવવાનું આયોજન છે. તદ્ઉપરાંત વણોદ (બેચરાજી) અને બગોદરા ખાતે વધારાની હવાઈ પટ્ટી બનાવવાનું આયોજન છે.

(૩) છેલ્લા બે વર્ષમાં તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩) તે અંગે છેલ્લા બે વર્ષમાં રૂા. ૩૭,૭૮,૬૯,૦૪૦/- ફાળવવામાં આવેલ છે.

---------

## વડોદરા જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન

* ૭૧૧૮ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને

(૧) ૧૧૫

(૨) આ ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી ?

(૨) ૯૭૧૧

---------

## બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોને કૃષિ વિષયક તત્કાલ વીજ જોડાણ

* ૭૬૬૦ **શ્રી ધારશીભાઇ ઇ. ખાનપુરા(કાંકરેજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણો તત્કાલ વીજ જોડાણ હેઠળ છેલ્લા બે વર્ષમાં ફાળવવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તત્કાલ વીજ જોડાણ માટેની કેટલી અરજીઓ પડતર છે અને કેટલા સમયમાં તેનો નિકાલ લાવી વીજ જોડાણ અપાશે ?

(૧) અને (૨) : અગાઉની "તત્કાલ યોજના-૨૦૧૦" ડાર્કઝોન સિવાયના વિસ્તારોમાં અમલી હતી. બનાસકાંઠા જિલ્લાના દાંતા સિવાયના તમામ તાલુકા તતસમયે ડાર્કઝોનમાં સમાવિષ્ટ હોઈ દાંતા તાલુકામાં આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૧માં નાણાં ભરપાઈ થયેલ ૧૯૬ અરજીઓમાં તથા વર્ષ ૨૦૧૨માં નાણા ભરપાઈ થયેલ ૪ (ચાર) અરજીઓમાં કૃષિ વીજ જોડાણ આપવામાં આવેલ છે.

જ્યારે સરકારશ્રી એ તાજેતરમાં જાહેર કરેલ "તત્કાલ યોજના-૨૦૧૩" માં તમામ તાલુકાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તત્કાલ યોજના-૨૦૧૩ અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ ૨૩૨૨ અરજીઓ પડતર છે જે તમામના સર્વેની કામગીરી પૂર્ણ થયેલ છે અને વીજ જોડાણ મંજુર કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે જે સત્વરે પૂર્ણ કરી શક્ય તેટલી ઝડપથી વીજ જોડાણ પુરૂ પાડવાનું આયોજન છે.

---------

## સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં નગરપાલિકાવાર ભૂગર્ભ ગટર યોજનાઓની મંજૂરી

*૭૧૦૬ **શ્રી રાજેશભાઇ ના. ચુડાસમા(માંગરોળ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લાની કઈ નગરપાલિકાઓની ભૂગર્ભ ગટર યોજનાઓને વહીવટી મંજૂરી આપવામાં આવી,

(૧) અને (૨) : સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લાની (૧) કેશોદ નગરપાલિકાને

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) કુલ કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને | રૂ।. ૫૭૧૪.૬૧ લાખ (૨) માણાવદર નગરપાલિકાને રૂ।. ૩૦૧૭.૦૩ લાખ (૩) વિસાવદર નગરપાલિકાને રૂ।. ૧૨૪૦.૪૬ લાખ અને (૪) બાંટવા નગરપાલિકાને રૂ।. ૧૧૪૦.૫૫ લાખ એમ કુલ રૂ।. ૧૧,૧૧૨.૬૫ લાખની વહીવટી મંજુરી આપવામાં આવી. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કામો કયા તબક્કે છે ? | (૩) આ કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |

---------

## સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં નોંધાયેલા બેરોજગારો

* ૭૯૩૬ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કેટલા બેરોજગાર નોંધાયેલા છે, અને

(૧) સાબરકાંઠા જિલ્લો

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૫૩૬૪ |
| ૨ | ઈડર | ૪૩૪૮ |
| ૩ | વડાલી | ૧૪૩૪ |
| ૪ | ખેડબ્રહ્મા | ૧૮૯૬ |
| ૫ | પોશીના | ૧૨૬૦ |
| ૬ | વિજયનગર | ૩૩૯૨ |
| ૭ | પ્રાંતિજ | ૨૭૬૬ |
| ૮ | તલોદ | ૨૯૦૯ |
| | **કુલ** | ૨૩૩૬૯ |
| (૨) અરવલ્લી જિલ્લો | | |
| ૧ | ભિલોડા | ૫૭૩૬ |
| ૨ | મોડાસા | ૩૫૨૬ |
| ૩ | ધનસુરા | ૨૫૧૧ |
| ૪ | બાયડ | ૩૫૦૪ |
| ૫ | માલપુર | ૧૬૯૧ |
| ૬ | મેઘરજ | ૨૫૮૫ |
| | **કુલ** | ૧૯૫૫૩ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા બેરોજગારોને સરકાર અર્ધસરકારી અને ખાનગી નોકરી મળી?

(૨) (૧) **સાબરકાંઠા જિલ્લો**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **તા. ૧–૧–૨૦૧૨ થી તા. ૩૧–૧૨–૨૦૧૩ દરમ્યાન મળેલ નોકરીની સંખ્યા** | | | |
|---|---|---|---|---|---|
| | | **સરકારી** | **અર્ધસરકારી** | **ખાનગી** | **કુલ** |
| ૧ | હિંમતનગર | ૬૭ | ૧૫૦ | ૨૦૯૧ | ૨૩૦૮ |
| ૨ | ઈડર | ૫૬ | ૬૬ | ૧૭૪૪ | ૧૮૬૬ |
| ૩ | વડાલી | ૧૫ | ૩૦ | ૨૬૬ | ૩૧૧ |
| ૪ | ખેડબ્રહ્મા | ૩૧ | ૪૬ | ૧૩૧ | ૨૦૮ |
| ૫ | પોશીના | ૪ | ૬ | ૪૬ | ૫૬ |
| ૬ | વિજયનગર | ૫૨ | ૫૩ | ૩૫૭ | ૪૬૨ |
| ૭ | પ્રાંતિજ | ૩૬ | ૭૪ | ૧૬૯૪ | ૧૮૦૪ |
| ૮ | તલોદ | ૨૦ | ૩૯ | ૨૯૫ | ૩૫૪ |
| | **કુલ** | **૨૮૧** | **૪૬૪** | **૬૬૨૪** | **૭૩૬૯** |
| (૨) | **અરવલ્લી જિલ્લો** | | | | |
| ૧ | ભિલોડા | ૫૩ | ૧૩૬ | ૮૦૦ | ૯૮૯ |
| ૨ | મોડાસા | ૪૦ | ૯૩ | ૧૧૩૩ | ૧૨૬૬ |
| ૩ | ધનસુરા | ૨૫ | ૪૪ | ૧૩૭ | ૨૦૬ |
| ૪ | બાયડ | ૪૩ | ૬૨ | ૬૭૪ | ૭૭૯ |
| ૫ | માલપુર | ૧૯ | ૨૯ | ૧૧૦ | ૧૫૮ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | **કુલ** | ૨૦૪ | ૫૪૪ | ૩૧૯૬ | ૩૯૪૪ |

---------

**રાજુલા આઈ.ટી.આઈ. માં પ્રાઈવેટ પાર્ટનરશીપ અંતર્ગત ચાલતા ટ્રેડ**

* ૭૭૯૭ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રાજુલા આઈ.ટી.આઈ. માં પ્રાઈવેટ પાર્ટનરશીપ અંતર્ગત કયા કયા ટ્રેડ ચાલે છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઉર્તીણ થયેલ છે, અને

(૩) ઉક્ત આઈ.ટી.આઈ. સાથે જોડાયેલ કંપનીએ કેટલા યુવાનોને રોજગારી માટે પસંદ કરેલ છે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ રાજુલા આઈ.ટી.આઈ. માં પ્રાઈવેટ પાર્ટનરશીપ અંતર્ગત નીચે દર્શાવ્યા મુજબના ટ્રેડ ચાલે છે.

૧. કારપેન્ટર એન્ડ જોઈનર
૨. શીટ મેટલ ટેકનીશીયન
૩. સ્પેશ્યલ પરપઝ વ્હીકલ એન્ડ ક્રેઈન ઓપરેટર
૪. પાઈપ ફીટર મરીન
૫. મરીન ઈલેકટ્રીશીયન (એડવાન્સ)
૬. શીપ બિલ્ડીંગ ટેકનીશીયન

(૨) ૧૩૮

(૩) ૨૦૧.

----------

**અમરેલી, ભાવનગર અને જૂનાગઢ જિલ્લામાં થયેલ ખનીજ અને ગૌણ ખનીજની લીઝ**

* ૭૮૨૫ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી અને ભાવનગર જિલ્લામાં ખનિજ અને ગૌણ ખનિજની કેટલી લીઝો છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કુલ કેટલી લીઝ કયા ખનિજ અને ગૌણ ખનિજની મંજૂર થયેલ છે,

(૩) તે પૈકી જિલ્લાવાર કુલ કેટલા લીઝ ધારકો દ્વારા લીઝની ચોક્કસ હદ માટે વાયર ફેન્સિંગ કરેલ નથી, તથા તેની સામે શાં પગલાં ભરવામાં આવ્યા, અને

(૪) જો પગલાં ન ભરવામાં આવેલ હોય તો તેના શાં કારણો છે ?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં ૨૬૪ અને ભાવનગર જિલ્લામાં ૨૧૫ ખનિજ અને ગૌણ ખનિજની લીઝો છે.

(૨) પત્રક–૧ મુજબ

(૩) અમરેલી જીલ્લામાં આવી લીઝનું નિરીક્ષણ કરવામાં આવેલ નથી જ્યારે ભાવનગર જીલ્લામાં લીઝ નિરીક્ષણ દરમ્યાન ૯ લીઝ ધારકો દ્વારા લીઝની ચોક્કસ હદ માટે વાયર ફેન્સીંગ કરેલ નથી જે પ્રત્યેક લીઝ ધારકને લીઝ કરારખતની શરતોના ભંગ બદલ રૂા. ૫૦૦૦/– દંડ કરેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક–૧**

| અનુ. | જીલ્લાનું નામ | ખનિજનો પ્રકાર | ખનિજનું નામ | લીઝની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ભાવનગર | ગૌણ ખનિજ | બ્લેકટ્રેપ | ૨૫ |
| | | | સાદી રેતી | ૧૧ |
| | | | બેન્ટોનાઈટ | ૭ |
| ૨ | અમરેલી | ગૌણ ખનિજ | બિલ્ડીંગ લાઈમસ્ટોન | ૧ |
| | | | બ્લેકટ્રેપ | ૮ |
| | | | હાર્ડ મુરમ | ૨ |

---------

**જામનગર મહાનગરપાલિકામાં ચીફ ઓડીટર અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નરની ખાલી જગ્યાઓ પર નિમણૂંક**

* ૭૭૮૬ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ જામનગર મહાનગરપાલિકામાં સરકાર તરફથી ચીફ ઓડીટર અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નરની નિમણૂંક ક્યારથી કરવામાં આવેલ નથી.

(૨) આવી નિમણૂંક સમયસર ન કરવાના કારણો શા છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પર સરકાર ક્યારે નિમણૂંક કરવા માંગે છે ?

**જવાબ**

(૧) જામનગર મહાનગરપાલિકામાં ચીફ ઓડીટરની નિમણૂંક તા. ૩૧-૧૨-૦૮ થી કરવામાં આવી છે. જ્યારે નાયબ કલેક્ટર સંવર્ગની ડેપ્યુટી કમિશ્નરશ્રીની પ્રતિનિયુક્તિથી ભરવામાં આવતી જગ્યા તા. ૨૪-૨-૦૯ થી ખાલી છે.

(૨) વહીવટી કારણોસર.

(૩) જેમ બને તેમ જલ્દીથી.

---------

**ગાંધીનગર જિલ્લામાં એ.ટી.વી.ટી. યોજના અંતર્ગત મંજૂર થયેલ કામો**

* ૭૮૮૧ **શ્રી અમિતભાઇ હ. ચૌધરી (માણસા) : માનનીય આયોજન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૦૧-૦૪-૨૦૧૨ થી ૩૧-૧૨-૨૦૧૩ સુધી ગાંધીનગર જિલ્લામાં આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના અંતર્ગત કેટલી રકમ ફાળવવામાં આવી, તેમજ

એઅબી-૬૧૭-૧૩

(૨) મંજૂર થયેલ કામો અને તે અંતર્ગત ફાળવવામાં આવેલી રકમ સહિત કેટલા કામો તાલુકાવાર ફાળવવામાં આવ્યા, અને

(૩) આ કામગીરી તાલુકાવાર કયા તબક્કે છે ?

**જવાબ**

(૧) રૂા. ૧૦૯૩.૭૫ લાખ.

(૨) (રૂપિયા લાખમાં)

| તાલુકાનું નામ | મંજૂર થયેલ કામો | ફાળવેલ રકમ |
|---|---|---|
| ગાંધીનગર | ૧૭૬ | ૨૫૪.૭૦ |
| દહેગામ | ૨૪૮ | ૨૬૪.૬૬ |
| કલોલ | ૧૩૧ | ૧૩૭.૫૦ |
| માણસા | ૧૫૨ | ૧૫૯.૫૨ |

(૩)

| **તાલુકાનું નામ** | **પૂર્ણ થયેલ કામો** | **પ્રગતિ હેઠળના કામો** | **શરૂ ન થયેલ કામો** | **કુલ કામો** |
|---|---|---|---|---|
| ગાંધીનગર | ૧૦૯ | ૩૯ | ૨૮ | ૧૭૬ |
| દહેગામ | ૧૩૧ | ૯૬ | ૨૧ | ૨૪૮ |
| કલોલ | ૧૨૯ | ૦૨ | ૦૦ | ૧૩૧ |
| માણસા | ૧૧૮ | ૩૪ | ૦૦ | ૧૫૨ |

---------

**કે. જી. બેઝીન પાછળ ખર્ચ**

* ૭૮૮૭ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય પેટ્રો કેમીકલ્સ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કે. જી. બેઝીન પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) ઉકત સ્થિતિએ કેટલી રકમનો કેટલો ઓઇલ-ગેસનો જથ્થો મળ્યો ?

**જવાબ**

(૧) જી.એસ.પી.એસી. દ્વારા કે. જી. બેઝીન પાછળ તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે પ્રમાણે ખર્ચ થયેલ છે.

| ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ |
|---|---|
| રૂ.૨૮૬૬.૩૬ કરોડ | રૂ.૧૨૩૧.૦૩ કરોડ (તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ) |

(૨) કે. જી. બેઝીનમાં કેજી / ઓએસએન / ૨૦૦૧/૩ બ્લોકમાંથી ઉત્પાદન હજુ શરૂ થવાનું છે.

---------

**રાજ્યમાં કોલસાથી વીજ ઉત્પાદન કરતા વીજ મથકો**

* ૭૩૮૯ **શ્રી પૂનમભાઇ મા. પરમાર(સોજીત્રા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં કોલસાથી વીજ ઉત્પાદન કરતા વીજ મથકો કયા કયા છે,

(૨) આ ઉત્પાદન માટે છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો કોલસાનો જથ્થો વર્ષવાર વાપરવામાં આવ્યો, અને

(૩) વાપરેલ કોલસાના જથ્થાની સામે કેટલી વીજળી ઉત્પન્ન કરવામાં આવી?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકના કોલસાથી વીજ ઉત્પાદન કરતાં વીજ મથકો નીચે મુજબ છે.

| **નં.** | **વીજ મથકનું નામ** |
|---|---|
| ૧ | ઉકાઇ વીજ મથક |
| ૨ | ગાંધીનગર વીજ મથક |
| ૩ | વણાકબોરી વીજ મથક |
| ૪ | સિક્કા વીજ મથક |

(૨) અને (૩) વીજ ઉત્પાદન માટે છેલ્લા ૨ વર્ષમાં કોલસાથી વીજ ઉત્પાદન કરતાં વીજ મથકો દ્વારા વાપરવામાં આવેલ કોલસાની વર્ષવાર વિગત અને આ વપરાયેલ કોલસાથી વીજ ઉત્પાદન કરતાં વીજ મથકો દ્વારા ઉત્પન્ન કરવામાં આવેલ વીજળીની વિગત નીચે મુજબ છે.

| **વીજ મથકનું નામ** | **વર્ષવાર વાપરવામાં આવેલ કોલસો (મેટ્રીક ટનમાં)** | | **વર્ષવાર થયેલ વીજ ઉત્પાદન (મીલીયન યુનિટ્સમાં)** | |
|---|---|---|---|---|
| | **૨૦૧૨** | **૨૦૧૩** | **૨૦૧૨** | **૨૦૧૩** |
| ઉકાઇ વીજ મથક | ૪૦૦૬૧૦૭ | ૩૩૯૫૭૨૪ | ૫૬૪૨ | ૪૭૩૭ |
| ગાંધીનગર વીજ મથક | ૩૦૩૪૩૨૬ | ૧૫૧૬૬૪૩ | ૪૫૮૩ | ૨૩૩૩ |
| વણાકબોરી વીજ મથક | ૬૬૯૨૪૬૫ | ૪૧૮૫૫૫૯ | ૯૫૬૮ | ૬૦૬૩ |
| સિક્કા વીજ મથક | ૫૭૨૬૫૦ | ૪૮૨૫૭૭ | ૭૪૯ | ૬૬૦ |
| **કુલ** | **૧૪૩૦૫૫૪૮** | **૯૫૮૦૫૦૩** | **૨૦૪૫૧** | **૧૩૭૯૪** |

---------

**લખતર તાલુકાના ઘણાદ–ગંજેલા રોડની કામગીરી**

* ૮૦૧૧ **શ્રી શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકાના ઘણાદ–ગંજેલા રોડનું કામ કેટલી રકમનું છેલ્લા બે વર્ષમાં ક્યારે મંજૂર કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ કામ કયા તબક્કે છે ?

**જવાબ**

(૧) રૂા. ૨૫૦.૦૦ લાખની રકમનું કામ તા.૨૬–૦૬–૨૦૧૩ થી મંજૂર કરવામાં આવ્યું છે.

(૨) કામ પ્રગતિ હેઠળ છે.

---------

**ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કસ સેસ એક્ટ પ્રમાણે સેસની આવક**

* ૭૬૭૩ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૧૫–૦૧–૨૦૧૪ની સ્થિતિએ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કસ સેસ એક્ટ પ્રમાણે રાજ્ય

**જવાબ**

(૧) તા.૧૫–૦૧–૨૦૧૪ની સ્થિતિએ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કસ સેસ એક્ટ પ્રમાણે રાજ્ય

સરકાર પાસે સેસની કેટલી રકમ જમા થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તેમાંથી છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ વાપરવામાં આવી,

(૩) કેટલી રકમ વણવપરાયેલ પડેલ છે, અને

(૪) આ રકમ ન વપરવાના કારણો શાં છે ?

સરકાર પાસે રૂ.૫૭૨,૫૭,૩૪,૩૧૮ની રકમ જમા છે.

(૨) આ રકમ સરકારશ્રીએ નિયત કરેલ હેડમાં જમા કરવાની જોગવાઇ છે તેમાં જમા થાય છે. બાંધકામ સેસની રકમ વાપરવામાં આવતી નથી (પરંતુ શ્રમિકોના કલ્યાણ માટે જરૂરી રકમ બજેટમાં મંજૂર કરાવીને ઉપયોગ કરવામાં આવે છે.)

(૩) બાંધકામ સેસની જમા રકમ નિયત હેડમાં જમા રહે છે.

(૪) બાંધકામ સેસની જમા રકમ નિયત હેડમાં જમા રહે છે. બાંધકામ શ્રમિકોના કલ્યાણ માટે બજેટ જોગવાઇમાંથી રકમ વાપરવામાં આવે છે.

બાંધકામ એક્ટની જોગવાઇ મુજબ પાત્રતા ધરાવતા નોંધાયેલા લાભાર્થીને લાભ આપવાની જોગવાઈ હેઠળ પાત્ર લાભાર્થીઓને બજેટ જોગવાઈની રકમમાંથી લાભ આપવામાં આવે છે.

---------

## પાટણ જિલ્લામાં ઝુંપડપટ્ટી યોજના અંતર્ગત વીજ જોડાણ

* ૭૧૭૦ **શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે રાજ્ય સરકારની ઝૂંપડપટ્ટી યોજના અંતર્ગત પાટણ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યાં, અને

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ગરીબી રેખા નીચે જીવતા લોકોને ગૃહ વપરાશના વીજ જોડાણો માટેની રાજ્ય સરકારની ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત પાટણ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૫૭૫૧ લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આ ાવ્યા.

(૨) આ માટે ૨૦૧૨માં રૂ.૯૬.૬૨ લાખ અને ૨૦૧૩માં રૂ.૧૫૨.૦૯ લાખ એમ બે વર્ષમાં કુલ રૂ.૨૪૮.૭૧ લાખનો ખર્ચ થયેલ છે.

---------

## શામળાજી–મોડાસા સ્ટેટ હસ્તકનો ચાર–માર્ગીય રસ્તા ઉપર ટોલ ટેક્સ વસુલ કરવા બાબત

* ૭૩૧૫ **શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય માર્ગ–મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૨૦–૧–૨૦૧૪ ની સ્થિતિએ શામળાજી–મોડાસા સ્ટેટ હસ્તકનો ચાર માર્ગીય રસ્તા ઉપર એલ એન્ડ ટી કંપની ટોલ ટેક્સ વસુલ કરે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો સદર ટોલ ટેક્સ પર દરેક ટ્રીપ વાઈઝ વાહનોનો ટોલ ટેક્સ ઉઘરાવાય છે અને ૨૪ કલાકના નિયમને બદલે રાત્રીના ૧૨ વાગ્યા સુધી જ ટોલ ટીકીટ માન્ય રખાય છે, તો અન્ય ટોલ ટેક્ષ કરતાં નિયમો જુદા હોવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) એલ એન્ડ ટી કંપની સાથે થયેલ કરારની જોગવાઈ અનુસારની થતી હોવાથી

---------

## વલસાડ જિલ્લામાં ખેડૂતોને તત્કાલ વીજ જોડાણ

* ૭૯૮૨ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને તત્કાલ વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા તત્કાલ વીજ જોડાણો આપવાના બાકી છે, અને તે કેટલા સમયમાં આપવામાં

**જવાબ**

(૧) અને (૨) અગાઉની ''તત્કાલ યોજના–૨૦૧૦'' અંતર્ગત વલસાડ જિલ્લામાં નાણા ભરપાઈ થયેલ ૪ અરજદારોને વર્ષ–૨૦૧૧ માં કૃષિ વીજ જોડાણ આપવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત કોઈ અરજી પડતર નથી. જ્યારે સરકારશ્રીએ તાજેતરમાં જાહેર કરેલ

આવશે?

''તત્કાલ યોજના-૨૦૧૩'' અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૩ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં ૫ (પાંચ) અરજીઓ પડતર છે. જેની સર્વેની કામગીરી પૂર્ણ થઇ ચૂકી છે. અને વીજ જોડાણ મંજૂર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે, જે સત્વરે પૂર્ણ કરી શક્ય તેટલી ઝડપથી વીજ જોડાણ આપવાનું આયોજન છે.

---------

**અબડાસા અને લખપત તાલુકામાં સિમેન્ટ ઉદ્યોગ ગૃહો દ્વારા સરકારી પડતર જમીનોમાં દબાણ**

* ૭૮૫૨ **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં અબડાસા અને લખપત તાલુકામાં આવેલ સિમેન્ટ ઉદ્યોગ ગૃહો દ્વારા સરકારી પડતર જમીનોમાં દબાણ કર્યું હોવાનું છેલ્લા બે વર્ષમાં કેટલી ફરિયાદો સરકારને મળી, | (૧) લખપત તાલુકામાં ૩ અને અબડાસામાં શૂન્ય. |
| (૨) કયા ઉદ્યોગ ગૃહો દ્વારા કેટલી જમીનોમાં દબાણ કરવામાં આવ્યું છે, અને | (૨) જે.પી. સિમેન્ટ દ્વારા હે.૩૦-૩૦૧૦માં દબાણની ફરિયાદ મળેલ છે. |
| (૩) આ દબાણો દૂર કરાવવા શાં પગલાં ભરવામાં આવ્યા છે ? | (૩) એલ.આર.સી.-૬૧ હેઠળ નોટીસ પાઠવેલ છે અને નિયમોનુસારની કાર્યવાહી ચાલુ છે. |

---------

**જામનગર જિલ્લાના કાલાવડ-કંડોરણા રસ્તા ઉપર કોઝવેની જગ્યાએ નાગમતી નદી પર પુલ બનાવવાની કામગીરી**

* ૭૧૩૫ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના કાલાવડ-કંડોરણા રસ્તા ઉપર હયાત કોઝવેની જગ્યાએ નાગમતી નદી ઉપર મોટો પુલ બનાવવાની કામગીરી તા.૩૧-૧૨-૧૩ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧) કામ પ્રગતિ હેઠળ છે. |
| (૨) આ કામગીરી પાછળ અંદાજિત કેટલો ખર્ચ થશે, અને | (૨) રૂ.૪૬૭.૯૪ લાખ |
| (૩) આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) બનતી ત્વરાથી. |

---------

**જામનગર જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણ અંગેની અરજીઓ**

* ૭૪૦૯ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧મી ડીસેમ્બર, ૨૦૧૩ ની સ્થિતિએ ખેતી વિષયક વીજ જોડાણ મેળવવાની કેટલી અરજીઓ તાલુકાવાર પડતર છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૩ ની સ્થિતિએ જામનગર જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણ મેળવવાની પડતર અરજીઓની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | પડતર અરજીઓ |
|---|---|
| ધ્રોલ | ૫૭૮૩ |
| જામજોધપુર | ૫૧૭૭ |
| જામનગર | ૭૪૮૭ |
| જોડિયા | ૩૩૬૯ |
| કાલાવડ | ૯૧૯૮ |
| લાલપુર | ૪૩૭૯ |

એચબી-૬૧૭-૧૪

(૨) ઉક્ત સ્થિતએ પડતર તમામ અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

(૨) કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. વીજ ઉત્પાદન અને વીજ માંગ વચ્ચે સંકલન જાળવવાની સાથે

સાથે ઉપલબ્ધ માળખાગત સુવિધા, નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતો ધ્યાને લઇને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વીજ જોડાણ આપવામાં આવે છે. તદાનુસાર તમામ પડતર અરજીઓનો શક્ય તેટલી ઝડપથી નિકાલ કરી શક્ય તેટલા વધુ કૃષિ વીજ જોડાણ આપવાનું આયોજન છે.

---------

**રાજકોટ-ભાવનગર રસ્તાના રાજકોટ જિલ્લાના અનુભાગને ચારમાર્ગીય કરવાની કામગીરી**

* ૭૪૧૪ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ-ગ્રામ્ય) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ-ભાવનગર રસ્તાનાં રાજકોટ જિલ્લાના અનુભાગને ચારમાર્ગીય કરવાની કામગીરી તા.૩૧-૧૨-૧૩ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૧) ટેન્ડર મંજુર કરવામાં આવેલ છે. |
| (૨) આ અનુભાગને ચારમાર્ગીય કરવાના કામ પાછળ કેટલો ખર્ચ થશે ? | (૨) રૂ.૨૦૧૬૦.૦૦ લાખ. |

---------

**ભરૂચ જિલ્લાના દઢાલ એપ્રોચને મજબૂતીકરણ કરવાની કામગીરી**

* ૭૧૪૦ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લાના દઢાલ એપ્રોચને મજબૂતીકરણ કરવાની કામગીરી ક્યારે મંજૂર કરવામાં આવી, | (૧) તા.૧૫-૧૦-૨૦૧૩ ના રોજ રૂા.૪૧૦.૦૦ લાખની વહીવટી મંજૂરી આપેલ છે. |
| (૨) આ કામ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) ટેન્ડર તબક્કે. |
| (૩) આ કામ માટે અંદાજીત કેટલો ખર્ચ થશે ? | (૩) રૂા.૪૧૦.૦૦ લાખ. |

---------

**પાલનપુર શહેરને ફરતો રીંગરોડ બનાવવાની કામગીરી**

* ૭૫૦૩ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ ની સ્થિતિએ પાલનપુર શહેરને ફરતો રીંગરોડ બનાવવાની કામગીરી ક્યા તબક્કે છે, અને | (૧) અને (૨) હાલ આયોજન નથી. |
| (૨) આ કામગીરી કયાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | |

---------

**પંચમહાલ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ વીજ કનેકશનો**

* ૬૯૪૩ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ ગામતળ ન હોય તેવા કેટલા ગામજનોની અરજીઓ પડતરમાં છે, અને | (૧) જ્યોતિગ્રામ યોજના એ ઘર વપરાશના કે અન્ય વીજ જોડાણો આપવા માટેની કોઇ યોજના નથી. યોજનાનો હેતુ રાજ્યના સમગ્ર ગ્રામ્ય વિસ્તાર અને પેટાપરાઓમાં હયાત રહેણાંક, વાણિજ્યિક અને ઔધોગિક વીજ જોડાણો માટે ફીડરોનું વિભાજન કરી આ માટેના અલગ ફીડરો દ્વારા ૨૪ (ચોવીસ) કલાક સતત થ્રી ફેઝ વીજ પુરવઠો પૂરો પાડવાનો તેમજ સાથે સાથે કૃષિ વિષયક પ્રવૃત્તિ માટે પણ ઉચ્ચ ગુણવત્તાવાળો વીજ પુરવઠો કૃષિ ફીડરો પરથી પૂરો પાડવાનો છે.<br>પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૩ ની સ્થિતિએ |

(૨) તે અન્વયે ગામતળ ન હોય તેવા વિસ્તારોમાં વીજ કનેકશનો નહીં આપવાનો પરિપત્ર કરેલ છે તે પરિપત્ર રદ કરી વીજ કનેકશનો સરકાર આપવા માંગે છે કે કેમ ?

જ્યોતિગ્રામ યોજનાના ફીડરો હેઠળના વીજ જોડાણની કોઇ અરજીઓ પડતર નથી.

(૨) ગામતળમાં સમાવિષ્ટ ન હોય તેવા વિસ્તારોમાં વીજ કનેકશનો નહીં આપવા બાબતે કોઇ પરિપત્ર સરકાર દ્વારા કરવામાં આવ્યો નથી તેનાથી ઉલટુ ગામતળમાં ન હોય કે ખેતીની જમીનમાં વસવાટ કરતાં હોય તેવા અરજદારોને નીચે મુજબના કિસ્સાઓમાં વીજ જોડાણો આપવામાં આવે છે.

(૧) ખેતરમાં ઘર વપરાશનું વીજ જોડાણ માંગવામાં આવ્યું હોય તે જ સર્વે નંબરમાં તે જ અરજદાર કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતાં હોય તો તેમને ખેતીવાડી ફીડર પરથી ૩૦ મીટરની મર્યાદામાં ઘરવપરાશનું વીજ જોડાણ આપવામાં આવે છે જેમાં કૃષિ વિષયક ફીડરો પરથી ઓછામાં ઓછા આઠ કલાક થ્રી ફેઝ વીજ પુરવઠા સાથે બાકીના તમામ સમય માટે સ્પેશીયલ ડીઝાઇન્સ ટ્રાન્સફોર્મર્સ (SDT) મારફત રહેણાંકના હેતુ માટે સીંગલ ફેઝ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે.

(૨) જો ઓછામાં ઓછા ૨૦ અરજદારોની જૂથ માંગણી હોય તો તેમને નજીકનાં ખેતીવાડી ફીડર પરથી અથવા ફીડર લંબાવીને પણ વીજ જોડાણ આપવામાં આવે છે.

(૩) જો આવા અરજદારો છુટાછવાયા હોય પરંતુ હયાત એલ.ટી. લાઇનથી ૩૦ મીટરની મર્યાદામાં હોય તો તેમને વીજળીકરણની સુવિધા આપવામાં આવે છે, તે સિવાય છુટાછવાયા એકલદોકલ રહેતા અરજદારો માટે લાંબા અંતરની વીજ લાઇનો નાંખવાનું તાંત્રિક રીતે શક્ય નથી.

---------

**કલોલ તાલુકાના બોરીસણા વિસ્તારમાં ગટર ઊભરાવા અંગેની ફરીયાદો**

* ૭૮૧૨ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કલોલ તાલુકાના બોરીસણા ઔડા વિસ્તારમાં સમાવેશ થતાં વિસ્તારોમાં ગટર ઊભરાવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, શાં પગલાં ભર્યાં, અને

(૨) બોરીસણા–કલોલ વિસ્તારમાં નવીન ગટરલાઇન નાંખવા સરકાર શું આયોજન કરવા માગે છે કે કેમ ?

**જવાબ**

(૧) અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળને ૪ (ચાર) ફરિયાદ મળેલ છે, સત્તામંડળે ગટર લાઇનની સફાઇ કામગીરી કરાવેલછે.

(૨) કલોલ બોરીસણા વિસ્તારમાં અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ગટર લાઇનનું કામ વર્ક ઓર્ડરની પ્રક્રિયા હેઠળ છે.

---------

**ખેડા જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો**

* ૬૯૫૬ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીમાં તાલુકાવાર કેટલા બેરોજગારો નોંધાયેલા છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ બેરોજગારો |
|---|---|---|
| ૧ | મહેમદાવાદ | ૩૨૪૦ |
| ૨ | કઠલાલ | ૨૬૬૮ |
| ૩ | કપડવંજ | ૩૩૧૭ |
| ૪ | ખેડા | ૧૮૭૨ |
| ૫ | માતર | ૧૯૬૨ |

| | | |
|---|---|---|
| ૬ | ઠાસરા | ૨૦૬૩ |
| ૭ | મહુધા | ૧૯૧૦ |
| ૮ | નડીયાદ | ૧૦૧૮૫ |
| ૯ | વસો | ૧૦૧૯ |
| ૧૦ | ગળતેશ્વર | ૭૩૩ |
| | **કુલઃ** | **૨૮૯૬૯** |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ?

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | અપાયેલ રોજગારી |
|---|---|---|
| ૧ | મહેમદાવાદ | ૨૪૨ |
| ૨ | કઠલાલ | ૮૬ |
| ૩ | કપડવંજ | ૯૭ |
| ૪ | ખેડા | ૯૮૬ |
| ૫ | માતર | ૬૩૧ |
| ૬ | ઠાસરા | ૧૭૪ |
| ૭ | મહુધા | ૮૩ |
| ૮ | નડીયાદ | ૧૨૫૫ |
| ૯ | વસો | ૫૨ |
| ૧૦ | ગળતેશ્વર | ૪ |
| | **કુલઃ** | **૩૬૧૦** |

---------

## બનાસકાંઠા જિલ્લામાં લેન્ડ કમિટીની મળેલ બેઠકો

* ૭૬૪૨ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર લેન્ડ કમિટીની કેટલી બેઠકો મળી, | (૧) થરાદ ખાતે એક. |
| (૨) આ બેઠકોમાં ભૂમીહિન ખેતમજુરોને કેટલી જમીન ક્યારે ફાળવવામાં આવી, અને | (૨) ૧,૩૩,૫૫૧ ચો.મી. તા.૬–૧૨–૨૦૧૩. |
| (૩) કેટલી જમીન ફાળવવાની બાકી છે ? | (૩) ૭,૨૦,૪૨૯ ચો.મી. |

---------

## રાજ્યમાં સરકારી અને ખાનગી વીજ કંપનીઓ દ્વારા વીજળીનું ઉત્પાદન અને વેચાણ

* ૭૬૨૩ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં સરકારી અને ખાનગી વીજ કંપનીઓએ કંપનીઓ વાર કેટલી વીજળી ઉત્પાદિત કરી, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં સરકારી અને ખાનગી વીજ કંપનીઓએ કંપનીઓ વાર ઉત્પાદિત કરેલ વીજળીની વિગતો નીચે મુજબ છે.

| ક્રમાંક | કંપનીનું નામ | ૨૦૧૨ | ૨૦૧૩ (પ્રોવિઝનલ) |
|---|---|---|---|
| | | મી.યુ. | મી.યુ. |
| **સરકારી સાહસો** | | | |
| ૧ | ન્યુકલીયર પાવર કોર્પોરેશન | ૩૬૭૬ | ૩૪૮૩ |
| ૨ | એનટીપીસી | ૧૫૧૭૯ | ૧૩૯૬૭ |
| ૩ | સરદાર સરોવર નર્મદા નિગમ લી. | ૫૯૪ | ૮૩૫ |
| ૪ | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી લી. | ૨૩૨૭૦ | ૧૫૬૪૦ |
| ૫ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન કંપની લી.–હજીરા | ૭૪૪ | ૩૨૭ |
| ૬ | ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. | ૩૭૩૯ | ૨૯૯૬ |
| ૭ | ગુજરાત મીનરલ ડેવલોપમેન્ટ | ૮૦૮ | ૬૦૪ |

| | | | |
|---|---|---|---|
| | કોર્પોરેશન | | |
| | કુલ (સરકારી સાહસો) | ૪૮૦૧૦ | ૩૭૮૫૨ |
| **ખાનગી સાહસો** | | | |
| ૮ | એસ્સાર પાવર લીમીટેડ | ૬૬૨ | ૨૫ |
| ૯ | એસ્સાર પાવર ગુજરાત લીમીટેડ | ૨૩૧૯ | ૫૫૧૨ |
| ૧૦ | ચાઇના લાઇટ એન્ડ પાવર ઇન્ડીયા પ્રા.લી. | ૧૮૫૨ | ૨૮૭ |
| ૧૧ | અદાણી પાવર લીમીટેડ | ૧૦૦૩૪ | ૧૨૧૫૬ |
| ૧૨ | એ.સી.બી. (ઇન્ડીયા) લી. | ૮૯૩ | ૧૩૪૫ |
| ૧૩ | કોસ્ટલ ગુજરાત પાવર કંપની લીમીટેડ | ૨૬૮૩ | ૯૦૮૧ |
| ૧૪ | પવનચક્કી | ૩૩૧૮ | ૩૨૫૭ |
| ૧૫ | સોલાર પાવર | ૯૧૨ | ૧૩૩૭ |
| ૧૬ | અન્ય બિનપરંપરાગત સ્ત્રોત | ૭૬ | ૭૦ |
| ૧૭ | કેપ્ટીવ પાવર પ્લાન્ટસ | ૯૯ | ૨૯ |
| | **કુલ (ખાનગી સાહસો)** | **૨૨૮૪૮** | **૩૩૦૯૯** |
| | **કુલ ઉત્પાદિત વીજળી** | **૭૦૮૫૮** | **૭૦૯૫૧** |

(૨) ઉત્પન્ન વીજળીમાંથી ઉક્ત વર્ષવાર કેટલી વીજળી ક્યા રાજ્યમાં શા ભાવે વેચવામાં આવી ?

(૨) ઉત્પન્ન વીજળીમાંથી ઉક્ત વર્ષવાર વેચવામાં આવેલી વીજળી અને તેના ભાવની વિગત નીચે મુજબ છે.

| **અ. નં.** | **વીજ વેચાણકાર** | **૨૦૧૨** | | **૨૦૧૩ (પ્રોવિઝનલ)** | |
|---|---|---|---|---|---|
| | | **મી.યુ.** | **રૂા./ યુનીટ** | **મી.યુ.** | **રૂા./ યુનીટ** |
| ૧ | કર્ણાટક | ૨૫૪૭ | ૪.૧૦ | ૨૧૮૨ | ૪.૧૫ |
| ૨ | રાજસ્થાન | ૪૯ | ૩.૬૪ | ૧૧૬ | ૩.૫૮ |
| ૩ | દિલ્હી | ૧ | ૪.૨૮ | ૨૦ | ૪.૨૬ |
| ૪ | ઉત્તર પ્રદેશ | ૦.૨૦ | ૩.૦૭ | ૧૪ | ૩.૭૯ |
| ૫ | આન્ધ્ર પ્રદેશ | ૭ | ૪.૦૭ | ૭ | ૩.૦૮ |
| ૬ | મહારાષ્ટ્ર | ૧૨ | ૪.૪૫ | ૭ | ૨.૫૬ |
| ૭ | વેસ્ટ બેંગાલ | ૧૦ | ૪.૬૪ | ૫ | ૨.૫૪ |
| ૮ | ઓરીસ્સા | – | – | ૩ | ૨.૫૨ |
| ૯ | બિહાર | – | – | ૧ | ૨.૬૮ |
| ૧૦ | હિમાચલ પ્રદેશ | ૨ | ૩.૨૯ | ૧ | ૨.૨૩ |
| ૧૧ | હરિયાણા | ૧ | ૩.૦૮ | ૧ | ૨.૧૬ |
| ૧૨ | જમ્મુ કાશ્મીર | – | – | ૦.૪૦ | ૨.૪૫ |
| ૧૩ | ગોવા | – | – | ૦.૩૬ | ૨.૭૪ |
| ૧૪ | ઉત્તરાખંડ | – | – | ૦.૩૦ | ૩.૦૨ |
| ૧૫ | તામીલનાડુ | ૯૦૧ | ૩.૮૦ | – | – |
| ૧૬ | મધ્ય પ્રદેશ | ૬ | ૩.૩૬ | – | – |
| ૧૭ | કેરાલા | ૪ | ૪.૦૦ | – | – |
| ૧૮ | આસામ | ૨ | ૪.૨૧ | – | – |
| ૧૯ | ઝારખંડ | ૦.૦૫ | ૫.૦૦ | – | – |
| ૨૦ | ઇન્ડીયન એનર્જી એક્ષચેન્જ | ૭૩૬ | ૩.૪૮ | ૩૦૬૨ | ૨.૬૫ |
| ૨૧ | પાવર એક્ષચેન્જ ઇન્ડિયા લિ. | ૨૯૪ | ૩.૨૪ | ૩૮૯ | ૨.૬૮ |
| | **કુલઃ** | **૪૫૭૨** | **૩.૮૮** | **૫૮.૦૯** | **૩.૨૪** |

એચબી–૬૧૭–૧૫

---------

## કચ્છ જિલ્લામાં ભુજ–માંડવી રસ્તાને પહોળો કરવાની કામગીરી

* ૭૧૨૩ **ડાૅ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ભુજ–માંડવી રસ્તાને પહોળો કરવાની કામગીરીને મંજૂરી ક્યારે આપવામાં આવી,

**જવાબ**

(૧) તા.૮–૮–૨૦૧૩ થી.

(૨) આ કામગીરી પાછળ અંદાજીત કેટલો ખર્ચ થશે, અને (૨) રૂ.૭૪૯૪.૬૯ લાખ.

(૩) આ કામગીરી ઉક્ત સ્થિતએ ક્યા તબકકે છે ? (૩) કામ પ્રગતિમાં છે.

---------

**તાપિ જિલ્લામાં નોંધાયેલ બેરોજગારોની સંખ્યા**

* ૬૯૨૧ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ તાપી જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીમાં શિક્ષિત–અર્ધ શિક્ષિત અને અન્ય બેરોજગારોની કેટલી સંખ્યા નોંધાયેલા છે, અને

(૧)

| | **નોંધાયાચેલ બેરોજગારોની સંખ્યા** |
|---|---|
| શિક્ષિત | ૧૧૧૫૮ |
| અર્ધ શિક્ષિત | ૧૨૧૬ |
| અન્ય | ૦ |
| **કુલ** | **૧૨૩૭૪** |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તે અન્વયે કેટલાને રોજગારીની તકો આપવામાં આવી?

(૨)

| | **રોજગારીની તકો અપાયેલ બેરોજગારોની સંખ્યા** |
|---|---|
| શિક્ષિત | ૨૧૭૩ |
| અર્ધ શિક્ષિત | ૩૮૩ |
| અન્ય | ૦ |
| **કુલ** | **૨૫૫૬** |

---------

**માંડવી શહેરમાં ગટર લાઇન નાખવાની માંગણી બાબત**

* ૭૧૮૦ **શ્રી તારાચંદ જ. છેડા(માંડવી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લાના માંડવી શહેરમાં ગટર લાઇન નાખવાની કોઈ દરખાસ્ત સરકાર સમક્ષ કરવામાં આવી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો આ અંગે સરકારનું શું આયોજન છે, અને

(૨) આ દરખાસ્તને રૂા. ૩૭૮૨.૫૧ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે અને વહેલી તકે કામ શરૂ કરવાનું આયોજન છે.

(૩) આ અંગેની નાણાકીય જોગવાઈ સરકાર દ્વારા કરવામાં આવી છે કે કેમ?

(૩) હા, જી.

---------

**ધુવારણ વીજ મથક માટે ગેસનો પુરવઠો**

* ૭૧૬૬ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રાજ્યના ગેસ આધારીત ધુવારણ વીજ મથક માટે ગેસનો પુરવઠો કયાંથી મેળવવામાં આવે છે,

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રાજ્યના ગેસ આધારીત ધુવારણ વીજ મથક માટે ગેસનો પુરવઠો ગેઈલ (ગેસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા) અને રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમીટેડ પાસેથી મેળવવામાં આવે છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના ગેસ આધારીત વીજ મથકો માટે ગેસનો કેટલો પુરવઠો જરૂરી હતો,

(૨) નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ દરમ્યાન ૧૪.૩૫ એમ.સી.એમ.ડી. અને ૨૦૧૩–૨૦૧૪માં ડિસેમ્બર ૨૦૧૩ની સ્થિતિએ ૧૬.૧૧ એમ.સી.એમ.ડી. ગેસનો પુરવઠો જરૂરી હતો.

(૩) તેની સામે કેટલો પુરવઠો મળેલ, અને

(૩) તેની સામે કેન્દ્ર સરકારે નાણાકીય વર્ષ, ૨૦૧૨–૧૩ દરમ્યાન ૩.૭૬ એમ.સી.એમ.ડી. એટલે કે ૨૬.૨૦ ટકા અને ડિસેમ્બર ૨૦૧૩ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન ૨.૬૪ એમ.સી.એમ.ડી. એટલે કે

૧૬.૩૯ ટકા ગેસનો જથ્થો ફાળવેલ છે.

(૪) તેના કારણે વીજ ઉત્પાદન પર શી અસર થઈ?

(૪) જરૂરીયાત સામે ઓછી ફાળવણી થવાને કારણે અને મોંઘા ભાવનો સ્પોટ ગેસ (Spot Gas) અને આર.એલ.એન.જી. (RLNG) આધારીત વીજ મથકો ચલાવવાનું પોષણક્ષમ ન હોઈ, આ વીજ મથકો સ્થાપિત ક્ષમતાના ૧૧.૦૭ ટકાની ક્ષમતાએ ચલાવવા પડે છે અને વીજ મથકો બંધ રાખવા પડે છે. એક તરફ જ્યારે રાષ્ટ્રના બીજા રાજ્યો વીજ ખેચ અનુભવી રહ્યા છે ત્યારે તે સામે રાષ્ટ્રીય સંપતિ કહી શકાય તેવા આ વીજ મથકો ફરજીયાતપણે આશિક બંધ રાખવા પડે છે જેના કારણે આ વીજ મથકોની કાર્ય ક્ષમતા ઘટી જાય છે.

---------

**રાજ્યમાં સરકારી અને ખાનગી વીજ કંપનીઓ દ્વારા વીજ ઉત્પાદન**

* ૭૬૮૫ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સરકારી અને ખાનગી વીજ કંપનીઓ દ્વારા વર્ષવાર કેટલુ વીજ ઉત્પાદન થયુ,

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સરકારી અને ખાનગી વીજ કંપનીઓ દ્વારા કરવામા આવેલ વીજ ઉત્પાદનની વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

| મી.યુ. | | |
|---|---|---|
| | **૨૦૧૨** | **૨૦૧૩ (પ્રોવિઝનલ)** |
| સરકારી સાહસો | ૪૮૦૧૦ | ૩૭૮૫૨ |
| ખાનગી સાહસો | | |
| (૧) પરંપરાગત સ્ત્રોત | ૧૮૫૪૩ | ૨૮૪૩૩ |
| (૨) બિન પરંપરાગત સ્ત્રોત | ૪૩૦૬ | ૪૬૬૪ |
| **કુલઃ–** | **૨૨૮૪૯** | **૩૩૦૯૭** |

(૨) ઉક્ત થયેલ ઉત્પાદન સામે ખેતીના હેતુ માટે કેટલી વીજળી ફાળવવામાં આવી, અને

(૨) પરંપરાગત અને બિનપરંપરાગત વીજ સ્ત્રોત દ્વારા સરકારી અને ખાનગી કંપનીઓ પાસેથી ખરીદવામાં આવતી વીજળી ગ્રીડમાં આવે છે. આ વીજળી પુલમાં એકત્રિત કરી, રાજ્યના વિવિધ કક્ષાના વીજ ગ્રાહકોને વેચવામાં આવે છે. તદ્અનુસાર ઉક્ત થયેલ વીજ ઉત્પાદન સામે ખેતીના હેતુ માટે વર્ષ ૨૦૧૨માં ૨૦૬૪૫ મી.યુ. અને વર્ષ ૨૦૧૩માં ૧૮૨૩૯ મી.યુ. વીજળી ફાળવવામાં આવેલ.

(૩) ખેડૂતોને ખેતીના હેતુ માટે ફાળવવામાં આવતી વીજળી કયા દરે આપવામાં આવે છે અને ફિક્સ ચાર્જ કેટલો છે?

(૩) નામદાર વીજ નિયમન આયોગ દ્વારા તા.૬–૯–૨૦૧૧ના ટેરીફ ઓર્ડરથી વર્ષ ૨૦૧૧–૧૨ માટે, તા.૨–૬–૨૦૧૨ના ટેરીફ ઓર્ડરથી વર્ષ, ૨૦૧૨–૧૩ માટે, તથા તા.૧૬–૦૪–૨૦૧૩ના ટેરીફ ઓર્ડરથી વર્ષ, ૨૦૧૩–૧૪ માટે ખેતીવાડી હેતુ માટે નક્કી કરેલ વીજળીના દર નીચે મુજબ છે.

| | **૨૦૧૧–૧૨** | **૨૦૧૨–૧૩** | **૨૦૧૩–૧૪** |
|---|---|---|---|
| હોર્સ પાવર (એચ.પી.) આધારિત(રૂા./એચ.પી./વર્ષ*) | ૨૧૦૦ | ૨૧૦૦ | ૨૪૦૦ |
| * હોર્સ પાવર (એચ.પી.) આધારિત સિવાય | | | |
| નિશ્ચિત દર (રૂા./એચ.પી./વર્ષ) | ૧૨૦ | ૧૨૦ | ૨૪૦ |
| ઉર્જા દર (પૈસા/યુનિટ) | ૫૦ | ૫૦ | ૬૦ |

| ઉર્જા દર– તત્કાલ (પૈસા/યુનિટ) | ૭૦ | ૭૦ | ૮૦ |
|---|---|---|---|

* ગુજરાત સરકાર દ્વારા કૃષિ વિષયક વીજ ગ્રાહકો પાસેથી જુના ભાવ (૭.૫ હો.પા. સુધી રૂા. ૬૬૫/હો.પા./વર્ષ તથા ૭.૫ હો.પા. થી વધુ માટે રૂા. ૮૦૭.૫/હો.પા./વર્ષ) પ્રમાણે જ વસુલાત કરવાનું નક્કી કરવામાં આવેલ છે. નામ. વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર થયેલ વીજ ભાવની પુર્તી કરી આપવા માટે તફાવતની રકમ માટે રાજ્ય સરકાર વીજ કંપનીઓને સબસીડી આપે છે.

---------

**રાજ્યમાં ૨૦૧૩–૧૪ના વર્ષમાં પતંગ મહોત્સવ પાછળ ખર્ચ**

* ૭૦૮૪ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

૨૦૧૩–૧૪ના વર્ષમાં તા.૨૦–૧–૨૦૧૪ સુધીમાં રાજ્યમાં પતંગ મહોત્સવ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

૨૦૧૩–૧૪ના વર્ષમાં તા.૨૦–૧–૨૦૧૪ સુધીમાં રાજ્યમાં યોજવામાં આવેલ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ–૨૦૧૪ પાછળ રૂપિયા ૧,૫૨,૬૮,૮૯૩/–નો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

**રોજગાર અને તાલીમ નિયામકની કચેરીમાં અનુસૂચિત જાતિ અનુસીચિત જનજાતિનો વર્ગ–૩માં સંવર્ગવાર બેકલોગ**

* ૭૯૨૫ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રોજગાર અને તાલીમ નિયામકની કચેરીમાં તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનો વર્ગ–૩માં સંવર્ગવાર બેકલોગની કેટલી જગ્યાઓ ભરવાની બાકી છે,

(૨) આ બાકી જગ્યાઓ ભરવા સરકારે શી કાર્યવાહી કરેલ છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ સરકારે કયાં સુધીમાં ભરવા માગે છે?

**જવાબ**

(૧) બેકલોગની કોઈ જગ્યા ભરવાની બાકી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યમાં ગ્રેનાઈટ ઉત્પન્ન માટેની પ્લાન મંજૂરી માટેની પડતર અરજીઓ**

* ૭૫૨૪ **શ્રી જવાહરભાઇ પે. ચાવડા(માણાવદર) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં ગ્રેનાઈટ ઉત્પન્ન માટેની સૈધ્ધાંતિક મંજૂરી આપ્યા પછી તે પૈકીની કેટલી અરજીઓ/પ્લાન મંજૂરી માટે પડતર છે,

(૨) આવી અરજીઓ/પ્લાન પડતર રહેવાના કારણો શાં છે, અને

(૩) આવી અરજીઓ/પ્લાનની મંજૂરી કયાં સુધીમાં આપવામાં આવશે?

**જવાબ**

(૧) ૮ (આઠ)

(૨) ચકાસણીની કાર્યવાહી ચાલુ હોવાથી

(૩) અરજદારના માઈનીંગ પ્લાનમાં જણાયેલ ક્ષતિઓની પૂર્તતા થઈ આવ્યેથી.

---------

**કૃષિ વીજ જોડાણ માટેની પડતર અરજીઓ**

* ૭૨૮૫ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકાવાર કૃષિ વિષયક વીજ જોડાણો આપવાની

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ નવસારી જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણ માટેની પડતર

કેટલી અરજીઓ પડતર છે, અને

અરજીઓની તાલુકાવાર માહિતિ નીચે મુજબ છે.

| અનુ. નં. | તાલુકો | પડતર અરજીઓ |
|---|---|---|
| ૧ | નવસારી | ૪૭૮ |
| ૨ | જલાલપોર | ૫૫૧ |
| ૩ | ગણદેવી | ૩૮૬ |
| ૪ | ચીખલી | ૧૦૭૫ |
| ૫ | વાંસદા | ૧૩૭૮ |
| ૬ | ખેરગામ | ૭૦૨ |

(૨) આ પડતર અરજીઓનો સત્વરે નિકાલ કરી વીજ જોડાણો આપવા સરકારે શું આયોજન કરેલ છે?

(૨) કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. વીજ ઉત્પાદન અને વીજ માંગ વચ્ચે સંકલન જાળવવાની સાથે સાથે માળખાગત સુવિધા, નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વિજ જોડાણ આપવામાં આવે છે. તદ્અનુસાર તમામ પડતર અરજીઓનો શક્ય તેટલી ઝડપથી નિકાલ કરી શકાય તેટલા વધુ કૃષિ વીજ જોડાણ આપવાનું આયોજન છે.

---------

## પાટણ જિલ્લામાં રાજીવ ગાંધી વીજળીકરણ યોજના હેઠળ બીપીએલ લાભાર્થીઓ

* ૭૨૧૩ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બીપીએલ લાભાર્થીઓને રાજીવ ગાંધી વીજળીકરણ યોજના હેઠળ આવરી લેવાના બાકી છે, અને

(૨) આ કામ કેટલાં સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) અને (૨)

ભારત સરકારનાં ગ્રામ્ય વીજળીકરણ નિગમ દ્વારા પાટણ જિલ્લાનાં આર.જી.જી.વી.વાય.નાં મંજુર થયેલ સુધારેલ પ્રોજેકટ અંતર્ગત કુલ ૧૮૦૦૦ લાભાર્થીઓને આવરી લેવાના લક્ષ્યાંક સામે પ્રોજેકટની પૂર્ણ થયેલ સમયમર્યાદા એટલે કે તા.૩૦–૧૧–૨૦૧૧ સુધીમાં પ્રોજેક્ટમાં સમાવિષ્ટ તમામ લાભાર્થીઓ સહિત કુલ ૨૪૦૩૫ લાભાર્થીઓને સદર યોજનામાં આવરી લેવામાં આવેલ છે.

---------

## કલેકટર કચેરી ખેડામાં મંજુર થયેલ મહેકમ સામે ખાલી જગ્યાઓ

* ૭૦૮૦ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ કલેકટર કચેરી ખેડામાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ કલેકટર કચેરી ખેડામાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ સામે નીચે મુજબની કુલ ૩૫ જગ્યાઓ ખાલી છે.

| સંવર્ગ | મંજુર થયેલ મહેકમ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| કલેકટર | ૦૧ | ૦૦ |
| નિવાસી અધિક કલેકટર | ૦૧ | ૦૦ |
| નાયબ કલેકટર | ૦૪ | ૦૧ |
| મામલતદાર | ૦૫ | ૦૨ |
| નાયબ મામલતદાર | ૩૫ | ૧૨ |

| | | |
|---|---|---|
| સ્ટેનોગ્રાફર ગ્રેડ–૨ | ૦૧ | ૦૧ |
| સ્ટેનોગ્રાફર ગ્રેડ–૩ | ૦૧ | ૦૧ |
| કલાર્ક | ૨૯ | ૦૪ |
| કલાર્ક કમ ટાઇપીસ્ટ | ૦૪ | ૦૨ |
| ટાઈપીસ્ટ | ૦૮ | ૦૧ |
| ડ્રાઈવર | ૦૧ | ૦૧ |
| પ્યુન કમ ડ્રાઈવર | ૦૫ | ૦૩ |
| પટાવાળા | ૧૫ | ૦૭ |
| **કુલઃ** | **૧૧૦** | **૩૫** |

(૨) આવી ખાલી જગ્યાઓ સત્વરે ભરવા સરકારે શું આયોજન કરેલ છે ?

(૨) મામલતદાર સંવર્ગની ૮૦, નાયબ મામલતદાર સંવર્ગની ૨૦૦ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા સામાન્ય વહીવટ વિભાગને તથા કારકુન સંવર્ગની ૧૦૦૦ જગ્યાઓ ભરવા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરને માંગણા પત્રક મોકલી આપવામાં આવેલ છે.

---------

**રાજકોટ જિલ્લામાં પ્રવાસનના વિકાસ માટે ગ્રાન્ટની ફાળવણી**

* ૭૧૫૮ **શ્રી પ્રવીણભાઇ મો. માંકડીયા (ધોરાજી) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં સને ૨૦૧૨–૧૩ ના વર્ષમાં પ્રવાસનના વિકાસ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી,

(૨) તે પૈકી કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) તે અન્વયે કયા કામો કરવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં સને ૨૦૧૨–૧૩ ના વર્ષમાં પ્રવાસનના વિકાસ માટે કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવી નથી.

(૨) લાગુ પડતુ નથી.

(૩) લાગુ પડતુ નથી.

---------

**દાહોદ શહેર અને જિલ્લામાં ૭૩/એ એ માંથી મુક્તિ આપવામાં આવેલ જમીનો**

* ૭૫૯૩ **શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ દાહોદ શહેર અને જિલ્લામાં તાલુકાવાર તેના ત્રણ કિ.મી. ના વિસ્તારમાં કેટલી જમીનોને ૭૩/એ એ માંથી છેલ્લા બે વર્ષમાં મુક્તિ આપવામાં આવી ?

**જવાબ**

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ–૨૦૧૨ ક્ષેત્રફળ(ચો.મી.) | વર્ષ–૨૦૧૩ ક્ષેત્રફળ(ચો.મી.) |
|---|---|---|---|
| ૧ | દાહોદ (શહેર) | ૩૩૬૫૪.૮૯ | ૨૪૮૯૯.૧૫ |
| ૨ | ગરબાડા | –– | –– |
| ૩ | ઝાલોદ | ૨૧.૭૩ | –– |
| ૪ | દેવગઢ બારીયા | ૧૪૪.૮૦ | –– |
| ૫ | લીમખેડા | –– | –– |
| ૬ | ધાનપુર | –– | –– |
| ૭ | ફતેપુરા | ૬૮૪૧.૦૦ | –– |
| | કુલઃ | **૪૦૬૬૨.૪૨** | **૨૪૮૯૯.૧૫** |

---------

**વિરમગામ, દેત્રોજ અને માંડલ તાલુકામાં સંપાદિત કરેલ જમીનની ૭–૧૨ અને ૮–અ ના ઉતારાઓમાં એન્ટ્રીઓ પાડવા બાબત**

* ૭૫૫૦ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લાના વિરમગામ, દેત્રોજ અને માંડલ તાલુકામાં નર્મદાની કેનાલ પસાર થતાં જે જમીન કપાતમાં જાય/સંપાદન કરવામાં આવી હોય તેની ૭–૧૨

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ વિરમગામ તાલુકાની ૫૮ (અઠ્ઠાવન) એન્ટ્રીઓ પાડવાની બાકી હતી.

માંડલ તથા દેત્રોજ તાલુકામાં આવી એન્ટ્રીઓ

અને ૮–અ ના ઉતારાઓમાં કેટલી એન્ટ્રીઓ પાડવાની તા.૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાકી છે, અને

પાડવાની બાકી નથી.

(૨) આવી એન્ટ્રીઓ બાકી રહેવાના કારણો શા છે, અને બાકી રહેલ એન્ટ્રીઓ કયાં સુધીમાં પાડવામાં આવશે ?

(૨) સંપાદક સંસ્થા તરફથી મળેલ રેકર્ડની ખાત્રી કરવાની થતી હોવાથી તેમજ ક્ષેત્રફળનું મેળવણું કરવાનું હોવાથી વહીવટી કારણોસર ૫૮ એન્ટ્રીઓ બાકી રહેલ હતી. વિરમગામ તાલુકાની સદર બાકી રહેલ ૫૮ (અઠ્ઠાવન) એન્ટ્રીઓ તા.૧૪–૨–૨૦૧૪ તથા ૧૫–૨–૨૦૧૪ના રોજ પાડવામાં આવેલ છે. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**આણંદ જિલ્લામાં મંજૂર થયેલ રોડ – રસ્તાના કામો**

* ૭૬૧૨ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા–કેન્દ્ર સરકાર દ્વારા રસ્તા–રોડ પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ કયા કામના કેટલી રકમના જોબ વર્ક મંજૂર થયેલ છે, અને

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ કેટલા કામો પૂર્ણ થયા, અને કેટલા કામો પ્રગતિમાં છે, તેમજ કેટલા કામો શરુ થયા નથી ?

**જવાબ**

(૧) **પરિશિષ્ટ–૧** મુજબ

(૨) ૨૪ કામો પ્રગતિ હેઠળ તથા ૬ કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

**પરિશિષ્ટ–૧**

| **રસ્તાનું નામ** | **જોબ નંબર (રૂ.લાખમાં)** |
|---|---|
| ચૌહાણપુરા એપ્રોચ રોડ | ૩૬.૪૧ |
| સાભઈપુરા જીલોડ રોડ | ૨૩.૪૧ |
| પંડોળી ખમાપુરા રોડ | ૫૯.૮૬ |
| વાડીયાપુરા પંડોળી રોડ | ૫૭.૨૦ |
| બામણવા ક્રિષ્નાપુરા રોડ | ૯૦.૦૮ |
| નવી રેલ ગોરાડ રોડ | ૯૮.૯૯ |
| આણંદ એગ્રી. કોલેજથી હાડગુડ વડોદ રોડ સેકશનઃ વડોદ અડાસ રોડ | ૧૨૭.૨૪ |
| કરમસદથી કરમસદ રેલ્વે સ્ટેશન રોડ | ૪૯.૨૨ |
| સામરખા શંકરપુરા રોડ | ૧૨.૮૯ |
| સંદેશર પ્રીતમપુરા રોડ | ૧૭.૫૬ |
| થામણા ઈન્દીરા નગરી રોડ | ૨૩.૨૩ |
| ધોળી ખંભોળજ રોડ | ૫૩.૯૭ |
| ખોરવાડ નવાપુરા રોડ | ૩૩.૭૯ |
| ખેડાસા સંગદેવ રોડ | ૨૭.૧૬ |
| ઉમેટા માનપુરા રોડ | ૫૯.૫૧ |
| માનપુરા ફતેપુરા વ્તિાર રોડ | ૫૧.૭૯ |
| બામણગામ નારપુરા રોડ | ૨૧૪.૯૪ |
| રામપુરા એપ્રોચ રોડ | ૩૫.૬૦ |
| નંદેલી એપ્રોચ રોડ | ૨૪.૨૦ |
| ધુવારણ એપ્રોચ રોડ | ૪૨.૩૫ |
| ગોકળપુરા એપ્રોચ રોડ | ૩૧.૩૭ |
| કલમસર જહાંગીરપુરા રોડ | ૪૩.૨૯ |
| રંગપુરા ઉટવાડા રોડ | ૨૨૦.૨૦ |
| કંસારી હરિયાણ રોડ | ૬૦૭.૧૯ |
| હરિયાણ ઉંટવાડા રોડ | ૮૧૯.૬૬ |

| રસ્તાનું નામ | જોબ નંબર (રૂ.લાખમાં) |
|---|---|
| સીમરડા આશી અગાસ રોડ | ૩૬૦.૧૨ |
| નાપા સુરકુવા ઢુંઢાકુવા આશી રોડ | ૫૬૮.૮૬ |
| દહેમી પામોલ દાવોલ અલારસા રોડ | ૫૨૦.૧૯ |
| એમડીઆર થી કઠોલ રાસ વાસણા રોડ | ૭૨૮.૬૬ |
| દેવા મલાતજ કાસોર પીપળાવ રોડ | ૭૪૩.૮૯ |
| | **૫૭૬૨.૮૩** |

---------

## પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં લીઝમાં ગેરરીતિ

* ૭૩૦૧ **શ્રી ગેંદાલભાઈ મો. ડામોર (સંતરામપુર) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કયા પ્રકારની કેટલી લીઝો માટેની મંજૂરી આપવામાં આવી,

(૨) મંજૂર થયેલ આવી લીઝોની કેટલી સ્થળ તપાસ કરવામાં આવી,

(૩) તપાસ દરમ્યાન કોઈ ગેરરીતિઓ ધ્યાનમાં આવી હતી કે કેમ, અને

(૪) જો હા, તો આવી ગેરરીતિઓ સામે શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) (અ)

| | પંચમહાલ જિલ્લો | | | મહીસાગર જિલ્લો |
|---|---|---|---|---|
| **વર્ષ** | **તાલુકો** | **ખનીજનું નામ** | **મંજૂર થયેલ લીઝો** | |
| ૨૦૧૨ | ગોધરા | રેતી | ૦૩ | કોઈ લીઝ મંજૂર કરવામાં આવેલ નથી. |
| | મોરવા હડફ | રેતી | ૦૯ | |
| | શહેરા | રેતી | ૦૪ | |
| | કાલોલ | રેતી | ૦૪ | |
| | હાલોલ | ક્વાર્ટઝાઈટ | ૦૧ | |
| | | **કુલઃ** | **૨૧** | |

(બ) ૨૦૧૩ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં કોઈ

(૨) ૧ (એક)

(૩) હા, જી.

(૪) નિયમાનુસાર કાર્યવાહી કરીને લીઝધારક પાસેથી રૂ.૫૦૦૦/– ની રકમ વસુલાત કરવામાં આવેલ છે.

---------

એચબી–૬૧૭–૧૭

## ભિલોડા માર્કેટયાર્ડ થી વિરપુર તરફના મેજર ડીસ્ટ્રીકટ રોડનું પેવરકામ

* ૭૩૬૬ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં મેજર ભિલોડા માર્કેટયાર્ડથી વિરપુર તરફનો મેજર ડીસ્ટ્રીકટ રોડ તા.૧૫–૦૧–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લે કયારે પેવર કરવામાં આવેલ હતો,

(૨) આ રસ્તો બિસ્માર હાલતમાં છે, તે પેવરકામ કરવા માટે સરકારનું શું આયોજન છે,

(૩) કયારે તેનું પેવરકામ કરવામાં આવશે, અને

(૪) આમાંથી ઉકત સ્થિતિએ કેટલા રૂપિયાની રકમની જોગવાઈ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) અંશતઃ લંબાઈમાં વર્ષ ૨૦૧૧–૧૨ માં પેવરકામ કરવામાં આવેલ છે.

(૨), (૩) અને (૪)–
રસ્તો વાહન વ્યવહાર લાયક છે.

---------

**રાજકોટ અને મોરબી જિલ્લામાં રાજ્ય અને પંચાયત હસ્તકના બનાવવામાં આવેલ નવા રસ્તા**

* ૭૮૩૯ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રાજકોટ અને મોરબી જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાજ્ય અને પંચાયત હસ્તકના કેટલા કિ.મી.ના નવા રસ્તા કયા સ્થળે બનાવવામાં આવ્યા,

(૨) રસ્તાવાર કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો, અને

(૩) ઉકત સ્થિતિએ આ રસ્તાનાં કામો કયા તબક્કે છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) – **પરિશિષ્ટ–૧** મુજબ

**પરિશિષ્ટ–૧**

| મંજુર થયેલ રસ્તાનું નામ | લંબાઈ કિ.મી.માં | અંદાજેલ ખર્ચ (રૂ.લાખમાં) | કામની હાલની સ્થિતિ |
|---|---|---|---|
| કોટડા શેમડા રોડ | ૬.૦૦ | ૧૮૮.૧૩ | ભૌતિક પુર્ણ |
| પડધરી અડબાલકા રોડ | ૯.૨૦ | ૧૫૭.૨૮ | કામ પુર્ણ |
| ઈશ્વરીયા અમરેલી રોડ | ૪.૨૦ | ૧૧૨.૫૯ | કામ પુર્ણ |
| પીપરડી ચારણ પીપળીયા રોડ | ૧.૦૦ | ૨૮.૦૫ | કામ પુર્ણ |
| નાની મારડ ભાડેર રોડ | ૨.૮૫ | ૭૫.૪૫ | કામ પુર્ણ |
| કમળાપુર ઢોકળવા રોડ | ૩.૫૦ | ૧૦૭.૮૮ | કામ પુર્ણ |
| સરતાનપર દેવધરી રોડ | ૧.૫૦ | ૫૪.૮૮ | કામ પુર્ણ |
| આરબટીંબડી મંદપરા રોડ | ૪.૩૦ | ૧૩૭.૫૨ | ભૌતિક પુર્ણ |
| લાપાસરી રોડ વડાળી રોડ | ૫.૦૦ | ૬૮.૫૨ | ભૌતિક પુર્ણ |
| નવા સજજનપર એપ્રોચ રોડ જોઈનીંગ લખધીરનગર અદેપર રોડ | ૧.૬૦ | ૬૩.૧૭ | કામ પુર્ણ |
| જયનગર એપ્રોચ રોડ | ૧.૫૦ | ૪૬.૯૨ | ભૌતિક પુર્ણ |
| નેશડા (ખા) ધુનડા (ખા) રોડ | ૪.૦૦ | ૧૨૧.૦૬ | ભૌતિક પુર્ણ |
| જખરીયા એપ્રોચ રોડ જોઈનીંગ માળીયા જાજાસર રોડ | ૩.૦૦ | ૪૮.૯૯ | ભૌતિક પુર્ણ |
| નવા હંજીયાસર એપ્રોચ રોડ જોઈનીંગ લાખીયાસર ટીંબા રોડ | ૧.૦૦ | ૫.૮૭ | ભૌતિક પુર્ણ |
| અર્જુનનગર એપ્રોચ રોડ | ૦.૩૫ | ૧૨.૪૫ | ભૌતિક પુર્ણ |
| ચાંચાપર ગાંધીનગર રોડ | ૬.૦૦ | ૧૬૬.૭૪ | ભૌતિક પુર્ણ |
| નવા લુણસરીયા એપ્રોચ રોડ જોઈનીંગ વાંકાનેર સરધારકા રોડ | ૧.૪૦ | ૨૭.૬૧ | કામ પુર્ણ |

–––––––––

**રાજ્યમાં ઉદ્યોગ, ઘરવપરાશ અને ખેતી માટે વીજ માંગ**

* ૭૫૭૨ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વીજ માંગ કેટલી હતી,

(૨) ઉકત સ્થિતિએ વર્ષવાર ઉદ્યોગ–ઘર વપરાશ અને ખેતી માટે વીજ માંગ કેટલી રહી, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ વીજ માંગ હતી.

| વીજમાંગ | ૨૦૧૨ | ૨૦૧૩ |
|---|---|---|
| મેગાવોટ | ૧૨૩૭૮ | ૧૨૫૭૭ |

(૨) ઉકત સ્થિતિએ ઉદ્યોગ, ગૃહ વપરાશ તેમજ કૃષિક્ષેત્રે વર્ષવાર નીચે મુજબ વીજ માંગ રહી હતી.

| વીજમાંગ | ૨૦૧૨ | | | ૨૦૧૩ | | |
|---|---|---|---|---|---|---|
| | ઉદ્યોગ | ગૃહ વપરાશ અને અન્ય | કૃષિ | ઉદ્યોગ | ગૃહ વપરાશ અને અન્ય | કૃષિ |
| મેગાવોટ | ૨૬૫૦ | ૨૪૭૫ | ૬૩૭૬ | ૩૦૨૫ | ૨૫૫૬ | ૫૮૪૮ |

(૩) તે અન્વયે કૃષિ માટે કેટલા કલાક વીજળી આપવામાં આવે છે ?

(૩) વિજળીનો સંગ્રહ શકય ન હોઈ રાજ્યમાં ઉપલબ્ધ વીજ પુરવઠો અને વિવિધ કક્ષાના ગ્રાહકોની વીજ માંગ વચ્ચે સંકલન જાળવી કૃષિ ક્ષેત્રે દરરોજ ઓછામાં ઓછો આઠ કલાક ગુણવત્તાસભર સાતત્ય પૂર્ણ વિજ પૂરવઠો પુરો પાડવામાં આવે છે પ્રસંગોપાત પાકની જરૂરીયાત તથા ઓછા વરસાદના સંજોગોમાં વધારે સમય માટે પણ વિજપુરવઠો પુરો પાડવામાં આવે છે. તદ્અનુસાર વર્ષ ૨૦૧૨માં સરેરાશ ૮.૫૬ કલાક અને વર્ષ ૨૦૧૩ માં સરેરાશ ૮.૩૦ કલાક વિજપુરવઠો પુરો પાડવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૨ ના વર્ષમાં અપર્યાપ્ત વરસાદને કારણે ઊભા પાકને બચાવવાની જરૂરીયાતને અનુલક્ષી તા.૧૪–૭–૨૦૧૨ થી તા.૩૧–૩–૨૦૧૩ દરમિયાન ૧૦ (દસ) કલાક ગુણવત્તાસભર અને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો કૃષિ ક્ષેત્રે પુરો પાડવામાં આવ્યો હતો.

---------

## ખેતીની જમીનોમાં બનાવેલ મકાનોને વીજ કનેકશન

* ૭૩૫૨ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં ગામતળના અભાવે માલિકીની ખેતીની જમીનોમાં મકાનો બનાવી વસવાટ કરતા ગ્રામ્ય વિસ્તારમાં વીજ કંપનીઓ વીજ કનેકશનો આપતી નથી તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આવા વિસ્તારોમાં જ્યોતીગ્રામ યોજના અન્વયે વીજ કનેકશનો આપવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) ખેતીની જમીનોમાં મકાન બનાવી વસવાટ કરતા ગ્રામ્ય વિસ્તારોમાં વીજ કંપનીઓ વીજ જોડાણ નથી આપતી એ હકીકત સત્ય નથી. ખેતીવાડી વિસ્તારમાં વસવાટ કરતા કૃષિ વીજ ગ્રાહકોને તેમનાં ગૃહ વપરાશ માટે ગુજરાત સરકાર દ્વારા સંશોધિત કરી વિકસાવવામાં અને શરૂ કરવામાં આવેલ ખાસ પ્રકારનાં સ્પેશ્યલ ડીઝાઈન્ડ ટ્રાન્સફોર્મર (SDT) હયાત કૃષિ વીજ લાઈન પર સ્થાપિત કરી તે મારફતે સીંગલ ફેઈઝ વીજ પુરવઠો ૨૪ કલાક માટે પૂરો પાડવામાં આવે છે.

(૨) જ્યોતિગ્રામ યોજના એ ગૃહ વપરાશના કે અન્ય પ્રકારનાં વીજ જોડાણો આપવા માટેની કોઈ યોજના નથી. યોજનાનો હેતુ રાજયનાં સમગ્ર ગ્રામ્ય વિસ્તાર અને પેટાપરાઓમાં હયાત રહેણાંક, વાણિજ્યિક અને ઔદ્યોગિક વીજ જોડાણો માટે ફીડરોનું વિભાજન કરી આ માટેનાં અલગ ફીડરો પરથી ૨૪ (ચોવીસ) કલાક સતત થ્રી ફેઝ વીજ પુરવઠો પૂરો પાડવાનો સાથે સાથે કૃષિ વિષયક પ્રવૃત્તિ માટે પણ ગુણવત્તાસભર સાતત્યપૂર્ણ વીજ પુરવઠો કૃષિ ફીડરો પરથી પૂરો પાડવાનો છે.

---------

## મહેસાણા જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણોની પડતર અરજીઓ

* ૭૧૯૫ **શ્રી પ્રહલાદભાઈ ઈ. પટેલ(વિજાપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૩ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા કૃષિ વિષયક વીજ જોડાણો

**જવાબ**

(૧) તા. ૩૧–૧–૧૩ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણોની તાલુકાવાર પડતર અરજીઓ

આપવાની અરજીઓ પડતરમાં છે, અને

નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | પડતર અરજીઓ |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૧૨૬૭ |
| ૨ | વિસનગર | ૧૭૦૫ |
| ૩ | ઉંઝા | ૬૩૬ |
| ૪ | કડી | ૫૫૬ |
| ૫ | બેચરાજી | ૧૬૦ |
| ૬ | વિજાપુર | ૨૦૪૮ |
| ૭ | ખેરાલુ | ૩૫૧૭ |
| ૮ | સતલાસણા | ૩૦૦૫ |
| ૯ | વડનગર | ૨૭૩ |

(૨) આ પડતર અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

(૨) તા. ૧–૨–૨૦૧૩ થી ૩૧–૧–૨૦૧૪ દરમિયાન ઉપર્યુક્ત પડતર અરજીઓમાંથી અગ્રતાક્રમ અનુસાર, વીજ જોડાણ આપવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવેલ હતી. અને તે મુજબ તા. ૩૧–૧–૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર પડતર અરજીઓની સંખ્યા નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | પડતર અરજીઓ |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૬૬૧ |
| ૨ | વિસનગર | ૧૪૪૧ |
| ૩ | ઉંઝા | ૫૫૧ |
| ૪ | કડી | ૩૭૧ |
| ૫ | બેચરાજી | ૧૬૨ |
| ૬ | વિજાપુર | ૧૬૮૨ |
| ૭ | ખેરાલુ | ૨૯૧૮ |
| ૮ | સતલાસણા | ૨૪૦૬ |
| ૯ | ગોઝારિયા | ૪૬૦ |
| ૧૦ | જોટાણા | ૨૭૧ |
| ૧૧ | વડનગર | ૨૭૩ |

કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. વીજ ઉત્પાદન અને વીજ માંગ વચ્ચે સંકલન જાળવવાની સાથે સાથે ઉપલબ્ધ માળખાગત સુવિધા, નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ધ્યાને લઇને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વિજ જોડાણ આપવામા આવે છે. તદ્અનુસાર તમામ પડતર અરજીઓનો શક્ય તેટલી ઝડપથી નિકાલ કરી શક્ય તેટલા વધુ કૃષિ વીજ જોડાણ આપવાનું આયોજન છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો માટેની પડતર અરજીઓ**

* ૭૩૩૭ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા કૃષિ વિષયક વીજ જોડાણો માટેની અરજીઓ પડતર છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૧૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો માટેની પડતર અરજીઓની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનુંનામ | પડતર અરજીઓ |
|---|---|
| અમીરગઢ | ૩૨૯૨ |

| | |
|---|---|
| ભાભર | ૫૧૩ |
| દાંતીવાડા | ૪૮૦૩ |
| ડીસા | ૫૬૩૩ |
| દીઓદર | ૧૬૩૮ |
| ધાનેરા | ૪૭૬૩ |
| કાંકરેજ | ૨૦૮૧ |
| લાખાણી | ૨૭૮૮ |
| પાલનપુર | ૬૫૬૧ |
| સુઇગામ | ૯૮ |
| થરાદ | ૭૩૯૩ |
| વડગામ | ૫૫૨૨ |
| વાવ | ૮૧૬ |
| દાંતા | ૧૦૦૯ |

(૨) આ પડતર અરજીઓનો કેટલા સમયમાં ઉકેલ લાવી વીજ જોડાણો આપવામાં આવશે ?

(૨) કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. વીજ ઉત્પાદન અને વીજ માંગ વચ્ચે સંકલન જાળવવાની સાથે સાથે ઉપલબ્ધ માળખાગત સુવિધા, નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતો ધ્યાને લઇને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વિજ જોડાણ આપવામા આવે છે. તદ્અનુસાર તમામ પડતર અરજીઓનો શક્ય તેટલી ઝડપથી નિકાલ કરી શક્ય તેટલા વધુ કૃષિ વીજ જોડાણ આપવાનું આયોજન છે.

---------

એચબી–૬૧૭–૧૮ **રેતીની અને પથ્થર ક્વોરીની લીઝોમાંથી રોયલ્ટીની આવક**

* ૭૩૩૦ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં રેતી અને પથ્થર ક્વોરીની કઇ કઇ લીઝો મંજૂર કરવામાં આવી, અને

(૧) પત્રક–૧ મુજબ.

(૨) આ રોયલ્ટીની આવક સામે કેટલી રકમ ગ્રામ પંચાયતોને ચુકવવામાં આવી?

(૨) આ રોયલ્ટીની આવક સામે જિલ્લા પંચાયતોને રૂ. ૧૧,૫૬,૦૪,૮૮૫/ચૂકવવામાં આવેલ છે.

**પત્રક–૧**

**તા. ૧–૧–૨૦૧૨ થી તા. ૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં ફાળવવામાં આવેલ લીઝની યાદી**

**જિલ્લોઃ છોટાઉદેપુર**

| ક્રમ | પટ્ટેદારનું નામ | ગામ | તાલુકા | ખનીજ | વિસ્તાર | મંજૂર તારીખ | કરારખત તા. | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | રણછોડભાઇ ગબાભાઇ રાઠવા | વાઘવા | જેતપુર પાવી | રેતી | ૪.૫૮.૮૦ | ૦૧–૦૬–૨૦૧૩ | ૨૫–૬–૨૦૧૩ | |
| ૨ | મણીભાઇ ઘરમશીભાઇ નાઇ | જબુગામ | જેતપુર પાવી | રેતી | ૭.૬૬.૦૭ | ૧૨–૦૮–૨૦૧૩ | ૧૮–૦૮–૨૦૧૩ | |
| ૩ | કારાજી ગોપાલજી વણઝારા | બામરોલી | સંખેડા | રેતી | ૪.૫૦.૦૦ | ૧૮–૧૨–૨૦૧૩ | | પર્યાવરણ મંજૂરી બાકી |
| ૪ | ધનાજી ગોપાલજી વણઝારા | બામરોલી | સંખેડા | રેતી | ૪.૫૦.૦૦ | ૨૧–૦૮–૨૦૧૩ | | પર્યાવરણ મંજૂરી બાકી |
| ૫ | દેવજીભાઇ પ્રભાતભાઇ ઓડ | જબૂગામ | જેતપુર પાવી | રેતી | ૮.૨૫.૦૦ | ૨૨–૧૦–૨૦૧૩ | | પર્યાવરણ મંજૂરી બાકી |

**તા. ૧–૧–૨૦૧૨ થી તા. ૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં ફાળવવામાં આવેલ લીઝની યાદી**

**જિલ્લોઃ વડોદરા**

| ક્રમ | પટ્ટેદારનું નામ | ગામ | તાલુકા | ખનીજ | વિસ્તાર | મંજૂર તારીખ | કરારખત તા. | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | રાજેન્દ્રસિંહ ફતેહસિંહ સોલંકી | સાયર | કરજણ | રેતી | ૧.૫૫.૦૦ | ૨૫–૦૪–૨૦૧૨ | ૧૪–૫–૨૦૧૨ | |

| ક્રમ | પટ્ટેદારનું નામ | ગામ | તાલુકા | ખનીજ | વિસ્તાર | મંજૂર તારીખ | કરારખત તા. | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | નારુભાઇ સોમાભાઇ માછી | સાયર | કરજણ | રેતી | ૨.૪૭.૮૮ | ૧૩–૦૪–૨૦૧૩ | ૧૯–૦૫–૨૦૧૨ | |
| ૩ | માછી કંચનબેન વિઠ્ઠલભાઇ | સાયર | કરજણ | રેતી | ૩.૫૮.૩૦ | ૨૭–૦૫–૨૦૧૩ | ૧–૬–૨૦૧૩ | |
| ૪ | ગરાસિયા ઇન્દ્રદીપભાઇ મહમદભાઇ | સાયર | કરજણ | રેતી | ૩.૩૪.૧૧ | ૨૭–૦૫–૨૦૧૩ | ૧–૬–૨૦૧૩ | |
| ૫ | ગરાસિયા રાજૂભાઇ મહમદભાઇ | સાયર | કરજણ | રેતી | ૩.૩૯.૨૫ | ૨૭–૦૫–૨૦૧૩ | ૧–૬–૨૦૧૩ | |
| ૬ | રણછોડભાઇ ગબાભાઇ રાઠવા | વાઘવા | જેતપુર પાવી | રેતી | ૪.૫૮.૮૦ | ૧૩–૦૪–૨૦૧૨ | ૨૫–૬–૨૦૧૩ | |
| ૭ | દિવ્યાંત ઠાકોરભાઇ પટેલ | ચાંદપૂરા | વાઘોડીયા | હાર્ડ મોરમ | ૫.૪૫.૭૧ | ૦૬–૦૪–૨૦૧૨ | ૯–૪–૨૦૧૨ | |
| ૮ | દિવ્યાંત ઠાકોરભાઇ પટેલ | ચાંદપૂરા | વાઘોડીયા | હાર્ડ મોરમ | ૬.૩૦.૦૦ | ૦૬–૦૪–૨૦૧૨ | ૯–૪–૨૦૧૨ | |
| ૯ | દિવ્યાંત ઠાકોરભાઇ પટેલ | ચાંદપૂરા | વાઘોડીયા | હાર્ડ મોરમ | ૩.૧૨.૩૭ | ૦૬–૦૪–૨૦૧૨ | ૯–૪–૨૦૧૨ | |
| ૧૦ | દિનેશચંદ્ર ચંપકલાલ શાહ | સાયર | કરજણ | રેતી | ૨.૧૧.૩૫ | ૦૯–૧૨–૨૦૧૩ | | પર્યાવરણ મંજૂરી બાકી |
| ૧૧ | ડાહીબેન નારણભાઇ ઓડ | સાયર | કરજણ | રેતી | ૦.૮૩.૦૦ | ૩૦–૧૧–૨૦૧૩ | | પર્યાવરણ મંજૂરી બાકી |
| ૧૨ | એસ. આઇ. ક્વોરી વર્કસ | ઉદલપુર | સાવલી | બ્લેક ટ્રેપ | ૮.૬૭.૧૫ | ૨૫–૧૧–૨૦૧૩ | | પર્યાવરણ મંજૂરી બાકી |
| ૧૩ | નાજીમખા નિવાજખા કુરેશી | ચણવાડા | ડભોઇ | રેતી | ૩.૮૬.૦૦ | ૧૭–૦૭–૨૦૧૩ | | પર્યાવરણ મંજૂરી બાકી |
| ૧૪ | ઇકબાલખા નિવાજખા કુરેશી | ચણવાડા | ડભોઇ | રેતી | ૧.૮૨.૮૪ | ૧૭–૦૭–૨૦૧૩ | | પર્યાવરણ મંજૂરી બાકી |
| ૧૫ | કિરીટકુમાર અંબાલાલ પટેલ | ભીમપુરા | ડભોઇ | રેતી | ૪.૬૦.૦૦ | ૧૭–૦૭–૨૦૧૩ | | પર્યાવરણ મંજૂરી બાકી |
| ૧૬ | શ્રેયશ ક્વોરી વર્કસ | વેજપુર | સાવલી | બ્લેકટ્રેપ | ૦.૬૦.૦૦ | ૦૩–૦૪–૨૦૧૩ | ૩૧–૫–૨૦૧૩ | |

---------

## કુંભારીયા–જેતવાસ થઇ આબુરોડ ચેકપોસ્ટને જોડતો બાયપાસ બનાવવાની કામગીરી

* ૭૬૯૯ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ કુંભારીયા–જેતવાસ થઇ આબુરોડ ચેકપોસ્ટને જોડતો બાયપાસ બનાવવાની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૨) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે?

**જવાબ**

(૧) અને (૨)

પથરેખા મંજુર થયેલ છે. વનવિભાગ દ્વારા જમીન તબદીલ થયેથી આગળની કાર્યવાહી અંગે નિર્ણય લેવામાં આવશે.

---------

## વલસાડ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો મેળવવા બાબત

* ૭૩૨૧ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા કૃષિ વિષયક વીજ જોડાણો મેળવવા માટેની કેટલી અરજીઓ પડતર છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૧૩ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો મેળવવાની પડતર અરજીઓની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| તાલુકાનુંનામ | પડતર અરજીઓ |
|---|---|
| વલસાડ | ૧૧૩૬ |
| ધરમપુર | ૧૦૦૬ |
| પારડી | ૨૪૧ |
| કપરાડા | ૬૬૨ |
| ઉમરગામ | ૨૧૬ |
| વાપી | ૬૧ |

**પ્રશ્ન**

(૨) આ પડતર અરજીઓનો કેટલા સમયમાં ઉકેલ લાવી વીજ કનેકશનો આપવામાં આવશે ?

**જવાબ**

(૨) કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. વીજ ઉત્પાદન અને વીજ માંગ વચ્ચે સંકલન જાળવવાની સાથે

સાથે ઉપલબ્ધ માળખાગત સુવિધા, નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતો ઘ્યાને લઇને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વીજ જોડાણ આપવામા આવે છે. તદ્અનુસાર તમામ પડતર અરજીઓનો શક્ય તેટલી ઝડપથી નિકાલ કરી શક્ય તેટલા વધુ કૃષિ વીજ જોડાણ આપવાનું આયોજન છે.

---------

## ખેડા જિલ્લામાં રાજીવ ગાંધી ગ્રામીણ વીજળીકરણ યોજનાના લાભાર્થીઓ

* ૭૨૫૬ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં રાજીવ ગાંધી ગ્રામીણ વીજળીકરણ યોજના હેઠળ કેટલા ગામડાઓના કેટલા લાભાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ યોજના પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ થયો,

(૩) બાકી રહેલા લાભાર્થીઓને કેટલા સમયમાં વીજ કનેકશન આપવામાં આવશે, અને

(૪) ઉક્ત સ્થિતિએ આ યોજના હેઠળ વીજ કનેકશન આપવાની કામગીરી ચાલુ છે કે કેમ, જો ન હોય તો તેના કારણો શા છે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કુલ–૩૯ ગામોના ૨૪૨૨ લાભાર્થીઓને આર.જી.જી.વી.વાય.નો લાભ આપવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ આ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં થયેલ ખર્ચની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| બાલાસિનોર | ૧૧.૫૮ |
| કપડવંજ | ૫૨.૮૨ |
| કઠલાલ | ૧૨.૯૬ |
| ખેડા | ૦.૦૦ |
| મહુધા | ૪.૪૬ |
| માતર | ૧૩.૪૫ |
| મહેમદાવાદ | ૦.૦૦ |
| નડિયાદ | ૪૦.૨૬ |
| ઠાસરા | ૬૬.૫૫ |
| વીરપુર | ૧.૫૨ |
| **કુલ** | **૨૦૩.૬૦** |

(૩) અને (૪) ભારત સરકારના ગ્રામ્ય વિજળીકરણ નિગમ દ્વારા મંજુર ખચેલ ખેડા જિલ્લાના સુધારેલ પ્રોજેક્ટ મુજબ તેમાં સમાવિષ્ટ ૨૫,૦૯૧ લાભાર્થી પૈકી ૨૩૬૩૦ લાભાર્થીઓને આ યોજના હેઠળ તથા બાકી રહેતા ૧૪૬૧ લાભાર્થીઓને રાજ્ય સરકારની યોજનાઓ અંતર્ગત વિજ જોડાણ આપવામાં આવ્યા છે. પ્રસ્તુત પ્રોજેક્ટની સમયાવધિ જુન–૨૦૧૨માં પૂર્ણ થયેલ હોઇ આ પ્રોજેક્ટ અંતર્ગત કોઇ કામગીરી બાકી રહેલ નથી.

---------

## છોટાઉદેપુર જિલ્લાના કોળી, રાઠવા કોળી ખેડૂતોની જમીનમાં ૭૩ એ.એ.ની નોંધની કાર્યવાહી

* ૭૨૭૬ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) છોટાઉદેપુર જિલ્લામાં કોળી, રાઠવા કોળી ને અનુસૂચિત જન જાતિમાં ગણવા માટેના પ્રશ્નનું નિરાકરણ માટે આદિજાતિ વિકાસ વિભાગના ક્રમાંકઃઅજ૫/૧૧૮૬/મુમ/ ૪૧/ચ તા. ૫–૧૨–૧૩ના પરિપત્રની સૂચના મહેસૂલ વિભાગને ક્યારે મળી,

**જવાબ**

(૧) તા. ૧૦–૧–૨૦૧૪ના રોજ મળેલ છે.

(૨) અનુસૂચિત જન જાતિના કોળી, રાઠવા કોળી ખેડૂતોની જમીનમાં ૭૩ એ.એ.ની નોંધ અંગે જરૂરી કાર્યવાહી કરવા મહેસૂલ વિભાગે ક્યારે આદેશ કર્યો, અને

(૨) આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા તા.૫-૧૨-૨૦૧૩ ના પરિપત્રથી રાઠવા કોળી જાતિના ઇસમોને અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્ર આપવા બાબતે જરૂરી સ્પષ્ટતા બહાર પાડવામાં આવેલ છે. તેની નકલ સર્વે કલેકટરશ્રીઓને મહેસૂલ વિભાગ દ્વારા તા. ૮-૨-૨૦૧૪ના પત્રથી જરૂરી કાર્યવાહી માટે મોકલી આપેલ છે. આદિજાતિ વિકાસ વિભાગની સદર સ્પષ્ટતા આધારે અનુસૂચિત જનજાતિ અંગેના પ્રમાણપત્રો રજુ કર્યેથી કલેકટરશ્રીઓએ ૭૩ એ.એ. અંગેની નોંધ પાડવાની નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરી શકાશે.

(૩) છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર આ કાર્યવાહી કરવા ક્યારે આદેશ કરવામાં આવ્યો ?

(૩) ખંડ(૨) ના જવાબની વિગતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**જૂનાગઢ જિલ્લાના સ્વરોજગાર શિબિરોનું આયોજન**

* ૭૧૧૫ **શ્રી રાજેશભાઇ ના. ચુડાસમા(માંગરોળ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) આ શિબિરોમાં કેટલા ઉમેદવારો હાજર હતા?

**જવાબ**

(૧) ૩૬

(૨) ૫૮૨૭

---------

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ખેતીવાડીના વીજ કનેકશન**

* ૭૯૩૭ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ સાબરાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર ખેતીવાડીના વીજ કનેકશનની કુલ કેટલી અરજીઓ પડતર છે.

**જવાબ**

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણની તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ પડતર અરજીઓની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

**સાબરકાંઠા જિલ્લો**

| અ.નં. | તાલુકો | પડતર અરજીઓ |
|---|---|---|
| ૧ | ઇડર | ૪૦૬૮ |
| ૨ | હિંમતનગર | ૩૮૫૮ |
| ૩ | પ્રાંતિજ | ૨૦૩૮ |
| ૪ | તલોદ | ૨૫૦૮ |
| ૫ | વડાલી | ૯૬૬ |
| ૬ | ખેડબ્રહ્મા | ૩૫૪ |
| ૭ | પોશીના | ૩૪૪ |
| ૮ | વિજયનગર | ૩૦૫ |

**અરવલ્લી જિલ્લો**

| અ.નં. | તાલુકો | પડતર અરજીઓ |
|---|---|---|
| ૧ | મેઘરજ | ૬૧૭૦ |
| ૨ | મોડાસા | ૩૮૪૦ |
| ૩ | બાયડ | ૨૭૦૮ |
| ૪ | ધનસુરા | ૧૨૭૮ |
| ૫ | માલપુર | ૨૦૦૨ |
| ૬ | ભીલોડા | ૫૫૯ |

---------

**અમરેલી જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વાયર બદલવા બાબત**

* ૮૦૧૫ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના જર્જરીત વાયર બદલવાની કામગીરી હેઠળ અમરેલી જિલ્લામાં કેટલો વાયર બદલવા આવ્યો, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત જર્જરિત વીજ વાયર બદલવાની કામગીરી હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં રૂ. ૬૦૪.૦૦ લાખનાં ખર્ચે ૩૫૨ કિ.મી. વીજ વાયર તથા તેને સંલગ્ન ઉપરકરણો બદલવામાં આવ્યા છે.

---------

**અમદાવાદ–ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેક્ટની કામગીરી**

* ૭૮૨૬ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–
એચબી–૬૧૭–૧૯

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ અમદાવાદ–ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેક્ટ ક્યારે મંજૂર કરવામાં આવ્યો,

(૨) તેની કામગીરી ક્યા તબક્કે છે તેમજ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કઇ બાબતો પાછળ કરવામાં આવ્યો, અને

(૩) આ પ્રોજેક્ટની કામગીરી કેટલા સમયમાં પૂરી કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) અમદાવાદ–ગાંધીનગર મેટ્રો રેલ માટે વર્ષ ૨૦૦૯ માં સ્થપાયેલ મેગા કંપની દ્વારા ડી.પી.આર. બનાવવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

(૨) ડી.પી.આર. બનાવવાની કામગીરી પૂર્ણ થવાના આરે છે. ડેપો, કાસ્ટીંગ યાર્ડ ટેસ્ટીંગ યાર્ડ વગેરે માટે જમીનનો વિકાસ, રીટેઇનીંગ વોલના વિકાસ અને પ્લાનીંગ, ડીઝાઇન, સર્વે પાછળ રૂા.૨૪૮.૩૪ કરોડનો ખર્ચ થવા પામેલ છે.

(૩) આ પ્રોજેકટનો પ્રથમ તબક્કો સને–૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**જામનગર મહાનગરપાલિકામાં વધારો થયેલ નગરસીમા વિસ્તારને સુવિધાઓ આપવા બાબત**

* ૭૭૮૭ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર મહાનગરપાલિકાની હદમાં વધારો થયેલ છે ત્યારે નવો વધારો થયેલ નગરસીમા વિસ્તાર પછાત હોય ત્યાં પ્રાથમિક સુવિધા અને અન્ય સુવિધાઓ માટે સરકારે કોઇ ખાસ પેકેજ આપવાનું આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલી રકમનું પેકેજ ક્યારે આપવામાં આવશે ?

**જવાબ**

(૧) જામનગર મહાનગરપાલિકની હદમાં ફેરફાર કરવા અંગેનું જાહેરનામું રાજ્ય સરકારે તા.૦૬–૧૧–૨૦૧૩ ની અસરથી કર્યું હોઇ, છેલ્લા બે વર્ષની સ્થિતિનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**કઠલાલ, બાલાસિનોર અને વિરપુર તાલુકામાં રસ્તાઓના જોબ નંબરો આપવા બાબત**

* ૭૮૮૮ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લાના કઠલાલ, બાલાસિનોર અને વિરપુર તાલુકામાં માર્ગ મકાન અને પંચાયત હસ્તકના ક્યા ક્યા રસ્તાઓના જોબ નંબરો ક્યારે આપવામાં આવ્યા,

(૨) આવા જોબ નંબરો આપ્યા પછી નાણાની ફાળવણી ક્યારે કરી, અને

(૩) કેટલા સમયમાં આ રસ્તાઓના કામો પૂરા થશે ?

**જવાબ**

(૧) પરિશિષ્ટ–૧ મુજબ.

(૨) રસ્તાવાર નાણાની ફાળવણી કરવામાં આવતી નથી.

(૩) ૧૮ કામો પૂર્ણ, ૬ પ્રગતિમાં અને ૩ ટેન્ડર પ્રક્રિયામાં.

**પરિશિષ્ટ–૧**

| રસ્તાનું નામ | જોબનંબરની તારીખ |
|---|---|
| ભાનેર એ રોડ | ૧૯–૦૩–૧૨ |
| સંદેસર ચરેડ રોડ | ૧૯–૦૩–૧૨ |
| તોરણા ગામથી તોરણા સ્ટેશન | ૧૯–૦૩–૧૨ |
| પીઠાઇ ખારીયા સુહાસનગર રોડ | ૦૧–૦૬–૧૨ |
| પહાડ એ. રોડ | ૨૩–૦૭–૧૨ |
| ચરેડ બદલપુર (લીલાસર) રોડ | ૨૩–૦૭–૧૨ |
| પૃથ્વીરાજપુરા કઢૈયા રોડ | ૧૯–૦૩–૧૨ |
| રળીયાત એ રોડ | ૧૯–૦૩–૧૨ |
| હાંડીયા એ રોડ | ૧૯–૦૩–૧૨ |
| સીમલીયા એ રોડ | ૧૯–૦૩–૧૨ |
| રાણીયા એ. રોડ | ૧૯–૦૩–૧૨ |
| કરણપુર ભોગીયા ક્યારી | ૧૯–૦૩–૧૨ |
| ભાંથલા ઓથવાડ મુખ્ય રસ્તાથી મગનપુરા લાટ થઇ બાથાના કુવા તાલુકા સરહદ સુધીનો રોડ | ૧૬–૦૫–૧૨ |
| સલીયાવડી પીલોદ્રા રોડ | ૧૯–૦૩–૧૨ |
| ગોવિંદપુરા નવા મુવાડા રોડ | ૨૩–૦૭–૧૨ |
| ખાટા એ. રોડ | ૧૯–૦૩–૧૨ |
| પાંટા ગાંધેલી રોડ | ૧૯–૦૩–૧૨ |
| બાર એ રોડ | ૧૯–૦૩–૧૨ |
| કાસોટી લાલાવાડા રોડ | ૨૩–૦૭–૧૨ |
| છીપડી હઠીપુરા અવિચલના મુવાડા રોડ | ૧૪–૧૦–૧૩ |
| અભ્રીપુરા સોનલપુરા રોડ | ૧૪–૧૦–૧૩ |
| ગોગજીપુરા સ્ટેન્ડથી વાયા ભટ્ટી ચકલા સમડીયા તળાવ રોડ | ૧૧–૦૬–૧૩ |
| ડોડીયા એ. રોડ | ૨૬–૦૬–૧૩ |
| વાંટા એ. રોડ | ૨૬–૦૬–૧૩ |
| લુહારના મુવાડા એ. રોડ | ૨૬–૦૬–૧૩ |
| ગલાબજીના મુવાડા (વડદલા) રોડ | ૧૧–૦૬–૧૩ |
| વઘાસ કોયડેમ ડેભારી રોડ (૭.૫૫૦ થી ૮.૦૦૦ કી.મી.) | ૧૧–૦૬–૧૩ |

---------

**સાબરકાંઠા જિલ્લામાં લેન્ડ કમીટીની તાલુકાવાર મળેલી બેઠકો**

* ૭૬૭૬ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લેન્ડ કમીટીની કેટલી બેઠકો તાલુકાવાર મળી, અને | (૧) શૂન્ય. |
| (૨) તેમાં કેટલા ખેતમજૂરોને કેટલી જમીન આપવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**સિધ્ધપુર ખાતેના પ્રવાસન કામ માટે ગ્રાન્ટની ફાળવણી**

* ૮૦૧૦ **શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સિધ્ધપુર ખાતે પ્રવાસનના કામ માટે સને ૨૦૧૧– | (૧) રૂપિયા ૬૯૫૫.૩૭ લાખ. |

૧૨ અને ૨૦૧૨-૧૩ ના વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ,

(૨) તે પૈકી કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) તે અન્વયે ક્યા કામો કરવામાં આવ્યા છે ?

(૨) રૂપિયા ૬૯૫૫.૩૭ લાખ.

(૩) તે અન્વયે નીચે દર્શાવેલ કામો કરવામાં આવ્યા છે.

૧. સિધ્ધપુર શહેર ખાતે આવેલ બિન્દુ સરોવર ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધા જેવી એમીનીટીઝ સેન્ટર, પીંડભવન, પાર્કીંગ, મ્યુઝીયમ બિલ્ડીંગ, મંદિરો ઉપર સ્ટોનનું કામ, ટોયલેટ બ્લોક, સ્ટોન કંપાઉન્ડ વોલ, સીક્યુરીટી કેબીન, ઇલેક્ટ્રીક રૂમ, હાઇમાસ્ટ, ગાર્ડન ડેકોરેટીવ સ્ટોન ગેટ, આંતરીક રસ્તાઓ, વરસાદી પાણીના નિકાલ, ફિલ્ટ્રેશન પ્લાન, મ્યુઝીયમમાં મૂકવાની મૂર્તિની સફાઇ, મ્યુઝીયમમાં મૂકવાના વિવિધ મૉડલ બાબતની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

૨. સિધ્ધનાથ મહાદેવ ખાતે ગાદી બિલ્ડીંગ, ઓફીસ બિલ્ડીંગ, સરસ્વતી ઘાટનું ડેવલોપમેન્ટ, પુનઃ સ્થાપનની દુકાનો અને ફ્લેટ, એમીનીટીઝ સેન્ટર, મંદિરોનું રીનોવેશન કામ, સાંઇબાબાનું મંદિર, સાઇટ ડેવલોપમેન્ટ, ૧૨ જ્યોતિર્લિંગની મૂર્તિઓ બનાવવાની કામગીરીનું કામ હાથ ધવામાં આવેલછે.

૩. સિધ્ધેશ્વર મહાદેવ દેવસ્થાન વિકાસ ટ્રસ્ટના સ્ટાફ ક્વાર્ટસ.

૪. કાર્તિક પૂનમ મેળા ઉત્સવ.

૫. શિવરાત્રી મેળા ઉત્સવ.

૬. સિધ્ધેશ્વર મહાદેવ અને બિંદુ સરોવર ટ્રસ્ટનું વહીવટી સંચાલન તથા નિભાવણી.

૭. પંપીંગ સ્ટેશન બનાવવા માટે જમીન સંપાદન કરવા માટે પ્રાંત અધિકારી, સિધ્ધપુરને ગ્રાન્ટ ફાળવેલ છે.

૮. સ્ટેટ ઇન્સ્ટીટ્યુટ ઓફ હોટલ મેનેજમેન્ટ માટેના પ્લોટમાં વન વિભાગની કામગીરી માટે નાયબ વન સંરક્ષણ, પાટણને ગ્રાન્ટ ફાળવેલ છે.

---------

**અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં નવા મંજૂર કરેલ રસ્તાઓ**

* ૭૮૫૩ **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૩ ની સ્થિતિએ કચ્છ જિલ્લાના અબડાસા-લખપત અને નખત્રાણા તાલુકાના છેલ્લા એક વર્ષમાં ક્યા ક્યા નવા રસ્તાઓ કેટલા ખર્ચે મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) આ રસ્તાઓના કામો ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) અને (૨)
નવા રસ્તા મંજૂર કરેલ નથી.

---------

**ભાણવડ તાલુકાના રાજ્ય ધોરીમાર્ગ થી ગુંદા-જામનગર રોડની કામગીરી**

* ૮૦૧૨ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૩ ની સ્થિતિએ જામનગર જિલ્લાના ભાણવડ તાલુકાના રાજ્ય ધોરીમાર્ગ થી ગુંદા-જામનગર રોડનું કામ કેટલી રકમનું છેલ્લા બે વર્ષમાં ક્યારે મંજૂર કરવામાં આવ્યું, અને

**જવાબ**

(૧) રાજ્ય ધોરી માર્ગ થી ગુંદા-જામપર રોડનું કામ તા.૨૬-૦૬-૨૦૧૩ થી રૂા.૨૦૦ લાખના અંદાજે મંજુર કરેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે ? (૨) કામ પ્રગતિમાં છે.

---------

**કોસ્ટલ હાઇવે નં.-૬ના મજબુતીકરણ કરવા અંગેનું આયોજન**

* ૭૯૩૩ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના કોસ્ટલ હાઇવે નં.-૬ મોરબી તાલુકાના ખારચીયાથી આમરણ, જામનગરના દૂધઇથી તારણા તથા કેશીયાથી ભાદરા પાટીયા સુધીના રસ્તાનું મજબુતીકરણ કરવા તા.૩૧-૧૨-૨૦૧૩ ની સ્થિતિએ કોઇ આયોજન થયું છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની શી વિગતો છે, અને | (૨) રૂ.૪૪૮૦.૦૦ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી ટેન્ડરની જોગવાઇઓ મુજબ પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં આરસ તથા ગ્રેનાઇટ ઉદ્યોગના વિકાસ માટે સહાય**

* ૭૭૦૫ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઔદ્યોગિક નીતિ-૨૦૦૯ હેઠળ બનાસકાંઠા જિલ્લામાં આરસ તથા ગ્રેનાઇટ ઉદ્યોગના વિકાસ માટે રાજ્ય સરકાર તરફથી શી સહાય કરવામાં આવે છે, | (૧) ઔદ્યોગિક નીતિ-૨૦૦૯ હેઠળ પ્રોત્સાહન યોજના હેઠળ રાજ્યમાં સ્થપાતા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષાના એકમોને ૫% વ્યાજ સહાય વાર્ષિક મહત્તમ રૂા.૨૫/- લાખ મુજબ આપવામાં આવે છે. |
| (૨) આ સહાય કેટલા વર્ષ માટે આપવામાં આવે છે, અને | (૨) ૫ વર્ષ માટે. |
| (૩) તા.૩૧-૧૨-૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ઉદ્યોગોને તાલુકાવાર સહાય કરવામાં આવી ? | (૩) તા.૩૧-૧૨-૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર સહાય આપવાની વિગતો અંગેનું પરિશિષ્ટ-અ સામેલ છે. |

પરિશિષ્ટ-અ

| અ.નં. | તાલુકાનું નામ | એકમોની કુલ સંખ્યા | મંજૂર થયેલ એકમોની કુલ સંખ્યા |
|---|---|---|---|
| ૧. | પાલનપુર | ૧૬ | ૧૬ |
| ૨. | ડીસા | ૦૬ | ૦૬ |
| ૩. | વડગામ | ૦૦ | ૦૦ |
| ૪. | દાંતા | ૦૩ | ૦૩ |
| ૫. | દિયોદર | ૦૦ | ૦૦ |
| ૬. | કાંકરેજ | ૦૨ | ૦૨ |
| ૭. | ભાભર | ૦૦ | ૦૦ |
| ૮. | અમીરગઢ | ૦૦ | ૦૦ |
| ૯. | ધાનેરા | ૦૦ | ૦૦ |
| ૧૦. | થરાદ | ૦૦ | ૦૦ |
| ૧૧. | વાવ | ૦૦ | ૦૦ |
| ૧૨. | દાંતીવાડા | ૦૧ | ૦૧ |
| | કુલ | ૨૮ | ૨૮ |

એચબી-૬૧૭-૨૦

---------

**પંચમહાલ જિલ્લામાં નગરપાલિકા વિસ્તારમાં આવેલ નજીકના ગામોને અર્બન ડેવલપમેન્ટમાં સમાવેશ કરવાની કાર્યવાહી**

* ૬૯૪૪ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૨૦–૧–૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં નગરપાલિકા વિસ્તારમાં આવેલ આજુબાજુના ગામોનો સમાવેશ અર્બન ડેવલપમેન્ટમાં કરવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને | (૧) આવી કોઈ કાર્યવાહી ચાલતી નથી. |
| (૨) તે કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ટાઉન પ્લાનીંગ સ્કીમ કલોલ–૧ ફાઈનલ ફોર્મ–એફમાં ખેડૂતોના બાકી રહી ગયેલ નામો**

* ૭૯૫૭ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મોજે કલોલ, તા.જી. ગાંધીનગરમાં આખરી નગર રચના યોજના નં.–૧ના કયા અંતિમખંડમાં ખેડુતોના ૭/૧૨માં નામ હોવા છતાં ટાઉન પ્લાનિંગ સ્કીમ કલોલ–૧ ફાઈનલ ફોર્મ–એફમાં નામો નથી, | (૧) નગર રચના યોજના તા.૧૧–૦૫–૧૯૮૨ થી મંજુર થઈ તા.૨૮–૦૬–૧૯૮૨ થી અમલમાં છે. અને મંજુરીની તારીખે જે નામો, ફોર્મ–એફમાં હોય ત્યાર બાદના નામો કાયદાની જોગવાઈઓનુસાર સમાવેશ કરવાના થતાં નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ બાબતે શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કયા કારણસર ફોર્મ–એફમાં ખેડુતોના નામ નથી? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ શહેરમાં લીફ્ટ અંગેની ફરિયાદો**

* ૭૬૨૪ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેરમાં લીફ્ટ અંગેની કુલ કેટલી ફરીયાદો સરકારને મળી, | (૧) તા.૧–૧–૨૦૧૨ થી તા.૩૧–૧૨–૨૦૧૨ સુધી ૧૨ ફરીયાદો અને (૨) તા.૧–૧–૨૦૧૩ થી તા.૩૧–૧૨–૨૦૧૩ સુધી ૭ ફરિયાદો મળી, આમ છેલ્લા બે વર્ષમાં કુલ ૧૯ ફરિયાદો મળેલ છે. |
| (૨) મળેલ ફરીયાદો અન્વયે કેટલી લીફ્ટોનું સ્થળ ચેકીંગ કરવામાં આવ્યું, અને ચેકીંગ દરમ્યાન કેવા પ્રકારની ખામીઓ સામે આવી, અને (૩) ચેકીંગ દરમ્યાન કેટલી લીફ્ટો ખામી યુક્ત કે ગુજરાત લીફ્ટ એન્ડ એસ્કેલેટર એકટની જોગવાઈ મુજબ ન હતી તે અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | (૨) અને (૩) ૧૯ લીફ્ટોનું સ્થળ ચેકીંગ કરવામાં આવ્યુ. તેમાં ધ્યાન ઉપર આવેલ ખામીઓની વિગતો અને જે લિફ્ટો ગુજરાત લીફ્ટ એન્ડ એસ્કેલેટર એકટની જોગવાઈ મુજબ ન હતી તે અન્વયે કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો *પત્રક–અ મુજબ છે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**તાપી જિલ્લામાં કલમ ૭૩/એ એ હેઠળની જમીન અન્યોને ફાળવવા બાબત**

* ૬૯૧૧ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર કલમ એએ/હેઠળ કેટલી જમીન કયા હેતુ માટે છેલ્લા એક વર્ષમાં ફાળવવામાં આવી? | સામેલ પત્રક (૧) મુજબ |

પત્રક (૧)

| અનું.નં. | તાલુકાનું નામ | ખેતી હેતુ ચો.મી. | વાણિજ્ય હેતુ ચો.મી. | બિનખેતી પ્લોટ, રહેણાંક હેતુ ચો.મી. | ગોડાઉન હેતુ (ભાડાપેટે) ચો.મી. | દુધ મંડળીને (દાનપેટે) ચો.મી. |
|---|---|---|---|---|---|---|
| ૧ | વાલોડ | ૯૨૭૦૦ | ૨૫.૫૮ | ૯૨.૯૦ | – | ૨૦૦ |
| ૨ | વ્યારા | ૧૪૩૮૯ | – | ૨૧૭૨.૯૯ | – | – |
| ૩ | સોનગઢ | – | – | ૮૪.૧૫ | ૩૫૪૦૦ | – |
| ૪ | ઉચ્છલ | – | – | – | – | – |
| ૫ | નિઝર | – | – | ૧૬૨.૦૦ | – | – |
| | **કુલઃ–** | **૧૦૭૦૮૯** | **૨૫.૫૮** | **૨૫૧૨.૦૪** | **૩૫૪૦૦** | **૨૦૦** |

---------

**મુન્દ્રા શહેરને નગરપાલિકાનો દરજ્જો આપવા અંગે**

* ૭૧૮૧ **શ્રી તારાચંદ જ. છેડા(માંડવી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લાના મુન્દ્રા શહેરને નગરપાલિકાનો દરજ્જો આપવાની દરખાસ્ત રાજ્ય સરકાર સમક્ષ આવી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ અંગે મુન્દ્રા શહેરને નગરપાલિકાનો દરજ્જો કેટલા સમયમાં આપવામાં આવશે. | (૨) આ બાબત નીતિ વિષયક હોઈ, વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવામાં આવશે. |

---------

**આણંદ જિલ્લામાં ઝૂંપડપટ્ટી યોજના અંતર્ગત વીજ જોડાણો**

* ૮૦૧૩ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબીની રેખા નીચે જીવતા લોકોને આપવા માટે રાજ્ય સરકારની ઝૂંપડપટ્ટી યોજના અંતર્ગત આણંદ જિલ્લામાં કૂલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ગરીબી રેખા નીચે જીવતાં લોકોને ગૃહ વપરાશ વીજ જોડાણ માટેની રાજ્ય સરકારની ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત આણંદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૮૦૭૦ વીજ જોડાણો આપવામાં આવ્યા. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો? | (૨) આ માટે વર્ષ ૨૦૧૨માં રૂા. ૪૦૮.૯૩ લાખ અને વર્ષ ૨૦૧૩માં રૂા. ૩૫૫.૩૩ લાખ મળીને બે વર્ષમાં કુલ રૂા. ૭૬૪.૨૬ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

---------

**દાહોદ જિલ્લામાં ઔદ્યોગિક સેવા સહકારી મંડળીઓ દ્વારા અનિયમિતતા બાબત**

* ૭૦૮૫ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય કુટિર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કેટલી ઔદ્યોગિક સેવા સહકારી મંડળીઓએ ખોટા રેકર્ડ ઊભા કરી ગેરકાયદેસર ઓડીટ કરાવી સંસ્થાને નુકસાન કરવા બાબતે છેલ્લા બે વર્ષમાં સરકારને કેટલી ફરીયાદો મળી, અને | (૧) કોઈ ફરીયાદ મળેલ નથી. |
| (૨) મળેલ ફરિયાદો અન્વયે સરકારે શાં પગલાં લીધા? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અંકલાછ ગામે ૬૬ કે.વી. સબસ્ટેશન કાર્યરત કરવા બાબત**

* ૭૨૮૬ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં અંકલાછ ગામે ૬૬ કે.વી. સબસ્ટેશન કાર્યરત નથી તે હકીકત સાચી છે, અને | (૧) હા, ૬૬ કે.વી. અંકલાછ સબસ્ટેશન બાંધકામની કામગીરી ૨૪.૦૧.૨૦૧૧ના રોજ પૂર્ણ થયેલ છે અને પરિક્ષણ અર્થે કાર્યાન્વિત કરવામાં આવેલ છે. વીજ રેષાનું કાર્ય પૂર્ણ કરી ૬૬ કે.વી. અંકલાછ સબસ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવશે. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ ૬૬ કે.વી. સબસ્ટેશન કાર્યરત ન થયુ હોય તો તેના કારણો શાં છે અને કેટલા સમયમાં તે કાર્યરત કરવામાં આવશે? | (૨) ૬૬ કે.વી. અંકલાછ સબસ્ટેશન કાર્યરત કરવા માટે સંલગ્ન વીજ રેષાનું કાર્ય પૂર્ણ કરવું જરૂરી છે. ૬૬ કે.વી. અંકલાછ સબસ્ટેશનની સંલગ્ન વીજ રેષાના કુલ ૨૨૫ ટાવરમાંથી ૨૩ ટાવર વન વિભાગના રક્ષિત વન વિસ્તારમાંથી પસાર થતી હોઈ, જેના માટે વન વિભાગની પરવાનગી આવશ્યક છે. સદર દરખાસ્તની મંજૂરી વન વિભાગ ભારત સરકાર ભોપાલ તરફથી તા.૧૨-૦૯-૨૦૧૩ના રોજ મળેલ તેમજ આખરી હુકમ (મેમોરેન્ડમ) તા.૧૬-૧૨-૧૩ના રોજ વન વિભાગ રાજ્ય સરકાર તરફથી મળી ગયેલ હોઈ, સદર વીજ રેષાનું કાર્ય પ્રગતીમાં છે. સદર વીજ રેષાના કુલ ૨૨૫ ટાવરના પાયામાંથી ૧૭૪ પાયાનું કાર્ય પૂર્ણ થઈ ગયેલ છે તથા સદર વીજ રેષાના ૧૫૨ ટાવર ઊભા કરવાનું કાર્ય પૂર્ણ કરેલ છે, આ ઉપરાંત સદર વીજ રેષા કુલ ૪.૭૦ કિ.મી.માં પાથરવામાં આવેલ છે. વીજ રેષાનું કાર્ય પૂર્ણ કરી ૬૬ કે.વી. અંકલાછ સબસ્ટેશન વર્ષ ૨૦૧૪ના જુન સુધીમાં કાર્યાન્વિત કરવાનું આયોજન છે. |

---------

### લુણાવાડા અને ખાનપુર તાલુકાઓના છેલ્લા દસ વર્ષથી વધુ સમયથી રી-કાર્પેટ ન થયેલ રસ્તાઓ

* ૭૫૧૬ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં કેટલા ગામોના નોન-પ્લાન રસ્તાઓ છેલ્લા દસ વર્ષ કરતાં વધુ સમયથી રી-કાર્પેટ થયેલ નથી, | (૧) ૩૩ ગામો |
| (૨) આ રસ્તાઓ અત્યંત ખરાબ હાલતમાં છે, તે બાબત સરકારની જાણમાં છે, અને | (૨) રસ્તાઓ વાહન વ્યવહાર યોગ્ય રાખવામાં આવેલ છે. |
| (૩) જો હા, તો સરકાર આ રસ્તાઓનું રી-કાર્પેરીંગ કરવા માંગે છે કે કેમ? | (૩) હાલ પ્લાન રસ્તાઓને પ્રાધાન્ય આપવાનું આયોજન છે. |

--------

### અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેક્ટની કામગીરી

* ૭૫૫૨ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૩ની સ્થિતિએ અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેક્ટ કયા તબક્કે છે, | (૧) આયોજનના તબક્કે છે. |
| (૨) મેટ્રો રેલના રૂટમાં ક્યારે ફેરફાર કરવામાં આવ્યો અને તેના રૂટની વિગત શી છે,? | (૨) મેટ્રો રેલના રૂટમાં તા.૨૯-૧-૨૦૧૪ના રોજ ફેરફાર કરવામાં આવ્યો. જેમાં પ્રથમ તબક્કામાં થલતેજ ગામથી શરૂ કરી કાલુપુર, અમરાઈવાડી, રબારી કોલોની થઈને વસ્ત્રાલ સુધી ૨૦.૪ કિ.મી. તેમજ એપીએમસી, વાસણાથી શરૂ કરી આશ્રમ રોડ ઉપર વાડજ, સાબરમતી થઈ મોટેરા સુધી ૧૪.૮ કિ.મી. સહિત કુલ ૩૫.૨ કિ.મી.ના રૂટ માટે મંજૂરી આપવામાં આવેલ છે. |

(૩) આ પ્રોજેક્ટ ક્યાં સુધીમાં પૂર્ણ થવાનો છે,

(૩) પ્રથમ તબક્કે સને–૨૦૧૮ સુધી પૂર્ણ કરવાનું આયોજન છે

(૪) આ પ્રોજેક્ટ પાછળ છેલ્લા બે વર્ષમાં કઇ કામગીરી માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૪) લેન્ડ ડેવલોપમેન્ટ, ડેપો, કાસ્ટિંગ યાર્ડ અને ટેસ્ટીંગ યાર્ડ વગેરે માટે જમીનનો વિકાસ, રિટેઇનીંગ વોલના વિકાસ અને પ્લાનીંગ, ડિઝાઇન સર્વે વિગેરે માટે કુલ રૂ.૨૪૮.૩૪ કરોડનો ખર્ચ થયેલ છે.

(૫) કરવામાં આવેલ ખર્ચનું કામ ટેન્ડર પ્રક્રિયા દ્વારા આપવામાં આવેલ છે કે નહીં ?

(૫) કેટલાક કામો ભારત સરકારના જાહેર સાહસો મારફતે અને કેટલાક કામો ખાતાકીય રાહે હાથ ધરવામાં આવેલ.

---------

**સાબરમતી મોટેરા આશ્રમ ખાતેની ખેતીની જમીન**

* ૭૬૧૩ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ સાબરમતી મોટેરા આશ્રમ ખાતેની ખેતીની જમીન ગેરકાયદેસર ખેડૂત બની ખરીદી લઇને બાંધકામ થયા છે તે હકીકત સાચી છે,

(૧) ગેરકાયદેસર ખેડૂતની હકીકત સાચી નથી,બાંધકામ થયેલ છે તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો આ જમીન ખાલસા કરવા સરકારે શાં પગલાં લીધા તેમજ કેટલા સમયમાં આ જમીન ખાલસા કરવામાં આવશે ?

(૨) જમીન ખાલસા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

એચબી–૬૧૭–૨૧**પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં શિક્ષિત અને અર્ધ શિક્ષિત નોંધાયેલા બેરોજગારો**

* ૭૩૦૨ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં જિલ્લાવાર કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે,

(૧) તા.૩૧–૧૨–૧૩ની સ્થિતિએ નોંધાયેલા બેરોજગારો

| ક્રમ | જિલ્લો | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|---|---|
| ૧ | પંચમહાલ | ૧૨૫૯૯ | ૮૩૭ | ૧૩૪૩૬ |
| ૨ | મહીસાગર | ૧૬૦૧૩ | ૬૧૮ | ૧૬૬૩૧ |

(૨) તે પૈકી છેલ્લા બે વર્ષમાં નોંધાયેલા કેટલા બેરોજગારોનો વધારો થયો, અને

(૨) તે પૈકી છેલ્લા બે વર્ષમાં વધારો થયેલ બેરોજગારોની સંખ્યા

| ક્રમ | જિલ્લો | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|---|---|
| ૧ | પંચમહાલ | ૧૮૮૧૦ | ૫૭૬૨ | ૨૪૫૭૨ |
| ૨ | મહીસાગર | ૨૩૨૯ | ૧૯૩ | ૨૫૨૨ |

(૩) ઉક્ત સ્થિતિે નોંધાયેલા બેરોજગારો પૈકી છેલ્લા બે વર્ષમાં કેટલા યુવાનોને રોજગારી પૂરી પાડવામાં આવી?

(૩) નોંધાયેલ પૈકી બે વર્ષમાં રોજગારી પૂરી પાડવામાં આવેલ યુવાનોની સંખ્યા

| ક્રમ | જિલ્લો | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|---|---|
| ૧ | પંચમહાલ | ૨૬૦૫ | ૧૩૦૧ | ૩૯૦૬ |
| ૨ | મહીસાગર | ૧૯૭ | ૭૯ | ૨૭૬ |

---------

**વાંકાનેર, રાજકોટ અને મોરબી તાલુકામાં ખેતીની જમીન માપણીમાં ક્ષતિઓ સુધારવા બાબત**

* ૭૮૪૦ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વાંકાનેર, રાજકોટ અને મોરબી તાલુકામાં કેટલા ખેડૂતો દ્વારા ખેતીની જમીન માપણીમાં ક્ષતિઓ રહી જવા અંગે સુધારવા માટે અરજી કરી,

(૧) એકેય નહી.

(૨) તે પૈકી કેટલા ખેડૂતોને રી સર્વે કરી ક્ષતિ સુધારી આપવામાં આવી, અને

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત પૈકી બાકી અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે?

---------

**રાજ્યમાં મેટ્રોરેલ પ્રોજેક્ટ**

* ૭૫૭૪ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં મેટ્રોરેલ પ્રોજેક્ટ ક્યારે શરૂ કરવામાં આવ્યો, | (૧) અમદાવાદ–ગાંધીનગર મેટ્રો રેલ માટે વર્ષ ૨૦૦૯માં સ્થપાયેલ મેગા કંપની દ્વારા ડી.પી.આર. બનાવવાની કાર્યવાહી પ્રગતિમાં છે. |
| (૨) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને | (૨) આ પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો સને–૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) રૂ. ૨૪૮.૩૪ કરોડનો ખર્ચ થયેલ છે. |

---------

**પ્રાંતિજ તાલુકામાં ખરાબ રસ્તાઓની મરામત**

* ૭૩૫૩ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ પ્રાંતિજ તાલુકામાં કેટલા માર્ગ અને મકાન વિભાગ હસ્તકના રસ્તાઓ ખરાબ હાલતમાં છે, અને | (૧) અને (૨) તમામ રસ્તાઓ વાહન વ્યવહાર યોગ્ય રાખવામાં આવેલ છે. |
| (૨) આ ખરાબ રસ્તાઓની મરામત કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે? | |

---------

**નસવાડી તાલુકાના ચોચાવાંટ ગામે ડુબાઇપુલ બનાવવાની કાર્યવાહી**

* ૭૩૩૧ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ નસવાડી તાલુકામાં તણખલાથી લાવાકોઇ જતા રસ્તા ઉપર ચોચાવાંટ ગામે ડુભાઇપુલનું કામનું ખાત મુહૂર્ત ક્યારે કરવામાં આવ્યું, | (૧) (૨) અને (૩) ખાત મૂહુર્ત કરવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ પુલની કાર્યવાહી કયા તબક્કે છે તેમજ કેટલા સમયમાં કાર્યવાહી પૂર્ણ થશે, અને | |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | |

---------

**વલસાડ જિલ્લામાં નોંધાયેલ બેરોજગારોની સંખ્યા**

* ૭૩૨૨ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા બેરોજગારોની સંખ્યા રોજગાર વિનિમય કચેરીઓમાં નોંધાયેલ છે, અને

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | વલસાડ | ૭૦૬૪ |
| ૨ | પારડી | ૪૮૭૯ |
| ૩ | ઉમરગામ | ૩૦૧૦ |
| ૪ | ધરમપુર | ૩૮૪૬ |
| ૫ | કપરાડા | ૨૦૭૪ |
| | **કુલ** | **૨૦૮૭૩** |

(૨) તે અન્વયે છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારીની તકો આપવામાં આવી ?

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | રોજગારીની તકો અપાયેલ બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | વલસાડ | ૫૯૫૦ |

| | | |
|---|---|---|
| ૨ | પારડી | ૧૨૬૦૩ |
| ૩ | ઉમરગામ | ૩૯૬૭ |
| ૪ | ધરમપુર | ૮૫૦ |
| ૫ | કપરાડા | ૬૫૦ |
| | **કુલ** | **૨૪૦૨૦** |

---------

**ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વીજપુરવઠો મળે તે માટે ફીડરોનું વિભાજન**

* ૭૨૫૮ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ ગુણવત્તાયુક્ત વીજપુરવઠો માટે વર્ષ ૨૦૧૨–૧૩ દરમિયાન કેટલા ફિડરોનું વિભાજન કરવમાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ મહેમદાવાદ તાલુકામાં કેટલા ૬૬ કે.વી. સબસ્ટેશન કાર્યરત છે, નવા કેટલા સબસ્ટેશનો મંજૂર કરવામાં આવ્યા છે, તે અંગે કેટલી ગ્રાન્ટ મંજૂર થઇ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કયા તબક્કે આ કામગીરી ચાલુ છે?

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ ગુણવત્તાયુક્ત વીજપુરવઠો પૂરો પાડવા માટે વર્ષ ૨૦૧૨–૧૩ દરમિયાન અલગ અલગ ૮ સબ–સ્ટેશનમાંથી નીકળતા ૧૬ જુના ફિડરોનું વિભાજન કરવામાં આવ્યું છે, અને ૧૩ નવા ફિડર ઊભા કરેલ છે.

(૨) ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ મહેમદાવાદ તાલુકામાં બે ૬૬ કે.વી. સબસ્ટેશન કાર્યરત છે. મહેમદાવાદ તાલુકામાં આગામી વર્ષોમાં પાંચ નવીન વીજ સબસ્ટેશન મંજૂર કરવામાં આવેલ છે, અને તે અંગેની ગ્રાન્ટ મંજૂરીની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | સબ–સ્ટેશનનું નામ | જીલ્લો/તાલુકો | આયોજન વર્ષ | બજેટ જોગવાઈ (અંદાજીત રૂ.લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. નેનપુર | ખેડા/ મહેમદાવાદ | ૧૩–૧૪ | ૫૨૫ |
| ૨ | ૬૬ કેવી વાડસોલા (દેવકી વણસોલ/વમાલી) | ખેડા/મહેમદાવાદ | ૧૪–૧૫ | ૫૨૫ |
| ૩ | ૬૬ કેવી અકલાચા | ખેડા/મહેમદાવાદ | ૧૪–૧૫ | ૫૨૫ |
| ૪ | ૬૬ કેવી સંધાણા | ખેડા/મહેમદાવાદ | ૧૪–૧૫ | ૫૨૫ |
| ૫ | ૬૬ કેવી આણંદ–૨ (પૂર્વ) | ખેડા/મહેમદાવાદ | ૧૪–૧૫ | ૫૨૫ |

(૩) મહેમદાવાદ તાલુકામાં આગામી વર્ષો મંજૂર કરવામાં આવેલ પાંચ નવીન વીજ સબસ્ટેશન અંગેની ભૌતિક પરિસ્થિતિની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | સબ–સ્ટેશનનું નામ | જીલ્લો/તાલુકો | ભૌતિક પરિસ્થિતિ |
|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. નેનપુર | ખેડા/મહેમદાવાદ | સબસ્ટેશન માટેની જમીનની ફાળવણી કરી દેવામાં આવી છે. સબસ્ટેશનની ટેન્ડર પ્રક્રિયા પણ પૂર્ણ થયેલ છે અને સબસ્ટેશનના બાંધકામનુ કાર્ય પ્રગતિમાં છે. |
| ૨ | ૬૬ કેવી વાડસોલા (દેવકી વણસોલ/વમાલી) | ખેડા/મહેમદાવાદ | જમીન મેળવવાની કાર્યવાહી પ્રગતિમાં છે. |
| ૩ | ૬૬ કેવી અકલાચા | ખેડા/મહેમદાવાદ | |
| ૪ | ૬૬ કેવી સંધાણા | ખેડા/મહેમદાવાદ | સબસ્ટેશન અંગે ઉચિત જમીન શોધવાની કાર્યવાહી પ્રગતિમાં છે. |
| ૫ | ૬૬ કેવી આણંદ–૨ | ખેડા/મહેમદાવાદ | |

| | (પૂર્વ) | | |
|---|---|---|---|

---------

## છોટા ઉદેપુર જિલ્લામાં ૬૬ કે.વી.ના સબ–સ્ટેશનોને મંજૂરી

* ૭૨૭૯ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૬૬ કિલવોવોટના કયા કયા સબસ્ટેશનોને મંજૂરી મળી છે,

(૨) તે પૈકી જેતપુર પાવી તાલુકાના વડોથ ગામે સબ–સ્ટેશન ક્યારે તૈયાર થયું કે કેમ

(૩) વડોથ સબ સ્ટેશન ક્યારે કાર્યાન્વિત કરવામાં આવશે, અને

(૪) આ સબ સ્ટેશન બનાવવા પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૬૬ કિલવોવોટના ૯ સબસ્ટેશનોને મંજૂરી મળી છે, જેની માહિતી **પત્રક–અ** મુજબ છે.

(૨) અને (૩) જેતપુર પાવી તાલુકાના વડોથ ગામે ૬૬ કે.વી. સબ–સ્ટેશન અંગેની સિવિલ અને મિકેનીકલ બાંધકામની કામગીરી પૂર્ણ થયેલ છે અને સબસ્ટેશનને કાર્યાન્વિત કરવાની કામગીરી હાલમાં ચાલુ છે, જે માર્ચ ૨૦૧૪ના અંત સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૪) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ વડોદરા જિલ્લાના વડોથ ગામે ૬૬ કે.વી. સબસ્ટેશન પાછળ કુલ ખર્ચ રૂપિયા ૫૭૨.૪૧ લાખ થયેલ છે.

**પત્રક-અ**

| અ.નં. | સબ–સ્ટેશનનું નામ | તાલુકાનું નામ | ભૌતિક પરિસ્થિતિ | આયોજન વર્ષ |
|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. લેહવાંટ | છોટાઉદેપુર | સબસ્ટેશન માટેની જમીનની ફાળવણી કરી દેવામાં આવી છે. સબસ્ટેશનની ટેન્ડરની પ્રક્રિયા પણ પૂર્ણ થયેલ છે અને સબસ્ટેશનના બાંધકામનું કાર્ય પ્રગતિમાં છે. | ૧૩–૧૪ |
| ૨ | ૬૬ કે.વી. દેવ મોરી (રંગલી ચોકડી) | પાવીજેતપુર | સબસ્ટેશન માટેની જમીનની ફાળવણી કરી દેવામાં આવી છે. સબસ્ટેશનની ટેન્ડરની પ્રક્રિયા પણ પૂર્ણ થયેલ છે અને સબસ્ટેશનના બાંધકામનું કાર્ય પ્રગતિમાં છે. | ૧૩–૧૪ |
| ૩ | ૬૬ કે.વી. સુર્યા | સંખેડા | જમીન મેળવવાની કાર્યવાહી પ્રગતિમાં છે. | ૧૪–૧૫ |
| ૪ | ૬૬ કે.વી. ભેદાડીયા | ક્વાંટ | જમીન મેળવવાની કાર્યવાહી પ્રગતિમાં છે. | ૧૪–૧૫ |
| ૫ | ૬૬ કે.વી. મનકા | ક્વાંટ | જમીન મેળવવાની કાર્યવાહી પ્રગતિમાં છે. | ૧૪–૧૫ |
| ૬ | ૬૬ કે.વી. ખાંડા | નસવાડી | જમીન મેળવવાની કાર્યવાહી પ્રગતિમાં છે. | ૧૪–૧૫ |
| ૭ | ૬૬ કે.વી. ગધોબોરિયા | નસવાડી | જમીન મેળવવાની કાર્યવાહી પ્રગતિમાં છે. | ૧૪–૧૫ |
| ૮ | ૬૬ કે.વી. ઉચાપણ | પાવીજેતપુર | જમીન મેળવવાની કાર્યવાહી પ્રગતિમાં છે. | ૧૪–૧૫ |
| ૯ | ૬૬ કે.વી. ભાટપુર | પાવીજેતપુર | જમીન મેળવવાની કાર્યવાહી પ્રગતિમાં છે. | ૧૪–૧૫ |

---------

## સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં રેતીની અને પથ્થરની લીઝમાંથી આવક

* ૭૯૩૮ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર રેતી અને પથ્થરની કેટલી લીઝ ફાળવવામાં આવી,

(૨) તેમાંથી સરકારને રોયલ્ટીની તાલુકાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી આવક થઇ, અને

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી અરજીઓ પડતર છે અને અરજીઓ પડતર રહેવાના શાં કારણો છે ?

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧–૧૨–૧૩ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર રેતી અને પથ્થરની ફાળવેલ લીઝ તથા રોયલ્ટીની તાલુકાવાર આવકની વિગતો ***પત્રક –૧** મુજબ છે.

(૩) તાલુકાવાર અરજીઓ તથા અરજીઓ પડતર રહેવાનું કારણ ***પત્રક –૨** મુજબ છે.

તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

(***પત્રક** સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

એચબી-૬૧૭-૨૨

**અમરેલી અને ભાવનગર જિલ્લામાં જમીન માપણીની કામગીરીમાં ક્ષતિઓની ફરિયાદો**

* ૭૮૨૭ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર જમીન માપણીની કામગીરીમાં ક્ષતિઓ હોવાની કેટલી ફરિયાદો મળી, | (૧) એકે ય નહીં. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી ક્ષતિઓ સુધારવામાં આવી, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી રહેતી ક્ષતિઓ કેટલા સમયમાં સુધારવામાં આવશે ? | |

---------

# અધ્યક્ષશ્રીની જાહેરાત

સભ્યશ્રીઓને સસ્પેન્ડ કરવા અંગે

અધ્યક્ષશ્રી : હું જાહેરાત કરું છું કે, આજ રોજ પ્રશ્નોત્તરી દરમિયાન જે માનનીય સભ્યશ્રીઓએ સૂત્રોચ્ચાર કર્યા છે, એ તો ઠીક છે. એમાં કંઇ નથી કહેતા પણ જેમણે કાર્ડ કાઢીને બહાર બતાવ્યા છે, એવા ભાઇશ્રી પરેશભાઇ ધાનાણી, શ્રી અમિતભાઇ ચાવડા, શ્રી મહેન્દ્રસિંહ બારૈયા, શ્રી પુનાભાઇ ગામીત, શ્રી હીરાલાલ પટેલ, શ્રી ભોળાભાઇ ગોહેલ, શ્રી ગૌતમભાઇ ચૌહાણ, શ્રી વજેસિંહભાઇ પણદા, શ્રી પ્રવિણભાઇ રાઠોડ, શ્રી પુનમભાઇ પરમાર, શ્રી જીતુભાઇ ચૌધરી, શ્રી છનાભાઇ ચૌધરી અને શ્રી અમિતભાઇ ચૌધરીને મેં આજના એક દિવસ માટે આટલા તેર સભ્યશ્રીઓને સસ્પેન્ડ કર્યા છે.

શ્રી જશુભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, મારે પ્રશ્ન પૂછવો છે કે..

અધ્યક્ષશ્રી : શાના માટે? (અંતરાય) અત્યારે કોઇ રીલેવન્ટ નથી. એક મિનિટ. તમને પ્રશ્ન પૂછવાનો અધિકાર ત્યારે જ છે કે તમે આ હાઉસમાં ડીસીપ્લીનમાં રહ્યા હોય, હાઉસમાં જે તે સમયે ડીસીપ્લીનમાં રહેવું નથી. જે તે સમયે તમને બેસી જવાનું કહેવા છતાં કોઇ બેસતા નથી અને ત્યાર પછી અત્યારે તમે આ જે રજૂઆત કરો છો એ કોઇ રીતે વાજબી અને ન્યાયી નથી. એટલે કોઇ સવાલ જ નથી. હાઉસમાં બધાએ ડીસીપ્લીન પ્રમાણે વર્તવાનું હોય, જે વ્યક્તિ ડીસીપ્લીનનું પાલન નથી કરતા એ જે પોતાના હક્ક છે એ હક્કની માગણી કરે અને પોતાની ફરજ નથી બજાવતા એ લોકોએ પણ ખ્યાલ રાખવો જોઇએ કે, અમારે ભવિષ્યમાં પ્રશ્ન પૂછવા કે નહીં. એક કલાક પ્રશ્નોત્તરી દરમિયાન જે કંઇ બનાવ બન્યા એના કોઇ પ્રશ્નના જવાબ મારે દેવા નથી અને એનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

હું પહેલી, બીજી, ત્રીજી અને ચોથી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકું છું.

# અતારાંકિત પ્રશ્નો
# પહેલી અતારાંકિત યાદી

### રાજ્યમાં ઈમુ ફાર્મના નિયંત્રણ/દેખરેખ માટે રજીસ્ટ્રેશનની વ્યવસ્થા બાબત

અતારાંકિતઃ ૨૧૮૮ (૨૧-૮-૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં ચાલતા ઈમુ ફાર્મના નિયંત્રણ/મોનીટરીંગ થઇ શકે તે માટે રજીસ્ટ્રેશનની તારીખ ૩૧મી જુલાઈ-૨૦૧૩ ની સ્થિતિએ કોઇ જ વ્યવસ્થા નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેના શા કારણો છે ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૭-૧૦-૨૦૧૩)

(૧) હા, જી.

(૨) ઈમુ પક્ષી એ પોલ્ટ્રીની વ્યાખ્યામાં આવે છે. હાલમાં સમગ્ર દેશભરમાં કોઈપણ રાજ્યમાં પોલ્ટ્રી ફાર્મના નિયંત્રણ / મોનીટરીંગ માટે રજીસ્ટ્રેશનની કોઈ જોગવાઈ નથી. આપણા રાજ્યમાં પોલ્ટ્રી ફાર્મના નિયંત્રણ અને મોનીટરીંગ માટે ‘‘પોલ્ટ્રી ફાર્મ રજીસ્ટ્રેશન પૉલીસી’’નું નોટીફીકેશન બહાર પાડવાની બાબત રાજ્યસરકારની વિચારણા હેઠળ છે.

--------

### રાજ્યમાં ઈમુ પક્ષીઓના ફાર્મના રજીસ્ટ્રેશન

અતારાંકિતઃ ૨૧૯૨ (૨૧-૮-૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં ૩૧મી જુલાઈ-૨૦૧૩ ની સ્થિતિએ જિલ્લાવાર ઈમુ પક્ષીઓના ફાર્મની સંખ્યા કેટલી છે,

(૨) તે પૈકી કેટલા ફાર્મના રજીસ્ટ્રેશન થયા છે અને કેટલા બાકી છે, અને

(૩) રજીસ્ટ્રેશન બાકી રહેવાના શા કારણો છે તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે?

**પશુપાલન મંત્રીશ્રી :** (૭-૧૦-૨૦૧૩)

(૧) જિલ્લાવાર ઈમુ પક્ષીના ફાર્મની સંખ્યા નીચે મુજબ છે.

| અનં. | જિલ્લાનું નામ | ઈમુ ફાર્મની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૦૬ |
| ૨ | અમદાવાદ | ૧૦ |
| ૩ | સાબરકાંઠા | ૦૨ |
| ૪ | પાટણ | ૦૧ |
| ૫ | મહેસાણા | ૦૫ |
| ૬ | બનાસકાંઠા | ૦૧ |
| ૭ | આણંદ | ૧૪ |
| ૮ | ખેડા | ૦૫ |
| ૯ | વડોદરા | ૦૮ |
| ૧૦ | પંચમહાલ | ૦૦ |
| ૧૧ | દાહોદ | ૦૨ |
| ૧૨ | નર્મદા | ૦૦ |

**એચબી-૫૬૭-**

| અનં. | જિલ્લાનું નામ | ઈમુ ફાર્મની સંખ્યા |
|---|---|---|
| ૧૩ | ભરૂચ | ૦૭ |
| ૧૪ | સુરત | ૦૨ |
| ૧૫ | નવસારી | ૦૯ |
| ૧૬ | વલસાડ | ૦૫ |
| ૧૭ | વ્યારા | ૦૧ |
| ૧૮ | ડાંગ | ૦૦ |
| ૧૯ | રાજકોટ | ૦૦ |
| ૨૦ | સુરેન્દ્રનગર | ૦૦ |
| ૨૧ | પોરબંદર | ૦૦ |
| ૨૨ | જુનાગઢ | ૦૧ |
| ૨૩ | જામનગર | ૦૦ |
| ૨૪ | ભાવનગર | ૦૨ |
| ૨૫ | અમરેલી | ૦૦ |
| ૨૬ | કચ્છ | ૦૦ |
| | **કુલઃ** | **૮૧** |

(૨) હાલમાં સમગ્ર દેશમાં કોઇપણ રાજ્યમાં પોલ્ટ્રી ફાર્મના નિયંત્રણ / મોનીટરીંગ માટે રજીસ્ટ્રેશનની કોઈ જોગવાઈ ન હોઈ માહિતી 'શૂન્ય' છે.

(૩) ઈમુ પક્ષી એ પોલ્ટ્રીની વ્યાખ્યામાં આવે છે. હાલમાં સમગ્ર દેશભરમાં કોઇપણ રાજ્યમાં પોલ્ટ્રી ફાર્મના નિયંત્રણ / મોનીટરીંગ માટે રજીસ્ટ્રેશનની કોઈ જોગવાઈ નથી. અત્રે પોલ્ટ્રી ફાર્મના નિયંત્રણ અને મોનીટરીંગ માટે ''પોલ્ટ્રી ફાર્મ રજીસ્ટ્રેશન પૉલીસી''ઘડવાની બાબત રાજ્યસરકારની વિચારણા હેઠળ છે.

--------

**રાજ્યની દૂધાળી ભેંસોને મહારાષ્ટ્ર મોકલવા બાબત**

અતારાંકિતઃ ૨૨૯૧ (૨-૯-૨૦૧૩) **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) :** માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૪-૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં કેટલી દૂધાળી ભેંસોને મહારાષ્ટ્ર મોકલવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ દૂધાળી ભેંસોને મહારાષ્ટ્ર મોકલવાથી રાજ્યમાં દૂધનાં ઉત્પાદન અને કિંમતને ભારે અસર થઇ છે તે હકીકત સાચી છે,

(૩) ઉક્ત સ્થિતિએ દૂધાળી ભેંસોને મહારાષ્ટ્ર મોકલવાનાં શા કારણો છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઊભી થયેલ સમસ્યાના ઉકેલ માટે સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી છે?

**પશુપાલન મંત્રીશ્રી :** (૭-૧૦-૨૦૧૩)

(૧) તા.૩૦-૪-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં કેટલી દૂધાળી ભેંસોને મહારાષ્ટ્ર મોકલવામાં આવી તેની વિગત.

| અ.નં. | ભેંસોની નિકાસ | વર્ષ વાર | | |
|---|---|---|---|---|
| | | **તા.૧-૫-૧૦ થી તા.૩૦-૪-૧૧** | **તા.૧-૫-૧૧ થી તા.૩૦-૪-૧૨** | **તા.૧-૫-૧૨ થી તા.૩૦-૪-૧૩** |
| ૧ | તાજી ભેંસ નિકાસ | ૩૬૭૦૩ | ૦૦ | ૦૦ |

(૨) ના જી,

(૩) અને (૪) રાજ્યના પશુપાલકોને ભેંસની આયાત – નિકાસથી રોજગારી અને આર્થિક લાભ થાય છે અલબત વર્ષ–૨૦૧૧થી તાજી ભેંસની નિકાસ માટે કોઇ કોટા મંજૂર કરવામાં આવેલ નથી. એટલે કે તાજી ભેંસોના નિકાસ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવેલ છે. ફક્ત અન્ય રાજ્યમાંથી વિયાણ અને રખાવના હેતુથી ગુજરાતમાં આવતી સાલ્વેજ ભેંસની આંશિક આયાત–નિકાસ ચાલુ છે.

--------

**બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ અને દાંતા તાલુકામાં રવિ પાક–૨૦૧૩ ઋતુમાં પાકને નુકસાન સામે વળતર બાબત**

અતારાંકિતઃ ૨૪૩૧ (૧૪–૯–૧૩) **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) :** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તથા દાંતા તાલુકામાં રવી –૨૦૧૩ની ઋતુમાં કમોસમી વરસાદ તથા કરા પડવાથી રવિ પાકોને કેટલું નુકસાન થયેલ હતું,

(૨) તે નુકસાન પૈકી કેટલા ખેડૂતોને કેટલું વળતર રાજ્ય સરકાર તરફથી ચૂકવવામાં આવેલ હતું, અને

(૩) વળતર ચૂકવવાનું બાકી હોય તો સરકાર ચૂકવવા માંગે છે કે કેમ?

**કૃષિ મંત્રીશ્રી :** (૧–૧–૨૦૧૪)

(૧) બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તથા દાંતા તાલુકામાં રવિ –૨૦૧૨–૧૩માં તા.૧૪–૦૨–૨૦૧૩ના રોજ કમોસમી વરસાદ/વાવાઝોડું/ હિમવર્ષા થવાના કારણે અમીરગઢ તાલુકાના ૨૬ ગામોના ૨૨૫૧ ખેડૂતોને રૂ. ૧,૧૨,૧૬,૬૪૭/– (અંકે રૂપિયા એક કરોડ બાર લાખ સોળ હજાર છસ્સો સુડતાલિસ પુરા)નુ નુકસાન થયેલ છે. જ્યારે દાંતા તાલુકામાં નુકસાન થયેલ ન હોતું.

(૨) કલેક્ટરશ્રી, બનાસકાંઠા દ્વારા ખેડૂતોને થયેલ નુકસાન અંગે વળતર મંજૂર કરવા મહેસૂલ વિભાગને દરખાસ્ત કરેલ છે.

(૩) વળતર મંજૂર થયેથી ચુકવવામાં આવશે.

--------

**અમરેલી જિલ્લામાં તાલુકાવાર કાર્યરત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ**

અતારાંકિતઃ ૧૦૨ (૧૯–૬–૧૩) **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૪–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ કાર્યરત છે,

(૨) તાલુકાવાર શાળાવાર કુલ કેટલા શિક્ષકોની ઘટ છે, અને

(૩) આ ઘટ ક્યાં સુધી પુરી કરવાનું આયોજન છે?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૭–૧૦–૧૩)

(૧) તા.૩૦–૪–૨૦૧૩ ની સ્થિતિએ તાલુકાવાર માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ.

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યરત માધ્યમિક શાળાઓ | | કાર્યરત ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | |
|---|---|---|---|---|---|
| | | સરકારી | ગ્રાન્ટેડ | સરકારી | ગ્રાન્ટેડ |
| ૧. | અમરેલી | ૦૧ | ૨૮ | ૦૦ | ૧૮ |
| ૨. | લાઠી | ૦૨ | ૦૯ | ૦૦ | ૦૮ |
| ૩. | લીલીયા | ૦૦ | ૦૭ | ૦૧ | ૦૪ |
| ૪. | બાબરા | ૦૩ | ૧૧ | ૦૧ | ૦૫ |
| ૫. | ધારી | ૦૦ | ૧૧ | ૦૧ | ૦૮ |
| ૬. | કુંકાવાવ | ૦૦ | ૧૮ | ૦૦ | ૦૯ |
| ૭. | બગસરા | ૦૦ | ૦૮ | ૦૦ | ૦૫ |
| ૮. | ખાંભા | ૦૦ | ૦૭ | ૦૧ | ૦૬ |

| | | કાર્યરત માધ્યમિક શાળાઓ | | કાર્યરત ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | |
|---|---|---|---|---|---|
| ૯. | રાજુલા | ૦૨ | ૦૭ | ૦૩ | ૦૬ |
| ૧૦. | સા.કુંડલા | ૦૪ | ૨૧ | ૦૦ | ૧૪ |
| ૧૧. | જાફરાબાદ | ૦૬ | ૦૩ | ૦૧ | ૦૨ |
| | **કુલ** | **૧૮** | **૧૩૦** | **૦૮** | **૮૫** |

(૨) તા.૩૦-૪-૨૦૧૩ ની સ્થિતિએ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તાલુકાવાર શાળા વાર શિક્ષકોની ઘટનું *પત્રક ૨(૧),૨(૨),૨(૩) અને ૨(૪) સામેલ છે.

(૩) જેમ બને તેમ જલ્દી ઘટ પુરી કરવાનું આયોજન છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં જિલ્લાવાર આવેલ સરકારી પોલીટિકનીક કોલેજો**

અતારાંકિતઃ ૨૦૫૮ (૨૯-૧૦-૧૩) **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૬-૨૦૧૩ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સરકારી પોલીટિકનીક કોલેજો કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી જિલ્લાવાર કેટલી શાળાઓ સીધી ભરતી/ ફીક્સ પગારથી ભરાયેલ છે, અને

(૪) જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, રાજ્ય સરકાર ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરશે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૬-૧-૧૪)

(૧)

| **ક્રમ** | **જિલ્લો** | **કોલેજની સંખ્યા** |
|---|---|---|
| ૧. | રાજકોટ | ૦૨ |
| ૨. | ભાવનગર | ૦૧ |
| ૩. | સુરેન્દ્રનગર | ૦૧ |
| ૪. | સુરત | ૦૨ |
| ૫. | અમદાવાદ | ૦૩ |
| ૬. | ભુજ | ૦૧ |
| ૭. | છોટાઉદેપુર | ૦૧ |
| ૮. | દાહોદ | ૦૧ |
| ૯. | ગાંધીનગર | ૦૧ |
| ૧૦. | પંચમહાલ | ૦૧ |
| ૧૧. | સાબરકાંઠા | ૦૧ |
| ૧૨. | જામનગર | ૦૧ |
| ૧૩. | જુનાગઢ | ૦૧ |
| ૧૪. | બનાસકાંઠા | ૦૧ |
| ૧૫. | પોરબંદર | ૦૧ |
| ૧૬. | મહેસાણા | ૦૧ |
| ૧૭. | વલસાડ | ૦૧ |
| ૧૮. | ડાંગ | ૦૧ |
| ૧૯. | અમરેલી | ૦૧ |
| ૨૦. | પાટણ | ૦૧ |
| ૨૧. | ભરૂચ | ૦૧ |
| ૨૨. | મોરબી | ૦૧ |

| **ક્રમ** | **જિલ્લો** | **કોલેજની સંખ્યા** |
|---|---|---|
| ૨૩. | નર્મદા | ૦૧ |
| ૨૪. | તાપી | ૦૧ |
| ૨૫. | નવસારી | ૦૧ |
| ૨૬. | ખેડા | ૦૧ |

(૨) જિલ્લાવાર, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ આ સાથે સામેલ પત્રક–૧ અ અને ૧ બ મુજબ છે.

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી જિલ્લાવાર સીધી ભરતી/ ફીક્સ પગારથી ભરાયેલ જગ્યાઓ આ સાથે સામેલ પત્રક–૨અ અને ૨બ મુજબ છે.

(૪) જિલ્લાવાર, સંવર્ગવાર ખાલી જગ્યાઓ આ સાથે સામેલ પત્રક–૩અ અને ૩બ મુજબ છે તથા ખાલી જગ્યાઓ ક્યાં સુધી ભરવામાં આવશે તેની વિગતો આ સાથે સામેલ પત્રક–૪ મુજબ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં જિલ્લાવાર આવેલ સરકારી, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ ડીગ્રી અને ડીપ્લોમા ઇજનેરી કોલેજોની બેઠકો**

અતારાંકિતઃ ૨૨૮૮ (૨–૯–૨૦૧૩) **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૧૪–૦૮–૨૦૧૩ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કુલ કેટલી ડીગ્રી ઇજનેરી અને ડીપ્લોમા ઇજનેરીની સરકારી, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ કોલેજો આવેલી છે,

(૨) આ કોલેજોમાં મંજૂર થયેલ ડીગ્રી અને ડીપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે,

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં થયેલ પ્રવેશ પ્રક્રિયાના અંતે કુલ કેટલી બેઠકો વર્ષવાર ભરાઈ, અને

(૪) કેટલી બેઠકો વર્ષવાર ખાલી રહેવા પામેલ છે?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૭–૧૦–૧૩)

(૧) તા.૧૪–૦૮–૨૦૧૩ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર આવેલી ડીગ્રી ઇજનેરી અને ડીપ્લોમા ઇજનેરીની સરકારી, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ કોલેજોની વિગત સામેલ *પત્રક–૧ મુજબ છે.

(૨) આ કોલેજોમાં મંજૂર થયેલ ડીગ્રી અને ડીપ્લોમાં ઇજનેરી અભ્યાસક્રમની બેઠકોની વિગત સામેલ *પત્રક–૨ મુજબ છે.

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં થયેલ પ્રવેશ પ્રક્રિયાના અંતે કુલ કેટલી બેઠકો વર્ષવાર ભરાઈ તે અંગેની વિગત સામેલ *પત્રક–૩ મુજબ છે.

(૪) કેટલી બેઠકો વર્ષવાર ખાલી રહેવા પામેલ છે વિગત સામેલ *પત્રક–૪ મુજબ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં એન્જીનીયરીંગની ફેકલ્ટીવાર ખાલી સીટો**

અતારાંકિતઃ ૨૩૨૬ (૨૯–૧૦–૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં સને ૨૦૧૨ના શૈક્ષણિક વર્ષમાં એન્જીનીયરીંગની ફેકલ્ટીવાર કેટલી સીટો ખાલી રહી, અને

(૨) એન્જીનીયરીંગની સીટો ખાલી રહેવાના શા કારણો છે?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૧–૧૨–૧૩)

તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

(૧) રાજ્યમાં સને ૨૦૧૨ના શૈક્ષણિક વર્ષમાં એન્જીનીયરીંગની ફેકલ્ટીવાર ૮૫૦૫ સીટો ખાલી રહેલ છે. ખાલી રહેલ સીટોની વિગતવાર માહિતી સામેલ ***પત્રક–૧** મુજબ છે

(૨) બેઠકો ખાલી રહેવાના કરણોઃ ગુણવત્તા યાદીમાં સમાવિષ્ટ તમામ લઘુત્તમ લાયકાત ધરાવતાં વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવ્યા બાદ બેઠકો ખાલી રહેવાના કારણો નીચે મુજબ છે.

(અ) બેઠકોની સંખ્યાના પ્રમાણમાં લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હોય છે.

(બ) વિદ્યાર્થીઓને પસંદગીની ફેકલ્ટી તથા સ્થળ ગુણવત્તાના કારણે મળવાપાત્ર ન થાય તેવા સંજોગોમાં વિદ્યાર્થીઓ ઇજનેરી અભ્યાસક્રમને બદલે અન્ય અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવે છે.

(ક) વિદ્યાર્થીના રહેઠાણના સ્થળથી દૂરના સ્થળે પ્રવેશ મળવાના કિસ્સામાં વિદ્યાર્થીઓ પ્રવેશ સ્વીકારતા નથી.

(ડ) વિજ્ઞાન પ્રવાહના અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓની રૂચી વધવાના કારણે.

**એચબી–૫૬૭–**

**પત્રક–૧**

| **ક્રમ** | **ફેકલ્ટી** | **ખાલી બેઠકો** |
|---|---|---|
| ૧ | ઇન્ડસ્ટ્રીયલ ઇજનેરી | ૬ |
| ૨ | ઇન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન્સ ટેકનોલોજી | ૫૧ |
| ૩ | ઇન્ફોર્મેશન ટેકનોલોજી | ૯૩૩ |
| ૪ | ઇન્સ્ટ્રુ. એન્ડ કંટ્રોલ ઈજનેરી | ૪૬ |
| ૫ | ઈલેક્ટ્રિકલ ઈજનેરી | ૪૯૮ |
| ૬ | ઈલેક્ટ્રિકલ એન્ડ ઈલેક્ટ્રોનિક્સ | ૨૦૨ |
| ૭ | ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુ. | ૩૩૦૮ |
| ૮ | ઈલેક્ટ્રોનિક્સ ઈજનેરી | ૩૧ |
| ૯ | ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ટેલિકોમ્યુનિકેશન્સ | ૮૭ |
| ૧૦ | એન્વાયર્મેન્ટ ઈજનેરી | ૫૭ |
| ૧૧ | એરોનોટિકલ ઈજનેરી | ૨ |
| ૧૨ | ઓટોમોબાઈલ ઈજનેરી | ૯૮ |
| ૧૩ | કેમિકલ ઈજનેરી | ૧૦૩ |
| ૧૪ | કોમ્પ્યુટર ઈજનેરી | ૧૨૯૨ |
| ૧૫ | કોમ્પ્યુટર સાયન્સ | ૬૧૭ |
| ૧૬ | પેટ્રોલિયમ | ૩ |
| ૧૭ | પ્લાસ્ટીક | ૨૭ |
| ૧૮ | ફુડ ટેકનોલોજી | ૨ |
| ૧૯ | બાયો ટેકનોલોજી | ૧૭ |
| ૨૦ | બાયોમેડિકલ ઈજનેરી | ૨૪ |
| ૨૧ | માઇનિંગ ઈજનેરી | ૫૪ |
| ૨૨ | મિકેનીકલ ઈજનેરી | ૪૦૯ |
| ૨૩ | મેકાટ્રોનિક્સ | ૫૪ |
| ૨૪ | મેન્યુફેક્ચરીંગ ઈજનેરી | ૩૧ |
| ૨૫ | સિવિલ ઈજનેરી | ૫૫૩ |
| | **કુલ ખાલી બેઠકો** | **૮૫૦૫** |

--------

**અમરેલી જિલ્લામાં ગૌણ વન પેદાશના ખરીદ વેચાણ કેન્દ્રો**

અતારાંકિતઃ ૧૦૬૨ (૧૯–૬–૨૦૧૩) **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) :** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦-૪-૨૦૧૩ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં વન વિભાગના કેટલા ગૌણ વન પેદાશ ના ખરીદ વેચાણ કેંદ્રો છે, અને તે કયા કયા સ્થળે આવેલા છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષ વાર સરકારને કેટલી આવક થઇ,

(૩) આ ગૌણ વન પેદાશ માટે કેટલા વૃક્ષોની કાપણી કરવામાં આવી અને તેના સામે કેટલા વૃક્ષો ઉગાડવામાં આવ્યા?

**વન મંત્રીશ્રી :** (૪-૧૦-૧૩)

(૧) તા.૩૦-૪-૨૦૧૩ની સ્થિતિએ ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લી.નું અમરેલી જિલ્લામાં ગૌણ વન પેદાશ ના ખરીદ વેચાણ કેંદ્ર ક્રાંગસા, રાજસ્થલી તથા જલજીવડી સ્થળો એ આવેલ છે.

(૨) ૨૦૧૦-૧૧ અને ૨૦૧૩-૧૪ માં એકત્રીકરણ કરેલ નથી.

૨૦૧૨-૧૩ની સીઝનમાં જલજીવડી કેંદ્ર પરથી ૪૮.૦૨૫ સ્ટા.બોરા, ક્રાંગસા કેંદ્ર પરથી ૮૭.૦૭૫ સ્ટા.બોરા અને રાજસ્થાલી કેંદ્ર પરથી ૧૫.૯૦૦ સ્ટા.બોરા મળી કુલ ૧૫૧.૦૦૦ સ્ટા.બોરા નું એકત્રીકરણ કરવામાં આવેલ છે. અને ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લી. ને કુલ ૧,૯૬,૪૫૧ ની વેચાણ કિંમત મળેલ છે.

(૩) ગૌણ વન પેદાશના એકત્રિકરણ હેતુ સર કોઇ વૃક્ષો કાપવામાં આવતા નથી.

--------

**કચ્છના બન્ની પ્રદેશમાં ગાંડા બાવળો પથરાવા બાબત**

અતારાંકિતઃ ૧૯૪૬ (૨-૦૮-૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) કચ્છ જિલ્લામાં બન્ની પ્રદેશમાં તા.૩૦ જૂન-૨૦૧૩ની સ્થિતિએ કેટલા પ્રદેશમાં ગાંડા બાવળ પથરાઈ ગયા છે,

(૨) આ ગાંડા બાવળ દૂર કરવા શી વ્યવસ્થા થઇ છે, અને આ જવાબદારી કોને સોંપાઈ છે, અને

(૩) તમામ ગાંડા બાવળ ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

**વન મંત્રીશ્રી :** (૪-૧૦-૧૩)

(૧) તા.૩૦ જૂન-૨૦૧૩ની સ્થિતિએ કચ્છના બન્ની વિસ્તારમાં કુલ ૧૯૫૫૬૬-૩૮ હેક્ટર વિસ્તારમાં કુદરતી રીતે ગાંડા બાવળો ઉગીને પથરાઈ ગયા છે.

(૨) વન વિભાગ હસ્તકની જમીન પરથી ગાંડો બાવળ દૂર કરવાની કાર્યવાહી મંજૂર કરેલ વર્કિંગ પ્લાન મુજબ વન વિભાગ કરે છે. ગાંડો બાવળ દૂર કરવા પરવાનગીની જરૂર ન હોવાથી બાકીની જમીનો પરથી તેના કબજેદાર ગાંડો બાવળ દૂર કરી શકે.

(૩) ઉપર ખંડ (૨) ના સંદર્ભે સમય મર્યાદા નિશ્ચિત થઇ શકે નહીં.

--------

**ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા સુરત અને અમદાવાદ શહેરની ફેક્ટરીઓમાં દરોડા પાડી નકલી 'જાપાની તેલ' નો જથ્થો પકડી પાડવા બાબત**

અતારાંકિતઃ ૨૩૨૩ (૧૯-૧૦-૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ એપ્રિલ-૨૦૧૨ માં સુરત અને અમદાવાદ શહેરની ફેક્ટરીઓમાં દરોડા પાડી નકલી 'જાપાની તેલ' નો રૂ.૩ લાખનો જથ્થો પકડી પાડ્યો હતો તે હકીકત સાચી છે,

(૨) જાપાની તેલનો શો ઉપયોગ કરવામાં આવે છે અને તેને માન્યતા આપવામાં આવી છે કે કેમ,

(૩) આ ગુનાહિત કામના આરોપીઓ, ઉત્પાદકો અને વેચાણકારો સામે શી કાનુની કાર્યવાહી થઇ છે, અને

(૪) ઉત્પાદકોના લાઇસન્સ સમાપ્ત કરી દેવામાં આવ્યા છે કે કેમ ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૬–૧–૨૦૧૪)

(૧) હા

(૨) મંજૂરી આપવામાં આવેલ ન હોઇ, ઉપયોગ બાબતે માહિતી આપવાનો પ્રશ્ન રહેતો નથી.

(૩) નામદાર કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલ છે.

(૪) હા.

–––––––

**નર્મદા જિલ્લામાં સામૂહિક બળાત્કારના બનાવો**

અતારાંકિતઃ ૫૭૨ (૨૪–૬–૨૦૧૩) **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર નર્મદા જિલ્લામાં તાલુકાવાર કેટલા સામૂહિક બળાત્કારના બનાવો બન્યા છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તે પૈકી કેટલા આરોપીઓ પકડાયા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૪–૧–૨૦૧૪)

(૧) પત્રક–૧ મુજબ.

(૨) પત્રક–૨ મુજબ.

**પત્રક–૧**

| તાલુકાનું નામ | તા.૧–૪–૨૦૦૮ થી તા.૩૧–૩–૨૦૦૯ | તા.૧–૪–૨૦૦૯ થી તા.૩૧–૩–૨૦૧૦ | તા.૧–૪–૨૦૧૦ થી તા.૩૧–૩–૨૦૧૧ | તા.૧–૪–૨૦૧૧ થી તા.૩૧–૩–૨૦૧૨ | તા.૧–૪–૨૦૧૨ થી તા.૩૧–૩–૨૦૧૩ |
|---|---|---|---|---|---|
| નાંદોદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| તિલકવાડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ડેડીયાપાડા | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| સાગબારા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| **કુલઃ** | **૦** | **૦** | **૦** | **૧** | **૦** |

**પત્રક–૨**

| તાલુકાનું નામ | તા.૧–૪–૨૦૦૮ થી તા.૩૧–૩–૨૦૦૯ | | તા.૧–૪–૨૦૦૯ થી તા.૩૧–૩–૨૦૧૦ | | તા.૧–૪–૨૦૧૦ થી તા.૩૧–૩–૨૦૧૧ | | તા.૧–૪–૨૦૧૧ થી તા.૩૧–૩–૨૦૧૨ | | તા.૧–૪–૨૦૧૨ થી તા.૩૧–૩–૨૦૧૩ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | **પકડાયા** | **બાકી** | **પકડાયા** | **બાકી** | **પકડાયા** | **બાકી** | **પકડાયા** | **બાકી** | **પકડાયા** | **બાકી** |
| નાંદોદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| તિલકવાડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ડેડીયાપાડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૦ | ૦ | ૦ |
| સાગબારા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| **કુલઃ** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૫** | **૦** | **૦** | **૦** |

––––––––

**રાજકોટ જિલ્લામાં સામૂહિક બળાત્કારના બનાવો**

અતારાંકિતઃ ૫૭૩ (૨૪–૬–૨૦૧૩) **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલા સામૂહિક બળાત્કારના બનાવો બન્યા છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તે પૈકી કેટલા આરોપીઓ પકડાયા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૪–૧–૨૦૧૪)

(૧) કોઇ બનાવ બનેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**નવસારી જિલ્લામાં સામૂહિક બળાત્કારના બનાવો**

અતારાંકિતઃ ૫૭૭ (૨૪–૬–૨૦૧૩) **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલા સામૂહિક બળાત્કારના બનાવો બન્યા છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તે પૈકી કેટલા આરોપીઓ પકડાયા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :**

(૧) કોઇ બનાવ બનેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**જૂનાગઢ જિલ્લામાં સામૂહિક બળાત્કારના બનાવો**

અતારાંકિતઃ ૫૮૦ (૨૪–૬–૨૦૧૩) **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા સામૂહિક બળાત્કારના બનાવો બન્યા છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તે પૈકી કેટલા આરોપીઓ પકડાયા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૪–૧–૨૦૧૪)

(૧) પત્રક –૧ મુજબ.

(૧) પત્રક –૨ મુજબ.

**પત્રક –૧**

| **તાલુકાનું નામ** | **તા. ૧–૪–૨૦૦૮ થી તા. ૩૧–૩–૨૦૦૯** | **તા. ૧–૪–૨૦૦૯ થી તા. ૩૧–૩–૨૦૧૦** | **તા. ૧–૪–૨૦૧૦ થી તા. ૩૧–૩–૨૦૧૧** | **તા. ૧–૪–૨૦૧૧ થી તા. ૩૧–૩–૨૦૧૨** | **તા. ૧–૪–૨૦૧૨ થી તા. ૩૧–૩–૨૦૧૩** |
|---|---|---|---|---|---|
| ઉના | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| **કુલઃ** | **૦** | **૦** | **૦** | **૦** | **૧** |

નોંધઃ બાકીના તાલુકાઓમાં બનાવ બનેલ નથી.

**પત્રક –૨**

| **તાલુકાનું નામ** | **તા.૧–૪–૨૦૦૮ થી તા.૩૧–૩–૨૦૦૯** | | **તા.૧–૪–૨૦૦૯ થી તા.૩૧–૩–૨૦૧૦** | | **તા.૧–૪–૨૦૧૦ થી તા.૩૧–૩–૨૦૧૧** | | **તા.૧–૪–૨૦૧૧ થી તા.૩૧–૩–૨૦૧૨** | | **તા.૧–૪–૨૦૧૨ થી તા.૩૧–૩–૨૦૧૩** | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | **પકડાયા** | **બાકી** | **પકડાયા** | **બાકી** | **પકડાયા** | **બાકી** | **પકડાયા** | **બાકી** | **પકડાયા** | **બાકી** |
| ઉના | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૧ |
| **કુલઃ** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૨** | **૧** |

નોંધઃ બાકીના તાલુકાઓમાં બનાવ બનેલ નથી.

--------

**જામનગર જિલ્લામાં સામૂહિક બળાત્કારના બનાવો**

અતારાંકિતઃ ૫૮૧ (૨૪–૬–૨૦૧૩) **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર જામનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા સામૂહિક બળાત્કારના બનાવો બન્યા છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તે પૈકી કેટલા આરોપીઓ પકડાયા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૪–૧–૨૦૧૪)

(૧) પત્રક –૧ મુજબ.

(૧) પત્રક –૨ મુજબ.

**પત્રક –૧**

| તાલુકાનું નામ | તા. ૧–૪–૨૦૦૮ થી તા. ૩૧–૩–૨૦૦૯ | તા. ૧–૪–૨૦૦૯ થી તા. ૩૧–૩–૨૦૧૦ | તા. ૧–૪–૨૦૧૦ થી તા. ૩૧–૩–૨૦૧૧ | તા. ૧–૪–૨૦૧૧ થી તા. ૩૧–૩–૨૦૧૨ | તા. ૧–૪–૨૦૧૨ થી તા. ૩૧–૩–૨૦૧૩ |
|---|---|---|---|---|---|
| જામનગર શહેર | ૦ | ૧ | ૦ | ૧ | ૧ |
| **કુલઃ** | **૦** | **૧** | **૦** | **૧** | **૧** |

નોંધઃ બાકીના તાલુકાઓમાં બનાવ બનેલ નથી.

**પત્રક –૨**

| તાલુકાનું નામ | તા.૧–૪–૨૦૦૮ થી તા.૩૧–૩–૨૦૦૯ | | તા.૧–૪–૨૦૦૯ થી તા.૩૧–૩–૨૦૧૦ | | તા.૧–૪–૨૦૧૦ થી તા.૩૧–૩–૨૦૧૧ | | તા.૧–૪–૨૦૧૧ થી તા.૩૧–૩–૨૦૧૨ | | તા.૧–૪–૨૦૧૨ થી તા.૩૧–૩–૨૦૧૩ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પકડાયા | બાકી | પકડાયા | બાકી | પકડાયા | બાકી | પકડાયા | બાકી | પકડાયા | બાકી |
| જામનગર શહેર | ૦ | ૦ | ૭ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૩ | ૦ |
| **કુલઃ** | **૦** | **૦** | **૭** | **૦** | **૦** | **૦** | **૩** | **૦** | **૩** | **૦** |

નોંધઃ બાકીના તાલુકાઓમાં બનાવ બનેલ નથી.

--------

**એચબી–૫૬૭–**

**ભાવનગર જિલ્લામાં સામૂહિક બળાત્કારના બનાવો**

અતારાંકિતઃ ૫૮૫ (૨૪–૬–૨૦૧૩) **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા સામૂહિક બળાત્કારના બનાવો બન્યા છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તે પૈકી કેટલા આરોપીઓ પકડાયા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૪–૧–૨૦૧૪)

(૧) પત્રક –૧ મુજબ.

(૧) પત્રક –૨ મુજબ.

**પત્રક –૧**

| તાલુકાનું નામ | તા. ૧–૪–૨૦૦૮ થી તા. ૩૧–૩–૨૦૦૯ | તા. ૧–૪–૨૦૦૯ થી તા. ૩૧–૩–૨૦૧૦ | તા. ૧–૪–૨૦૧૦ થી તા. ૩૧–૩–૨૦૧૧ | તા. ૧–૪–૨૦૧૧ થી તા. ૩૧–૩–૨૦૧૨ | તા. ૧–૪–૨૦૧૨ થી તા. ૩૧–૩–૨૦૧૩ |
|---|---|---|---|---|---|
| ભાવનગર | ૦ | ૦ | ૧ | ૧ | ૧ |
| ગારીયાધાર | ૦ | ૦ | ૧ | ૦ | ૦ |
| મહુવા | ૦ | ૦ | ૧ | ૦ | ૦ |
| **કુલઃ** | **૦** | **૦** | **૩** | **૧** | **૧** |

નોંધઃ બાકીના તાલુકાઓમાં બનાવ બનેલ નથી.

**પત્રક –૨**

| **તાલુકાનું નામ** | **તા.૧–૪–૨૦૦૮ થી તા.૩૧–૩–૨૦૦૯** | | **તા.૧–૪–૨૦૦૯ થી તા.૩૧–૩–૨૦૧૦** | | **તા.૧–૪–૨૦૧૦ થી તા.૩૧–૩–૨૦૧૧** | | **તા.૧–૪–૨૦૧૧ થી તા.૩૧–૩–૨૦૧૨** | | **તા.૧–૪–૨૦૧૨ થી તા.૩૧–૩–૨૦૧૩** | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | **પકડાયા** | **બાકી** | **પકડાયા** | **બાકી** | **પકડાયા** | **બાકી** | **પકડાયા** | **બાકી** | **પકડાયા** | **બાકી** |
| ભાવનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૦ | ૧૧ | ૨ | ૪ | ૦ |
| ગારીયાધાર | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| મહુવા | ૦ | ૦ | ૦ | ૦ | ૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| **કુલઃ** | **૦** | **૦** | **૦** | **૦** | **૧૫** | **૦** | **૧૧** | **૨** | **૪** | **૦** |

નોંધઃ બાકીના તાલુકાઓમાં બનાવ બનેલ નથી.

--------

## ભરૂચ જિલ્લામાં સામૂહિક બળાત્કારના બનાવો

અતારાંકિતઃ ૫૮૬ (૨૪–૬–૨૦૧૩) **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલા સામૂહિક બળાત્કારના બનાવો બન્યા છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તે પૈકી કેટલા આરોપીઓ પકડાયા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૪–૧–૨૦૧૪)

(૧) પત્રક –૧ મુજબ.

(૧) પત્રક –૨ મુજબ.

**પત્રક –૧**

| **તાલુકાનું નામ** | **તા. ૧–૪–૨૦૦૮ થી તા. ૩૧–૩–૨૦૦૯** | **તા. ૧–૪–૨૦૦૯ થી તા. ૩૧–૩–૨૦૧૦** | **તા. ૧–૪–૨૦૧૦ થી તા. ૩૧–૩–૨૦૧૧** | **તા. ૧–૪–૨૦૧૧ થી તા. ૩૧–૩–૨૦૧૨** | **તા. ૧–૪–૨૦૧૨ થી તા. ૩૧–૩–૨૦૧૩** |
|---|---|---|---|---|---|
| ભરૂચ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ |
| હાંસોટ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| **કુલઃ** | **૦** | **૦** | **૧** | **૧** | **૦** |

નોંધઃ બાકીના તાલુકાઓમાં બનાવ બનેલ નથી.

**પત્રક –૨**

| **તાલુકાનું નામ** | **તા.૧–૪–૨૦૦૮ થી તા.૩૧–૩–૨૦૦૯** | | **તા.૧–૪–૨૦૦૯ થી તા.૩૧–૩–૨૦૧૦** | | **તા.૧–૪–૨૦૧૦ થી તા.૩૧–૩–૨૦૧૧** | | **તા.૧–૪–૨૦૧૧ થી તા.૩૧–૩–૨૦૧૨** | | **તા.૧–૪–૨૦૧૨ થી તા.૩૧–૩–૨૦૧૩** | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | **પકડ્યા** | **બાકી** | **પકડયા** | **બાકી** | **પકડયા** | **બાકી** | **પકડયા** | **બાકી** | **પકડયા** | **બાકી** |
| ભરૂચ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| હાંસોટ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૦ | ૦ | ૦ |
| **કુલઃ** | **૦** | **૦** | **૦** | **૦** | **૨** | **૦** | **૫** | **૦** | **૦** | **૦** |

નોંધઃ બાકીના તાલુકાઓમાં બનાવ બનેલ નથી.

--------

## ખેડા જિલ્લામાં સામૂહિક બળાત્કારના બનાવો

અતારાંકિતઃ ૫૮૮ (૨૪–૬–૨૦૧૩) **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા સામૂહિક બળાત્કારના બનાવો બન્યા છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તે પૈકી કેટલા આરોપીઓ પકડાયા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૪–૧–૨૦૧૪)

(૧) પત્રક –૧ મુજબ.

(૧) પત્રક –૨ મુજબ.

**પત્રક –૧**

| **તાલુકાનું નામ** | **તા. ૧–૪–૨૦૦૮ થી તા. ૩૧–૩–૨૦૦૯** | **તા. ૧–૪–૨૦૦૯ થી તા. ૩૧–૩–૨૦૧૦** | **તા. ૧–૪–૨૦૧૦ થી તા. ૩૧–૩–૨૦૧૧** | **તા. ૧–૪–૨૦૧૧ થી તા. ૩૧–૩–૨૦૧૨** | **તા. ૧–૪–૨૦૧૨ થી તા. ૩૧–૩–૨૦૧૩** |
|---|---|---|---|---|---|
| ઠાસરા | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| **કુલઃ** | **૦** | **૦** | **૦** | **૦** | **૧** |

નોંધઃ બાકીના તાલુકાઓમાં બનાવ બનેલ નથી.

**પત્રક –૨**

| **તાલુકાનું નામ** | **તા.૧–૪–૨૦૦૮ થી તા.૩૧–૩–૨૦૦૯** | | **તા.૧–૪–૨૦૦૯ થી તા.૩૧–૩–૨૦૧૦** | | **તા.૧–૪–૨૦૧૦ થી તા.૩૧–૩–૨૦૧૧** | | **તા.૧–૪–૨૦૧૧ થી તા.૩૧–૩–૨૦૧૨** | | **તા.૧–૪–૨૦૧૨ થી તા.૩૧–૩–૨૦૧૩** | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | **પકડ્યા** | **બાકી** | **પકડયા** | **બાકી** | **પકડયા** | **બાકી** | **પકડયા** | **બાકી** | **પકડયા** | **બાકી** |
| ઠાસરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ |
| **કુલઃ** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૨** | **૦** |

નોંધઃ બાકીના તાલુકાઓમાં બનાવ બનેલ નથી.

--------

## આણંદ જિલ્લામાં સામૂહિક બળાત્કારના બનાવો

અતારાંકિતઃ ૫૮૯ (૨૪–૬–૨૦૧૩) **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા સામૂહિક બળાત્કારના બનાવો બન્યા છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તે પૈકી કેટલા આરોપીઓ પકડાયા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૪–૧–૨૦૧૪)

(૧) પત્રક –૧ મુજબ.

(૧) પત્રક –૨ મુજબ.

**પત્રક –૧**

| **તાલુકાનું નામ** | **તા. ૧–૪–૨૦૦૮ થી તા. ૩૧–૩–૨૦૦૯** | **તા. ૧–૪–૨૦૦૯ થી તા. ૩૧–૩–૨૦૧૦** | **તા. ૧–૪–૨૦૧૦ થી તા. ૩૧–૩–૨૦૧૧** | **તા. ૧–૪–૨૦૧૧ થી તા. ૩૧–૩–૨૦૧૨** | **તા. ૧–૪–૨૦૧૨ થી તા. ૩૧–૩–૨૦૧૩** |
|---|---|---|---|---|---|
| તારાપુર | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| આણંદ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ |
| બોરસદ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ |
| **કુલઃ** | **૦** | **૦** | **૧** | **૧** | **૨** |

નોંધઃ બાકીના તાલુકાઓમાં બનાવ બનેલ નથી.

**પત્રક –૨**

| **તાલુકાનું નામ** | **તા.૧–૪–૨૦૦૮ થી તા.૩૧–૩–૨૦૦૯** | | **તા.૧–૪–૨૦૦૯ થી તા.૩૧–૩–૨૦૧૦** | | **તા.૧–૪–૨૦૧૦ થી તા.૩૧–૩–૨૦૧૧** | | **તા.૧–૪–૨૦૧૧ થી તા.૩૧–૩–૨૦૧૨** | | **તા.૧–૪–૨૦૧૨ થી તા.૩૧–૩–૨૦૧૩** | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | **પકડ્યા** | **બાકી** | **પકડયા** | **બાકી** | **પકડયા** | **બાકી** | **પકડયા** | **બાકી** | **પકડયા** | **બાકી** |
| તારાપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૦ | ૦ | ૦ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આણંદ | ૦ | ૦ | ૦ | ૦ | ૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| બોરસદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦ | ૦ |
| **કુલઃ** | **૦** | **૦** | **૦** | **૦** | **૯** | **૦** | **૪** | **૦** | **૧૦** | **૦** |

નોંધઃ બાકીના તાલુકાઓમાં બનાવ બનેલ નથી.

--------

**અમરેલી જિલ્લામાં સામૂહિક બળાત્કારના બનાવો**

અતારાંકિતઃ ૫૯૦ (૨૪-૬-૨૦૧૩) **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૩-૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલા સામૂહિક બળાત્કારના બનાવો બન્યા છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તે પૈકી કેટલા આરોપીઓ પકડાયા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૧૬-૧-૨૦૧૪)

(૧) કોઇ બનાવ બનેલ નથી.

(૧) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**ડાંગ જિલ્લામાં ગુમ થયેલ બાળકો**

અતારાંકિતઃ ૭૮૮ (૨૪-૬-૨૦૧૩) **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૩-૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ડાંગ જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો ગુમ થયા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર કેટલા બાળકો મળી આવ્યા અને કેટલા બાળકો લાપત્તા છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૧૬-૧-૨૦૧૪)

(૧) પત્રક -૧ મુજબ.

(૧) પત્રક -૨ મુજબ.

**પત્રક -૧**

| તાલુકાનું નામ | તા. ૧-૪-૨૦૦૮ થી તા. ૩૧-૩-૨૦૦૯ | તા. ૧-૪-૨૦૦૯ થી તા. ૩૧-૩-૨૦૧૦ | તા. ૧-૪-૨૦૧૦ થી તા. ૩૧-૩-૨૦૧૧ | તા. ૧-૪-૨૦૧૧ થી તા. ૩૧-૩-૨૦૧૨ | તા. ૧-૪-૨૦૧૨ થી તા. ૩૧-૩-૨૦૧૩ |
|---|---|---|---|---|---|
| આહવા | ૪ | ૨ | ૪ | ૬ | ૧ |

**પત્રક -૨**

| વર્ષ | મળી આવેલ બાળકો | લાપત્તા બાળકો |
|---|---|---|
| તા. ૧-૪-૨૦૦૮ થી તા. ૩૧-૩-૨૦૦૯ | ૪ | ૦ |
| તા. ૧-૪-૨૦૦૯ થી તા. ૩૧-૩-૨૦૧૦ | ૨ | ૦ |
| તા. ૧-૪-૨૦૧૦ થી તા. ૩૧-૩-૨૦૧૧ | ૪ | ૦ |
| તા. ૧-૪-૨૦૧૧ થી તા. ૩૧-૩-૨૦૧૨ | ૬ | ૦ |
| તા. ૧-૪-૨૦૧૨ થી તા. ૩૧-૩-૨૦૧૩ | ૧ | ૦ |

--------

તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

**ગાંધીનગર જિલ્લામાં ગુમ થયેલ બાળકો**

અતારાંકિતઃ ૭૮૯ (૨૪–૬–૨૦૧૩) **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો ગુમ થયા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર કેટલા બાળકો મળી આવ્યા અને કેટલા બાળકો લાપત્તા છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૧૬–૧–૨૦૧૪)

(૧) પત્રક – ૧ મુજબ

(૨) પત્રક – ૨ મુજબ

**પત્રક –૧**

| તાલુકાનું નામ | તા.૧–૪–૨૦૦૮ થી તા.૩૧–૩–૨૦૦૯ | તા.૧–૪–૨૦૦૯ થી તા.૩૧–૩–૨૦૧૦ | તા.૧–૪–૨૦૧૦ થી તા.૩૧–૩–૨૦૧૧ | તા.૧–૪–૨૦૧૧ થી તા.૩૧–૩–૨૦૧૨ | તા.૧–૪–૨૦૧૨ થી તા.૩૧–૩–૨૦૧૩ |
|---|---|---|---|---|---|
| ગાંધીનગર | ૭૩ | ૪૭ | ૬૧ | ૬૧ | ૮૬ |
| કલોલ | ૨૭ | ૩૧ | ૩૫ | ૩૭ | ૨૩ |
| દહેગામ | ૧૧ | ૧૨ | ૨૫ | ૧૬ | ૧૦ |
| માણસા | ૧૨ | ૦૯ | ૦૫ | ૦૯ | ૦૯ |

**પત્રક –૨**

| વર્ષ | મળી આવેલ બાળકો | લાપત્તા બાળકો |
|---|---|---|
| તા.૧–૪–૨૦૦૮ થી તા.૩૧–૩–૨૦૦૯ | ૧૨૧ | ૦૨ |
| તા.૧–૪–૨૦૦૯ થી તા.૩૧–૩–૨૦૧૦ | ૯૬ | ૦૩ |
| તા.૧–૪–૨૦૧૦ થી તા.૩૧–૩–૨૦૧૧ | ૧૨૧ | ૦૫ |
| તા.૧–૪–૨૦૧૧ થી તા.૩૧–૩–૨૦૧૨ | ૧૨૧ | ૦૨ |
| તા.૧–૪–૨૦૧૨ થી તા.૩૧–૩–૨૦૧૩ | ૧૧૪ | ૧૪ |

–––––––

**પંચમહાલ જિલ્લામાં ગુમ થયેલ બાળકો**

અતારાંકિતઃ ૭૯૪ (૨૪–૬–૨૦૧૩) **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો ગુમ થયા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર કેટલા બાળકો મળી આવ્યા અને કેટલા બાળકો લાપત્તા છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૧૬–૧–૨૦૧૪)

(૧) પત્રક – ૧ મુજબ

(૨) પત્રક – ૨ મુજબ

**પત્રક –૧**

| **તાલુકાનું નામ** | **તા.૧–૪–૨૦૦૮ થી તા.૩૧–૩–૨૦૦૯** | **તા.૧–૪–૨૦૦૯ થી તા.૩૧–૩–૨૦૧૦** | **તા.૧–૪–૨૦૧૦ થી તા.૩૧–૩–૨૦૧૧** | **તા.૧–૪–૨૦૧૧ થી તા.૩૧–૩–૨૦૧૨** | **તા.૧–૪–૨૦૧૨ થી તા.૩૧–૩–૨૦૧૩** |
|---|---|---|---|---|---|
| ગોધરા | ૧૮ | ૧૭ | ૨૩ | ૧૪ | ૨૬ |
| શહેરા | ૪ | ૪ | ૧ | ૮ | ૧ |
| મોરવા | ૦ | ૫ | ૧ | ૨ | ૨ |
| લુણાવાડા | ૨ | ૧૦ | ૧૨ | ૬ | ૧૧ |
| ખાનપુર | ૩ | ૧ | ૦ | ૧ | ૧ |
| કડાણા | ૦ | ૦ | ૦ | ૧ | ૩ |
| સંતરામપુર | ૨ | ૧૧ | ૬ | ૭ | ૬ |
| કાલોલ | ૫ | ૪ | ૪ | ૨ | ૩ |
| હાલોલ | ૭ | ૧૧ | ૯ | ૧૦ | ૫ |
| જાંબુઘોડા | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| ઘોઘંબા | ૦ | ૦ | ૨ | ૧ | ૩ |

**પત્રક –૨**

| **વર્ષ** | **મળી આવેલ બાળકો** | **લાપત્તા બાળકો** |
|---|---|---|
| તા.૧–૪–૨૦૦૮ થી તા.૩૧–૩–૨૦૦૯ | ૩૮ | ૩ |
| તા.૧–૪–૨૦૦૯ થી તા.૩૧–૩–૨૦૧૦ | ૬૩ | ૧ |
| તા.૧–૪–૨૦૧૦ થી તા.૩૧–૩–૨૦૧૧ | ૫૪ | ૪ |
| તા.૧–૪–૨૦૧૧ થી તા.૩૧–૩–૨૦૧૨ | ૫૧ | ૧ |
| તા.૧–૪–૨૦૧૨ થી તા.૩૧–૩–૨૦૧૩ | ૫૦ | ૧૧ |

–––––––

**પાટણ જિલ્લામાં ગુમ થયેલ બાળકો**

અતારાંકિતઃ ૭૯૫ (૨૪–૬–૨૦૧૩) **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો ગુમ થયા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર કેટલા બાળકો મળી આવ્યા અને કેટલા બાળકો લાપત્તા છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૧૬–૧–૨૦૧૪)

(૧) પત્રક – ૧ મુજબ

(૨) પત્રક – ૨ મુજબ

**પત્રક –૧**

| **તાલુકાનું** | **તા.૧–૪–૨૦૦૮** | **તા.૧–૪–૨૦૦૯** | **તા.૧–૪–૨૦૧૦** | **તા.૧–૪–૨૦૧૧** | **તા.૧–૪–૨૦૧૨** |
|---|---|---|---|---|---|

| નામ | થી તા.૩૧–૩–૨૦૦૯ | થી તા.૩૧–૩–૨૦૧૦ | થી તા.૩૧–૩–૨૦૧૧ | થી તા.૩૧–૩–૨૦૧૨ | થી તા.૩૧–૩–૨૦૧૩ |
|---|---|---|---|---|---|
| પાટણ | ૬ | ૧૨ | ૨૮ | ૨૬ | ૩૪ |
| સિધ્ધપુર | ૪ | ૧૦ | ૧૧ | ૧૦ | ૯ |
| ચાણસ્મા | ૮ | ૭ | ૧૦ | ૭ | ૮ |
| હારીજ | ૦ | ૧ | ૨ | ૩ | ૩ |
| સમી | ૦ | ૨ | ૩ | ૬ | ૨ |
| રાધનપુર | ૩ | ૧ | ૫ | ૬ | ૮ |
| સાંતલપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

**પત્રક –૨**

| વર્ષ | મળી આવેલ બાળકો | લાપત્તા બાળકો |
|---|---|---|
| તા.૧–૪–૨૦૦૮ થી તા.૩૧–૩–૨૦૦૯ | ૨૦ | ૧ |
| તા.૧–૪–૨૦૦૯ થી તા.૩૧–૩–૨૦૧૦ | ૩૧ | ૨ |
| તા.૧–૪–૨૦૧૦ થી તા.૩૧–૩–૨૦૧૧ | ૫૪ | ૫ |
| તા.૧–૪–૨૦૧૧ થી તા.૩૧–૩–૨૦૧૨ | ૫૧ | ૭ |
| તા.૧–૪–૨૦૧૨ થી તા.૩૧–૩–૨૦૧૩ | ૫૮ | ૬ |

–––––––

**રાજકોટ જિલ્લામાં ગુમ થયેલ બાળકો**

અતારાંકિતઃ ૭૯૬ (૨૪–૬–૨૦૧૩) **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો ગુમ થયા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર કેટલા બાળકો મળી આવ્યા અને કેટલા બાળકો લાપત્તા છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૧૬–૧–૨૦૧૪)

(૧) પત્રક – ૧ મુજબ

(૨) પત્રક – ૨ મુજબ

**પત્રક –૧**

| તાલુકાનું નામ | તા.૧–૪–૨૦૦૮ થી તા.૩૧–૩–૨૦૦૯ | તા.૧–૪–૨૦૦૯ થી તા.૩૧–૩–૨૦૧૦ | તા.૧–૪–૨૦૧૦ થી તા.૧–૩–૨૦૧૧ | તા.૧–૪–૨૦૧૧ થી તા.૩૧–૩–૨૦૧૨ | તા.૧–૪–૨૦૧૨ થી તા.૩૧–૩–૨૦૧૩ |
|---|---|---|---|---|---|
| ગોંડલ | ૮ | ૧૩ | ૧૨ | ૧૨ | ૧૯ |
| જસદણ | ૮ | ૮ | ૩ | ૪ | ૧૩ |
| કોટડા સાંગાણી | ૨ | ૨ | ૧૨ | ૧૧ | ૬ |
| લોધીકા | ૨ | ૩ | ૦ | ૨ | ૮ |
| જેતપુર | ૨૧ | ૧૧ | ૨૨ | ૧૯ | ૨૬ |
| ધોરાજી | ૧૨ | ૬ | ૧૦ | ૧૦ | ૧૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઉપલેટા | ૬ | ૪ | ૭ | ૯ | ૧૫ |
| મોરબી | ૨૧ | ૧૫ | ૨૧ | ૧૬ | ૨૧ |
| વાંકાનેર | ૨ | ૩ | ૯ | ૯ | ૩ |
| માળીયા મીયાણા | ૨ | ૨ | ૦ | ૧ | ૧ |
| ટંકારા | ૨ | ૨ | ૧ | ૪ | ૧ |
| પડધરી | ૦ | ૬ | ૩ | ૧ | ૪ |

**પત્રક –૨**

| વર્ષ | મળી આવેલ બાળકો | લાપત્તા બાળકો |
|---|---|---|
| તા.૧–૪–૨૦૦૮ થી તા.૩૧–૩–૨૦૦૯ | ૭૮ | ૮ |
| તા.૧–૪–૨૦૦૯ થી તા.૩૧–૩–૨૦૧૦ | ૬૯ | ૬ |
| તા.૧–૪–૨૦૧૦ થી તા.૩૧–૩–૨૦૧૧ | ૯૪ | ૬ |
| તા.૧–૪–૨૦૧૧ થી તા.૩૧–૩–૨૦૧૨ | ૯૨ | ૬ |
| તા.૧–૪–૨૦૧૨ થી તા.૩૧–૩–૨૦૧૩ | ૧૦૫ | ૨૩ |

–––––––

**નર્મદા જિલ્લામાં ગુમ થયેલ બાળકો**

અતારાંકિતઃ ૭૯૭ (૨૪–૬–૨૦૧૩) **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર નર્મદા જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો ગુમ થયા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર કેટલા બાળકો મળી આવ્યા અને કેટલા બાળકો લાપત્તા છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૯–૧–૨૦૧૪)

(૧) પત્રક – ૧ મુજબ

(૨) પત્રક – ૨ મુજબ

**પત્રક –૧**

| તાલુકાનું નામ | તા.૧–૪–૨૦૦૮ થી તા.૩૧–૩–૨૦૦૯ | તા.૧–૪–૨૦૦૯ થી તા.૩૧–૩–૨૦૧૦ | તા.૧–૪–૨૦૧૦ થી તા.૩૧–૩–૨૦૧૧ | તા.૧–૪–૨૦૧૧ થી તા.૩૧–૩–૨૦૧૨ | તા.૧–૪–૨૦૧૨ થી તા.૩૧–૩–૨૦૧૩ |
|---|---|---|---|---|---|
| નાંદોદ | ૯ | ૧૦ | ૪ | ૧ | ૦ |
| તિલકવાડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ડેડીયાપાડા | ૦ | ૧ | ૫ | ૩ | ૦ |
| સાગબારા | ૦ | ૧ | ૨ | ૧ | ૩ |

**પત્રક –૨**

| વર્ષ | મળી આવેલ બાળકો | લાપત્તા બાળકો |
|---|---|---|
| તા.૧–૪–૨૦૦૮ થી તા.૩૧–૩–૨૦૦૯ | ૮ | ૧ |

| | | |
|---|---|---|
| તા.૧-૪-૨૦૦૯ થી તા.૩૧-૩-૨૦૧૦ | ૧૨ | ૦ |
| તા.૧-૪-૨૦૧૦ થી તા.૩૧-૩-૨૦૧૧ | ૧૧ | ૦ |
| તા.૧-૪-૨૦૧૧ થી તા.૩૧-૩-૨૦૧૨ | ૪ | ૧ |
| તા.૧-૪-૨૦૧૨ થી તા.૩૧-૩-૨૦૧૩ | ૩ | ૦ |

-------

**સાબરકાંઠા જિલ્લામાં ગુમ થયેલ બાળકો**

અતારાંકિતઃ ૭૯૮ (૨૪-૬-૨૦૧૩) **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૩-૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો ગુમ થયા**,** અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર કેટલા બાળકો મળી આવ્યા અને કેટલા બાળકો લાપત્તા છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૧૬-૧-૨૦૧૪)

(૧) પત્રક – ૧ મુજબ

(૨) પત્રક – ૨ મુજબ

**પત્રક -૧**

| **તાલુકાનું નામ** | **તા.૧-૪-૨૦૦૮ થી તા.૩૧-૩-૨૦૦૯** | **તા.૧-૪-૨૦૦૯ થી તા.૩૧-૩-૨૦૧૦** | **તા.૧-૪-૨૦૧૦ થી તા.૩૧-૩-૨૦૧૧** | **તા.૧-૪-૨૦૧૧ થી તા.૩૧-૩-૨૦૧૨** | **તા.૧-૪-૨૦૧૨ થી તા.૩૧-૩-૨૦૧૩** |
|---|---|---|---|---|---|
| હિંમતનગર | ૧૦ | ૨૦ | ૧૦ | ૧૪ | ૧૬ |
| ઈડર | ૪ | ૨ | ૨ | ૨ | ૩ |
| વડાલી | ૩ | ૦ | ૧ | ૦ | ૧ |
| ખેડબ્રહ્મા | ૨ | ૨ | ૨ | ૨ | ૨ |
| ભીલોડા | ૧ | ૧ | ૧ | ૧ | ૩ |
| વિજયનગર | ૦ | ૫ | ૧ | ૨ | ૦ |
| પ્રાંતિજ | ૨ | ૫ | ૩ | ૬ | ૨ |
| તલોદ | ૧ | ૨ | ૫ | ૬ | ૬ |
| મોડાસા | ૩ | ૧૩ | ૩ | ૫ | ૯ |
| માલપુર | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| મેઘરજ | ૦ | ૦ | ૩ | ૧ | ૨ |
| બાયડ | ૨ | ૨ | ૧ | ૧ | ૦ |
| ધનસુરા | ૦ | ૧ | ૧ | ૦ | ૧ |

**પત્રક -૨**

| **વર્ષ** | **મળી આવેલ બાળકો** | **લાપત્તા બાળકો** |
|---|---|---|
| તા.૧-૪-૨૦૦૮ થી તા.૩૧-૩-૨૦૦૯ | ૨૯ | ૦ |
| તા.૧-૪-૨૦૦૯ થી તા.૩૧-૩-૨૦૧૦ | ૫૩ | ૦ |

| | | |
|---|---|---|
| તા.૧-૪-૨૦૧૦ થી તા.૩૧-૩-૨૦૧૧ | ૩૩ | ૦ |
| તા.૧-૪-૨૦૧૧ થી તા.૩૧-૩-૨૦૧૨ | ૩૯ | ૧ |
| તા.૧-૪-૨૦૧૨ થી તા.૩૧-૩-૨૦૧૩ | ૪૪ | ૧ |

-------

**સુરત જિલ્લામાં ગુમ થયેલ બાળકો**

અતારાંકિતઃ ૭૯૯ (૨૪-૧૨-૨૦૧૩) **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૩-૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો ગુમ થયા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર કેટલા બાળકો મળી આવ્યા અને કેટલા બાળકો લાપત્તા છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૯-૧-૨૦૧૪)

(૧) પત્રક - ૧ મુજબ

(૨) પત્રક - ૨ મુજબ

**પત્રક -૧**

| **તાલુકાનું નામ** | **તા.૧-૪-૨૦૦૮ થી તા.૩૧-૩-૨૦૦૯** | **તા.૧-૪-૨૦૦૯ થી તા.૩૧-૩-૨૦૧૦** | **તા.૧-૪-૨૦૧૦ થી તા.૩૧-૩-૨૦૧૧** | **તા.૧-૪-૨૦૧૧ થી તા.૩૧-૩-૨૦૧૨** | **તા.૧-૪-૨૦૧૨ થી તા.૩૧-૩-૨૦૧૩** |
|---|---|---|---|---|---|
| ઓલપાડ | ૩ | ૦ | ૪ | ૧ | ૦ |
| કામરેજ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ |
| કોસંબા | ૪ | ૨ | ૦ | ૪ | ૩ |
| માંગરોલ | ૦ | ૨ | ૨ | ૦ | ૦ |
| ઉમરપાડા | ૦ | ૦ | ૦ | ૦ | ૨ |
| બારડોલી | ૪ | ૩ | ૨ | ૩ | ૮ |
| માંડવી | ૦ | ૧ | ૧ | ૨ | ૧ |
| મહુવા | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| પલસાણા | ૭ | ૩ | ૦ | ૦ | ૨ |
| કટોદરા જી.આઈ.ડી.સી. | ૨ | ૨ | ૩ | ૬ | ૨૧ |

**પત્રક -૨**

| **વર્ષ** | **મળી આવેલ બાળકો** | **લાપત્તા બાળકો** |
|---|---|---|
| તા.૧-૪-૨૦૦૮ થી તા.૩૧-૩-૨૦૦૯ | ૨૧ | ૨ |
| તા.૧-૪-૨૦૦૯ થી તા.૩૧-૩-૨૦૧૦ | ૧૪ | ૧ |
| તા.૧-૪-૨૦૧૦ થી તા.૩૧-૩-૨૦૧૧ | ૧૩ | ૦ |
| તા.૧-૪-૨૦૧૧ થી તા.૩૧-૩-૨૦૧૨ | ૧૭ | ૧ |
| તા.૧-૪-૨૦૧૨ થી તા.૩૧-૩- | ૩૫ | ૫ |

| | | |
|---|---|---|
| ૨૦૧૩ | | |

–––––––

**સુરેન્દ્રનગર જિલ્લામાં ગુમ થયેલ બાળકો**

અતારાંકિતઃ ૮૦૦ (૨૪–૬–૨૦૧૩) **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો ગુમ થયા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર કેટલા બાળકો મળી આવ્યા અને કેટલા બાળકો લાપત્તા છે ?

**એચબી–૫૬૭–**

**મુખ્યમંત્રી (ગૃહ) :** (૯–૧–૨૦૧૪)

(૧) પત્રક – ૧ મુજબ

(૨) પત્રક – ૨ મુજબ

**પત્રક –૧**

| **તાલુકાનું નામ** | **તા.૧–૪–૨૦૦૮ થી તા.૩૧–૩–૨૦૦૯** | **તા.૧–૪–૨૦૦૯ થી તા.૩૧–૩–૨૦૧૦** | **તા.૧–૪–૨૦૧૦ થી તા.૩૧–૩–૨૦૧૧** | **તા.૧–૪–૨૦૧૧ થી તા.૩૧–૩–૨૦૧૨** | **તા.૧–૪–૨૦૧૨ થી તા.૩૧–૩–૨૦૧૩** |
|---|---|---|---|---|---|
| ધ્રાંગધ્રા | ૭ | ૩ | ૧ | ૦ | ૧૭ |
| મુળી | ૧ | ૦ | ૦ | ૦ | ૨ |
| વઢવાણ | ૩ | ૩ | ૧ | ૦ | ૧૫ |
| સાયલા | ૫ | ૨ | ૩ | ૪ | ૩ |
| પાટડી | ૨ | ૧ | ૧ | ૨ | ૧ |
| ચોટીલા | ૨ | ૩ | ૩ | ૬ | ૨૦ |
| હળવદ | ૦ | ૧ | ૧ | ૨ | ૩ |
| લીંબડી | ૦ | ૧ | ૧ | ૨ | ૫ |
| લખતર | ૦ | ૦ | ૦ | ૧ | ૩ |
| ચુડા | ૦ | ૦ | ૦ | ૨ | ૨ |

**પત્રક –૨**

| **વર્ષ** | **મળી આવેલ બાળકો** | **લાપત્તા બાળકો** |
|---|---|---|
| તા.૧–૪–૨૦૦૮ થી તા.૩૧–૩–૨૦૦૯ | ૨૦ | ૦ |
| તા.૧–૪–૨૦૦૯ થી તા.૩૧–૩–૨૦૧૦ | ૧૪ | ૦ |
| તા.૧–૪–૨૦૧૦ થી તા.૩૧–૩–૨૦૧૧ | ૧૧ | ૦ |
| તા.૧–૪–૨૦૧૧ થી તા.૩૧–૩–૨૦૧૨ | ૧૭ | ૨ |
| તા.૧–૪–૨૦૧૨ થી તા.૩૧–૩–૨૦૧૩ | ૬૨ | ૯ |

–––––––

**વડોદરા જિલ્લામાં ગુમ થયેલ બાળકો**

અતારાંકિતઃ ૮૦૧ (૨૪–૬–૨૦૧૩) **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો ગુમ થયા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર કેટલા બાળકો મળી આવ્યા અને કેટલા બાળકો લાપત્તા છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૭–૧–૨૦૧૪)

(૧) પત્રક – ૧ મુજબ

(૨) પત્રક – ૨ મુજબ

**પત્રક –૧**

| **તાલુકાનું નામ** | **તા.૧–૪–૨૦૦૮ થી તા.૩૧–૩–૨૦૦૯** | **તા.૧–૪–૨૦૦૯ થી તા.૩૧–૩–૨૦૧૦** | **તા.૧–૪–૨૦૧૦ થી તા.૩૧–૩–૨૦૧૧** | **તા.૧–૪–૨૦૧૧ થી તા.૩૧–૩–૨૦૧૨** | **તા.૧–૪–૨૦૧૨ થી તા.૩૧–૩–૨૦૧૩** |
|---|---|---|---|---|---|
| વડોદરા | ૩ | ૨ | ૦ | ૧ | ૨ |
| કરજણ | ૨ | ૦ | ૫ | ૦ | ૭ |
| શિનોર | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| સાવલી | ૪ | ૦ | ૩ | ૦ | ૩ |
| પાદરા | ૦ | ૧ | ૦ | ૬ | ૧૦ |
| વાઘોડીયા | ૦ | ૦ | ૧ | ૦ | ૧૦ |
| સંખેડા | ૦ | ૦ | ૪ | ૧ | ૧ |
| નસવાડી | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| ડભોઇ | ૦ | ૧ | ૩ | ૩ | ૫ |
| છોટા ઉદેપુર | ૦ | ૦ | ૨ | ૦ | ૧ |
| કવાંટ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| જેતપુર | ૧ | ૦ | ૦ | ૦ | ૫ |

**પત્રક –૨**

| **વર્ષ** | **મળી આવેલ બાળકો** | **લાપત્તા બાળકો** |
|---|---|---|
| તા.૧–૪–૨૦૦૮ થી તા.૩૧–૩–૨૦૦૯ | ૧૧ | ૦ |
| તા.૧–૪–૨૦૦૯ થી તા.૩૧–૩–૨૦૧૦ | ૪ | ૧ |
| તા.૧–૪–૨૦૧૦ થી તા.૩૧–૩–૨૦૧૧ | ૧૬ | ૨ |
| તા.૧–૪–૨૦૧૧ થી તા.૩૧–૩–૨૦૧૨ | ૯ | ૩ |
| તા.૧–૪–૨૦૧૨ થી તા.૩૧–૩–૨૦૧૩ | ૩૬ | ૮ |

–––––––

**વલસાડ જિલ્લામાં ગુમ થયેલ બાળકો**

અતારાંકિતઃ ૮૦૨ (૨૪–૬–૨૦૧૩) **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો ગુમ થયા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર કેટલા બાળકો મળી આવ્યા અને કેટલા બાળકો લાપત્તા છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૯–૧–૨૦૧૪)

(૧) પત્રક – ૧ મુજબ

(૨) પત્રક – ૨ મુજબ

**પત્રક –૧**

| **તાલુકાનું નામ** | **તા.૧–૪–૨૦૦૮ થી તા.૩૧–૩–૨૦૦૯** | **તા.૧–૪–૨૦૦૯ થી તા.૩૧–૩–૨૦૧૦** | **તા.૧–૪–૨૦૧૦ થી તા.૩૧–૩–૨૦૧૧** | **તા.૧–૪–૨૦૧૧ થી તા.૩૧–૩–૨૦૧૨** | **તા.૧–૪–૨૦૧૨ થી તા.૩૧–૩–૨૦૧૩** |
|---|---|---|---|---|---|
| વલસાડ | ૧૨ | ૮ | ૧૩ | ૧૮ | ૨૩ |
| પારડી | ૩૩ | ૪૧ | ૨૯ | ૫૯ | ૬૮ |
| ધરમપુર | ૨ | ૦ | ૦ | ૦ | ૬ |
| કપરાડા | ૭ | ૦ | ૦ | ૧ | ૪ |
| ઉંમરગામ | ૫ | ૧૫ | ૧૨ | ૧૪ | ૯ |

**પત્રક –૨**

| **વર્ષ** | **મળી આવેલ બાળકો** | **લાપત્તા બાળકો** |
|---|---|---|
| તા.૧–૪–૨૦૦૮ થી તા.૩૧–૩–૨૦૦૯ | ૫૩ | ૬ |
| તા.૧–૪–૨૦૦૯ થી તા.૩૧–૩–૨૦૧૦ | ૬૦ | ૪ |
| તા.૧–૪–૨૦૧૦ થી તા.૩૧–૩–૨૦૧૧ | ૪૯ | ૫ |
| તા.૧–૪–૨૦૧૧ થી તા.૩૧–૩–૨૦૧૨ | ૮૨ | ૧૦ |
| તા.૧–૪–૨૦૧૨ થી તા.૩૧–૩–૨૦૧૩ | ૮૮ | ૨૨ |

–––––––

**તાપી જિલ્લામાં ગુમ થયેલ બાળકો**

અતારાંકિતઃ ૮૦૭ (૨૪–૦૬–૨૦૧૩) **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૦૩/૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર તાપી જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો ગુમ થયા, અને

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી વર્ષવાર કેટલા બાળકો મળી આવ્યા અને કેટલા બાળકો લાપત્તા છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૬–૧–૨૦૧૪)

(૧) પત્રક –૧ મુજબ

(૨) પત્રક –૨ મુજબ

**પત્રક–૧**

| તાલુકાનું નામ | તા.૧.૪.૨૦૦૮ થી તા.૩૧.૩.૨૦૦૯ | તા.૧.૪.૨૦૦૯ થી તા.૩૧.૩.૨૦૧૦ | તા.૧.૪.૨૦૧૦ થી તા.૩૧.૩.૨૦૧૧ | તા.૧.૪.૨૦૧૧ થી તા.૩૧.૩.૨૦૧૨ | તા.૧.૪.૨૦૧૨ થી તા.૩૧.૩.૨૦૧૩ |
|---|---|---|---|---|---|
| વાલોડ | ૦ | ૦ | ૨ | ૧ | ૦ |
| વ્યારા | ૨ | ૨ | ૨ | ૧૪ | ૧૦ |
| સોનગઢ | ૦ | ૦ | ૪ | ૧ | ૨ |
| ઉચ્છલ | ૦ | ૦ | ૧ | ૪ | ૨ |
| નિઝર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

**પત્રક–૨**

| વર્ષ | મળી આવેલ બાળકો | લાપત્તા બાળકો |
|---|---|---|
| તા.૧.૪.૨૦૦૮ થી તા.૩૧.૩.૨૦૦૯ | ૧ | ૧ |
| તા.૧.૪.૨૦૦૯ થી તા.૩૧.૩.૨૦૧૦ | ૨ | ૦ |
| તા.૧.૪.૨૦૧૦ થી તા.૩૧.૩.૨૦૧૧ | ૯ | ૦ |
| તા.૧.૪.૨૦૧૧ થી તા.૩૧.૩.૨૦૧૨ | ૨૦ | ૦ |
| તા.૧.૪.૨૦૧૨ થી તા.૩૧.૩.૨૦૧૩ | ૧૪ | ૦ |

--------

**શંખેશ્વર પાસે આવેલ જેસડા ચોકી પાસે આઈસર ગાડીમાંથી મળી આવેલ ગૌમાંસ**

અતારાંકિતઃ ૨૦૪૯ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તીર્થધામ શંખેશ્વર પાસે આવેલ જેસડા ચોકી પાસે જૂલાઈ–૨૦૧૩ના પ્રથમ સપ્તાહમાં પોલીસ ચેકીંગ દરમ્યાન આઈસર ગાડીમાંથી ગૌમાંસ (બીફ) મળી આવ્યું હતું તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ કામના આરોપી કોણ છે, તેની સામે વાહન જપ્ત કરવાની શી કાર્યવાહી થઈ છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) **:** (૭–૧૦–૨૦૧૩)

(૧) ના, જી. ચેકીંગ દરમ્યાન નહિં પરંતુ ફરિયાદ મળતાં તા.૦૫–૦૭–૨૦૧૩ ના રોજ કલાકઃ ૧૩.૦૦ ના સમયે જેસડા પાટીયા પાસે લોલાડા આઉટ પોસ્ટની હદમાંથી આઈસર ગાડી નંબર જી.જે.૧/એ.ટી.૫૬૯૬ માંથી ૪૦ કિલોગ્રામ ગૌમાંસ (બીફ) મળી આવેલ છે અને કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

(૨) આ કામના નીચે દશાર્વેલ આરોપી સામે કાયદેસર કાર્યવાહી કરી નામદાર કોર્ટ કસ્ટડીમાં મોકલી આપેલ છે તથા આઈસર ગાડી હાલ જપ્ત કરેલ છે,જે પોલીસ સ્ટેશનમાં જમા લીધેલ છે.

(૧) સીપાઈ મુન્નાભાઈ યુસુફભાઈ
(૨) સીપાઈ ઐયુબભાઈ કાસમભાઈ
(૩) અકતરભાઈ યુસુફભાઈ
(૪) દિવાન મહેબુબશા રહેમાનશા.

--------

**રાજસ્થાનથી ગુજરાતનાં ગેરકાયદે કતલખાને લઈ જવાતા બળદોની ટ્રકો હિંમતનગર બાયપાસ રોડ પરથી મળવા બાબત**

અતારાંકિતઃ ૨૦૫૦ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) હિંમતનગર બાયપાસ રોડ પરથી તા.૩૦–૦૪–૨૦૧૩ના રોજ રાજસ્થાનથી ગુજરાતના ગેરકાયદે કતલખાનામાં ધકેલાતા ૧૪૪ ગૌવંશ બળદો ભરેલી ૧૨ ટ્રકો પોલીસે પકડી હતી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ ગુનાહીત કામના મૂળ આરોપીઓ કોણ કોણ છે તેની સામે વાહન જપ્ત કરવા સહિતની શી કાર્યવાહી કરવામાં આવી?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) **:** (૭-૧૦-૨૦૧૩)

(૧) ના, જી. તા.૩૦-૦૪-૨૦૧૩ ના રોજ રાજસ્થાનથી ૧૪૪ ગૌવંશ-બળદો ભરીને ૧૨ ટ્રકોમાં આવેલ ખેડુતો બળદોના માલિક હતા અને તેઓ પાસે જરૂરી પરમીટ/ દસ્તાવેજો હતા.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**રાજ્ય માનવ અધિકાર પંચમાં, પંચના સભ્યો તથા સ્ટાફની ખાલી જગ્યા**

અતારાંકિતઃ ૨૩૧૮ (૨૧-૧૧-૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય ગૃહ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્ય માનવ અધિકાર પંચના તા. ૩૦ જૂન-૨૦૧૩ ની સ્થિતિએ પંચના કેટલા સભ્યોની જગ્યા ખાલી છે,

(૨) તે કેટલા સમયથી ખાલી છે,

(૩) ખાલી રહેવાના કારણો શું છે, અને

(૪) સરકાર તે ક્યાં સુધીમાં ભરવા માંગે છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) **:** (૪-૧-૨૦૧૪)

(૧) એકય નહીં.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**બાળશ્રમિક નાબુદી અભિયાન અંતર્ગત ટાસ્કફોર્સની રચના**

અતારાંકિતઃ ૨૫૦૯ (૦૧-૦૨-૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) બાળશ્રમિક નાબુદી અભિયાન અંતર્ગત અસરકારક અમલીકરણ અને મોનીટરીંગ માટે રાજ્યમાં જિલ્લા કક્ષાએ કલેકટરના અધ્યક્ષસ્થાને ટાસ્કફોર્સની રચના કરવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ૩૦ જુન-૨૦૧૩ ની સ્થિતિએ રાજ્યમાં કયા કયા જિલ્લામાં ટાસ્કફોર્સ રચાયાં છે, અને

(૩) આ ટાસ્કફોર્સે ઉકત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં શી કામગીરી કરી અને કેટલા બાળમજુરો બચાવ્યા ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :** (૧૬-૧-૨૦૧૪)

(૧) હા જી.

(૨) તારીખ ૩૦ જુન-૨૦૧૩ ની સ્થિતિએ રાજયના ડાંગ જિલ્લા સિવાયના તમામ જિલ્લાઓમાં ટાસ્કફોર્સની રચના કરવામાં આવેલ છે.

(૩) આ ટાસ્કફોર્સ ના અધ્યક્ષ કલેકટરશ્રી હોઈ તેમના અધ્યક્ષ સ્થાને દર માસે એક મીટીંગ તથા દર માસે ઓછામાં ઓછી બે રેડ ટાસ્કફોર્સ દ્વારા કરવામાં આવે છે. તારીખ ૩૦-જુન-૨૦૧૩ની સ્થિતીએ છેલ્લા ત્રણ વર્ષમાં ટાસ્કફોર્સ દ્વારા કુલ-૧૪૯૨ બાળમજુરો બચાવવામાં આવેલ છે.

-------

**એચબી-૫૬૭-**

**ભાવનગર જિલ્લામાં તાલુકાવાર વોટરશેડ પ્રોજેક્ટ હેઠળ સમિતિ મંડળીઓની રચના**

અતારાંકિતઃ ૧૦૩૦ (૧૮–૦૬–૨૦૧૩) **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) :** માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૪–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં વોટરશેડ પ્રોજેક્ટ મંજૂર થયા,

(૨) આ પૈકી ઉકત સ્થિતિએ કયા કયા ગામોમાં કયા કયા પ્રકારની સમિતિઓ મંડળીઓની રચના કઈ તારીખે કરવામાં આવી,

(૩) ઉકત સ્થિતિએ સમયમર્યાદામાં કયા કયા ગામોમાં રચના કરવામાં આવી નથી, અને ન કરવાનાં કારણો કયા છે,

(૪) ઉકત સ્થિતિએ જવાબદારો સામે શાં શિક્ષાત્મક પગલાંઓ લેવામાં આવ્યા, અને

(૫) આવા શિક્ષાત્મક પગલાંઓ ન લેવાનાં શાં કારણો છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી :** (૭–૧૦–૨૦૧૩)

(૧) તા.૩૦–૦૪–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભાવનગર જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ હેઠળ ૮ તાલુકાના ૯૮ ગામોનાં વોટરશેડ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે જેની વર્ષવાર અને તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ૧. | ૨૦૧૧ | કીન્ટેક એનર્જી પ્રા.લી. | હે. ૪–૦૦–૦૦ | સુબાપુરા તા. સમી | ૪.૪.૧૧ | સરકારી પડતર | ૪–૦૦–૦૦ | પ્ર.હે.રૂા.૧૦૦૦૦ ભાડુ | ૭.૩.૧૨ | – |
| ૨. | ૨૦૧૧ | કીન્ટેક એનર્જી પ્રા.લી. | હે. ૨૨–૦૦–૦૦ | કુંવર તા. સમી | ૪.૪.૧૧ | સરકારી પડતર | ૨૨–૦૦–૦૦ | પ્ર.હે.રૂા.૧૦૦૦૦ ભાડુ | ૭.૩.૧૨ | – |
| **૧૯.** | **પોરબંદર** | શૂન્ય | | | | | | | | |
| **૨૦.** | **રાજકોટ** | | | | | | | | | |
| ૧. | ૨૦૧૧ | શ્રી રામરાજ્ય ઈન્ટરનેશનલ, ગોંડલ | ૧૪૯૭૩૪ ચો.મી. ૩૨૫૩૭૦ ચો.મી. | થોરાળા જેતપુર | ૭–૪–૧૧ | સરકારી | – | – | – | – |
| ૨. | ૨૦૧૧ | શ્રી રોયલ એલીબ્રેશન્સ, ગોંડલ | ૧૧૦૦૦૦ ચો.મી. | નવાગામ ગોંડલ | ૭–૪–૧૧ | સરકારી | – | – | – | – |
| ૩. | ૨૦૧૧ | શ્રી ડાંડી કેમકુડ પ્રા.લી., ગાંધીનગર | એ.૧૦૦૦–૦૦ | નવલખી માળીયા (મી) | ૨૦–૮–૧૧ | સરકારી | – | – | – | તા.૩–૧–૧૨ |
| ૪. | ૨૦૧૧ | શ્રી ઈ.પી.પી. કોમ્પોમીટસ પ્રા.લી., લોધીકા | – | ભુણાવા ગોંડલ | ૧–૧૧–૧૧ | સરકારી | – | – | – | – |
| ૫. | ૨૦૧૧ | કેપ્ટન ટ્રેક્ટર્સ, શાપર વેરાવળ, તા. કોટડાસાંગાણી | ૪૦૦૦૦ ચો.મી. | શાપર કોટડાસાંગાણી | ૨૩–૯–૧૧ | સરકારી | – | – | – | – |
| **૨૧.** | **સાબરકાંઠા** | શૂન્ય | | | | | | | | |
| **૨૨.** | **સુરત** | | | | | | | | | |
| ૧. | ૨૦૧૧ | કેડીયા એનર્જી, સુરત | હે. ૧૩૫–૫૦–૯૬ | પીજરત, તા. ઓલપાડ | ૩૧–૫–૧૧ | સરકારી ખાર | – | – | – | – |
| **૨૩.** | **સુરેન્દ્રનગર** | શૂન્ય | | | | | | | | |
| **૨૪.** | **વડોદરા** | | | | | | | | | |
| ૧. | ૨૦૧૧ | ડાયમન્ડ પાવર ઈન્ફ્રા.લી., વડોદરા | ૨૦૮૪૧ ચો.મી. | વડદલા તા. સાવલી | ૯.૧.૧૨ | – | – | – | – | ૨૯.૨.૧૨ |
| ૨. | ૨૦૧૧ | સ્માર્ટ બાયો સાયન્સ ટેકનો. પ્રા.લી., વડોદરા | ૬૦૬૮૩૮ ચો.મી. | ડેસર તા. સાવલી | ૪.૭.૧૨ | – | – | – | – | ૮.૨.૧૩ |
| **૨૫.** | **વલસાડ** | | | | | | | | | |
| ૧. | ૨૦૧૧ | શ્રી ગઢીયા સોલાર એનર્જી સીસ્ટમ પ્રા.લી., ગુંદલાવ, તા.જિ. વલસાડ | ૧૦૦ થી ૧૫૦ એકર | ઉમરગામ, તા. ઉમરગામ | ૨૫–૦૬–૧૧ | ખાંજણહેડે ચાલતી | – | – | – | – |
| **૨૬.** | **તાપી** | શૂન્ય | | | | | | | | |

––––––––

તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

## નવી સ્થપાતી પાંજરાપોળોને જમીન ફાળવવા બાબત

અતારાંકિતઃ ૨૫૮૧ (૨૫-૧-૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં નવી સ્થપાતી પાંજરાપોળોને વિના મૂલ્યે કે રાહતદરે જમીન ફાળવવા નવેમ્બર-૨૦૧૩ની સ્થિતિએ રાજ્ય સરકારે કોઈ વિચારણા કે નિર્ણય કર્યો છે, અને

(૨) જો હા, તો તેની શી વિગત છે ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૬-૨-૨૦૧૪)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## અમદાવાદના ભીક્ષુક કેન્દ્રોમાં ભીક્ષુકોની સંખ્યા

અતારાંકિતઃ ૨૪૭૯ (૧૧-૧૨-૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમદાવાદ શહેર અને જિલ્લામાં આવેલ ભીક્ષુક કેન્દ્રોમાં ભીક્ષુકોની સન ૨૦૧૧ અને ૨૦૧૨ માં કેટલા ભીક્ષુકો દાખલ કરવામાં આવ્યા,

(૨) તે પૈકી ઉકત સમયગાળા દરમિયાન કેટલા ભાગી છૂટયા, અને

(૩) તે માટે સંચાલકો સામે બેદરકારીના શાં પગલાં લેવાયા ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :** (૩૧-૧-૨૦૧૪)

(૧) અને (૨) અમદાવાદ શહેર અને જિલ્લામાં આવેલ ભીક્ષુક કેન્દ્રોમાં સન ૨૦૧૧ અને ૨૦૧૨ માં દાખલ કરવામાં આવેલ ભીક્ષુકો તથા ભાગી છૂટેલ ભીક્ષુકોની વિગત નીચે મુજબ છે.

| **સન ૨૦૧૧** | | **સન ૨૦૧૨** | |
|---|---|---|---|
| **ભીક્ષુક કેન્દ્રોમાં દાખલ કરવામાં આવેલ ભીક્ષુકો** | **ભાગી છૂટેલ ભીક્ષુકો** | **ભીક્ષુક કેન્દ્રોમાં દાખલ કરવામાં આવેલ ભીક્ષુકો** | **ભાગી છૂટેલ ભીક્ષુકો** |
| ૯૧ | ૩૧ | ૧૧૭ | ૩૬ |

**એચબી-૫૮૩-** સ્થામાંથી ભાગી જતા અંતેવાસીઓ બાબતે સંચાલકો, ફરજ પરના ગાર્ડ કર્મચારીઓને નોટીસ આપવામાં ...ત્યે બેદરકારી સબબ સ્પષ્ટતા મેળવી તકેદારી રાખવા સૂચના આપવામાં આવે છે.

---------

## રાજ્યમાં વીજ કંપનીઓએ વીજદરમાં કરેલ વધારો

અતારાંકિતઃ ૨૨૯૫ (૧૯-૧૦-૨૦૧૩) **શ્રી છબીલભાઇ ના. પટેલ(અબડાસા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૭-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન રાજ્યમાં કઈ કઈ વીજ કંપનીઓએ કઈ કઈ કેટેગરીના ગ્રાહકો માટે વર્ષવાર કેટલી વખત વીજદર વધારો કર્યો,

(૨) કેટલીવાર ફયુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જમાં વધારો કર્યો, અને

(૩) ઉકત વધારાઓ અન્વયે વર્ષવાર ગ્રાહકો પર કુલ કેટલા રૂપિયાનો વધારાનો બોજો પડ્યો ?

**ઉર્જા મંત્રીશ્રી :** (૭-૧-૨૦૧૪)

(૧) ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ની જોગવાઈ મુજબ, રાજ્યના વિવિધ કેટેગરીના વીજગ્રાહકો માટેના વીજદરો નક્કી કરવાની બાબત નામ. ગુજરાત વીજ નિયમન આયોગના સ્વતંત્ર કાર્યક્ષેત્ર હેઠળ છે. તા.૩૧-૭-૨૦૧૩ની સ્થિતિએ

છેલ્લા ત્રણ વર્ષમાં નામ. વિજ નિયમન આયોગનાં આદેશ દ્ધારા રાજ્યમાં તા.૧–૯–૨૦૧૧, તા.૧–૬–૨૦૧૨ અને તા.૧–૪–૨૦૧૩ની અસરથી અનુક્રમે સરેરાશ ૧૩ પૈસા પ્રતિ યુનિટ, ૧૦ પૈસા પ્રતિ યુનિટ તથા ૩૪ પૈસા પ્રતિ યુનિટ ભાવવધારો કરવામાં આવ્યો. આ તમામ આદેશોમાં ગરીબી રેખા હેઠળના ગ્રાહકોના વિજ દરમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી જ્યારે તા.૧–૬–૨૦૧૨ ના આદેશ દ્ધારા ખેતીવાડી વિષયક ગ્રાહકોના વિજ દરમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી.

નામ. આયોગ દ્ધારા હોર્સ પાવર (એચ.પી.) આધારિત ગ્રાહકો માટે તા.૧–૯–૨૦૧૧ અને તા.૧–૪–૨૦૧૩ની અસરથી અનુક્રમે રૂ.૧૫/હોર્સ પાવર/માસ (૧૮૦–હોર્સ પાવર–વર્ષ) અને રૂ.૨૫/ હોર્સ પાવર/માસ(૩૦૦/હોર્સ પાવર/વર્ષ) વીજ દરમાં વધારો કરેલ પરંતુ ગુજરાત સરકાર દ્ધારા ગ્રાહકો પાસેથી જુના ભાવ (૭.૫ હો.પા. સુધી રૂ.૬૬૫/હો.પા./વર્ષ તથા ૭.૫ હો.પા. થી વધુ માટે રૂ.૮૦૭.૫/હો.પા./વર્ષ) પ્રમાણે જ વસૂલાત કરવાનું નક્કી કરવામાં આવેલ છે. મંજૂર થયેલ વીજ ભાવની પૂર્તિ કરી આપવા માટે રાજ્ય સરકાર વીજ કંપનીઓએ સબસીડી આપે છે. આ ઉપરાંત ફયુઅલ સરચાર્જની રકમ ખેતી વિષયક ગ્રાહકો પાસેથી વસૂલ કરવાના બદલે, રાજ્ય સરકાર સદર ફયુઅલ સરચાર્જની રકમ વીજ વિતરણ કંપનીઓને સબસીડી રૂપે ચૂકવે છે.

(૨) નામદાર ગુજરાત વિજ નિયમન આયોગે મંજૂર કરેલ ફયુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જ વસૂલવાની પદ્ધતિ અનુસાર દર ત્રણ મહીને ગણતરી કરીને વધઘટ મુજબ ફયુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જ વસૂલાય છે. તા.૧–૭–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષ દરમ્યાન વસૂલાયેલ ફયુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જ રૂ.પ્રતિ યુનિટની વિગત નીચે મુજબ છે.

| **વસૂલાતનો ત્રિમાસિક ગાળો** | **વસૂલાયેલ ફયુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જ (રૂ.પ્રતિ યુનિટ)** | **વધ–ઘટ (રૂ.પ્રતિ યુનિટ)** |
|---|---|---|
| જુલાઈ–સપ્ટેમ્બર–૨૦૧૦ | ૦.૬૨ | –૦.૦૧ |
| ઓકટોબર–ડીસેમ્બર–૨૦૧૦ | ૦.૬૧ | –૦.૦૧ |
| જાન્યુઆરી–માર્ચ–૨૦૧૧ | ૦.૬૩ | ૦.૦૨ |
| એપ્રિલ–જૂન–૨૦૧૧ | ૦.૭૩ | ૦.૧ |
| જુલાઈ–સપ્ટેમ્બર–૨૦૧૧ | ૦.૭૯ | ૦.૦૬ |
| ઓકટોબર–ડીસેમ્બર–૨૦૧૧ | ૦.૮૯ | ૦.૧ |
| જાન્યુઆરી–માર્ચ–૨૦૧૨ | ૧.૫૭* | ૦.૬૮ |
| એપ્રિલ–જૂન–૨૦૧૨ | ૧.૩૭ | –૦.૨ |
| જુલાઈ–સપ્ટેમ્બર–૨૦૧૨ | ૧.૨૪ | –૦.૧૩ |
| ઓકટોબર–ડીસેમ્બર–૨૦૧૨ | ૧.૧૮ | –૦.૦૬ |
| જાન્યુઆરી–માર્ચ–૨૦૧૩ | ૧.૧૮ | ૦ |
| એપ્રિલ–જૂન–૨૦૧૩ | ૧.૦૫ | –૦.૧૩ |

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન નામ. વિજ નિયમન આયોગનાં આદેશો દ્ધારા વિજ દરોમાં થયેલ વાર્ષિક વધારાઓ અને ફયુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જમાં થયેલ ત્રિમાસિક વધ–ઘટ અન્વયે ગ્રાહકો પર પડેલ અંદાજીત વધારાના બોજાની વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

| **સમય ગાળો** | **ગ્રાહકો પર કુલ પડેલ બોજો (રૂ.કરોડ)** | | |
|---|---|---|---|
| | વીજ દર | ફયુઅલ એડજસ્ટમેન્ટ | કુલ |
| જુલાઈ–૨૦૧૦–જૂન–૨૦૧૧ | ૦* | ૮૧ | ૮૧ |
| જુલાઈ–૨૦૧૧–જૂન–૨૦૧૨ | ૪૧૩ | ૫૨૫ | ૯૩૯ |
| જુલાઈ–૨૦૧૨–જૂન–૨૦૧૩ | ૭૦૬ | –૩૧૧ | ૩૯૪ |

*જુલાઈ ૨૦૧૦–જૂન–૨૦૧૧ દરમ્યાન વિજ દરોમાં કોઈ વધારો કરેલ ન હોવાથી આ સમયગાળા દરમિયાન કોઈ બોજો પડેલ નથી.

જવાબ–૧ માં જણાવ્યા મુજબ સરકારશ્રી દ્ધારા ખેતીવાડીના ગ્રાહકો માટે સબસીડી આપવામાં આવતી હોવાથી આ અન્વયે વીજદર તથા ફયુઅલ ચાર્જમાં થયેલા વધારાઓના કારણે ખેતીવાડીના ગ્રાહકો પર કોઈ વધારાનો બોજ પડેલ નથી. સરકારશ્રી દ્ધારા ખેતીવાડી ગ્રાહકોના હિતને અનુલક્ષીને ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ ને વર્ષવાર વર્ષ ૨૦૧૦–૧૧ માં રૂ.૨૬૬૨ કરોડ, વર્ષ ૨૦૧૧–૧૨ માં રૂ.૩૨૯૬ કરોડ તથા વર્ષ ૨૦૧૨–૧૩ માં રૂ.૩૮૧૫ કરોડની સબસીડી ચૂકવવામાં આવેલ છે.

---------

## કચ્છ જિલ્લામાં વીજ વપરાશના દર

અતારાંકિતઃ ૨૨૯૮ (૧૯–૧૦–૨૦૧૩) **શ્રી છબીલભાઈ ના. પટેલ(અબડાસા) :** માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૭–૨૦૧૩ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ખેતી વપરાશ, ઘર વપરાશ અને વાણિજ્યિક હેતુઓ માટે વપરાતી વિજળીના યુનિટ દર શું છે,

(૨) ઉકત સ્થિતિએ આ ભાવો છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા વખત વધારવામાં આવ્યા, અને

(૩) આ ભાવો વધારવાના કારણો શાં છે ?

**ઉર્જા મંત્રીશ્રી :** (૨૩–૧૨–૨૦૧૩)

(૧) તા.૩૧–૭–૨૦૧૩ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ખેતી વપરાશ, ઘર વપરાશ અને વાણિજ્યિક હેતુઓ માટે વપરાતી વિજળીના યુનિટ દર નીચે મુજબ છે.

| **ટેરીફ ઓર્ડર તારીખ** | **૧૬–૪–૨૦૧૩** |
|---|---|
| **નાણાંકીય વર્ષ** | **૨૦૧૩–૧૪** |
| **ખેતીવાડી** | |
| હોર્સ પાવર (એચ.પી.) આધારિત (રૂા.એચ.પી.વર્ષ)* | ૨૪૦૦ |
| હોર્સ પાવર (એચ.પી.) આધારિત સિવાય | |
| નિશ્ચિત દર (રૂા.એચ.પી.વર્ષ) | ૨૪૦ |
| ઉર્જા દર (પૈસા–યુનિટ) | ૬૦ |
| ઉર્જા દર – તત્કાલ (પૈસા–યુનિટ) | ૮૦ |
| સિંચાઈ (નદી, કેનાલ, ડેમ વગેરેમાંથી પાણી ખેતરો સુધી લઈ જવા) | |
| નિશ્ચિત દર (રૂા. હો.પા. માસ) | ૪૦ |
| ઉર્જા દર (પૈસા.યુનિટ) | ૧૭૦ |
| **ઘરવપરાશના સામાન્ય હેતુઓ માટે** | |
| નિશ્ચિત દર | રૂા.માસ |
| ૨ કિ.વો. સુધી | ૧૫ |
| ૨–૪ કિ.વો. | ૨૫ |
| ૪–૬ કિ.વો. | ૪૫ |
| ૬ કિ.વો. થી વધુ | ૬૫ |
| ઉર્જા દર (ગ્રામ્ય સિવાય) | પૈસા–યુનિટ |
| ૧–૫૦ યુનિટ | ૩૧૫ |
| ૫૧–૧૦૦ યુનિટ | ૩૬૦ |
| ૧૦૧–૨૫૦ યુનિટ | ૪૨૫ |
| ૨૫૧ થી વધુ | ૫૨૦ |
| **ઉર્જા દર (ગ્રામ્ય)** | પૈસા–યુનિટ |
| ૧–૫૦ યુનિટ | ૨૭૫ |
| ૫૧–૧૦૦ યુનિટ | ૩૨૦ |
| ૧૦૧–૨૫૦ યુનિટ | ૩૮૫ |
| ૨૫૧ થી વધુ | ૪૯૦ |
| **ગરીબી રેખાની નીચેના ગ્રાહક** | |
| નિશ્ચિત દર | રૂા.૫ માસ |
| ઉર્જા દર | પૈસા–યુનિટ |
| પ્રથમ ૩૦ યુનિટ | ૧૫૦ |
| બાકીના યુનિટ | ઘરવપરાશ મુજબ |

| **ટેરીફ ઓર્ડર તારીખ** | **૧૬–૪–૨૦૧૩** |
|---|---|
| **બિન ઘરવપરાશ (૪૦ કિ.વો. સુધી) – જોડાયેલ વીજ લોડ માટે** | |
| નિશ્ચિત દર | રૂા.–માસ |
| પ્રથમ ૧૦ કિ.વો. લોડ માટે | ૪૫ |
| પછીના ૩૦ કિ.વો. લોડ માટે | ૭૫ |
| ઉર્જા દર | પૈસા–યુનિટ |
| વીજભાર ૧૦ કિ.વો. સુધી હોય તેવા ગ્રાહકોના સંપૂર્ણ માસિક વપરાશ માટે | ૪૨૫ |
| વીજભાર ૧૦ કિ.વો. થી વધુ હોય તેવા ગ્રાહકોના સંપૂર્ણ માસિક વપરાશ માટે | ૪૫૫ |
| માત્ર રાત્રિ દરમ્યાન વપરાશ માટે (રાત્રે ૧૦ થી સવારના ૬ સુધી) | ૨૫૦ |
| બિન ઘરવપરાશ (૪૦–૧૦૦ કિ.વો.) (એલટીએમડી)– વીજ માંગ આધારિત | |
| નિશ્ચિત દર | રૂા./માસ |
| પ્રથમ ૪૦ કિ.વો. વીજ માંગ માટે | ૮૫ |
| પછીના ૨૦ કિ.વો. વીજ માંગ માટે | ૧૨૦ |
| ૬૦ કિ.વો. થી વધુ વીજ માંગ માટે | ૧૮૫ |
| કરાર માંગથી વધુ વીજ માંગ માટે | ૨૫૫ |
| ઉર્જા દર | પૈસા–યુનિટ |
| સંપૂર્ણ માસિક વપરાશ માટે | ૪૬૦ |
| માત્ર રાત્રિ દરમ્યાન વપરાશ માટે (રાત્રે ૧૦ થી સવારના ૬ સુધી) | ૨૫૦ |
| **રિએકટીવ એનર્જી ચાર્જ – ૧૦ પૈસા/Kvar** | |
| શૈક્ષણિક, ચેરિટેબલ તથા રિસર્ચ સંસ્થાઓ માટે | |
| નિશ્ચિત દર (રૂા.માસ) | ૬૦ |
| ઉર્જા દર (પૈસા–યુનિટ) | ૩૮૦ |

* માનનીય આયોગ દ્ધારા હોર્સ પાવર (એચ.પી.) આધારિત ગ્રાહકો માટે રૂા.૨૦૦/હોર્સપાવર/માસ (૨૪૦૦/હોર્સ પાવર/વર્ષ) વીજ દર નક્કી કરેલ છે. પરંતુ ગુજરાત સરકાર દ્ધારા ગ્રાહકો પાસેથી જુના ભાવ (૭.૫ હો.પા. સુધી રૂા.૬૬૫ હો.પા. વર્ષ તથા ૭.૫ હો.પા. થી વધુ માટે રૂા.૮૦૭.૫/હો.પા./વર્ષ) પ્રમાણે વસૂલાત કરવાનું નક્કી કરવામાં આવેલ છે. મંજૂર થયેલ વીજ ભાવની પૂર્તિ કરી આપવા માટે રાજ્ય સરકાર વીજ કંપનીઓને સબસીડી આપે છે. આ ઉપરાંત ફ્યુઅલ સરચાર્જની રકમ ખેતી વિષયક ગ્રાહકો પાસેથી વસૂલ કરવાના બદલે, રાજ્ય સરકાર સદર ફ્યુઅલ સરચાર્જની રકમ વીજ વિતરણ કંપનીઓને સબસીડી રૂપે ચૂકવે છે.

(૨) તા.૩૧–૭–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નામદાર વિજ નિયમન આયોગનાં આદેશ દ્ધારા રાજ્યમાં તા.૧–૯–૨૦૧૧, તા.૧–૬–૨૦૧૨ અને તા.૧–૪–૨૦૧૩ ની અસરથી અનુક્રમે સરેરાશ ૧૩ પૈસા, ૧૦ પૈસા તથા ૩૪ પૈસાનો ભાવવધારો કરવામાં આવ્યો. આ તમામ આદેશ અંતર્ગત ગરીબી રેખા હેઠળનાં ગ્રાહકોના વિજ દરમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી, જ્યારે તા.૧–૬–૨૦૧૨ નાં આદેશ દ્ધારા ખેતીવાડી વિષયક ગ્રાહકોના વિજ દરમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી.

(૩) રાજ્યમાં તમામ કક્ષાના વિજગ્રાહકોના વિજદરો નક્કી કરવાની સત્તા નામદાર વિજ નિયમન આયોગના કાર્યક્ષેત્રમાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયા પારદર્શી છે તથા જાહેર જનતાની જાણ કરી તેમની પાસેથી વાંધા/સૂચનો મંગાવવામાં આવે છે. નામદાર આયોગ વિજવિતરણ કંપનીઓ તરફથી રજૂ કરવામાં આવેલ હિસાબો અને રજૂઆતની પૂરેપૂરી ચકાસણી કરી, અન્ય પક્ષકારોની રજૂઆતો/વાંધા, પ્રવર્તમાન બળતણ તથા તેના વહનના તેમજ અન્ય ભાવવધારાને લક્ષ્યમાં લઈ વિજદર નક્કી કરે છે.

વીજ ખરીદ કિંમતમાં મુખ્યત્વે બળતણનો ખર્ચ ૭૦ ટકા જેટલો હોય છે. ગુજરાતને કોલસો દુરના કોલ બ્લોકમાંથી પણ ફાળવવામાં આવેલ છે, જેને કારણે પરિવહન ખર્ચ વધી જાય છે. કોલસાના દરો તથા પરિવહન માટેના રેલ્વે નુર ના દરો વીજ કંપનીઓના અંકુશમાં હોતા નથી. આ દરોમાં વારંવાર થતા વધારાના કારણે વીજ દરમાં વધારો થતો હોય છે. તદ્ઉપરાંત, રાજ્યમાં ગેસ આધારિત વીજ મથકો ઉપલબ્ધ છે. પરંતુ અપૂરતા ડોમેસ્ટીક ગેસની ફાળવણીના કારણે આ વીજ

મથકોમાંથી પુરેપુરું ઉત્પાદન લઈ શકાતું નથી, પરંતુ વીજ ખરીદીના કરારની શરતો મુજબ તેનો ફીકસ ખર્ચ વીજ કંપનીઓએ ભોગવવો પડે છે.

તદુપરાંત નામદાર વીજ નિયમન આયોગના નિયમો અનુસાર બિનપરંપરાગત સ્ત્રોતોમાંથી આયોગે નક્કી કરેલ જથ્થો ફરજીયાતપણે ખરીદવાનો હોય છે જે પરંપરાગત સ્ત્રોતોનાં દર કરતા સામાન્યતઃ વધુ હોય છે. જેથી સરેરાશ વીજ ખરીદ ભાવ વધી જાય છે. વીજળીને ભાવોમાં વધારો મુખ્યત્વે સમયાંતરે વધતા જતા બળતણ ના ભાવ, ફુગાવા, વ્યાજના દર, ટેકસ, ડયુટી વિગેરેના કારણે હોય છે.

---------

**વીજ કંપનીઓને વીજદરમાં વધારો કરવાની છૂટ**

અતારાંકિતઃ ૨૬૭૬ (૯–૧–૨૦૧૪) : **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) :** માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૧૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં વીજ કંપનીઓને પૂર્વ મંજૂરી વિના કેટલો વીજદરમાં વધારો કરવાની છૂટ રાજ્ય સરકારે આપી છે, તે હકીકત સાચી છે,

(૨) ઉકત સ્થિતિએ આવી છૂટ આપવાનાં શા કારણો છે, અને

(૩) ઉકત નિર્ણયથી ગ્રાહકો અને કંપનીઓને કેવો ફાયદો થશે ?

**ઉર્જા મંત્રીશ્રી :** (૧–૨–૨૦૧૪)

(૧) છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં વીજ કંપનીઓને માન. ગુજરાત વીજ નિયમન આયોગની મંજૂરી વિના કોઈપણ વીજદરમાં વધારો કરવાની છૂટ રાજ્ય સરકારે આપી નથી.

રાજ્યમાં તમામ કક્ષાના વીજગ્રાહકોના વીજદરો નક્કી કરવાની સત્તા નામદાર વીજ નિયમન આયોગના કાર્યક્ષેત્રમાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયા પારદર્શી છે તથા જાહેર જનતાને જાણ કરી તેમની પાસેથી વાંધા/સૂચનો મંગાવવામાં આવે છે. જાહેર જનતાને તેમનો પક્ષ મૂકવાની તથા તે અંગે સૂચનો/વાંધાઓ રજૂ કરવાની તક આપવામાં આવે છે. નામદાર, આયોગ વિજવિતરણ કંપનીઓ તરફથી રજૂ કરવામાં આવેલ હિસાબો અને રજૂઆતોની પૂરેપૂરી ચકાસણી કરી, અન્ય પક્ષકારોની રજૂઆતો/વાંધા, પ્રવર્તમાન બળતણ તથા તેના વહનના તેમજ અન્ય ભાવવધારાને લક્ષ્યમાં લઈ વીજદર નક્કી કરે છે. આમ, નામદાર વિજ નિયમન આયોગની મંજૂરી વિના વીજદરમાં ફેરફાર કરવાની સત્તા રાજ્ય સરકાર કે વિજ વિતરણ કંપનીઓને નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યમાં કલેકટરો તથા તેમના તાબાના અધિકારીઓ/કર્મચારીઓના સરકારી વાહનોમાં**

**ગેર કાયદેસર લાઈટ/સાઈરન મૂકવા બાબત**

અતારાંકિતઃ ૨૩૨૪ (૧૯–૧૦–૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્ય સરકારના ગૃહ વિભાગના તા.૧૨–૧–૨૦૦૪ ના હુકમથી વાહનવ્યવહાર જિલ્લા કલેકટરો તથા તેના તાબાના અધિકારીઓના સરકારી વાહનો પર લાઈટ/સાઈરન મૂકવાની સત્તા મળતી નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૦ જૂન–૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં ક્યા ક્યા કલેકટરો અને તેના તાબાના અધિકારી/કર્મચારીઓના સરકારી વાહનોમાં ગેરકાયદે લાઈટ/સાઈરન મૂકાયેલ છે,

(૩) તે કેટલા સમયથી ચાલુ છે,

(૪) સરકારી વાહનોમાં લાઈટ/સાઈરન મૂકનારા અને કાયદાનો ભંગ કરનારા જવાબદારો સામે ઉચ્ચકક્ષાએ શાં પગલાં લેવાયાં છે અને શી શિક્ષા થઈ છે, અને

(૫) ગેરકાયદે લાઈટ/સાઈરન સાથે ફરવાની ગુનાહીત પ્રવૃતિ કરનારા તમામ અધિકારી/કર્મચારીઓની લાઈટ/સાઈરન તત્કાલ ઉતારી લેવા શી કાર્યવાહી થઈ અને કેટલાની ઉતારી લેવાયી ?

**એચબી–૫૮૩–**

**વાહન વ્યવહાર મંત્રીશ્રી :** (૯–૧–૨૦૧૪)

(૧) હા, જી.

(૨) આવી કોઈ વિગત કલેકટ (એકત્રિત) કરવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) આવી બાબત ધ્યાન ઉપર આવેલ નથી.

(૫) આવી બાબત ધ્યાન ઉપર આવેલ નથી.

---------

**અતારાંકિત યાદીમાં સમાવેલ પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૨૩૪૨, ૨૩૪૩, ૨૩૪૪, ૨૩૪૫, ૨૩૪૬ | ૫ |
| ૨ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૨૪૬૭, ૨૪૬૮ | ૨ |
| ૩ | વન અને પર્યાવરણ વિભાગ | ૨૪૫૪, ૨૪૫૬, ૨૪૫૯, ૨૪૬૦, ૨૪૬૪, ૨૪૬૫, ૨૪૯૨ | ૭ |
| ૪ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૨૪૭૬, ૨૫૧૩ | ૨ |
| ૫ | ગૃહ વિભાગ | ૫૬૯, ૫૭૦, ૫૭૧, ૫૭૪, ૫૭૫, ૫૭૬, ૫૮૩, ૭૮૨, ૭૮૩, ૭૮૪, ૭૮૭, ૭૯૦, ૮૦૫, ૮૦૬, ૨૩૨૦ | ૧૫ |
| ૬ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૨૪૭૭, ૨૫૪૩, ૨૬૬૦, ૨૭૧૫, ૨૭૧૬ | ૫ |
| ૭ | કાયદા વિભાગ | ૨૩૦૪ | ૧ |
| ૮ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૨૪૪૯, ૨૫૨૨, ૨૬૧૨ | ૩ |
| ૯ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૨૬૨૨ | ૧ |
| ૧૦ | મહેસૂલ વિભાગ | ૮૭૫, ૮૭૬, ૮૭૭, ૨૫૮૧ | ૪ |
| ૧૧ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૨૪૭૯ | ૧ |
| ૧૨ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૨૨૯૫, ૨૨૯૮, ૨૬૭૬ | ૩ |

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧૩ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૨૩૨૪ | ૧ |
| | | કુલ | ૫૦ |

-------

શ્રી જશુભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી,..

અધ્યક્ષશ્રી : મારે કાંઇ નથી સાંભળવું, તમે કહો એટલે મારે સાંભળવું જોઇએ એવું નથી. કોઇ સવાલ નથી. જરાય નહીં. કોઈ સવાલ નથી. (અંતરાય) તમે બધા બેસી જાઓ. મેં મારું બહુ સ્પષ્ટ રૂલિંગ આપી દીધું છે. મેં પહેલેથી કહ્યું કે આપના દંડકશ્રી ઊભા છે તમે બેસી જાઓ. હું દંડકશ્રી અને વિરોધપક્ષના નેતાશ્રીને પૂરેપૂરી રીતે સાંભળીશ. તમારા વતી રજૂઆત કરવા માટે થઇને તમે ૩૦ જણા ઊભા થઇ જાઓ અને હું જે કહું છું કે, આ પ્રશ્ન આમાં નથી લાગતો, પછી તમારે ૩૦ જણાએ ઊભા થઇ જવાનું અને અત્યારે રજૂઆત કરવાની? જે કંઇ કહેવું હોય એ મારી ચેમ્બરમાં આવીને વાત કરજો અહીં કોઇ સવાલ નથી. (અંતરાય) હજીયે તમારે કંઇ કહેવું હોય તો કહો તમે, દંડકશ્રીને હજુ કહું છું. દંડકશ્રી અને વિપક્ષના નેતાશ્રીને પૂરો અધિકાર છે અને હું શાંતિથી સાંભળીશ. તમે બેસો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી,...

અધ્યક્ષશ્રી : નહીં, નથી કરવી રજૂઆત, કયા કાયદા પ્રમાણે રજૂઆત કરો છો? માનનીય પુંજાભાઇ, તમે સાંભળી લો. હું ના પાડું છું. સામે કાંઇ બોલવાનું નથી. તમારા દંડકશ્રીને હું મોકો આપું છું એમને જે કહેવું હોય એ હું સાંભળીશ. દંડકશ્રી સિવાય બાકીના બેસી જાઓ. (અંતરાય) તમારો અધિકાર હોય તો મને ચોપડીમાં બતાવજો. આપણા વિધાનસભાના નિયમોની બૂક વાંચી અને મને કહેજો કે આ નિયમ પ્રમાણે હું કહું છું. બાકીના કોઇ નહીં, દંડકશ્રીને હું કહું છું. (અંતરાય) જરાય નહીં, સામે બોલવાનું નથી. તમે બેસી જાઓ. તમને બોલવાનો અધિકાર નથી. દંડકશ્રીને રજૂઆત કરવાનો અધિકાર છે. જુઓ, માનનીય પુંજાભાઇ, તમને છેલ્લી ચેતવણી આપું છું, મહેરબાની કરીને તમે બેસી જાઓ. બોલો દંડકશ્રી,(અંતરાય) દંડકશ્રીને કહોને હું સાંભળું છું દંડક શ્રુ. તમારા વિપક્ષના નેતાશ્રી મારફત સાંભળીશ, દંડકશ્રી મારફત સાંભળીશ. હું કોઇને ના નથી પાડતો અને કાયદામાં જો અધિકાર હશે તો હું દરેક સભ્યશ્રીને પણ સાંભળીશ. ભાઇ, શાંતિ રાખો. સાંભળો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોત્તરી દરમિયાન (અંતરાય) પહેલાં મને હવે બોલવા દો.

અધ્યક્ષશ્રી : સાંભળવા દો, મેં એને કહ્યું છે કે, હું તમને સાંભળીશ એટલે એમને કહેવા દો.

શ્રી ગણપતભાઇ વે. વસાવા ( વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, એમને બોલવાનો અધિકાર નથી.

અધ્યક્ષશ્રી : છતાંય મેં છૂટ આપી છે,

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારી આપને વિનંતી છે કે,

અધ્યક્ષશ્રી : એક મિનિટ, બીજા કોઇ વચ્ચે બોલો નહિ, સૌ શાંતિથી સાંભળો દંડકને

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : પ્રશ્ન નંબર-૬ એકદમ વ્યવસ્થિત ચાલતો હતો, માત્ર એટલું જ કહેવાનું છે કે,

અધ્યક્ષશ્રી : હા બોલો,

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, જે અમારા લોકો પૂછી રહ્યા હતા અને આપને જે વાત કરતા હતા કે પ્રશ્ન નંબર-૬ અને પ્રશ્ન નંબર-૫૯ એ બન્ને આપ જોશો તો આપને ખ્યાલ આવશે કે બન્નેના જવાબમાં તફાવત છે, અમારા જે સભ્યશ્રી પૂછી રહ્યા હતા અને એ કહી રહ્યા હતા કે તારીખ ૩૧-

૧૨–૧૩ની સ્થિતિએ અમદાવાદ – ગાંધીનગર મેટ્રો રેલ માટે.. (અંતરાય) સાહેબ મને બોલવા દો, આ બધા સભ્યો એમ કહે કે મને પણ નહિ બોલવાનું એ..

અધ્યક્ષશ્રી : તમે બોલો હું તો આ પટેલને બોલાવું છું તમે તમારું પ્રવચન ચાલુ રાખોને, હું સાંભળું છું કે પ્રશ્ન નંબર–૬ અને ૫૯માં બન્નેના જવાબમાં તફાવત છે

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : ગાંધીનગરને જોડતા મેટ્રો રેલની કામગીરી કયા કોન્ટ્રાકટરને આપવામાં આવી હતી, આ કોન્ટ્રાકટર બાબત જ પૂછતા હતા, બીજો જે જવાબ આપ્યો હતો કે આ પ્રોજેકટ માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા કે કેમ? એમાં જ ત્રીજો પ્રશ્ન એ હતો કે જો હા તો ટેન્ડરો બહાર પાડવા પાછળ રાજય સરકારે કુલ કેટલું ખર્ચ કરેલ છે? ૫૯ નંબરના પ્રશ્નમાં સેઇમ આ બધી જ મેટર પૂછેલી છે,

અધ્યક્ષશ્રી : એક મિનિટ ભાઇ એમને કહેવા દો, એમને બોલવાની તો તક આપો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, એમાં સ્પષ્ટ લખેલું છે કે ૫૩૧ કરોડ રૂપિયા આ બન્નેએ સેઇમ પ્રશ્ન પૂછેલ છે, બન્નેના જવાબ અલગ અલગ છે, માટે સભ્યશ્રીઓ રસ લઇને પૂછતા હતા અને એ વાત કરતા હતા, આપ રેકર્ડ જોશો તો આપને ખ્યાલ આવશે કે કોન્ટ્રાકટર બાબતમાં પૂછતા હતા એના કારણે આ પરિસ્થિતિનું નિર્માણ થયું છે, માનનીય જશુભાઇ જે પૂછી રહ્યા હતા એ આ જ વસ્તુ પૂછી રહ્યા હતા,

અધ્યક્ષશ્રી : જૂઓ આ હાઉસની અંદર રૂલીંગ પણ આપેલા છે એક પ્રશ્ન જે શરૂઆતમાં આવે એના જવાબ જે આપ્યા હોય તે જ પ્રશ્ન આગળ પૂછાયો હોય કે અગાઉ પૂછાયો હોય અને એના જવાબ આપ્યા હોય તો એની કમ્પેરીઝન તમે ક્યારે કરો જ્યારે ૫૯ નંબરનો પ્રશ્ન આવે ત્યારે, જે પ્રશ્ન ચર્ચામાં આવે એના માટે આપણે વિશ્લેષણ કરી શકીએ, એનો અર્થ એવો નહિ કે આ ૨૬૦ પ્રશ્નો જે છે એના માટે વાત કરવી, પ્રશ્ન પૂછવાવાળા છેને એકજ સરખાં પ્રશ્નો પૂછે છે, જરાક ફેરફાર કરીને પણ પૂછે છે એટલે જવાબ કયા સેન્સમાં આપ્યો તે ૫૯ નંબરનો પ્રશ્ન જ્યારે આવે ને, ત્યારે આપણે ૬ નંબરના પ્રશ્ન અને ૫૯ નંબરના પ્રશ્ન વચ્ચે જવાબમાં શું તફાવત છે તે કહી શકીએ, અત્યારે જ્યાં સુધી હાઉસના રેકર્ડ પર ન આવે, ત્યાં સુધી આપણે કમ્પેરીઝન કરી શકીએ નહિ. ૬ નંબરના પ્રશ્નમાં કંઇક જુદી વાત કરી હોય પૂછ્યુ હોય બીજું અને જવાબ જુદો આપ્યો હોય એવું કંઇ આમાં બન્યું નથી, પણ ૬ નંબરનો પ્રશ્ન અને ૫૯ નંબરનો પ્રશ્ન સરખાં છે અને જવાબ જુદા છે એ જે તમારી કહેવાની વાત છે ને એમાં પ્રશ્ન સરખાં જ છે, (અંતરાય) એક મિનિટ, સાંભળો શું કહો છો? (અંતરાય) એક મિનિટ અરે ભાઇ, મારે જજમેન્ટ આપવાનું છે ને, એક મિનિટ ભાઇ ૫૯ નંબરનો પ્રશ્ન જૂઓ જ નહિ કોઇ, બધાય ભૂલી જાઓ ૫૯ નંબરનો પ્રશ્ન, ૬ નંબરમાં જે કહેવાનું હોય તે કહો, ૫૯ ભૂલી જાઓ બધાય, તમે પણ.. (અંતરાય) તમે શું કરવાને ઊભા થાઓ છો?

શ્રી નીતિનભાઇ ર. પટેલઃ માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) નહિ નહિ બલવંતસિંહ તમે મારી વાત સાંભળો તમે •(xxxxxx) રજૂઆત કરો છો..

અધ્યક્ષશ્રી : નીતિનભાઇ બેસી જાઓ, (xxxxxx) ભલે રજૂઆત કરે, તમે જે મને કહ્યું એનો મેં જવાબ આપ્યો છે,

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારી જે આપને કહેવાની વાત છે પહેલાં અમારા સભ્યશ્રી પૂછતા હતા એમાં સાહેબ આપ જે ત્રીજી લાઇનની વાત કરતા હતા ઉપરની બે લાઇનમાં ટેન્ડરની વાત અમારા સભ્યશ્રી પૂછી રહ્યા હતા. આ મારી એક વાત પેટા પ્રશ્નમાં,

અધ્યક્ષશ્રી : તમારી જગ્યાએ બેસો પહેલાં (શ્રી રામસિંહ પરમારને ઉદ્દેશીને) અને બેઠાં બેઠાં બોલવાનું બંધ કરો, તમે નહિ. ફરીને જતા રહો.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : અને માનનીય અધ્યક્ષશ્રી બીજી વાત અમારી એટલી હતી કે, જે જવાબ પૂછી રહ્યા હતા ટેન્ડરના એ સીધેસીધા કોન્ટ્રાકટર બાબતમાં વાત કરતા હતા અને બીજા ૫૯ નંબરના પ્રશ્નમાં એ જ સેઇમ મેટર હતી, આ મારી બે વાત હું આપને કરતો હતો એ પ્રમાણેની વાત હું કરતો હતો,

અધ્યક્ષશ્રી : એક મિનિટ, મારે આની ચર્ચા જ નથી કરવી, આ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી, આ તો હું એમને ખાલી સમજણ આપવા માટે કહુ છું કે તમને જે બહાર કાઢ્યા છે એ બરાબર વ્યવસ્થિત રીતે કાઢ્યા છે,

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : ના ના, સાહેબ. તમે કહો તો અમે બધા જતા રહીએ?

અધ્યક્ષશ્રી : તમે જે કહો છો, આ પ્રશ્નમાંથી ઊભુ થતું હોય તો એની ચર્ચા માટે થઇને પણ આપણા નિયમોમાં છે. અત્યારે તો તમને મેં સ્પેશ્યલ અહીં ઓપોર્ચ્યુનીટી આપી છે. જે પ્રશ્નની વાત હોય એની પ્રશ્નોત્તરી પછી પણ ચર્ચા ના થાય, તેની ચર્ચા કરવી હોય તો તમારે નિયમ પ્રમાણે તેની વિધિ કરવી જોઇએ અને તેની મંજૂરી મળે પછી આપણે તેની ચર્ચા કરી શકીએ, છતાં પણ તમારામાં ગેરસમજ થઇ હોય કે ૬ નંબરનો પ્રશ્ન અને ૫૯ નંબરનો પ્રશ્ન. (અંતરાય) બે સવાલની કમ્પેરીઝન અત્યારે કરાય નહીં.. (અંતરાય) તમે બેસો એકને મોકો આપ્યો છે જશુભાઇ. કોઇને મોકો આપવો ના જોઇએ છતાંય દંડક અને વિપક્ષના નેતા ઊભા થાય ત્યારે તેને સન્માન આપીને મારે તેમને સાંભળવા જોઇએ એટલે તેમને હું સાંભળુ છું. આ કોઇ પ્રશ્ન નથી અને તેનાથી પણ હું કહું તમારી પાસે તૈયાર માલ જ હોય? કાંઇક વાત હોય એટલે ખિસ્સામાંથી પેમ્ફલેટ કાઢીને અહીંયા હાઉસમાં બતાવવાનું? અને તેની અંદર પ્રશ્નને લગતા કોઇ સ્લોગન નહોતા. સ્લોગન તો બીજા જ હતા, એટલે તમારે આમાં કંઇ રહેતું નથી. હજું તમને કોઇ એમ્બીગ્યુટી રહેતી હોય તો હજી જે આપણી પ્રશ્નની કાર્યવાહી થાય છે કે પ્રશ્નના ખોટા જવાબ અપાયા હોય તો એના માટે તમને કાર્યવાહી કરવાની છૂટ છે હું ના નથી પાડતો. ચાલો આગળ. નેકસ્ટ. (અંતરાય) બલવંતસિંહ તમને છતાંય સંતોષ આપ્યો છે. (અંતરાય) પણ હજુય હું ચર્ચા કરવા તૈયાર છું અને પ્રશ્નોત્તરી દરમિયાન, હાઉસમાં નહીં. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : રેકર્ડ જોજો, તેમાં છઠ્ઠા પ્રશ્નની વાત ચાલતી હતી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પાછળના પ્રશ્નનું કમ્પેરીઝન આગળના પ્રશ્ન સાથે થાય જ નહીં. (અંતરાય) તમે બેસો, તમને કાંઇ વાત કરવા ના મળે. આ તો મેં પહેલા જ કહ્યું કે નિયમની બહાર જઇ અને દંડક હોય કે વિપક્ષના નેતા હોય તેને સન્માન આપીને તેને સાંભળવા જોઇએ એટલે તેને હું સાંભળું છું. તમારા બધાયની વાત એ જ કહે છે પછી આમાં બધાયને કહેવાની જરૂર નથી. બેસો તમે, તમે જ કહો જે કહેવું હોય તે (અંતરાય) એક મિનિટ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : મેં સાહેબ આપને એ કહ્યું કે આપ એક વખત રેકર્ડ તપાસો અને રેકર્ડની અંદર અમારા એક પણ સભ્યએ આ પ્રશ્ન સિવાયનો કોઇ પ્રશ્ન પૂછયો હોય એવો જરાય ઇતિહાસ નથી.

અધ્યક્ષશ્રી : પરેશભાઇ ધાનાણીને મેં જ કહ્યું કે આ પ્રશ્ન છે તે રેલવે માટેનો છે તે ટેન્ડરો માટે નથી, અને એ એમ પૂછે કે કેટલા કેટલા ટેન્ડર આવ્યા ? કેટલા મંજૂર કર્યા ? કેટલા રિજેકટ કર્યા ? આ તેણે પૂછયુ છે તમે રેકર્ડ જોજો અને એટલે મારે તેમને કહેવું પડયું છે કે આ ટેન્ડર વિશે પૂછો નહીં. હવે તમને કાંઇ એમ્બીગ્યુટી રહેતી હોય તો મારી પાસે આવજો આપણે ચર્ચા કરી લઇશું. (અંતરાય) તમને અન્યાય થયો હોય. (અંતરાય) જશુભાઇ, તમને ત્રણ વખત કહ્યું છે પુંજાભાઇને કહ્યું તેમ કે તમારા વતી હું તેમને રિસ્પેકટ આપીને બોલવા દઉં છું. તમારે કાંઇ રજૂઆત કરવાની ના હોય. તમારે રજૂઆત કરવી હોય તો તમારા દંડકશ્રીને કહો, વિપક્ષના નેતાને કહો તો હું તેને ચોખ્ખે ચોખ્ખું સન્માન આપીને હું તેને બરાબર, નિયમ મુજબ કાર્યવાહી થઇ છે તે વાત કરીશ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર માટે તેનો અધિકાર તો છે ને?

અધ્યક્ષશ્રી : નહીં, નહીં, પોઇન્ટ ઓફ ઓર્ડર શેના માટે ? જે તે વખતે હોય પ્રશ્નમાં એમ્બીગ્યુટી રહી હોય તો તેના નિરાકરણ માટે કાયદામાં જોગવાઇ છે. તમે તેનો આશરો લઇ અને હાઉસમાં આવો આપણે તેની ચર્ચા કરીશું તેનો કોઇ સવાલ નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર છે જ નહીં. (અંતરાય) એ કહે એટલે મારે માની જવાનું પોઇન્ટ ઓફ ઓર્ડર? તેમને તો મેં આઠ વખત બેસવાનું કહ્યું. જે માણસ અહીંયા હાઉસની ડિસીપ્લીન મેઇન્ટેઇન નથી કરતા, તેમના હક્ક અને અધિકારનું રક્ષણ કરવું એવી રીતે તો બન્ને જાતની અપેક્ષા રાખશો નહીં. હું તમામ સભ્યોને સન્માનનીય રીતે...(અંતરાય) બેસો તમે, કોઇ સવાલ નથી. નેકસ્ટ, અત્યારે હવે તમારો કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. આ પ્રશ્ન બાબતની અંદર..(અંતરાય) ભાઇ તમે હવે બેસી જાઓ, કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. મેં સન્માનીય દંડકશ્રીને સાંભળ્યા છે અને હું ફરીથી કહું છું કે આ પક્ષમાં હોય કે આ પક્ષમાં હોય (અંતરાય) તો કાંઇ વાંધો નહીં તમારે જે કરવું હોય તે કરો કોઇ સવાલ નથી. નેકસ્ટ,

**(આ તબક્કે સભાગૃહમાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.)**

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### ગુજરાત ફાઉન્ડેશન ફોર મેન્ટલ હેલ્થ એન્ડ એલાઇડ સાયન્સીસ કંપનીનો અહેવાલ,

શ્રી નીતિનભાઇ ર. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ફાઉન્ડેશન ફોર મેન્ટલ હેલ્થ એન્ડ એલાઇડ સાયન્સીસ કંપનીનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

### ગુજરાત રાજય બાંધકામ નિગમ લિમિટેડનો અહેવાલ

શ્રીમતી આનંદીબેન મ. પટેલ (માર્ગ અને મકાન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય બાંધકામ નિગમ લિમિટેડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

### ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો અહેવાલ

શ્રીમતી આનંદીબેન મ. પટેલ (માર્ગ અને મકાન મંત્રીશ્રી) :માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૨–૨૦૧૩ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

### ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો અહેવાલ

શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૧૨–૨૦૧૩ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટિંગ કોર્પોરેશન લિમિટેડનો અહેવાલ**

શ્રી સૌરભભાઈ પટેલ ( કુટિર ઉદ્યોગ અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટિંગ કોરપોરેશન લિમિટેડનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

**ગુજરાત જાહેર સેવા આયોગનો અહેવાલ**

શ્રી નીતિનભાઈ ર. પટેલ (સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૧૨–૨૦૧૩ નો વાર્ષિક અહેવાલ અને આયોગની સલાહના અસ્વીકારના કિસ્સાઓની સ્પષ્ટીકરણાત્મક યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ અને સ્પષ્ટીકરણાત્મક યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનું અંદાજપત્ર તથા સુધારેલ અંદાજપત્ર**

**શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનું સન ૨૦૧૪–૨૦૧૫ના વર્ષનું અંદાજપત્ર તથા સન ૨૦૧૩–૨૦૧૪ના વર્ષનું સુધારેલ અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અંદાજપત્ર તથા સુધારેલ અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

**ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડનો અહેવાલ**

શ્રી સૌરભભાઈ પટેલ ( શ્રમ અને રોજગાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડનો સન ૨૦૧૧–૨૦૧૨ નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

**પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની અધિસૂચનાઓ**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (પંચાયત મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની–

સન ૧૯૯૩ ના ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયેની

(૧) તા. ૨૪–૧૨–૨૦૧૩ ની અધિસૂચના ક્રમાંક–કેપી–૨૦૧૩નો ૩૪–પીઆરઆર–૧૦૨૦૧૧–૨૭૮૦–ચ

(૨) તા. ૨૪–૧૨–૨૦૧૩ ની અધિસૂચના ક્રમાંક–કેપી–૨૦૧૩ નો ૩૫–પીઆરઆર–૧૦૨૦૧૧–૨૭૮૧–ચ

(૩) તા. ૧૬–૧–૨૦૧૪ ની અધિસૂચના ક્રમાંક–કેપી–૨૦૧૪ નો ૦૫–પીઆરઆર–૧૦૨૦૧૧–૨૭૮૨–ચ

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**બંદરો અને વાહન વ્યવહાર વિભાગની અધિસૂચના**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (બંદરો અને વાહન વ્યવહાર વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું બંદરો અને વાહન વ્યવહાર વિભાગના સન ૧૯૫૮ ના ગુજરાત મોટર વાહનવેરા અધિનિયમ અન્વયેની તા. ૭–૬–૨૦૧૩ ની અધિસૂચના ક્રમાંક–પીટી–૨૦૧૩–૨૬–એમટીએ–૧૨૨૦૧૩–૧૩૧૬–ખ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની અધિસૂચનાઓ**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની–

સન ૧૯૪૯ ના ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપ્લ કોર્પોરેશન અધિનિયમ અન્વયેની–

(૧) તા. ૨૪–૧૨–૨૦૧૩ ની અધિસૂચના ક્રમાંક–કેવી–૨૦૧૩ નો ૨૪૧\ઇએલઇ\૧૦૨૦૧૧/૩૫૨૩/પી

(૨) તા. ૯–૧૨–૨૦૧૩ ની અધિસૂચના ક્રમાંક–કેવી–૨૦૧૩ નો ૨૨૩\ઇએલઇ\૧૦૨૦૧૧/૩૦૧૧–પી

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**શ્રમ અને રોજગાર વિભાગની અધિસૂચના**

શ્રી સૌરભભાઇ પટેલ (શ્રમ અને રોજગાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર વિભાગના સન ૧૯૪૮ ના ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ અન્વયેની તા. ૧–૧૧–૨૦૧૩ની અધિસૂચના ક્રમાંક–જીએચઆર/૨૦૧૩/૧૮૫/જીએસઇ/૧૯–૨૦૧૨/૬૨૩૪૧૪ /એમ (૩) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

### સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંક–૧

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૪

ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શ્રમ અને રોજગાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૧–સન ૨૦૧૪નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક હું આપની પરવાનગીથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શ્રમ અને રોજગાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૧–સન ૨૦૧૪નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શ્રમ અને રોજગાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૧મી સદી એટલે વૈશ્વીકરણની સદી, અને આ વૈશ્વીકરણની સદીમાં હિન્દુસ્તાન કયાંય પાછળ ન રહી જાય, અને એમાં ગુજરાત કયાંય પાછળ ન રહી જાય, માનનીય મુખ્ય મંત્રીશ્રી હંમેશાં કહે છે કે મારા ગુજરાતનો યુવાન એ વિશ્વના યુવાનની આંખમાં આંખ મીલાવીને વાત કરી શકે તે પ્રકારનું ગુણવત્તાયુકત ઉચ્ચ શિક્ષણ મારે આપવું છે. હવે જયારે વિશ્વની હરીફાઇ કરવાની છે ત્યારે આ વિશ્વની હરીફાઇમાં ઊભા રહેવા માટે ગુજરાતમાં વર્લ્ડ કલાસ શિક્ષણ મળે તે પણ જરૂરી છે. અને ગુજરાતનું સ્થાન એમાં મોખરાનું હોય, આ જ વસ્તુને ધ્યાનમાં રાખીને માનનીય મુખ્ય મંત્રીશ્રીએ સમાનતા, ધાર્મિકતા વેદાંત દ્રષ્ટિ, સામાજિક સહિષ્ણુતા, માનવ નિર્માણ જેવા સ્વામી વિવેકાનંદજી જેવા વિચારો પોતાના જીવનમાં પ્રસ્થાપિત કર્યા છે. વર્તમાન યુવાધનને શકિતશાળી બનાવી ભારત નિર્માણમાં સહયોગ કરી શકે, સર્વાંગી વિકાસ કરી શકે, ઓજસ્વી, તેજસ્વી વ્યકિત નિર્માણ કરી શકે તે માટે યુવાનોને ગુજરાત રાજયમાં તમામ શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આને ધ્યાનમાં રાખીને જ સાંસ્કૃતિક ગુજરાત અને ભવિષ્યના વિશ્વગુરુ ભારતના

---

* વિધેયક તા. ૧૪મી ફેબ્રુઆરી ૨૦૧૪ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

નિર્માણ માટે ગુજરાતે તૈયારી શરૂ કરી છે. શિક્ષણ અને સંસ્કાર એકબીજાના પુરક બને, ભારતીય પરંપરા સંસ્કૃતિ આધારિત શિક્ષણ માટે એક નવતર યુનિવર્સિટી, છેલ્લા દસ વર્ષ દરમિયાન માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ૨૦૦૩ થી શરૂ કરીને આજ સુધી જે રીતે વર્લ્ડ કલાસ શિક્ષણ મળે તેવી શરૂઆત કરી છે તેના ભાગરૂપે સમાજમાં સારા શિક્ષક મળે, તેના માટે ટીચર્સ યુનિવર્સિટી, બાળકોની માનસીકતાનો અભ્યાસ થાય તેના માટે ચીલ્ડ્રન યુનિવર્સિટી, અલગ અલગ વિષય અને ફેકલ્ટીવાર સમર્થ યુવાનો કરી શકાય એટલા માટે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, સ્કીલ યુનિવર્સિટી, ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી, સંસ્કૃત યુનિવર્સિટી, યોગ યુનિવર્સિટી, માનનીય અધ્યક્ષશ્રી, કોઇ જાણકારી ન હોય તેવા માણસો યોગનું નામ લઇ અને વિશ્વમાં યોગ શીખવવા જાય, તેના બદલે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ નકકી કર્યું કે યોગને જાણકાર માણસ એ નિષ્ણાત બને અને પછી સમાજમાં એ શીખવાડવા જાય, રક્ષા શકિત યુનિવર્સિટી, આઇ.આઇ.ટી. રામ, ટેકનોલોજી અને રીસર્ચ સેન્ટર, લો યુનિવર્સિટી, રાય યુનિવર્સિટી, આવી અનેક પ્રકારની યુનિવર્સિટીઓ આ રાજયમાં અત્યારે કાર્યરત છે. આજના દિવસે ઇન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી એન્ડ મેનેજમેન્ટ આઇ.ટી. એન્ડ ગૃપ વતી આજે ૨૦૧૪ના આ વિધેયકને લઇને હું આવ્યો છું. શૈક્ષણિક ક્ષેત્રે આવી સ્વતંત્રતા આપવાની પહેલીવાર શરૂઆત સન ૨૦૦૩થી થઇ છે. ખાનગી યુનિવર્સિટીઓના પરિણામે સંસ્થાઓનો વિકાસ થયો છે શિક્ષણમાં ગુણાવત્તા આવી છે, રાજયના વિદ્યાર્થીઓનું સ્તર પણ ઉંચું આવ્યું છે અને આપણો વિદ્યાર્થી રાષ્ટ્રીય અને આતંરરાષ્ટ્રીય સ્તરે હરિફાઇમાં માથું ઉંચું કરી શકે એ પ્રકારની વ્યવસ્થા ગુજરાતે ઉભી કરી છે. આજે જે યુનિવર્સિટીની વાત કરવા આવ્યો છું માત્ર અમદાવાદ અને ગાંધીનગર જ શિક્ષણનુ હબ ન બને, રાજયના અલગ અલગ ભાગોમાં પણ એ યુનિવર્સિટીઓ જાય, આ આઇ.ટી.એમ. યુનિવર્સિટી વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના રાવલ ગામે આકાર લેવા જઇ રહેલ છે. ઇજનેરી, મેનેજમેન્ટ, હોસ્પિટાલિટી, ફેશન ડિઝાઇન, ઇન્ટરીયર ડિઝાઇન, આરોગ્ય વિજ્ઞાન સહિતના અનેકવિધ અભ્યાસક્રમો અહીંયા શરૂ થનાર છે. આ યુનિવર્સિટીએ ૧૯૯૩માં આઇ.ટી.એમ. ટ્રસ્ટ દ્ધારા પ્રોપર ફંડ સાથે ડો. પી.વી. રામનના પ્રમોટર સાથે દસ વર્ષ પહેલાનો અનુભવ છે. ટ્રસ્ટ દ્ધારા સાત બિઝનેશ સ્કૂલ, ત્રણ ઇજનેરી કોલેજો, ત્રણ હોસ્પિટાલિટી સંસ્થાઓ, ત્રણ આરોગ્ય વિજ્ઞાનને લગતી સંસ્થાઓ ચલાવવામાં આવે છે. પંદર હજારથી વધારે બાળકો અને ૧૬૦૦ ઉપરાંત શિક્ષકો અને ૨૦૦ ઉપરાંત ટેકનેશ્યનોને તાલીમ આપવાનો બહોળો સ્ટાફ છે. નેશનલ એસેશમેન્ટ એન્ડ એક્રિલેશન કાઉન્સિલ દ્ધારા આ સંસ્થાને એ ગ્રેડ પણ આપવામાં આવેલ છે. આ સંસ્થા Bachelor in Civil Service Management, Master in Public Policy & Good Governance, Degree in Vocational Education & Training, Business Logistic Engineering, Corporate Finance, Governance on Social Responsibility, Security Training, Rural Tourism, Boiler Certificate, Health and I.T. Professional, આ ઉપરાંત અનેકવિધ સીલેબસ આ સંસ્થમાં ભણાવવામાં આવનાર છે. આ સભાગૃહમાં આ વિધેયક લઇને આવ્યો છું ત્યારે સર્વાનુમતે આ વિધેયકને મંજૂર કરે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક–૧નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા, ઈનેકટીંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક–૧ નું ત્રીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક–૧નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે.**

શ્રી પંકજકુમાર વિ. દેસાઇ (દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, વિરામનો સમય રદ કરીએ અને બિન સરકારી વિધેયકનું કામકાજ હાથ ધરવામાં આવે.

અધ્યક્ષશ્રી : રદ કરવામાં વાંધો નહીં, કોઇ સભ્ય કહેશે બપોર પછી મારે આવવાનું હતું.

શ્રી પંકજકુમાર વિ. દેસાઇ : બધા સભ્યો અહીંયા હાજર છે.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય રદ કરીએ અને બિન સરકારી કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવીએ. સૌ સંમત છે? (થોડી વાર બાદ)

**સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.**

**બિન સરકારી વિધેયક**

**સચિવશ્રીઃ** સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક– ૭–સન–૨૦૧૩નું ગુજરાત જાહેર દિવાલો ઉપર દોરીને બનાવાતા ફોટોગ્રાફ અને પોસ્ટરોવાળી જાહેરખબર ઉપર પ્રતિબંધ વિધેયક. માનનીય સભ્યશ્રી પુનમભાઇ મકવાણા ( થોડીવાર બાદ ) **માનનીય સભ્યશ્રી ગેરહાજર.**

**સચિવશ્રીઃ** સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૧૩નું ગુજરાત ઘરેલુ કામદારો (રોજગાર નિયમન અને કલ્યાણ) વિધેયકઃ માનનીય સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત (થોડીવાર બાદ) **માનનીય સભ્યશ્રી ગેરહાજર.**

**સચિવશ્રીઃ** સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૮– સન ૨૦૧૩નું ગુજરાત બિન–નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયકઃ માનનીય સભ્યશ્રી અશોકકુમાર પટેલ (થોડીવાર બાદ) **માનનીય સભ્યશ્રી ગેરહાજર.**

**સચિવશ્રીઃ** સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૧૧–સન ૨૦૧૩નું ગુજરાત રાજય તકેદારી આયોગ વિધેયકઃ માનનીય સભ્યશ્રી મહંમદજાવેદ પીરઝાદા ( થોડીવાર બાદ ) **માનનીય સભ્યશ્રી ગેરહાજર.**

**સભાગૃહની બીજી બેઠકનું કામકાજ સાંજના ૪–૦૧ વાગ્યે પૂરૂં થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા ૨૬મી ફેબ્રુઆરી ૨૦૧૪ના રોજ સવારના ૮–૩૦ વાગ્યે પ્રથમ બેઠક માટે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૪**
**ફાલ્ગુન ૭, ૧૯૩૫ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી :** ઓર્ડર....ઓર્ડર...

***પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન**

**ગૃહ વિભાગ**
**પૂરક માગણી નં. ૪૪**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું જેલ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨૫,૨૨,૧૧,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક-૪૪ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક: ૪૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨ રજૂ કરવામાં આવી.**

**ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૬ રજૂ કરવામાં આવી.**

**માહિતી અને પ્રસારણ વિભાગ**
**પૂરક માગણી નં. ૫૪**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રચાર સેવાને લગતી માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૩૬,૨૫,૦૦,૦૦૦/- ની પૂરક માગણી ક્રમાંક-૫૪ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક: ૫૪ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૮ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૯ રજૂ કરવામાં આવી.**

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ**
**પૂરક માગણી નં. ૮૯**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી સેવાને લગતી વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૪,૯૬,૯૯,૦૦૦/-ની પૂરક

---

* પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલા ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૦૩ના ખંડ(૩) સાથે વાંચતા તેના અનુચ્છેદ ૨૦૫થી મળેલા અધિકાર અન્વયે નાણામંત્રીશ્રીએ સને ૨૦૧૩-૧૪ના વર્ષ માટેની ગ્રાન્ટ અંગેની પૂરક માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની નામદાર રાજ્યપાલશ્રીની સિફારીસ વાંચી સંભળાવી.

માગણી ક્રમાંક–૮૯ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક: ૮૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૧ રજૂ કરવામાં આવી.**

**કૃષિ અને સહકાર વિભાગ**

**પૂરક માગણી નં. ૫**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સહકાર સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૪૪,૪૬,૩૭,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ. ૨,૭૨,૬૧,૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંક–૫ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક: ૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનમભાઇ મા. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૪ રજૂ કરવામાં આવી.**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**

**પૂરક માગણી નં. ૧૩**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું વીજળી શકિત સેવાને લગતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મૂડી ખર્ચ માટેની રૂ. ૩,૯૯,૯૯,૯૯,૦૦૦/– ની પૂરક માગણી ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક: ૧૩ રજૂ કરવામાં આવી.**

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક: ૧૬ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક : ૧૬ રજૂ કરવામાં આવી**.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપદરખાસ્ત ક્રમાંક : ૧૯ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક : ૧૯ રજૂ કરવામાં આવી.**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

**પૂરક માગણી નં. ૩૯**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્ય સેવાને લગતી આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૨૮,૧૧,૪૦,૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંક ૩૯ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક : ૩૯ રજૂ કરવામાં આવી.**

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક : ૨૦ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક : ૨૦ રજૂ કરવામાં આવી.**

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક : ૨૧ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક : ૨૧ રજૂ કરવામાં આવી.**

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક : ૨૨ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક : ૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રમ અને રોજગાર વિભાગ**

**પૂરક માગણી નં.૫૭**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર સેવાને લગતી શ્રમ અને રોજગાર વિભાગની મૂડીખર્ચ માટેની રૂ.૩૭,૭૫,૦૦,૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંક : ૫૭ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક : ૫૭ રજૂ કરવામાં આવી**.

**બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**

**પૂરક માગણી નં.૭૪**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પરિવહન સેવાને લગતી બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૫૦,૭૫,૨૨,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૩૦૦,૦૦,૦૦,૦૦૦/– પૂરક માગણી ક્રમાંક : ૭૪ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક : ૭૪ રજૂ કરવામાં આવી**.

શ્રી અમિત અ. ચાવડા **:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક : ૨૭ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક : ૨૭ રજૂ કરવામાં આવી**.

શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક : ૨૮ રજૂ કરું છે.

**કાપદરખાસ્ત ક્રમાંક : ૨૮ રજૂ કરવામાં આવી.**

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક : ૩૦ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરવામાં આવી.**

**માર્ગ અને મકાન વિભાગ**

**પૂરક માગણી નં.૮૫**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું રહેણાંકના મકાનોની સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ.૨,૫૭,૮૪,૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંક ૮૫ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક : ૮૫ રજૂ કરવામાં આવી.**

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક : ૩૧ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક : ૩૧ રજૂ કરવામાં આવી.**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ**

**પૂરક માગણી નં.૧૦૨**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ સેવાને લગતી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧,૫૭,૪૪,૮૦,૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંક ૧૦૨ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક : ૧૦૨ રજૂ કરવામાં આવી.**

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક : ૩૪ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરવામાં આવી.**

# કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

સન ૨૦૧૩–૨૦૧૪ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી **બુધવાર, તા. ૨૬–૨–૨૦૧૪ (પહેલી બેઠક) (પહેલા અને છેલ્લા દિવસ)**ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| અ. નં | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| **ગૃહ વિભાગ<br>માગણી નં. ૪૪** | | | | |
| ૧.* | ૨૦૫૬– જેલ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧–MEP ૨૨ જેલ મહાનિર્દેશક<br>રૂ. ૧૪,૬૫,૧૮,૦૦૦<br>પા.નં. ૪૬ | ૧૦૦ | સાબરમતી જેલના કેદીઓ માટે આરોગ્યપદ ખોરાકની ખરીદીમાં થતી ગેરરીતિ અટકાવી જવાબદારો સમે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશુભાઇ બારડ |
| ૨. | __ " __ | ૧૦૦ | જેલના બિમાર કેદીઓને ડાૅકટરે ભલામણ કરેલ ડાયેટ સિવાયનો ખોરાક આપવા અંગે તપાસ કરાવી જરૂરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૩.* | __ " __ | ૧૦૦ | જેલમાં કેદીઓ માટે ધારા ધોરણો સિવાય ખરીદવામાં આવતી દવાઓ અંગે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૪.* | __ " __ | ૧૦૦ | સાબરમતી સેન્ટ્રલ જેલમાં બોમ્બ બ્લાસ્ટના કેદીઓને જીવનરક્ષક દવાઓ સિવાય અપાતી વધારાની દવાઓ/ કોસ્મેટીકસ બાબતે જરૂરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૫.* | __ " __ | ૧૦૦ | જેલ અધિકારીની સુચના અન્વયે જેલ અધિક્ષકના અભિપ્રાય સિવાયની તબીબો દ્વારા લખવામાં આવતી દવાઓ અને તેની ખરીદી અંગે તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુંજાભાઇ વંશ<br>(કામીનીબા રાઠોડ) |
| ૬. | __ " __ | ૧૦૦ | સાબરમતી જેલમાં કેદીઓને આપવામાં આવતી મોબાઇલ જેવી સવગડો બાબતે જરૂરી તપાસ કરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | ડાૅ. તેજશ્રીબેન પટેલ<br>(ગૌતમભાઇ ચૌહાણ) |
| **માહિતી અને પ્રસારણ વિભાગ<br>માગણી નં. ૫૪** | | | | |
| ૭. | ૨૨૨૦–માહિતી અને પ્રસારણ<br>૦૨–પ્રચાર... ઉપયોગ | ૧૦૦ | પ્રચાર માધ્યમના ઉપયોગમાં થતી ભેદભાવભરી નીતિ દૂર કરવામા તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા<br>(વજેસીંગ પણદા) |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂ. ૪,૯૦,૦૦,૦૦૦<br>પા.નં. ૬૦ | | | |
| ૮. | __ " __ | ૧૦૦ | વિપક્ષો દ્વારા થતી સાચી અને વાજબી ટીકાઓની પ્રચાર માધ્યમો દ્વારા પ્રસિધ્ધિ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (જોઇતભાઇ પટેલ) |
| ૯. | __ " __ | ૧૦૦ | બિનજરૂરી સરકારી ગુણગાનો અટકાવી પ્રચાર માધ્યમો દ્વારા વાસ્તવિક હકીકતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. અનિલભાઇ જોષીયારા (મહેન્દ્રસિંહ બારૈયા) |
| **વિજ્ઞાન અને પ્રાઉદ્યોગિકી વિભાગ<br>માગણી નં. ૮૯** | | | | |
| ૧૦. * | ૨૦૫૨–સચિવાલય...<br>સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>રૂ. ૧૨,૬૩,૬૯,૦૦૦<br>પા.નં. ૧૧૪ | ૧૦૦ | સ્માર્ટકાર્ડના ઉપયોગ માટે મૂકવામાં આવેલા મશીનો વારંવાર બંધ પડી જતાં અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી નિરંજન પટેલ |
| ૧૧. | __ " __ | ૧૦૦ | જીસ્વાનની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પ્રહલાદભાઇ પટેલ |
| ૧૨. * | __ " __ | ૧૦૦ | કોમ્પ્યુટરોને અદ્યતન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ધારશીભાઇ ખાનપુરા |
| ૧૩. * | __ " __ | ૧૦૦ | જીસ્વાનની વેબ સાઇટ ઉપર માહિતી સમયસર અને અદ્યતન રાખવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જવાહરભાઇ ચાવડા |
| **કૃષિ અને સહકાર વિભાગ<br>માગણી નં. ૫** | | | | |
| ૧૪. | ૨૪૨૫–સહકાર<br>૧૦૭–ધિરાણ....<br>સહાય<br>૧૮–COP–34<br>રૂ. ૧,૪૪,૪૬,૩૭,૦૦૦<br>પા.નં. ૫ | ૧૦૦ | ખેડૂતોને વ્યાજ સહાય સમયસર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનમભાઇ પરમાર |
| ૧૫. * | __ " __ | ૧૦૦ | ખેડૂતોને અપાતી વ્યાજ સહાયમાં થતી ગેરરીતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મંગળભાઇ ગાવિત |
| **ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ<br>માગણી ન. ૧૩** | | | | |
| ૧૬. | ૪૮૦૧–વીજળી.. | ૧૦૦ | પેટા પરાઓમાં કૃષિ વીજ જોડાણો | શ્રી માનસિંહ ચૌહાણ |

| | | | | |
|---|---|---|---|---|
| | પરિયોજના<br>૦૫–પ્રસારણ...<br>વિતરણ<br>૧૯૦–જાહેર...<br>મૂડીરોકાણ<br>૧૨ પી. ડબલ્યુઆર.<br>૬૨ કૃષિ... ફાળો<br>રૂ.<br>૨,૫૦,૦૦,૦૦,૦૦૦<br>પા.નં. ૧૨ | | આપવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૭.<br>* | —— " —— | ૧૦૦ | કૃષિ વિષયક વીજ જોડાણોમાં એસ્ટીમેટ પછી લાંબા ગાળા સુધી વીજ કનેકશનો આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર |
| ૧૮.<br>* | —— " —— | ૧૦૦ | કૃષિ વિષયક વીજ જોડાણોમાં સતત વીજ પુરવઠો મળી રહે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાઘવજી પટેલ |
| ૧૯. | ૪૮૦૧–વીજળી..<br>પરિયોજના<br>૦૫–પ્રસારણ...<br>વિતરણ<br>૧૯૦–જાહેર...<br>મૂડીરોકાણ<br>૧૨ પી. ડબલ્યુઆર.<br>૬૨ કૃષિ... ફાળો<br>રૂ.<br>૨,૫૦,૦૦,૦૦,૦૦૦<br>પા.નં. ૧૨ | ૧૦૦ | ગ્રામીણ અને જંગલ વિસ્તારમાં દિવસના સમય દરમ્યાન કૃષિ વિષયક વીજ પુરવઠો આપવામા તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઇ ગામીત |
| **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ<br>માગણી નં. ૩૯** | | | | |
| ૨૦. | ૨૨૧૦–તબીબી અને જાહેર આરોગ્ય<br>૦૩–ગ્રામીણ...<br>એલોપેથી<br>રૂ. ૯,૦૧,૪૦,૦૦૦<br>પા.નં. ૩૯ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં ર્ડાકટરોની પૂરતી નિમણૂંકો કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હીરાભાઇ પટેલ |
| ૨૧. | —— " —— | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં ફરજ ઉપરના ડોકટરોને સમયસર હાજર રાખવામાં અને દર્દીઓને પડતી હાડમારી નિવારવામા તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ (અનિલભાઇ જોષીયારા) |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨. | __ " __ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં સ્ટાફની ઘટ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી છનાભાઇ ચૌધરી |
| **શ્રમ અને રોજગાર વિભાગ<br>માગણી ન. ૫૭** | | | | |
| ૨૩. * | ૪૨૫૦– શ્રમ અને રોજગાર<br>૮૦૦–અન્ય ખર્ચ<br>૦૧–ઔદ્યોગિકી તાલીમ,<br>રૂ. ૩૭,૭૫,૦૦,૦૦૦<br>પા. ન. ૬૪ અને ૬૫ | ૧૦૦ | યંત્ર સામગ્રીની ખરીદીમાં થતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમિત ચૌધરી |
| ૨૪. * | __ " __ | ૧૦૦ | ખરીદવામાં આવેલ યંત્ર સામગ્રીનો સમયસર ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સી. કે રાઉલજી |
| **બંદરો અને વાહન વ્યવહાર વિભાગ<br>માગણી ન. ૭૪** | | | | |
| ૨૫. * | ૨૦૪૧–વાહનો પરનો કર<br>૧૦૨–મોટર...<br>નિરીક્ષણ<br>રૂ. ૧,૦૧,૭૮,૦૦૦<br>પા.નં. ૮૨ | ૧૦૦ | આર.ટીઓ દ્વારા સ્માર્ટકાર્ડમાં ચાલતી વ્યાપક ગેરરીતિઓ અટકાવી સમયસર કાર્ડ આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૨૬. * | __ " __ | ૧૦૦ | આર.ટી.ઓ દ્વારા ચેકપોસ્ટો ઉપર ચાલતા વ્યાપક કૌભાંડો અટકાવી જવાબદારો સામે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ધીરૂભાઇ ભીલ |
| ૨૭. | __ " __ | ૧૦૦ | ચેકપોસ્ટો પરથી ગેરકાયદેસર રીતે જતા વાહનો અટકાવી વાહન ચાલકો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા |
| ૨૮. | ૨૦૪૧–વાહનો પરનો કર<br>૧૦૨–મોટર...<br>નિરીક્ષણ<br>રૂ. ૧,૦૧,૭૮,૦૦૦<br>પા.નં. ૮૨ | ૧૦૦ | વાલ્વો બસોમાં મુસાફરોના બચાવ માટે ફરજીયાત 'ઇમરજન્સી ડોર' રાખવા અંગે બસોની ચકાસણી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહંમદ જાવીદ પીરજાદા |
| ૨૯. * | ૨૦૪૧–વાહનો પરનો કર<br>૧૦૨–મોટર...<br>નિરીક્ષણ | ૧૦૦ | ખાનગી બસો દ્વારા તહેવારો દરમિયાન લેવામાં આવતો ભાવવધારો રોકવામા તંત્રની નિષ્ફળતા. | શ્રી ભોળાભાઇ ગોહેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂ. ૧,૦૧,૭૮,૦૦૦<br>પા.નં. ૮૨ | | | |
| ૩૦. | ૩૦૫૫–માર્ગ પરિવહન<br>૧૯૦–જાહેર... સહાય<br>૦૨–ગુજરાત... સહાય<br>રૂ. ૪૯,૭૩,૪૪,૦૦૦<br>પા. નં. ૮૨ | ૧૦૦ | સરકારી કાર્યક્રમો માટે એસટી. બસોની વારંવાર સેવા લેવાના કારણે વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલી નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કરમશીભાઇ પટેલ |
| **માર્ગ અને મકાન વિભાગ<br>માગણી ન. ૮૫** | | | | |
| ૩૧. | ૨૨૧૬–આવાસન<br>૮૦–સામાન્ય<br>૮૦૦– અન્ય ખર્ચ<br>૦૧–રહેણાંક ...<br>મરામત<br>રૂ. ૧,૫૦,૦૦,૦૦૦<br>પા.નં. ૧૦૧, ૧૦૨ | ૧૦૦ | સરકારી રહેણાંકના મકાનોની મરામત કરાવવા માટે પૂરતી સાધન સામગ્રી પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઇ ચૌધરી (ઇશ્વરભાઇ પટેલ) |
| **શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ<br>માગણી ન. ૧૦૨** | | | | |
| ૩૨.<br>* | ૨૨૧૭–શહેરી વિકાસ<br>૦૩–નાના.... વિકાસ<br>૧૯૧– સ્થાનિક...<br>સહાય<br>૪૬–નિર્મળ શહેર<br>રૂ. ૬૨,૮૭,૦૦૦<br>પા.નં. ૧૩૨, ૧૩૩ | ૧૦૦ | દરેક પ્રકારના કચરાના નિકાલ માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટનો પૂરતો ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા |
| ૩૩.<br>* | ૨૨૧૭–શહેરી વિકાસ<br>૮૦૦–અન્ય ખર્ચ<br>૬૧– સ્વર્ણિમ ....<br>યોજના<br>રૂ. ૯૫,૨૭,૯૩,૦૦૦<br>પા.નં. ૧૩૩ | ૧૦૦ | સ્વર્ણિમજયતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના માટે કોર્પોરેશનો તથા નગરપાલિકાઓને ફાળવાયેલ રકમ અન્ય કામોમાં વપરાતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રવિણભાઇ રાઠોડ |
| ૩૪. | | ૧૦૦ | મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાઓમાં ગટર લાઇનો માટે ફાળવાયેલ રકમોનો પૂરતો ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રામસિંહ પરમાર (મણીભાઇ વાઘેલા) |

* આ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થઇ નથી.

# અધ્યક્ષશ્રીની જાહેરાત

અધ્યક્ષશ્રી : સભાગૃહમાં પૂરક માગણીઓ ઉપરની ચર્ચા કરવા માટે એક દિવસ ફાળવવામાં આવ્યો છે. આ ચર્ચા દરમ્યાન માનનીય સભ્યશ્રીઓએ ચર્ચાની મર્યાદાનો ખ્યાલ રાખવો જરૂરી છે. આ વિષે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪(૨) તરફ માનનીય સભ્યશ્રીઓનું હું ધ્યાન દોરું છું. આ જોગવાઇ મુજબ પૂરક માગણીઓ ઉપર ચર્ચા કરતી વખતે મૂળ ગ્રાન્ટને લગતી નીતિ પર જ ચર્ચા ન કરતા જે બાબતને લગતી પૂરક માગણીઓ હોય તે બાબતો પૂરતી જ ચર્ચા મર્યાદિત રાખવી જોઇએ. નવી સેવાઓ એટલે કે ન્યુ સર્વિસીસ બાબતે ધ્યાન દોરવાનું કે, તે અંગેની અનુસૂચિ માનનીય સભ્યશ્રીઓને પૂરી પાડવામાં આવી છે. નવી સેવાઓને લગતી માગણીઓના સંદર્ભમાં નીતિનો પ્રશ્ન ઉપસ્થિત કરી શકાય, પરંતુ આ પ્રશ્ન જે બાબત ઉપર સભાગૃહનો મત લેવાનો છે તે બાબત પૂરતી મર્યાદિત રાખવી જોઇએ. માનનીય સભ્યશ્રીઓ તેમનું મંતવ્ય રજૂ કરતી વખતે આ મુદ્દો ખાસ ધ્યાનમાં રાખશે એવી હું આશા રાખું છું.

બીજું કે, સભાગૃહની આજની બેઠકનો સમય સવારના ૮.૩૦ થી બપોરના ૧.૦૦ વાગ્યા સુધીનો છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ : ૨૩૪(૪) મુજબ પૂરક માગણીઓની ચર્ચા માટે ઠરાવેલ દિવસે સભાગૃહની બેઠક મુલતવી રાખવાના એક કલાક પહેલાં એટલે કે, ૧૨.૦૦ વાગ્યે પૂરક માગણીઓ ઉપરની સઘળી ચર્ચા પૂરી કરવાની થશે અને જે પૂરક માગણીઓ ઉપર ચર્ચા ચાલતી હશે તે અને બાકીની બીજી બધી પૂરક માગણીઓ સભાગૃહના મત માટે રજૂ કરવામાં આવશે. નેકસ્ટ.

હવે માગણીઓ અને રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, નાણા મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એ ૪,૦૮૭/- કરોડ રૂપિયાની કુલ માગણીઓ લઇને આવ્યા છે. ખાસ કરીને, નાણા મંત્રીશ્રીને કદાચ સારા વિકાસ માટે અને એ બધા માટે કદાચ માગણીઓ લઇને આવ્યા હોત તો અમને આનંદ થાત પણ ૨,૦૨૪/- કરોડ રૂપિયા એ આયોજન ખર્ચના કારણે થયેલા છે અને બાકીના ૨,૦૬૩/- કરોડ રૂપિયા એ આયોજન બહારના ખર્ચના થયા છે એ આ સરકારનું સ્પષ્ટપણે બતાવે છે કે, સરકારે ખરેખર જે તે સમયે બજેટ વખતે કદાચ આમાં ધ્યાન રાખીને વ્યવસ્થિત કર્યું હોત તો ચોક્કસપણે આમાં સારું આયોજન થઇ શક્યું હોત અને પૂરક માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રીને કદાચ આવવાનું ના રહેત.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને, જેમાં બહુ મોટો વધારો છે એવું સહકાર, ગૃહ વિભાગ, ઉર્જા વિભાગનો અને પેટ્રો કેમિકલ વિભાગનો આ મોટો વધારો લઇને આમાં આવ્યા છે. ખાસ કરીને, મારે એના ઉપર કહેવું છે કે, ઉર્જા અને પેટ્રો કેમિકલ વિભાગ જે છે એની અંદર હમણાં જ નીતિનભાઇ કહેતા હતા, બાજુમાં હું સાંભળતો હતો કે, નબળા બધા ત્રણ, ત્રણ, ત્રણ, અને પાછળ બધા નવ,નવ અને નવ છે, મને નવાઇ લાગે કે, જેમાં ૪૦૦/- કરોડ રૂપિયા આપવાના છે. આ સરકારને, મને હજી સુધી એ સમજાતું નથી કે, એવી કઇ કંપની પ્રત્યેનો પ્રેમ છે? જે કે.જી. બ્લોક વિકસાવવામાં આવ્યો છે જેનો એક ટકો ગેસ આજ દિન સુધી ગુજરાતની અંદર ઉત્પન્ન નથી થયો.(અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી જે માગણીઓ છે એ પેટ્રોકેમિકલ વિભાગની નથી (અંતરાય) એક મિનિટ બલવંતભાઇ, સાહેબ ઉર્જા વિભાગની છે અને આ રકમ જે વધારાની આપણે લઇએ છીએ એ ખેડૂતોને જે નવા વીજ જોડાણ આપ્યા એના ઉપરની જે સબસિડી હતી એના માટેનું છે. આ કોઇ કંપનીને આપવા માટે, ગેસ કંપની માટે કે કોઇ બેઝીન માટે નથી એ આપની સ્પષ્ટતા માટે અને સાહેબ, આમાં નિયમ છે કે, જે બાબતની માગણી હોય એ વિષય ઉપર જ એ કહે. એમને કહેવું હોય તો ખેડૂતો વિશે આપ કહી શકો.(અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, તમામ સભ્યશ્રીઓ ખ્યાલ રાખે, પોતે જયારે વાત કરે ત્યારે ઉર્જાની વાત હોય તો આખો ઉર્જાનો ટોટલ વિષય ન આવે. ઘણી વાર કર્મચારીને પગાર માટેનો જે તૂટો રહેતો હોય એ પૂર્ણ કરવા પણ હોય, ઘણી વાર કોઇ એક સીંગલ કામ હોય કે જેના માટે ખર્ચ વધારે થયો હોય તો એના માટે પણ

હોય અને એના માટે આપ સૌને આખું લિસ્ટ આપી દીધું છે કે, આ માગણીઓ છે એ કયા હેતુ માટે કરી છે એટલે એટલા જ હેતુ પૂરતી ચર્ચા આપણે મર્યાદિત રાખવી એ મેં હમણાં સુચના આપી છે. એટલે આખા વિભાગ વિશે તમે નહીં બોલી શકો પરંતુ જે માગણી જેના માટે કરવામાં આવી છે એના વિશે આપ ગમે તે ફેવરમાં પણ બોલી શકો અને એને ક્રિટિસાઇઝ કરી શકો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂતઃ માનનીય અધ્યક્ષશ્રી, હું આપની પાસે અપેક્ષા રાખું કે આ બાજુ પણ આવી રીતે જ બોલી શકાય એવી મારી વિનંતી છે. ૨૦૧૩-૧૪માં એક લાખ કનેકશન આપવા માટે સરકારે વાત કરી હતી. આ તો માગણીમાં છે ને? મોટી મોટી જાહેરાત કરી ખેડૂતોને કે અમે તમને તાત્કાલિક વીજ કનેકશન આપવાના છીએ અને ખેડૂતોની લાખો અરજીઓ વર્ષોથી પડી રહી હતી. ખેડૂતો માટેની એ અરજીઓ સાઇડમાં રાખી અને આજે પરિસ્થિતિનું નિર્માણ થયું છે કે અમારા ઉત્તર ગુજરાતની વાત કરું તો હજાર ફુટે પાણી થઇ ગયું છે. દર વર્ષે પાંચ મીટર નીચું જતું હોય છે. આવનારા સમયમાં એવી પરિસ્થિતિ ન થાય કે ૧૪૦૦ ફુટે ધોળુ પાણી છે એવી પરિસ્થિતિનું નિર્માણ ન થાય જયારે ખેડૂતો જીવતા હોય પીવાના પાણીનો પ્રશ્ન હોય, મોટી વૈકલ્પિક વ્યવસ્થા ન હોય ત્યારે એક લાખ ખેડૂતોને એમ થયું કે સરકારે આવડી મોટી જાહેરાત કરી છે અને કદાચ એક લાખ કનેકશન આપશે. અને એ બેઝ નીચે આખું ને આખું ઇલેકશન જીતી ગયા. મારે માનનીય સરકારશ્રીને પૂછવું છે કે આજે ૩૮૦૦૦થી વધારે કનેકશન આપ્યા નથી. બાકીના કનેકશન ન આપ્યા એના કરતા (અંતરાય) જુઓ સાહેબ, આ લોકો ડિસ્ટર્બ કરે છે, અમે પણ પછી એ પરિસ્થિતિમાં..

અધ્યક્ષશ્રી : શાંતિથી બેસો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : આજે ૩૮૦૦૦ થી વધારે કનેકશન આપ્યા નથી. આવડી મોટી માગણી લઇને આવ્યા છે. ખેડૂતોના નામે માગણી લઇને આવ્યા છે. આ પૈસા કયા સંજોગોમાં અને કઇ પદ્ધતિમાં વપરાયા એ તો તપાસની પરિસ્થિતિ છે. મારે ખાસ કરીને એ કહેવું છે કે કેવી પરિસ્થિતિમાં મૂકાયા છે, ખેડૂતો કે કૂવો હશે અને કદાચ એમનું વીજળીમાં નામ આવે અને એમને કદાચ મળી જાય આવી પરિસ્થિતિમાં ઉત્તર ગુજરાતના ૫૦૦ કનેકશન, મારા વિસ્તારમાં ૭૦ કનેકશનો એવા છે કે જેણે પૈસા ભરી દીધા, આજે પૈસા ભર્યા આઠ આઠ, બાર બાર મહિના થયા, આજ પણ એમને કનેકશન મળતું નથી અને છતાંય ખેડૂતોના નામે પૂરક માગણી લઇને આવ્યા છે એ ખરેખર દુઃખદ બાબત છે. ખાસ કરીને મારે આ સરકારમાં કહેવું છે કે વીજળી બાબતની પદ્ધતિ છે. આ ગુજરાતમાં પૂરક માગણીઓ લઇને કયારે આવવું પડે કદાચ છે ને વીજળીના યુનિટો અને આપણે જો વીજળીની કરકસર કરીએ તો તો આપણને એમ થાય કે વીજળીમાં કરકસર કરીને આપણે નાના નાના લોકોને અને ખેડૂતોને વીજળીનું કનેકશન આપી શકીએ. મારે સરકારનું એ ધ્યાન દોરવું છે કે સરકાર દશ વર્ષના પાસા ગણાવતી હોય છે. ૧૯૯૯માં વીજળી આપણે બહારથી ખરીદતા હતા એ ૨.૮૮ ખરીદતા હતા. ૨૦૦૨ની અંદર ૧૦ વર્ષનો આ સરકાર ઇતિહાસ ગણાવતી હોય છે ત્યારે ૧૧.૯૬ અને ૨૦૧૨માં આ ગુજરાતે શેની પ્રગતિ કરી તો માત્ર ને માત્ર વીજળી બહારથી કેવી રીતે ખરીદી શકાય એના માટે આજે ૪૪.૪૩ ટકા જેટલો મોટો વધારો થયો છે. ગુજરાતની અંદર એક યુનિટ કદાચ છે ને વિકાસ કર્યો હોત તો એમ થાત કે ખરેખર ગુજરાતની અંદર વીજળી વધારે પેદા થઇ. આપણે એમ કહીએ છીએ કે ગુજરાત એ વીજળીનું હબ છે. વીજળીનું હબ નહીં, આજે સિસ્ટમમાં વીજળીનું હબ તો સાઇડમાં રહ્યું વીજળી ખરીદવા માટેનું આ ગુજરાત હબ છે. સમગ્ર ભારતની અંદર વધુમાં વધુ જો વીજળી ખરીદાતી હોય તો ગુજરાતની અંદર વીજળી ખરીદાય છે અને વીજળી ખરીદાય પણ કેવા ભાવે વીજળી ખરીદાય છે અને કેટલી કંપનીઓ પાસેથી ખરીદાય, એક ઉદ્યોગપતિ, ગુજરાતની અંદર આજે જે વીજળી ખરીદાઇ છે ૧૧૨૪૫ કરોડ રૂપિયાની અને એની અંદર જે વીજળી ખરીદાય છે એમાં ૬૦ ટકા એક ઉદ્યોગપતિ આપે છે. આજે ૬૦ ટકા એક ઉદ્યોગપતિ પાસેથી વીજળી ખરીદવામાં આવે છે અને દુઃખ સાથે કહેવું પડે છે કે વીજળીના ભાવ કેટલા, કેટલા રૂપિયે આપણે વીજળી ખરીદીએ છીએ, એક કંપની પ્રત્યે કેટલો પ્રેમ છે કે ૨૦૧૧-૧૨માં જે વીજળી ખરીદાઇ એ ચાઇના લાઇટ કંપનીની અંદર પાંચ રૂપિયા અને છોંતેર પૈસે આપણે વીજળી ખરીદી.

અધ્યક્ષશ્રી : વિષયની બહાર જવાય છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : ના સાહેબ, વિષયની અંદર જ છે. ચારસો કરોડ રૂપિયા લઇને આવ્યા છે. બહાર નથી. એટલા માટે બાન નથી. ખેડૂતોને વીજળી માટે કદાચ ૫.૭૬ પૈ. વીજળી ના લો તો ખેડૂતોની પૂરક માગણીમાં તાત્કાલિક જોડાણ આપવામાં આટલા બધા પૈસાનું નિર્માણ ન કરી શકાત. મારે કહેવું છે કે ૫.૭૬ પૈસા વીજળી ખરીદાય. એક બાજુ સરકાર કહે કે અમે વીજળી પાકિસ્તાનમાં પણ આપવાના છીએ. ભારતના રાજ્યમાં આપવાના છીએ. મને સમજાતું નથી. ગુજરાત ૪૪ થી ૪૫ ટકા વીજળી બહારથી ખરીદે અને બીજી બાજુ આપવાની વાત કરે. આંધ્રમાં વેચીએ, રાજસ્થાનમાં વેચીએ છીએ. ૧૧૯૦ લાખ વેચી. શા ભાવે? તો ૩.૭૯ પૈ. અને એકબાજુ ૫.૭૬ ના ભાવે ૨૭૦૦ કરોડ રૂપિયાની વીજળી ખરીદતા હોઇએ છીએ. એકબાજુ ૩.૮૦ પૈ. આ ગુજરાતની વીજળી વેચતા હોઇએ. મને સમજાતું નથી. કઇ પરિસ્થિતિનું નિર્માણ કરી રહ્યા છીએ. મારે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવાની છે કે કાલે વિનંતી કરી હતી, આપ હતા નહિ, કે ૫૦૦ ખેડૂતો એવા છે કે જેને ૧૦ લાખ રૂપિયા આજે પણ ઉત્તર ગુજરાતમાં ખર્ચીને બેસી ગયા છે. આ ૫૦૦ લોકોનો ઉકેલ લાવો. આપને બહુ દિલથી વિનંતી કરું છું. ખેડૂતો આવે છે, જોઇએ છીએ. પરિસ્થિતિ બહુ ખરાબ છે. મારી વિનંતી છે કે માહિતી અને પ્રસારણ વિભાગની..

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. માનનીય રણજિતભાઇ..

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા(સુરત (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ ૨૦૧૩-૧૪ ના વર્ષ માટેની રેવન્યુ ખાતે રૂપિયા ૨૩૭૬ કરોડ ૧૬ લાખ, ૩૯ હજાર કેપિટલ ખાતે ૧૫૯૨ કરોડ ૨૧ લાખ ૨૬ હજાર મળીને કુલ ૩૯૬૮ કરોડ ૩૭ લાખ ૬૫ હજારની મતપાત્ર પૂરક માગણી લઇને આવ્યા છે. તેને હું અનુમોદન આપું છું. મત પાત્ર પૂરક માગણી ઉપરાંત રૂપિયા ૧૧૮ કરોડની બીજી બિનમત પાત્ર પૂરક માગણી પણ કરવામાં આવી છે, એટલે કે ૨૦૧૩-૧૪ ના વર્ષની અંદર કુલ ૪૦૮૬ કરોડ ૬૨ લાખ ૯ હજારની પૂરક માગણી કરવામાં આવી છે. નાણા મંત્રી તરફથી કુલ પૂરક માગણી પૈકી સાયન્સ એન્ડ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટ માટે ડિમાન્ડ નં. ૮૯ દ્વારા કુલ ૧૪,૯૬,૯૯,૦૦૦ મહેસૂલી ખર્ચ માટેની માગણી કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૩-૧૪ માટેની મૂળ માગણી ૩૧,૫૫,૦૮૪ ઉપરાંત પૂરક માગણી કરવામાં આવી છે. જેને મારું અનુમોદન આપું છું. સાયન્સ એન્ડ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટની કુલ પૂરક માગણી પૈકી ૧૨ કરોડ ૬૩ લાખ ૬૯ હજારની આ પૂરક માગણી ગાંધીનગર ખાતે હમણા લોકાર્પણ થયું છે એવું આપણું સ્વર્ણિમ સંકુલ માટે જી-સ્વાન કનેક્ટિવિટીના જોડાણ માટે જે જરૂરી હાર્ડવેર સ્થાપવા માટે તેમજ ૪૯,૯૯,૦૦૦ ઇ-ગવર્નન્સ પ્રવૃત્તિઓને વધારવા માટે જુદી જુદી તાલીમ વધારવા માટે સેન્ટર ફોર એકસલન્સ બનાવવા માટે છે. તથા ૧ કરોડ ૮૩ લાખ ૩૧ હજાર રૂપિયાની પૂરક માગણી કેપેસિટી બિલ્ડિંગ ઇ-ગવર્નન્સ માટે કરવામાં આવી છે.

સાયન્સ એન્ડ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટની કામગીરીનો સરતાજ એટલે જી-સ્વાન ગુજરાત સ્ટેટ વાઇડ એરિયા નેટવર્ક આ જી-સ્વાન કનેક્ટિવિટી રાજ્યના પાટનગર ગાંધીનગર અને રાજયના ૩૩ જિલ્લાઓ સાથે ૨૪૮ તાલુકા સાથે જોડે છે. ૫૦૦૦ કરતા વધારે સરકારી કચેરીને વોઇસ વીડિયો અને ડેટાની સુવિધા પૂરી પાડી છે.માનનીય અધ્યક્ષશ્રી, જીસ્વાનના માધ્યમથી ૨૦૦ કરતાં વધારે સરકારી વેબસાઇટ હોસ્ટ કરવામાં આવી છે તથા એ.ટી.વી.ટી. એપ્લીકેશન ડેટા સેન્ટરોમાં પણ આ જીસ્વાનના માધ્યમ દ્વારા હોસ્ટ કરવામાં આવી છે. જીસ્વાનના માધ્યમથી ડેટા સેન્ટરોમાંથી ૩૪ લાખ કરતાં વધુ સર્ટિફિકેટો ઇસ્યુ કરવામાં આવ્યા છે. more than 34 lacks certificate. ૪ લાખથી વધુ લોકોને બારકોડેડ રેશનકાર્ડ આપવામાં આવ્યા છે તથા ઇ-મમતા પ્રોજેકટ હેઠળ ૯૯ લાખ જેટલા કુટુંબોનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. જીસ્વાનના માધ્યમથી સ્વાગત, આખા દેશમાં સૌથી વધારે લોકપ્રિય ગુજરાત સરકારનો કાર્યક્રમ એટલે સ્વાગત. STATE WIDE ATTENTION ON GRIEVANCES BY APPLICATION OF TECHNOLOGY. આ પ્રોજેકટ હેઠળ અત્યાર સુધીમાં ૨ લાખ જેટલી રજૂઆતો સાંભળવામાં આવી છે, મેળવવામાં આવી છે, પ્રોસેસ કરવામાં આવી છે અને તેનો નિકાલ કરવામાં આવ્યો છે. રાજ્યના કોઇપણ ખૂણામાંથી નાગરિકાએ ગાંધીનગર સુધી માનનીય મુખ્યમંત્રીશ્રીને ફરિયાદ કરવા ગાંધીનગર સુધી આવવાની

જરૂર નથી. આ સ્વાગતના માધ્યમ દ્વારા તેઓ માનનીય મુખ્યમંત્રીશ્રીને સીધો સંપર્ક કરી શકે છે. જીસ્વાનના માધ્યમથી રોજ ૪૫ હજાર કરતાં વધુ ઈમેઈલ પ્રોસેસ કરવામાં આવે છે. વર્ષ દરમ્યાન ૧૦૦ જેટલી વિડીયો કોન્ફરન્સ કરવામાં આવે છે. રાજ્ય સરકારને લગતી વિવિધ કામગીરીના અહેવાલ મેળવવા માટે, ચોક્કસ સૂચનાઓ પસાર કરવા માટે અને અગત્યના પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવા માટે આ વિડીયો કોન્ફરન્સીગનો ઉપયોગ કરવામાં આવતો હોય છે.

ભારત સરકારની ઈલેકટ્રોનીક ટ્રાન્જેકશન એપ્લીકેશન એન્ડ એનાલીસીસ લેવલ વેબસાઈટમાં, ભારત સરકારની આ વેબસાઈટ છે તેમાં જીસ્વાન અને ઈન્ટરનેટની મદદથી રાજ્યોમાં આપવામાં આવતી ઈલેકટ્રોનીક ટ્રાન્જેકશન સર્વિસમાં તેમાં ૧લી જાન્યુઆરી ૨૦૧૪થી માંડીને ૨૪મી ફેબ્રુઆરી ૨૦૧૪ દરમ્યાન નોંધાયેલા ઈ.ટ્રાન્જેકશનમાં ૮ કરોડ અને ૮૦ લાખ ઈ.ટ્રાન્જેકશન ગુજરાત રાજ્યની અંદર નોંધાયેલા છે. ગુજરાત ઈ.ટ્રાન્જેકશનમાં આ રીતે પ્રથમ છે. દેશમાં જેટલા ઈ.ટ્રાન્જેકશન થયા છે તેના ૩૦ ટકા ઈ.ટ્રાન્જેકશન આ ગુજરાત રાજ્યમાં થઈ રહ્યા છે. ગુજરાત સચિવાલય અને ગુજરાત વિધાનસભા સંકુલ ખાતે પ્રવેશ નિયંત્રણ સલામતિના ભાગરૂપે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ દ્વારા ઈન્ટીગ્રેટેડ એકસપ્રેસ કંટ્રોલ એન્ડ મેન મેનેજમેન્ટ સીસ્ટમ ૨૦૦૫થી દાખલ કરવામાં આવી છે. સચિવાલયમાં અવાર નવાર અવર જવર કરતા નાગરિકોને જુદા જુદા કલરના સ્માર્ટ કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા છે. આ સ્માર્ટ કાર્ડ નાગરિકોને ઓળખના પુરાવા તરીકે કામ આવે છે. તેની હાજરીના રેકર્ડ પણ રાખવા માટે ઉપયોગી થાય છે. સ્માર્ટ કાર્ડમાં આપવામાં આવેલા આઈડેન્ટીફીકેશન નંબરના કારણે સ્માર્ટ કાર્ડ હોલ્ડરની હાજરી તેમજ દિવસ દરમ્યાન તેની અવર જવરની મિનીટ અને સેકન્ડમાં નોંધણી થાય છે. આ સેવાઓ છેલ્લા નવ વર્ષ કરતાં વધુ સમયથી સફળતાપૂર્વક આપવામાં આવી રહી છે.

સાયન્સ અને ટેકનોલોજી વિભાગ દ્વારા આ રાજ્ય સરકારના ઈ-ગવર્નન્સ એ મુખ્ય પ્રોજેકટ છે. ઈ-ગ્રામ, ઈ-ધરા, ઈ-મમતા, વેલ્યુ એડેડ ટેકસ ઈન્ફર્મેશન સિસ્ટમ, જન સુવિધા કેન્દ્રો, સીટી સીવીક સેન્ટર, મુખ્યમંત્રીશ્રી અમૃતમ યોજના ''મા''વગેરેનો સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ ખૂબ સફળતાપૂર્વક અમલ કરી રહ્યા છે તેવું કહેતાં મને ખૂબ આનંદ થાય છે. સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ દ્વારા જે બીજી કેટલીક સેવાઓ, જે બીજી સંસ્થાઓ સાથે તે લોકોનું જે એફીલીએશન છે તેના કારણે રાજ્ય સરકાર રાજ્યના લોકોને જે સેવાઓ આપે છે તેમાં ભાસ્કરાચાર્ય ઈન્સ્ટિટયૂટ ઓફ સ્પેસ એપ્લીકેશન જીઓ ઈન્ફોરમેટીક(બાયસેક) એટલે કે બાયસેક, Gujarat Council of Science & Technology, Gujarat Council of Science City, Institute of Seismological Research, Gujarat State Bio-Technology Mission સંસ્થાઓ સાથે પણ સાયન્સ અને ટેકનોલોજી ડિપાર્ટમેન્ટ સહયોગ કરીને જુદી જુદી વિવિધ પ્રકારની સેવાઓ આ રાજયના છ હજાર જેટલા નાગરિકોને ખૂબ સફળતાપૂર્વક પહોંચાડતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સ્ટેટ ડેટા સેન્ટરે તાજેતરમાં આ ઈ-ગવર્નન્સના ક્ષેત્રની અંદર I.T.security અને તેની સ્ટાન્ડર્ડ પ્રક્રિયાના સંબંધોમાં ISO 20000, i.e., for IT service management, ISO 27001, i.e., Information Security Management માટે મેળવેલ છે. કોઈ એક રાજય સરકારની આવી સેવાઓ ઈ-ગવર્નન્સની સેવાઓને આ રીતે ISO પ્રમાણપત્ર મળે એ રાજય સરકાર માટે ખૂબ આનંદનો વિષય છે અને આ નાગરિકોને ગૌરવ અપાવતું આ રાજય એવું છે લોકો ઈ-ગવર્નન્સની સર્વિસની અંદર પોતે ગુજરાત સરકારના નાગરિકો છે. એવું ગૌરવ અનુભવવા માટેનું કામ સાયન્સ અને ટેકનોલોજી કરતું આવ્યું છે.

last, but not the least, e-governance ના ક્ષેત્રમાં આ રાજય સરકારને અત્યાર સુધીમાં ૧૧૭ એવોર્ડ મળ્યા છે તે પૈકીના ૨૦૧૩માં એટલે કે ગયા વર્ષની અંદર રાજય સરકારને ૩૨ જેટલા એવોર્ડ કેન્દ્ર સરકારમાંથી એવોર્ડ કરવામાં આવ્યા છે. This is the

performance of the Science & Technology Department of the Govt. of Gujarat. I congratulate Hon'ble Chief Minister, I congratulate Hon'ble Minister and also I congratulate the Science & Technology Department of the Govt.of Gujarat.

શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ અને સહકારની જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરવા માગે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મૂળ બજેટની અંદર પણ જોગવાઇ કરી હશે છતાં પણ પૂરક માગણીઓની જરૂર પડે અને સરકાર પૂરક માગણીઓ લઇને આવે એમાં કાંઇ ખોટું નથી પણ માનનીય અધ્યક્ષશ્રી, પૂરક માગણીઓની સાથે કેટલું ખર્ચ કયામાં કરવાનું છે એ દ્રષ્ટિએ આપણે વિચારીએ (અંતરાય) અને કૃષિ અને સહકારની વાત કરૂં તો..

અધ્યક્ષશ્રી : અંદરો અંદર વાત કરશો નહીં, માનનીય સભ્યશ્રીને સાંભળો, અને જેને વાત કરવી હોય એને બહાર જવાની છૂટ છે. સાવ પીનડ્રોપ સાયલન્સ રહેવી જોઇએ હાઉસમાં, જરૂર વગરની કોઇએ કયાંયે વાત કરવાની જરૂર નથી અને જેને વાત કરવી હોય એને બહાર જવાની છૂટ છે. વાત કરીને પછી આવજો.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર કૃષિની જે વાત કરવામાં આવે છે એ કૃષિની વાતની બાબતમાં જો આપણે વિચાર કરીએ તો ગુજરાતનો કૃષિ ક્ષેત્રે સુધારેલો પેદાશનો સરેરાશ વિકાસ દર ૮.૪૬ રહ્યો છે. બીજા રાજયોનો જોઇએ તો પોંડીચેરી, મેઘાલય, મણીપુર, આસામ, બિહાર, છતીસગઢનો સમાવેશ થાય છે એમાં ગુજરાત સાતમા નંબરે આવે છે. કૃષિની અંદર હું આંકડાની માળાજાળમાં પડવા માગતો નથી પણ એટલું કહીશ કે, કૃષિ રથ કાઢવાથી કે કૃષિ મેળા કરવાથી હું માનું છું ત્યાં સુધી ખેડૂતોનો ઉદ્ધાર થવાનો નથી. ચાલુ સાલે પણ વરસાદ મોડો પડ્યો, વરસાદ મોડો પડે અને વરસાદ વધારે પડે એના કારણે ખેડૂતોને નુકસાન થયું એને કારણે ખેડૂતોએ જે ધિરાણ લીધું છે એ ધિરાણનું વ્યાજ ચૂકવવા માટે પણ જોગવાઇ કરી, પણ હું માનું છું ત્યાં સુધી પરિસ્થિતિ અને સંજોગોને કારણે ચાલુ સાલે ખેડૂતોની બહુ ગંભીર પરિસ્થિતિ ઊભી થઇ છે એવા સંજોગોમાં મારે કહેવું જોઇએ કે, સેવા સહકારી મંડળી મારફતે જે ખેડૂતોએ ધિરાણ લીધું છે એ ખેડૂતોને વ્યાજની અંદર માફ કરવું જોઇએ જેથી કરીને ચાલુ સાલે ખેડૂતો ટકી શકે, અને ખેતીની અંદર મેં જોયું એ પ્રમાણે મેં કહ્યું કે કૃષિમેળા કરે અને કૃષિ રથ કાઢે અને એમાં લાખો અને કરોડોના ખર્ચા કરે અને બોલાવીને બધાને કિટ્સ આપવાની વાત કરે અને એ અંદર અંદર દશ જણા વહેંચી લે એથી હું માનું છું કે ખેડૂતોનો વિકાસ નથી થવાનો.

માનનીય અધ્યક્ષશ્રી, ખાતરની વાત કરૂં તો ચાલુ સાલે મને લાગે છે ત્યાં સુધી ખેડૂતોને ખેતી પોસાતી નથી અને એને કારણે કેટલાય ખેડૂતો ધીમે ધીમે ખેતીમાંથી બહાર નીકળતા જાય છે. ખાતર મોંઘું છે, એની પર સરકાર વેટ ઓછો કરતી નથી, દવાઓ મોંઘી, ખાતર મોંઘુ, બિયારણ મોંઘુ છે, લેબર મોંઘુ થયું છે અને ઉત્પાદનના એને પોષણક્ષમ ભાવો મળતા નથી એને કારણે ખેડૂતો દિવસે દિવસે નારાજ થતાં જાય છે, હું સરકારને વિનંતી કરીશ કે ખેડૂતની જો વાત કરતા હોય, ગામડાંને સદ્ધર કરવાની જો આપણે વાત કરતા હોઇએ ખાતરમાં બીજા કોઇ રાજ્યની અંદર વેટ નથી, ગુજરાતની અંદર વધારેમાં વધારે વેટ છે, એ વેટ ઓછો કરવા માટે મારી સરકારને ભલામણ છે. જેથી કરીને ખેડૂતોની આર્થિક પરિસ્થિતિ મજબૂત થાય. ખેડૂત એ ખેતી કરે છે પણ પૂરક ધંધા તરીકે પશુપાલનનો ધંધો કરે છે, સહકાર મારફતે કરે છે. તો પશુપાલનનો ધંધો ખેડૂતો કરતા હોય ત્યારે પૂરક ધંધામાં પશુપાલનની અંદર પણ એ દૂધ માટે ગાય અને ભેંસ રાખે છે, એ પણ એમને પોષાતું હોતું નથી, હું અમૂલ ડેરીનો ચેરમેન છું આજની તારીખમાં ૫૦૦ ગ્રામ અને એક કિલો પેકનો ભાવ આપું છું છતાં પણ ખેડૂતોને નથી પોષાતું, ચાલુ સાલની પરિસ્થિતિને કારણે દૂધ ઓછું આવે છે, દૂધ ઓછું આવે એના કારણે ભાવ વધારે આપીએ છીએ છતાં પણ પોષાતું નથી એને કારણે કેટલીક જગ્યાએ

પશુપાલનનો ધંધો ખેડૂતોએ બંધ કરવો પડ્યો છે. અમારે ત્યાં ઓછાંમાં ઓછાં ૪૫ તબેલા બંધ થઇ ગયા છે, કારણકે એને પોષાતું નથી, બીજા રાજ્યની અંદર દૂધની અંદર બે રૂપિયા સબસીડી આપવામાં આવે છે તો ગુજરાત ના આપી શકે ખેડૂતોને ટકાવી રાખવા હોય તો? પૂરક ધંધા તરીકે પશુપાલનનો ધંધો કરતા હોય, બહેનો મહેનત અને મજૂરી કરતી હોય તો એમને બે રૂપિયા સરકાર સહાય આપે એવી હું ભલામણ કરું છું. ખેડૂતોની વાત કરીએ, ગરીબોની વાત કરીએ, જ્યાંસુધી ગામડું સદ્ધર નહિ હોય ત્યાંસુધી શહેરની અંદર કોઇ ફેરફાર થવાનો નથી, એકબાજુ આપણે એમ કહીએ કે માણસોને ગામડાંની અંદર રોકો અને ત્યાં જ પૂરતી સગવડ આપો શહેર બાજુ એ ના વળે એના માટેના આપણે પ્રયત્નો કરીએ છીએ, પણ આ ક્યારે થાય કે ગામડાંની અંદર એને પૂરેપૂરી સગવડ મળે, એને ખેતી કરવી પોસાય. જીવન જરૂરિયાતની વસ્તુઓ મળી રહે ત્યાંસુધી એ ન જાય પણ એ ના મળે તો ખેડૂત ધીમે ધીમે શહેર બાજુ વળી જતો હોય છે, એને માટે સરકારે ખૂબ વિચાર કરવો જોઇએ.

સહકારની બાબતમાં હું થોડીક વાત કરીશ, માનનીય મંત્રીશ્રી સામે બેઠેલા છે, મારી નમ્રપણે વિનંતી છે કે, સહકારી માળખું જેમણે બનાવ્યું છે એ વડીલોનો હું આભાર માનું છું. ગ્રામ્ય લેવલે ખેડૂતોને પોતાના ધંધાની અંદર, ખેતીની અંદર, પશુપાલનના ધંધાની અંદર સારી રીતે ધિરાણ મળી રહે, ઓછાં વ્યાજે પૈસા મળે, સરળ રીતે એમને બેન્કમાંથી પૈસા મળે, અને પોતાનું ગુજરાન ચલાવે એટલા માટે સહકારી માળખાની જે રચના કરી એ તાલુકા લેવલે, જિલ્લા લેવલે, બેન્ક હોય, સહકારી મંડળી હોય એની અંદર હું માનું છું ત્યાંસુધી હું પણ જ્યારે વહીવટમાં બેઠો છું ત્યારે ગયા વરસે દિલીપભાઇ સંઘાણી જ્યારે સહકાર મંત્રી તરીકે હતા ત્યારે મેં એમને એક વિનંતી કરી હતી કે એક કાયદો બહાર પડ્યો એની અંદર મંડળીઓએ ફરજિયાત એક રકમ કાઢવાની, એ રકમ માટે મેં એમને વિનંતી કરી પણ એ ન થયું, માનનીય મંત્રીને વિનંતી કરી કે સહકારી માળખું એ ગામડાંને જીવવા માટેનો એક મોટામાં મોટો આધાર છે, કોઇ રોકડિયો ધંધો ગામડાંની અંદર નથી, ફક્ત પશુપાલનનો ધંધો છે, જ્યારે અમે આટલા સંઘો અને મંડળીઓ લઇને બેઠેલા હોઇએ ત્યારે મારી નમ્ર વિનંતી છે કે સહકારી માળખાની અંદર કોઇ દિવસ રાજકારણ ના લાવશો. બીજા બધાની અંદર જ્યાં રાજકારણ ચલાવવું હોય ત્યાં ચલાવો પણ સહકારી માળખું ગામડાંને જીવવા માટેનું એક સાધન છે એની અંદર હું માનું છું ત્યાંસુધી એને મદદ કરો. પોતાની જાતે રોટલો જ્યારે ગામડાંવાળા કમાઇ શકતા હોય ત્યારે એને મદદ કરીશું એકાદી ગાય અને ભેંસની અંદર જો આપણે સબસીડી આપીશું તો એના બાળકોનું શિક્ષણ બનશે, એનું ભવિષ્ય બનશે. એવા સંજોગોની અંદર સહકારી માળખું ન તૂટે એવી હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. રાજકારણ ચલાવવા માટેની તો ઘણી જગ્યાઓ છે, ઘણા અખાડા છે પણ સહકારી માળખાની અંદર ન લાવવામાં આવે તેવી મારી નમ્ર વિનંતી છે, સહકાર મંત્રીશ્રીને એક જ વિનંતી કરીશ કે ડૂબત લેણા માટે કંઇક વિચારે. આટલી વાત કહીને હું મારી વાત પૂરી કરું છે.

શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સને ૨૦૧૩-૧૪ના વરસની ગૃહ વિભાગની પૂરક માગણી નંબર-૪૪ રૂપિયા ૨૫,૨૨,૧૧,૦૦૦ ની લઇને આવ્યા છે ત્યારે એમાં હું મારો સૂર પૂરાવવા માટે ઊભો થયો છું. ગુજરાતના લોકલાડીલા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના સુશાસન દરમ્યાન જેલની સુરક્ષા તથા કેદીઓની સુખાકારી માટે વિવિધ પગલાં લેવામાં આવ્યાં છે વર્ષ ૨૦૦૬માં રાજયની જેલોમાં જે કેદીની ક્ષમતા હતી તે ૫૫૮૬ની હતી જે નવી-નવતર જેલો બનાવીને રાજ્યમાં ૧૨૩૧૮ જેટલી ક્ષમતા થયેલ છે. કોઇપણ વ્યક્તિ જ્યારે ગુનો કરે છે કે કોઇપણ પરિસ્થિતિનો શિકાર બનતો હોય છે અને એ માટે સરકાર ખૂબજ ચિંતિત રહેતી હોય છે કે ફરી વખત,ગુન્હાઓ ન બને તે માટે અલગ અલગ કેદીઓને સુધરવાની તક મળે તે માટે વિવિધ સંસ્થાઓ દ્વારા અને પ્રતિષ્ઠિત સંસ્થાઓ દ્વારા રાજયની જેલોમાં વિવિધ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમો યોગા કલાસ, ગીતા પઠન જેવા કાર્યક્રમો યોજી અને કેદીઓને સુધારવા માટેના પણ નવતર પ્રયોગો હાથ ધરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, જેલમાં સજા ભોગવી રહેલા કેદીઓમાં સારા સંસ્કારનું સિંચન થાય તે માટે પણ સરકારશ્રી દ્વારા રાજયોની જેલોમાં લાયબ્રેરીમાં અગાઉના વર્ષોમાં ૨૦૧૦ પહેલાં ૨૯૯૬૨ પુસ્તકો હતા અને ૧૭૦૬ મેગેઝિન હતા અત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ એ લાયબ્રેરીનો વિકાસ કરીને ૧૦૦૫૬૩

પુસ્તકો તથા ૧૧૬૩૪ મેગેઝિનો વસાવવામાં આવ્યા છે. અગાઉના વર્ષોમાં કેદીઓને નહીવત્ પ્રમાણમાં વ્યાવસાયિક તાલીમ આપવામાં આવતી હતી અને જે તાલીમ આપવામાં આવતી હતી તેમાં કેદીનું નામ અને જેલનું સર્ટીફિકેટ આપવામાં આવતું હતું. પણ તેમના કલંકિત ઈતિહાસ આગળ સાબિત ના થાય તે માટે પુનઃવસનમાં જે મુશ્કેલી પડતી હતી તેમાં માનનીય નરેન્દ્રભાઈએ કેદીઓના દિલની લાગણી સમજી અને ૧૧૪૩ કેદીઓને શ્રમ અને રોજગાર મંત્રાલયના સહયોગથી વિવિધ પ્રકારની વ્યાવસાયિક તાલીમ આપી જેલ સાથેની કોઈપણ બાબતને ન જોડી ફકત તેઓના નામ સાથેનું સંબંધિત સંસ્થા, યુનિવર્સિટી દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવ્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની ચારેય જેલોની મુખ્ય દિવાલ ઉપર હાઈવોલ્ટેજ ડી.સી.લાઈવ વાયર અને જેલોમાં હાઈ માસ્ટ પોલ પ્રસ્થાપિત કરવાની કામગીરી પણ ચાલુ છે. સલામતીના પરિપ્રેક્ષ્યમાં રાજયની તમામ જેલોમાં ડોરફ્રેમ મેટલ ડિટેકટર અને વોકી ટોકી વસાવવામાં આવેલ છે. આ સાથે રાજયની મધ્યસ્થ જેલોમાં મોબાઈલ ફોન ડિટેકટર અને ત્રણ મધ્યસ્થ જેલોમાં મોબાઈલ ફોન ઝામર પણ વસાવવામાં આવેલ છે. અમદાવાદ, વડોદરા મધ્યસ્થ જેલમાં નારકોટિકસ એકસપ્લોઝિવ ડિટેકટર પણ લગાવવામાં આવેલ છે. મને જણાવતાં આનંદ થાય છે કે, જેલોની સલામતી માટે હમણાં જ વધુ ચૂસ્ત વ્યવસ્થા બનાવવા માટે ૭૫૦ પુરૂષ સિપાઈ તથા ૬૩ મહિલા સિપાઈની ભરતી કરવાની કામગીરી પૂર્ણ થયેલ છે. ટૂંકમાં જ નિમણૂક ઓર્ડર પણ આપી રહેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની મધ્યસ્થ જેલ અને જામનગર જિલ્લામાં પલારા ખાતે ખાસ હોસ્પિટલોની પણ માનનીય મુખ્યમંત્રીશ્રી જેમ પ્રજાની ચિંતા કરે છે તેવી રીતે કેદીઓની પણ સતત ચિંતા કરતા હોય છે. તે માટે એકસ–રે મશીન, સોનોગ્રાફી મશીન, ઈ.સી.જી.મશીન જેવા અદ્યતન મેડિકલ સાધનો પણ વસાવવામાં આવેલા છે. જેલોમાં કોઈપણ કેદીની તબિયત બગડે તો તેના માટે ઈમરજન્સી માટે એમ્બ્યુલન્સની વ્યવસ્થા અને વાહનો વસાવવામાં આવે છે. ગુજરાત સરકાર સતત ચિંતિત હોય છે કે પોતાના પ્રજાજન માટે કેવી રીતે પોતાના મુખ્યમંત્રી જાણતા–અજાણતા જયારે કોઈ પણ વ્યકિત ગુન્હો કરતો હોય છે, એ ગુન્હાનો શિકાર બનતો હોય છે, પરિસ્થિતિનો શિકાર બનતો હોય છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી સતત લોકોની પણ ચિંતા કરતા હોય છે કે, ફરી વખત કોઈ ગુન્હો ના કરે તે માટે વિવિધ તાલીમ કેન્દ્રો પણ તેમણે ચાલુ કર્યા છે. જેમ કે કોમ્પ્યુટર તાલીમ કેન્દ્રો, ઈન્ફોર્મેશન ટેકનોલોજી તાલીમ કેન્દ્રો, ૬૭૬ બંદિવાનોને જુદા જુદા કોમ્પ્યુટર પોગ્રામની અને સર્ટીફિકેટો આપવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, રોજગાર લક્ષી પણ તાલીમ જેમ કે સુથારી કામ, ટેક્સટાઈલ કામ, બેકરી કામ, સાબરમતી જેલની બહાર પણ એક સરસ નાની રેસ્ટોરન્ટ ભજિયા હાઉસ પણ ઘણાં વર્ષોથી ચાલી રહી છે. આવા બધાજ સુખાકારીના કામો માનનીય સરકારશ્રી દ્વારા હાથ ધરવામાં આવ્યા છે. આ બધી તાલીમ વ્યવસ્થા આપી અને કેદી જયારે જેલમાંથી બહાર આવે ત્યારે પોતાના પગ ઉપર સ્વનિર્ભર કરી શકે તેના માટે માનનીય નાણામંત્રીશ્રીને સતત અમારા ગુજરાત રાજયના સરકારશ્રી સતત ચિંતિત હોય છે તેથી આ પૂરક માગણીઓને હું મારો ટેકો આપું છું.

શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, તેમાં મહેસૂલ વિભાગની પૂરક માગણી ૧,૫૭,૪૪,૮૦,૦૦૦ આ પૂરક માગણીના અનુસંધાનમાં સૌનો સાથ સૌનો વિકાસ. ઈન્ચાર્જ , સરચાર્જ અને વર્કચાર્જથી ચાલતી સરકાર. આજે શહેરી વિકાસની વાત કરીએ અને મહેસૂલની વાત કરીએ તો અહીંયા બેઠેલાં ગૃહના તમામ આદરણીય સભ્યશ્રીઓને પોતાના મત વિસ્તારની અંદર અને આ મહેસૂલ વિભાગની ચર્ચા છે એટલા માટે કહું છું કે ૧૫૭ કરોડ ૪૪ લાખ અને ૮૦ હજાર આજે માનનીય અધ્યક્ષશ્રી, જે ઈ–ધારાની વાતો કરે છે ઈ–ધારાની અંદર આજે જે કોમ્પ્યુટર સંચાલન કરે છે તે કોમ્પ્યુટરો ઉચ્ચક પગારથી અને મારે દુઃખ સાથે કહેવું પડે છે કે મારા મત વિસ્તારની વાત કરું તો ૨૦૦૯ માં ૩ હજાર જેટલા મૂળ રેકર્ડમાંથી ડેટા ફીટ નહોતો કર્યો એના કારણે ૩ હજાર જેટલા સુધારણાના હુકમો કરવામાં આવ્યા છે. મારો કહેવાનો મતલબ એ છે કે આ જે કોઈ કોમ્પ્યુટર

ઓપરેટરો છે એ બિન જવાબદાર રીતે વર્તે છે. મારા મત વિસ્તાર સિવાય આખા ગુજરાતમાં જે જગ્યાએ કોમ્પ્યુટર ઓપરેટરો બેસે છે એમને કયાંય કાયમી કરવામાં આવતા નથી અને એમને ઉચ્ચક પગાર જ આપવામાં આવતો નથી. આ સરકાર ઉચ્ચક પગાર તરીકે ચાલતી સરકાર છે.પ્રાથમિક શિક્ષક હોય તો એમને ઉચ્ચક પગાર અપાય છે,કોન્સ્ટેબલ હોય તો એમને પણ ઉચ્ચક પગાર અપાય અને આ ઈ–ધરાના કોમ્પ્યુટર ઓપરેટરોને પણ ઉચ્ચક પગાર અપાય છે અને જે માણસોની કોઇ આવડત નથી એવાને રાખવામાં આવે છે અને મને ખબર છે ત્યાં સુધી કંપનીઓને આ બાબતમાં (અંતરાય) રેવન્યુ વિભાગમાં પણ આપને એક વાત યાદ કરાવવા માગું છું કે....

શ્રી નીતિનભાઈ ર. પટેલ : સાહેબ, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે આજે મહેસૂલ વિભાગની માગણીઓ આ પૂરક માગણીઓમાં નથી. એટલે એ વાત એમાં અહીં કેવી રીતે આવી શકે? જે વિષય છે એ તો શહેરી વિકાસ વિભાગનો છે. મહેસૂલ અને શહેરી વિભાગ બન્ને જુદા જુદા વિભાગો છે. માનનીય સભ્યશ્રી તો ખૂબ સિનિયર સભ્ય છે અને મંત્રીશ્રી પણ રહી ચૂકયા છે. માનનીય સભ્યશ્રી આ બન્નેને ભેગું કરે છે. શહેરી વિકાસ વિભાગમાં આ ઈ–ધરા કયાંથી આવે? એ અહીં ના આવે.

**અધ્યક્ષશ્રીઃ** એક મિનિટ, હું પણ એ જ કહું છું. (અંતરાય) સાંભળો ને, માનનીય સભ્યશ્રી આપે જે મહેસૂલ વિભાગ માટેની વાત કરી એ મહેસૂલ વિભાગની આજે વાત નથી. તમે જે કહો છો કે ૧૫૭ કરોડ રૂપિયાની વાત છે એ શહેરી વિકાસ વિભાગ માટેની વાત છે. (અંતરાય) એ શહેરી વિકાસ વિભાગનું ૧૩૨ મા પાના ઉપર ૧૦૨ ની માગણીમાં જુઓ કે તમે જે વાત કરી એવું કાંઇ એમાં નથી. (અંતરાય) ના, ના, બલવંતસિંહ, એ શહેરી વિકાસ વિભાગ માટેની વાત છે અને આ મહેસૂલ માટેની વાત કરે છે. એમણે વાત કરી ત્યારે આપ હતા નહીં. એમણે સ્પેસિફિક કહ્યું છે કે ૧૫૭.૪૪ કરોડ રૂપિયાની જે માગણી લઇને આવ્યા છે એ રીતે એમણે શરૂઆત કરી છે. (અંતરાય) માનનીય રાઉલજી, આપ બોલી લો, પછી આપનો સમય પૂરો થશે, પણ હવે જે કાંઇ બોલો એ શહેરી વિકાસ માટે જ બોલજો.

**શ્રી સી.કે.રાઉલજીઃ** માનનીય અધ્યક્ષશ્રી,શહેરી વિકાસ ઉપર હું આવતો જ હતો. આ જે મકાનની જંત્રી હોય છે અને સીટી સરવેનો ચાર્જ પણ મામલતદારને સોંપાય છે. એટલે મારો કહેવાનો મતલબ એ છે કે સોનો સાથ સૌનો વિકાસ એવી વાત કરવાવાળી આ સરકારને આ શહેરી વિકાસ બાબતની વાત કરવા માગું છું કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૨૦૦૯ની ૨૬ મી જાન્યુઆરીએ જયારે ૧૪૪૦ કરોડ રૂપિયાની જાહેરાત કરી, તા. ૯–૧–૧૨ ના રોજ સદ્ભાવના નિમિત્તે ૧૪૬૦ કરોડ રૂપિયાની જાહેરાત કરી એમ કુલ ૨૯૦૦ કરોડ રૂપિયા થાય. તો આ ૨૯૦૦ કરોડ રૂપિયાની જાહેરાત કરવા છતાં આજે ૪–૫ વર્ષ થયાં અને હાલ અમારા પ્રભારી મંત્રીશ્રીએ ૧૨૮ કરોડની ભૂગર્ભ યોજનાની જાહેરાત કરી જે આના ફકત ૨ ટકા જ થવા જાય છે. તો આ ૧૨૮ કરોડ રૂપિયામાં આખા ગોધરા શહેર અને આખા પંચમહાલ જિલ્લાનું શું કલ્યાણ થાય? એવું છે કે બેઝીકલી જે વસ્તુ માનનીય મુખ્યમંત્રીશ્રી જાહેર કરે એ કાયદો થાય. તો આજે આ ૨૯૦૦ કરોડ રૂપિયાની એમણે જાહેરાત કરવા છતાં ફકત ૧૨૮ કરોડ રૂપિયા જ ગોધરા શહેરને મળતા હોય તો શું થાય? બાકી અન્ય જિલ્લાઓમાં પણ ભૂતકાળમાં ૪૨ હજાર કરોડ રૂપિયા જેટલા પેકેજની વાત કરી છે અને આજે એક પણ ફદિયું એ જિલ્લાઓને મળેલ નથી એનું મને દુઃખ છે. આજે નગરપાલિઓની ઓકટ્રોયની નાબૂદી થઇ ગઇ છે એના કારણે નગરપાલિકાઓ અને નગર પંચાયતોની આવક બિલકુલ નહીંવત્ત થઇ ગઇ છે. નગરપાલિકાઓને એમનો વિકાસ કરવો હોય, શહેરોને એમનો વિકાસ કરવો હોય તો મોટી મોટી વાતો કરવાથી કાંઇ જ થતું નથી. અને જે કંઇ કહેવાનું છે તેની વાસ્તવિકતા જોઇએ તો વાસ્તવિકતા જુદી જ છે. આજે ગુજરાત નંબર વન ની વાતો કરે છે, આજે ૫૦ ટકા લોકોને શહેરોમાં શૌચાલયની સુવિધા નથી. ૩૦ ટકા લોકો ૫ થી ૧૪ વર્ષના બાળકો શાળાએ જતા નથી. ૩૦ ટકા લોકો ગરીબી રેખા નીચે જીવે છે. અને ગુજરાતનો ગરીબીમાં આઠમો ક્રમાંક આવે છે. આમ ગુજરાત નંબર વન ની વાતો કરવા વાળા મુખ્ય મંત્રી આજે કોઇ પણ જિલ્લાના બેઇઝ ઉપર જોઇએ તો શહેરમાં બાયપાસના બેઇઝ ઉપર ભૂતકાળમાં મંત્રીશ્રીએ ખાતરી આપી હોવા છતાં કોઇ કામો થતા નથી, હું ડાકોરની વાત કરું તો આ ભાજપની સરકાર એમ કહે કે અમે તીર્થનો વિકાસ કરીશું, તો આજે ગૃહમાં ખાતરી આપવા છતાં ડાકોરનો બાયપાસ થતો નથી. આ શહેરી વિકાસની વાત કરું છું. આ જ

પોઝીશન હોય તો ગુજરાતના વિકાસની વાતો કરનાર સરકારને મારે કહેવું પડશે કે આ પૂરક માગણીઓ સાથે હું સંમત થતો નથી.

શ્રીમતી પુનમબેન હે. માડમ(ખંભાલીયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માટે ખર્ચનું પૂરક પત્રક આ ગૃહની મંજૂરી માટે લઇને આવ્યા છે એમાં હું રાજયના માર્ગ અને મકાન વિભાગમાં જેના ઉપર રાજયના વિકાસનો આધાર છે એવી માળખાગત સવલતો ઊભી કરવાના કામો હાથ ધરાય છે તે પૈકી હું બિન રહેણાક મકાનો, રહેણાકના મકાનો તથા માર્ગો અને પૂલો માટે જે પૂરક માગણી રજૂ થઇ છે તેમાં મારું સમર્થન અને વિચારો આ ગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ અગાઉ આ રાજયમાં શું પરિસ્થિતિ હતી તેના સાક્ષી છીએ, અગાઉ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ માટે કાં તો પૂરતા આવાસો નહોતા અને જો એમના માટે રહેણાકના આવાસો હોય તો એની પરિસ્થિતિ એવી હતી, એની સ્થિતિ એવી હતી કે કોઇ પણ અધિકારી અને કર્મચારી ત્યાં રહેવા જવા માગતા નહોતા, એમને જો વાજબી ભાવે અને વાજબી ભાડાએ અન્ય કોઇ જગ્યાએ ભાડાના મકાનો મળતા તો એ વધારે પ્રેફરન્સ ભાડાના મકાનોને આપી અને ભાડાકીય મકાનોમાં રહેતા, નહીં કે સરકારી મકાનોમાં. પણ આજે માનનીય મુખ્ય મંત્રીશ્રીના નેજા હેઠળ પાછલા દસ વર્ષથી સરકારી રહેણાકના મકાનો અને આવાસોના આયોજનબદ્ધ વધારાને કારણે દરેક અધિકારી અને કર્મચારી જયાં તેમનું પોસ્ટીંગ હોય ત્યાં તેને આવાસ મળી જાય, આજની જરૂરિયાત મુજબ મોર્ડન સુવિધા સાથે એને મકાન મળે અને જે જુના મકાનો છે એને પણ રીપેરીંગનું કામ હાથ ધરી એનું રીફેબ્રીકેશન કરી રાજય સરકારે ખૂબ જ સરસ રહેણાંકની સુવિધા સરકારના અધિકારીઓ અને દરેક વર્ગના કર્મચારીઓ માટે ઉપલબ્ધ કરાવી છે તેના સાક્ષી આપણે સૌ છીએ.

આજે સરકારી કચેરીઓની વાત કરીએ તો કોઇ પણ કોર્પોરેટ ઓફિસીસને શરમાવે તેનાથી વધુ મોર્ડન સરકારી કચેરીઓ અને સેવા સદનોનું નિર્માણ રાજય સરકારે પાછલા દસ વર્ષમાં સમગ્ર ગુજરાતમાં દરેક જિલ્લા અને દરેક તાલુકામાં કર્યું છે. જયાં જયાં જૂના સેવા સદનો હતા, જૂની સરકારી કચેરીઓ હતી એમાં નવ નિર્માણ કરી નવા સેવા સદનોનું નિર્માણ કર્યું છે, મારા ખંભાળીયાનો અનુભવ કહું તો એક એન.આર.આઇ. પરિવાર, જેઓ ખંભાળીયાના વતની છે અને વિદેશમાં અત્યારે વસે છે તેઓ ખંભાળીયા ખાતે જયારે સેવા સદનમાં પોતાના અંગત કામ માટે આવ્યા અને મારે એમની સાથે મુલાકાત થઇ તો એમણે પહેલી એ વાત કરી કે પુનમબેન, મને માનવામાં નથી આવતું કે હું ખંભાળીયામાં છું અને આ સેવા સદન આ તાલુકા કક્ષાના આવા નાના ગામમાં આટલું મોટું, અમારે લંડનમાં આવી ઓફિસીસ હોય છે તેવું સેવાસદન ખંભાળીયા ખાતે મળ્યું છે. આ હું ખંભાળીયા તાલુકો હતો ત્યારની વાત કરું છું. હવે તો ખંભાળીયા પણ દેવભૂમિ દ્વારકાનું જિલ્લા મથક છે. અને આવતા દિવસોમાં મારા મત વિસ્તારને શું મળશે તેની કલ્પના આપ સૌ આ ગૃહમાં બેઠેલા સભ્યશ્રીઓ કરી શકો છો.

છેલ્લા કેટલાય વર્ષોથી રાજયામાં વિકાસની હરિફાઇ જોવા મળે છે. એમાં માર્ગોનો નોંધપાત્ર ફાળો છે. કહેવાય છે કે જયાં માર્ગોની સુવિધા ઊભી થઇ છે ત્યાં અન્ય ક્ષેત્રના વિકાસની વિપુલ તકો ઉપલબ્ધ થાય છે. આથી માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રી આનંદીબહેન પટેલ તથા માનનીય નીતિનભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજયમાં આ સરકારના માધ્યમથી એકંદર વિકાસમાં મહત્વનું અંગ ગણાતું માર્ગોની ગુણવત્તા સુધારે અને નવા માર્ગો થાય એ માટે રાજય સરકારે માર્ગ અને પૂલો માટે ચાલુ વરસે રૂપિયા ૧૮૩૭.૦૮ કરોડની જોગવાઇમાં પૂરક માગણીના માધ્યમથી રૂપિયા ૫૦૯.૩૦ કરોડનો વધારો કર્યો છે. આમ ચાલુ વર્ષની કુલ જોગવાઇ રૂપિયા ૨૩૪૬.૩૮ કરોડની જંગી રકમની થઇ છે. એટલે કે અગાઉની સરખામણીએ ૨૭.૭૨ ટકા જેટલો વધારો કરવામાં આવ્યો છે એ જ બતાવે છે કે રાજયમાં માળખાગત સુવિધા વધે અને વધારેમાં વધારે સારું કરવાની ખેવના રાજય સરકારની છે એ વાત આના ઉપરથી પ્રગટ થાય છે. એ જ રીતે માર્ગ વિકાસ ક્ષેત્રે બીજી કામગીરી છે એનો પણ આ

તબક્કે ઉલ્લેખ કરવા માગું છું. અનેક ચારમાર્ગીય રસ્તાઓને છ લેનમાં ફેરવવામાં આવ્યા છે. અનેક રસ્તાઓનું રીકાર્પેટીંગ તથા અનેક નવા રસ્તાઓના કામો પાછલા એક વર્ષમાં હાથ ધરવામાં આવ્યા છે.

આપણે માગીએ તો પણ ન મળે એવી એક ભેટ માનનીય મુખ્યમંત્રીશ્રીએ હમણાં સમગ્ર ગુજરાતને આપી છે. નવા સાત જિલ્લાની રચના કરી છે. આપણે આંદોલનો કરીએ તો પણ મળતાં નથી પરંતુ વગર આંદોલને નવા સાત જિલ્લાની રચના કરીને નવરચિત જિલ્લાની ભેટ આ રાજયને આપી છે. આ જિલ્લાઓ પહેલા મોટા હતા અને માનનીય મુખ્યમંત્રીશ્રીને એવું લાગ્યું કે વહીવટી તંત્ર સમગ્ર જિલ્લાને ન્યાય આપી શકતું નથી એટલે વહીવટી તંત્ર આ વિસ્તારમાં પહોંચી શકે એ માટે નાના જિલ્લાઓ એમાંથી ઊભા કરીને નાના જિલ્લાઓની ભેટ સુશાસન માટે આપણા રાજયને આપી છે. એમાં આપ જૂઓ તો બધી માળખાકીય સુવિધા ૩૬૦ કરોડના ખર્ચે નવા સેવા સદનના મકાનો ઊભા થવા જઇ રહ્યા છે. એ જ રીતે અમારા ગામડાંએ વિચાર્યું પણ નહોતું કે અમારે ત્યાં ભૂગર્ભ ગટર યોજના થશે.

શ્રી અમિત અ. ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી પૂરક માગણીઓ લઇ આવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યકત કરવા માટે ઊભો થયો છું.

ગુજરાત સરકાર, આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી આજે પ્રવાસ, પ્રમોશન અને પ્રચારમાં વ્યસ્ત છે ત્યારે ગુજરાતની છ કરોડની પ્રજા અનેક રીતે દુઃખી અને ત્રસ્ત છે. સૌનો સાથ અને સૌનો વિકાસ એ સૂત્ર આપીને અહીં સુધી પહોંચેલી આ સરકારની આજે ગુજરાતના લોકો ચર્ચા કરી રહ્યા છે કે □ (xxxxxx) અને ભાજપનો વિકાસ. આજે ગૃહ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે.

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દો હું રેકર્ડમાંથી દૂર કરું છું.

શ્રી અમિત અ. ચાવડા : હું ગૃહ વિભાગની માગણી વિશે વાત કરું તો આ સરકાર ગુજરાતની પ્રજાની સલામતી, સુરક્ષા તથા કથળતી જતી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ, ગુજરાતમાં દારૂબંધીના અમલ માટે કોઇ નક્કર પૂરક માગણી લઇને આવ્યા હોત તો અમને ચોક્કસ આનંદ થાત. આજે ગુજરાતની છ કરોડની જનતાને બદલે સાહેબની સુરક્ષાની ચિંતા કરવામાં આવે છે. પોલીસ વિભાગના આધુનિકરણ માટે ખર્ચ થાય એનો લાભ કોને મળે કે ગુજરાતની બહાર સાહેબ જયારે જાય ત્યારે સાહેબની સુરક્ષામાં અધિકારીઓ જાય, જયારે અમદાવાદ જેવા શહેરમાં ચોરી, લૂંટ,ધાડ અને હત્યા જેવા ગુનાઓ બને ધોળે દિવસે લોકોની હત્યા થાય, લૂંટ થાય છે એના માટે પોલીસ તંત્રનો ઉપયોગ થતો નથી.

## પોઇન્ટ ઓફ ઓર્ડર
## મુખ્યમંત્રીશ્રીની સુરક્ષા અંગે

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રીની સલામતી છે એ દેશ માટે અને રાજ્ય માટે ટોપ પ્રાયોરીટીનો વિષય છે. માનનીય વડાપ્રધાનશ્રી અને અન્ય રાજ્યોના મુખ્યમંત્રીશ્રી જ્યારે પ્રવાસ કરતા હોય છે ત્યારે સલામતીની વ્યવસ્થા કરવાની હોય છે. એમને નહોતું આવડ્યું એટલા માટે શ્રીમતી ઈન્દિરાજીનું એમના સુરક્ષા ગાર્ડોએ ખૂન કર્યું હતું એ તમારી *(xxxxxx) હતી એ અમે કરવા માગતા નથી. એમના જમાઇને સુરક્ષા આપો છો એ તમને નથી દેખાતું અને મુખ્યમંત્રીશ્રીને સલામતી મળે એમાં તમને શું દુઃખે છે? તમે શું ઇચ્છો છો?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, અમારે પણ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર બોલવું છે. મંત્રી તરીકે તેઓ (xxxxxx) જેવા શબ્દો વાપરે એ બરાબર નથી. એ શબ્દો કાઢી નાખવા જોઇએ. (અંતરાય)

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા છે.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ. ન બોલવા જોઇએ. હજુ સુધી કોઇને કાઢી મૂક્યા નથી. એ શબ્દો હું કાઢી નાખું છું. અમિતભાઇ, તમે પૂરક માગણીઓ ઉપર જ બોલો. તમે ગૃહ વિભાગ માટે બોલો છો, પરંતુ આમાં ફક્ત જેલનો જ વિષય છે. જેલ માટે રૂ.૨૫,૨૨,૧૧,૦૦૦/– ની પૂરક માગણી છે. એના માટેનું છે. જે પૈસા ખૂટતા હતા એ વધારાના પૈસા માટેની વાત છે. જેલ અંગેનું બોલો. એમાં આખા ગૃહ ખાતાની વાત ન આવે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : જિલ્લા અને તાલુકાના વિભાજનની વાત થઇ છે..

અધ્યક્ષશ્રી : બહેનો બોલે છે. પરંતુ બહેનો માટે વાંધો લઇશું તો તેઓ નહીં બોલી શકે. જેઓ પહેલા વર્ષવાળા છે એમને મોકો આપીએ છીએ. સિનિયર લોકોને કહીએ છીએ કે તેઓ બરાબર વિષય ઉપર જ બોલે. તમે આ વિષય ઉપર જ બોલો.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, તમે એક દિવસ જાગો હું પાંચ વર્ષ માટે જાગીશ. એમ કહીને મત લેનાર આ સરકાર આજે ગુનાખોરીમાં ગુજરાત નંબર વન બની રહ્યું છે. જેલોમાં કેદીઓ વધી રહ્યા છે. એમની સુરક્ષા અને વ્યવસ્થા માટે પૈસા ફાળવવા પડે છે. પણ ગુજરાતની છ કરોડની જનતા આજે દુઃખી છે, પરેશાન છે, અસલામતી અનુભવી રહી છે, એના માટે કોઇ જોગવાઇ નથી. આજે ગુજરાતમાં પોતાની જાતને *(xxxxxx)

અધ્યક્ષશ્રી : એક મિનિટ.એ શબ્દો કાઢી નાખું છું. તમામ સભ્યોને કહું છું. તમારે ન બોલવું હોય તો ન બોલો. તમને સાહિત્ય આપ્યું છે અને એના ઉપર બોલતા નથી. આ પૂરક માગણીઓ છે એમાં રહેલા વિષય ઉપર તમે સ્પષ્ટ વાત કરી શકો છો. કર્મચારીઓના પગાર છે, બાંધકામનો વિષય છે. જેલની વ્યવસ્થા માટે કે એના બાંધકામની વાત કરી શકો છો. પોલીટીકલી વિષય ઉપર બોલવાનો મોકો મળી ગયો. એમાં બધુંય બોલવાની છૂટ હતી. માનનીય રાજ્યપાલશ્રીનું પ્રવચન હતું, સરકારનું લેખાનુદાન હતું એમાં આપ બોલી શક્યા હોત. આમાં ફક્ત પૂરક ખર્ચની માગણીઓ છે. એટલે એમાં રહેલા વિષયોની જ ચર્ચા કરાય. વધારાની વાત કરી શકાય નહીં.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા કોઇએ ઘરના ઘરની વાત કરી.

અધ્યક્ષશ્રી : તમે બોલી શકો છો. તમે બધા વિષય ઉપર બોલી શકો છો. ઘરના ઘરની યોજના ઉપર બોલવું હોય તો બોલી શકો છો. આમાં વિષય છે.

શ્રી અમિત અ. ચાવડા : આમાં ઘરના ઘરની યોજનાની વાત થઇ, શહેરી આવાસની વાત થઇ હતી. એના માટે કહું છું. ચૂંટણીમાં પચાસ લાખ ઘર આપીશું એવા વચન આપવામાં આવ્યા હતા.કોંગ્રેસે ચોકકસ ઘરના ઘરની યોજના કરી હતી, ઘરના ઘરના નામે કોંગ્રેસની સરકારના આવી (અંતરાય) પણ તમે જે ૫૦ લાખ ઘરના ઘરની વાત કરી હતી, ગામડાંમાં તમારા ચંપાવતોએ ઘેર ઘેર જઇને ફોટા પાડયા હતા. કાચા મકાનને પાકા કરી આપવાના સ્વપ્નો બતાવ્યા હતા, આજે એ ગામડાંની પ્રજા એ ચંપાવતોને પણ શોધે છે અને સરકારને પણ શોધે છે કે આ ફોટા પાડવાવાળી સરકાર કયાં ગઇ? (અંતરાય)

અધ્યક્ષશ્રી : બેઠા બેઠા સામસામા હાથ કરશો નહીં. હું અહીંથી બધું જોઉં છું. ઇટ ઇઝ નન ઓફ યોર બીઝનેસ. તમારે કોઇએ અંદરોઅંદર વાત કરવાની નથી. એમને બોલવા દો. માનનીય સભ્યશ્રીને પૂરતી તક આપો.

શ્રી અમિત અ. ચાવડા : આજે ગુજરાતમાં જે યુવાન બેકાર બન્યો છે એના કારણે ગુનાખોરીનું પ્રમાણ વધ્યું છે. એના કારણે આજે આપણે જેલોમાં વ્યવસ્થા વધારે કરવી પડી છે. માનનીય અધ્યક્ષશ્રી, નમો ટી સ્ટોલ ખોલાય તો વાંધો નહીં પણ જે ગુજરાતમાં ગલીએ ગલીઓ (xxxxxx) એને બંધ કરાવવાની જરૂર છે.

અધ્યક્ષશ્રી : આ તમારા શબ્દો કાઢી નાખુ છું અને આવી રીતે ભવિષ્યમાં ઇન્ટેન્શનલી કોઇ બોલવાની જરૂર નથી. (અંતરાય) એ શબ્દો કાઢી નાખીએ છીએ. (અંતરાય)

શ્રી ગણપતસિંહ વે. વસાવા : આ કોઇ માગણીઓ ઉપર બોલતા નથી. (અંતરાય)

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : હું તમામ સભ્યશ્રીઓને કહુ છું. જે પૂરક માગણીઓ છે એના વિશે જ બોલે છતાં જેલની બાબત હોય તો આખા જેલ વિશે બોલી શકો, રસ્તાની બાબત હોય તો તમામ રસ્તા વિશે બોલી શકો પણ એની બહાર જવું ન જોઇએ. હું તમને ના નથી પાડતો, આઠે આઠ માગણી છે એના ઉપર તમે ઉલ્લેખ કરી શકો, બાકી તમે એમ કહો કે *(xxxxxx) તો બધાયને બોલતા આવડે છે. આપણે પોલીટીકલ ભાષણ હતા તેના દિવસો ગયા, ત્યારે મેં કોઇને રોકયા નથી.

શ્રી બચુભાઇ મ. ખાબડ(દેવગઢબારીયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી પૂરક માગણી નંબરઃપજ માહિતી અને પ્રસારણ વિભાગની રૂ. ૩૬,૨૫,૦૦,૦૦૦ની જે માગણીઓ લઇને આવ્યા છે એના સમર્થનમાં હું બોલવા ઊભો થયો છું. માહિતી અને પ્રસારણ ખાતુ અસત્ય પ્રચાર સામે રાજયની સત્ય હકીકતનું નિરૂપણ કરવાનું કામ માહિતી ખાતાએ કર્યુ છે. રાજયના મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં પ્રબળ રાજકીય ઇચ્છાશકિતના હિતનું કામ કરી રહ્યા છે ત્યારે એમાં રાજય સરકારના માહિતી અને પ્રસારણ વિભાગે પોતાની ફરજ ખૂબ સારી બજાવી છે. માહિતી ખાતાએ રાજય સરકારની સત્ય હકીકતોનું નિરૂપણ કરવાનું કામ કર્યુ છે.

ભવ્ય અને દિવ્ય ગુજરાતના નિર્માણમાં 'સેવા એ જ સાધના, શબ્દની આરાધના' ના કર્મમંત્ર સાથે માહિતી ખાતુ પોતાની ફરજ અદા કરી રહ્યું છે. પ્રવર્તમાન સમયમાં મીડિયાની મોટી ભૂમિકા છે, જે ચોથી જાગીર છે. મીડિયા આજે લોકશાહીના પ્રહરીની ભૂમિકા ભજવી રહ્યું છે. આપણું ગુજરાત, ગ્રોથ એન્જિન બન્યું છે. આપણી ટીમના કેપ્ટન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ સમગ્ર દેશની આશાનું કિરણ બન્યા છે. જેમ સ્વામી વિવેકાનંદજીએ ૧૫૦ વર્ષ પહેલાં અમેરીકાની ધર્મસંસદ ગજવીને જે વાત કરી હતી તેમ આજે વિડીયો કોન્ફરન્સ દ્વારા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સભાઓ ગજવી રહ્યા છે અને 'બ્રાન્ડ ગુજરાત'ની ઇમેજ સમગ્ર વિશ્વમાં ઉજાગર કરી રહ્યા છે. માહિતી ખાતાના માધ્યમથી રાજય સરકાર, સરકારની કરેલી વિકાસની કામગીરી અને એ કામગીરી ઇન્ફરમેશન ટેકનોલોજીના માધ્યમથી પ્રચાર પ્રસાર, ઇલેકટ્રોનીક મીડીયા, સરકારની વેબસાઇટ મારફત તમામ યોજનાની માહિતી, ભરતી માટે, ભૂતકાળમાં કયારેય ના થઇ હોય એવી આજની ગુજરાત સરકારની આ યોજનાના માધ્યમથી ઉમેદવારને રાજય સરકારની તમામ જાણકારી મળે અને એને નોકરી માટેના એના ઇન્ટર્વ્યૂ માટેની વેબસાઇટ ઉપરથી એના તાલુકા મથકે અને જિલ્લા મથકે એની માહિતી મળી રહે, એના ઇન્ટર્વ્યૂ કોલ મળી રહે, અને એની પરીક્ષા માટેના એના પરિણામની પણ માહિતી મળી રહે એ રીતે આ વિભાગે આ ગુજરાતની અંદર એની ઉપલબ્ધતા કરી છે. પાક્ષિકના માધ્યમથી અને અન્ય લગભગ ૩૩ સાહિત્યના માધ્યમથી પણ આ બેરોજગાર યુવાનોને એની માહિતી મળે છે.

સમૂહ દૂરદર્શન યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધી ૮૩૮૯ ટી.વી. સેટ લોકભાગીદારીથી ગોઠવવામાં આવેલ છે. આદિવાસી વિસ્તારોમાં વિના મૂલ્યે ટી.વી. સેટ ગોઠવવામાં આવેલ છે. બી.એસ.એફ.ના જવાનોના લાભાર્થે બોર્ડર એરિયામાં પણ ટી.વી. અને ડી.આર. સેટ ગોઠવવાની કામગીરી પૂર્ણ કરેલ છે. રાજ્ય સરકારની ત્રણ વેબસાઇટ છે એમાં ડબલ્યુ.ડબલ્યુ. ડબલ્યુ. ગુજરાત ઇન્ફોર્મેશન નેટ દ્વારા આ વેબસાઇટ ઉપર ગુજરાતની વિકાસ ગાથાની રોજબરોજની વિડીયો કલીપીંગ ફોટોગ્રાફ વગેરે પ્રસિદ્ધ કરવામાં આવે છે. જિલ્લા કચેરીમાંથી ઇ-મેઇલ દ્વારા વિભાગોની માહિતી મેળવી વેબસાઇટ ઉપર અપડેટ કરવામાં આવે છે. બીજી વેબસાઇટ ડબલ્યુ.ડબલ્યુ. ડબલ્યુ.સ્ટેટ ટેન્ડર ડોટ કોમ એ ગુજરાત સરકારની તમામ ખાતાઓ દ્વારા તૈયાર થતી ટેન્ડર નોટીસ રોજબરોજ વેબસાઇટ ઉપર અપડેટ કરવામાં આવે છે. ભૂતકાળમાં યોજનાઓની કોન્ટ્રાકટરોને કે કોઇને ખબર પડે નહી અને પોતાના જાણીતા પાક્ષિકમાં જાહેરાત કરવામાં આવતી હતી. પણ આજે સમગ્ર વિશ્વ જોઇ શકે એ રીતે આ માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા પારદર્શક વહીવટની ગુજરાત સરકારની નીતિ પ્રસ્થાપિત કરી છે. ત્રીજી વેબસાઇટ ડબલ્યુ.ડબલ્યુ. ડબલ્યુ.ગુજરાત પબ્લીકેશન ડોટ કોમ. માહિતી કચેરી દ્વારા પ્રકાશિત કરવામાં આવતા ગુજરાત રોજગાર સમાચાર, ગુજરાત પાક્ષિક અને અન્ય પ્રસિદ્ધ થતાં પ્રકાશનો વેબસાઇટ ઉપર અપડેટ કરવામાં આવે છે.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા છે.

લગભગ ૮૦ હજાર જેટલી સાઇટો ઉપર ગુજરાતના બેરોજગાર યુવાનોને એની માહિતી મળી રહે એના માટે પણ આ વિભાગ કામ કરે છે.

ગુડ ગવર્નન્સ સાથે સાથે ટેકનોલોજીનો સમન્વય કરી ઇ–ગ્રામ દ્વારા છેવાડાના માનવીને રાજ્ય સરકારની વ્યવસ્થા અને એની જવાબદારીના ભાગરૂપે એના ગામ સુધી, એના તાલુકા મથક ઉપર એની જમીનની પૂરેપૂરી માહિતી અને દસ્તાવેજોની નકલ પણ તાલુકા મથકે મામલતદાર કચેરીમાં મળી શકે એ રીતે ઇ–ધારા યોજનાના માધ્યમથી વ્યવસ્થા કરી છે. રાજ્ય સરકારના આ પ્રચાર અને પ્રસાર વિભાગે જે આવનારા ભવિષ્યને બચાવવા માટેની બેટી બચાવો અભિયાન હતું એનો પ્રચાર અને પ્રસાર કરીને આ સમાજને એક નવી દિશા પૂરી પાડી છે. આવનારી પેઢી ઉજાગર થાય એના માટે આ વિભાગ કામ કરે છે ત્યારે આ વિભાગને હું અભિનંદન પાઠવું છું. સમગ્ર વિશ્વમાં નથી એવો સ્વાગત ઓન લાઇનનો કાર્યક્રમ આ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીએ આના ઉપર મૂકીને સ્વાગત કાર્યક્રમના માધ્યમથી ગુજરાતના કોઇપણ ખૂણામાંથી ગુજરાતના નાગરિકો સ્વાગતના કાર્યક્રમથી પોતાની ફરિયાદો અને રજૂઆત કરી શકે એવી વ્યવસ્થાના ભાગરૂપે લગભગ ૨,૯૩,૭૩૯ અરજીઓ આવી હતી એમાંથી ૨,૬૧,૧૦૯ પ્રશ્નોનું એટલે કે ૮૯ ટકા અરજીઓનું નિરાકરણ કરવાનું કામ પણ આ વિભાગના માધ્યમથી કર્યું છે ત્યારે નાણામંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું.

**શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી બંદરો અને વાહન વ્યવહાર વિભાગની માગણી નં. ૭૪ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમને મૂડી ફાળા માટે આયોજન હેઠળ ૨૪૯ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી. માનનીય મંત્રીશ્રી અત્યારે આ ગૃહ સમક્ષ નિગમને ઇક્વીટી માટે ૩૦૦ કરોડની માગણી લઇને આવ્યા છે. મારે માનનીય નાણામંત્રીશ્રીને પૂછવું છે કે આ ૩૦૦ કરોડની માગણી શા માટે તમારે લઇને આવવું પડ્યું છે? લોકોને સેવા મળે, રાજ્યની પ્રજાને બસની સેવા સમયસર મળે, એસ.ટી.ની સેવામાં વધારો થાય, પ્રજા હેરાન ન થાય, પરેશાન ન થાય એના માટે જો માનનીય મંત્રીશ્રી આ પૂરક માગણી લઇને આવ્યા હોત તો એની સાથે સો ટકા સંમત થઇ શકાય. માનનીય અધ્યક્ષશ્રી, હકીકતમાં એવું નથી. વાસ્તવિકતા કાંઇક જુદી છે. સમગ્ર દેશની અંદર વાહનવ્યવહાર નિગમ આ સરકાર આવ્યાં પહેલા પ્રથમ ક્રમે હતું. આ નિગમ ૧૯૯૫ પહેલા નફો કરતું હતું, ૧૯૯૫ પછી આ રાજ્યની અંદર આ નિગમ દિનપ્રતિદિન ખોટ કરતું આવ્યું છે. શા માટે એક બીજું રાજ્યના મુખ્યમંત્રી જાહેર સાહસોની અંદર નફો થાય છે એવી મોટી મોટી જાહેરાતો કરવામાં આવે છે તો આ નિગમ ખોટ શા માટે કરે છે? એ મારે માનનીય મંત્રીશ્રી પાસેથી પૂરક માગણીના અનુસંધાને જાણવું છે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ પાસે જે રૂટો હતા, જે રૂટો–માર્ગની સંખ્યા હતી, વર્ષ ૨૦૦૮–૦૯માં રૂટ–માર્ગોની સંખ્યા ૧૫૨૨૭ હતી. ૨૦૦૯–૧૦માં રૂટોની સંખ્યા ઘટીને ૧૪૯૪૭ થઇ માનનીય નાણામંત્રીશ્રી. એનાથી આગળ વધીને કહું તો વર્ષ ૨૦૧૦–૧૧માં રૂટોની સંખ્યા ઘટીને ૧૪૮૬૭ થઇ. વર્ષ ૨૦૧૧–૧૨ માં રૂટોની સંખ્યા ઘટીને ૧૪૮૫૩ થઇ. આ રાજ્યની અંદર માર્ગો નહોતા. કાચા માર્ગો હતા. પેવર ડામર સપાટીવાળા નહોતા ત્યારે આ રાજ્યના ગામડાંના છેવાડાના ગામ સુધી એસ.ટી.બસ જતી હતી. આજે તો ડામર સપાટીવાળા થયા છે ત્યારે રૂટોની સંખ્યા ઘટી શા માટે? એ મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, કારણો એવા છે કે આ રૂટો દર વર્ષે ઘટતા જાય છે? નવા રૂટો આપવાની વાત તો એકબાજુ રહી. જે એસ.ટી. નવી ખરીદ્યાં પછી એના કિલોમિટર પૂર્ણ થઇ ગયા પછી એ એસ.ટી.ને પાછી ખેંચી લેવાની હોય છે પણ કિલોમિટર પૂર્ણ થઇ ગયા પછી પણ બસો પાછી ખેંચવામાં આવતી નથી તેના કારણે વારંવાર રસ્તા ઉપર બ્રેકડાઉન થાય છે, ખોટકાય છે, મુસાફરો અને પ્રજા હેરાન થાય છે, એકસિડન્ટો થાય છે. બસમાં ટાયર નથી. શરમની વાત તો એ છે કે તમામ ડેપોની અંદર પોતાના ડિઝલના પંપો હતા. એ ડિઝલના પંપો તમારે શા માટે બંધ કરવાની ફરજ પડી છે? એ હું આપની પાસેથી જાણવા માગુ છું. ડિઝલના પંપો બંધ કરીને, ડેપોની જાહેરાત આપીને પ્રાઇવેટ ડેપો ઉપરથી ડિઝલની ખરીદી કરવામાં આવે છે. પ્રાઇવેટ ડેપોમાંથી જે

ખરીદી કરવામાં આવે છે એ ડેપોમાંથી ભેળસેળવાળું ડિઝલ તમે એસ.ટી.માં પૂરાવો છો અને એના કારણે રાજ્યની પ્રજાને સહન કરવાનું આવે છે.

માનનીય રમણભાઇ, તમે એના ઊંડાણમાં ઉતરો તો એક વખત આ સરકારે પ્રાઇવેટ પંપો અને ડેપોના માલિકો છે તેને કમાવી આપવાનું આ એક વ્યવસ્થિત રીતે તમે આયોજન કર્યું છે. જે એસ.ટી.ની જાહેરાતો કરી છે, અગાઉ આ સરકારે એક સૂત્ર અગાઉના બજેટની અંદર ‘હાથ ઊંચો કરો અને બસમાં બેસો’ બહાર પાડ્યું હતું. આખા ગુજરાતની અંદર જાહેરાતો કરવામાં આવી ‘હાથ ઊંચો કરો અને બસમાં બેસો’ રોડ ઉપર મુસાફરો ઊભા હોય, રાહ જોતા હોય કે ડોશીમા ક્યારે આવે અને અમે હાથ ઊંચો કરીને બસમાં બેસીએ. આવે તો હાથ ઊંચો કરીએ ને? જે એસ.ટી. અત્યારે છે દાવા સાથે માનનીય મંત્રીશ્રીને કહું છું કે, રૂબરૂ બતાવવા માટેની તૈયારી છે કે રાજ્યના એક પણ ડેપોની અંદર જાવ જે ડેપોમાં એસ.ટી.ની સંખ્યાઓ છે એ સંખ્યાની અંદર ૮૦ ટકા એસ.ટી.ઓના પતરા અત્યારે જુદા છે. નાણામંત્રીશ્રી ખખડધજ જેવી બસો છે. નવા કપડા પહેરીને એસ.ટી.માં અત્યારે મુસાફરી થઇ શકતી નથી. આ પ્રકારની એસ.ટી.ની પરિસ્થિતિનું નિર્માણ થયું છે, ગામડાંમાં આ પરિસ્થિતિ છે. અમદાવાદથી ગાંધીનગર વચ્ચે જે એસ.ટી.ની બસો ચાલે છે ધારાસભ્યો પૂરતી અત્યારે એક કલરવાળી બસ સદસ્ય નિવાસથી અહીંયા પૂરતી આવે છે. અહીંયા પૂરતી, બાકી અમદાવાદથી ગાંધીનગર જે આવે છે, જે દરરોજ કર્મચારીઓ જે ફરજ બજાવે છે એને પૂછવામાં આવે તો એ બધી બસો ખખડધજ જેવી છે અને હમણાં વોલ્વોની વાત કરતા હતા બે દિવસ પહેલાં, ગઇ કાલે કે, અમે વોલ્વો ખરીદવાના છીએ. હવે વોલ્વો ખરીદવી નથી, જે ચાલે છે એને વ્યવસ્થિત રીતે ચલાવવામાં આવે તો બરાબર છે. (સમયસૂચક ઘંટડી)

માનનીય અધ્યક્ષશ્રી, માહિતી અને પ્રસારણમાં એક વાત કરીને મારી વાત પૂરી કરીશ. માહિતી અને પ્રસારણની અંદર જે લોકશાહીના ધબકારા આવે છે અને એની પૂરક જે માગણી કરી છે એની અંદર મારો સ્પષ્ટપણે આક્ષેપ છે કે, શાસક પક્ષના ધારાસભ્યો દ્વારા જે કાંઇ કાર્યવાહી થાય છે એ સ્પષ્ટપણે બતાવવામાં આવે છે, વિરોધ પક્ષના ધારાસભ્યોની કોઇ પણ કાર્યવાહી બતાવવામાં નથી આવી એ દુ:ખદ છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. શ્રી શબ્દશરણ તડવી.

શ્રી શબ્દશરણ ભા. તડવી (નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી, શ્રમ અને રોજગારની પૂરક માગણીઓ લઇને આપણા ગૃહમાં આવ્યા છે ત્યારે હું એમને સમર્થન આપવા અને મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગઇ કાલે માનનીય વિરોધપક્ષના નેતા એક ભારત શ્રેષ્ઠ ભારતની વાત થતી હતી, શ્રેષ્ઠ ભારત બહુ વર્ષો પહેલાં પ્રાચીન ભારત આપણું હતું. એ સમયમાં રોજગારીની વાત કરીએ, ગ્રામ્ય લઘુ–ઉદ્યોગો, ગામનું ઉત્પાદન શહેરો તરફ જતું હતું અને વર્ષો સુધી ભારતનો દરેક પ્રકારનો ઉદ્યોગ આખા વિશ્વભરમાં પ્રખ્યાત હતો, આઝાદી સુધી. આઝાદી બાદ એવું શું થઇ ગયું કે, આપણા ગામડાંઓ ભાંગી પડ્યા ? એવા કેવા પ્રકારની ગામડાંઓની કાળજી ન લેવાઇ, જે ગામડાંના લોકો સ્થળાંતર કરીને શહેરો તરફ ગયા અને ગામડાંઓ ખાલી થઇ ગયા? ગામડાંઓમાં રોજગારીનું પ્રમાણ ખાસ કરીને આદિવાસી વિસ્તારોની અંદર બેરોજગારીના કારણે ભૂખમરો પેદા થાય એવી પરિસ્થિતિ થઇ. યોગ્ય ટેકનીકનો, યોગ્ય શિક્ષણનો, તાંત્રિક શિક્ષણનો, આ તમામ પ્રકારનો અભાવ આ ગામડાંઓના જે તૂટી જવાના કારણોમાં હું એક કારણ પણ ગણું છું.

છેલ્લા કેટલાક વર્ષોથી અને હાલમાં જ ભારત એક યુવાન દેશ તરીકે, સૌથી યુવા દેશ તરીકે ઉભરી આવ્યો છે. સૌથી યુવાની વસ્તી આપણા ભારતની અંદર છે ત્યારે આવા યુવાઓ તાલીમબદ્ધ થાય, કૌશલ્ય વર્ધન એમનું વધે, એમને પૂરતું શિક્ષણ મળે અને આ કૌશલ્યને રોજગારીમાં કેવી રીતે રૂપાંતર કરી શકાય એના માટે સરકારશ્રીએ ખૂબ સારા એવા તાલીમ વર્ગો, આઇ.ટી.આઇ.માં જે દુનિયા સાથે, સમકક્ષ ગણી શકાય એવા પ્રકારના કોર્સીસ, દુનિયાને જરૂર છે એવા ઉચ્ચતમ અને આધુનિક તાલીમ કાર્યક્રમો આપણા શ્રમ અને રોજગારના આઇ.ટી.આઇ. વિભાગ દ્વારા કરવામાં આવે છે. ત્યારે એનાથી ચોક્કસ પ્રકારનું કૌશલ્ય

આપણા ભારતમાં નવું પેદા થાય અને વિશ્વના દેશોને પણ આપણે એવા કૌશલ્ય ધરાવતા આપણા લોકોને, આપણે એમને પૂરા પાડી શકીએ, એના અનેક કારણો છે. ઘણીવાર શિક્ષણ લેવા માટે આઇ.ટી.આઇ.માં જવું પડતું હોય, તાલીમ વર્ગોમાં જવું પડતું હોય પણ આ સરકારે એક નવો અભિગમ કે કૌશલ્ય વર્ધન કેન્દ્રો ખોલી આવા કેન્દ્રો પંદર કિલોમીટરની ત્રિજ્યામાં ગામડે ગામડે સ્થાપવામાં આવ્યા છે. આખા ગુજરાત રાજ્યમાં ૩૩૫ જેટલા કૌશલ્ય વર્ધન કેન્દ્રોમાં અનેક પ્રકારના, જે આધુનિક હોય એવા બધા કોર્સીસનો એમાં સમાવેશ થયેલો છે.અને તાલીમ ઇચ્છતા લોકોને એવા પ્રકારની તાલીમ નજીકમાં જ મળી રહે અને ભારત સરકારે આને પ્રધાન મંત્રી રાષ્ટ્રીય પુરસ્કારથી પણ આ કાર્યક્રમને ૨૦૧૧-૧૨માં સન્માનવામાં આવ્યો છે.

આ સિવાય પણ અનેક કોર્સીસ દ્વારા જે પ્રકારે આપણને બેરોજગારીનું અને ગુજરાતમાં જે પ્રકારે રોજગારી મળી રહી છે આખા ભારત ભરના  અનેક રાજયના લોકો અહીંયા રોજગારી માટે આવે છે. રાષ્ટ્રીય રોજગારીના પ્રમાણની વાત કરીએ તો રાષ્ટ્રીય કક્ષાએ બેરોજગારીનું પ્રમાણ ૨.૨ ટકા રહેવા પામેલ છે જયારે આપણા ગુજરાત રાજયનું બેરોજગારીનું પ્રમાણ ૦.૫ટકા રહેવા પામેલ છે અને લાખો લોકોને ગુજરાતમાં રોજગારી મળી રહે છે અને આખા ભારત ભરમાં સૌથી વધારે રોજગારી આપતો આપણો પ્રદેશ છે. ૭૨ ટકા જેટલી રોજગારી આપણે ગુજરાતમાં પૂરી પાડી રહ્યાં છીએ ત્યારે આપણા શ્રમ અને રોજગારના માનનીય મંત્રીશ્રી જે પ્રકારે પૂરક માગણી લઇને આવ્યા છે એને હું મારું સમર્થન પણ આપું છું.

આ સાથે ગામના અસંગઠિત લોકોને જે પ્રકારે શ્રમિક સુરક્ષા અકસ્માત જુથ યોજના હોય, એમની કલ્યાણકારી યોજના મીઠાના શ્રમિકો હોય એને કુદરતી અકસ્માત થાય, જે ગામમાંથી લોકો શહેર તરફ બાંધકામના મજૂર તરીકે રોજગારી મેળવવા શહેરમાં જાય છે એમની સુરક્ષા હોતી નથી. એમનો મુખ્ય વ્યકિત જો અકસ્માતથી મૃત્યુ પામે તો એમનું કુટુંબ અસહાય બની જતું હોય છે. ત્યારે સરકારે એવા પ્રકારની યોજના કુદરતી અકસ્માત મૃત્યુ પ્રસંગે યોજનાઓ આપે છે એ સિવાય એમને તાત્કાલીક સારવાર મળે, સારી તબીબી સહાય મળે એ માટે પણ સરકારે યોજના બનાવી છે. રહેવા માટે ઘર, બાંધકામની પણ સહાય આપી છે. આવી અનેક પ્રકારની યોજના આપણા મજૂર કલ્યાણ માટે કરી છે. જેમ કેન્દ્ર સરકારે ઘરનું ઘર આપવાની હથેળીમાં ચાંદ બતાવવાની હતી એવી યોજના આપણી આ સરકારે કરી નથી. મજૂર લોકોને અનેક પ્રકારની સહાયની યોજનાઓ આ સરકારે આપી છે તેથી હું સમર્થન આપું છું.

ડો. અનિલ  જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક બજેટ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા હું ઊભો થયો છું. આજની માગણી લગભગ ૪૦૮૭ કરોડ રૂપિયાની છે. ભૂતકાળમાં નજર કરીએ તો આખા વર્ષનું બજેટ આટલું હતું અને અત્યારે સરકારશ્રીને પૂરક માગણીઓ લઇને આવવું પડયું છે. ઉર્જા અને પેટ્રો કેમિકલ વિભાગની વાત કરીએ તો એમાં ચારસો કરોડ જેટલી પૂરક માગણીઓ સરકારશ્રીને લાવવાની જરૂરિયાત ઊભી થઇ છે. આ જે માગણીઓ છે એ સાગર ખેડૂતોના નામે અને કૃષિ વિષયક એટલે ખેડૂતોના નામે લાવવામાં આવી છે. આજે છ લાખ જેટલા ખેડૂતો વીજળી કનેકશન વગર બાકી છે. લાઇનમાં છે. રાજય સરકાર ફોર્મ ભરાવે છે ખેડૂતો પાસે અને એમની પાસેથી ફોર્મના પૈસા પણ વસૂલ કરે છે, એસ્ટીમેટ પણ આપે છે પણ એસ્ટીમેટ આપ્યા પછી લાંબા સમય સુધી એમને કનેકશન આપતા નથી. રાજય સરકાર એમ કહે છે કે છેલ્લા ત્રણ વર્ષમાં દર વર્ષે એંસી હજાર જેટલા કનેકશનો ખેડૂતોને આપીએ છીએ પરંતુ આટલા કનેકશન આપવાની વાત કરે છે પણ સરકાર શું કરે છે જયારે ખેડૂતના ફોર્મ ભરાઇ જાય છે પછી સરકાર તત્કાલ વીજ કનેકશનની નવી યોજના બહાર પાડે છે અને એના લીધે ખેડૂતો લલચાઇ જાય છે. ખેડૂતો ફરી પાછા ૫૦૦ રૂપિયા ભરે છે. છતાં પણ કનેકશન નથી મળતું. પછી સરકાર શું કરે છે બધી અરજીઓનો ડ્રો કરે છે. હવે પહેલા જે ખેડૂતોએ અરજી કરી એ ખેડૂતો છેલ્લા આવી જાય છે. આ પરિસ્થિતિ ડેવલપ થઇ છે આખા ગુજરાતમાં અને ગામડાંમાં તો લો પાવરની પરિસ્થિતિ છે. આજે ઘણાબધા ગામડાંમાં વીજળી મળી શકતી નથી. મારા મેઘરજ તાલુકાના રાજપુર કંટાળુ ગામમાં જુઓ સાહેબ, બાળકો રાત્રે વાંચી શકતા નથી આ પરિસ્થિતિ છે. ગામડાંઓમાં જે સબ સ્ટેશનો છે એ સબસ્ટેશનો ત્રણ ત્રણ વર્ષથી મંજૂર થયેલા પણ બાંધવામાં આવ્યા નથી અને એના લીધે લોકોને આજે જે લો પાવરની પરિસ્થિતિ છે એ હલ થઇ શકી નથી.

આજે બીજી મુશ્કેલી એ છે કે લાઇન લોસનો પ્રોબ્લેમ ઘણો છે. લાઇન લોસનો પ્રોબ્લેમ એટલો બધો છે કે બિલ આવે છે ખેડૂતોનું એ બધું જ લાઇન લોસનું બિલમાં જે ખેડૂતો છે, જે માણસો વીજળી વાપરે છે.એ તમામ સરભર કરવામાં આવે છે. જેના લીધે બિલો મોટા આવે છે. તમારા બિલો ઘરે જઇને જોજો કે ૪–૫ હજાર રૂપિયા બિલો આવે છે. લાઇન લોસ એ અત્યાર સુધી સરકાર ભોગવતી હતી. આ બિલો હવે ખેડૂતો, ગ્રાહકોના નામે આપવામાં આવે છે. એના લીધે મુશ્કેલી ઊભી થઇ છે. મારે બીજી વાત કરવી છે કે સરકારે હમણા નવો પરિપત્ર કર્યો છે. એક જ સરવે નંબરમાં બીજું કનેકશન નહિ આપવાનો પરિપત્ર કર્યો છે. એક ખુરશી માટે ગુરુને હડસેલી દઇએ છીએ. ત્યારે આ તો સ્થાવર મિલકત છે. ભાઇઓ છે. ભાઇઓ એ તો ભાગીદારો થતા હોઇએ છીએ. ત્યારે મંત્રીશ્રીને વિનંતી છે. અત્યારે હાજર નથી. વિનંતી એ છે કે એક સરવે નંબરમાં બે ભાઇ કે ત્રણ ભાઇ હોય તો અલગ કનેકશન માગતા હોય તો આપવું જોઇએ. હા, એક જ સરવે નંબર અને એક જ ખેડૂત બીજું કનેકશન માગતા હોય અને ના આપો તો ચાલે. પણ ભાઇ હોય અને બીજું માગતા હોય તો આપવું જોઇએ. નહિતર કનેકશન વગર ખેડૂત કઇ રીતે ખેતી કરશે એ વિચારવું જરૂરી છે.

શ્રમ અને રોજગારની વાત કરવી છે. આપણે તાલીમાર્થી છે એમને માટે તાલીમ જરૂર આપીએ છીએ. ૩૭ કરોડ ૭૫ લાખની માગણી વધારાની મૂકી છે. આ કામદારો છે. શહેરોમાં જાય છે. બાંધકામ ક્ષેત્ર સાથે જોડાયેલા છે અને આ બાંધકામ ક્ષેત્ર સાથે કામ કરે છે. એમને આપણે બાંધકામ સાથે એક ટકો સેસ જમા કરીએ છીએ. આ સેસ છેલ્લા ૭ વર્ષથી ૫૭૩ કરોડ રૂપિયા જમા થયા છે. આ પૈસા એમના વેલ્ફેર માટે વાપરવાના હોય છે, જે વાપરવામાં આવતા નથી. આ પૈસા બોર્ડમાં ક્યારેય જમા થયા નથી. મારે સરકારશ્રીને વિનંતી છે, નાણા મંત્રીશ્રીને પણ વિનંતી છે કે આ પૈસા બોર્ડમાં જમા કરાવો, જેથી કરીને વેલ્ફેર એક્ટિવિટી માટે મળી જાય એ મળી શકતા નથી.

ગૃહ વિભાગમાં થોડી વાત કરવી છે. ગૃહ વિભાગમાં આપણે બોર્ડરની ચિંતા કરવી જોઇએ. ચીનની બોર્ડર છે. ચીનમાંથી કોઇ માણસ ન આવી જાય એની ચિંતા કરવી જોઇએ. જવાબદારી છે. સાથે સાથે જેલમાં સુરંગ ખોદાઇ ન જાય એની પણ ચિંતા કરવી જોઇએ.(અંતરાય) તમે પ્રમાણપત્ર આપેલ છે. તમારો લેટર છે.(અંતરાય) સાહેબ મને ડિસ્ટર્બ કરે છે. આ જેલમાં સાધન સામગ્રી તો કઇ સાધન સામગ્રી? હા, એને પગાર ભથ્થાં માટે જરૂરી પૂરક બજેટ લાવીએ. સાધન સામગ્રી કઇ જેથી સુરંગ ખોદાઇ શકે તેવી સાધન સામગ્રી? પરિસ્થિતિ એવી થઇ છે કે જ્યારે મુખ્યમંત્રીશ્રીના ઘરની જોડે અક્ષરધામમાં સુરક્ષા નથી કરી શકાતી. ત્યાં આગળ આંતકવાદી ઘૂસી જાય છે. તેની આપણે ચિંતા કરવી જોઇએ. બહારના માણસો આવીને આપણા દેશની સુરક્ષા સાથે ખતરો પેદા કરતા હોય ત્યારે જરૂર આપણે ચિંતા કરવી જોઇએ.

આરોગ્ય માટે વાત કરી લઇએ. ગામડાંની અંદર ડોકટરો નથી. આપણે જરૂરી ચિંતા કરવી જોઇએ. મુશ્કેલી છે. મંત્રીશ્રી સહમત થયા છે. બોન્ડેડ ડોકટરો મૂકવા જોઇએ. બીજું સબ સેન્ટરો છે. ભૂતકાળમાં તમામ હેલ્થ વર્કરો હાજર રહેતા હતા જયારે આજે હાજર રહેતા નથી. ચેકિંગ થતું નથી. ડોકટરો જતા નથી. ડિલિવરી માટે બહેનો આવે તે કયાં જાય? મારી વિનંતી છે કે આ સબ સેન્ટરોની તપાસ કરો. દરેક જગ્યાએ ડોકટરો હાજર રહે અને હેલ્થ વર્કરો હાજર રહે તેની જોગવાઇ કરો. પ્રાયમરી હેલ્થ સેન્ટરમાં એક્સિડંટ થાય છે. મરણ થાય છે. ડોકટરો હાજર થતા નથી. ડેડ બોડી લઇ તાલુકા મથકે આવવું પડે છે. મારી વિનંતી છે કે આ જે જગ્યાઓ છે તે ખાસ ભરાય. નહિ ભરાતી હોય તો બહારના, પ્રાઇવેટ ડોકટરો મૂકીને આ જગ્યા ભરાય તેટલી મારી વિનંતી છે.

શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી(સુરત (પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહમાં નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે ૪૦૮૭ કરોડની પૂરક માગણી અને તેમાં પણ ખાસ કરીને શહેરી વિકાસ માટે ૧૫૭ કરોડ ૪૪ લાખ ૮૦ હજારની જે માગણી છે તેમાં મારો સૂર પૂરાવું છું. હું મારા વિચારો રજુ કરું તે પહેલાં ૧૬૭–સુરત પશ્ચિમ વિધાનસભાના મારા મતદારો, શુભેચ્છકો, કાર્યકર્તાઓ જયારે સ્વ.ધારાસભ્યશ્રી કિશોરભાઇ વાંકાવાલાના દુઃખદ અવસાન પ્રસંગે પેટા ચૂંટણી થઇ અને તેમાં મને વિજેતા બનાવ્યો તે બદલ તેઓનો આભાર માનું છું. સાથે સાથે સન્માનનીય ગૃહના આપણા આદર્શ નેતા અને વડાપ્રધાન પદના

ઉમેદવાર આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો પણ આ તબક્કે ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. સંગઠનના અમારા પ્રમુખશ્રી અને ટીમનો પણ આ તબક્કે ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની જે વસ્તી છે તેના લગભગ ૪૨ ટકા લોકો આજે શહેરોમાં રહે છે. શહેર તરફની ગતિ, શહેરીજનોની સુવિધા, સુખાકારી, સ્વાસ્થ્ય વિગેરે બાબતો લક્ષમાં રાખીને રાજય સરકારે અનેક યોજનાઓ અમલમાં મૂકેલ છે. વર્ષ ૨૦૦૯-૧૦માં ૭૦૦૦ કરોડની કુલ જોગવાઇ સાથે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અમલમાં મૂકાઇ. આનું ખૂબ સારૂં પરિણામ આવ્યું અને પ્રોત્સાહક પરિણામને ધ્યાનમાં લેતાં વર્ષ ૨૦૧૨-૧૩માં આગામી પાંચ વર્ષ માટે બીજા તબક્કામાં રૂપિયા પંદર હજાર કરોડનું આયોજન કરવામાં આવ્યું છે. આના કારણે શહેરોની કાયાપલટ થઇ છે અને આના કારણે શહેરોની વિશ્વ લેવલની ઓળખ ઊભી થઇ છે. આ યોજના હેઠળ મહાનગરોમાં, શહેરોમાં અને નગરપાલિકાઓમાં આંતર માળખાકીય સુવિધા, રસ્તાઓ, સ્ટ્રીટ લાઇટ, પાણીની લાઇન, ડ્રેનેજની લાઇન અને અનેક પ્રકારના રસ્તાઓ આના કારણે બન્યા છે અને શહેરોની એક અલગ ઓળખ ઊભી થઇ છે. આંગણવાડી હોય કે બીજા અનેક પ્રકારના શહેરના પ્રોજેકટોમાં આધુનિક ટેકનોલોજીના માધ્યમથી આજે શહેરોની કાયાપલટ થઇ રહી છે ત્યારે રાજય સરકાર તરફથી જનભાગીદારીમાં રસ્તાઓ માટે, પાણી માટે, ડ્રેનેજ માટે ૭૦ ટકા જેટલી સહાય રાજય સરકાર આપે છે. ૧૦ ટકા સ્થાનિક સંસ્થાઓનો ફાળો હોય છે અને ૨૦ ટકા રકમ ખાનગી સોસાયટીઓ પાસેથી ફાળા પેટે આપણે લઇએ છીએ. પરંતુ જે સોસાયટીઓ પછાત વર્ગની હોય, ગરીબ લોકોની હોય ત્યાં સોસાયટીનો ફાળો ૨૦ ટકાના બદલે આપણે ૧૦ ટકા રાખીએ છીએ. એટલું જ નહીં આ ૧૦ ટકા ફાળો માનનીય ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી ઉપલબ્ધ કરાવવાની નીતિ આ રાજય સરકારે કરી છે ત્યારે હું માનનીય મુખ્યમંત્રીશ્રીને કોટિકોટિ અભિનંદન આપું છું. આજે દુઃખ સાથે કહેવું પડે છે કે મહાનગરોની અને નગરપાલિકાઓની કાયાપલટ થતી હોય ત્યારે પહેલે દિવસે ગૃહની અંદર જે પ્રકારે મહામહિમ રાજયપાલશ્રીનું પ્રવચન ચાલતું હતું તે વખતે વિપક્ષોએ જે રીતે શરમજનક હરકત કરી...

અધ્યક્ષશ્રી : તે આમાં ન આવે.

શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના મહાનગરપાલિકાઓ માટે ૬૬ હજાર કરોડની અંદાજિત રકમના ૧૩૫૦૦ જેટલા કામોને મંજૂરી આપી છે. નગરપાલિકાઓ માટે ૯૭૮ કરોડની કિંમતના ૬૩૦૦ જેટલા કામોની મંજૂરી આપી છે. આ યોજના હેઠળ નગરપાલિકાઓને નવા નગર સેવાસદન બનાવવા માટે અને હયાત નગર સેવાસદનના મરામત માટે, સુધારા વધારા માટે રાજય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે. નગરપાલિકાઓના સેવા સદન બનાવવા માટે રાજય સરકાર દ્વારા અપાતી સહાયમાં ચાલુ વર્ષે વધારો કરવામાં આવ્યો છે. નગરપાલિકાને તેની કક્ષા મુજબ રૂપિયા એક કરોડ અથવા બે કરોડ જેટલી સહાય આપવામાં આવે છે.

મારે બીજું કહેવું છે કે મહાનગરો અને નગરપાલિકાઓની ઓકટ્રોયની આવક સરકાર આપી રહી છે તે આપણા માટે એક ખૂબ આનંદની વાત છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ શહેરની, વિકાસની જે યોજનાઓમાં રસ લઇને મહાનગરોને અને નગરપાલિકાઓને જે ઓળખ આપી છે તે વિશ્વ કક્ષાએ આપણી ઓળખ બનતી જાય છે. ચાલુ વર્ષે મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ૨૯૦૦ કરોડની માતબર જોગવાઇ કરવામાં આવી છે. જે પૈકી ૫૦૦ કરોડની જોગવાઇ મહાનગરપાલિકાઓ માટે અને જે શહેરની ઓળખ ઊભી થાય તેવા કામો કરવા માટે, આંતર માળખાકીય સુવિધા કરવા માટે ૭૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ચાલુ સાલે શહેરની આગવી ઓળખ થાય એ માટે અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર વગેરે મહાનગરપાલિકાઓની ૯૬૨.૭૧ કરોડ રૂપિયાના કામોની મંજૂરી આપવામાં આવેલી છે.

મારે સાથે સાથે એ પણ કહેવું છે કે, સમગ્ર ગુજરાતના મહાનગરોની તુલના આખા દેશના અન્ય મહાનગરો સાથે પણ કરવામાં આવે તો દિલ્હીની અંદર પાણીના કર અને દર અને ટેક્સ લે છે એના કરતાં પણ સસ્તા ભાવે ગુજરાતના મહાનગરો પાણી પૂરું પાડે છે. આ આપણા માટે અને ગુજરાત માટે ગૌરવની વાત છે. રાજયની બધી જ નગરપાલિકાઓને પીવાનું શુધ્ધ પાણી ૧૬૩૦ કરોડની કિંમતની ૧૫૭ પરિયોજનાઓ મંજૂર કરવામાં આવેલી છે. જે પૈકી ૮૦ પરિયોજનાઓ પૂર્ણ કરી દેવામાં આવેલી છે, ૬૪

પરિયોજનાઓની કામગીરી પ્રગતિ હેઠળ છે. પીવાના પાણીની તમામ પરિયોજનાઓ ડિસેમ્બર, ૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. એ બદલ ગુજરાત સરકારને લાખ-લાખ અભિનંદન છે. રાજયની બધી જ નગરપાલિકાઓને ભૂગર્ભ ગટરની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવા નગરપાલિકાઓની ભૂગર્ભ ગટર યોજનાઓની કામગીરી પણ ડિસેમ્બર, ૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. ગટર યોજના ૫૫૦ કરોડ રૂપિયાની જોગવાઇ તેમ જ નગરપાલિકાઓને ગત વર્ષોમાં ૯૦૦ કરોડ રૂપિયાની ચૂકવણી કરેલી છે. શહેરોમાં ગૌરવપથ, બ્રીજ, રસ્તા, હરીયાળી શહેર, થીમ બેઇઝડ ટ્રાફિક સર્કલ, હેરીટેઝ સોલર લાઇટીંગ અનેક પ્રકારના ઇ-ગવર્નન્સ સમર્થ સંકુલનું આયોજન કરીને આ શહેરોની કાયાપલટ ગુજરાત સરકારે કરી છે. શૌચાલય હોય, પે એન્ડ યુઝ હોય એવી અનેક બાબતોની આમાં ટ્રાફિક સમસ્યા હલ કરવાની રેલવે ઓવર બ્રીજની પણ આમાં વાત કરવામાં આવી છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના માધ્યમથી માનનીય નાણા મંત્રીશ્રીની પૂરક માગણીઓ ઉપર હું મારું મંતવ્ય રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, જે હકીકત છે એ હું કહીશ. પહેલું તો મારું એ સૂચન છે કે, ગુજરાતના ગામડાંમાં વસતા ખેડૂતોને ખેતીમાં વીજળી મળે છે એ ખરેખર અગાઉની સરકાર વીજળીમાં દશ કલાક આપતી હતી અત્યારે આ સરકાર છ કલાક વીજળી આપે છે અને એ પણ રાત્રે આપવામાં આવે છે ત્યારે રાત્રે હિંસક જાનવરો આવે જેથી એ ખેડૂતો પોતાના ખેતરે જઇ શકતા નથી તો ખેડૂતોને ખેતીમાં પણ મોટું નુકસાન થાય છે (અંતરાય) ભાઇ, હું પહેલી વખત બોલું છું, બોલવા દો.

અધ્યક્ષશ્રી : ભાઇ, તમે એમની સામે જોશો નહીં, એના તરફ કાન રાખો, તમારી નજર મારી સામે રાખો. માનનીય પુંજાભાઇ, તમારે ડીસીસન દેવાનું છે? શા માટે આમ હાથ લાંબા કરીને કંઇ બોલો છો? તમે મારી સામે જોઇને બોલો, આડુઅવળું જોતા નહીં.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો મત વિસ્તાર સાણંદ અને બાવળાના તમામ ખેડૂતો છે, ત્યાં આગળ ખેડૂતોને ફતેવાડી કેનાલનું પાણી સમયસર મળતું નથી, જેથી સાણંદ-બાવળાના તમામ ગામડાંઓને નર્મદા કમાન્ડ એરિયામાં સમાવવા માટે અમે રજૂઆતો કરેલી છે તો માનનીય જળ મંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે, આ સાણંદ-બાવળા મતવિસ્તારના તમામ ગામોને નર્મદા કમાન્ડ એરિયામાં ભેળવી અને એ ખેડૂતોને પાણી પૂરું પાડે, કારણ કે અમારા બે તાલુકાઓમાં જીઆઇડીસી વિસ્તાર વધી ગયો છે જેથી બહુ નર્મદા કમાન્ડના ગામડાંઓ બાકી રહેતા નથી અને બાવળા તાલુકાના અમુક દશ થી બાર ગામડાં એવાં છે કે, નહિ ફતેહવાડી કેનાલ કે નહિ નર્મદા કમાન્ડ તો એ પણ ગામડાંઓ અને બીજા તમામ ગામડાંઓને નર્મદા કમાન્ડ વિસ્તારમાં ભેળવી અને પાણી આપે એવી મારી ખાસ વિનંતી છે.

બીજું કે જે આ નર્મદા કેનાલનું પાણી આવે છે તે સાણંદમાં નેનો અને ફોર્ડ કંપનીને જો પીવાનું પાણી પૂરું પાડવામાં આવે તો સાણંદના ખેડૂતોએ વાવેલા ઘઉં અત્યારે સૂકાઇ રહ્યા છે, તો આ ઘઉંના પાક માટે કેમ પાણી આપવામાં આવતું નથી ખરેખર એ ઘઉંનો પાક પાકશે તો આપણે બધા ઘઉંની રોટલી ખાઇશું, નહિતર ક્યાં જઇશું? તો મારી તો ખાસ વિનંતી છે કે આ પાણી આપવામાં આવે. બીજું નેનો અને ફોર્ડ કંપનીમાં ૨૪ કલાક વીજળી આપવામાં આવે છે ખેડૂતોને ખાલી છ કલાક વીજળી અપાય છે, આ નેનો કંપનીને કરોડો રૂપિયાની જમીન આપી છે, અત્યારે હાલ આ નેનો કંપની બંધ હાલતમાં છે.

બીજું, મહેસૂલ વિભાગમાં ૭ અને ૧૨ અલગ અલગ કરવામાં આવ્યા જેથી ખેડૂતોને અનેક હાલાકી ભોગવવી પડે છે ૭-૧૨ લેવા જાય તો માગણી કરે એટલે ૭ આપે અને ઘેર જઇને જૂએ આ અજ્ઞાન ખેડૂત એને ખબર ના પડે અને પછી ખબર પડે કે ૧૨ તો આવ્યો નહિ, બીજા દિવસે પાછો એ ૧૨ લેવા જાય, ખરેખર આ હકીકત સાચી છે અને ખેડૂતોને ધક્કા ખાવા પડે છે. તો મારી મહેસૂલ મંત્રીશ્રીને વિનંતી છે કે, ૭ અને ૧૨ ભેગાં કરી નાંખવામાં આવે તો ખેડૂતોને ન્યાય મળે અને ખેડૂતોને ૭ અને ૧૨ની નકલ એકસાથે મળે તે કરવાની જરૂર છે. બીજું મારે ખાસ એ પણ કહેવું છે કે, મારા મત વિસ્તારમાં ૭ અને ૧૨ એ ૨૦૦૩માં કમ્પ્યુટર અમલમાં આવ્યું તે વખતે હસ્તલિખિત રેકર્ડ અને કમ્પ્યુટર રેકર્ડમાં અનેક ભૂલો રહી ગઇ છે, તે ભૂલો સુધારતા સુધારતા અત્યારે હાલ ૨૫ ટકા રેવન્યુ રેકર્ડ હસ્તલિખિત અને કમ્પ્યુટર રેકર્ડમાં ભૂલો છે જે ભૂલ

સુધારવા ખેડૂતો દરરોજ મામલતદાર કચેરીએ ધક્કા ખાય ત્યાંથી કહે કે તમારે પ્રાંતમાં જવાનું, પ્રાંતમાં ધક્કા ખાય, પ્રાંત કહે કે હજી તમારી ફાઇલ આવી નથી તો આવી ખરેખર ખેડૂતોને અનેક મુશ્કેલી પડે છે. આવી બધી જે ભૂલો છે એ બાબતે માનનીય મહેસૂલ મંત્રીશ્રીએ સુધારવા માટેની કાર્યવાહી કરવી જોઇએ, બીજું એગ્રીકલ્ચર અને બાગાયતી પાકોમાં તેલીબીયાં, કઠોળ, જીરૂ, ધાન્ય પાકો, શાકભાજીના પાકો, મરી મસાલાના પાકો આ જે પાકો થાય એમાં જે બિયારણ વાપરવાનું થાય એ બિયારણ, ખાતર એમાં અનેકગણા ભાવો વધ્યા છે જેથી ખેડૂતો બધું મોંઘા ભાવે લાવે અને કોઇપણ કુદરતી નુકસાન થાય તે વખતે આ પાકોને નુકસાન થવાથી ખેડૂતો બેહાલ થાય છે.

**શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રી શ્રી નીતિનભાઇ પૂરક માગણીઓ લઇને આવ્યા છે એના સમર્થનમાં અને ખાસ કરીને સહકાર વિભાગની માગણીઓના ટેકામાં માગણી નંબર–૫ રૂપિયા ૧૪૪ કરોડ મહેસૂલી ખર્ચ અને મૂડી ખર્ચ ૨ કરોડ ૭૨ લાખની માગણીના સમર્થનમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું.

સૌપ્રથમ આપણી સામેના મિત્રો ખેડૂતો માટે અને વીજળી માટે જે વાતો કરે છે. તેમને વર્ષોનો અનુભવ છે અને તેમનો અનુભવ જે રીતે ગુજરાતનો વિકાસ અત્યારે થયો છે તેની સામે તે લોકો પોતાના દિલથી વાત કરે, ગૃહની બહાર અમને વારંવાર જણાવે છે કે ગુજરાતનો જે વિકાસ થયો છે તે પાછળના વર્ષોમાં કોઇપણ વખત થયો નહોતો. સહકારી પ્રવૃત્તિ દિન–પ્રતિદિન હરણફાળ ભરી રહી છે ગુજરાત શ્વેતક્રાંતિનું ઉત્તમ ઉદાહરણ બની રહ્યું છે. આજે રાજયમાં રોજનું ૧૨૭.૨૬ લાખ લીટર જેટલું દૂધ એકત્રિત કરવામાં આવે છે, પ્રોસેસ કરવામાં આવે છે અને ત્યાર પછી તેનું વિતરણ કરવામાં આવે છે. રાજયમાં કો–ઓપરેટીવ માર્કેટીંગ ફેડરેશનના નેજા હેઠળ ૧૭ જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ અને ૧૬૯૧૪ દૂધ સહકારી મંડળીઓ પ્રવૃત્ત છે અને તેમાં ૩૨ લાખ ૪૫ હજાર જેટલા દૂધ ઉત્પાદકો તેના સભાસદો છે. જયારે આપણાં આગળના વર્ષો યાદ કરીએ ત્યારે આપણા હાઇવે ઉપર તેમજ દરેક વિસ્તારમાં માલધારીઓના પશુઓ સાથેના ટોળે ટોળા ફરતા હતા. ગુજરાતમાં સિંચાઇની વ્યવસ્થા થઇ, નર્મદાનું પાણી કચ્છ–સૌરાષ્ટ્રના દરેક વિસ્તારોમાં જતાં હવે માલધારીઓ સેટલ થયા છે. ગુજરાતમાં દૂધનું ઉત્પાદન વધ્યુ છે અને તે દૂધના ઉત્પાદનની સારી રીતની વ્યવસ્થા સહકાર અને ખેત મંડળીઓ દ્વારા કરવામાં આવી છે ત્યારે ખેડૂતોને સારા પોષણક્ષમ ભાવ મળે છે. અને ગુજરાતમાં જે રીતે ઔદ્યોગિકરણ થયુ છે ત્યારે ઔદ્યોગિકરણ અને ખેતી બન્ને સાથે ચાલે છે. અને જે રીતે ગુજરાતની સમૃદ્ધિ વધી છે સમગ્ર ભારતમાં જયારે ગુજરાતમાં રસ્તાઓ સુંદર થયા છે ત્યારે આપણે જોઇએ છીએ કે મોટર સાયકલ અને કારોનું વેચાણ જે રીતે ગુજરાતમાં વધ્યું છે તે ગુજરાતની સમૃદ્ધિ બતાવે છે. અને ખેડૂતોના માટે જે આંસુ સારવામાં આવે છે એવા એકપણ બનાવ ગુજરાતમાં બન્યો નથી તે દરેક ગુજરાતી ગૌરવ સાથે કહી શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે આપણે ખેતીના વિકાસ માટે કૃષિ મેળાઓ કરીએ છીએ અને આપણે ગામડાંમાં જઇને જે રીતે કિટ્સ વિતરણ કરીએ છીએ. મારા સૌ...

અધ્યક્ષશ્રી : એક મિનિટ છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : હાજી. મારા સૌ વિપક્ષના મિત્રોને જણાવીશ કે તમે જો આવા કાર્યક્રમોમાં હાજરી આપો અને જુઓ તો ખબર પડે કે દરેક લાભાર્થી પોતાની કિટ્સ એકદમ ઉત્સાહથી લે છે અને તેનો અમલ પણ કરે છે. અને તેના અમલના લીધે આપણો કપરાડા અને ધરમપુર જેવા આદિવાસી વિસ્તારોમાં પણ ખેડૂત સમૃદ્ધ થયો છે અને ફૂલ જેવી અનેક વિવિધ આઇટમોની ખેતી કરતા થયા છે. વાત રહી સદ્ભાવના મિશનના પેકેજની તો મારે ખાસ કહેવું છે કે, અમારા વલસાડ જિલ્લામાં અમે જે પેકેજ આપેલો છે આપણે આ પેકેજનું મૂલ્યાંકન કરીએ અન્ડરગ્રાઉન્ડ ડ્રેનેજ, રસ્તા તેમજ શિક્ષણ અને ખેતી વિકાસમાં જે રીતે સરકારે કામ કર્યુ છે તે સદ્ભાવના વિકાસના પેકેજ કરતાં પણ વધારે છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર વિભાગની ૩૭ કરોડ અને ૭૫ લાખ રૂપિયાની માગણી લઇને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો વ્યકત કરું છું. અત્યારે ગુજરાતમાં બેરોજગારીનો દર સૌથી ઓછો હોવાનું જે પ્રમાણે સરકાર દાવો કરી રહી છે તે પ્રમાણે હમણાં જ તાજેતરનો એક દાખલો બની ગયો કે તલાટીઓની વર્ગ–૩ની ભરતીમાં ફકત ૧૫૦૦ જગ્યાઓ ખાલી હતી ત્યારે ૮ લાખ જેટલી અરજીઓ આવી હતી. એ શું બતાવે છે? એ જ બતાવે છે કે ગુજરાતમાં બેરોજગારીનું પ્રમાણ તે કેટલું બધું છે અને જયારે દસ વર્ષમાં પણ જયારે સરકારે એવી જાહેરાત કરી કે દોઢ લાખ જેટલી ભરતી કરવામાં આવશે. પરંતુ હવે પછીના ૧૦ વર્ષમાં નિવૃત્ત થનાર કર્મચારીઓ અને અધિકારીઓની સંખ્યા પણ ઘણી છે તેથી આટલી ભરતી કરવા છતાં પણ એની સંખ્યા તો એની એ જ રહેવાની છે. એટલે સરવાળે જોઇએ તો જે ૩૫ થી ૪૦ ટકા જગ્યાઓ અત્યારે ખાલી છે એ આટલી ભરતી કરવા છતાં પણ રોજગારી માટેની જગ્યા તો ખાલી જ રહેવાની છે. જે સરકારી જગ્યા અત્યારે ખાલી છે એ તો ખાલી જ રહેવાની છે. એટલે મારી તો માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલની પાસે માગણી છે કે તમે વધારે બજેટ મંજૂર કરો, પરંતુ ખરેખર જે યુવાનો બેરોજગાર છે, ગરીબ છે કે જેમને રોજગારીની જરૂર છે તેમને પણ નોકરી માટેની તક મળે અને ખાસ કરીને આ જે રીતે ભરતીમાં કૌભાંડ થાય છે એવી આ કલ્યાણસિંહ યોજનાઓ બંધ થાય કારણકે એક એક ઉમેદવાર પાસેથી ૧૦–૧૫ લાખ રૂપિયા લેવાય એ જે માબાપ પેટે પાટા બાંધીને પોતાનાં સંતાનોને ભણાવતાં હોય અને જેમને નોકરીની ખાસ જરૂર હોય એ મા–બાપ આટલા બધા પૈસા કયાંથી લાવી શકવાનાં છે? એટલે આવી બધી પ્રવૃત્તિઓ ઉપર પણ સરકાર રોક લાવે એ જરૂરી છે.

મેં વિધાનસભાની પ્રશ્નોત્તરીમાં ઘણાબધા જવાબ જોયા. તો ૩૦–૪૦ ટકા જેટલી જગ્યા કર્મચારીઓની ખાલી રહેતી હોય છે તો એ પણ ભરાય અને જે યુવાનોને ફીકસ પગાર લેખે ભરતી થાય છે અને તેમને પગારધોરણ પણ ખૂબ જ ઓછું અપાય છે. લગભગ ૨૫૦૦ જેવું હોય છે અને ૫ વર્ષ સુધી એમનું એ જ પગારમાં શોષણ થાય છે એ ના થાય અને એમને વધારે પૈસા મળે અને તેમને કાયમી કરવામાં આવે તો વધારે આનંદની વાત બને અને જે બહારના લોકોને અહીં મોટી મોટી કંપનીઓ ટાટા મોટર્સ અને ફોર્ડ જેવી કંપનીઓને મફતના ભાવે જમીનોની લહાણી થાય છે....

અધ્યક્ષશ્રી : આપ તો મહેસૂલની વાત કરો છો જયારે અહીં તો રોજગારીની વાત છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : લોકોને વધારે રોજગારી મળે એ દિશામાં પ્રયત્ન થાય અને એની જાહેરાત થાય તો વધારે આનંદ થાય. બિલ્ડરો માટે બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ ફંડના નામે ૪૦૦ થી ૫૦૦ કરોડ રૂપિયા રાજય સરકાર સેસ ઉઘરાવે છે એ ખરેખર મજૂરોના કલ્યાણ માટે વપરાય તો વધારે આનંદ થાય.

ગુજરાત સરકાર મેળાવડાઓ કરે છે. ૩૭૧૬ જેટલા રોજગાર મેળાનું આયોજન થયું અને છતાં પણ ૩૦ લાખ જેટલા યુવાનો બેરોજગાર હોય અને ૧૦ લાખ જેટલા શિક્ષિત યુવાનો બેરોજગાર રહેતા હોય તો ખરેખર ગુજરાત માટે એ શરમજનક બાબત કહેવાય અને આપણને એની શરમ આવવી જોઇએ. નિયમિત ભરતી કરવા માટે જે શિક્ષકો અને આચાર્ય હોય છે એ માત્ર એચએસસી કે પીટીસી હોય છે તેમને ૩૦–૩૦ હજાર પગાર હોય છે...

અધ્યક્ષશ્રી : શ્રમ અને રોજગારના કર્મચારી જુદા છે અને સચિવાલયના જુદા છે. . એટલે શ્રમ અને રોજગારમાં આ ના આવે. (અંતરાય) હા, બોલો, બોલો, આ તો તમારું ધ્યાન દોરું છું, હિંમતથી બોલો, કાંઇ વાંધો નહીં. બહેનો બોલતી હોય છે એ સાચું જ બોલતી હોય છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : વધારેને વધારે યુવાનોને રોજગારી મળે અને આજે જે બેકારી છે એ દૂર થાય તો ગરીબ અને મધ્યમવર્ગના યુવાનોને વધારે નોકરી મળે અને ફીકસ પગારના બદલે કાયમી થાય તો આજની મોંઘવારીમાં તેમને વધારે પૈસા મળે તો આ જે પ્રમાણે બજેટ લઇને આવ્યા છે એ વધારે યોગ્ય ગણાશે. ખાસ કરીને હમણાં હમણાં જે બની રહ્યું છે કે આ કલ્યાણસિંહ યોજના તો એવું ફરીથી ના બને એનું ખાસ ધ્યાન રાખવામાં આવે. એમના પોતાના ૯–૯ વખત સ્ટેજ ઉપર ફોટાઓ આવ્યા હોય અને

સચિવાલયમાં એમની બેરોકટોક અવરજવર હોય અને એ સાબિત થતી વાત હોય અને છતાં પણ નકારતા હોય કે આ અમારા નથી તો એ કેટલે અંશે વાજબી ગણાય?

**(વિરામ સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી પ્રફૂલ્લભાઇ છ. પાનશેરીયા(કામરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૩-૧૪ના બજેટની અંદર પૂરક માગણીઓમાં હું મારા વિચારો રજૂ કરું છું. તબીબી અને જાહેર આરોગ્યમાં ૩૩.૨૭ કરોડની પૂરક માગણી જે રજૂ કરવામાં આવી છે તેને મારું અનુમોદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ તબીબી અને જાહેર આરોગ્યની પૂરક માગણીમાં સિવિલ હોસ્પિટલ, મેડીકલ કોલેજો, ગ્રામ્ય હોસ્પિટલો, આરોગ્ય કેન્દ્રો, પેટા આરોગ્ય કેન્દ્રો એમ માઇક્રો લેવલનું માળખાગત પ્લાનિંગ છે. એમાં ભથ્થાંમાં વધારો, મહેકમમાં વધારો વગેરેની જે પૂરક માગણીઓ છે તેની આપણે ચર્ચા કરીએ છીએ. કોઇ પણ રાજય, એમની ઇકોનોમી તો ખૂબ સારી હોય, પરંતુ એમના સર્વાંગી વિકાસ માટે, દરેક વ્યકિતનું આરોગ્ય સુદ્રઢ અને સારું રહે તેના માટે રાજય સરકાર કટિબદ્ધ હોય છે. ગુજરાત રાજયે સમગ્ર ભારતમાં પ્રત્યેક ક્ષેત્રમાં જયારે હરણફાળ ભરી છે, પ્રગતિ કરી છે ત્યારે આરોગ્ય ક્ષેત્રમાં પણ ગુજરાતના છેવાડાના માનવી સુધી એમને આરોગ્યની શ્રેષ્ઠ સુવિધાઓ પ્રાપ્ત થાય તેના માટેનું સરસ આયોજન કરવામાં આવ્યું છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ હસ્તગત ૬ સરકારી મેડીકલ કોલેજો, ૮ શૈક્ષણિક હોસ્પિટલો, ૩ ગ્રાન્ટ-ઇન-એઇડ ઇન્સ્ટિટ્યુટ દ્વારા નાગરિકોને કોઇ પણ જાતના ભેદભાવ વગર મફત સારવાર મળી રહી છે. આ જ રીતે ગ્રામ્ય વિસ્તારોમાં તબીબી સેવાઓ માટે ૨૪ જિલ્લા હોસ્પિટલો, ૩૦ સબ જિલ્લા હોસ્પિટલો અને કુલ મળીને ૬૪ હોસ્પિટલોમાં નાગરિકોને પૂરતી સારવાર મળી રહે તે માટે સરકાર કટિબદ્ધ છે. ત્યારે ૧૧૯ ગ્રાન્ટ-ઇન-એડ હોસ્પિટલો પણ કાર્યરત છે. આરોગ્ય ક્ષેત્રે ગ્રામ્ય વિસ્તારના છેવાડાના માનવી સુધી પૂરતી સહાય મળી રહે અને મેડીકલ ટ્રીટમેન્ટ મળી રહે તે માટે ૩૨૮ સામૂહિક આરોગ્ય કેન્દ્રો, ૧૨૩૩ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૭૬૭૪ પેટા કેન્દ્રો દ્વારા આ આરોગ્યની સુવિધાઓ પ્રાપ્ત થઇ રહી છે. હમણાં જ તાજેતરમાં માનનીય આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલે અમારા સુરતની સિવિલ હોસ્પિટલમાં ટ્રોમા સેન્ટર અને ઓપરેશન થીયેટરનું ૩૦ કરોડ રૂપિયા જેવી માતબર રકમ ફાળવીને લોકાર્પણ કર્યું છે. એક સમય એવો હતો કે સરકારી હોસ્પિટલો એટલે, વિપક્ષના મિત્રોએ ઘણી વાતો કરી કે અમારું બજેટ નહોતું એટલી તમે પૂરક માગણીઓ લઇને આવો છો, પણ તે જ આ રાજય સરકારનો વિકાસ સૂચવે છે. આ સિવિલ હોસ્પિટલમાં ટ્રોમા સેન્ટર અને ઓપરેશન થીયેટરનું વર્લ્ડકલાસની અદ્યતન ટેકનોલોજી, મેડીકલ સાયન્સનું સંશોધન એ તમામનો ઉપયોગ કરી અને છેવાડાના માનવી સુધી સારવાર મળી રહે તે માટે સુરત સિવિલમાં લોકાર્પણ કર્યું છે. કોઇપણ કામ કોઇપણ રાજય એની ભૌગોલિક પરિસ્થિતિના આધારે એના વાતાવરણને આધારે એના મૂળભૂત સંશોધનો હોય છે.

આર્યુવેદિક ક્ષેત્રે પણ હમણાં આખા ભારતના ડોકટરો દ્વારા મહાત્મા મંદિર ખાતે એક શિબિરનું આયોજન કરેલ હતું. ૧૧ આર્યુવેદિક હોસ્પટલો આ રાજયમાં કાર્યરત છે ત્યારે આપણા એક લાખ જેટલા શ્લોકો ચરક સહિંતા અને સુશ્રુતા ગ્રંથને આપણા વારસાગત મૂલ્ય છે એને જાળવી રાખેલ છે.

ખોરાક અને ઔષધ નિયમન માટે અદ્યતન પ્રયોગશાળાઓનું નિર્માણ રાજય સરકારે કર્યું છે અને આ વર્ષની અંદર ૫૦ લાખ જેટલો દંડ વસૂલ કરવામાં આવ્યો છે જેની યોગ્યતા નહોતી એ આરોગ્ય પ્રત્યે સરકારની જાગૃતિ દર્શાવે છે. મધ્યસ્થ ઔષધ ભંડાર દ્વારા પ્રત્યેક પેટા કેન્દ્ર સુધી ગુણવત્તાસભર દવાઓ મળી રહે એમને સર સાધન મળી રહે એ માટેનું રાજય સરકાર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. બે લાખથી ઓછી આવક ધરાવનાર લોકોને ૫૦ ટકાની અંદર રાહતમાં મેજર ઓપરેશન કરવા માટેની સરકારની યોજનાઓ છે.

એશિયાની સૌથી મોટામાં મોટી સિવિલ હોસ્પિટલમાં ૪૦૦ જેટલા દર્દીઓને કીડની પ્રત્યાપર્ણ થયું છે એ સૌથી મોટામાં મોટું પ્લાનિંગ કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી અમૃતમ યોજના અંતર્ગત ૧ લાખ ૧૯ હજાર ૫૧૭ લાભાર્થીઓને ૪૧ કરોડ રૂપિયા જેવી માતબર રકમ ચૂકવવામાં આવી છે.

શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ પૂરક માગણીઓ લઇને આવ્યા છે એમાં વાહનવ્યવહાર બાબતમાં મારા વિચારો વ્યકત કરું છું.

વાહનવ્યવહાર ખાતું રાજય સરકારનું એક મહત્વનું અંગ છે. મોટર વાહનવેરો રાજય સરકારની મહેસૂલી આવકોમાં અગ્રસ્થાન ધરાવે છે. મોટર વાહન ખાતામાં જાહેર જનતાની સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે માર્ગ સુરક્ષાને ખૂબ ભાર આપવામાં આવ્યો છે. રાજયની વાહનવ્યવહાર ખાતાની આવકમાં છેલ્લા દસ વર્ષમાં ઉત્તરોત્તર વધારો થયો છે. હમણાં ગૃહના સભ્ય પૂંજાભાઇ વંશ કહેતા હતા કે ઉત્તરોત્તર ખોટ ગઇ છે પણ મારે દસ વર્ષના આંકડા આપવા છે. સન ૨૦૦૩–૦૪ માં ૧૧૦૬ કરોડની આવક હતી જે સન ૨૦૧૩–૧૪માં ૧૯૨૧ કરોડ રૂપિયા થઇ છે એટલે આ જ બતાવે છે કે વાહનવ્યવહાર ની અંદર ખૂબ પારદર્શક કામગીરી થઇ રહી છે. છેલ્લા તેર વર્ષમાં જઇએ તો ગુજરાત વિકાસના પંથે સંમૃદ્ધિના પંથે સુખાકારીના પંથે જઇ રહ્યું છે એની એક સાબિતી પણ એ જ છે કે જે વાહનોની નોંધણી થઇ છે તે જોઇએ તો ૨૦૦૦માં બાવન લાખ વાહનોની નોંધણી થઇ હતી એની સામે ૨૦૧૩માં ૧૬૮ લાખ વાહનોની નોંધણી થઇ છે. ઓટોમેટિક ડ્રાઇવીંગ લાઇસન્સ ટેસ્ટ, હાઇ સિકયુરિટી રજીસ્ટ્રેશન પ્લેટ, સ્માર્ટકાર્ડ ડ્રાઇવીંગ લાઇસન્સ આપવાની કામગીરી અને વેરાના માળખા તર્કસંગત હતા, પહેલા જે ૬૭ દરો હતા એને સરળ બનાવીને એનું સરળીકરણ કરીને ૧૪ પ્રકારના વેરાની પણ સગવડ કરી છે. ફિટનેસ ટેસ્ટીંગ સેન્ટર, માર્ગ સલામતી પ્રોજેકટ, ખાતાની કચેરીમાં આંતરમાળખાકીય સુવિધા, ઇ–ગવર્નન્સ અને આર.ટી.ઓ. કચેરીઓનું આધુનિકરણ વગેરેમાં આમૂલ પરિવર્તન કરીને સરકારે વહીવટમાં પારદર્શકતા લાવવાના પ્રયત્નો કર્યા છે. આગામી વર્ષમાં માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રીએ વિભાગમાં નીચે પ્રમાણેની જોગવાઇઓ કરી છે.

આંતરમાળખાકીય ગામોને પરિવહન સેવાઓ મળે અને ગ્રામ્ય કનેકટીવીટી મજબૂત થાય તે માટે રાજય સરકારશ્રીએ વર્ષ ૨૦૧૪–૧૫માં નવી ૧૦૫૦ બસો ખરીદવાનું નક્કી કર્યું છે. રાજ્ય સરકારની રૂપિયા ૯૦ કરોડની સહાય દ્વારા રાજ્યના વિવિધ સ્થળોના મુસાફરોની હેરાફેરી થાય એવું આયોજન છે. રાજય સરકારશ્રીની રૂપિયા નવ કરોડની સહાયથી નિગમની જુદી જુદી કચેરીઓનું કમ્પ્યુટરાઇઝેશન અને અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરી વહીવટીય તેમજ બસ સંચાલનની કામગીરી ઝડપી કરવાનું આયોજન છે. રાજ્ય સરકારે રૂપિયા પાંચ કરોડની સહાયથી નિગમની જે જૂની મશીનરી છે, એને બદલી ઓટોમેશન અને આધુનિકીકરણનું આયોજન છે. નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં જી.એસ.ટી. અને જી.આઇ.એસ. આધારિત ઓન લાઇન પબ્લિક ઇન્ફર્મેશન સિસ્ટમ આધારિત શરૂઆતના તબક્કે ૨૦૦૦ બસો ડેવલપ કરવાનું આયોજન છે. સી.સી.ટી.વી. કેમેરાથી વિઝિલન્સ સર્વેલન્સ સિસ્ટમ ઊભી કરવાનું આયોજન છે. શ્રી પુંજાભાઇ વંશ હમણાં કહેતા હતા કે, એસ.ટી.નું તંત્ર બરાબર નથી.એસ.ટી.ની બાબતમાં ૨૦૧૪–૧૫માં ૩૨ વોલ્વો બસ ખરીદવાની છે. આપણે બધા જાણીએ છીએ કે, લકઝરી બસોનો જે ક્રેઝ છે એને અનુસરીને રાજ્ય સરકારે ૩૨ જેટલી વોલ્વો બસોનું સંચાલન અલગ અલગ રૂટો ઉપર મૂકવાની છે એમાંથી ૮ બસો મૂકાઇ ગઇ છે. બસમાં મુસાફરી કરવાવાળા ગરીબ સમાજના હોય છે. મેં પણ વિદ્યાર્થીકાળમાં ઝાખોરાથી અમદાવાદ વચ્ચે અપડાઉન કરેલ છે અને એ સમયે ૧૯૮૦ની અંદર કોંગ્રેસનું શાસન હતું ત્યારે એવી ખખડધજ બસો રસ્તા ઉપર દોડતી હતી અને એ અધવચ્ચે ખોડંગાઇ જાય, ખોટકાઇ જાય ત્યારે ડ્રાઇવર અને કંડકટર ગામમાંથી લોકોને બોલાવીને ધક્કા મરાવતા હતા ત્યારે બસો ચાલુ થતી હતી. એ વખતે ફોનની સેવાઓ પણ ખૂબ ઓછી હતી. આજે તો આવી ઉત્તમ કામગીરી થઇ રહી છે. રાજ્યના મુખ્યમંત્રી અને ભાવિ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી તથા વાહન વ્યવહાર મંત્રીશ્રી નીતિનભાઇ પટેલે ગુજરાતના લોકોની મૂળભૂત જરૂરિયાત સંતોષવા માટે લીધેલા પગલા પ્રશંસનીય છે. પૂરક માગણીઓને મારું સમર્થન છે.

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એ માગણીઓને સમર્થન આપવા માટે હું ઊભો થયો છું.

હાલમાં વિધાનસભામાં એક ઘટના ઘટી છે એ બાબતે આ ગૃહના સન્માનનીય નેતા અને ભારતના પણ સન્માનનીય નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ અને ગૃહ રાજ્ય મંત્રીને હું અભિનંદન આપવા માગું છું સાથોસાથ વિપક્ષમાં બેઠેલા સન્માનનીય ધારાસભ્યશ્રીઓને પણ હું કહેવા માગું છું કે, આ ગૃહની અંદર આપના વાણી, વ્યવહાર અને વર્તનની નોંધ અમારા જેવા નવા ધારાસભ્યો ખાસકરીને તેજશ્રીબેન અને અમિતભાઇ વગેરે આપના પરથી પ્રેરણા લઇને વિધાનસભામાં વર્તન કરે.આપના દ્વારા પ્રેરણા મળવાની છે. કાલે ગૃહની અંદર જે વાર્તા થઇ, માનનીય માનસિંહકાકાએ જે વાર્તા કહી, માનનીય મુખ્યમંત્રીશ્રીની ટીકા કરે એ તો સમજયા કે એમની ટીકા કરવાની આદત છે. પણ જે મારી વિધાનસભામાં ઘટના ઘટી જે હિતેશ ઝવેરીની ગોળી મારીને હત્યા થઇ એ બાબતે માનનીય મુરબ્બીશ્રીએ વાત કરી કે પોલીસ ઊંઘે છે એ બાબતે મારે એમને કહેવું છે.

અધ્યક્ષશ્રી : આ ગૃહ ખાતામાં ફકત જેલ અંગેની જ વાત છે એટલે ફકત જેલ પૂરતું બોલો, આખા ગૃહ ખાતા ઉપર બોલવાની જરૂર નથી.

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ : એ વાત બિલકુલ અસત્ય છે. ગુજરાતની જાંબાઝ પોલીસોને ખરેખર અભિનંદન આપવા જોઇએ કે સોળ દિવસની અંદર મુલાયમસિંહની બોડમાંથી કોલર પકડીને એ ગુનેગારોને પકડીને ગુજરાતમાં ખેંચી લાવ્યા અને એક કરોડની માતબર રકમમાંથી ચાલીસ લાખ રૂપિયાની રકમ પણ પ્રાપ્ત થઇ છે. એ ખરેખર ગુજરાતની પોલીસને અભિનંદન આપવાની બાબત છે. ગૃહ રાજયમંત્રીને પણ અભિનંદન આપવાની વાત છે. આપશ્રી હરહંમેશ અસત્ય બાબતો જ કહેતા હોવ છો તો એ આપની પ્રેરણા વડે સારા સત્યવચનો બોલો એવી મારી માગણી છે.

અધ્યક્ષશ્રી : તમારે માગણી નથી મૂકવાની. મંત્રીશ્રીએ માગણી મૂકી છે એના ઉપર અભિપ્રાય આપો. તમે તો તમારી માગણી મૂકો છો.

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદ્રષ્ટિ અને આગોતરા આયોજનને કારણે વીજક્ષેત્રે અભૂતપૂર્વ વિકાસ થયેલ છે. છેલ્લા બેતાલીસ વર્ષની તુલનાએ જે ગુજરાતની અંદર છેલ્લા બાર વર્ષની અંદર જે વીજક્ષેત્રે નામાંકિત કાર્યો થયા છે, ભારતની ૩૯ વીજકંપનીઓમાં મૂલ્યાંકન જયારે કરવામાં આવ્યા એમાં ગુજરાતની જયોતિગ્રામ યોજનાને એ પ્લસ મળ્યો એ ખરેખર ગુજરાતનું ગૌરવ છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના દીર્ઘ આયોજનના કારણે ગુજરાત સરપ્લસ વીજ વિતરણ કરી શકયું છે. જયોતિગ્રામ યોજનાને કારણે આખા ગુજરાતની અંદર ગામડે ગામડે ચોવીસ કલાક વીજળી પ્રાપ્ત થઇ છે. હું પણ ગામડાંમાંથી જ આવું છું એટલે જોયું છે એટલે જ કહુ છું. સમગ્ર દેશની અંદર ઉર્જાક્ષેત્રે ગુજરાત બીજા ક્રમે છે. ૧૯૬૧ થી ૨૦૦૨ સુધીમાં ૮૬૫૭ મેગાવોટ વીજના ઉત્પાદન સામે માનનીય મુખ્યમંત્રીશ્રીના શાસનકાળના બાર વર્ષની અંદર અઢાર હજાર કરતા પણ વધારે મેગાવોટનું ઉત્પાદન થયું એ બમણું ઉત્પાદન છે. ગુજરાત સરકાર દ્વારા વિવિધ હેડમાંથી વીજળી ઉર્જા પ્રાપ્ત થતી હોય છે જેની અંદર કોલસા આધારિત, લિગ્નાઇટ આધારિત, ગેસ આધારિત, સોલાર ઉર્જા, વીન્ડ મિલ અને અત્યારે તો ભરતી પરથી સમુદ્રના મોજાઓમાંથી પણ વીજ ઉત્પન્ન થાય એવા સંશોધનો ચાલી રહ્યા છે અને વિવિધ ક્ષેત્રમાંથી ઉર્જા પ્રાપ્ત થાય એવા પ્રયાસો માનનીય મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદ્રષ્ટિને કારણે ગુજરાતની અંદર થઇ રહ્યું છે એ ખરેખર પ્રશંસાની બાબત છે.

**શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) :** માનનીય અધ્યક્ષશ્રી , આ સભાગૃહમાં જે કાપ દરખાસ્તો આવી છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૧-૧૨, ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં આ રાજ્યના નાણામંત્રીશ્રી દ્વારા લગભગ ૫૪૫૩ કરોડની જોગવાઇ ગૃહ વિભાગમાં કરવામાં આવી છે. ખાસ કરીને જ્યારે જેલ વિભાગની વાત કરું ત્યારે આ જેલ વિભાગમાં ૨૦૧૦-૧૧માં ૫૬.૨૧ કરોડ, ૨૦૧૧-૧૨માં ૬૩.૩૦

કરોડ, ૨૦૧૨-૧૩માં ૯૫.૯૪ કરોડ અને ૨૦૧૩-૧૪માં ૮૯.૫૮ કરોડ એમ કુલ ૩૦૫ કરોડથી પણ વધારે જોગવાઇઓ છેલ્લા ચાર વર્ષમાં જેલ માટે ફાળવવામાં આવ્યા છે. આ જોગવાઇઓના અનુસંધાનમાં જેલોનું અપગ્રેડેશન, નવી સાધન-સામગ્રી, સી.સી.ટી.વી. કેમેરા, વિડિયોગ્રાફી સર્વેલન્સ તેમજ વાહનો ખરીદવાની અલગ અલગ જોગવાઇઓમાં અલગ અલગ પૈસા છેલ્લા ચાર વર્ષમાં ફાળવવામાં આવ્યા છે. પરિસ્થિતિ એ છે કે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી દ્વારા ૧૫૦ કરોડ રૂપિયાના ખર્ચે ઇ-ગુજકોક પ્રોજેક્ટ ગોઠવવામાં આવ્યો હતો અને એ ગોઠવીને રાજ્યના એક હજાર કરતા પણ વધારે પોલીસ સ્ટેશનો, રાજ્યની તમામ જેલો, ગૃહ વિભાગ, કાયદા વિભાગ સાથે સાંકળીને તમામ વિભાગો અને એન્ટી કરપ્શન બ્યુરોની કચેરીનો સમાવેશ કરવામાં આવ્યો હતો અને માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા એવું જણાવવામાં આવ્યું હતું કે આ ઇ-ગુજકોક પ્રોજેક્ટ આધારે આ ટેકનોલોજી દ્વારા ગુનાહિત માનસિકતા ધરાવતા શખ્સોમાં પોલીસ તંત્રનો ભય ઊભો થશે. આટલી મોટી જોગવાઇ કર્યા બાદ પણ જેલોમાં શું પરિસ્થિતિ છે એ મારા અગાઉ ઘણા સભ્યશ્રીઓએ કેદીઓના સુરંગ કાંડની વાત કરીને કરી હશે.

જેલો માટે આટલી મોટી જોગવાઇ કરવામાં આવી હોવા છતાં પણ આ રાજ્યમાં જેલના કેદીઓની જે ક્ષમતા છે એ બાબતે આપનું ધ્યાન દોરવા માગું છું કે, બિહારમાં કેદીઓને રાખવાની ક્ષમતા ૩૩૭૭૪ છે અને કેદીઓની સંખ્યા ૨૮૦૩૨ એટલે કે ૮૩ ટકાનો રેશિયો છે. ઉતરાખંડમાં ૩૫૬૨ની ક્ષમતા છે અને કેદીઓની સંખ્યા ૩૨૬૧ છે એટલે એનો રેશિયો ૯૧.૫ ટકા થાય છે. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે ગુજરાતમાં કેદીઓને રાખવાની ક્ષમતા ૯૩૯૫ છે એની સામે કેદીઓની સંખ્યા ૧૧૬૦૧ છે. એટલે ગુજરાતમાં ૧૨૩.૫ ટકા જેટલો રેશિયો છે. મારે એ જાણવું છે કે જ્યારે ૩૦૫ કરોડ જેટલી મોટી રકમની ચાર વર્ષમાં જોગવાઇ કરવામાં આવી હોય તેમ છતાં પણ જેલોમાં જે વ્યવસ્થા જોઇએ એ વ્યવસ્થા થઇ શકી નથી. ખાસ કરીને જે રીતે જેલોની વ્યવસ્થાની વાત થઇ, માનનીય અધ્યક્ષશ્રી, સુરંગકાંડની અંદર જેલ વિભાગ દ્વારા ભૂતકાળમાં આ ગૃહની અંદર ખૂબ કસાબની ચર્ચા કરતા હતા પણ મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે સાબરમતિ જેલમાં સુરંગ કાઢવામાં ૪૨ લાખ રૂપિયાના ઈંડા એને ખવડાવવામાં આવ્યાં હતા અને એના ભાગરૂપે સરકાર દ્વારા પણ આરોગ્ય કમિશનરની કચેરી દ્વારા પણ તપાસ કમિટીની નિમણૂક કરવામાં આવે છે. પહેલા જેલોની અંદર ગાંધીજી, સરદાર પટેલ જતા હતા ત્યારબાદ આ રાજ્યના કાયદા વિભાગ દ્વારા જે ગુનાહિત પ્રવૃત્તિ કરતા હોય એવા ગુનાહિત પ્રવૃત્તિ કરનારા ગુનેગારો જેલમાં લાવવામાં આવતા હતા. આજે જેલોની પરિસ્થિતિ બદલાઇ ગઇ છે. આજે પોલીસ અધિકારીઓને જેલોમાં જવાનો વારો આવ્યો છે એવી વિપરિત પરિસ્થિતિ છે. જે જેલોના ઓરડાનું ઉદ્‌ઘાટન મંત્રીશ્રીએ કર્યું હતું એ ઓરડામાં મંત્રીને રહેવાનો વારો આવ્યો. સરકાર મહોત્સવોમાં ખૂબ પડી છે કૃષિ મહોત્સવ, નવરાત્રિ મહોત્સવ, શાળા મહોત્સવ સરકારે હવે જેલ મહોત્સવ પણ કરવા પડે કારણ કે લોકાયુક્તની નિમણૂક થઇ ગઇ છે માટે જેલની પણ સુવિધા વધારવી જોઇએ અને ત્યાં આગળ જે અવ્યવસ્થા છે એના ભાગરૂપે સીસીટી.વી. કેમેરાની જોગવાઇ છે એના ભાગરૂપે સરકારે ગંભીરતાથી વિચારવું જોઇએ એ માટે મારું સૂચન કરું છું.

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી જે પૂરક માગણી લઇને આવ્યાં છે એ વિષે મારે કહેવું છે.

ખેડૂતો માટે જે પાણી નહેરોથી આપવામાં આવે છે એમાં જે પાણી નહેરો દ્વારા જ્યાં ગુજરાતમાં જે ગામડાંના ખેડૂતોને મળે છે. બાકીના ગામડાંના ખેડૂતો જે સિંચાઇ દ્વારા પોતાની જાતે બોર બનાવી ૮૦૦ થી ૧૦૦૦ ફૂટ ઊંડા બોર કરી ૪૦ થી ૫૦ હોર્સ પાવરની મોટર લગાવી પાણી ખેંચવામાં આવે છે એનાથી જે ખેતી ઊભી કરવામાં આવે છે એ ખેતી ખેડૂતો માટે ઘણી મોંઘી પડે છે. કેનાલવાળી ખેતી સસ્તી પડે છે. દક્ષિણ ગુજરાતમાં ૨૦૦ ફૂટના બોરના કારણે ખેતી સસ્તી પડે છે. ૮૦૦ થી ૧૦૦૦ ફૂટના બોર કરવામાં ૮ થી ૧૦ લાખની કિંમતે બોર થતા હોઇ આ પાક જે પેદા થાય છે એ જે ભાવે પેદા થાય તો ૮૦૦ થી ૧૦૦૦ ફૂટથી પાક લેવામાં આવે એને કોઇ સબસિડી રૂપે આપવાનું સરકારે વિચારવું જોઇએ. અથવા તો કેનાલ દ્વારા એમને પણ પૂરતો લાભ મળે અથવા તો પાઇપ લાઇન દ્વારા મોટા તળાવો ખોદીને પાણી તો મંત્રીશ્રીએ એ પણ ધ્યાન દોરી મારા વિસ્તારના તળાવો મંજૂર કરે એવી હું નમ્ર વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું કે, સરકારે ચાર ટકા જે વેટ હતો સમગ્ર ગુજરાતનો એ પાંચ ટકા કર્યો છે, એક ટકો વધાર્યો છે, તો એ પણ એક ટકો ઓછો કરે એવી મારી નમ્ર વિનંતી છે. કોઇ રાજ્ય એવું નથી કે, પાંચ ટકા વેટ હોય. ખાતર ઉપરનો વેટ હોય તો આમાં ખેડૂતને કોઇ પણ સંજોગોમાં આમાં રાહત મળે એવી વિનંતી છે.

બીજું, નીતિનભાઇએ વાત કરી કે, ઉંઝામાં જીરું–વરિયાળી ઉપર વેટ નાબૂદ કર્યો તો હું એ વાત કરવા માગુ છું કે, એ જ રીતે દિવેલામાં પણ, દિવલાએ ગુજરાતનો અને ઇન્ડિયાનો અને મોટામાં મોટો પાક છે તો એના ઉપર પણ વેટ નાબૂદ કરવામાં આવે. દિવેલા અને એમાંથી ડી.કે. ખોળ બને છે, નેવું ટકા એક્સપોર્ટ થાય છે,એમાં કોઇ જરૂર નથી, તો એમાં પણ વેટ નાબૂદ થાય એવી નમ્ર વિનંતી છે.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર (મહુધા) : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ વિશે બધા કહે છે કે, અમે ખેતી માટે બહુ કરી દીધું, બરાબર. ખેતી માટે કહે છે કે, અમે બહુ સારું કરી દીધું. સાહેબ, ખેતી અને પશુપાલન માટે કાંઇ કર્યું નથી આ લોકોએ. તમે જુઓ ફેકટરીઓને બધાને ચોવીસ–ચોવીસ કલાક લાઇટ આપે છે અને અમારા ખેડૂત ભાઇઓને આઠ કલાક પણ નહીં, છ કલાક સાહેબ. અમારા કોંગ્રેસના રાજમાં આવું ન હતું. કહી કહીને થાક્યો સૌરભભાઇને, અલ્યા ભાઇ, આઠ કલાકને બદલે ચૌદ–પંદર કલાક આપો.

અધ્યક્ષશ્રી : બે હોર્સ પાવરની વાત કરો એને.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : કયાં આપે છે ? બે હોર્સ પાવર પણ નથી આપતા. સાહેબ, આ બેરોજગારી બંધ થઇ જાય, લોકોને રોજીરોટી માટે ભટકવું ન પડે. ગાય–ભેંસ રાખે, લોકો જીવે, બે વીઘા તાસડા બધાને છે, આખા ગુજરાતમાં બે વીઘા તાસડા છે બધાને અને બે આપે તો એને પોષાય. કારણ કે, પૈસો આવો અને સારી રીતે જીવે પણ નથી માનતા, શું કરીએ સાહેબ ? અને એમ કહે છે કે, ખેડૂતોના હામી છીએ. (અંતરાય) ગૃહ વિભાગની વાત કરું, સાહેબ, કેટલી જગ્યાઓ ખાલી છે પોલીસ ખાતામાં, પી.એસ.આઇ.ની અને..(આ તકે મંત્રીશ્રી નીતિનભાઇ બેઠા બેઠા કાંઇક બોલતાં ) ભાઇ, બહુ બોલ બોલ ના કરશો નીતિનભાઇ, 'સમય સમય બલવાન હૈં, નહીં મનુષ્ય બલવાન, કાબે અર્જુન લૂંટ્યો, વહી ધનુષ– વહી બાણ'. એટલે સાહેબ, આ જે પોલીસ ખાતામાં જગ્યાઓ ખાલી છે, સાહેબ કઇ રીતે રક્ષણ કરી શકે ? ચોરી, લૂંટફાટ, બળાત્કાર આ બધું થાય છે પણ જો જગ્યાઓ ભરાયેલી હોય તો ના થાય. કારણ કે, બીજા રાજયોમાં જુઓ તમે, એટલી બધી જગ્યાઓ ખાલી નથી, આપણા રાજ્યમાં જ ખાલી છે. શિક્ષણમાં જુઓ, શિક્ષણ અને આરોગ્ય આ બે જ ખાતા અગત્યના છે, જનતા માટેના છે. શિક્ષણમાં સાહેબ, પ્રાથમિક અને માધ્યમિકમાં શિક્ષકો જ નથી. શું કરવાનું, શું ભણાવવાના છીએ ? પચાસ ટકા નથી. અમુક જગ્યાએ એક શિક્ષકથી ચાલે છે. એ જગ્યાઓ ભરતા નથી આ લોકો અને કહે છે કે, અમે ગુજરાત નંબર વન છે, કેવી રીતે સાહેબ ? સાહેબ, આપણે ખેતી કરતા હોઇએ અને આપણી પાસે સો વિઘા જમીન હોય એક જોડી બળદની હોય તો ચાલે ? કેવી રીતે ચાલે ? પૂરો સ્ટાફ જોઇએ અને વળી પાછા આ અધિકારીઓને બીજે બધે મોકલી દે છે, મેળાઓમાં અને ઉત્સવોમાં, એટલે શું કરવાનું સાહેબ? લોકો બીચારા પાછા આવે છે ઓફિસોમાં જઇ જઇને, કોઇ કામો નથી થતા, નકલો જોઇતી હોય તો મળતી નથી, કશું મળતું નથી. આ એમની જવાબદારી સરકારની છે. જવાબદારીમાં સરકાર બિલકુલ ઢીલી છે, લોકો ફેરા ખાઇને પાછા આવે છે.

સાહેબ, ઉર્જામાં કહ્યું એમને કે, કરો, બે હોર્સ પાવરનું કરો બરાબર. શ્રમ અને રોજગારનું સાહેબ, અમે રોજગારી બધાને આપીશું, શું આપવાના? સાહેબ, જો આ પચાસ ટકા મહેકમ ભરે તો પચાસ ટકા બેરોજગારી ઓછી થઇ જાય એટલા બધા દીકરાઓ છે, ગ્રેજ્યુએટ લાયક, તો પણ સાહેબ એ ભરતા નથી.પી.ટી.સી., બી.એડ, ડોકટર, એન્જીનીયરો. સાહેબ, આ ડોકટરોને શું કરે છે? ૧૧ મહિનાનો ઓર્ડર આપે અને પછી પાછા કાઢી મૂકે, પાછા એની વિધિમાં ત્રણ મહિના થાય કોણ રહે? આ અગત્યની વાત છે. સાચી વાત કરું છું. આરોગ્યની અને શિક્ષણની ખાસ જરૂર છે. બીજું બધું હશે કે નહીં હોય તો ચાલશે. આ નહીં ચાલે. જો ગુજરાતને આગળ લાવવું હશે તો આ બે વસ્તુ આપણે જરૂર કરવી પડશે. બંદરની વાત કરું તો બંદરો બરાબર તમારા ચાલતા નથી.

શહેરી વિકાસની વાત કરું તો શહેરી વિકાસમાં તમે જુઓ સાહેબ, ગટરો નથી, ઘણી ગંદકી છે જો એ વ્યવસ્થિત પૈસા ફાળવે તો એ બધું બંધ થઇ જાય પણ એ નથી કરતા શું કરવાનું? અને પૈસા જે ઉત્સવોમાં અને એ બધામાં વાપરે છે એના કરતા લોક કલ્યાણમાં વાપરો તો સારું નહીંતર અમારો જેવો વારો આવ્યો એવો તમારો વારો આવશે. લોક કલ્યાણમાં નહીં વાપરોને તો મુશ્કેલીમાં મુકાઇ જશો. આ તો અત્યારે તમારો ચડતો દિવસ છે અને અમારા જે લઇ જાય છે એ સત્તા લાલચુ માણસો છે એટલે એ જાય. અમે સત્તા લાલચુ માણસો નથી. અમારે તો સત્તા મળે તો પણ શું અને ન મળે તો પણ શું? લોકોની સેવા એ અમારું કામ છે. (અંતરાય) તમે લઇ ગયાને, હવે સાચવજો, અમારા સુંદરસિંહ જેવું ના કરો. સાચવજો જરા. લોકસભાની ટિકિટ આપો એમને. લોકસભાની ટિકિટ આપો મારા વીરા. આ જે આખા ગુજરાતનું મહેકમ છે ૫૦ ટકા કે ૭૦ ટકા છે એ મહેકમ પૂરો એટલી વિનંતી કરું છું. સારો વહીવટ કરવો હશે તો મહેકમ પૂર્યા વગર નહીં ચાલે. સાહેબ, આ અમારી નડિયાદની સિવિલમાં ફીઝીશીયન દસ વર્ષથી નથી. આમને કહી કહીને થાકયો કે અમારા નડિયાદની સિવિલમાં ફીઝીશીયન દસ વર્ષથી નથી. આખા ગુજરાતમાં નથી. અમારા એકલાને નહીં અને ખેડા જિલ્લો ફોરવર્ડ જિલ્લો છે. અમારા પેલા દંડક છે પણ એ દંડક પણ કાંઇ સમજતા નથી. આ વખત જતા જતા રહી ગયા છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે જ ૪૦,૮૬,૫ર,૦૯,૦૦૦ની જે ૧૦ નવી પૂરક માગણીઓ લઇને હું આવ્યો છું એના ઉપર ર૧ જેટલા માનનીય સભ્યશ્રીઓએ પોતાના મંતવ્યો વ્યકત કર્યા છે. ભારતીય જનતા પક્ષના જે અમારા સાથી ધારાસભ્યશ્રીઓ છે એમણે ગઇકાલે જેમ સ્પષ્ટતાઓ, વિગતો સુંદર રીતે આપી હતી એ રીતે આજે પણ એમણે સુંદર વિગતો આપી અને આ સન્માનનીય ગૃહને પૂરેપૂરું માર્ગદર્શન અને માહિતી મળે એવો પ્રયત્ન કર્યો છે એ બદલ સભ્યશ્રીઓનો આભાર માનું છું. અહીંયા કોંગ્રેસ પક્ષના જે માનનીય સાથી ધારાસભ્યશ્રીઓ છે એ ઘણા સિનિયર છે. મંત્રી પણ રહી ચૂકયા છે. પંદરેક વર્ષથી વિરોધ પક્ષમાં પણ છે અને અગાઉ પણ ધારાસભ્ય રહી ચૂકયા છે અને આ નટવરસિંહ જેવા તો ર૫ વર્ષથી સળંગ ધારાસભ્ય છે પણ અમારા નવા ધારાસભ્ય તમારા કરતા બે વર્ષમાં જ સૌથી વધુ હોંશિયાર અને જાગૃત થઇ ગયા તમે હજી એની એ જ જૂની વાતો કરો છો. કાંઇ નવું શીખવાની, નવું અપનાવવાની, નવી જાગૃતિ લાવવાની કોઇ તમારામાં માનસિકતા જ નથી. •(xxxxxx) એ સ્વીકારવા તૈયાર નથી. મારે નટવરસિંહભાઇથી જ શરૂઆત કરવી છે. એમણે ભરતી બાબતમાં વાત કરી. હું બિલકુલ પોલીટીકલ વાત નહીં કરું. મુદ્દાની જ વાત કરીશ. એમણે ભરતી બાબતની વાત કરી.(અંતરાય) (xxxxxx) કીધી છે. ભાઇ, તમે બકરીનું કુતરું ન બનાવશો શૈલેષભાઇ, મને ખબર પડે છે તમારા જેવાની ચાલ(અંતરાય) સાહેબ, (xxxxxx) કીધી છે. (xxxxxx) હજુ કહું છું. નવા વિચારો સ્વીકારતા નથી, નવી વાતો સ્વીકારતા નથી. હજુ જૂની ઘરેડમાં ચાલે છે.માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નટવરસિંહે કહ્યું..

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી બેઠા બેઠા તો પ્રથમ બેંચ ઉપર કોમેન્ટ કરે, પણ જયારે બોલવા ઊભા થાય ત્યારે અમને બધાને કહે આ બધા વર્ષોથી છે, (xxxxxx) એમને આવડતું નથી.

અધ્યક્ષશ્રી : એવું નથી બોલ્યા. એક મિનિટ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મેં કહ્યું અને ફરી કહું આધુનિક વિચારો, આધુનિક બાબતો, આધુનિક પદ્ધતિ સ્વીકારતા નથી અને (xxxxxx) જે જૂની માનસિકતાની વાતો કરે છે એ નવી બાબતોને પચાવી શકતા નથી. નવું શીખવાની તમારી તૈયારી નથી. તમે જૂનવાણી વિચારસરણીની જ વર્ષોથી વાત કરો છો. ર૫ વર્ષથી ધારાસભ્ય છો અને એની એ જ વાત. હું પણ ર૦ વર્ષથી અહીયા છું.

અધ્યક્ષશ્રી : કોઇ (xxxxxx) નથી કહ્યું. આપણે આધુનિક વિચારો પ્રમાણે ર૫ વર્ષ પહેલાના વિચારો વ્યક્ત કરવાનો.(અંતરાય) સાંભળો તો ખરા. હજું એમ કહે છે કે આધુનિક વિચાર ર૫ વર્ષ પહેલાનો

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

વિચાર છોડી આધુનિક વિચાર પ્રમાણે આપણે ચાલવું જોઇએ. એમાં બધાને લાગુ પડે છે. એકને નથી કહ્યું. એવું જો રેકર્ડ ઉપર હશેને તો ચેક કરીને કાઢી નાખીશ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હું ભરતીની વાત કરું છું.(અંતરાય)

અધ્યક્ષશ્રી : અસંસદીય શબ્દ હશે તો રેકર્ડ જોઇને કાઢી નાખીશ. ચાલો જવાબ આપો નીતિનભાઇ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હું જવાબ જ આપું છું. એમણે કહ્યું કે ભરતી બાબતની રજૂઆત છે. હું ૧૯૯૦ માં ધારાસભ્ય હતો. સ્વ.ચીમનભાઇની સરકાર હતી. એ પછી જે સરકારો બની...

શ્રી સી. કે. રાઉલજી : શીખામણની જરૂર નથી.(અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : શીખામણ નથી. માહિતી છે. ૧૯૯૦ થી ભરતી ઉપરનો ૧૦ ટકા પ્રતિબંધ ૧૯૯૦ માં ચીમનભાઇની સરકાર હતી, ત્યારથી તમે દાખલ કરેલો છે. આભાર માનો નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકારનો કે અમે નવી ભરતીની શરૂઆત કરી છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : જ્યારે માનનીય મંત્રીશ્રી બેંચ ઉપર ઊભા થયા ત્યારે આપે અમને વિનંતી કરી હતી. બિલકુલ પૂરક માગણી ઉપર બોલતા હતા. એમ અમારી પણ અપેક્ષા છે કે પૂરક માગણી ઉપર જવાબ મળવો જોઇએ. અમે જે વાત કરીએ છીએ. અમે કરવાની વાત કરીએ છીએ. ૧૯૯૦ ની વાત બતાવીને શું સાબિત કરવા માગે છે? પૂરક માગણી ઉપરની વાત અને પૂરક માગણી ઉપર જ વાત થવી જોઇએ.

અધ્યક્ષશ્રી : પૂરક માગણી ઉપર વાત થાય એનો જવાબ દેવાય છતાં કોઇ સભ્યશ્રી આખા વિષય ઉપર બોલ્યા હોય તો મેં કહ્યું છે એને બોલવાની છૂટ આપી છે. અને જે બોલ્યા હોય એનો જવાબ આપતા હોય ત્યાં સુધી બરાબર છે. એ વ્યક્તિ બોલ્યા નથી એવું જો બોલવાનું હોય તો આપણે જરૂર નથી. જે કઇ બોલ્યા હોય એના જવાબ ચોક્કસ આપો. પૂરક માગણીને લગતા હોય કે બીજુ કોઇ ક્રિટિસાઇઝ કર્યુ હોય એના જવાબ આપી શકો, પણ જે વ્યક્તિ બોલ્યા જ ન હોય તો એની કોઇ અહીયા નવી રજૂઆત કરવાની જરૂર નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સભ્યશ્રી સી.કે. રાઉલજીએ આક્ષેપ કર્યા. પુંજાભાઇ વંશે પણ કહ્યું એસ.ટી. ડીઝલની બહારથી ખરીદી કરાય છે. મારે સન્માનનીય સભ્યશ્રીના ધ્યાન ઉપર મુકવાનું છે કે કેન્દ્ર સરકારે ૨૦૧૩ જાન્યુઆરીમાં એવો એક જેને કહેવાય નહિ જે શબ્દ વાપરીશ તો સમય બગડશે. એવો •(xxxxxx) નિર્ણય કર્યો છે.

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દ કાઢી નાખો. એવો નિર્ણય કર્યો એમ કહેવાય.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : (xxxxxx) નિર્ણય કર્યો છે.

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ પણ કાઢી નાખો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : તમે સાંભળજો. એવો નિર્ણય કર્યો કે આખા દેશની એસ.ટી. કંપનીઓ, એસ.ટી. નિગમ ભારત સરકાર પોતે ચલાવે, રેલ્વે, જ બલ્ક જથ્થામાં હોલસેલમાં ટેન્કરો મંગાવીને આપણા એસ.ટી. ડેપોના ડીઝલ પંપો ઉપર જે ડીઝલ લેશે. માનનીય અધ્યક્ષશ્રી, જે ડીઝલ લેશે તેને બજારભાવે પેટ્રોલપંપો ઉપર ડીઝલપંપો ઉપર જે ડીઝલ મળે છે તેના કરતાં લિટરે ૧૨ રૂપિયા વધારે આપવા પડશે એટલા માટે સાહેબ, એટલા માટે કેન્દ્ર સરકારે જે નિર્ણય કર્યો એટલે સ્વાભાવિક, સાહેબ કેવો નિર્ણય સમજો કે ગાંધીનગરમાં એક ખાનગી પંપ છે. કોઇ વ્યક્તિ પોતાની જીપ, ટ્રેકટર કે ડીઝલ સંચાલિત ગાડી લઇ અને ડીઝલ પૂરાવવા જાય અને તેને જે ભાવે ડીઝલ મળે તેના બદલે આપણી એસ.ટી. તો અને આપણે હોલસેલ ગ્રાહક છીએ, ભૂતકાળમાં વર્ષોથી, દાયકાઓથી જે ચાલતુ હતું, કે જે ઇન્ડીયન ઓઇલ કંપની હોય કે ભારત સરકારની પેટ્રોલિયમ કંપની હોય તે દસ હજાર લિટર, વીસ હજાર લિટર દરરોજની જે ડીઝલની એસ.ટી.ને જરૂર હોય તે આપણા ડેપો ઉપર આવી ખાલી કરી જાય. તેનો ભાવ અને બજારભાવ સરખો હતો. ઉપરથી

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

આપણને હોલસેલ ગ્રાહક તરીકે ડીઝલ કંપનીઓ ડીસ્કાઉન્ટ આપતી હતી. કારણકે આપણે રોકડા રૂપિયા ચૂકવતા હતા. સાંભળવા જેવું છે. તે પછી એવું કર્યું

અધ્યક્ષશ્રી : એક મિનિટ, પુંજાભાઇ બોલ્યા તેનો જવાબ આપે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલઃ અરે, બોલ્યા છે, પુંજાભાઇ બોલ્યા છે. પુંજાભાઇ બોલ્યા છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ તમે બેસો ભાઇ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારું એટલું જ કહેવું છે કે માનનીય મંત્રીશ્રી કયા જી.આર.ના આધારે કહે છે. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ બધુ કહીશ. સાંભળો. (જવાહરભાઇ ચાવડા બેઠા બેઠા બોલતા)

અધ્યક્ષશ્રી : આત્મારામભાઇ, બાકીના કોઇ ઊભા ન થાય. તેને પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવાનો અધિકાર છે. તેનો જવાબ માનનીય નીતિનભાઇ...

શ્રી નીતિનભાઇ ર. પટેલઃ સાહેબ ૨૦૧૩ જાન્યુઆરીમાં કેન્દ્ર સરકારે આ નિર્ણય કર્યો. આપણે તાત્કાલિક...

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : (બેઠા બેઠા) જી.આર. આપો. જી.આર. આપો.

અધ્યક્ષશ્રી :તમારી એ વિગત ટેબલ ઉપર મૂકજો ચાલો. મૂકશે ટેબલ ઉપર.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ ઊભા રહો. હવે મારે તમને ચેલેન્જ જ કરવી છે. જી.આર. નથી આપવો. સાહેબ એક જ મિનિટ.

અધ્યક્ષશ્રી :તેને જવાબ દેવાની જરૂર નથી ભાઇ. બેઠા બેઠા પૂછે તેનો જવાબ આપવાની જરૂર નથી. તમારું પ્રવચન આગળ ચલાવો. તમારી પાસે આઠ મિનિટ છે. આઠ મિનિટ છે આપની પાસે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : જવાહરભાઇ મારી તમને ચેલેન્જ છે કેન્દ્ર સરકારનો નિર્ણય અત્યારે ના અમલમાં હોય અને ના કર્યો હોય તો હું જાહેર જીવન છોડી દઉં નહીં તો તમારામાંથી કોણ જાહેર જીવન છોડવા તૈયાર છે? ઊભા થાઓ. તમે કેન્દ્રનો બચાવ કરતા હોય અને તમારી કેન્દ્ર સરકારે આ નિર્ણય નથી કર્યો તેવું તમે કહેતા હોવ તો એક •(xxxxxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : નીતિનભાઇ તમારું પ્રવચન આગળ ચલાવો. એક મિનિટ તમારું પ્રવચન આગળ ચલાવો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : થાઓ ઊભા થાઓ. થાઓ ઊભા કોઇ, પુંજાભાઇ ઊભા થાઓ.થાઓ ઊભા. તમે રાજીનામું આપો કાં તો હું રાજીનામુ આપું. જાહેર જીવન છોડી દઉં. થાઓ ઊભા.

અધ્યક્ષશ્રી : એક મિનિટ તમે બેસો. એક મિનિટ. જે (xxxxxx) તે શબ્દ કાઢી નાંખીએ છીએ. તમે પુંજાભાઇનો જવાબ આપી દીધો. હવે તમે બાકીની બાબત ઉપર આગળ વધો. તમારી પાસે સાત મિનિટ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ મારે ચાર જ મુદ્દાના જવાબ આપવાના છે. એટલે માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકું કે કેન્દ્ર સરકારે એસ.ટી.ને બજારભાવ કરતાં લિટરે ૧૨ રૂપિયા વધાર કર્યા એટલે આપણે બુદ્ધિ વાપરી, ગુજરાતી બુદ્ધિ અને અમે ખાનગી પંપો ઉપરથી ટેન્ડર બહાર પાડી અત્યારે ખરીદીએ છીએ. આ ખરીદતા ન હોત તો એસ.ટી.ને દરરોજનું સાત લાખ રૂપિયા, સાત લાખ રૂપિયા તમારી કેન્દ્ર સરકારના કારણે અમારે નુકસાન કરવું પડતું હોત. એટલે અમે બુદ્ધિ વાપરી છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ ભાઇ, તેને બોલવા દો. તમારે જવાબ આપવાનો છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ના એ ગભરાય છે સાહેબ. ગભરાઇ જાય છે

અધ્યક્ષશ્રી : તમે બોલી લીધું તેનો જવાબ આપે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનસિંહભાઇ ઠીક રહો હવે.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : ત્યાંથી બેઠા બેઠા ના બોલો. બે તરફથી, બે તરફથી બેઠા બેઠા કોમેન્ટ બંધ કરો. તમારા મુદ્દા આગળ વધારો. એક મિનિટ.

શ્રી નીતિનભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે કહ્યું કે અમારા વખતમાં એસ.ટી.

અધ્યક્ષશ્રી :તેને કંઇ તમારે કહેવાની જરૂર નથી. બેઠા બેઠા એક શબ્દ બોલવાનો નથી. (આ તબકકે જવાહરભાઇ ચાવડા બેઠા બેઠા બોલતાં) કોઇ નહીં. તે જવાબ આપે છે, તેને હકક અને અધિકાર છે. નહીં બેઠા બેઠા બધાને બોલવાની ના પાડું છું. જરાય સામે ચર્ચા કરવાની જરૂર નથી જવાહરભાઇ.

શ્રી નીતિનભાઈ ર. પટેલ : બોલને ભાઇ, (xxxxxx)

અધ્યક્ષશ્રી :કોઇ સવાલ નથી. તેને જવાબ દેવાનો અધિકાર છે.

શ્રી નીતિનભાઈ ર. પટેલ : સાહેબ હું ચાલુ રાખું તેને બોલવા દો.

અધ્યક્ષશ્રી :આ તમને છેલ્લી ચેતવણી આપું છું કે બેઠા બેઠા બોલવાનું બંધ કરો. ચાલુ રાખો તમારું.

શ્રી નીતિનભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે બીજું કહ્યું કે અમારા વખતમાં એસ.ટી. નફો કરતી હતી એવું એમણે કહ્યું અને...

અધ્યક્ષશ્રી : એક મિનિટ આ તરફથી કોઇ બેઠા બેઠા બોલશે નહીં. આ તરફથી પણ કોઇએ બેઠા બેઠા બોલવાનું નથી. મંત્રીશ્રીને જવાબ આપવા દો. તમને બે વાર ના પાડી. બેઠા બેઠા બોલવાનું નથી. તમે કોઇ આ હાઉસની અંદર સુપીરીયર નથી. (શ્રી જવાહર ચાવડા બેઠા બેઠા બોલતા) તમે સભ્ય તરીકે તમારું વર્તન યોગ્ય રાખો, હું તમને અધ્યક્ષ તરીકે કહું છું કે તમે બોલવાનું બંધ કરો. જવાબ આપવાનો એનો હકક અને અધિકાર છે. માનનીય બલવંતસિંહભાઇ, તમને પોઇન્ટ ઓફ ઓર્ડર ઊઠાવવાની છૂટ આપી એમાં ના નથી પાડતો. નિયમ વિરુદ્ધ બોલે તો પોઇન્ટ ઓફ ઓર્ડર ઊઠાવજો. દર વખતે એ જવાબ આપવા આવે ત્યારે જ તમારે બોલવાનું છે. માનનીય પૂંજાભાઇ એસટીના ભાડાના વધારા બાબતે બોલ્યા એનો એમને જવાબ આપ્યો. કેન્દ્ર સરકારે લીટર દીઠ ૧૨ રૂપિયા વધાર્યા એના માટે કેન્દ્ર સરકારની વાત આવે તો કોઇએ કાંઇ કહેવાની જરૂર નથી.

શ્રી નીતિનભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એમનો જવાબ આપું છું. એમણે એમ કહ્યું કે અમારા વખતમાં એસટી નફો કરતી હતી, નુકસાન નહોતી કરતી. તો મેં આંકડા મંગાવ્યા છે. ૧૯૮૫–૮૬માં માધવસિંહભાઈની સરકાર હતી એ વખતે એસટીએ કેટલું નુકસાન કરેલું તો ૪૩ કરોડ ૪૮ લાખ રૂપિયાનું નુકસાન કરેલું. એ સોંઘવારીના સમયમાં ૪૩ કરોડ ૪૮ લાખ રૂપિયાનું નુકસાન કરેલું, ૧૯૮૬–૮૭માં ૪૪ કરોડ ૪૦ લાખ રૂપિયા નુકસાન તે વખતે કોંગ્રેસના શાસનમાં એસટીએ કરેલું. ૧૯૮૭–૮૮માં ૩૬ કરોડ ૩૦ લાખ રૂપિયા નુકસાન કરેલું. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૪–૯૫નો આંકડો વાંચું તો એ વખતે આ બધા વિદ્યમાન હતા અહીંયા અત્યારે છે બધા સભ્યશ્રીઓ, ૧૯૯૪–૯૫માં ૮૨ કરોડ રૂપિયા એસટીએ નુકસાન કર્યું હતું. આ આંકડા છે.

અધ્યક્ષશ્રી : ભાઇ, તમે બેઠાં બેઠાં કાં તો તમે સાંભળ્યું નથી, માનનીય સભ્યશ્રીએ કહ્યું હતું કે અમારા વખતની અંદર એસટી નુકસાન કરતી ન હતી આ એનો મંત્રીશ્રી જવાબ આપે છે. આ તમારા વખતમાં કયા વર્ષમાં કેટલું નુકસાન થયું એના આંકડા છે. હવે જવાબ સાંભળો.

શ્રી નીતિનભાઈ ર. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઇએ ઈંડાની વાત કરી હતી. મેં પેપરમાં વાંચ્યું કે આ રીતે સાબરમતીના કેદીઓને ૪૨ લાખ રૂપિયાના ઇંડા અપાયા છે, એટલે મને પણ આશ્ચર્ય થયું એટલે મેં ઓફિસમાં આવી તરત જ અમારા આરોગ્ય કમિશનરને સૂચના આપી કે તાત્કાલિક કમિટી બનાવી બે દિવસની અંદર ત્યાંથી કેવા કેટલા પ્રકારનું થયું છે એની મને માહિતી આપો અને માનનીય અધ્યક્ષશ્રી, એ સમાચારમાં સહેજપણ વજૂદ નહતું, માનનીય અધ્યક્ષશ્રી, જે આરોપીઓ હોય છે એમને નિયમ પ્રમાણે માંદા હોય તો દૂધ આપવું પડે, સારવાર આપવી પડે, હાઇકોર્ટના ચુકાદા પ્રમાણે એમને હોસ્પિટલમાં પણ લઇ જવા પડે. આ પ્રમાણે તમામ પ્રકારનું કરવું પડે છે. અને સાહેબ, અમે ઇંડાં ન આપીએ તો પછી એમ કહે કે તમે ગુનેગારોને કે જે મોટેભાગે માંસાહારી લોકો હોય છે. એ માંસાહારીઓને તમે પજવો છો એવો પાછો તમે આરોપ કરો. એટલા માટે અમે ૧૦૧૪૩ રૂપિયાના ૧૪૪૯ નંગ ઇંડાં હતાં, ૧૦૧૪૩

રૂપિયાના ઇંડાં આ સમગ્ર જેલમાં આ લોકોને અપાયાં છે એટલે ૪૨ લાખ રૂપિયાના સમાચાર સાચા નથી એ હું આ સભાગૃહના ધ્યાન ઉપર મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમે જે માગણીઓ કરી છે એ શા માટે કરી છે તો સાહેબ, અહીંયા કૃષિની વાત થઇ. (અંતરાય) ૨૦૧૨માં જે સ્થિતિ થઇ, એ વખતે માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર ભાઇ મોદીએ નિર્ણય કર્યો કે, ગુજરાતના જે જે ખેડૂતોએ સહકારી મંડળીઓ મારફતે જિલ્લા સહકારી મધ્યસ્થ સહકારી બેંકોમાંથી લોનો લીધી હશે એનું જે વ્યાજ છે એ તમામ વ્યાજ રાજ્ય સરકાર તરફથી માફ કરવામાં આવે છે અને એ બેંકોને જે વ્યાજની માફી આપે, એ ખેડૂતો વતી એ રકમ ગુજરાતની ભાજપની નરેન્દ્રભાઇની સરકાર બેંકોને ચૂકવી આપશે એના માટે અસલના વખતમાં અમે જે જોગવાઇ કરી હતી. એ લગભગ ૬૫ લાખ રૂપિયા હતી ત્યારપછી બેન્કોએ જે વ્યાજ ખેડૂતોનું માફ કર્યું, ગુજરાત સરકાર વતી માફ કર્યુ, એની જે રકમ થઇ, મને આ ગૃહને જણાવતાં આનંદ થાય છે કે, માનનીય નરેન્દ્રભાઇએ ગુજરાતના લાખ્ખો ખેડૂતોને ૨૧૩ કરોડ ૩૭ લાખ રૂપિયાનું વ્યાજ ખેડૂતો વતી ગુજરાતની સહકારી બેન્કોને આપ્યું, એટલે અમે આ નવી જોગવાઇ આમાં લઇને આવ્યા છીએ. આ પૂરક માગણી ખેડૂતોના માટે છે, ખેડૂતોના હિતમાં છે અને મુખ્યમંત્રીશ્રીએ ખેડૂતોને જે વ્યાજ માફી આપી એની જે વધારાની રકમ થઇ એનું ચૂકવણું કરવા માટે જોગવાઇ કરી છે,

ઉર્જા વિભાગની ઘણા માનનીય સભ્યશ્રીઓએ ચર્ચા કરી છે, ઉર્જા વિભાગમાં પણ અમે જે પૂરક માગણી કરી છે એ ફક્તને ફક્ત ખેડૂતોને નવા વીજ કનેક્શન આપવા, ખેડૂતો માટેની વીજળીનો પુરવઠો વધારવો, એના માટે એસ્ટીમેટ વિગેરે, જે થાંભલા, ટ્રાન્સફોર્મર વિગેરે નાંખવું પડે એની વધારાની મદદ વિદ્યુત બોર્ડને આપવા માટે રાજ્ય સરકારે આ જોગવાઇ ૩૯૯ કરોડ અને ૯૯ લાખની કરી છે, કેટલા જોડાણો અપાયા એની વિગત પણ હું ગૃહના ધ્યાન પર મૂકું છું. છેલ્લાં પાંચ વરસની અંદર ૩,૧૫,૪૯૬ વીજજોડાણો ફક્ત ખેડૂતોને આ ભારતીય જનતા પાર્ટીની નરેન્દ્રભાઇની સરકારે આપ્યા છે, એવી રીતે આ વરસે ૨૦૧૩–૧૪ જે ચાલુ વરસ છે એમાં એક લાખ વીજ જોડાણ ખેડૂતોને નવા આપવાનો અમારો લક્ષ્યાંક છે જેની સામે ૭૨ હજાર જોડાણો અમે જાન્યુઆરી, ૨૦૧૪ સુધીમાં આપ્યા છે અને ૨૦૧૪–૧૫ના વરસમાં ૧ લાખ નવા કૃષિ વીજ જોડાણ અમે આપવાના છીએ. એના માટે પણ ૨૫૦ કરોડ રૂપિયાની પૂરક માગણી હું લઇને આવ્યો છું. એટલે આ સરકાર ગુજરાતના ખેડૂતો, ગુજરાતના ગરીબો ગુજરાતની એસ.ટી.માં દરરોજ મુસાફરી કરતાં ૨૪ લાખ મુસાફરો આ બધા માટે અમે આ જોગવાઇ કરી છે એટલે આ પૂરક માગણીઓને આપ સૌ મંજૂર કરો એવી મારી નમ્ર વિનંતી છે.

**રજૂ થયેલ કાપ દરખાસ્ત ક્રમાંક ૨, ૬, ૭, ૮, ૯, ૧૧, ૧૪, ૧૬, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૭, ૨૮, ૩૦, ૩૧ અને ૩૪ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**પૂરક માંગણી ક્રમાંક–૪૪, ૫૪, ૮૯, ૫, ૧૩, ૩૯, ૫૭, ૭૪, ૮૫ અને ૧૦૨ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

## ગિલોટીન કરેલ પૂરક માગણીઓ

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણામંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૧૩–૧૪ના પૂરક પત્રકમાં કુલ ૬૧ માગણીઓ સમાવિષ્ટ છે, આમાંથી કુલ ૧૦ માગણી આ ગૃહમાં ચર્ચા દ્વારા પસાર થઇ છે, આથી બાકીની ૫૧ માગણીઓ પૈકી ૧૧ માગણીઓ બિન મતપાત્ર હોવાથી તે સિવાયની ૪૦ માગણીઓ હું ગિલોટીનથી મતદાન માટે રજૂ કરું છું. જે પૂરક માગણી ક્રમાંક ૩, ૮, ૯, ૧૪, ૧૯, ૨૧, ૨૨, ૩૧, ૩૩, ૩૫, ૪૦, ૪૨, ૪૩, ૪૬, ૪૭, ૪૮, ૫૧, ૫૫, ૬૦, ૬૧, ૬૬, ૭૦, ૭૨, ૭૩, ૭૮, ૭૯, ૮૦, ૮૪, ૮૬, ૮૭, ૮૮, ૯૨, ૯૩, ૯૫, ૯૬, ૧૦૧, ૧૦૩, ૧૦૫ અને ૧૦૬ ગિલોટીનથી મંજૂર કરવા વિનંતી છે.

**પૂરક માગણી ક્રમાંક– ૩, ૮, ૯, ૧૪, ૧૯, ૨૧, ૨૨, ૩૧, ૩૩, ૩૫, ૪૦, ૪૨, ૪૩, ૪૬, ૪૭, ૪૮, ૫૧, ૫૫, ૬૦, ૬૧, ૬૬, ૭૦, ૭૨, ૭૩, ૭૮, ૭૯, ૮૦, ૮૪, ૮૬, ૮૭, ૮૮, ૯૨, ૯૩, ૯૫, ૯૬, ૧૦૧, ૧૦૩, ૧૦૫ અને ૧૦૬ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

અધ્યક્ષશ્રી : હવે હું રાજય વિધાન મંડળને લગતી પૂરક માગણી ક્રમાંક–૩૬ મત માટે મૂકુ છું.
**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો**

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧૨–૦૧ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બીજી બેઠક માટે બપોરના ૨–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**રાજ્યમાં સાંસ્કૃતિક કાર્યક્રમોના લાભાર્થીઓ**

* ૭૩૭૮ **શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની સંસ્કૃતિથી લોકો માહિતગાર થાય તે માટે કોઈ યોજના અમલમાં મૂકવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે? | (૨) કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર દ્વારા રાજ્યની સંસ્કૃતિથી લોકો માહિતગાર થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો જેવા કે શાસ્ત્રીય સંગીત, લોક સંગીત, સુગમ સંગીત, ભજનો અને લોક ડાયરાઓનું આયોજન કરવામાં આવે છે એટલુ જ નહિ, પરંતુ આ સાંસ્કૃતિક કાર્યક્રમોને ઉત્તેજન મળે તે માટે રાજ્યના કલાકારોને રાષ્ટ્ર બહાર (વિદેશ) અને રાજ્ય બહાર તેમની કલાકૃતિ રજૂ કરવા મોકલવામાં આવે છે. |

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની સંસ્કૃતિથી લોકો માહિતગાર થાય તેવા કેટલાક કાર્યક્રમો સરકાર તરફથી હાથ ધરવામાં આવ્યા છે. તો મારે જાણવું છે કે પંડિત ઓમકારનાથે વંદે માતરમ્ ગીત પહેલી વખત ગાયું હતું. એવા મહાન સંગીતકારની યાદમાં યોજાતા ઉત્સવ માટે ભારત સરકારે કોઇ સહાય કરેલ છે કે કેમ?

**શ્રી રમણલાલ ઈ.વોરાઃ** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જણાવ્યું તે પ્રમાણે રાજય સરકારની ૧૨ જેટલી યોજનાઓ આ અંતર્ગત કામ કરે છે. આ યોજનાઓ પાછળનો રાજય સરકારનો આશય કલાકારોને પ્રોત્સાહન આપવાનો છે અને એ પૈકીના એક માનનીય સભ્યશ્રીએ જેમ વાત કરી એ પ્રમાણે પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીતના જ્ઞાતા અને પરમ વિદ્વાન કે જેમણે આપણું વંદે માતરમ્ ગીત પહેલી વખત ગાયું હતું. ગુજરાત સરકાર જે રીતે કામ કરી રહી છે અને પ્રોત્સાહન આપી રહી છે. એ પ્રમાણે ભારત સરકારની નીતિ નથી અને એના કારણે પંડિત ઓમકારનાથ માટેની આવી કોઇ યોજનામાં કેન્દ્ર સરકાર કોઇ સહાય કરતી નથી.

**શ્રી પૂનમભાઇ પરમારઃ** હું જાણવા માગું છું કે રાજયની સંસ્કૃતિથી લોકો માહિતગાર થાય એ માટે ભાગ લેનાર કલાકારોને છેલ્લા એક વર્ષમાં કેટલી રકમ ચૂકવાઇ અને રાજયમાં અને વિદેશમાં કેટલો વહીવટી ખર્ચ થયો અને કેટલી ગ્રાન્ટ આપવામાં આવી છે.

**શ્રી રમણલાલ ઈ.વોરાઃ** રાજય સરકારની નીતિ એ રહી છે કે જે કલાકારો છે એ કલાકારોને રાજયમાં એની પ્રતિભા વિકસાવવા માટેની તક આપવામાં આવે છે અને અન્ય રાજયમાં જે કોઇ કલાકારે જવાનું હોય તો એના માટેની મંજૂરી અને પ્રોત્સાહન આપવામાં આવે છે અને એ જ પ્રમાણે વિદેશમાં કોઇ કલાકાર જવા માગતા હોય તો એને પણ આ રાજય સરકાર પ્રોત્સાહન આપે છે. એક સાથે મેં કહ્યું તેમ કુલ ૧૨૧ કરતાં વધારે યોજનાઓ હોવાને કારણે ૧૨૧ કાર્યક્રમો કર્યા છે એ બધા કાર્યક્રમો પ્રમાણેની વિગતો ઉપલબ્ધ નથી, પરંતુ રાજય સરકાર આ તમામ કાર્યક્રમોમાં આર્થિક સહયોગ કરીને કલાકારોને સહયોગ કરે છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : મારે જાણવું છે કે ગાંધીનગરમાં વસંતોત્સવ કાર્યક્રમોમાં રાજય બહારના કલાકારો આવે છે એ હકીકત સાચી છે અને જો હા તો કેટલા રાજયના કેટલા કલાકારો આવે છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : ગાંધીનગર ખાતે સાબરમતી નદીના કોતરોમાં વસંતોત્સવ સાંસ્કૃતિક કાર્યક્રમ ૧૦ દિવસનો યોજવામાં આવે છે. છેલ્લાં ૧૯ વર્ષથી સતત આ કાર્યક્રમ ચાલે છે અને એમાં વિવિધ રાજયોના એટલે કે ૧૦ રાજયના ૧૫૦ કરતાં વધારે કલાકારો દેશભરમાંથી આવે છે. આ રાજયોમાં મુખ્યત્વે આસામ, મણીપુર, ઓરિસ્સા, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, ગોવા, ઉત્તર પ્રદેશ, હિમાચલ પ્રદેશ અને પંજાબના કલાકારો ભાગ લે છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : કેટલા રૂપિયાનો વિદેશમાં ખર્ચ કરવામાં આવ્યો? માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે ભારત સરકાર આમાં રસ લેતી નથી. તો મારે જાણવું છે કે ગુજરાત સરકારે ભારત સરકારને આવો કોઇ કાગળ લખ્યો હોય તો કેટલી વખત કાગળ લખ્યા અને કઇ કઇ તારીખે લખ્યા?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય સભ્યશ્રીએ પૂછ્યું કે પંડિત ઓમકારનાથે વંદે માતરમ્ ગીત પહેલી વખત ગાયું હતું એના એવોર્ડ માટેના કાર્યક્રમ થાય છે એના માટે કેન્દ્ર સરકાર કોઇ મદદ કરે છે કે કેમ? તો મેં તેનો જવાબ આપ્યો કે કેન્દ્ર સરકાર એમાં મદદ કરતી નથી.પંડિત ઓમકારનાથ એવોર્ડની વાત કરીએ તો તે કાર્યક્રમ અત્યાર સુધીમાં રાજયમાં સુરત ખાતે કરવામાં આવતો હતો. રાજય સરકારે તેનાથી આગળ વધીને હવેથી આ કાર્યક્રમ માત્ર સુરત નહીં, પણ ત્રણ દિવસનો શાસ્ત્રીય સંગીતનો કાર્યક્રમ અમદાવાદ ખાતે કરીએ છીએ, બે દિવસનો કાર્યક્રમ વડોદરા ખાતે પણ કરીએ છીએ, અને આ કાર્યક્રમમાં રાજય સરકારે પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત માટે ગ્રાન્ટ ફાળવેલી છે બે કરોડ રૂપિયાની અને તે અન્વયે રાજયમાં જુદા જુદા ભાગમાં આ કાર્યક્રમ કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : એમણે એમ પૂછ્યું છે કે વિદેશમાં મોકલવા માટે ગુજરાત સરકારે કેન્દ્ર સરકારને કંઇ લખ્યું છે? અને લખ્યું હોય તો કયારે લખ્યું છે?

શ્રી રમણલાલ વોરા : દેશની બહાર જે કોઇ કલાકારો જાય છે તેમાં કેન્દ્ર સરકારની કોઇ પણ ગ્રાન્ટ રાજય સરકારને મળતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારની નીતિ એ રહી છે કે ગુજરાતના જે કલાકારો હોય તેઓ વિદેશમાં જતા હોય તો પ્રવાસ ખર્ચ માટે દસ લાખ રૂપિયાની રકમ જે તે જૂથ જતું હોય તેમને રાજય સરકાર ચૂકવે છે. બીજું માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારને લખવાનો પ્રશ્ન હોતો નથી, કેન્દ્ર સરકારની નીતિ નથી, આમાં કોઇ એના માટેનું હેડ પણ નથી તેથી કેન્દ્ર સરકારને પત્ર લખવાનો સવાલ પેદા થતો નથી.

શ્રી પ્રફૂલ્લભાઇ છ. પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા એ જાણવા માગું છું કે રાજય સરકાર દ્વારા આ વર્ષથી નવા કાર્યક્રમો શરૂ કરેલ છે કે કેમ? અને જો કરેલ હોય તો કયા કયા?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, કલા અને સંગીતની પ્રક્રિયા રાજયમાં સતત ચાલતી પ્રક્રિયા છે. અગાઉ મેં કહ્યું તેમ ૧૨ જેટલા કાર્યક્રમો આ રાજય સરકાર નિયમિતપણે કરે છે. આ ૧૨ કાર્યક્રમોની સાથે આ વખતે ત્રણ નવા કાર્યક્રમો ઉમેરવાનો પ્રયાસ કર્યો છે. એક ડાકોર ખાતે કૃષ્ણભગવાનના નામે નવો કાર્યક્રમ ડાકોર ની ભૂમિ પર શરૂ કર્યો છે, બીજો દ્વારકા પણ કૃષ્ણ ભગવાનની ભૂમિ છે ત્યાં એક નવો કાર્યક્રમ શરૂ કર્યો છે અને ત્રીજો સોમનાથ ખાતે બાર જયોતિર્લીંગને ધ્યાનમાં રાખીને સોમનાથની ભૂમિ પર શરૂ કર્યો છે. આવી રીતે ત્રણ નવા કાર્યક્રમો આ વર્ષથી શરૂ કરેલા છે.

**રાજયમાં ગુજરાતી ભાષાની ઉત્તમ કૃતિઓ અન્ય ભાષામાં રૂપાંતર**

* ૭૪૧૮ **શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર-ખાડિયા) : માનનીય યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજયમાં ગુજરાતી ભાષાની ઉત્તમ કૃતિઓ અન્ય ભાષામાં અને અન્ય ભાષાની ઉત્તમ કૃતિઓ ગુજરાતી ભાષામાં અનુવાદિત કરવા માટેની કોઇ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે, અને | (૨) હા, ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ગુજરાતી ભાષાની ઉત્તમ કૃતિઓ અન્ય ભાષામાં અને અન્ય ભાષાની |

| | |
|---|---|
| | ઉત્તમ કૃતિઓ ગુજરાતી ભાષામાં અનુવાદિત કરવા માટે નિયમોનુસાર પુસ્તક છાપકામના ખર્ચના ૭૫% અથવા રૂ।. ૧૦,૦૦૦ બે માંથી ઓછી હોય તેટલી આર્થિક સહાય અને તેના અનુવાદકને પુસ્તકની વેચાણ કિંમતના ૫% રોયલ્ટી ચુકવવામાં આવે છે. |
| (૩) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી કૃતિઓને આ યોજના હેઠળ આવરી લીધેલ છે? | (૩) **વર્ષ** / **કૃતિઓની સંખ્યા**<br>૨૦૧૨ — ૦૯<br>૨૦૧૩ — ૦૫ |

શ્રી ભૂષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે છેલ્લા બે વર્ષમાં સાહિત્ય અકાદમી દ્વારા વિશિષ્ટ કૃતિ અનુવાદ યોજના હેઠળ કયા કયા પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યા છે?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારનો અભિગમ રહ્યો છે કે અન્ય ભાષાના જે વિશિષ્ટ પુસ્તકો હોય તેને જુદી જુદી ભાષામાં ભાષાંતર કરીને લોકભોગ્ય બને તેના માટે પ્રયાસો કરવા. માનનીય સભ્યશ્રીએ કહ્યું તે પ્રમાણે વર્ષ ૨૦૧૨ માં ૯ જેટલા પુસ્તકોને અનુવાદિત કરવામાં આવ્યા છે. જેમાં નિરવિકલ્પ, પાવક અગ્નિ, જવાલા, સુલઝતી આગ, દાવાનળ, ગુજરાતી સાહિત્યનું અનુશીલન, પતંજલીના યોગસૂત્રો આવા ૯ જેટલા પૂસ્તકો અને વર્ષ ૨૦૧૩ માં કુલ પાંચ જેટલા પુસ્તકોનો અનુવાદ કરવામાં આવ્યો છે. પુસ્તકોના નામ છે, સમય સાક્ષી છે, ભીમ કથા, અમૃતમ, સુરાહીમાં સોમરસ, ગોપી ગીત અને સરહદ, આમ કુલ ૯ ને ૫ એમ ૧૪ પુસ્તકોને અનુવાદિત કરવામાં આવ્યા છે.

શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે છેલ્લા બે વર્ષમાં ગુજરાતીમાં કયા કયા લેખકોને શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક યોજનામાં અનુવાદિત કરવા માટે પારિતોષિક આપવામાં આવેલ છે?

શ્રી રમણલાલ વોરા : આના માટે રાજય સરકારની સમિતિ છે જેમાં આના માટેના તજજ્ઞો બેસતા હોય છે અને આ તજજ્ઞો જે પુસ્તકોની પસંદગી કરતા હોય છે તે પુસ્તકોને રાજય સરકાર તરફથી પારિતોષિક આપવામાં આવે છે. એમાં પ્રથમ પારિતોષિક ૧૧૦૦૦ (અગિયાર હજાર) રૂપિયા, બીજા પારિતોષિકને ૭,૦૦૦ (સાત હજાર) રૂપિયા અને અને ત્રીજા પારિતોષિકને ૫૦૦૦ (પાંચ હજાર) રૂપિયા રાજય સરકાર તરફથી આપવામાં આવે છે.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગુજરાતી ભાષામાંથી અંગ્રેજી ભાષામાં કેટલા પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યા છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : મેં અગાઉ કહ્યું ગુજરાતીમાંથી હિન્દી, ગુજરાતીમાંથી સંસ્કૃત અને એજ પ્રમાણે ગુજરાતી ભાષામાંથી અંગ્રેજી ભાષામાં ૧૯ પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યા છે.

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ : માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે અન્ય ભારતીય ભાષામાંથી ગુજરાતીમાં કેટલા પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યા છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : અન્ય ભાષામાંથી ગુજરાતીમાં પુસ્તકો પ્રગટ કરવામાં આવેલા છે. બંગાળી, અંગ્રેજી, ઉડિયા, સંસ્કૃત એવી અન્ય રાજયોની ભાષામાંથી નવ જેટલા પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યા છે.

શ્રી રાકેશ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, મને મારો જવાબ મળી ગયો છે.

**પંચમહાલ જિલ્લામાં વિધાસાધના યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની કન્યાઓને સાયકલ આપવા બાબત**

* ૭૪૩૧ **શ્રીમતી નિમીષાબેન મ. સુથાર (મોરવા હડફ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૨-૧૩ અને વર્ષ ૨૦૧૩-૧૪ માં તા. ૩૧-૧૨-૨૦૧૩ સુધીમાં પંચમહાલ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અન્વયે વિદ્યા સાધના યોજના હેઠળ | (૧) વર્ષ ૨૦૧૨-૧૩માં ૩૫૦૨<br>વર્ષ ૨૦૧૩-૧૪માં ૧૩૮૯ |

અનુસૂચિત જનજાતિની અભ્યાસ કરતી કેટલી કન્યાઓને સાયકલ આપવામાં આવેલ છે, અને

| | |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) વર્ષ ૨૦૧૨–૧૩માં રૂા. ૮૬.૨૩ લાખ<br>વર્ષ ૨૦૧૩–૧૪માં રૂા. ૩૪.૧૩ લાખ |

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ જે કન્યાઓને સાયકલો આપવામાં આવે છે એ પૈકી મારા મોરવાહડફ, ગોધરા અને સંતરામપુર તાલુકામાં કુલ કેટલી સાયકલો આપવામાં આવી?

શ્રી જસવંતસિંહ સુ. ભાભોર : પંચમહાલ જિલ્લામાં ત્રણ તાલુકામાં ૨૫૫૪ સાયકલો આપવામાં આવી છે એની પાછળ ૬૫ લાખ ખર્ચ કર્યો છે.

અધ્યક્ષશ્રી : તાલુકાવાઇઝ તમારી પાસે માહિતી છે?

શ્રી જસવંતસિંહ સુ. ભાભોર : તાલુકાવાઇઝ નથી.

શ્રી જયંતિભાઇ સ.રાઠવા:વડોદરા જિલ્લામાં ૨૦૧૨–૨૦૧૩ના વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ એસ.ટી.ની કન્યાઓને સાયકલ ભેટ આપવામાં આવી એમાં કવાંટ તાલુકામાં કેટલી આપવામાં આવી?

ડો. અનિલ જોષીયારા : સાયકલો આપણે નવમા ધોરણમાં આપીએ છીએ. સન ૨૦૧૨–૧૩માં ૩૫૦૨ છોકરીઓને સાયકલો આપી અને એ છોકરીઓ બીજા વર્ષે એટલે કે સને ૨૦૧૩–૧૪માં દાખલ થઇ ૧૩૮૬ તો આટલી બધી છોકરીઓ એકજ વર્ષમાં ઓછી કેમ થઇ ગઇ? આ બધી છોકરીઓ ગઇ કયાં?

શ્રી જસવંતસિંહ સુ. ભાભોર : આઠમું ધોરણ પ્રાથમિક શાળામાં જવાને કારણે આ સંખ્યાની ઘટ છે.

અધ્યક્ષશ્રી : કેટલી બાળાઓને સાયકલ આપી એ પ્રશ્ન છે કેમ ઓછી થઇ કેમ વધારો થયો એ પ્રશ્ન નથી, જે હકીકત છે એનો જવાબ આપે છે.

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ જે સાયકલ આપવામાં આવી છે. હાલોલ, કાલોલ, જાંબુઘોડા એમ ત્રણેય તાલુકામાં કેટલી આપવામાં આવી અને ગ્રીમકો દ્વારા કઇ કંપનીની સાયકલો ખરીદવામાં આવી?

શ્રી જસવંતસિંહ સુ. ભાભોર : એટલાસ કંપનીની સાયકલો ખરીદવામાં આવી છે. હાલોલમાં ૨૮૬, કાલોલમાં ૫૦ અને જાંબુઘોડામાં ૧૧ એમ ૩૪૭ સાયકલો આપવામાં આવી છે અને એની પાછળ ૮.૫૪ લાખ ખર્ચ કરવામાં આવ્યો છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં કેટલી સાયકલો આપવામાં આવી છે?

શ્રી જસવંતસિંહ સુ. ભાભોર : આ ફકત પંચમહાલ જિલ્લાનો જ પ્રશ્ન છે.

**ખેડા જિલ્લામાં નર્સરીઓમાંથી ફાળવવામાં આવતા છોડ**

* ૭૨૬૪ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ તાલુકાવાર વન અને પર્યાવરણ વિભાગ હસ્તકની કેટલી નર્સરીઓ આવેલી છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ ખેડા જીલ્લામાં તાલુકાવાર નીચે મુજબ નર્સરીઓ આવેલી છે. |

| અ.નં. | જીલ્લાનું નામ | તાલુકાનું નામ | નર્સરીની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ખેડા | નડીયાદ | ૧૯ |
| ૨ | | માતર | ૦૮ |
| ૩ | | ખેડા | ૦૬ |
| ૪ | | મહેમદાવાદ | ૧૦ |

| | | | |
|---|---|---|---|
| ૫ | | મહુધા | ૦૯ |
| ૬ | | કઠલાલ | ૧૧ |
| ૭ | | કપડવંજ | ૧૦ |
| ૮ | | ઠાસરા | ૨૦ |
| ૯ | | બાલાશિનોર | ૧૩ |
| ૧૦ | | વિરપુર | ૧૨ |
| **કુલ** | | | **૧૧૮** |

(૨) તે પૈકી ઉપરોક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા છોડ ઉછેરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી ઉપરોક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ઉછેરવામાં આવેલ રોપાની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | વર્ષ | ઉછેરવામાં આવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૧-૧૨ | ૪૬.૩૧ |
| ૨ | ૨૦૧૨-૧૩ | ૪૦.૩૦ |
| ૩ | ૨૦૧૩-૧૪ | ૩૯.૪૪ |
| **કુલ** | | **૧૨૬.૦૫** |

(૩) વાવેતર કરેલ રોપાઓ પાછળ કઈ બાબતે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૩) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા જીલ્લામાં વાવેતર કરેલ રોપાઓ પાછળ નીચેની બાબતે ખર્ચ થયેલ છે.

| અ.નં. | બાબત | ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | નર્સરી ખર્ચ | ૩૭૩.૯૩ |
| ૨ | આગોતરા કામો પાછળ ખર્ચ | ૬૦૯.૬૪ |
| ૩ | વાવેતર ખર્ચ | ૬૦૫.૯૨ |
| ૪ | જાળવણી ખર્ચ | ૮૧.૩૭ |
| **કુલ ખર્ચ** | | **૧૬૭૦.૮૬** |

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલા રોપાઓ તૈયાર કરવામાં આવ્યા, આ રોપાઓમાંથી કેટલા નાશ પામ્યા, આ રોપાઓ નાશ થવા પાછળના કારણો શું, જે જમીનમાં રોપાઓ નાશ પામ્યા તો એ જમીનની ચકાસણી અને માવજત કરવામાં આવી હતી કે કેમ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લામાં કુલ ૪૩૫૦.૨૧ હજાર હેક્ટર જમીનમાં રોપાઓનું વાવેતર હતું અને રોપેલ રોપાની સંખ્યા ૪૮.૧ લાખ હતી. એમાંથી ૩૪.૯૬ લાખ રોપાઓ જીવંત હતા અને એની ટકાવારી ૭૨ ટકા થાય છે અને એની વાવણી કર્યા બાદ ૩ વખત માટી ચડાવવામાં આવે છે અને ૩ વખત ખોદકામ કરવામાં આવે છે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લાની અંદર કેટલી નર્સરી થઇ, કેટલા છોડવાઓ ઉછેર્યા અને એના માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો. આપે કહ્યું કે, ૧૨૬.૦૫ લાખ છોડવા ઉછેર્યા છે એની પાછળ રૂ.૧૬૭૦.૮૬ લાખનો ખર્ચ થયો છે તો એક છોડવાની કિંમત કેટલી થઇ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં અનેક પ્રકારની અનેક યોજનાઓ હોય છે. પ્રાથમિક શાળાઓને આપીએ છીએ, ખેડૂતોને આપીએ છીએ, સ્વૈચ્છિક સંસ્થાઓને આપીએ છીએ. એમાં ખેડૂતોને રૂ.૨.૨૫ના ભાવે આપીએ છીએ.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધી જે રોપાઓ ઉછેર્યા એમાં તમે કહ્યું એમ આટલો ખર્ચ થયો. તો મારે એ જાણવું છે કે, એક નંગ કેટલામાં પડ્યું?

અધ્યક્ષશ્રી : અમુક આપ્યા હોય એમાંથી અમુક ઉછર્યા હોય. એક મિનિટ, આપની પાસે હોય તો કહો કે, એક રોપો કેટલામાં પડ્યો? તમે તો પાછા કહેશો કે એક એક રોપાને કેટલા પાંદડા છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૦:૨૦ સેન્ટિમિટરની પોલીથીનની બેગમાં હોય તો એની કિંમત એક રૂપિયો હોય, ૧૫:૨૦ સેન્ટિમિટરની બેગ હોય તો એની કિંમત બે રૂપિયા હોય છે અને ૩૦:૪૦ સેન્ટિમિટરની બેગ હોય તો એની કિંમત દસ રૂપિયા હોય છે. (અતંરાય)

અધ્યક્ષશ્રી :એક બેગ માટે કેટલો ખર્ચ થયો એ જાણવું છે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આટલા છોડ ઉછેર્યા અને આટલો ખર્ચ કર્યો. તો એમાં એક નંગ પાછળ કેટલો ખર્ચ કર્યો? (અંતરાય) એમ ન સમજાય. એની કિંમત કાઢેને.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં અનેક પ્રકારના અલગ અલગ ખર્ચ હોય છે. આમાં જવાબમાં આપ્યું છે. નર્સરી પાછળ કેટલો ખર્ચ કર્યો? તો એમાં ૩ કરોડ ૭૩ હજાર. એક છોડવા પાછળ ધણા પ્રકારના ખર્ચ થતા હોય છે. એમાં જમીન તૈયાર કરવી પડે, પાણીનો ખર્ચ અલગ, લેબરનો ખર્ચ અલગ થાય આવા અનેક પ્રકારના ખર્ચ કરવામાં આવે છે. એક એક રોપા પાછળ કેટલો ખર્ચ થયો એવું અલગ ન હોય.

અધ્યક્ષશ્રી : એક રોપામાં પાંચ રૂપિયા પણ ખર્ચ થાય, કોઇકમાં બે રૂપિયા પણ ખર્ચ થાય, ત્રીજામાં નવ રૂપિયા પણ ખર્ચ થતો હોય છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો સીધો પ્રશ્ન છે કે આટલા રોપાઓ ઉછેર્યા છે અને એની પાછળ આટલો ખર્ચ થયો છે તો પછી એક રોપાની કિંમત કેટલી છે એ એમને જાણવું છે. (અંતરાય) આમાં ત્રણ કરોડ રૂપિયા ખર્ચ કર્યો છે.

અધ્યક્ષશ્રી : એમાં બીજો પ્રશ્ન ઉપસ્થિત ન થાય. એક એક રોપા પાછળ કેટલો ખર્ચ થયો એ ન હોય.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય સભ્યશ્રીને જણાવું છું કે, માત્ર એકલા રોપાઓનો ખર્ચ હોતો નથી. એમાં ચાર પ્રકારનો ખર્ચ કરવામાં આવતો હોય છે. એક તો નર્સરી તૈયાર કરવા માટે ક્યારાઓ બનાવવા પડે છે, પોલીથીનની બેગ લાવવી પડે છે એનો ખર્ચ થાય છે, બેગ ભરવામાં પણ ખર્ચ થાય છે, પાણીની સુવિધા માટે ખર્ચ થાય છે, બીજની ખરીદી માટે ખર્ચ થાય છે અને રોપાઓ તૈયાર કરવા માટે નર્સરીનું લેવલીંગ કરવું પડે, પાળા બનાવવા પડે, તાર ફેન્સીંગ, ચોકીદાર આમ આ રીતે ખર્ચ થતો હોય છે. એક રોપા ઉપર ખર્ચ નથી કરતા. (અંતરાય)

અધ્યક્ષશ્રી : નહીં રામસિંહજી, એક રોપા પાછળ કેટલો ખર્ચ થાય એ ક્યારેય કાઢી શકાય નહીં. તો બાંધકામમાં એક કહો કે આટલા રૂપિયાના ખર્ચે આટલા રસ્તા બનાવ્યા. હવે આપ બેસી જાવ, એમની પાસે જેટલો જવાબ હતો એટલો આપ્યો. રામસિંહભાઇ આપ બેસો . (અંતરાય) તમે બેસો, તમને જોઇએ એવો જવાબ ના મળે. રામસિંહભાઇ આપ બેસો.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મને જવાબ નથી મળ્યો.

અધ્યક્ષશ્રી : નથી મળ્યો તમારો જવાબ, છતાં પણ બેસો. (અંતરાય) આવો આંકડો મળે જ નહીં. આપને કહ્યું એટલે બેસવાનું. પછી એમાં બીજી કોઇ ચર્ચા જ ના હોય.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે જે રોપા ઉછેર કરવા માટે નર્સરીની અંદર વાત કરી તો કઇ કઇ જાતના રોપા ઉછેરવાનો આની અંદર સમાવેશ કર્યો છે અને બીજો મારે એ પ્રશ્ન પૂછવો હતો કે ગાંડા બાવળ પહેલા મોટા પ્રમાણમાં ઉછેરવામાં આવતા તો આ નર્સરીની અંદર ગાંડા બાવળ ઉછેરવામાં આવે છે કે એ બંધ કર્યુ છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે કે કયા પ્રકારના રોપા ઉછેરવામાં આવે છે અને એમાં ગાંડા બાવળ ઉછેરવામાં આવે છે કે કેમ? ખેડા જિલ્લામાં લીમડો, ગુલમહોર, સાદર, નિલગિરિ અને ગાંડા બાવળને બદલે આપણે દેશી બાવળ ઉછેરવાનું કામ કરીએ છીએ.

**ભાવનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ ચૂકવેલ રકમ**

* ૭૪૧૬ **શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર–પૂર્વ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા
કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં તા. ૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં ભાવનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૫૪૯ અરજીઓ મળી. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી તથા કેટલી અરજીઓ નામંજૂર કરી, અને | (૨) તે પૈકી ૫૦૭ અરજીઓ મંજૂર કરવામાં આવી તથા ૪૨ અરજીઓ નામંજૂર કરવામાં આવી. |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૩) રૂા. ૪૯.૬૫ લાખ સહાય ચૂકવવામાં આવી. |

શ્રીમતી વિભાવરીબેન વિ. દવેઃ માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે કુંવરબાઈનું મામેરુ યોજનાનો હેતુ શું છે અને ભાવનગર જિલ્લામાં આ યોજના તળે ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ તાલુકાવાર કેટલી અરજી મળી છે, કેટલી મંજૂર કરી, કેટલી નામંજૂર કરી, અને નામંજૂર કરવાના કારણો શા છે?

શ્રી લીલાધરભાઇ ખો. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઇના મામેરાની માટે સામાન્ય રીતે ગરીબ વર્ગના લોકો ખાસ કરીને વિકસતી જાતિ, અનુસૂચિત જાતિ અને આર્થિક રીતે પછાત જાતિ એમની દીકરીઓના લગ્ન પ્રસંગે ખર્ચમાં મદદરૂપ થવા માટે રાજય સરકારે કુંવરબાઇના મામેરાની યોજના દાખલ કરી હતી. માનનીય સભ્યશ્રીની માગણી પ્રમાણે તાલુકાવાર આ રાજયની અંદર કેટલી અરજીઓ આવી છે અને એ અરજીઓની વાત કરું તો ભાવનગરની અંદર અનુસૂચિત જાતિની ૬૧ અને વિકસતિ જાતિની ૧૪૪ કુલ ૨૦૫ આવી છે. તળાજામાં અનુસૂચિત જાતિની ૨ અને વિકસતિ જાતિની ૨૬ કુલ ૨૮ આવી છે. મહુવાની અંદર અનુસૂચિત જાતિની ૧૪ અને વિકસતિ જાતિની ૨૬ કુલ ૪૦ આવી છે. ઘોઘાની અંદર અનુસૂચિત જાતિની ૧ અને વિકસતિ જાતિની ૬ કુલ ૭ આવી છે. શિહોરની અંદર અનુસૂચિત જાતિની ૨૭ અને વિકસતિ જાતિની ૧૧ કુલ ૩૮ આવી છે. પાલિતાણાની અંદર અનુસૂચિત જાતિની ૧૪ અને વિકસતિ જાતિની ૨૫ કુલ ૩૯ આવી છે. ગારીયાધારમાં અનુસૂચિત જાતિની ૨૭ અને વિકસતિ જાતિની ૧૮ કુલ ૪૫ આવી છે. વલ્લભીપુરની અંદર અનુસૂચિત જાતિની ૫ અને વિકસતિ જાતિની ૭ કુલ ૧૨ આવી છે. ઉમરાળાની અંદર અનુસૂચિત જાતિની ૩ અને વિકસતિ જાતિની ૧૨ કુલ ૧૫ આવી છે. બોટાદની અંદર અનુસૂચિત જાતિની ૧૫ અને વિકસતિ જાતિની ૮૦ કુલ ૯૫ આવી છે. ગઢડાની અંદર અનુસૂચિત જાતિની ૯ અને વિકસતિ જાતિની ૧૬ કુલ ૨૫ આવી છે. એમ કુલ ૧૭૮ , ૩૭૧ કુલ ૫૪૯ અરજી આવી છે અને એની અંદર મંજૂર થયેલી અરજીઓ ભાવનગરની અંદર ૨૦૧ છે., તળાજાની અંદર ૨૫ છે., મહુવાની અંદર ૩૮ છે, ઘોઘાની અંદર ૭ છે, શિહોરની અંદર ૩૨ છે.

અધ્યક્ષશ્રી : માનનીય લીલાધરભાઇ, નામંજૂર કરી એના કારણો શું છે એ કહો તાલુકાવાઇઝ.

શ્રી લીલાધરભાઇ ખો. વાઘેલા : નામંજૂર કરેલી ૪૨ અરજી છે કેટલીક જગ્યાએ આવક વધારે હોવાના કારણે ૧૧ અરજી નામંજૂર કરી છે. લગ્ન રજીસ્ટર કરેલ ન હોવાના કારણે ૧૭ કરેલ છે અને સમય મર્યાદા બહારની આવેલ એના કારણે ૧૪ કરી એમ કુલ ૪૨ અરજી નામંજૂર કરી છે.

**શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કુંવરબાઈનું મામેરું યોજનાની સહાય મેળવવાની પાત્રતાના માપદંડ શું છે અને આ યોજનામાં આજની સ્થિતિએ કેટલી રકમ આપવામાં આવે છે અને કેવી રીતે ચૂકવવામાં આવે છે અને સહાયમાં વધારો ક્યારથી કરવામાં આવ્યો છે?

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા :** માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઈનું મામેરું યોજનામાં જે સહાય ચૂકવાય છે એની સહાયની પાત્રતાના માપદંડો છે એ માપદંડો પ્રમાણે કન્યાની ઉંમર ૧૮ વર્ષની હોય અને યુવકની વય ૨૧ વર્ષ હોય, એ જ રીતે એક કુટુંબની એક જ દીકરી હોય એને આ સહાય મળે છે. શહેરી

વિસ્તારમાં ૨૬ હજારની આવક મર્યાદા અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૭ હજારની આવક મર્યાદામાં આવતા હોય એ જ કુટુંબને આનો લાભ મળે છે. લગ્નના બે વર્ષ સુધીમાં સહાય કરવા માટેની અરજી કરવાની હોય છે. આ એની પાત્રતા છે.

**ડૉ. ભારતીબેન ધી. શ્યાળ :** માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આવી સરસ કુંવરબાઇનું મામેરું યોજના ક્યારથી શરૂ કરવામાં આવી છે અને પહેલા દીકરીઓને કેટલી રકમ ચૂકવવામાં આવતી હતી અને અત્યારે કેટલી રકમ ચૂકવવામાં આવે છે?

**શ્રી લીલાધરભાઇ ખો. વાઘેલા :** કુંવરબાઇનું મામેરું યોજના ૧૯૯૫થી શરૂ કરવામાં આવી અને એ વખતે કોઇપણ અરજદાર હોય એને ૫ હજારની સહાય ચૂકવવામાં આવતી હતી. તા. ૧-૪-૨૦૧૨ના રોજથી મોંઘવારીના કારણે રાજ્ય સરકારે નક્કી કર્યા પ્રમાણે હવે ૫ હજારના બદલે ૧૦ હજારની સહાય આપવામાં આવે છે.

**શ્રી પુંજાભાઇ ભી. વંશ :** માનનીય મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું કે ૧૪ અરજીઓ સમય મર્યાદાની અંદર અરજી કરી શક્યા નથી તેના કારણે નામંજૂર થઇ છે તો માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે સમયમર્યાદામાં જે અરજીઓ નથી થઇ એ વિલંબને જતો કરીને આ ૧૪ અરજીઓ મંજૂર કરવા માગો છો કે કેમ?

**શ્રી રમણલાલ ઇ. વોરા :** સમય મર્યાદા બે વર્ષની હોય છે અને મને લાગે છે કે બે વર્ષની સમય મર્યાદા પૂરતી છે. એ સમય મર્યાદામાં અરજદારે અરજી કરી લેવી જોઇએ. પહેલા ૬ મહિના હતા પછી ૧ વર્ષ કર્યા અને આજે બે વર્ષ કર્યા છે. પૂરતી સમય મર્યાદા છે એટલે બીજું કાંઇ વિચાર કરવાની જરૂર નથી.

**રાજ્યમાં શાસ્ત્રીય સંગીત કલા વારસાના જતન માટેની કામગીરી**

* ૭૩૮૦ **શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં શાસ્ત્રીય સંગીત કલા વારસાના જતન માટે સરકારની કોઈ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે, અને | (૨) સંગીતના વર્કશોપ અને સેમીનાર કરી રાજ્યકક્ષાની વાદ્યની સ્પર્ધા કરી રાષ્ટ્રીયકક્ષાના ગાયકોને સન્માની તેઓની સાથે રાજ્યકક્ષાના ગાયકોને મંચ પુરો પાડવામાં આવે છે. |
| (૩) તા. ૩૧-૩-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ યોજના હેઠળ શી કામગીરી કરવામાં આવી? | (૩) તા. ૩૧-૩-૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સંગીત કલા વારસાના જતન માટે કુલ ૧૨૧ કાર્યક્રમ કરવામાં આવ્યા છે. ૨૦૧૧-૧૨માં ૪૩ અને ૨૦૧૨-૧૩ના વર્ષમાં કુલ ૭૮ કાર્યક્રમ કરવામાં આવ્યા છે. |

**શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી :** માનનીય અધ્યક્ષશ્રી, શાસ્ત્રીય સંગીતને જીવંત રાખવા બદલ સૌ પ્રથમ તો હું દેશના પ્રજાવત્સલ નેતા આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીને દેશના કલા સાધકો વતી ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

**અધ્યક્ષશ્રી :** પ્રસ્તાવના બંધ કરો અને જવાબ આપવામાં પણ પ્રસ્તાવનાની જરૂર નથી.

**શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી :** હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે શાસ્ત્રીય સંગીતના વિકાસ માટે તથા આ કલા લુપ્ત ન થાય તે માટે શું શું યોજનાઓ અને કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે?

**શ્રી રમણલાલ ઇ. વોરા :** માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું એ પ્રમાણે શાસ્ત્રીય સંગીતની કલા જળવાઇ રહે અને લુપ્ત ન થાય અને એનો વધારે વિકાસ થાય એના માટે રાજ્ય સરકારે ૧૨ જેટલી મહત્વાકાંક્ષી યોજનાઓ અમલમાં મૂકી છે. રાષ્ટ્રીય કક્ષાનો તાના-રીરી શાસ્ત્રીય સંગીત મહોત્સવ, પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત મહોત્સવ, મહિલા શાસ્ત્રીય સંગીત મહોત્સવ, આદિત્ય રામજી રાષ્ટ્રીય શાસ્ત્રીય સંગીત મહોત્સવ થાય છે, સુગમ અને શાસ્ત્રીય સંગીત પર વર્કશોપ અને સેમિનાર કરવામાં આવે

છે. બીરજુ મહારાજ શાસ્ત્રીય સંગીત સમારોહ કરવામાં આવે છે, પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત સ્પર્ધા કરવામાં આવે છે. શાસ્ત્રીય સંગીત સભા કરવામાં આવે છે. સુગમ અને શાસ્ત્રીય સંગીત મહોત્સવ કરવામાં આવે છે. શરદોત્સવ પંડિત નંદન મહેતાનો શાસ્ત્રીય સંગીત સ્પર્ધા સમારોહ કરવામાં આવે છે. તાના–રીરી શાસ્ત્રીય સંગીત સમારોહ અને સંગીત નાટ્ય ભારતી, રાજકોટ તરફથી આ સમારંભ કરવામાં આવે છે. ૧૨ જેટલી સંસ્થાઓ દ્વારા નિયમિત રૂપે અલગ અલગ જગ્યાઓએ આ કલા અને સંસ્કૃતિને પ્રોત્સાહન મળે એના માટેના રાજ્ય સરકારના પ્રયાસો છે.

શ્રીમતી પુનમબેન હે. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, પ્રજ્ઞાચક્ષુ અને વિકલાંગ વ્યકિતની સંગીત કલાને પ્રોત્સાહિત કરવા માટે શું શું પગલાં લેવામાં આવ્યાં છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, બેને પૂછ્યું એ પ્રમાણે વિકલાંગ બાળકોની અંદર અથાગપણે એક શકિત રહેલ છે અને એના માટે રાજ્ય સરકારે ઉમંગ ઉત્સવ નામનો એક કાર્યક્રમ શરૂ કર્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત સાહિત્ય, સંગીત, નૃત્ય અને નાટ્ય વિભાગની અનેક સ્પર્ધાઓ વિકલાંગ બાળકો દ્વારા કરવામાં આવે છે, આના માટે રાજ્ય સરકાર કક્ષાએ અને જિલ્લા કક્ષાએ આયોજન કરવામાં આવે છે અને એમને રોકડ પુરસ્કારો પણ આપીને આ વિકલાંગોને મદદ કરવાનું રાજ્ય સરકારનું આયોજન છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, છેલ્લા ૨ વર્ષમાં સંગીત કલાના વારસાના જતન માટે કુલ ૧૨૧ જે કાર્યક્રમો કર્યા અને જે મહોત્સવો ગણાવ્યાં એના પાછળ બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ કર્યો? અને ખાસ કરીને જે વિકલાંગની વાત છે એની અંદર રોકડ સહાયની વાત છે તો એ પુરસ્કાર પેટે કેટલી રોકડ સહાય આપવામાં આવે છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ૪ કરોડ ૬૫ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે અને વિકલાંગોને રોકડ પુરસ્કાર પેટે ૧૦,૦૦૦/– ૭,૦૦૦/– અને ૫,૦૦૦/– આપવામાં આવે છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ટોટલ બજેટ કેટલું મંજૂર થયેલ હતું? (અંતરાય) ઇનામ માટે ગ્રાન્ટ આપવામાં આવી હતી એમાં કેટલી રકમ વપરાણી અને કેટલી રકમ પડી રહી? (અંતરાય) ભાવનગરની અંદર સાંસ્કૃતિક કાર્યક્રમો માટે કેટલી રકમ ફાળવવામાં આવી અને કેટલી રકમ વપરાણી? (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આ કાર્યક્રમો માટે કેટલું બજેટ હતું અને કેટલું વપરાયું?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, મારે દંડકશ્રીને કહેવું છે કે જે પ્રશ્ન પૂછ્યો એ પ્રશ્ન શું છે કે, શાસ્ત્રીય સંગીતના વિકાસ માટે તથા કલા વિલુપ્ત ન થાય એ માટે રાજ્ય સરકાર દ્વારા કયા કયા કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે? પ્રશ્ન આ રહ્યો છે. આની અંદર કેટલું બજેટ હતું એવું ના આવે એના માટે તમારે અલગથી નોટિસ આપવી પડે.

**સુરત જિલ્લાની આંગણવાડીઓમાં ગેસ કનેકશન**

* ૭૪૪૨ **શ્રી મોહનભાઇ ઘ. ઢોડીયા(મહુવા) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ સુરત જિલ્લામાં કેટલી આંગણવાડીઓમાં ગેસ કનેકશન હયાત છે, | (૧) સુરત જીલ્લામાં કુલ ૧૬૩૦ ગેસ કનેક્શન હયાત છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ માટે કેટલો ખર્ચ થયેલ છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ માટે કુલ રૂા. ૨૯.૫૭ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૩) બાકીની આંગણવાડીઓમાં ગેસ કનેકશન ક્યારે આપવામાં આવશે? | (૩) બનતી ત્વરાએ. |

શ્રી મોહનભાઇ ઘ. ઢોડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડીઓ કેન્દ્રો મંજૂર થયા છે અને તે પૈકી કેટલા આંગણવાડી કેન્દ્રોને ગેસ સુવિધા આપવામાં આવે છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં કુલ ૯ તાલુકામાં મહુવામાં ૨૨૨ આંગણવાડી કેન્દ્રોની સંખ્યા છે. ૨૧૦ ગેસ કનેકશન મંજૂર થયેલ છે. માંડવીમાં ૩૦૬ માંથી ૨૮૯, માંગરોળમાં ૨૩૨માંથી ૨૧૧, બારડોલીમાં ૨૧૮માંથી ૨૧૬, ઓલપાડમાં ૧૭૬માંથી ૧૬૯, ચોર્યાસીમાં ૧૪૧માંથી ૧૪૧, કામરેજમાં ૧૩૬માંથી ૧૩૪, પલસાણામાં ૧૧૭માંથી ૧૧૭, ઉંમરપાડામાં ૧૬૩માંથી ૧૪૩ આ રીતે તાલુકાવાર આંગણવાડી કેન્દ્રોમાં ગેસ કનેકશનો આપવામાં આવ્યાં છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, સુરત જિલ્લામાં બાકી રહેલ આંગણવાડી કેન્દ્રોના ગેસ કનેકશન માટે શું આયોજન રાજ્ય સરકારે કરેલ છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં બાકી રહેલ ગેસ કનેકશન માટે અત્યાર સુધીમાં ગેસ એજન્સીને ૧,૧૫,૯૭૮/– રૂપિયા ઓલરેડી ચૂકવી દેવામાં આવ્યાં છે અને ગેસ કનેકશન ટૂંક સમયમાં જ કાર્યરત થઇ જશે.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આંગણવાડી કેન્દ્રોમાં ગેસ સુવિધા આપવાની યોજના ક્યારથી શરૂ કરવામાં આવી છે? અને આ આંગણવાડી કેન્દ્રો કેન્દ્ર પુરસ્કૃત છે કે રાજ્ય પુરસ્કૃત છે? અને ગેસ કનેકશન દીઠ તેમાં કેટલો ખર્ચ થયો છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ૩–૧૨–૨૦૦૯થી આ ગેસ કનેકશન યોજના અમલમાં આવી છે. આંગણવાડી કેન્દ્રોમાં ગેસ સુવિધા આપવાની સોએ સો ટકા રાજ્ય પુરસ્કૃત યોજના છે અને ગેસ કનેકશન દીઠ ચાર હજાર નવસો અને બસો વીસ રૂપિયાનો ખર્ચ થાય છે.

શ્રી પ્રફૂલ્લભાઇ છ. પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છુ કે, સુરત શહેરી વિસ્તારમાં આંગણવાડીમાં ગેસ કનેકશન માટેની શું વ્યવસ્થા છે અને કોઇ વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે કે નહી ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, સુરત શહેરમાં પાંચ અર્બન ઘટકોમાં કુલ ૧,૦૦૪ આંગણવાડી કેન્દ્રો છે. સુરતમાં સેન્ટ્રલ કીચનનો અભિગમ અપનાવીને એક જ જગ્યાએથી નાસ્તો બનાવી પહોંચાડવામાં આવે છે એથી ગેસ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી પરંતુ ૮૧ જેટલી આંગણવાડીમાં નવેસરથી ગેસ એજન્સીને ૧ લાખ, ૧૫ હજાર રૂપિયા ચૂકવાઇ ગયા છે, ગેસ સ્ટવ અપાઇ ગયા છે એટલે વૈકલ્પિક વ્યવસ્થા ઊભી થઇ ગયેલ છે.

**નર્મદા જિલ્લાના ડેડીયાપાડા અને સાગબારામાં ક્ષેત્રિય વનીકરણ વિભાગ દ્વારા રોપાનું વાવેતર**

* ૭૪૫૫ **શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નર્મદા જિલ્લાના ડેડીયાપાડા અને સાગબારા ક્ષેત્રિય વનીકરણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં તા. ૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) સને ૨૦૧૨–૧૩ અને સને ૨૦૧૩–૧૪ માં તા. ૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં નીચે મુજબ કુલ–૩૫૧૩ હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| **અ.નં.** | **વર્ષ** | **તાલુકાનું નામ** | **વાવેતર વિસ્તાર (હેક્ટરમાં)** |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | ડેડીયાપાડા | ૧૨૨૯ |
| | | સાગબારા | ૬૦૯ |
| | કુલ | | ૧૮૩૮ |
| ૨ | ૨૦૧૩–૧૪ | ડેડીયાપાડા | ૧૩૧૦ |
| | | સાગબારા | ૩૬૫ |
| | કુલ | | ૧૬૭૫ |
| | **એકંદર કુલ** | | **૩૫૧૩** |

(૨) તેની પાછળ નીચેની વિગતે કુલ રૂ઼ા. ૮૫૪.૭૬ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

| અ.નં. | વર્ષ | તાલુકાનું નામ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | ડેડીયાપાડા | ૨૯૯.૧૬ |
| | | સાગબારા | ૧૫૫.૯૬ |
| | કુલ | | ૪૫૫.૧૨ |
| ૨ | ૨૦૧૩–૧૪ | ડેડીયાપાડા | ૩૧૦.૨૧ |
| | | સાગબારા | ૮૯.૪૩ |
| | કુલ | | ૩૯૯.૬૪ |
| | **એકંદર કુલ** | | **૮૫૪.૭૬** |

શ્રી મોતીલાલ પૂ. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, સાગબારા અને ડેડિયાપાડા તાલુકામાં ૩,૫૧૩ હેકટરમાં ૮૫૪ લાખ જેટલો પ્લાન્ટેશન માટે ખર્ચ કરવામાં આવેલ છે, તો આ છેલ્લા બે વર્ષમાં કેટલા રોપાઓ જીવંત છે અને એની ટકાવારી કરેલી છે ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા જિલ્લાના ડેડિયાપાડા અને સાગબારા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં ૨૫.૮૨ લાખ રોપાઓનું વાવેતર થયું છે અને એમાં ૨૦.૩૫ લાખ જીવંત રોપાઓ છે અને જેની ટકાવારી ૭૮ ટકા જેટલી થાય છે.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, નર્મદા જિલ્લામાં કુલ કેટલા હેકટર જંગલ વિસ્તાર છે અને તે પૈકી ડેડિયાપાડા અને સાગબારા તાલુકામાં કુલ કેટલો જંગલ વિસ્તાર છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા જિલ્લામાં કુલ ૧.૧૪ લાખ હેકટર જંગલ વિસ્તાર આવેલ છે અને એમાં ડેડિયાપાડામાં ૬૪,૩૭૮ હેકટર અને સાગબારામાં ૯,૭૫૭ હેકટર જંગલ આવેલ છે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગુ છું કે, કુલ ૮૫૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે, તો એમાં ગુજરાત સરકારના કેટલા છે અને એમાં ભારત સરકારના કેટલા છે અને કયા કયા સદરે આ ખર્ચ પાડવામાં આવ્યો છે ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનામાં ભારત સરકાર અને ગુજરાત સરકારનો પણ સહયોગ હોય છે એમાં કુલ મળીને ગુજરાત સરકારની વાત કરીએ તો સાહેબ, GFDP આદિવાસી વિસ્તાર, GFDP બિન–આદિવાસી વિસ્તાર, MSC બિન–આદિવાસી વિસ્તાર, MSC આ પ્રકારના અલગ અલગ રાજ્ય સરકારના પણ એમાં ફંડ હોય છે અને કેન્દ્ર સરકારમાં નેશનલ બામ્બુ અને તેરમા નાણાં પંચનું ફંડ એમાં હોય છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : આંકડા હોય તો કહો (અંતરાય) પચાસ ટકા આપે છે,ચાલીસ ટકા આપે છે?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, તેરમા નાણા પંચમાં ૨૦૧૨–૧૩માં ૨૯ લાખ રૂપિયા આપવામાં આવેલ છે અને ૨૦૧૩–૧૪માં ૩૫.૬૨ લાખ રૂપિયા આપવામાં આવેલ છે અને નેશનલ બામ્બુમાં ૨૦૧૨–૧૩માં ૬.૨૦ લાખ, ૨૦૧૩–૧૪માં ૯.૫૬ લાખ રૂપિયા આપવામાં આવેલ છે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉની સરકારમાં," એક ઝાડ કાપો અને એક વોટ આપો" આ સ્કીમ હતી કે કેમ ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો જે પ્રશ્ન છે કે અગાઉની સરકારોમાં એક ઝાડ કાપો અને એક વોટ આપો (અંતરાય) એમનો પ્રશ્ન છે સાહેબ. માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન કયો એલાઉ કરવો, કયો ન કરવો, એક મિનિટ તમે બેસો, બલવંતસિંહ કહે છે.(અંતરાય)

શ્રી ગણપતભાઇ વે. વસાવા : પ્રશ્નોત્તરીનો સવાલ છે આ. પોઇન્ટ ઓફ ઓર્ડર પછી લાવજો.(અંતરાય) સાહેબ, હમણા ચર્ચા ન હોય.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, ચર્ચા ન હોય પણ શું કહો છો?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી એટલી જ છે કે અમારા સભ્યશ્રીએ સીધો પ્રશ્ન પૂછ્યો કે ભારત સરકારના કેટલા ટકા હતા? એ ટકામાં ન બોલ્યા અને આવો પ્રશ્ન આમાં છે નહીં.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય સભ્યશ્રી પૂછે તો મારે જવાબ આપવો પડે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ જેઠાભાઇ, એણે પ્રશ્ન પૂછ્યો એનો જવાબ આપ્યો. એમનો સવાલ એ છે કે (અંતરાય) એક મિનિટ, એમણે નીતિ વિષયક પ્રશ્ન પૂછ્યો છે. એક ઝાડ કાપો અને એક ઉગાડો એ નીતિ હતી એ નીતિ ચાલુ છે કે નહીં? એટલા માટે એ નીતિ વિષયક પૂછે છે એ સિવાય બીજું કોઇ જવાબ દેવાના નથી.(અંતરાય) એક મિનિટ, ના જ પાડી દો. એક ઝાડ, એક નોટ અને વોટ કે એવું હતું કાંઇ નીતિમાં?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : હું એ જ કહેવા જઉં છું. હું ના પાડવા જઉં છું.(અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, ગમે તે પ્રશ્નની અંદર જે તે ડિપાર્ટમેન્ટની નીતિ હોય એ નીતિ હોય તો હા પાડે નીતિ ન હોય તો ના પાડે. એનો જવાબ આપો. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સાહેબ, મારી વિનંતી.

અધ્યક્ષશ્રી : ના, ના, તમારી વિનંતી(અંતરાય) ભાઇ, બાકીના લોકોનો સમય બગડે છે પ્રશ્નોત્તરીનો. તમારે જે પૂછવું હોય એ પછી પુછજો.(અંતરાય) બલવંતસિંહભાઇ, તમે જે પ્રમાણે કહો એમ ગૃહ ન ચાલે. કયો પ્રશ્ન એલાઉ કરવો અને કયો પ્રશ્ન ડીસએલાઉ કરવો એ મારે જોવાનું છે. કોઇપણ સભ્ય તરફથી ડિપાર્ટમેન્ટની પરમેનન્ટ નીતિ માટેનો પ્રશ્ન ગમે તે પૂછાયો હોય પણ ડિપાર્ટમેન્ટની નીતિ માટેનો પ્રશ્ન પૂછી શકશે. ડિપાર્ટમેન્ટની નીતિ હતી કે નહીં? એટલું જ કહો.(અંતરાય) નહીં, નહીં, એ મારે જોવાનું છે.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જેઠાભાઇનો જે પ્રશ્ન હતો (અંતરાય) સાહેબ, મને રક્ષણ આપો.

અધ્યક્ષશ્રી :નહીં, નહીં, તમારા જવાબ આપ્યા છે.બલવંતસિંહ, એવી આર્ગ્યુમેન્ટ ન કરો, એમણે ચાર વર્ષના પૈસાના આંકડા આપ્યા છે. એ જે એમણે પૂછ્યું હતું કેન્દ્રના કેટલા અને ગુજરાતના કેટલા? એમાં ચાર વર્ષના આંકડા આપ્યા છે. છ લાખ, નવ લાખ, ૩૫ લાખ, એ બધા જવાબ આપ્યા છે.(અંતરાય) એવું નહીં થાય. તમે બેસો, ભૂષણભાઇ, તમે બેસો. મારે કોઇની મદદની જરૂર નથી. તમે બેસો.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : માનનીય સભ્યશ્રી જેઠાભાઇનો પ્રશ્ન એટલો છે સાહેબ, કે ભૂતકાળની સરકારોમાં એક ઝાડ કાપો અને એક વોટ આપો એવી નીતિ હતી કે કેમ? ભૂતકાળમાં ૧૯૮૩ થી ૧૯૮૫ ના વર્ષોમાં જયારે ચુંટણી હતી.

અધ્યક્ષશ્રી : આવી નીતિ હતી કે નહીં?(અંતરાય) તમે બોલોને, નીતિ હતી કે નહીં? હા કે ના કહો.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : હું એ જ કહું છું. આ લોકો બોલવા નથી દેતા.

અધ્યક્ષશ્રી : હજી ફરીથી કહું છું આવી નીતિ હતી કે નહીં? (અંતરાય) એક મિનિટ, ભાઇ તમને ગમે તેવો સવાલ ન પૂછે.(અંતરાય) બેસી જાવ બધા. આ વાજબી નથી. આવી ડિપાર્ટમેન્ટની નીતિ હતી કે નહીં એટલું કહો. તમારી ચોપડીમાં નીતિ જાહેર કરી હોય એ છે કે નહીં?એને સવાલ પૂછવા દો. તમે પૂછજો. તમને રોકું તો કહેજો. જવાબ આપો.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : આ લોકો કાંઇ બોલવા નથી દેતા શું બોલું?

અધ્યક્ષશ્રી : સાંભળે છે બધા. તમે જવાબ આપી દો.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : ભૂતકાળની સરકારોમાં આવી કોઇ નીતિ નહોતી છતાંપણ ચૂંટણીઓ જીતવા માટે આ રાજયના વનમંત્રી અમરસિંહભાઇ ચૌધરીએ, કાર્યકરોએ સૂત્ર આપ્યું હતું. આવી સરકારની કોઇ નીતિ નહોતી.

અધ્યક્ષશ્રી : બેસી જાઓ. આવી કોઇ નીતિ નહોતી. જવાબ આવી ગયો. તમે જેવો ઇચ્છો એવા

સવાલ ન આવે એવા જવાબ ન આવે. મહેરબાની કરીને ઉભા થવાની કોઇ જરૂર નથી. બલવંતસિંહ એ રીતે વાજબી પણ નથી. બેસો. અનિલભાઇનો સવાલ.(અંતરાય) ગણપતભાઇ સામ સામે બેઠા બેઠા જવાબ ન દો. તમારો કોઇ પ્રશ્ન નથી. આવી ગયો. અનિલભાઇ.

ડો. અનિલ જોષીયારા : બે વર્ષમાં ડેડિયાપાડા અને સાગબારામાં..(અંતરાય).

અધ્યક્ષશ્રી : તમે પૂછયું એનો જવાબ આવી ગયો. આવી કોઇ નીતિ હતી કે નહિ? તો નીતિ નથી. બેસો કોઇ સવાલ નથી.

ડો. અનિલ જોષીયારા : છેલ્લાં બે વર્ષમાં ૩૫૧૩ હેક્ટરમાં વાવેતર કર્યુ છે, ત્યારે મારે પૂછવું છે કે ટોટલ કેટલી જમીન આપણી પાસે રોપાઓ માટે અવેલેબલ છે. દર વખતે જ્યારથી હું અહીયા બેઠો છું ત્યારથી રોપાઓ રોપીએ છીએ. ફરી જતા રહે છે. તો એવી કોઇ ચોક્કસ નીતિ લાવવા માગો છો કે કેમ કે રોપાઓ વાવીએ અને જીવિત રહે. દર વર્ષે ખર્ચો કરીએ છીએ. તિજોરીમાંથી ખર્ચો કરીએ છીએ. નુકસાન જાય છે, એટલા માટે જેટલા રોપાઓ રોપીએ તે જીવિત રહે એના માટે ચોક્કસ આયોજન કરવા માગો છો કે કેમ?

શ્રી ગણપતભાઇ વે. વસાવા : ભૂતકાળની સરકારોમાં જે પ્રકારે ગુજરાતમાં વૃક્ષોનું છેદન થતું હતું એના કરતા અમારા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારમાં બહું સારી રીતે વૃક્ષોની જાળવણી.(અંતરાય)

અધ્યક્ષશ્રી : તમારો જવાબ પૂરો થવા દો.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : આ સરકાર ગુજરાતના વિકાસ સાથે(અંતરાય) એટલી ગંભીર.(અંતરાય)

અધ્યક્ષશ્રી : તમારું કામ નથી. કાઇ હશે તો હું કહીશ. તમારે વચ્ચે બોલવાની જરૂર નથી.

શ્રી ગણપતભાઇ વે. વસાવા : છેલ્લાં બે વર્ષમાં જેટલા પણ રોપાઓનું વાવેતર થયું તેમાં ૭૮ ટકા સિદ્ધિ સરકારે પ્રાપ્ત કરી છે. બીજો પ્રશ્ન એ છે કે બાકી જમીનમાં વાવેતરનું શું? ગુજરાત સરકારે આખો પ્લાન બનાવી કેન્દ્ર સરકારમાં મંજૂરી માટે મોકલે છે. કેન્દ્ર સરકાર જે પ્રકારે માર્ગદર્શન આપે છે એ પ્રમાણે દર વર્ષે વાવેતર કરીએ છીએ.

**રાજ્યમાં માનસિક વિકલાંગ ખેલાડીઓને પ્રોત્સાહન**

* ૭૪૨૧ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) માનસિક વિકલાંગ ખેલાડીઓ રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય રમતમાં ભાગ લે તો સરકાર તરફથી મદદ પ્રોત્સાહન આપવાની કોઈ યોજના અમલમાં છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે? | (૨) રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લેતા માનસિક વિકલાંગ ખેલાડીઓને ખાસ પ્રોત્સાહન આપવામાં આવે છે. |

શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લેતા માનસિક વિકલાંગ ખેલાડીઓને ખાસ પ્રોત્સાહન સરકાર તરફથી આપવામાં આવે છે, તે શું આપવામાં આવે છે અને કેન્દ્ર સરકારમાંથી સહાય આપણને મળે છે કે કેમ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ પ્રશ્નોત્તરીમાં વાત કરી તે પ્રમાણે વિકલાંગને પ્રોત્સાહન આપવાની રાજ્ય સરકારની નીતિ રહી છે એ નીતિ પ્રમાણે આ અગાઉ ૨૮મી ડિસેમ્બરથી ૮ મી જાન્યુઆરી સુધી એશિયા સ્પેશિફિક રીજિયોનલ ગેમમાં ગુજરાતના ૩૧ જેટલા વિકલાંગ વિદ્યાર્થીઓ અને ૮ જેટલા કોચ તેઓ ઓસ્ટ્રેલિયા ખાતેની રમતમાં ભાગ લેવા માટે ગયેલા. એ માટેનો તમામ ખર્ચ રાજ્ય સરકારે ઉઠાવેલ છે. ૩૧ ખેલાડીઓને ગુજરાતની ટીમ ઓસ્ટ્રેલિયા ખાતે ગઇ. આ ટીમે ૩૭ પદકો જીતેલા છે. જેમાં ૧૦ સુવર્ણ પદકો જીતીને કુલ ટીમના જેટલા પદકો આવે એમાંથી ૧૦ જેટલા પદકો આ વિકલાંગ ટીમ રાજ્ય

સરકારની નીતિના કારણે જીતીને આવી છે. આ તમામ ખર્ચ રાજય સરકારે કરેલ છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે વિકલાંગ ખેલાડીઓને આંતર રાષ્ટ્રીય કક્ષાએ રમતમાં ભાગ લેવા માટે મોકલવામાં આવે છે. આવા અપંગ કે અંદર હોય તેવા ખેલાડીઓ જતા હોય છે, ત્યારે તેમની સાથે જતા સહાયકોને કોઇ આર્થિક મદદ કરવા માગે છે કે કેમ?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, જે ખેલાડીઓ જતા હોય છે તો તેની સાથે જે કોચ હોય તેને રાજય સરકાર મદદ કરે છે. તેના સહાયકને મદદ કરતા નથી. પરંતુ કોઇ પ્રજ્ઞાચક્ષુ હોય અને તેની વિશેષ જરૂરિયાત હોય તો તેને રાજય સરકાર જરૂર વિચાર કરશે.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ ખેલ મહાકુંભમાં માનસિક વિકલાંગ ખેલાડીઓ માટે કોઇ વ્યવસ્થા છે કે કેમ?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, વિકલાંગ બાળકોની વ્યાખ્યાની અંદર તમામ પ્રકારની વિકલાંગતા આવી જાય છે. મારે આ તબક્કે આનંદ અને ગૌરવ સાથે કહેવું છે કે જે વિકલાંગ બાળકો છે અને જેમણે નેશનલ અથવા ઇન્ટરનેશનલ ગેઇમની અંદર ભાગ લીધો હોય આવા વિકલાંગ વિદ્યાર્થીઓને રાજય સરકારના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નીધિમાંથી આવા ખેલાડીઓને પાંચ લાખ રૂપિયાની સહાય કરવામાં આવી છે. હમણાં છ જેટલી બહેનો કે જે માનસિક રીતે વિકલાંગ હતી તે બહેનોમાં દેવીપૂજક માયાબેન મહેસાણાથી, અસ્કાબેન અમદાવાદથી, ગોસાઇ શ્વેતાબેન મહેસાણા, રાઠોડ યોગીતા સુરત, મરચન્ટ રશ્મિકા અમદાવાદ અને ગામીત નયનાબેન સુરતના આ બધી જ દીકરીઓને પાંચ પાંચ લાખ રૂપિયા લેખે ૩૦ લાખ રૂપિયા માનનીય મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિમાંથી આપવામાં આવ્યા છે.

શ્રી નલીનભાઇ ના. કોટડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આંતર રાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાએ જે ખેલાડીઓ ભાગ લેવા માટે જાય છે તેમને માટે સરકાર પ્રોત્સાહન આપે છે. પરંતુ જિલ્લામાંથી રાજય સરકારમાં જે ખેલાડીઓ ભાગ લેવા માટે આવે છે તેના માટે સરકારશ્રી દ્વારા શું પ્રોત્સાહન આપવામાં આવે છે.

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર આ માટે રાજય કક્ષાએ અને પ્રાંત કક્ષાએ આની વ્યવસ્થા કરતી હોય છે. તે વ્યવસ્થાના ભાગ સ્વરૂપે જે વિજેતાઓ આવેલા હોય છે તે વિજેતાઓને રોકડ પુરસ્કાર આપવાની રાજય સરકારની નીતિ રહી છે. આવા વિકલાંગ ખેલાડીઓ માટે પહેલા ક્રમે આવનારને પાંચ હજાર રૂપિયા, બીજા ક્રમે આવનારને ત્રણ હજાર અને ત્રીજા ક્રમે આવનારને બે હજાર રૂપિયા આપવાની જિલ્લા કક્ષાની નીતિ છે અને રાજય કક્ષાએ જે વિજેતા થયા હોય તેમને પ્રથમ ક્રમે દસ હજાર, બીજા ક્રમે સાત હજાર અને ત્રીજા ક્રમે આવનારને પાંચ હજાર, તથા વિજેતા પ્રમાણપત્ર અને ટ્રેકસૂટ તેમને આપવામાં આવે છે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પંચમહાલ જિલ્લામાં મહિસાગર જિલ્લો અને દાહોદ જિલ્લાના કોઇ માનસિક વિકલાંગ ખેલાડીઓએ ભાગ લીધેલો હતો કે કેમ?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આટલી યાદીમાં અલગ પાડવા મુશ્કેલ છે. કારણકે સ્પેશ્યલ ખેલ મહાકુંભ જયારે કર્યો ત્યારે તેમાં ૧ લાખ વિકલાંગોએ ભાગ લીધો હતો. આ એક લાખ ખેલાડીઓની જિલ્લા કક્ષાની યાદી અત્યારે આપવી સંભવ નથી.

**વડોદરા જિલ્લામાં વિધા સાધના યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની કન્યાઓને સાયકલ આપવા બાબત**

* ૭૪૨૯ **શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૨-૧૩ અને વર્ષ ૨૦૧૩-૧૪ માં તા. ૩૧-૧૨-૨૦૧૩ સુધીમાં વડોદરા જિલ્લામાં વનબંધુ | (૧) વર્ષ ૨૦૧૨-૧૩ માં ૪૦૦૮<br>વર્ષ ૨૦૧૩-૧૪ માં ૪૮૭ |

કલ્યાણ યોજના અન્વયે વિદ્યા સાધના યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની અભ્યાસ કરતી કેટલી કન્યાઓને સાયકલ આપવામાં આવેલ છે, અને

| | |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) વર્ષ ૨૦૧૨-૧૩ માં રૂ. ૯૮.૭૦ લાખ<br>વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂ. ૧૧.૯૯ લાખ |

શ્રી સતિષભાઇ મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની બાળાઓને સાયકલો આપવામાં આવી તે પૈકી કરજણ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં કેટલી સાયકલો આપવામાં આવી અને તેનો કુલ ખર્ચ કેટલો થયો?

શ્રી જસવંતસિંહ સુ. ભાભોર: (આદિવજાતિ વિકાસ મંત્રીશ્રીઃ) માનનીય અધ્યક્ષશ્રી, કરજણ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં ૧૨૬ સાયકલો આપી હતી અને તેમાં ૩ લાખ ૧૦ હજાર ખર્ચ કરવામાં આવેલ છે.

શ્રી કેતન મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વડોદરા જિલ્લાની અંદર જે સાયકલો આપવામાં આવી તે કયા કયા તાલુકામાં આપવામાં આવી અને કયા તાલુકામાં આપવાની બાકી છે?

શ્રી જસવંતસિંહ સુ. ભાભોર : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ તાલુકામાં આપવાની બાકી નથી.

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ગરીબ કલ્યાણ મેળામાં અને કન્યા કેળવણી મહોત્સવમાં કેટલી સાયકલો આપવામાં આવી?

શ્રી જસવંતસિંહ સુ. ભાભોર : માનનીય અધ્યક્ષશ્રી, કન્યા કેળવણી મહોત્સવ અંગે મારે એક વાત કરવી છે કે, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો આપણે આભાર માનીએ છીએ કે આદિવાસી વિસ્તારોમાં આદિવાસી દીકરીઓ ભણતી ન હતી, ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ હાકલ જગાવીને આખા આદિવાસી પટ્ટાની દીકરીઓ ભણી રહી છે. મારે આજે એ પણ વાત કરવી છે કે, આની અંદર વર્ષ ૧૨-૧૩ અને ૧૩-૧૪માં ૪૪૯૫ સાયકલો આપવામાં આવી છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે ૨૦૧૨-૨૦૧૩ અને ૨૦૧૩-૧૪ એમાં તા.૩૧-૧૨-૨૦૧૩ સુધી આ વનબંધુ કલ્યાણની યોજના હેઠળ વિદ્યા સાધના યોજના હેઠળ કુલ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં ૪૪૯૫ જેટલી સાયકલો આપવામાં આવી છે ત્યારે મારે એટલું જ જાણવું છે કે, આ વન બંધુ કલ્યાણ યોજના હેઠળ અનુસૂચિત કન્યાઓને સાયકલો આપવા માટે કુલ કેટલી કન્યાઓએ માગણી કરી હતી, તે પૈકી માની લો કે ૪૪૯૫ સાયકલો આપી તો કુલ કેટલી અરજીઓ આવી અને કેટલી પેન્ડીંગ છે અને ૧૨-૧૩માં કુલ બજેટ કેટલું હતું અને કેટલી રકમ ખર્ચાઇ?

શ્રી જસવંતસિંહ સુ. ભાભોર : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપશ્રી મારફતે ધ્યાન દોરવું છે કે, વર્ષ ૧૨-૧૩માં ૪૦૦૮ સાયકલો અમે આપી હતી એ ધોરણ આઠમાં આપી હતી એટલે ધોરણ આઠમાં સાયકલ આપ્યા પછી ૧૨-૧૩માં આપવાની હતી નહીં, બીજું, સાહેબ, ૪૪૯૫ સાયકલો આ જિલ્લામાં આપી છે અને ૧ કરોડ અને ૧૦ લાખ રૂપિયાનો ખર્ચ કરેલ છે. એક પણ સાયકલ આપવાની બાકી નથી, કોઇપણ શાળા બાકી નથી, કોઇપણ દીકરી બાકી નથી.

**રાજકોટ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ વિકસતી જાતિના અરજદારોને સહાય**

* ૭૪૯૪ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં તા. ૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ વિકસતી જતિના કેટલા અરજદારોની અરજીઓ મળી, | (૧) ૨૬૭ |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, | (૨) ૨૨૬ |
| (૩) કેટલી નામંજૂર કરવામાં આવી, અને | (૩) ૪૧ |
| (૪) તે પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૪) રૂ. ૨૨.૨૦ લાખ |

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં જે ૨૨૬ અરજીઓ મંજૂર કરી અને ૪૧ નામંજૂર કરી એના કારણો શું છે અને બીજું, મોરબી તાલુકામાં કુંવરબાઇના મામેરામાં કેટલી અરજીઓ આવી, એમાંથી કેટલી મંજૂર કરી અને કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી લીલાધરભાઇ ખો. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૩ની સ્થિતિએ વિકસતી જાતિના અરજદારોની અરજીઓ લગભગ ૨૬૭ આવી હતી, તેમાંથી મંજૂર કરેલી અરજીઓ ૨૨૬ છે અને રાજકોટ જિલ્લાની અંદર જે અરજીઓ ૨૬૭ હતી એમાંથી રાજકોટ શહેર રાજકોટ માટે ૮૩ અરજી અને એમાંથી ૬૭ મંજૂર થઇ છે, ટંકારાની અંદર કોઇપણ અરજી ન હતી. માળીયા મીયાણામાં ૩ આવી હતી અને એ ૩ મંજૂર થઇ છે, પડધરીની અંદર ૮ આવી હતી અને એ ૮ મંજૂર થઇ છે, લોધીકાની અંદર ૪ આવી હતી અને એ ચારેચાર મંજૂર થઇ છે. કોટડાસંગાણીની અંદર ૧૦ આવી હતી અને એ દશમાંથી એક માત્ર એ થઇ છે. જામકંડોરણાની અંદર ૪ આવી હતી, ૩ મંજૂર થઇ એક માત્ર બાકી છે, જસદણની અંદર ૨૨ હતી, ૧૪ મંજૂર થઇ અને ૮ બાકી રહી છે. મોરબીની અંદર ૩૧ આવી હતી, ૨૪ મંજૂર થઇ હતી અને ૨ બાકી રહી છે. વાંકાનેરમાં ૧૨ આવી હતી ૧૦ મંજૂર થઇ અને ૨ નામંજૂર થઇ. ગાંડલની અંદર ૧૭ આવી હતી ૧૬ મંજૂર થઇ અને ૧ બાકી રહી છે. જેતપુરની અંદર ૧૮ આવી એ બધી મંજૂર થઇ, ધોરાજીની અંદર ૩૬ આવી હતી એમાંથી ૩૩ મંજૂર થઇ અને ૩ નામંજૂર થઇ અને ઉપલેટાની અંદર ૧૬ આવી હતી એ બધી મંજૂર થઇ. આમ, ૨૬૭માંથી ૨૨૬ મંજૂર થઇ અને એમાંથી ૪૧ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે.

શ્રી પ્રવિણભાઇ મો. માકડીયા : હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કુંવરબાઇ મામેરૂં યોજનાની સહાય મેળવવા કરવામાં આવતી અરજી સાથે કયા કયા પુરાવા રજૂ કરવાના હોય છે?

શ્રી લીલાધરભાઇ ખો. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઇ મામેરાની સહાય મેળવવાને માટે સક્ષમ અધિકારીનો જાતિ અને આવકનો દાખલો અનિવાર્ય બને છે. એ જ રીતે અરજદારના ઉંમર અંગેના પુરાવા પણ જોઇએ છે. સાથે સાથે અરજદારની લગ્ન અંગેની કંકોતરી છપાયેલી હોવી જોઇએ અને લગ્ન રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર પણ હોવું જોઇએ આ રીતે આટલા પુરાવા હોય તો જ એ એની અંદર ભાગ લઇ શકે છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

**રાજ્યમાં પ્રાથમિક અને માધ્યમિકમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિઓના બાળકોને શિષ્યવૃત્તિ**

* ૭૬૧૫ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ પ્રાથમિક અને માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિઓના બાળકોને કેટલી શિષ્યવૃત્તિ આપવામાં આવે છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૩ની સ્થિતિએ અનુ.જાતિના વિદ્યાર્થીઓને નીચે મુજબ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

| અ. નં. | યોજના | ધોરણ | દર |
|---|---|---|---|
| ૧ | પૂર્વ એસ.એસ.સી. રાજ્ય શિષ્યવૃત્તિ | ધોરણ-૧ થી ૮<br>ધોરણ-૯ થી ૧૦ | રૂા. ૨૫૦/- વાર્ષિક<br>રૂા. ૪૦૦/- વાર્ષિક |
| ૨ | અનુ. જાતિ પૈકી અતિપછાત જાતિના વિદ્યાર્થીઓને ખાસ શિષ્યાવૃત્તિ | ધોરણ ૧ થી ૮<br>ધોરણ-૯ થી ૧૦ | રૂા. ૭૫૦/- વાર્ષિક<br>રૂા. ૧૦૦૦/- વાર્ષિક |
| ૩ | અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલા વાલીના બાળકોને શિષ્યવૃત્તિ (કેન્દ્ર પુરસ્કૃત યોજના) | ધોરણ-૧ થી ૧૦ ડેસ્કોલર<br>ધોરણ-૩ થી ૧૦ હોસ્ટેલર | રૂા. ૧૧૦૦/- વાર્ષિક<br>રૂા. ૭૫૦/- એડહોક<br>રૂા. ૭૦૦૦/- વાર્ષિક<br>રૂા. ૧૦૦૦/- એડહોક |
| ૪ | પૂર્વ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ (ધોરણ-૯ થી ૧૦) (કેન્દ્ર પુરસ્કૃત યોજના) | ધોરણ-૯ થી ૧૦ ડેસ્કોલર<br>ધોરણ-૯ થી ૧૦ હોસ્ટેલર | રૂા. ૧૫૦૦/- વાર્ષિક<br>રૂા. ૭૫૦/- એડહોક<br>રૂા. ૩૫૦૦/- વાર્ષિક<br>રૂા. ૧૦૦૦/- એડહોક |

(૨) ઉક્ત સ્થિતિએ આપવામાં આવતી શિષ્યવૃત્તિમાં સરકારે છેલ્લાં બે વર્ષમાં ક્યારે કેટલો વધારો કર્યો?

(૨)

| અ.નં. | યોજના | ધોરણ | જુનો દર | વર્ષ ૨૦૧૧-૧૨માં કરેલ વધારા | વર્ષ ૨૦૧૨-૧૩માં કરેલ વધારા |
|---|---|---|---|---|---|
| ૧ | પૂર્વ એસ.એસ.સી. રાજ્ય શિષ્યવૃત્તિ | ધો-૧ થી ૪<br>ધો-૫ થી ૭<br>ધો-૮ થી ૧૦ | રૂા. ૭૫/-<br>રૂા. ૧૨૫/-<br>રૂા. ૨૦૦/- | ધોરણ-૧ થી ૭<br>રૂા. ૧૫૦/-<br>ધોરણ-૮ થી ૧૦<br>રૂા. ૩૦૦/- | ધોરણ-૧ થી ૮<br>રૂા. ૨૫૦/-<br>ધોરણ-૯ થી ૧૦<br>રૂા. ૪૦૦/- |

| અ.નં. | યોજના | ધોરણ | જુનો દર | વર્ષ ૨૦૧૧–૧૨માં કરેલ વધારા | વર્ષ ૨૦૧૨–૧૩માં કરેલ વધારા |
|---|---|---|---|---|---|
| ૨ | અનુ. જાતિ પૈકી અતિપછાત જાતિના વિદ્યાર્થીઓને ખાસ શિષ્યાવૃત્તિ | ધો–૧ થી ૭ | રૂા. ૪૫૦/– કુમાર<br>રૂા. ૬૦૦/– કન્યા | ધો–૧ થી ૧૦<br>રૂા. ૬૫૦/– | ધોરણ–૧ થી ૮<br>રૂા. ૭૫૦/– |
| | | ધો–૮ થી ૧૦ | રૂા. ૩૦૦/– કુમાર<br>રૂા. ૪૦૦/– કન્યા | | ધો–૯ થી ૧૦<br>રૂા. ૧૦૦૦/– |
| ૩ | અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલા વાલીના બાળકોને શિષ્યવૃત્તિ<br>(કેન્દ્ર પુરસ્કૃત યોજના) | ધો–૧ થી ૧૦ ડેસ્કોલર<br><br>ધો–૩ થી ૧૦ હોસ્ટેલર | રૂા. ૧૧૦૦/– વાર્ષિક<br>રૂા. ૭૫૦/– એડહોક<br>રૂા. ૭૦૦૦/– વાર્ષિક<br>રૂા. ૧૦૦૦/– એડહોક | | |
| ૪ | પૂર્વ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ (ધો–૯થી ૧૦) (કેન્દ્ર પુરસ્કૃત યોજના) | ધો–૯ થી ૧૦ ડેસ્કોલર<br><br>ધો–૯ થી ૧૦ હોસ્ટેલર | | | રૂા. ૧૫૦૦/– વાર્ષિક<br>રૂા. ૭૫૦/– એડહોક<br>રૂા. ૩૫૦૦/– વાર્ષિક<br>રૂા. ૧૦૦૦/– એડહોક |

**અમદાવાદ જિલ્લામાં ઘર દીવડા યોજના હેઠળ મહિલાઓને આર્થિક સહાય**

* ૭૪૯૨ **ડાં. નિર્મલાબેન સુ. વાધવાણી (નરોડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ ઘર દીવડા યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં કેટલી મહિલાઓને આર્થિક સહાય પૂરી પાડવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧)

| ક્રમ | વર્ષ | લાભાર્થી મહિલાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | ૧૫૭ |
| ૨ | ૨૦૧૩–૧૪ (તા.૩૧–૧૨–૨૦૧૩ સુધી) | ૮૪ |
| | **કુલ સંખ્યા** | **૨૪૧** |

(૨)

| ક્રમ | વર્ષ | ચુકવેલ સબસીડી રકમ |
|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | ૭,૭૯,૦૯૨/- |
| ૨ | ૨૦૧૩–૧૪ (તા.૩૧–૧૨–૨૦૧૩ સુધી) | ૬,૦૩,૨૫૦/- |
| | **કુલ સંખ્યા** | **૧૩,૮૨,૩૪૨** |

---------

**વડોદરા જિલ્લાની આંગણવાડીઓ માટે નવા મકાનો**

* ૭૪૩૮ **શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૩ની

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૩ની

સ્થિતિએ કેટલી આંગણવાડીઓના મકાનો છે,

(૨) વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં તા. ૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં કેટલી આંગણવાડી માટે નવા મકાનો મંજૂર કરવામાં આવ્યા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા મકાનો પૂર્ણ કરવામાં આવ્યા?

સ્થિતિએ કુલ ૧૧૪૩ આંગણવાડીઓના મકાનો છે.

(૨) વર્ષ ૨૦૧૨–૧૩માં ૧૨૧ અને ૨૦૧૩–૧૪માં ૫૩ આંગણવાડી માટે નવા મકાનો મંજૂર કરવામાં આવ્યા છે.

(૩) ઉક્ત સ્થિતિએ ૩૨ મકાનો પુર્ણ કરવામાં આવ્યા છે.

---------

### વલસાડ જિલ્લાની આશ્રમ શાળાઓમાં મંજૂર મહેકમ સામે શિક્ષકોની ઘટ

* ૬૯૦૬ **શ્રી ઈશ્વરભાઈ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં આવેલી આશ્રમ શાળાઓમાં ધોરણ–૮ ના વર્ગો છેલ્લા બે વર્ષમાં ક્યારથી શરૂ કરવામાં આવ્યા,

(૨) આ શરૂ થયેલ વર્ગોમાં મહેકમ મંજૂર થયેલ સામે કેટલા શિક્ષકોની ઘટ છે, અને

(૩) આ ઘટ ક્યાં સુધીમાં પૂરી કરવામાં આવશે?

**જવાબ**

(૧) આશ્રમશાળાઓમાં ધોરણ–૮ના વર્ગો શરૂ કરવાની નીતિ વિષયક બાબત વિચારણા હેઠળ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### જૂનાગઢ જિલ્લામાં ઈકોટુરીઝમના વિકાસ માટેની યોજના

* ૭૪૬૪ **શ્રી રાજેશભાઇ ના. ચુડાસમા(માંગરોળ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વન વિભાગ દ્વારા જુનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં તા. ૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં ઈકોટુરીઝમના વિકાસ માટેની કોઈ યોજના અમલમાં મૂકવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજનામાં જૂનાગઢ જિલ્લાના કયા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને

(૩) આ યોજના પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| ક્રમ | સ્થળ |
|---|---|
| (૧) | સિંહ સદન ગેસ્ટ હાઉસ (સાસણ ગીર) |
| (૨) | મગર ઉછેર કેન્દ્ર/ પ્રકૃતિ શિક્ષણ શિબિર કેમ્પ સાઈટ (સાસણ ગીર) |
| (૩) | આયુર્વેદિક ગાર્ડન (સાસણ ગીર) |
| (૪) | ગીર પરિચય ખંડ (દેવળીયા) |
| (૫) | તુલસીશ્યામ જસાધાર પ્રવાસન સંકુલ (ઉના તાલુકાના ચીખલકુબા ખાતે) |

(૩)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૪૨.૪૪ |
| ૨૦૧૩–૧૪ | ૨૧૨.૮૪ |
| (તા. ૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં) | |
| **કુલ** | **૨૫૫.૨૮** |

---------

### કચ્છ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત રોપાનું વાવેતર

* ૭૪૫૦ **શ્રી તારાચંદ જ. છેડા(માંડવી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં તા. ૩૧–૧૨–

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૨–૧૩ માં ૪.૦૬ લાખ રોપા અને ૨૦૧૩–૧૪માં

૨૦૧૩ સુધીમાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત કેટલા રોપાનું વાવેતર કરેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

તા. ૩૧-૧૨-૨૦૧૩ સુધીમાં ૩.૫૩ લાખ રોપા મળીને કૂલ ૭.૫૯ લાખ રોપાનું વાવેતર કરેલ છે. તાલુકાવાર વિગતો સામેલ **પત્રક** મુજબ છે.

(૨) ઉક્ત સ્થિતિએ તેની પાછળ વર્ષ ૨૦૧૨-૧૩ માં રૂ. ૧૯૪.૮૫ લાખ અને વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂ. ૧૨૦.૭૨ લાખ મળી કૂલ રૂ. ૩૧૫.૫૭ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. તાલુકાવાર વિગતો સામેલ **પત્રક** મુજબ છે.

**પત્રક**

| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | વર્ષ | વાવેતર કરેલ રોપા (લાખમાં) | કુલ વાવેતરનો ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૧ | કચ્છ | ભુજ | ૨૦૧૨-૧૩ | ૦.૬૬ | ૩૧.૩૩ |
| ૨ | | નખત્રાણા | | ૦.૫૧ | ૨૬.૪૩ |
| ૩ | | ભચાઉ | | ૦.૪૨ | ૨૧.૬૫ |
| ૪ | | માંડવી | | ૦.૬૨ | ૩૭.૦૪ |
| ૫ | | અબડાસા | | .૦૩૯ | ૨૧.૧૩ |
| ૬ | | લખપત | | ૦.૨૩ | ૭.૧૫ |
| ૭ | | અંજાર | | ૦.૪૧ | ૨૦.૮૪ |
| ૮ | | રાપર | | ૦.૪૨ | ૧૭.૭૫ |
| ૯ | | મુન્દ્રા | | ૦.૪૦ | ૧૧.૫૩ |
| **કુલ વર્ષ ૨૦૧૨-૧૩** | | | | **૪.૦૬** | **૧૯૪.૮૫** |
(૧) રાજકોટ જિલ્લામાં મંજૂર કરવામાં આવેલ આંગણવાડીઓની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર કરેલ આ.વા.ની સંખ્યા |
|---|---|---|
| ૧ | વાંકાનેર | ૯ |
| ૨ | રાજકોટ | ૧૩ |
| ૩ | મોરબી | ૧૦ |
| | **કુલ** | **૩૨** |

(૨) તાલુકાવાર નવી આંગણવાડીઓ શરૂ કરવાની માંગણી પડતર છે, અને

(૧) તાલુકાવાર નવી આંગણવાડીઓ શરૂ કરવાની પડતર માંગણી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | માંગણી કરેલ આ.વા.ની સંખ્યા |
|---|---|---|
| ૧ | વાંકાનેર | ૨૬ |
| ૨ | રાજકોટ | ૩૨ |
| ૩ | મોરબી | ૩૪ |
| | **કુલ** | **૯૨** |

(૩) આ નવી આંગણવાડીઓ કેટલા સમયમાં મંજૂર કરવામાં આવશે ?

(૩) આંગણવાડીઓની દરખાસ્ત મંજુરી અર્થે તા. ૧૨-૨-૨૦૧૪ નાં રોજ ભારત સરકારને મોકલાવેલ છે.

---------

**કલોલ તાલુકામાં આંગણવાડી કાર્યકરોની ખાલી જગ્યાઓ**

* ૭૮૧૬ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૩ની સ્થિતિએ કલોલ તાલુકામાં આંગણવાડી કાર્યકરોની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ કલોલ તાલુકામાં આંગણવાડી કાર્યકરોની ૩ જગ્યાઓ ખાલી છે.

(૨) આ જગ્યાઓ ઉપર નવી નિમણૂંક ક્યારે આપવામાં આવશે ?

(૨) બનતી ત્વરાએ.

---------

**અમદાવાદ જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ ચૂકવેલ રકમ**

* ૭૮૮૨ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૧) ૧૯૯ અરજીઓ

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૨) ૧૪૪ અરજીઓ મંજૂર.

અને

(૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? (૩) રૂ. ૭૨.૦૦ લાખ.

---------

**રાજ્યમાં આંગણવાડી વર્કર અને તેડાગર બહેનોને સાડી આપવાની યોજના**

* ૭૯૬૩ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં આંગણવાડી વર્કર અને તેડાગર બહેનોને સાડી આપવાની યોજના કયા વર્ષમાં શરૂ કરવામાં આવી, અને

(૨) આ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ કયા હેડે ફાળવવામાં આવી ?

**જવાબ**

(૧) રાજ્યમાં આંગણવાડી વર્કર અને તેડાગર બહેનોને સાડી આપવાની યોજના વર્ષ ૨૦૦૭–૨૦૦૮માં શરૂ કરવામાં આવી.

(૨) આ યોજના અંતર્ગત, ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩ ના વર્ષમાં વર્ષવાર/હેડવાર સરકારશ્રી તરફથી ફાળવવામાં આવેલ રકમની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | સદર | ફાળવેલ રકમ (રૂપિયા લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૧–૧૨ | ૧૦૬–૨૨૩૬–૦૨–૮૦૦ (૧) સં.બા.વિ.યો. (૯૦% કેન્દ્રીય પુરસ્કૃત યોજના નોન પ્લાન | રૂા. ૨૨૫.૦૦ લાખ |
| | | ૯૬–૨૨૩૬–૦૨–૭૯૬ આદિજાતિ પેટા વિસ્તાર યોજના (૧) સં.બા.વિ.યો. (૯૦% કેન્દ્રીય પુરસ્કૃત યોજના નોન પ્લાન | રૂા. ૯૬.૩૮ લાખ |
| | | ૧૦૬–૨૨૩૬–૦૨–૮૦૦ (૧) સં.બા.વિ.યો. (૯૦% કેન્દ્રીય પુરસ્કૃત યોજના નોન પ્લાન કુલ રકમ | રૂા. ૨૯૯.૨૭ લાખ<br>રૂા. ૬૨૧.૦૭ લાખ |
| ૨ | ૨૦૧૨–૧૩ | ૯૬–૨૨૩૬–૦૨–૭૯૬ આદિજાતિ પેટા વિસ્તાર યોજના (૧) સં.બા.વિ.યો. (૯૦% કેન્દ્રીય પુરસ્કૃત યોજના જનરલ પ્લાન | રૂા. ૯.૮૨ લાખ |
| | | ૯૬–૨૨૩૬–૦૨–૭૯૬ આદિજાતિ પેટા વિસ્તાર યોજના (૧) સં.બા.વિ.યો. (૯૦% કેન્દ્રીય પુરસ્કૃત યોજના નોન પ્લાન | રૂા. ૮૮.૩૬ લાખ |
| | | ૧૦૬–૨૨૩૬–૦૨–૮૦૦ (૧) સં.બા.વિ.યો. (૯૦% કેન્દ્રીય પુરસ્કૃત યોજના નોન પ્લાન | રૂા. ૨૬૭.૫૬ લાખ |
| | | ૧૦૬–૨૨૩૬–૦૨–૮૦૦ (૧) સં.બા.વિ.યો. (૯૦% કેન્દ્રીય પુરસ્કૃત યોજના જનરલ પ્લાન | રૂા. ૨૯.૭૩ લાખ |
| | | ૧૦૬–૨૨૩૬–૦૨–૧૦૧–એનટીઆર–૧૨–પ્લાન (૧૦૦ % સ્ટેટ બર્ડન) | રૂા. ૨૨૨.૪૨ લાખ |
| | | **કુલ રકમ** | **૬૧૭.૮૯ લાખ** |

---------

## ભાવનગર જિલ્લાની આંગણવાડીઓમાં ગેસ કનેકશન

* ૭૪૪૩ **ડૉ. ડી. ટી. માણીયા(બોટાદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની ભાવનગર જિલ્લામાં કુલ કેટલી આંગણવાડીઓમાં ગેસ કનેકશન હયાત છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ માટે કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) બાકીની આંગણવાડીઓમાં ગેસ કનેકશન ક્યારે આપવામાં આવશે ?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં કુલ ૧૯૪૧ ગેસ કનેક્શન હયાત છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ માટે કુલ રૂ. ૬૦.૧૮ લાખનો ખર્ચ થયેલ છે.

(૩) બનતી ત્વરાએ.

---------

## મહેસાણા જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ ચૂકવેલ સહાય

* ૭૪૮૪ **શ્રી ભરતસિંહજી ચં. ડાભી(ખેરાલુ) : માનનીય સામાજિક ન્યાય ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને કેટલી અરજીઓ ના મંજૂર કરવામાં આવી,

(૩) કેટલી અરજીઓ પડતર છે, અને

(૪) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન આ યોજના હેઠળ કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧)

| **ક્રમ** | **તાલુકો** | **મળેલ અરજીઓ** |
|---|---|---|
| (૧) | મહેસાણા | ૬૮ |
| (૨) | કડી | ૫૭ |
| (૩) | વિસનગર | ૨૧ |
| (૪) | વિજાપુર | ૫૧ |
| (૫) | ઉંઝા | ૨૮ |
| (૬) | વડનગર | ૨૮ |
| (૭) | ખેરાલુ | ૨૪ |
| (૮) | સતલાસણા | ૦૮ |
| (૯) | બેચરાજી | ૧૬ |
| | **કુલ** | **૩૦૧** |

(૨) ૨૮૭ –અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.
૧૪– અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) રૂ. ૧૪,૬૨,૫૦૦/–

---------

## દહેગામના ખેડૂતોને ઉભા પાકને પ્રાણીઓથી થતું નુકસાન

* ૭૯૫૬ **શ્રીમતી કામીનીબા ભુ. રાઠોડ (દહેગામ) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ખેતરોમાં નીલગાય, ભૂંડ તેમજ અન્ય વન્ય પ્રાણીઓ ઉભા પાકને નુકસાન પહોંચાડે છે તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો દહેગામ તાલુકામાં ખેડૂતોના ઉભા પાકને ઉક્ત સ્થિતિએ બચાવવા માટે સરકારે કોઈ વિચારણા કરેલ છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ માટે વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંક : ડબલ્યુએલપી/૨૦૦૫/૪૯૧/ગ.૧, તા. ૨૦–૦૫–૨૦૦૫થી ખેડુતોના ખેતરની આસપાસ કાંટાળા તારની વાડ બનાવવા માટે ૫૦% નાણાકીય સહાય આપવાની જોગવાઈ કરવામાં આવી છે.

(૩) ઉક્ત સ્થિતિએ વન્ય પ્રાણીઓ દ્વારા ખેડૂતોના પાકને થતા નુકસાનનું વળતર ચૂકવવા કયા પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે ?

(૩) હાલમાં આવી કોઈ યોજના અમલમાં નથી.

---------

**રાજ્યમાં ઉગતા અને પ્રતિભાશાળી દિગ્દર્શકોને યોજનાનો લાભ**

* ૭૩૮૧ **શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ઉગતા અને પ્રતિભાશાળી દિગ્દર્શકો માટે રાજ્ય સરકારે કોઈ યોજના અમલમાં મૂકેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજ્યમાં ઉગતા અને પ્રતિભાશાળી દિગ્દર્શકોને પ્રોત્સાહન આપવા માટે નવા નાટકો તૈયાર કરવાના પ્રોડક્શન ખર્ચને પહોંચી વળવા સહાય આપવામાં આવે છે. જેના કારણે સાંપ્રત સામાજિક બદલાવને રંગમંચના માધ્યમથી સમાજ સમક્ષ મુકી શકાય. રંગમંચ કલા એ સમાજનો અસરકારક અરીસો બની શકે તે માટે નવા દિગ્દર્શકોને સહાય આપવામાં આવે છે. ચાલુ વર્ષ ૪ દિગ્દર્શકોને સહાય આપી પ્રોત્સાહન આપવામાં આવેલ છે. ગત વર્ષ ૬–દિગ્દર્શકોને સહાય આપેલ છે.

---------

**ભરૂચ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ અપાયેલ રકમ**

* ૭૪૨૬ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં તા. ૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં કુંવરબાઈનું મામેરૂં યોજનાનો કેટલા આદિજાતિના લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **લાભાર્થીઓની સંખ્યા** |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૧૫૪ |
| ૨૦૧૩–૧૪ | ૧૨૮ |

(તા. ૩૧–૧૨–૨૦૧૩ સુધી)

(૨)

| **વર્ષ** | **સહાયની રકમ** |
|---|---|
| ૨૦૧૨–૧૩ | રૂ. ૧૫,૪૦,૦૦૦ |
| ૨૦૧૩–૧૪ | રૂ. ૧૨,૮૦,૦૦૦ |

(તા. ૩૧–૧૨–૨૦૧૩ સુધી)

---------

**વડોદરા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ ચૂકવેલ સહાય**

* ૭૪૮૫ **શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે;

**જવાબ**

(૧)

| **ક્રમ** | **તાલુકાનુંનામ** | **મળેલ અરજીઓ** |
|---|---|---|
| (૧) | વડોદરા | ૨૧૬ |
| (૨) | કરજણ | ૧૫ |
| (૩) | સાવલી | ૧૪ |

| | | |
|---|---|---|
| (૪) | પાદરા | ૨૭ |
| (૫) | શિનોર | ૮ |
| (૬) | વાઘોડીયા | ૪ |
| (૭) | ડભોઈ | ૨૪ |
| (૮) | સંખેડા | ૨૫ |
| (૯) | જેતપુર-પાવી | ૬ |
| (૧૦) | નસવાડી | ૩ |
| (૧૧) | છોટા ઉદેપુર | ૬ |
| (૧૨) | કવાંટ | ૨ |
| | **કુલ** | **૩૫૦** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી;

(૨) તે પૈકી ૩૦૭ અરજીઓ મંજૂર કરવામાં આવી તથા ૨૮ અરજીઓ નામંજૂર કરવામાં આવી.

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) ૧૫ અરજી પડતર છે.

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન આ યોજના હેઠળ કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૪) છેલ્લા બે વર્ષ દરમ્યાન આ યોજના હેઠળ રૂા. ૩૫,૨૦,૦૦૦/- સહાય ચૂકવવામાં આવી.

(૧) તા. ૧-૧-૧૨થી તા. ૩૧-૧૨-૧૨ રૂ. ૧૧,૪૦,૦૦૦/-
(૨) તા. ૧-૧-૧૩થી તા. ૩૧-૧૨-૧૩ રૂ. ૨૩,૮૦,૦૦૦/-
કુલ રૂ. ૩૫,૨૦,૦૦૦/-

---------

**નર્મદા જિલ્લાની આંગણવાડીઓમાં ગેસ કનેકશન બાબત**

* ૭૯૯૮ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં કેટલી આંગણવાડીઓમાં ગેસ કનેકશન હયાત છે,

(૧) નર્મદા જિલ્લામાં કુલ ૯૪૩ આંગણવાડી કેન્દ્રોમાં ગેસ કનેક્શન હયાત છે.

(૨) ઉક્ત સ્થિતિએ આ પાછળ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ. ૧૦.૭૩ લાખ (અંકે રૂપિયા દસ લાખ તોતેર હજાર પુરા)નો આ પાછળ ખર્ચ થયેલ છે.

(૩) બાકીની આંગણવાડીઓમાં ગેસ કનેકશન માટે શું આયોજન છે ?

(૩) બનતી ત્વરાએ

---------

**વડોદરા જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ બક્ષીપંચના વિદ્યાર્થીઓની અરજીઓ**

* ૭૪૭૧ **શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪ માં તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી છે,

(૧) ૦૯

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને નામંજૂર કરવામાં આવી, અને

(૨) ૦૪-અરજી મંજૂર
૦૧-અરજી નામંજૂર

(૩) અરજીઓ નામંજૂર કરવાના કારણો શું છે ?

(૩) શૈક્ષણિક લાયકાત સામાન્ય તેમજ વિશેષ યોગ્યતા ન હોવાથી.

---------

**જામનગર જિલ્લામાં દરિયા કિનારે ચેરનું વાવેતર**

* ૭૪૫૭ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ | | |
|---|---|---|---|
| (૧) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૧૨, ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં તા. ૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં દરિયા કિનારે ચેરનું કેટલું વાવેતર થયું, અને | (૧) | **વર્ષ** | **વાવેતર વિસ્તાર હે.** |
| | | ૨૦૧૧–૧૨ | ૨૬૮૫ |
| | | ૨૦૧૨–૧૩ | ૧૭૭૩ |
| | | ૨૦૧૩–૧૪ (તા. ૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં) | ૮૨૦ |
| | | **કુલ** | **૫૨૭૮** |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) | **વર્ષ** | **ખર્ચ (રૂ. લાખમાં)** |
| | | ૨૦૧૧–૧૨ | ૪૬૭.૦૯ |
| | | ૨૦૧૨–૧૩ | ૨૫૭.૬૨ |
| | | ૨૦૧૩–૧૪ (તા. ૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં) | ૧૩૧.૨૫ |
| | | **કુલ** | **૮૫૫.૯૬** |

---------

**અમદાવાદ જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ ચૂકવેલ સહાય**

* ૭૪૮૩ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં સત્યવાદી હરીશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|---|
| (૧) | સીટી | ૧૧૫૧ |
| (૨) | ધોળકા | ૮૩ |
| (૩) | ધંધુકા | ૫૫ |
| (૪) | સાણંદ | ૧૬ |
| (૫) | બાવળા | ૨૭ |
| (૬) | બરવાળા | ૧૨ |
| (૭) | વિરમગામ | ૪૧ |
| (૮) | દશક્રોઈ | ૨૧ |
| (૯) | દેત્રોજ | ૩૪ |
| (૧૦) | માંડલ | ૨૬ |
| (૧૧) | રાણપુર | ૦૬ |
| | **કુલ** | **૧૪૭૨** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને કેટલી ના મંજૂર કરવામાં આવી,

(૨) ૧૪૫૬ અરજીઓ મંજૂર
૧૬ અરજીઓ નામંજૂર

(૩) કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરિમયાન આ યોજના હેઠળ કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૪) રૂ. ૬૪,૭૫,૦૦૦/–

---------

**આણંદ જિલ્લામાં વિધવા સહાય પેન્શન યોજના**

* ૭૫૪૭ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર રાજ્ય/રાષ્ટ્રીય પેન્શન યોજના હેઠળ કેટલી વિધવા સહાય અરજીઓ મળી,

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર રાજ્ય /રાષ્ટ્રીય પેન્શન યોજના હેઠળ નીચે મુજબ વિધવા સહાયની અરજીઓ મળી.

| ક્રમ | તાલુકાનું નામ | કુલ મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | આણંદ શહેર | ૧૨૭ |

| | | |
|---|---|---|
| ર | આણંદ ગ્રામ્ય | ર૩૬ |
| ૩ | ઉમરેઠ | ૧૩૯ |
| ૪ | બોરસદ | ૧૫૭ |
| ૫ | આંકલાવ | ૧૬૯ |
| ૬ | પેટલાદ | ૩૦૪ |
| ૭ | સોજીત્રા | ૬૭ |
| ૮ | ખંભાત | ૧૪૪ |
| ૯ | તારાપુર | ૧૮૩ |
| | **કુલ** | **૧૫ર૬** |

(ર) મળેલ અરજીઓ પૈકી કેટલી મંજૂર થઈ, અને કેટલી સહાય ચૂકવવામાં આવી, અને

(ર) મળેલ અરજીઓ પૈકી નીચે મુજબ મંજૂર થઈ અને સહાય ચૂકવવામાં આવી.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **કુલ મંજૂર કરેલ અરજીઓ** | **ચૂકવાયેલ રકમ રૂ. લાખમાં** |
|---|---|---|---|
| ૧ | આણંદ શહેર | ૯૪ | ૧૧૫.૮ર |
| ર | આણંદ ગ્રામ્ય | ૧૭૦ | ૧૪૩.૫૦ |
| ૩ | ઉમરેઠ | ૧ર૭ | ૧૫૦.૬૧ |
| ૪ | બોરસદ | ૧૦ર | ૧૫૦.૪૯ |
| ૫ | આંકલાવ | ૫૫ | ૧૬ર.૧૯ |
| ૬ | પેટલાદ | ર૬૧ | ૩૯.૯૮ |
| ૭ | સોજીત્રા | ૩૭ | ૫ર.૪૧ |
| ૮ | ખંભાત | ૯૮ | ૭૦.૧ર |
| ૯ | તારાપુર | ૧૧૭ | ૪૫.૫૦ |
| | **કુલ** | **૧૦૬૧** | **૯૩૦.૬ર** |

(૩) બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં ઉકેલ લાવવામાં આવશે ?

(૩) બનતી ત્વરાએ

---------

## કચ્છ જિલ્લામાં વિકસતી જાતિની કન્યાઓને સાયકલ વિતરણ

* ૭૪૭૫ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં વર્ષ ર૦૧૩–૧૪ માં તા.૩૧–૧ર–ર૦૧૩ સુધીમાં વિકસતી જાતિની કન્યાઓની સાયકલ મેળવવા કેટલી અરજીઓ આવી,

(ર) તે પૈકી કેટલી કન્યાઓને કેટલી સાયકલો આપવામાં આવી, અને

(૩) બાકી રહેલ કન્યાઓને ક્યારે સાયકલો આપવામાં આવશે ?

**જવાબ**

(૧) ર,૦ર૪

(ર) ૧,૯૫૧ કન્યાઓને સાયકલો આપવામાં આવી.

(૩) ૭૩ કન્યાઓની અરજીઓ ના મંજૂર કરેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## સુરત શહેર અને જિલ્લામાં કૂપોષણથી પીડાતા બાળકો

* ૭૮૯૭ **શ્રી પરભુભાઇ વસાવા(માંડવી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧ર–ર૦૧૩ની સ્થિતિએ સુરત શહેર અને જિલ્લામાં તાલુકાવાર કૂપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧ર–ર૦૧૩ની સ્થિતિએ સુરત શહેર અને જિલ્લામાં તાલુકાવાર અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા નીચે મુજબ છે.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **ઘટકનું નામ** | **અતિ ઓછા વજનવાળા** |
|---|---|---|---|

| | | | બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | મહુવા | મહુવા | **૧૦૬** |
| ૨ | માંડવી | માંડવી-૧ | **૧૩૨** |
| ૩ | | માંડવી-૨ | **૧૨૦** |
| ૪ | માંગરોળ | માંગરોળ | **૧૨૬** |
| ૫ | | બારડોલી | **૭૯** |
| ૬ | બારડોલી | બારડોલી-૨ | **૧૦૨** |
| ૭ | ઓલપાડ | ઓલપાડ-૧ | **૧૬૪** |
| ૮ | ચોર્યાસી | ચોર્યાસી-૧ | **૨૬** |
| ૯ | | ચોર્યાસી-૨ | **૩૪** |
| ૧૦ | કામરેજ | કામરેજ | **૮૮** |
| ૧૧ | પલસાણા | પલસાણા | **૮૪** |
| ૧૨ | ઉમરપાડા | ઉમરપાડા | **૧૧૫** |
| **ગ્રામ્ય સરવાળો** | | | **૧૧૭૬** |
| ૧૩ | સુરત મહાનગરપાલિકા | સુરત-૧ | **૩૭૩** |
| | | સુરત-૨ | **૮૫૧** |
| | | સુરત-૩ | **૮૪૯** |
| | | સુરત-૪ | **૪૮૫** |
| | | સુરત-૫ | **૭૦૮** |
| **શહેરી સરવાળો** | | | **૩૨૬૬** |
| **સુરત જિલ્લા સરવાળો** | | | **૪૪૪૨** |

(૨) આ કૂપોષણ દૂર કરવા સરકારે શા પગલાં લીધા?

(૨) **કુપોષણ નાબુદી અંગે રાજ્ય સરકાર દ્વારા લેવાયેલ પગલાંઓ**

(૧) છ માસથી ત્રણ વર્ષના બાળકોને નિદર્શક ભોજન તેમજ ટીએચઆર આપવામાં આવે છે.

(૨) ત્રણ થી છ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અઠવાડિયામાં બે દિવસ ફળ, બપોરનો પોષક ગરમ આહાર આપવામાં આવે છે.

(૩) આંગણવાડી ખાતેના ઓછા વજન વાળા બાળકોને ટેક હોમ રેશન તરીકે ત્રીજા ભોજનમાં લાડુ આપવામાં આવે છે. અતિ ઓછા વજનવાળા કુપોષિત બાળકોને વધારાના ખોરાક ટેક હોમ રેશન તરીકે આપવામાં આવે છે.

(૪) મીશન બલમ સુખમ અતર્ગત ત્રીસ્તરીય સેવાઓનું આયોજન કરવામાં આવેલ છે. અતિ ઓછા વજનવાળા કુપોષિત બાળકોને વધારાનું ખોરાક ટેક હોમ રેશન તરીકે આપવામાં આવે છે.

(૫) પોષણ શિક્ષણ માટે ન્યુટ્રીશન વોર્લેન્ટીયરની નિમણૂંક કરવામાં આવેલ છે.

(૬) અન્ય વિભાગો જેવા કે આરોગ્ય, પંચાયત, શિક્ષણ, શહેરી વિકાસ વિ. સાથે સંકલન કરવામાં આવેલ છે.

(૭) જન જાગૃતિ માટે પ્રચાર પ્રસારની કામગીરી કરવામાં આવે છે.

(૯) લોકભાગીદારી.

---------

## બનાસકાંઠા જિલ્લાની આદર્શ નિવાસી શાળાઓમાં ખાલી જગ્યાઓ

* ૭૭૦૧ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) :** તા.૩-૧૦-૨૦૧૩ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૬૪૪૦ (અગ્રતા-૪) ના અનુસંધાને **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના દાંતા, અંબાજી તથા અમીરગઢ ખાતેની આદર્શ નિવાસી શાળાઓમાં તા.૩૦-

**જવાબ**

(૧) અંબાજી ખાતે ઉચ્ચતર માધ્યમિક શિક્ષકની એક અને કલાર્કની એક જગ્યા ભરવામાં આવી.

૬–૨૦૧૩ની સ્થિતિએ આચાર્ય વર્ગ–૨ની બે, ઉચ્ચ માધ્યમિક શિક્ષકની ચાર, આસી.લેડી, સુપ્રીટેન્ડની બે, કલાર્કની છ અને એકાઉન્ટન્ટની ત્રણ જગ્યાઓ ખાલી હતી, તે પૈકી કેટલી જગ્યાઓ તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ શાળાવાર ભરવામાં આવી,

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે, તેમજ ખાલી રહેવાના શા કારણો છે, અને

(૨) **પત્રક– ''અ''** સામેલ છે.
વહીવટી કારણોસર ખાલી છે.

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવનાર છે ?

(૩) શક્ય તેટલી વહેલી તકે.

**પત્રક–અ**

| અ.નં. | આદર્શ નિવાસી શાળાનું નામ | મંજૂર થયેલ જગ્યાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| ૧ | આદર્શ નિવાસી શાળા, દાંતા | આચાર્ય વર્ગ–૨ | ૧ |
| | | ઉ.મા. શિક્ષક | ૨ |
| | | એકાઉન્ટન્ટ | ૧ |
| | | સીનીયર કલાર્ક | ૧ |
| | | જુનીયર કલાર્ક | ૧ |
| ૨ | આદર્શ નિવાસી શાળા, અંબાજી | ઉ.મા. શિક્ષક | ૧ |
| | | આસી. લેડી. સુપ્રિ. | ૧ |
| | | એકાઉન્ટન્ટ | ૧ |
| | | સીનીયર કલાર્ક | ૧ |
| | | જુનીયર કલાર્ક | ૧ |
| ૩ | આદર્શ નિવાસી શાળા, અમીરગઢ | આચાર્ય વર્ગ–૨ | ૧ |
| | | આસી. લેડી. સુપ્રિ. | ૧ |
| | | એકાઉન્ટન્ટ | ૧ |
| | | સીનીયર કલાર્ક | ૧ |

---------

**વન અધિનિયમ–૨૦૦૬ અન્વયે જમીનના અધિકાર પત્ર મેળવવા મળેલી અરજીઓ**

* ૭૬૬૬ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વન અધિકાર અધિનિયમ–૨૦૦૬ અન્વયે અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં તથા સાબરકાંઠાના ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકામાંથી જંગલ ખાતાની જમીનના અધિકારપત્ર મેળવવા માટે તાલુકાવાર કેટલી અરજી મળેલ છે,

(૧) એક પણ નહીં.

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી મંજૂર કરી, કેટલી નામંજૂર કરી તેમજ કેટલી અરજી પડતર છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉકત સ્થિતિએ અરજીઓ પડતર રહેવાના ક્યા કારણો છે, તથા તેનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ અરજીઓ**

* ૭૪૧૫ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

| | |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪ માં તા.૩૧-૧૨-૨૦૧૩ સુધીમાં વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી છે, | (૧) ૧૨ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને | (૨) ૦૨ અરજીઓ મંજૂર<br>૦૧ અરજી નામંજૂર |
| (૩) અરજીઓ નામંજૂર કરવાના કારણો શું છે ? | (૩) વિદેશ ગયા બાદની અરજી હોવાથી. |

---------

**જૂનાગઢ જિલ્લાની આંગણવાડીઓમાં ગેસ કનેકશન**

* ૭૪૪૪ **શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં કુલ કેટલી આંગણવાડીઓમાં ગેસ કનેકશન હયાત છે, | (૧) જુનાગઢ જિલ્લામાં કુલ ૨૫૮૮ ગેસ કનેકશન હયાત છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ માટે કેટલો ખર્ચ થયેલ છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ માટે કુલ રૂ. ૧૦૩.૨૧ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૩) બાકી આંગણવાડીઓમાં ગેસ કનેકશન ક્યારે આપવામાં આવશે? | (૩) બનતી ત્વરાએ. |

---------

**રાજ્યમાં કૂપોષણથી પીડાતા બાળકોને પૌષ્ટિક આહાર**

* ૭૮૯૬ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં કૂપોષણથી પીડાતા બાળકોને પૌષ્ટિક આહાર માટે કેવા પ્રકારનો નાસ્તો આપવામાં આવે છે, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં અતિ ઓછા વજનવાળા બાળકોને નીચે મુજબનો પૌષ્ટિક આહાર આપવામાં આવે છે.<br>(૧) નિર્દેક ભોજન-૬ માસથી ૩ વર્ષના બાળકો માટે આંગણવાડી ખાતે રાબ આપવામાં આવે છે.<br>(૨) આંગણવાડી કેન્દ્રો દ્વારા પ્રોટીન અને કેલેરીને ધ્યાનમાં રાખી સવારનો નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે.<br>(૩) આંગણવાડીમાં આવતાં ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને ત્રીજા ભોજન તરીકે લાડુ આપવામાં આવે છે.<br>(૪) ટ્રાયબલ વિસ્તારના ૬ જિલ્લાના ૧૦ ઘટકોમાં ૩ થી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં બે દિવસ ૧૦૦ એમ.એલ. દૂધ આપવામાં આવે છે.<br>(૫) કુપોષણથી પીડાતા એવા અતિ ઓછા વજનવાળા બાળકોને ૪ પેકેટ ઘરે લઈ જવા (THR) તરીકે આપવામાં આવે છે. |
| (૨) આ નાસ્તો સુખડી-શીરો તથા પેકેટમાં અપાતા નાસ્તા કઈ એજન્સી દ્વારા પૂરો પાડવામાં આવે છે, આ એજન્સીને ક્યારે આ કામ સોંપવામાં આવ્યું ? | (૨) સવારના નિદર્શક ભોજન તથા બપોરનો ગરમ આહાર આંગણવાડી વર્કર/હેલ્પર દ્વારા આંગણવાડી ઉપર બનાવી આપવામાં આવે છે. માતૃ મંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો તથા ત્રીજુ ભોજન ગ્રામ પંચાયત દ્વારા માતૃ મંડળ પાસે તૈયાર કરાવી બાળકોને આપવામાં આવે છે.<br>ભારત સરકારની માર્ગદર્શીકા મુજબ બનાસકાંઠા, |

સાબરકાંઠા, મહેસાણા, પાટણ, કચ્છ, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, વડોદરા, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ, ડાંગ, અમદાવાદ અને ગાંધીનગર એમ કુલ-૧૯ જિલ્લાઓમાં બાલ ભોગના (પ્રિમિક્ષ) પેકેટ મે. કોટા દાલ મિલ. કોટા તરફથી સપ્લાય કરવામાં આવે છે. અન્ય સાત જિલ્લાઓમાં જેમાં ભાવનગર, સુરેન્દ્રનગર, અમરેલી, જામનગર, જૂનાગઢ, રાજકોટ અને પોરબંદરનો સમાવેશ થાય છે, ત્યાં ભારત સરકારની ગાઈડ લાઈન મુજબના પેકેટ વિતરણ કરતાં ઉત્પાદકનો પુરવઠો બંધ થયેલ હોય ટેક હોમ રેશન તરીકે બાળકો, માતાઓ અને કિશોરીઓની દૈનિક કેલેરી અને પ્રોટીનની જરૂરીયાતને ધ્યાનમાં રાખી રાશનનો જથ્થો આંગણવાડી કેન્દ્રો પરથી વિતરણ કરવામાં આવે છે. પ્રિમિક્ષના વિતરણ અંગે તા. ૩-૨-૨૦૧૦ના રોજ કરાર કરવામાં આવેલ હતાં.

---------

**આણંદ જિલ્લામાં વિકસતી જાતિના બાળકોને ગણવેશ સહાય**

* ૭૪૯૩ **શ્રી દિલીપભાઇ મ. પટેલ(આણંદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪ માં તા.૩૧-૧૨-૨૦૧૩ સુધીમાં વિકસતી જાતિના બાળકોની ગણવેશ સહાય મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૨,૦૯,૩૦૧ |
| (૨) તે પૈકી કેટલા બાળકોને ગણવેશ સહાય ચૂકવવામાં આવી, અને | (૨) ૨,૦૯,૩૦૧ બાળકોને ગણવેશ સહાય ચૂકવવામાં આવી. |
| (૩) કુલ કેટલી રકમ ચૂકવી ? | (૩) કુલ રૂ. ૬,૨૭,૯૦,૩૦૦/- ની રકમ ચૂકવી. |

---------

**માંગરોળ અને ઉમરપાડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ વિભાગ દ્વારા રોપાનું વાવેતર**

* ૭૯૯૦ **શ્રી અજયકુમાર જે. ચોકસી(સુરત ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના માંગરોળ અને ઉમરપાડા તાલુકામાં વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ માં તા.૩૧-૧૨-૨૦૧૩ સુધીમાં ક્ષેત્રિય વનીકરણ વિભાગ દ્વારા કેટલા હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ માં તા. ૩૧-૧૨-૨૦૧૩ સુધીમાં નીચે મુજબ કૂલ ૪૬૬૮ હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| **અ.નં.** | **વર્ષ** | **તાલુકો** | **વાવેતર વિસ્તાર (હેકટરમાં)** |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૨-૧૩ | માંગરોળ | ૭૫૮ |
| ૨ | | ઉમરપાડા | ૧૩૯૦ |
| | | **કૂલ** | **૨૧૪૮** |
| ૧ | ૨૦૧૩-૧૪ | માંગરોળ | ૭૬૦ |
| ૨ | | ઉમરપાડા | ૧૭૬૦ |
| | | **કૂલ** | **૨૫૨૦** |

(૨) ઉકત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ

(૨) તેની પાછળ નીચે મુજબ કૂલ રૂ. ૧૪૬૩.૬૮

કરવામાં આવ્યો ?

લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

| અ.નં. | વર્ષ | તાલુકો | થયેલ ખર્ચ (રૂ. હેકટરમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૨-૧૩ | માંગરોળ | ૩૭૪.૬૯ |
| ૨ | | ઉમરપાડા | ૫૫૯.૦૪ |
| | | **કૂલ** | **૯૩૩.૭૩** |
| ૧ | ૨૦૧૩-૧૪ | માંગરોળ | ૧૬૧.૧૩ |
| ૨ | | ઉમરપાડા | ૩૬૮.૮૨ |
| | | **કૂલ** | **૫૨૯.૯૫** |

---------

## ભરૂચ જિલ્લામાં દરિયા કિનારે ચેરનું વાવેતર

* ૭૪૬૦ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૧-૧૨, ૨૦૧૨-૧૩, અને ૨૦૧૩-૧૪માં તા. ૩૧-૧૨-૨૦૧૩ સુધીમાં દરિયા કિનારે ચેરનું કેટલું વાવેતર થયું, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર વિસ્તાર હે. |
|---|---|
| ૨૦૧૧-૧૨ | ૧૨૨૫ |
| ૨૦૧૨-૧૩ | ૧૬૫૦ |
| ૨૦૧૩-૧૪ (તા. ૩૧-૧૨-૨૦૧૩ સુધીમાં) | ૯૫૦ |
| **કુલ** | **૩૮૨૫** |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૧-૧૨ | ૧૩૬.૩૨ |
| ૨૦૧૨-૧૩ | ૧૮૯.૯૮ |
| ૨૦૧૩-૧૪ (તા. ૩૧-૧૨-૨૦૧૩ સુધીમાં) | ૫૨.૧૧ |
| **કુલ** | **૩૭૮.૪૧** |

---------

## ખેડા જિલ્લામાં કુપોષણથી પિડીત બાળકો પાછળ થયેલ ખર્ચ

* ૬૯૫૭ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા નીચે પ્રમાણે છે.

| અ.નં. | તાલુકાનું નામ | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | માતર | ૨૧૬ |
| ૨ | બાલાસિનોર | ૧૯૧ |
| ૩ | ઠાસરા-૧ | ૭૩ |
| ૪ | ડાકોર | ૧૫૭ |
| ૫ | મહેમદાવાદ-૧ | ૨૫૫ |
| ૬ | મહેમદાવાદ-૨ | ૩૩ |
| ૭ | કપડવંજ-૧ | ૧૮૮ |
| ૮ | કપજવંજ-૨ | ૨૭૧ |
| ૯ | કઠલાલ | ૨૩૬ |

| | | |
|---|---|---|
| ૧૦ | નડીયાદ–૧ | ૯૦ |
| ૧૧ | નડીયાદ–૨ | ૧૪૭ |
| ૧૨ | મહુધા | ૪૪ |
| ૧૩ | વિરપુર | ૧૦૪ |
| ૧૪ | ખેડા | ૨૬૬ |
| | **કૂલ** | **૨૨૭૧** |

(૨) ઉક્ત સ્થિતિએ આવા બાળકોના કુપોષણ દૂર કરવા રાજ્ય સરકારે છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કર્યો?

(૨) અતિ ઓછા વજનવાળા બાળકોનું કુપોષણ દુર કરવા માટે સરકારે અનેક યોજનાઓ હાથ ધરી છે. છેલ્લા એક વર્ષમાં આ યોજનાઓ પાછળ રૂ઼. ૬૧.૩૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

## તાપી જિલ્લામાં વિદ્યા સાધના યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની કન્યાઓને સાયકલ આપવા બાબત

* ૮૦૦૨ **શ્રી કાંતીલાલભાઈ રે. ગામીત (નિઝર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૨–૧૩ અને વર્ષ ૨૦૧૩–૧૪ માં તા. ૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં તાપી જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અન્વયે વિદ્યા સાધના યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની અભ્યાસ કરતી કેટલી કન્યાઓને સાયકલ આપવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૨–૧૩માં ૨૭૧૩
વર્ષ ૨૦૧૩–૧૪માં ૧૩૫૧

(૨) વર્ષ ૨૦૧૨–૧૩માં રૂ.૬૬.૮૦ લાખ
વર્ષ ૨૦૧૩–૧૪માં રૂ. ૩૩.૨૬ લાખ

---------

## કામરેજ અને બારડોલી તાલુકામાં સામાજિક વનીકરણ યોજનામાં રોપાનું વાવેતર

* ૭૪૪૬ **શ્રી ઈશ્વરભાઈ ર. પરમાર(બારડોલી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના કામરેજ અને બારડોલી તાલુકામાં વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં તા. ૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત કેટલા રોપાનું વાવેતર કરેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં તા. ૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં નીચે મુજબ કૂલ–૨.૩૯ લાખ રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| અ.નં. | વર્ષ | તાલુકો | કરેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | કામરેજ | ૦.૬૫ |
| ૨ | | બારડોલી | ૦.૪૬ |
| | | **કૂલ** | **૧.૧૧** |
| ૧ | ૨૦૧૩–૧૪ | કામરેજ | ૦.૬૧ |
| ૨ | | બારડોલી | ૦.૬૭ |
| | | **કૂલ** | **૧.૨૮** |

(૨) ઉક્ત સ્થિતિએ તેની પાછળ નીચે મુજબ કૂલ રૂ. ૭૯.૦૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

| અ.નં. | વર્ષ | તાલુકો | વાવેતર કરેલ રોપા (લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | કામરેજ | ૨૬.૦૯ |
| ૨ | | બારડોલી | ૧૬.૨૪ |
| | | **કૂલ** | **૪૨.૩૩** |
| ૧ | ૨૦૧૩–૧૪ | કામરેજ | ૧૫.૬૨ |
| | | બારડોલી | ૨૧.૦૮ |
| | | **કૂલ** | **૩૬.૭૦** |

| | | | |
|---|---|---|---|
| | **કુલ એકંદર** | | **૭૯.૦૩** |

---------

**નવસારી જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજનાનો આદિજાતિના લાભાર્થીઓને લાભ**

* ૮૦૦૭ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૧૨-૧૩, અને ૨૦૧૩-૧૪માં તા. ૩૧-૧૨-૨૦૧૩ સુધીમાં કુંવરબાઇનું મામેરૂં યોજનાનો લાભ કેટલા આદિજાતિના લાભાર્થીઓને આપવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧)

| વર્ષ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૪૭૭ |
| ૨૦૧૩-૧૪ (તા. ૩૧-૧૨-૨૦૧૩ સુધી) | ૧૭૧ |

(૨)

| વર્ષ | સહાયની રકમ |
|---|---|
| ૨૦૧૨-૧૩ | રૂ. ૪૭,૬૫,૦૦૦ |
| ૨૦૧૩-૧૪ (તા. ૩૧-૧૨-૨૦૧૩ સુધી) | રૂ. ૧૭,૧૦,૦૦૦ |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોને સ્મશાન સગડી આપવા બાબત**

* ૭૪૬૮ **શ્રી કિરીટસિંહ જી. રાણા (લીંબડી) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં તા. ૩૧-૧૨-૨૦૧૩ સુધીમાં સુરેન્દ્રનગર જિલ્લામાં બળતણ બચાવવા સારૂ કેટલી ગ્રામ પંચાયતો તરફથી સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવા માટેની અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ ની સ્થિતિએ વર્ષવાર નીચે મુજબ અરજીઓ મળી

| અ.નં. | વર્ષ | મળેલ અરજીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૨-૧૩ | ૫ |
| ૨ | ૨૦૧૩-૧૪ | ૪ |
| | **એકંદરે કૂલ** | **૯** |

(૨) મળેલ તમામ ૦૯ (નવ) અરજીઓ મંજૂર કરી.

(૩) સને ૨૦૧૨-૧૩ માં કૂલ રૂ. ૧.૬૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે અને સને ૨૦૧૩-૧૪ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ કોઈ ખર્ચ કરેલ નથી.

---------

**રાજ્યમાં કાર્યરત આંગણવાડીઓ બાબત**

* ૭૯૬૬ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ રાજ્યની વસ્તીના ધોરણે રાજ્યમાં કેટલી આંગણવાડીઓની જરૂરિયાત છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી

**જવાબ**

(૧) ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ ગ્રામ્ય વિસ્તારોમાં ૪૦૦ થી ૮૦૦ની વસ્તીએ એક આંગણવાડી અને ૧૫૦ થી ૪૦૦ની વસ્તીએ એક મીની આંગણવાડી કેન્દ્ર મંજૂર કરવાનું થાય છે. શહેરી વિસ્તારના અર્બન સ્લમ વિસ્તારને ધ્યાને લેવામાં આવે છે. જે અનુસાર આંગણવાડીની જરૂરીયાત અંદાજ કરવામાં આવે છે. આદિજાતિ, કોતાર, ખાણ પ્રદેશ, રણ વિસ્તાર, પર્વતીય વિસ્તાર તેમ જ અન્ય મુશ્કેલ વિસ્તારોને પણ ધ્યાને લેવામાં આવે છે. ગ્રામ્ય અને અર્બન સ્લમ શહેરી વિસ્તારોની સ્થાનિક અને ભૌગોલિક પરિસ્થિતિ અલગ-અલગ હોય છે. જેથી વસ્તીનાં ધોરણે કેટલી આંગણવાડીઓની જરૂરિયાત છે, તે કહી શકાય નહીં.

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ ૫૧૮૬૮

આંગણવાડીઓ કાર્યરત છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ વધારાની દરખાસ્ત મૂકવા અન્વયે રાજ્ય સરકારે આવી દરખાસ્ત કેન્દ્ર સરકાર સમક્ષ છેલ્લા બે વર્ષમાં ક્યારે મૂકી છે?

આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે.

(૩) છેલ્લા બે વર્ષમાં વધારાની દરખાસ્ત કેન્દ્ર સરકારને તા. ૧૨-૨-૨૦૧૪થી મોકલાવેલ છે.

---------

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કૂપોષણથી પિડાતા બાળકોની સંખ્યા**

* ૭૯૪૫ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કુપોષણથી પિડાતા બાળકોની સંખ્યા તાલુકાવાર કેટલી છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા તાલુકાવાર નીચે પ્રમાણે છે.

**જિલ્લો : સાબરકાંઠા**

| ક્રમ | તાલુકાનું નામ | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૨૦૫ |
| ૨ | ઈડર | ૧૯૯ |
| ૩ | વડાલી | ૧૨૨ |
| ૪ | ખેડબ્રહ્મા | ૨૨૧ |
| ૫ | વિજયનગર | ૮૩ |
| ૬ | પ્રાંતિજ | ૧૨૭ |
| ૭ | તલોદ | ૯૯ |
| | **કુલ** | **૧૦૫૬** |

**જિલ્લો : અરવલ્લી**

| ક્રમ | તાલુકાનું નામ | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | બાયડ | ૨૧૬ |
| ૨ | મેઘરજ | ૨૨૭ |
| ૩ | માલપુર | ૧૦૮ |
| ૪ | મોડાસા | ૨૪૦ |
| ૫ | ભિલોડા | ૪૨૦ |
| ૬ | ધનસુરા | ૫૫ |
| | **કુલ** | **૧૨૬૬** |

(૨) આ કુપોષણ દૂર કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર સરકારે કેટલો ખર્ચ કરેલ છે, અને

(૨) છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર સરકારે આ યોજના પાછળ નીચે મુજબનો ખર્ચ કરેલ છે.

**સાબરકાંઠા જિલ્લો**

| ક્રમ | તાલુકાનું નામ | વાર્ષિક ખર્ચ (રૂપિયા લાખમાં) |
|---|---|---|
| ૧ | હિંમતનગર | રૂ. ૫.૫૩ લાખ |
| ૨ | ઈડર | રૂ. ૫.૩૭ લાખ |
| ૩ | વડાલી | રૂ. ૩.૨૯ લાખ |
| ૪ | ખેડબ્રહ્મા | રૂ. ૫.૯૬ લાખ |

| | | |
|---|---|---|
| ૫ | વિજયનગર | રૂ. ૨.૨૪ લાખ |
| ૬ | પ્રાંતિજ | રૂ. ૩.૪૨ લાખ |
| ૭ | તલોદ | રૂ. ૨.૬૭ લાખ |
| | **કુલ** | **રૂ. ૨૮.૪૮ લાખ** |

**અરવલ્લી જિલ્લો**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **વાર્ષિક ખર્ચ (રૂપિયા લાખમાં)** |
|---|---|---|
| ૧ | બાયડ | રૂ. ૫.૮૩ લાખ |
| ૨ | મેઘરજ | રૂ. ૬.૧૨ લાખ |
| ૩ | માલપુર | રૂ. ૨.૯૧ લાખ |
| ૪ | મોડાસા | રૂ. ૬.૪૮ લાખ |
| ૫ | ભિલોડા | રૂ. ૧૧.૩૪ લાખ |
| ૬ | ધનસુરા | રૂ. ૧.૪૮ લાખ |
| | **કુલ** | **રૂ. ૩૪.૧૬ લાખ** |

(૩) કૂપોષણ અટકાવવા સરકાર દ્વારા કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ?

(૩) કૂપોષણ અટકાવવા સરકારશ્રી દ્વારા નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

૧. આઈ.સી.ડી.એસ. યોજનાને મિશન મોડમાં અમલીકરણ કરવા માટે મીશન બલમ સુખમ–આઈ.સી.ડી.એસ. મિશનની રચના કરવામાં આવેલ છે. અને આ મિશન અંતર્ગત રાજ્ય, જિલ્લા તથા ઘટક સ્તરે માનવબળની નિમણૂંક કરવામાં આવેલ છે.

૨. યોજનાના સફળ અમલીકરણ માટે રાજ્ય, જિલ્લા અને ઘટક કક્ષાએ મોનીટરીંગ–સુપરવિઝનને ઘનિષ્ઠ કરવાનું આયોજન કરેલ છે.

---------

## જૂનાગઢ જિલ્લામાં સરકારી નિવાસી શાળાઓ

* ૭૪૭૬ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે કેટલી સરકારી નિવાસી શાળાઓ ચાલે છે, અને | (૧) ૨ (બે) |
| (૨) આ શાળાઓના છેલ્લા બે વર્ષના એટલે કે માર્ચ–૨૦૧૨ અને માર્ચ–૨૦૧૩ના ધોરણ–૧૦ના પરિણામો શું આવ્યા છે? | (૨) માર્ચ ૨૦૧૨ ૧૦૦ ટકા અને માર્ચ ૨૦૧૩ ૧૦૦ ટકા |

---------

## લુણાવાડા અને ખાનપુર તાલુકામાં નવી આંગણવાડી માટે પડતર અરજીઓ

* ૭૫૦૮ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહીસાગર જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાઓની નવી આંગણવાડી માટેની કેટલી અરજીઓ પડતર છે. અને | (૧) લુણાવાડા અને ખાનપુર તાલુકાની નવી આંગણવાડી માટેની અરજીઓ પડતર નથી. |
| (૨) આ અરજીઓ ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે? | (૨) અરજીઓ પડતર ન હોય નિકાલ અંગેનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં બાળકોનું કૂપોષણ નિવારવા બાબત

* ૭૫૨૦ **શ્રી જવાહરભાઇ પે. ચાવડા(માણાવદર) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલાં બાળકો કૂપોષણથી પિડાય છે, કેટલા બાળકોનું ઉંમરના પ્રમાણમાં વજન ઓછું છે,

(૨) બાળકોમાં કુપોષણ નિવારવા માટે રાજય સરકાર દ્વારા શા પગલાં લેવામાં આવે છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૧૩ની સ્થિતિએ જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા નીચે પ્રમાણે છે.

**જિલ્લો જુનાગઢ**

| અ. નં. | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧. | કેશોદ | ૧૧૪૯ | ૬૨ | ૧૨૧૧ |
| ૨. | માણાવદર | ૩૩૭ | ૪૨ | ૩૭૯ |
| ૩. | વંથલી | ૩૯૭ | ૬૭ | ૪૬૪ |
| ૪. | માંગરોળ | ૫૨૭ | ૨૩ | ૫૫૦ |
| ૫. | ભેંસાણ | ૫૧૩ | ૪૭ | ૫૬૦ |
| ૬. | જુનાગઢ–૧ | ૧૯૫૬ | ૧૨૨ | ૨૦૭૮ |
| ૭. | જુનાગઢ–૨ | ૭૯૭ | ૮૮ | ૮૮૫ |
| ૮. | માળીયા | ૫૬૪ | ૬૫ | ૬૨૯ |
| ૯. | મેંદરડા | ૨૮૪ | ૪૯ | ૩૩૩ |
| ૧૦. | વિસાવદર | ૩૩૩ | ૩૧ | ૩૬૪ |
| | **કુલ** | **૬૮૫૭** | **૫૯૬** | **૭૪૫૩** |

**જિલ્લો – ગીર સોમનાથ**

| અ. નં. | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧. | તલાળા | ૭૭૮ | ૮૯ | ૮૬૭ |
| ૨. | ઉના–૧ | ૧૮૪૪ | ૨૦૨ | ૨૦૪૬ |
| ૩. | ઉના–૨ | ૯૬૪ | ૧૫૭ | ૧૧૨૧ |
| ૪. | વેરાવળ–૧ | ૯૯૪ | ૧૧૧ | ૧૧૦૫ |
| ૫. | વેરાવળ–૨ | ૪૪૭ | ૬૦ | ૫૦૭ |
| ૬. | કોડીનાર–૧ | ૬૮૮ | ૭૩ | ૭૬૧ |
| ૭. | કોડીનાર–૨ | ૬૮૨ | ૪૯ | ૭૩૧ |
| ૮. | સુત્રાપાડા | ૧૮૧ | ૨૫ | ૨૦૬ |
| | **કુલ** | **૬૫૭૮** | **૭૬૬** | **૭૩૪૪** |

(૨) કૂપોષણ નાબુદી અંગે રાજ્ય સરકાર દ્વારા લેવાયેલ પગલાંઓ

(૧) છ માસથી ત્રણ વર્ષનાં બાળકોને નિદર્શક ભોજન તેમજ ટેક હોમ રેશન આપવામાં આવે છે.

(૨) અતિ ઓછા વજનવાળા કુપોષિત બાળકોને વધારાનું THR (ટેક હોમ રેશન ) આપવામાં આવે છે.

(૩) ત્રણ થી છ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો, અઠવાડીયામાં બે દિવસ ફળ, બપોરનો પોષક ગરમ આહાર તથા ન્યુટ્રી કેન્ડી આપવામાં આવે છે.

(૪) આંગણવાડી ખાતેના ઓ ેછા વજન વાળા બાળકોને ટેક હોમ રેશન તરીકે ત્રીજા ભોજનમાં લાડુ આપવામાં આવે છે.

(૫) મીશન બલમ સુખમ અંતર્ગત ત્રીસ્તરીય સેવાઓનું

આયોજન કરવામાં આવેલ છે.

(૬) પોષણ શિક્ષણ માટે ન્યુટ્રીશીન વોલેંન્ટીયરની નિમણૂક કરવામાં આવેલ છે.

(૭) અન્ય વિભાગો જેવા કે આરોગ્ય, પંચાયત, શિક્ષણ શહેરી વિકાસ વિભાગ સાથે સંકલન કરવામાં આવેલ છે.

(૮) જન જાગૃતિ માટે પ્રચાર પ્રસારની કામગીરી કરવામાં આવે છે.

(૯) લોક ભાગીદારી

(૩) બાળકોને કૂપોષણથી મુક્તિ મળે તે માટે સરકારનું કયા પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે ?

(૩) કુપોષણ અટકાવવા સરકારશ્રી દ્વારા નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

(૧) આઈ.સી.ડી.એસ. યોજનાને મિશન મોડમાં અમલીકરણ કરવા માટે આઈ.સી.ડી.એસ. મિશનની રચના કરવામાં આવેલ છે અને આ મિશન અંતર્ગત રાજ્ય, જિલ્લા તથા ઘટક સ્તરે માનવબળની નિમણૂંક કરવામાં આવેલ છે.

(૨) યોજનાના સફળ અમલીકરણ માટે રાજ્ય, જિલ્લા અને ઘટક કક્ષાએ મોનીટરીંગ–સુપરવિઝનને ઘનિષ્ઠ કરવાનું આયોજન કરેલ છે.

---------

**વલસાડ જિલ્લાની આંગણવાડીઓ માટે નવા મકાનો**

* ૭૪૩૭ **શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ કેટલી આંગણવાડીઓના મકાનો છે.

(૨) વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં તા. ૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં કેટલી આંગણવાડી માટે નવા મકાનો મંજૂર કરવામાં આવ્યા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા મકાનો પૂર્ણ કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં કુલ ૧૧૯૭ આંગણવાડીઓના મકાનો છે.

(૨) ૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં વર્ષ ૨૦૧૨–૧૩માં આઇસીડીએસ યોજના હેઠળ ૩૧૫ આંગણવાડી મકાનો અને ૨૦૧૩–૧૪માં આઇસીડીએસ યોજના હેઠળ ૫૫ આંગણવાડીના નવા મકાનો બાંધકામ માટે મંજૂર કરવામાં આવ્યા છે.

(૩) બનતી ત્વરાએ મકાનો પૂર્ણ કરવામાં આવશે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં કાંટાળી તારની વાડ કરવા માટે સબસિડી મેળવવા મળેલ અરજીઓ**

* ૭૫૦૬ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં રોઝ તથા જંગલી ભૂંડના ત્રાસથી ખેડૂતોના પાકને બચાવવા માટેની કાંટાળી તારની વાડ કરવા સબસિડી મેળવવા સન ૨૦૧૧ અને ૨૦૧૨ના વર્ષમાં ખેડૂતોની તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષવાર મળેલ અરજીઓ | |
|---|---|---|---|
| | | ૨૦૧૧ | ૨૦૧૨ |
| ૧ | પાલનપુર | ૧૬ | ૨૧ |
| ૨ | દાંતા | ૧૪ | ૨૦ |
| ૩ | વડગામ | ૩૯ | ૬૪ |
| ૪ | થરાદ | ૨૫૬ | ૨૬૦ |
| ૫ | દાંતીવાડા | ૧૮ | ૩૫ |
| અ.નં. | તાલુકાનું નામ | વર્ષવાર મળેલ અરજીઓ | |
| | | ૨૦૧૧ | ૨૦૧૨ |

| | | | |
|---|---|---|---|
| ૬ | અમીરગઢ | ૫ | ૪ |
| ૭ | દિયોદર | ૩૪૧ | ૧૩૬ |
| ૮ | કાંકરેજ | ૨૩૬ | ૧૧૨ |
| ૯ | ડીસા | ૧૫ | ૨૪ |
| ૧૦ | ધાનેરા | ૪ | ૫ |
| ૧૧ | વાવ | ૩૬ | ૩૫ |
| ૧૨ | ભાભર | ૭ | – |
| | કુલ | ૯૮૭ | ૭૧૬ |

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરવામાં આવી તેમજ કેટલી સહાય ચૂકવવામાં આવી,

(૨)

| અ.નં. | તાલુકાનું નામ | કુલ | |
|---|---|---|---|
| | | મંજૂર કરેલ અરજીઓ | ચૂકવેલ રકમ (રૂ઼ા.) |
| ૧ | પાલનપુર | ૯ | ૪,૪૧,૪૦૦ |
| ૨ | દાંતા | ૨૭ | ૧૧,૬૩,૬૦૦ |
| ૩ | વડગામ | ૭ | ૩,૫૪,૦૦૦ |
| ૪ | થરાદ | – | – |
| ૫ | દાંતીવાડા | ૮ | ૯૪,૦૦૦ |
| ૬ | અમીરગઢ | ૨ | ૬૦,૫૦૦ |
| ૭ | દિયોદર | – | – |
| ૮ | કાંકરેજ | ૭ | ૨,૦૬,૦૦૦ |
| ૯ | ડીસા | – | – |
| ૧૦ | ધાનેરા | – | – |
| ૧૧ | વાવ | – | – |
| ૧૨ | ભાભર | – | – |

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી તેના શાં કારણો છે, અને

(૩) વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંક : ડબલ્યુએલપી/૨૦૦૫/૪૯૧/ગ.૧, તા. ૨૦–૦૫–૨૦૦૫ની જોગવાઈને આધીન કાંટાળા તારની વાડ બનાવવા માટે અરજદારો તરફથી મળતી તમામ અરજીઓ પૈકી ગૃપ બનાવનાર ખેડૂતોને પ્રધાન્ય આપવામાં આવે છે. જેથી વ્યક્તિગત કિસ્સામાં ગ્રાન્ટની ઉપલબ્ધતા તથા અગ્રતાક્રમથી મંજૂરી આપવાને લીધે અરજીઓ પડતર છે.

(૪) પડતર અરજીઓ કયાં સુધીમાં મંજૂર કરવામાં આવનાર છે ?

(૪) વ્યક્તિગત ખેડુતોને અગ્રતાક્રમ મુજબ સહાય ચૂકવવામાં આવતી હોઈ હાથપરની અરજીઓના નિકાલ માટે પૂરતી ગ્રાન્ટ ઉપલબ્ધ થાય તેમ ક્રમાનુસાર પડતર અરજીઓ મંજૂર કરવામાં આવશે.

---------

## દાહોદ જિલ્લામાં વિદ્યા સાધના યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની કન્યાઓને સાયકલ આપવા બાબત

* ૭૪૨૮ **શ્રી બચુભાઈ મ. ખાબડ(દેવગઢબારીયા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૨–૧૩ અને વર્ષ ૨૦૧૩–૧૪ માં તા. ૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં દાહોદ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અન્વયે વિદ્યા સાધના યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની અભ્યાસ કરતી કેટલી કન્યાઓને સાયકલ આપવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૨–૧૩ માં ૮૭૧૮.
વર્ષ ૨૦૧૩–૧૪ માં ૪૬૨૯.

(૨) વર્ષ ૨૦૧૨–૧૩ માં રૂ઼ા. ૨૧૪.૯૬ લાખ
વર્ષ ૨૦૧૩–૧૪ માં રૂ઼ા. ૧૧૩.૯૮ લાખ

---------

**રાજયના કલાવૃંદોને સુવિધા**

* ૭૪૧૯ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજયના કલાવૃંદોને રાજય બહાર અને વિદેશ ખાતે કાર્યક્રમો કરવા માટે કોઈ સુવિધાઓ આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો શી સુવિધાઓ આપવામાં આવે છે. | (૨) વિદેશ મોકલવામાં આવતા કલાવૃંદોને રૂા. ૧૦.૦૦ લાખની મર્યાદામાં આર્થિક સહાય મંજૂર કરવામાં આવે છે. |
| (૩) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કલાવૃંદોને આ સુવિધાઓ આપવામાં આવી, અને | (૩) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ વર્ષ ૨૦૧૨–૧૩માં રાષ્ટ્ર બહાર, રાજયબહાર અનુક્રમે ૩૧ અને ૯ કલાવૃંદોને કાર્યક્રમ રજુ કરવા માટે મંજુરી આપવામાં આવેલ હતી.<br>તા. ૩૧–૧૨–૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પસંદગી સમિતિ ધ્વારા મંજૂર કરેલ કુલ ૪૬ કલાવૃંદોને આ યોજનાનો લાભ આપવામાં આવેલ છે. |
| (૪) તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૪) એક વર્ષમાં (૨૦૧૨–૧૩માં) અનુક્રમે રૂા. ૧,૫૦,૦૯,૦૫૧/–, રૂા. ૪,૭૬,૭૫૦/– ખર્ચ કરવામાં આવે છે. |

---------

**ભાવનગર જિલ્લામાં વિકસતી જાતિના બાળકોને ગણવેશ સહાય**

* ૭૪૭૪ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં તા. ૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં વિકસતી જાતિના બાળકોની ગણવેશ સહાય મેળવવા માટેની કેટલી અરજીઓ મળી, | (૧) ૩,૨૪,૭૮૧ |
| (૨) તે પૈકી કેટલા બાળકોને ગણવેશ સહાય ચૂકવવામાં આવી, અને | (૨) ૩,૨૪,૭૮૧ બાળકોને ગણવેશ સહાય ચૂકવવામાં આવી. |
| (૩) કુલ કેટલી રકમ ચૂકવી ? | (૩) કુલ રૂા. ૯,૭૪,૩૪,૩૦૦/–ની રકમ ચૂકવી. |

---------

**રાજયમાં બક્ષીપંચના ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો**

* ૭૪૬૯ **શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજયમાં તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ બક્ષીપંચના કેટલા ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો ચાલે છે, | (૧) ૭૨૧ |
| (૨) તે પૈકી કુમારનાં કેટલાં અને કન્યાનાં કેટલાં, અને | (૨) કુમાર–૫૮૭<br>કન્યા– ૧૩૪ |
| (૩) આદર્શ છાત્રાલયોની માન્ય સંખ્યા કેટલી ? | (૩) આદર્શ છાત્રાલયની યોજના અમલમાં નથી. |

---------

**અમરેલી જિલ્લામાં દરિયા કિનારે ચેરનું વાવેતર**

* ૭૪૬૧ **શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૧૨, ૨૦૧૨–૨૦૧૩ અને ૨૦૧૩–૧૪માં તા. ૩૧–૧૨–૨૦૧૩ | (૧) શૂન્ય (૦) |

સુધીમાં દરિયા કિનારે ચેરનું કેટલું વાવેતર થયું, અને
(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**પંચમહાલ જિલ્લામાં ઈકોટૂરિઝમના વિકાસ માટેની યોજના**

* ૭૪૬૫ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજયમાં વન વિભાગ દ્વારા પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં તા. ૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં ઈકોટુરિઝમના વિકાસ માટેની કોઈ યોજના અમલમાં મૂકવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં પંચમહાલ જિલ્લાના કયા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને | (૨) આ યોજનામાં પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના દેવડેમ ખાતે ધોળીકુઈ વિસ્તાર પસંદ કરવામાં આવેલ છે. |
| (૩) આ યોજના પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ? | (૩) વાયબ્રન્ટ ગુજરાત હેઠળ થયેલ ખાનગી રોકાણકારો સાથે થયેલ એમ.ઓ.યુ. પ્રમાણે કાર્ય થઈ રહેલ હોઈ સરકારશ્રી તરફથી કોઈ ખર્ચ થયેલ નથી. |

---------

**પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં કૂપોષણથી પિડાતા બાળકો બાબત**

* ૭૩૦૫ **શ્રી ગેંદાલભાઈ મો. ડામોર (સંતરામપુર) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં કુલ અને તાલુકાવાર કેટલાં બાળકો કૂપોષણથી પિડાય છે,

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં કુલ અને તાલુકાવાર અતિ ઓછા વજનવાળા બાળકોની માહિતી

**જિલ્લો : પંચમહાલ**

| ક્રમ | ઘટકનું નામ | અતિઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | જાંબુઘોડા | ૫૮ |
| ૨ | શહેરા–૧ | ૧૭૯ |
| ૩ | કાલોલ–૧ | ૧૯૯ |
| ૪ | હાલોલ | ૧૭૧ |
| ૫ | ગોધરા | ૬૮૦ |
| ૬ | મોરવા (હ)–૧ | ૯૪ |
| ૭ | ઘોઘંબા–૧ | ૨૨૬ |
| ૮ | કાલોલ–૨ | ૧૩૫ |
| ૯ | મોરવા (હ)–૨ | ૯૫ |
| ૧૦ | શહેરા–૨ | ૧૩૫ |
| ૧૧ | ઘોઘંબા–૨ | ૨૩૯ |
| **કુલ** | | **૨૨૧૧** |

**જિલ્લો : મહીસાગર**

| | | |
|---|---|---|
| ૧ | લુણાવાડા | ૧૯૮ |
| ૨ | સંતરામપુર–૧ | ૭૮ |
| ૩ | કડાણા | ૫૯ |

| | | |
|---|---|---|
| ૪ | ખાનપુર | ૧૧૨ |
| ૫ | સંતરામપુર-૨ | ૧૧૯ |
| **કુલ** | | **૫૬૬** |

(૨) બાળકોમાં કૂપોષણ નિવારવા માટે રાજ્ય સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવે છે, અને

(૨) બાળકોમાં કુપોષણ નિવારવા માટે રાજ્ય સરકારશ્રી દ્વારા નીચે મુજબ પગલાં લેવામાં આવેલ છે.

(૧) છ માસથી ત્રણ વર્ષના બાળકોને નિદર્શક ભોજન તેમજ ટીએચઆર આપવામાં આવે છે.

(૨) ત્રણ થી છ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો, અઠવાડીયામાં બે દિવસ ફળ, બપોરનો પોષક ગરમ આહાર અને ન્યુટ્રી કેન્ડી આપવામાં આવે છે.

(૩) આંગણવાડી ખાતેના ઓછા વજનવાળા બાળકોને ટેક હોમ રેશન તરીકે ત્રીજા ભોજનમાં લાડુ આપવામાં આવે છે.

(૪) મીશન બલમ સુખમ અંતર્ગત ત્રીસ્તરીય સેવાઓનું આયોજન કરવામાં આવેલ છે.

(૫) પોષણ શિક્ષણ માટે ન્યુટ્રીશન વોલેંન્ટીયરની પસંદગી કરવામાં આવેલ છે.

(૬) અન્ય વિભાગો જેવા કે આરોગ્ય, પંચાયત, શિક્ષણ, શહેરી વિકાસ વિ. સાથે સંકલન કરવામાં આવેલ છે.

(૭) જન જાગૃતિ માટે પ્રચાર પ્રસારની કામગીરી કરવામાં આવે છે.

(૮) લોક ભાગીદારી

(૩) બાળકોને કૂપોષણથી મુક્તિ મળે, તે માટે સરકારનું કયાં પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે ?

(૩) કુપોષણ અટકાવવા સરકારશ્રી દ્વારા નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

(૧) આઇ. સી.ડી. એસ. યોજનાને મિશન મોડમાં અમલીકરણ કરવા માટે મીશન બલમ સુખમ-આઇ.સી.ડી.એસ. મિશનની રચના કરવામાં આવેલ છે. અને આ મિશન અંતર્ગત રાજ્ય, જિલ્લા તથા ઘટક સ્તરે માનવબળની નિમણૂંક કરવામાં આવેલ છે.

(૨) યોજનાના સફળ અમલીકરણ માટે રાજ્ય, જિલ્લા અને ઘટક કક્ષાએ મોનીટરીંગ-સુપરવિઝનને ઘનિષ્ઠ કરવાનું આયોજન કરેલ છે.

---------

**ખેડા જિલ્લામાં ગ્રામપંચાયતોને સ્મશાન સગડી આપવા બાબત**

* ૭૯૯૪ **શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર-ખાડિયા) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૨-૧૩ અને વર્ષ ૨૦૧૩-૧૪માં તા. ૩૧-૧૨-૨૦૧૩ સુધીમાં ખેડા જિલ્લામાં બળતણ બચાવવા સારૂ કેટલી ગ્રામ પંચાયતો તરફથી સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવા માટેની અરજીઓ મળી,

**જવાબ**

(૧) સને ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં તા. ૩૧-૧૨-૨૦૧૩ સુધીમાં નીચે મુજબ કુલ-૫૮ અરજીઓ મળી.

| અ.નં. | વર્ષ | મળેલ અરજીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૨-૧૩ | ૨૮ |
| ૨ | ૨૦૧૩-૧૪ | ૩૦ |
| | **કુલ** | **૫૮** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને
(૩) ઉક્ત સ્થિતિએ તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) તે પૈકી ૫૩ અરજી મંજૂર કરી.
(૩) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ કુલ રૂ. ૨.૬૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

**રમતગમત ક્ષેત્રે યુવાનોને પ્રોત્સાહિત કરવા બાબત**

* ૭૨૬૬ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર યુવાનોને રમતગમત ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા કેટલી રકમની ફાળવણી કરવામાં આવી,

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં રમતગમત ક્ષેત્રે બે વર્ષમાં તાલુકાવાર નીચે પ્રમાણે ફાળવણી કરવામાં આવી છે.

| ક્રમ | તાલુકો | તા. ૧-૧-૧૨ થી ૩૧-૧૨-૧૨ સુધી | તા. ૧-૧-૧૩ થી ૩૧-૧૨-૧૩ સુધી તાલુકાવાર ફાળવેલ રકમ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | નડીયાદ | ૭૧૩૬૫૦ | ૪૭૯૦૪૦ | ૧૧૯૨૬૯૦ |
| ૨ | માતર | ૧૫૦૦૦ | ૧૫૦૦૦ | ૩૦૦૦૦ |
| ૩ | ખેડા | ૧૫૦૦૦ | ૧૫૦૦૦ | ૩૦૦૦૦ |
| ૪ | મહુધા | ૧૫૦૦૦ | ૧૫૦૦૦ | ૩૦૦૦૦ |
| ૫ | કઠલાલ | ૧૫૦૦૦ | ૧૫૦૦૦ | ૩૦૦૦૦ |
| ૬ | કપડવંજ | ૧૫૦૦૦ | ૧૫૦૦૦ | ૩૦૦૦૦ |
| ૭ | મહેમદાવાદ | ૧૫૦૦૦ | ૧૫૦૦૦ | ૩૦૦૦૦ |
| ૮ | વિરપુર | ૧૫૦૦૦ | ૧૫૦૦૦ | ૩૦૦૦૦ |
| ૯ | બાલાશિનોર | ૧૫૦૦૦ | ૧૫૦૦૦ | ૩૦૦૦૦ |
| ૧૦ | ઠાસરા | ૧૫૦૦૦ | ૧૫૦૦૦ | ૩૦૦૦૦ |
| | **કુલ** | **૮૪૮૬૫૦** | **૬૧૪૦૪૦** | **૧૪૬૨૬૯૦** |

(૨) મંજૂર કરેલ રકમમાંથી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને
(૩) કેટલી રકમ વણવપરાયેલ પડી રહેલ છે ?

(૨) મંજૂર કરેલ રકમમાંથી પૂરે પુરી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે.
(૩) કોઈ રકમ વણવપરાયેલ પડી રહેલ નથી.

---------

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં કૂપોષણથી પીડાતા બાળકો**

* ૭૬૧૬ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ અમદાવાદ શહેર જિલ્લા અને ગાંધીનગર જિલ્લામાં કુલ અને તાલુકાવાર કેટલા બાળકો કૂપોષણથી પિડાય છે તેમજ કેટલાં બાળકોનું ઉંમરના પ્રમાણમાં વજન ઓછું છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં તાલુકાવાર ઉંમર પ્રમાણે ઓછા વજનવાળા તથા અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા નીચે મુજબ છે.

**અમદાવાદ શહેર**

| ક્રમ | ઘટક | ઓછા વજનવાળા બાળકો | અતિ ઓછા વજનવાળા બાળકો | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૧ | ૨૮૫૮ | ૨૨૫ | ૩૦૮૩ |
| ૨ | ૨ | ૩૭૮૧ | ૩૯૮ | ૪૧૭૯ |
| ૩ | ૩ | ૩૯૬૪ | ૨૫૭ | ૪૨૨૧ |
| ૪ | ૪ | ૨૫૧૨ | ૩૧૮ | ૨૮૩૦ |
| ૫ | ૫ | ૧૮૭૯ | ૧૧૨ | ૧૯૯૧ |
| ૬ | ૬ | ૩૯૮૩ | ૨૫૩ | ૪૨૩૬ |
| ૭ | ૭ | ૪૫૫૬ | ૫૧૩ | ૫૦૬૯ |
| ૮ | ૮ | ૩૦૬૩ | ૪૯૦ | ૩૫૫૩ |
| ૯ | ૯ | ૪૫૨૩ | ૪૯૩ | ૫૦૧૬ |
| ૧૦ | ૧૦ | ૨૩૯૬ | ૪૭૭ | ૨૮૭૩ |
| | **કુલ** | **૩૩૫૧૫** | **૩૫૩૬** | **૩૭૦૫૧** |

- **અમદાવાદ જિલ્લો**

| ક્રમ | તાલુકા | ઓછા વજનવાળા બાળકો | અતિ ઓછા વજનવાળા બાળકો | કુલ |
|---|---|---|---|---|
| ૧ | દસક્રોઈ | ૨૧૯૯ | ૪૭૫ | ૨૬૭૪ |
| ૨ | સાણંદ | ૨૩૩૧ | ૨૧૯ | ૨૫૫૦ |
| ૩ | ધોળકા | ૩૧૧૧ | ૨૩૫ | ૩૩૪૬ |
| ૪ | બાવળા | ૧૭૯૬ | ૭૨ | ૧૮૬૮ |
| ૫ | વિરમગામ | ૨૨૧૦ | ૧૨૧ | ૨૩૩૧ |
| ૬ | માંડલ | ૬૩૦ | ૧૩ | ૬૪૩ |
| ૭ | દેત્રોજ | ૧૪૧૦ | ૬૭ | ૧૪૭૭ |
| ૮ | ધંધુકા | ૧૨૩૬ | ૬૨ | ૧૨૯૮ |
| ૯ | રાણપુર | ૧૭૨૫ | ૮૯ | ૧૮૧૪ |
| ૧૦ | બરવાળા | ૧૯૪ | ૪૧ | ૨૩૫ |
| | **કુલ** | **૧૬૮૪૨** | **૧૩૯૪** | **૧૮૨૩૬** |

- તા.૩૧-૧૨-૧૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર ઓછા વજનવાળા તથા અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકા | ઓછા વજનવાળા બાળકો | અતિ ઓછા વજનવાળા બાળકો | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર ઘટક-૧ | ૨૪૩૦ | ૨૪૫ | ૨૬૭૫ |
| ૨ | ગાંધીનગર ઘટક-૨ | ૨૭૦૩ | ૨૪૫ | ૨૯૪૮ |
| ૩ | દહેગામ-૧ | ૨૭૭૦ | ૧૯૭ | ૨૯૬૭ |
| ૪ | દહેગામ-૨ | ૨૦૬૭ | ૪૭૭ | ૨૫૪૪ |
| ૫ | કલોલ | ૪૫૧૪ | ૫૯૯ | ૫૧૧૩ |
| ૬ | માણસા | ૧૪૮૬ | ૮૬ | ૧૫૭૨ |
| | **કુલ** | **૧૫૯૭૦** | **૧૮૪૯** | **૧૭૮૧૯** |

(૨) બાળકોમાં કૂપોષણ નિવારવા અને સપ્રમાણ વજન થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવે છે, અને

(૨) બાળકોમાં કુપોષણ નિવારવા અને સપ્રમાણ વજન થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલ પગલાં.

(૧) છ માસથી ત્રણ વર્ષનાં બાળકોને નિદર્શક ભોજન તેમજ ટીએચઆર આપવામાં આવે છે.

(૨) અતિ ઓછા વજનવાળા કુપોષિત બાળકોને વધારાનું THR આપવામાં આવે છે.

(૩) ત્રણ થી છ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો, અઠવાડીયામાં બે દિવસ ફળ, બપોરનો પોષક ગરમ આહાર અને ન્યુટ્રી કેન્ડી આપવામાં આવે છે.

(૪) આંગણવાડી ખાતેના ઓ ેછા વજનવાળા બાળકોને ટેક હોમ રેશન તરીકે ત્રીજા ભોજનમાં લાડુ આપવામાં આવે છે.

(૫) મીશન બલમ સુખમ અંતર્ગત ત્રીસ્તરીય સેવાઓનું આયોજન કરવામાં આવેલ છે.

(૬) પોષણ શિક્ષણ માટે ન્યુટ્રીશીન વોલેન્ટીયરની નિમણૂક કરવામાં આવેલ છે.

(૭) અન્ય વિભાગો જેવા કે આરોગ્ય, પંચાયત, શિક્ષણ શહેરી વિકાસ વિગેરે સાથે સંકલન કરવામાં આવેલ છે.

(૮) જન જાગૃતિ માટે પ્રચાર પ્રસારની કામગીરી કરવામાં આવે છે.

(૯) લોક ભાગીદારી

(૩) રાજ્યમાં બાળકોને કૂપોષણથી મુકિત મળે, તે માટે કયા પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે ?

(૩) કુપોષણ અટકાવવા સરકારશ્રી નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

(૧) ICDS યોજનાને મિશન મોડમાં અમલીકરણ કરવા માટે ICDS મિશનની રચના કરવામાં આવેલ છે અને આ મિશન અંતર્ગત રાજ્ય, જિલ્લા તથા ઘટક સ્તરે માનવબળની નિમણૂંક કરવામાં આવેલ છે.

(૨) યોજનાના સફળ અમલીકરણ માટે રાજ્ય, જિલ્લા અને ઘટક કક્ષાએ મોનીટરીંગ–સુપરવિઝનને ઘનિષ્ઠ કરવાનું આયોજન કરેલ છે.

---------

**વલસાડ જિલ્લામાં વન અધિકારીના કાયદા હેઠળ લાભાર્થીઓને ફાળવવાની જમીન**

* ૬૯૦૭ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓને વન અધિકાર કાયદા હેઠળ જમીન આપવામાં આવી,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા લાભાર્થીઓને હજુ જમીનો ફાળવવાની બાકી છે, અને

(૩) તે કેટલા સમયમાં ફાળવવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) વન અધિકાર કાયદા હેઠળ વન જમીનના અધિકાર આપવામાં આવે છે.
વલસાડ જીલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ વન જમીનના અધિકાર આપવામાં આવેલ છે.

| **અનં.** | **તાલુકો** | **સંખ્યા** |
|---|---|---|
| ૧ | ધરમપુર | ૪૭૧૯ |
| ૨ | કપરાડા | ૬૬૭૮ |
| ૩ | ઉમરગામ | ૭૪૪ |
| | **કુલ** | **૧૨૧૪૧** |

(૨) ઉક્ત સ્થિતિએ ૧૮,૧૫૧ અરજીઓ પુનઃચકાસણી હેઠળ છે.

(૩) પુનઃ સમિક્ષા પૂર્ણ થતા માન્ય દાવાઓના લાભાર્થીઓને શક્ય તેટલા જલદી જમીનના અધિકારો આપવામાં આવશે.

---------

**મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં કૂપોષણથી પીડાતા બાળકોની માહિતી આપવા બાબત**

* ૭૯૩૦ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કૂપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા નીચે મુજબ છે.

**મહેસાણા જિલ્લો**

| **અ.નં.** | **તાલુકા** | **અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૨૦૩ |
| ૨ | વિજાપુર | ૧૪૯ |
| ૩ | વિસનગર | ૮૮ |
| ૪ | કડી | ૮૭ |

| | | |
|---|---|---|
| ૫ | ખેરાલુ | ૩૪ |
| ૬ | વડનગર | ૫૫ |
| ૭ | સતલાસણા | ૩૨ |
| ૮ | ઉંઝા | ૩૧ |
| ૯ | બેચરાજી | ૧૫ |
| | **કુલ** | **૬૯૪** |

**અમદાવાદ જિલ્લો**

| અ.નં. | તાલુકા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | દસક્રોઈ | ૪૭૫ |
| ૨ | સાણંદ | ૨૧૯ |
(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રૂ. ૪૧૩૧.૭૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

**વન અધિકાર કાયદા અન્વયે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાઓમાં જંગલની જમીન પરત કરવા બાબત**

* ૭૯૪૭ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાઓમાં વન અધિકાર કાયદા મુજબ છેલ્લા એક વર્ષમાં લાભાર્થીઓને કેટલી જમીન આપવામાં આવી, ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાઓમાં વન અધિકાર કાયદા મુજબ અનુક્રમે ૫૮.૧૭ હેકટર અને ૧૨૮.૪૫ હેકટર જમીન માન્ય કરવામાં આવી આ કાયદો અમલમાં આવ્યો ત્યારથી સાબરકાંઠા જિલ્લામાં ૧૦૭૯.૪૪ હેકટર અને અરવલ્લી જિલ્લામાં ૨૩૮૯.૫૦ હેકટર જમીનના અધિકારો આપવામાં આવ્યા છે અને તે સ્થિતિએ અનુક્રમે ૯૬૩૪ અને ૩૯૪૫

અરજીઓ પુનઃચકાસણી હેઠળ છે.

(૨) આ અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે, અરજીઓ પડતર રહેવાના કારણો શાં છે ?

(૨) અરજીઓ હાલ પુનઃ ચકાસણી હેઠળ છે. તેનો નિકાલ જેમ બને તેમ જલદી કરવામાં આવશે.

---------

**જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં સિંહ અને સિંહ બાળ બચ્ચાના મૃત્યુ**

* ૭૫૨૨ **શ્રી જવાહરભાઇ પે. ચાવડા(માણાવદર) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા સિંહ અને સિંહ બાળના કુદરતી રીતે અને કેટલાના આકસ્મિક મૃત્યુ થયા, અને

**જવાબ**

(૧) જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સિંહ, સિંહબાળના મૃત્યુની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | મૃત્યુનું કારણ | સિંહ | સિંહબાળ |
|---|---|---|---|
| ૧–૧–૧૨ થી તા. ૩૧–૧૨–૧૨ | કુદરતી | ૨૪ | ૧૦ |
| ૧–૧–૧૩ થી તા. ૩૧–૧૨–૧૩ | કુદરતી<br>અકસ્માત | ૨૧<br>૦૧ | ૨૭<br>– |

(૨) સિંહ અને સિંહ બાળના અકુદરતી રીતે થતા મૃત્યુ નિવારવા રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી ?

(૨) જંગલ કે રેવન્યુ વિસ્તારમાં જ્યારે પણ સિંહ બીમાર અવસ્થામાં જણાય ત્યારે તેનું સ્થળ લોકેટ કરી પાંજરૂ મૂકી પકડવા કાર્યવાહી કરાય છે અને સારવાર માટે નજીકના એનીમલ કેર સેન્ટર ખાતે લાવી પશુચિકિત્સક પાસે સારવાર કરાય છે. જો સિંહ પાજરે પૂરી શકાય ન હોય તો નજીકના એનીમલ કેર સેન્ટરની રેસ્ક્યુટીમને પશુચિકિત્સક સાથે સ્થળ પર રવાના કરવામાં આવે છે અને ઘનિષ્ટ સારવાર કરવામાં આવે છે. સિંહ અને બાળ સિંહ સંરક્ષણ તેમજ વન્ય પ્રાણી સંરક્ષણ માટે વન વિભાગનો ક્ષેત્રિય સ્ટાફ ખુબ સક્રિય અને સજાગ છે. પોલીસ અને પી.જી.વી.સી.એલ. સાથે અવારનવાર સંયુક્ત પેટ્રોલિંગ ગોઠવવામાં આવે છે આમ વન્ય પ્રાણીઓના અકુદરતી મૃત્યુ કે બીજી કોઈ અસુરક્ષા ઊભી ન થાય તેની પૂરતી તકેદારી રાખવામાં આવે છે.

---------

**પાલનપુરના મીઠીવાવ, મીરાગેઈટ તથા કિર્તિસ્તંભ સ્મારકોની જાળવણી**

* ૭૭૦૮ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ પાલનપુર શહેરમાં આવેલ મીઠીવાવ, મીરાગેઈટ તથા કીર્તિસ્તંભ સ્થળોનું પુરાતત્વ મહત્વ જાળવણી કરવા માટે સરકારે શું આયોજન કરેલ છે,

**જવાબ**

(૧) પાલનપુર મુકામે આવેલ રાજ્ય રક્ષિત સ્મારક મીઠીવાવ ખાતાનું રક્ષિત સ્મારક છે. જ્યારે મીરાગેઈટ તથા કિર્તીસ્તંભ એ પુરાતત્વ ખાતાના રક્ષિત સ્મારકો નથી.

તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ મીઠીવાવની જાળવણીના ભાગરૂપે સ્મારકની સાફ સફાઈની કામગીરી માટે ગ્રાન્ટ ઈન એઈડની યોજના અંતર્ગત સને ૨૦૧૧–૧૨ માં પાલનપુર નગર સેવા સદન, પાલનપુરને તેમજ વર્ષ ૨૦૧૨–૧૩ માં ખાનગી ટ્રસ્ટને વાર્ષિક અનુદાન ફાળવવામાં આવેલ હતું.

(૨) આ સ્મારકોની જાળવણી માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, અને

(૨) મીઠીવાવની યોગ્ય જાળવણીના હેતુસર છેલ્લા બે વર્ષમાં રૂ. ૨૪,૦૦૦/-નો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) બાકી રહેલા કામો માટે કેટલો ખર્ચ કરવા માંગે છે ?

(૩) સામાન્ય સાફ સફાઈ કરાવવા સિવાય કોઈ અન્ય આયોજન નથી.

---------

# અતારાંકિત પ્રશ્નોની યાદી

અધ્યક્ષશ્રી : અતારાંકિત પ્રશ્નોની પાંચમી યા. ાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે.

# પાંચમી અતારાંકિત યાદી

### ગુજરાત રાજ્ય માહિતી આયોગમાં ખાલી જગ્યાઓ ભરવા બાબત

અતારાંકિતઃ ૨૪૯૬ (૨૧-૧૨-૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ)જણાવવા કૃપા કરશે કે.-

(૧) ગુજરાત રાજ્ય માહિતી આયોગમાં તા. ૩૦મી જુન-૨૦૧૩ની સ્થિતિએ કઈ કઈ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે.

(૨) ઉક્ત સ્થિતિએ જગ્યા ખાલી રહેવાના શા કારણો છે, અને

(૩) તે ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) **:** (૧૦-૨-૧૪)

(૧)

| ક્રમ | સંવર્ગ | ખાલી જગ્યાની સંખ્યા | કઈ તારીખથી ખાલી છે. |
|---|---|---|---|
| ૧ | રાજ્ય માહિતી કમિશ્નરશ્રી | ૧ | તા. ૨૬-૧૧-૨૦૧૨ થી |
| ૨ | નાયબ સચિવશ્રી (ઉપસચિવ કક્ષાના) | ૧ | તા. ૩-૧૦-૨૦૧૨ થી |
| ૩ | નાયબ સેકશન અધિકારી | ૩ | ૧ જગ્યા તા. ૧-૫-૨૦૦૮ થી<br>૧ જગ્યા તા. ૧-૪-૨૦૧૩ થી<br>૧ જગ્યા તા. ૧૮-૪-૨૦૧૩ થી |
| ૪ | અંગ્રેજી સ્ટેનો. ગ્રેડ-૨ | ૪ | ૩ જગ્યા તા. ૨૭-૯-૨૦૦૭ થી<br>૧ જગ્યા તા. ૧-૮-૨૦૧૧ થી |

(૨) વહીવટી કારણોસર

(૩) જેમ બને તેમ જલદી

--------

### કૃષિ અને સહકાર વિભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ

અતારાંકિતઃ ૨૩૪૭ (૧૫-૨-૧૪) **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) :**માનનીય કૃષિ અને સહકાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૭-૨૦૧૩ ની સ્થિતિએ સહકાર પ્રભાગની તાબાની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને તે પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**સહકાર મંત્રીશ્રી :** (૧૩-૦૨-૧૪)

(૧) તા. ૩૧-૭-૨૦૧૩ ની સ્થિતિએ સહકાર પ્રભાગની તાબાની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ.

(૧) રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, ગુ.રા., ગાંધીનગરની કચેરી તેમજ તેને સંલગ્ન કચેરીઓમાં મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| સંવર્ગનું નામ | મંજુર થયેલ મહેકમ | સંવર્ગનું નામ | મંજુર થયેલ મહેકમ |
|---|---|---|---|
| અધિક રજિસ્ટ્રાર | ૦૪ | હેડ કલાર્ક | ૫૯૪ |
| સંયુક્ત રજિસ્ટ્રાર (ઉપલી કક્ષા) વર્ગ–૧ | ૨૯ | સીનીયર કલાર્ક | ૮૪૨ |
| જિલ્લા રજિસ્ટ્રાર વર્ગ–૧ | ૮૦ | જુનીયર કલાર્ક | ૮૩૧ |
| મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર વર્ગ–૨ | ૧૬૬ | ડ્રાઈવર | ૨૬ |
| બિન રાજ્યપત્રિત વર્ગ–૩ | | પટાવાળા વર્ગ–૪ | ૪૮૨ |
| કાર્યાલય અધિક્ષક | ૨૨૧ | | |
| | **કુલ–૩૨૭૫** | | |

(૨) ગુજરાત સહકારી, ટ્રીબ્યુનલમાં, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| સંવર્ગનું નામ | મંજુર થયેલ મહેકમ | સંવર્ગનું નામ | મંજુર થયેલ મહેકમ |
|---|---|---|---|
| પ્રમુખશ્રી | ૧ | સીનીયર કલાર્ક | ૩ |
| સભ્યશ્રી | ૩ | જુનીયર કલાર્ક | ૩ |
| રજિસ્ટ્રારશ્રી વર્ગ–૨ | ૧ | ગુજરાતી ટાઈપીસ્ટ | ૨ |
| અંગ્રેજી સ્ટેનો ગ્રેડ–૨ | ૨ | નાયક | ૧ |
| ગુજરાતી સ્ટેનો ગ્રેડ–૨ | ૨ | પટાવાળા | ૪ |
| | **કુલ–૨૨** | | |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર ભરાયેલ અને ખાલી જગ્યાઓ નીચે પ્રમાણે છે.

(૧) રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, ગુ.રા., ગાંધીનગરની કચેરી તેમજ તેને સંલગ્ન કચેરીઓમાં ભરાયેલ જગ્યાઓની સંખ્યા નીચે મુજબ છે.

| સંવર્ગનું નામ | ભરાયેલ જગ્યાઓ | સંવર્ગનું નામ | ભરાયેલ જગ્યાઓ |
|---|---|---|---|
| અધિક રજિસ્ટ્રાર | ૦૨ | હેડ કલાર્ક | ૫૨૧ |
| સંયુક્ત રજિસ્ટ્રાર (ઉપલી કક્ષા) વર્ગ–૧ | ૦૭ | સીનીયર કલાર્ક | ૭૭૧ |
| જિલ્લા રજિસ્ટ્રાર વર્ગ–૧ | ૬૪ | જુનીયર કલાર્ક | ૪૫૧ |
| મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર વર્ગ–૨ | ૮૮ | ડ્રાઈવર | ૧૭ |
| બિન રાજ્યપત્રિત વર્ગ–૩ | | પટાવાળા વર્ગ–૪ | ૨૭૨ |
| કાર્યાલય અધિક્ષક | ૧૭૬ | | |
| | **કુલ–૨૩૬૯** | | |

(૨) ગુજરાત રાજ્ય સહકારી, ટ્રીબ્યુનલ, અમદાવાદની ભરાયેલ જગ્યાઓની સંખ્યા નીચે મુજબ છે.

| સંવર્ગનું નામ | ભરાયેલ જગ્યાઓ | સંવર્ગનું નામ | ભરાયેલ જગ્યાઓ |
|---|---|---|---|
| પ્રમુખશ્રી | ૧ | સીનીયર કલાર્ક | ૩ |
| સભ્યશ્રી | ૩ | જુનીયર કલાર્ક | ૩ |
| રજિસ્ટ્રારશ્રી | ૧ | ગુજરાતી ટાઈપીસ્ટ | – |
| અંગ્રેજી સ્ટેનો ગ્રેડ–૨ | – | નાયક | – |
| ગુજરાતી સ્ટેનો ગ્રેડ–૨ | ૧ | પટાવાળા | ૪ |
| | **કુલ–૧૬** | | |

(૩) રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, ગુ.રા., ગાંધીનગરની કચેરી તેમજ તેને સંલગ્ન કચેરીઓમાં ખાલી જગ્યાઓની સંખ્યા નીચે મુજબ છે.

| સંવર્ગનું નામ | ખાલી જગ્યાઓ | સંવર્ગનું નામ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| અધિક રજિસ્ટ્રાર | ૦૨ | હેડ કલાર્ક | ૭૩ |

| સંવર્ગનું નામ | ખાલી જગ્યાઓ | સંવર્ગનું નામ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| સંયુક્ત રજિસ્ટ્રાર (ઉપલી કક્ષા) વર્ગ–૧ | ૨૨ | સીનીયર કલાર્ક | ૭૧ |
| જિલ્લા રજિસ્ટ્રાર વર્ગ–૧ | ૧૬ | જુનીયર કલાર્ક | ૩૮૦ |
| મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર વર્ગ–૨ | ૭૮ | ડ્રાઈવર | ૦૯ |
| બિન રાજ્યપત્રિત વર્ગ–૩ | | પટાવાળા વર્ગ–૪ | ૨૧૦ |
| કાર્યાલય અધિક્ષક | ૪૫ | | |
| | **કુલ–૯૦૬** | | |

(૪) ગુજરાત રાજ્ય સહકારી ટ્રીબ્યુનલ, અમદાવાદની ખાલી જગ્યાઓની સંખ્યા નીચે મુજબ છે.

| સંવર્ગનું નામ | ખાલી જગ્યાઓ | સંવર્ગનું નામ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| પ્રમુખશ્રી | – | સીનીયર કલાર્ક | એક જગ્યા પ્રતિનિયુક્તિથી ભરાયેલ છે. |
| સભ્યશ્રી | – | જુનીયર કલાર્ક | – |
| રજિસ્ટ્રારશ્રી | પ્રતિનિયુક્તિથી ભરાયેલ છે. | ગુજરાતી ટાઈપીસ્ટ | ૨ |
| અંગ્રેજી સ્ટેનો ગ્રેડ–૨ | ૨ | નાયક | ૧ |
| ગુજરાતી સ્ટેનો ગ્રેડ–૨ | – | પટાવાળા | – |
| | **કુલ–૦૫** | | |

(૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી આવી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

--------

**જૂનાગઢ જિલ્લામાં ખરીફ ઋતુમાં મગફળી અને કપાસના પાક વિમા બાબત**

અતારાંકિતઃ ૨૩૪૮ (૩૧–૧૨–૨૦૧૩) **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) :** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૭–૧૩ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં ખરીફ–૨૦૧૨ની ઋતુમાં તાલુકાવાર મગફળી અને કપાસનું કુલ કેટલાં વિસ્તારમાં વાવેતર કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકી કુલ કેટલા વિસ્તારમાં મગફળી અને કપાસ માટે વિમા કવચ પૂરું પાડવામાં આવેલ હતું,

(૩) ઉક્ત સ્થિતિએ પાકવિમા રક્ષિત વિસ્તારમાંથી કયા કયાં તાલુકામાં પાકવિમો ચૂકવવા પાત્ર થાય છે, અને

(૪) તે ક્યારે ચૂકવવામાં આવશે?

**કૃષિ મંત્રીશ્રી :** (૭–૨–૧૪)

(૧) વિગતો નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | વાવેતર વિસ્તાર (હેકટરમાં) | તાલુકાનું નામ | વાવેતર વિસ્તાર (હેકટરમાં) |
|---|---|---|---|
| **પાકનું નામ : મગફળી** | | **પાકનું નામ : કપાસ** | |
| ભેંસાણ | ૨૪૧૦૦ | ભેંસાણ | ૮૭૦૦ |
| જુનાગઢ | ૨૬૦૫૦ | જુનાગઢ | ૭૭૦૦ |
| કેશોદ | ૩૨૯૫૦ | કેશોદ | ૭૦ |
| કોડીનાર | ૫૨૦૦ | કોડીનાર | ૩૦૦૦ |
| માળીયા (હાટીના) | ૩૫૭૦૦ | માળીયા (હાટીના) | ૦ |
| માણાવદર | ૨૨૭૦૦ | માણાવદર | ૧૫૦૦૦ |
| માંગરોળ | ૩૫૭૦૦ | માંગરોળ | ૦ |
| મેંદરડા | ૧૬૨૦૦ | મેંદરડા | ૬૦૦ |
| સુત્રાપાડા | ૧૬૦૦૦ | સુત્રાપાડા | ૩૫૦ |
| તાલાળા | ૧૦૫૪૦ | તાલાળા | ૪૦ |
| ઉના | ૨૪૦૦૦ | ઉના | ૯૯૫૦ |

| | | | |
|---|---|---|---|
| વંથલી | ૧૩૫૦૦ | વંથલી | ૩૫૦૦ |
| વેરાવળ (પાટણ) | ૧૯૦૦૦ | વેરાવળ (પાટણ) | ૫૦ |
| વિસાવદર | ૨૫૦૦૦ | વિસાવદર | ૧૫૫૦૦ |
| **કુલ** | **૩૦૬૬૪૦** | **કુલ** | **૬૪૪૬૦** |

(૨) વિગતો નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | વિમાકવચ પૂરૂં પાડવામાં આવેલ વિસ્તાર (હેકટરમાં) | તાલુકાનું નામ | વિમાકવચ પૂરૂં પાડવામાં આવેલ વિસ્તાર (હેકટરમાં) |
|---|---|---|---|
| **પાકનું નામ : મગફળી** | | **પાકનું નામ : કપાસ** | |
| ભેંસાણ | ૩૦૦૬૮ | જુનાગઢ | ૩૯૩ |
| જુનાગઢ | ૧૯૭૦૩ | કોડીનાર | ૯ |
| કેશોદ | ૨૮૩૦૪ | માણાવદર | ૩૪૦૩ |
| કોડીનાર | ૬૬૩ | ઉના | ૮૨૨૩ |
| માળીયા (હાટીના) | ૧૫૯૩૬ | વંથલી | ૪૨૫ |
| માણાવદર | ૩૧૩૨૯ | વિસાવદર | ૯૧૪ |
| માંગરોળ | ૧૫૪૨૫ | **કુલ** | **૧૩૩૬૭** |
| મેંદરડા | ૧૪૩૩૩ | | |
| સુત્રાપાડા | ૧૫૭ | | |
| તાલાળા | ૪૫૩ | | |
| ઉના | ૩૮૯૫ | | |
| વંથલી | ૧૬૨૦૬ | | |
| વેરાવળ (પાટણ) | ૭૩૭ | | |
| વિસાવદર | ૩૧૧૧૪ | | |
| **કુલ** | **૨૦૮૩૨૩** | | |

(૩) વિગતો નીચે મુજબ છે.

| પાકનું નામ | તાલુકાનું નામ |
|---|---|
| મગફળી | ભેંસાણ, જૂનાગઢ, કેશોદ, માળીયા (હાટીના), માણાવદર, માંગરોળ, મેંદરડા, ઉના, વંથલી, વિસાવદર |
| કપાસ | માણાવદર, ઉના, વંથલી, વિસાવદર |

(૪) યોજનાની ગાઈડલાઈન મુજબ ચૂકવવાપાત્ર તથા પાક વિમાના દાવા વિમા કંપનીએ ચૂકવી આપેલ છે. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**જામનગર, ધ્રોલ, જોડિયા અને કાલાવાડ તાલુકાનાં સન ૨૦૧૨-૧૩ ના ખરીફ પાકના વાવેતર/ઉત્પાદનના આંકડા વિમા કંપનીને મોકલવા બાબત**

અતારાંકિતઃ ૨૪૫૨ (૩૧-૧૨-૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) જામનગર જિલ્લાના જામનગર, ધ્રોલ, જોડિયા અને કાલાવાડ તાલુકાનાં સન ૨૦૧૨-૧૩ ના વર્ષના ખરીફ પાક કપાસ અને મગફળીના ઉત્પાદન અને વાવેતર વિસ્તારના આંકડા વિમા કંપનીને કઈ કઈ તારીખ સુધીમાં મોકલવાના થતા હતાં,

(૨) રાજ્ય સરકારે આ આંકડાઓ કઈ-કઈ તારીખે મોકલ્યા હતા,

(૩) રાજ્ય સરકારે મોકલેલા આંકડા વિસંગતતા ભરેલા હોય વિમા કંપનીએ ખેડૂતોને મળવાપાત્ર પાક વિમાની રકમ કરતાં ઓછી રકમ ચૂકવી છે, તે ફરીયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૪) આ ફરીયાદ અન્વયે ખેડૂતોને પાક વિમામાં થયેલ અન્યાય દૂર કરવા ખેતી નિયામક કક્ષાએ રાજ્ય સરકારે શી કાર્યવાહી હાથ ધરી છે?

**કૃષિ મંત્રીશ્રી :** (૧૩–૨–૧૪)

(૧) ઉત્પાદનના આંકડા વિમા કંપનીને નીચે દર્શાવેલ તારીખ સુધીમાં મોકલવાના હોય છે.

| પાકનું નામ | નિયત તારીખ |
|---|---|
| મગફળી | ૩૧–૧–૨૦૧૩ |
| કપાસ | ૩૧–૭–૨૦૧૩ |

વાવેતર વિસ્તારના આંકડાઓ મોકલવાની કોઈ નિયત તારીખ હોતી નથી. તે વિમા કંપનીને માત્ર જાણ સારૂ મોકલવાની થાય છે.

(૨) વિગતો નીચે મુજબ છે.

| પાકનું નામ | વાવેતર વિસ્તારના આંકડાઓ મોકલ્યા તારીખ | ઉત્પાદનના આંકડાઓ મોકલ્યા તારીખ |
|---|---|---|
| મગફળી | ૨૧–૩–૨૦૧૩ | ૩૧–૧–૨૦૧૩ |
| કપાસ | ૨૨–૪–૨૦૧૩ | ૨૯–૭–૨૦૧૩ |

(૩) અને (૪) કેન્દ્ર સરકાર દ્વારા એરીયા રીડકશન ફેકટરને ધ્યાને લઈ ગણત્રી કરી દાવાઓની ચૂકવણી કરવામાં આવેલ હોવાથી ખેડૂતોને પાક વિમાની રકમ ઓછી ચૂકવાઈ છે. જ્યારે રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને એવી વિનંતી કરેલ હતી કે જે ખેડૂતોએ પાક વિમાનું પ્રિમિયમ ભરેલ હોય તેવા દરેક ખેડૂતના વીમાના દાવાની ધોરણસરની ચકાસણી કરી તેને મળવાપાત્ર રકમ મંજૂર કરવી જોઈએ. તે માટે જરૂરી નાણા ઉપલબ્ધ કરાવવાની પણ રાજ્ય સરકારશ્રી દ્વારા તૈયારી દર્શાવવામાં આવેલ હતી. પરંતુ કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારની સદરહુ રજુઆત ગ્રાહ્ય ન રાખી એરીયા રીડકશન ફેકટરને ધ્યાને લઈ ગણત્રી કરી દાવાઓની ચૂકવણી કરવા નિર્ણય કરવામાં આવેલ હતો.

--------

**સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કૃષિ પેદાશો સંગ્રહ કરવા સહાય બાબત**

અતારાંકિતઃ ૨૫૨૫ (૩૧–૧૨–૧૩) **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) :** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કૃષિ પેદાશોની સંગ્રહ વ્યવસ્થા ઊભી કરવા તા.૩૦–૦૬–૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સહાય ચૂકવવામાં આવી, અને

(૨) કઈ કઈ સંસ્થાઓને આ સહાય ચૂકવવામાં આવી?

**કૃષિ મંત્રીશ્રી :** (૧૩–૨–૧૪)

(૧) સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કૃષિ પેદાશોની સંગ્રહ વ્યવસ્થા ઊભી કરવા તા.૩૦–૦૬–૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ।.૧૯૧.૮૧ લાખ તેમજ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કૃષિ પેદાશોની સંગ્રહ વ્યવસ્થા ઊભી કરવા તા.૩૦–૦૬–૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ।.૬૪૪.૧૪ લાખની સહાય ચૂકવવામાં આવી.

(૨) સાબરકાંઠા/બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ચૂકવવામાં આવેલ સહાયની વિગત નીચે મુજબ છે.

(અ) સાબરકાંઠા જિલ્લો

**(રૂ।. લાખમાં)**

| અ.નં. | બજાર સમિતિનું નામ | તા. ૦૧–૦૭–૨૦૧૧ થી તા. ૩૦–૦૬–૨૦૧૨ સુધી | તા. ૦૧–૦૭–૨૦૧૨ થી તા. ૩૦–૦૬–૨૦૧૩ સુધી | બે વર્ષની કુલ સહાય |
|---|---|---|---|---|
| **(૧)** | **(૨)** | **(૩)** | **(૪)** | **(૫)** |
| ૧. | ભિલોડા | – | ૫.૩૫ | ૫.૩૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨. | મેઘરજ | – | ૨૯.૦૦ | ૨૯.૦૦ |
| ૩. | ખેડબ્રહ્મા | – | – | – |
| ૪. | વિજયનગર | – | – | – |
| ૫. | તલોદ | – | ૨૮.૭૧ | ૨૮.૭૧ |
| ૬. | મોડાસા | – | – | – |
| ૭. | પ્રાંતિજ | – | – | – |
| ૮. | માલપુર | ૬.૬૯ | – | ૬.૬૯ |
| ૯. | હિંમતનગર | – | ૪.૫૫ | ૪.૫૫ |
| ૧૦. | ધનસુરા | – | ૩૮.૫૮ | ૩૮.૫૮ |
| ૧૧. | ઈડર | – | ૭૮.૯૩ | ૭૮.૯૩ |
| | **કુલ** | **૬.૬૯** | **૧૮૫.૧૨** | **૧૯૧.૮૧** |

એચબી–૬૧૬–૨ બનાસકાંઠા જિલ્લો (રૂા.લાખમાં)

| **અ.નં.** | **બજાર સમિતિનું નામ** | **તા. ૦૧–૦૭–૨૦૧૧ થી તા. ૩૦–૦૬–૨૦૧૨ સુધી** | **તા. ૦૧–૦૭–૨૦૧૨ થી તા. ૩૦–૦૬–૨૦૧૩ સુધી** | **બે વર્ષની કુલ સહાય** |
|---|---|---|---|---|
| **(૧)** | **(૨)** | **(૩)** | **(૪)** | **(૫)** |
| ૧. | થરાદ | – | – | – |
| ૨. | પાંથાવાડા | – | ૧૫.૬૬ | ૧૫.૬૬ |
| ૩. | થરા | – | ૮૩.૯૯ | ૮૩.૯૯ |
| ૪. | ડીસા | ૬૦.૮૨ | – | ૬૦.૮૨ |
| ૫. | ધાનેરા | ૧૯.૫૮ | ૩૬.૨૩ | ૫૫.૮૧ |
| ૬. | ભાભર | ૭૭.૭૬ | ૨૦.૩૬ | ૯૮.૧૨ |
| ૭. | વાવ | ૧૭.૦૯ | ૩૩.૫૩ | ૫૦.૬૨ |
| ૮. | દિયોદર | ૧૭.૦૯ | ૨૪.૭૭ | ૪૧.૮૬ |
| ૯. | દાંતા (ટી) | ૨૨૮.૭૨ | ૮.૫૪ | ૨૩૭.૨૬ |
| | **કુલ** | **૪૨૧.૦૬** | **૨૨૩.૦૮** | **૬૪૪.૧૪** |

--------

**અમદાવાદ અને વડોદરા જિલ્લામાં પ્રતિબંધિત, કૃષિ પાક જંતુનાશક દવાઓનાં વેચાણકર્તાઓ સામે કાર્યવાહી બાબત**

અતારાંકિતઃ ૨૫૫૦ (૪–૧–૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) અમદાવાદ અને વડોદરા જિલ્લામાં તા.૩૦મી જૂન–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં કૃષિ પાક માટેની કઈ કઈ પ્રતિબંધિત જંતુનાશક દવાઓ વેચાણ થતાં પકડાઈ, અને

(૨) આરોપી વેચાણકર્તાઓ સામે શી કાનુની કાર્યવાહી થઈ ?

**કૃષિ મંત્રીશ્રી :** (૧૨–૨–૧૪)

(૧) તા.૩૦મી જૂન–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ જિલ્લામાં એલ્યુમીનીયમ ફોસ્ફાઈડ ૫૬ ટકા (સેલ્ફોસ) પાઉચ અને બોટલ, ઉત્પાદક–એક્ષેલ ક્રોપ કેર લી. મુંબઈ, આ પ્રતિબંધિત જંતુનાશક દવા વેચાણ થતી પકડાઈ હતી અને વડોદરા જિલ્લામાં કોઈ પ્રતિબંધિત જંતુનાશક દવા વેચાણ થતી પકડાઈ નથી.

(૨) આરોપી વેચાણકર્તા સામે સરખેજ પોલીસ સ્ટેશન, જિ.અમદાવાદ ખાતે તા.૩૦–૯–૨૦૧૧ના રોજ એફ.આઈ. આર.નં. ૨૦૪/૧૧ નોંધાવેલ હતી.

--------

**કેન્દ્ર સરકાર તરફથી રાજ્યમાં મધ્યાહન ભોજન માટે મળેલ વણવપરાયેલ ગ્રાન્ટ**

અતારાંકિતઃ ૨૬૨૫ (૪–૧–૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) સને ૨૦૧૧–૧૨ માં કેન્દ્ર સરકાર તરફથી રાજ્યમાં મધ્યાહન ભોજન માટે મળેલ ગ્રાન્ટની રકમ પૈકી રૂપિયા ૧૯૩૭.૮૩ લાખની રકમ વણવપરાયેલી રહેવા પામી હતી તે હકીકત સાચી છે,

(૨) આ ઉકત રકમ મધ્યાહન ભોજન માટે ન વાપરવાના શાં કારણો હતા,

(૩) કેન્દ્ર સરકારની ગ્રાન્ટનો ઉપયોગ યોગ્ય રીતે ન કરી શકનાર જવાબદાર અધિકારીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી છે, અને

(૪) કેન્દ્ર સરકારની મધ્યાહન ભોજનની ગ્રાન્ટ પૂરી વપરાઈ શકે તે માટે શું આયોજન થયેલ છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૩–૨–૧૪)

(૧) વર્ષ ૨૦૧૧–૧૨ની કેન્દ્ર સરકારની ગ્રાન્ટ પૈકી ઉઘડતી સિલક રૂ।.૨૫૯૩.૨૨ લાખની હતી તેમજ વર્ષ દરમ્યાન કેન્દ્ર સરકાર તરફથી રૂ।.૩૫૩૦૧.૫૮ લાખની ગ્રાન્ટ મળેલ અને રૂ।.૩૩૩૬૩.૭૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ જેના કારણે રૂ।.૪૫૩૧.૦૫ લાખ બંધ સિલક રહેલ તેથી રૂ।.૧૯૩૭.૮૩ લાખની રકમ વણવપરાયેલી રહેવા પામેલ છે, તે બાબત ખરી નથી.

(૨) કેન્દ્ર સરકારને જ્યારે બજેટ મોકલવામાં આવે છે ત્યારે જે તે વર્ષના ડિસેમ્બર માસના લાભાર્થી બાળકોને ધ્યાને લઈ દરખાસ્ત તૈયાર કરવામાં આવે છે, જ્યારે વર્ષના અંતે આ સંખ્યામાં થતા ફેરફારના કારણે અંદાજીત ખર્ચ અને ખરેખર થયેલ ખર્ચમાં તફાવત આવતો હોય છે.

(૩) આ બાબતે કોઈને જવાબદાર ગણવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) દરેક જિલ્લામાં લાભાર્થી બાળકોની સંખ્યા વધે તે માટે જરૂરી સૂચના આપેલ છે. તેમજ કેન્દ્રો પર જરૂરી વાસણો, વજનકાંટા તથા ગેસના જોડાણ આપી ગ્રાન્ટ પૂરી વપરાઈ જાય તેવું આયોજન હાથ ધરેલ છે.

--------

**રાજ્ય સરકારે બજારમાંથી મેળવેલ લોન**

અતારાંકિતઃ ૨૩૫૦ (૧૯–૧૦–૧૩) **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) :** માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૭–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારે બજારમાંથી કેટલી રકમની લોન કોની પાસેથી લીધી,

(૨) આ મેળવેલ લોન કેટલાં વર્ષની મુદત માટે અને કેટલા ટકા વ્યાજનાં દરે મેળવેલ છે, અને

(૩) આ લોન લેવાનાં કારણો શું છે ?

**નાણા મંત્રીશ્રી :** (૧૨–૨–૧૪)

(૧) અને (૨) રાજ્ય સરકારે ભારતીય રીઝર્વ બેંક મારફતે ખુલ્લા બજારમાંથી લીધેલ રકમની લોન, તેની મુદત અને વ્યાજ દર દર્શાવતું વિગતવાર પત્રક આ સાથે સામેલ છે.

**પ ત્ર ક**

**ભારતીય રીઝર્વ બેંક મારફતે ખુલ્લા (જાહેર) બજારમાંથી છેલ્લા ૫ નાણાકીય વર્ષમાં (૨૦૦૮–૦૯ થી ૨૦૧૨–૧૩ સુધી) મેળવેલ લોનોની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | લોનનું નામ | રકમ (રૂ.કરોડમાં) | લોનની મુદત (વર્ષમાં) | વ્યાજનો દર (ટકામાં) |
|---|---|---|---|---|
| **નાણાકીય વર્ષ ૨૦૦૮–૦૯** | | | | |
| (૧) | ૭.૮૦% ટકા જી.એસ.ડી.એલ.૨૦૧૮ | ૧૦૦૦ | ૧૦ | ૭.૮૦ |
| (૨) | ૭.03 % જી.એસ.ડી.એલ.૨૦૧૮ | ૧૨૫૦ | ૧૦ | ૭.03 |
| (૩) | ૬.૦૫% જી.એસ.ડી.એલ.૨૦૧૯ | ૧૮૭૫ | ૧૦ | ૬.૦૫ |
| (૪) | ૭.00% જી.એસ.ડી.એલ.૨૦૧૯ | ૧૨૫૦ | ૧૦ | ૭.00 |
| (૫) | ૭.૪૫% જી.એસ.ડી.એલ.૨૦૧૯ | ૧૪૯૯ | ૧૦ | ૭.૪૫ |
| (૬) | ૮.૪૦ % જી.એસ.ડી.એલ.૨૦૧૯ | ૧૬૬૦ | ૧૦ | ૮.૪૦ |

| ક્રમ | લોનનું નામ | રકમ (રૂ.કરોડમાં) | લોનની મુદત (વર્ષમાં) | વ્યાજનો દર (ટકામાં) |
|---|---|---|---|---|
| | **કુલ** | **૮૫૩૪** | | |
| **નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦** | | | | |
| (૭) | ૭.૮૩% જી.એસ.ડી.એલ.૨૦૧૯ | ૧૦૦૦ | ૧૦ | ૭.૮૩ |
| (૮) | ૭.૮૫ % જી.એસ.ડી.એલ.૨૦૧૯ | ૧૫૦૦ | ૧૦ | ૭.૮૫ |
| (૯) | ૮.૨૧ % જી.એસ.ડી.એલ.૨૦૧૯ | ૧૭૦૦ | ૧૦ | ૮.૨૧ |
| (૧૦) | ૮.૨૩% જી.એસ.ડી.એલ.૨૦૧૯ | ૧૫૦૦ | ૧૦ | ૮.૨૩ |
| (૧૧) | ૮.૨૭% જી.એસ.ડી.એલ.૨૦૧૯ | ૧૦૦૦ | ૧૦ | ૮.૨૭ |
| (૧૨) | ૮.૩૩% જી.એસ.ડી.એલ.૨૦૨૦ | ૧૫૦૦ | ૧૦ | ૮.૩૩ |
| (૧૩) | ૮.૩૧% જી.એસ.ડી.એલ.૨૦૨૦ | ૮૦૦ | ૧૦ | ૮.૩૧ |
| | **કુલ** | **૯૦૦૦** | | |
| **નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧** | | | | |
| (૧૪) | ૮.૦૯% જી.એસ.ડી.એલ.૨૦૨૦ | ૧૨૦૭.૫ | ૧૦ | ૮.૦૯ |
| (૧૫) | ૮.૧૫% જી.એસ.ડી.એલ.૨૦૨૦ | ૭૫૦ | ૧૦ | ૮.૧૫ |
| (૧૬) | ૮.૩૨% જી.એસ.ડી.એલ.૨૦૨૦ | ૧૦૦૦ | ૧૦ | ૮.૩૨ |
| (૧૭) | ૮.૩૮% જી.એસ.ડી.એલ.૨૦૨૦ | ૧૦૦૦ | ૧૦ | ૮.૩૮ |
| (૧૮) | ૮.૩૫% જી.એસ.ડી.એલ.૨૦૨૦ | ૧૦૦૦ | ૧૦ | ૮.૩૫ |
| (૧૯) | ૮.૫૧% જી.એસ.ડી.એલ.૨૦૨૦ | ૧૦૦૦ | ૧૦ | ૮.૫૧ |
| (૨૦) | ૮.૪૨% જી.એસ.ડી.એલ.૨૦૨૦ | ૧૦૦૦ | ૧૦ | ૮.૪૨ |
| (૨૧) | ૮.૪૦% જી.એસ.ડી.એલ.૨૦૨૦ | ૧૦૦૦ | ૧૦ | ૮.૪૦ |
| (૨૨) | ૮.૩૮% જી.એસ.ડી.એલ.૨૦૨૧ | ૫૦૦ | ૧૦ | ૮.૩૮ |
| (૨૩) | ૮.૫૨% જી.એસ.ડી.એલ.૨૦૨૧ | ૫૦૦ | ૧૦ | ૮.૫૨ |
| (૨૪) | ૮.૫૧% જી.એસ.ડી.એલ.૨૦૨૧ | ૧૦૦૦ | ૧૦ | ૮.૫૧ |
| (૨૫) | ૮.૪૬% જી.એસ.ડી.એલ.૨૦૨૧ | ૭૫૦ | ૧૦ | ૮.૪૬ |
| (૨૬) | ૮.૩૬% જી.એસ.ડી.એલ.૨૦૨૧ | ૭૯૨.૫ | ૧૦ | ૮.૩૬ |
| | **કુલ** | **૧૧૫૦૦** | | |
| **નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨** | | | | |
| (૨૭) | ૮.૬૮% જી.એસ.ડી.એલ.૨૦૨૧ | ૧૦૦૦ | ૧૦ | ૮.૬૮ |
| (૨૮) | ૮.૫૬ % જી.એસ.ડી.એલ.૨૦૨૧ | ૧૦૦૦ | ૧૦ | ૮.૫૬ |
| (૨૯) | ૮.૫૯% જી.એસ.ડી.એલ.૨૦૨૧ | ૧૦૦૦ | ૧૦ | ૮.૫૯ |
| (૩૦) | ૮.૫૩% જી.એસ.ડી.એલ.૨૦૨૧ | ૧૦૦૦ | ૧૦ | ૮.૫૩ |
| (૩૧) | ૮.૫૯% જી.એસ.ડી.એલ.૨૦૨૧ | ૧૦૦૦ | ૧૦ | ૮.૫૯ |
| (૩૨) | ૮.૬૨% જી.એસ.ડી.એલ.૨૦૨૧ | ૧૦૦૦ | ૧૦ | ૮.૬૨ |
| (૩૩) | ૮.૬૫% જી.એસ.ડી.એલ.૨૦૨૧ | ૧૦૦૦ | ૧૦ | ૮.૬૫ |
| (૩૪) | ૮.૮૮% જી.એસ.ડી.એલ.૨૦૨૧ | ૧૦૦૦ | ૧૦ | ૮.૮૮ |
| (૩૫) | ૯.૨૩% જી.એસ.ડી.એલ.૨૦૨૧ | ૧૦૦૦ | ૧૦ | ૯.૨૩ |
| (૩૬) | ૮.૭૮% જી.એસ.ડી.એલ.૨૦૨૧ | ૧૫૦૦ | ૧૦ | ૮.૭૮ |
| (૩૭) | ૮.૬૯% જી.એસ.ડી.એલ.૨૦૨૨ | ૧૫૦૦ | ૧૦ | ૮.૬૯ |
| (૩૮) | ૮.૯૪% જી.એસ.ડી.એલ.૨૦૨૨ | ૧૫૦૦ | ૧૦ | ૮.૯૪ |
| (૩૯) | ૮.૯૯% જી.એસ.ડી.એલ.૨૦૨૨ | ૧૫૦૦ | ૧૦ | ૮.૯૯ |
| (૪૦) | ૯.૨૩% જી.એસ.ડી.એલ.૨૦૨૨ | ૧૫૦૦ | ૧૦ | ૯.૨૩ |
| | **કુલ** | **૧૬૫૦૦** | | |
| | **નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩** | | | |
| (૪૧) | ૯.૧૩% જી.એસ.ડી.એલ.૨૦૨૨ | ૧૫૦૦ | ૧૦ | ૯.૧૩ |
| (૪૨) | ૯.૧૨% જી.એસ.ડી.એલ.૨૦૨૨ | ૧૫૦૦ | ૧૦ | ૯.૧૨ |

| ક્રમ | લોનનું નામ | રકમ (રૂ.કરોડમાં) | લોનની મુદત (વર્ષમાં) | વ્યાજનો દર (ટકામાં) |
|---|---|---|---|---|
| (૪૩) | ૮.૮૮% જી.એસ.ડી.એલ.૨૦૨૨ | ૧૫૦૦ | ૧૦ | ૮.૮૮ |
| (૪૪) | ૮.૮૩% જી.એસ.ડી.એલ.૨૦૨૨ | ૧૨૦૦ | ૧૦ | ૮.૮૩ |
| (૪૫) | ૮.૯૧% જી.એસ.ડી.એલ.૨૦૨૨ | ૧૨૦૦ | ૧૦ | ૮.૯૧ |
| (૪૬) | ૮.૭૧% જી.એસ.ડી.એલ.૨૦૧૬ | ૮૦૦ | ૪ | ૮.૭૧ |
| (૪૭) | ૮.૭૦% જી.એસ.ડી.એલ.૨૦૧૬ | ૮૦૦ | ૪ | ૮.૭૦ |
| (૪૮) | ૮.૭૫% જી.એસ.ડી.એલ.૨૦૧૬ | ૬૦૦ | ૪ | ૮.૭૫ |
| (૪૯) | ૮.૮૪% જી.એસ.ડી.એલ.૨૦૨૨ | ૧૦૦૦ | ૧૦ | ૮.૮૪ |
| (૫૦) | ૮.૭૯% જી.એસ.ડી.એલ.૨૦૨૨ | ૧૦૦૦ | ૧૦ | ૮.૭૯ |
| (૫૧) | ૮.૭૫% જી.એસ.ડી.એલ.૨૦૧૬ | ૯૪૬.૨૫ | ૪ | ૮.૭૫ |
| (૫૨) | ૮.૮૯% જી.એસ.ડી.એલ.૨૦૨૨ | ૧૦૦૦ | ૧૦ | ૮.૮૯ |
| (૫૩) | ૮.૫૮% જી.એસ.ડી.એલ.૨૦૨૩ | ૧૫૦૦ | ૧૦ | ૮.૫૮ |
| (૫૪) | ૮.૬૮% જી.એસ.ડી.એલ.૨૦૨૩ | ૧૦૦૦ | ૧૦ | ૮.૬૮ |
| | **કુલ** | **૧૫૫૪૬.૨૫** | | |

(૩) રાજ્ય વિકાસ આયોજનના કામો માટે તેમજ વાર્ષિક આયોજન યોજનાઓના કદ ને પહોંચી વળવા માટે કેન્દ્ર સરકારના આયોજન પંચે નિયત કરેલી મર્યાદામાં રહીને જાહેર દેવાં દ્વારા સંશાધનો પૈકી ખુલ્લા બજારમાંથી મેળવાતી રાજ્ય વિકાસ લોન એક સંશાધન છે. વાર્ષિક વિકાસ યોજનાના ખર્ચની વૃદ્ધિ અનુસાર અને કાયદા હેઠળ નક્કી કરેલ મર્યાદાની અંદર રહીને લોન સ્વરૂપે રાજ્યનું દેવું પ્રાપ્ત કરવામાં આવે છે.

--------

## રાજ્ય સરકારે બજારમાંથી મેળવેલ લોન

અતારાંકિતઃ ૨૬૩૬ (૪-૧-૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારે બજારમાંથી કેટલી રકમની લોન કોની પાસેથી ક્યારે લીધી હતી,

(૨) આ મેળવેલ દરેક લોન કેટલાં વર્ષની મુદત માટે હતી અને તેનો વ્યાજનો દર કેટલા ટકા હતો, અને

(૩) આ લોન લેવાનાં શાં કારણો છે ?

**નાણા મંત્રીશ્રી :** (૩-૨-૧૪)

(૧) અને (૨) રાજ્ય સરકારે ભારતીય રીઝર્વ બેંક મારફતે ખુલ્લા બજારમાંથી લીધેલ રકમની લોન, તેની મુદત અને વ્યાજ દર દર્શાવતું વિગતવાર પત્રક આ સાથે સામેલ છે.

**પ ત્ર ક**

**ભારતીય રીઝર્વ બેંક મારફતે ખુલ્લા (જાહેર) બજારમાંથી છેલ્લા ૫ નાણાકીય વર્ષમાં (૨૦૦૮-૦૯ થી ૨૦૧૨-૧૩ સુધી) મેળવેલ લોનોની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | લોનનું નામ | રકમ (રૂ.કરોડમાં) | લોનની મુદત (વર્ષમાં) | વ્યાજનો દર (ટકામાં) |
|---|---|---|---|---|
| **નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯** | | | | |
| (૧) | ૭.૮૦% ટકા જી.એસ.ડી.એલ.૨૦૧૮ | ૧૦૦૦ | ૧૦ | ૭.૮૦ |
| (૨) | ૭.૦૩ % જી.એસ.ડી.એલ.૨૦૧૮ | ૧૨૫૦ | ૧૦ | ૭.૦૩ |
| (૩) | ૬.૦૫% જી.એસ.ડી.એલ.૨૦૧૯ | ૧૮૭૫ | ૧૦ | ૬.૦૫ |
| (૪) | ૭.૦૦% જી.એસ.ડી.એલ.૨૦૧૯ | ૧૨૫૦ | ૧૦ | ૭.૦૦ |
| (૫) | ૭.૪૫% જી.એસ.ડી.એલ.૨૦૧૯ | ૧૪૯૯ | ૧૦ | ૭.૪૫ |

| ક્રમ | લોનનું નામ | રકમ (રૂ.કરોડમાં) | લોનની મુદત (વર્ષમાં) | વ્યાજનો દર (ટકામાં) |
|---|---|---|---|---|
| (૬) | ૮.૪૦ % જી.એસ.ડી.એલ.૨૦૧૯ | ૧૬૬૦ | ૧૦ | ૮.૪૦ |
| | **કુલ** | **૮૫૩૪** | | |
| **નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦** | | | | |
| (૭) | ૭.૮૩% જી.એસ.ડી.એલ.૨૦૧૯ | ૧૦૦૦ | ૧૦ | ૭.૮૩ |
| (૮) | ૭.૮૫ % જી.એસ.ડી.એલ.૨૦૧૦ | ૧૫૦૦ | ૧૦ | ૭.૮૫ |
| (૯) | ૮.૨૧ % જી.એસ.ડી.એલ.૨૦૧૯ | ૧૭૦૦ | ૧૦ | ૮.૨૧ |
| (૧૦) | ૮.૨૩% જી.એસ.ડી.એલ.૨૦૧૯ | ૧૫૦૦ | ૧૦ | ૮.૨૩ |
| (૧૧) | ૮.૨૭% જી.એસ.ડી.એલ.૨૦૧૯ | ૧૦૦૦ | ૧૦ | ૮.૨૭ |
| (૧૨) | ૮.૩૩% જી.એસ.ડી.એલ.૨૦૨૦ | ૧૫૦૦ | ૧૦ | ૮.૩૩ |
| (૧૩) | ૮.૩૧% જી.એસ.ડી.એલ.૨૦૨૦ | ૮૦૦ | ૧૦ | ૮.૩૧ |
| | **કુલ** | **૯૦૦૦** | | |
| **નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧** | | | | |
| (૧૪) | ૮.૦૯% જી.એસ.ડી.એલ.૨૦૨૦ | ૧૨૦૭.૫ | ૧૦ | ૮.૦૯ |
| (૧૫) | ૮.૧૫% જી.એસ.ડી.એલ.૨૦૨૦ | ૭૫૦ | ૧૦ | ૮.૧૫ |
| (૧૬) | ૮.૩૨% જી.એસ.ડી.એલ.૨૦૨૦ | ૧૦૦૦ | ૧૦ | ૮.૩૨ |
| (૧૭) | ૮.૩૮% જી.એસ.ડી.એલ.૨૦૨૦ | ૧૦૦૦ | ૧૦ | ૮.૩૮ |
| (૧૮) | ૮.૩૫% જી.એસ.ડી.એલ.૨૦૨૦ | ૧૦૦૦ | ૧૦ | ૮.૩૫ |
| (૧૯) | ૮.૫૧% જી.એસ.ડી.એલ.૨૦૨૦ | ૧૦૦૦ | ૧૦ | ૮.૫૧ |
| (૨૦) | ૮.૪૨% જી.એસ.ડી.એલ.૨૦૨૦ | ૧૦૦૦ | ૧૦ | ૮.૪૨ |
| (૨૧) | ૮.૪૦% જી.એસ.ડી.એલ.૨૦૨૦ | ૧૦૦૦ | ૧૦ | ૮.૪૦ |
| ૨) | ૮.૩૮% જી.એસ.ડી.એલ.૨૦૨૧ | ૫૦૦ | ૧૦ | ૮.૩૮ |
| (૨૩) | ૮.૫૨% જી.એસ.ડી.એલ.૨૦૨૧ | ૫૦૦ | ૧૦ | ૮.૫૨ |
| (૨૪) | ૮.૫૧% જી.એસ.ડી.એલ.૨૦૨૧ | ૧૦૦૦ | ૧૦ | ૮.૫૧ |
| (૨૫) | ૮.૪૬% જી.એસ.ડી.એલ.૨૦૨૧ | ૭૫૦ | ૧૦ | ૮.૪૬ |
| (૨૬) | ૮.૩૬% જી.એસ.ડી.એલ.૨૦૨૧ | ૭૯૨.૫ | ૧૦ | ૮.૩૬ |
| | **કુલ** | **૧૧૫૦૦** | | |
| **નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨** | | | | |
| (૨૭) | ૮.૬૮% જી.એસ.ડી.એલ.૨૦૨૧ | ૧૦૦૦ | ૧૦ | ૮.૬૮ |
| (૨૮) | ૮.૫૬ % જી.એસ.ડી.એલ.૨૦૨૧ | ૧૦૦૦ | ૧૦ | ૮.૫૬ |
| (૨૯) | ૮.૫૯% જી.એસ.ડી.એલ.૨૦૨૧ | ૧૦૦૦ | ૧૦ | ૮.૫૯ |
| (૩૦) | ૮.૫૩% જી.એસ.ડી.એલ.૨૦૨૧ | ૧૦૦૦ | ૧૦ | ૮.૫૩ |
| (૩૧) | ૮.૫૯% જી.એસ.ડી.એલ.૨૦૨૧ | ૧૦૦૦ | ૧૦ | ૮.૫૯ |
| (૩૨) | ૮.૬૨% જી.એસ.ડી.એલ.૨૦૨૧ | ૧૦૦૦ | ૧૦ | ૮.૬૨ |
| (૩૩) | ૮.૬૫% જી.એસ.ડી.એલ.૨૦૨૧ | ૧૦૦૦ | ૧૦ | ૮.૬૫ |
| (૩૪) | ૮.૮૮% જી.એસ.ડી.એલ.૨૦૨૧ | ૧૦૦૦ | ૧૦ | ૮.૮૮ |
| (૩૫) | ૯.૨૩% જી.એસ.ડી.એલ.૨૦૨૧ | ૧૦૦૦ | ૧૦ | ૯.૨૩ |
| (૩૬) | ૮.૭૮% જી.એસ.ડી.એલ.૨૦૨૧ | ૧૫૦૦ | ૧૦ | ૮.૭૮ |
| (૩૭) | ૮.૬૯% જી.એસ.ડી.એલ.૨૦૨૨ | ૧૫૦૦ | ૧૦ | ૮.૬૯ |
| (૩૮) | ૮.૯૪% જી.એસ.ડી.એલ.૨૦૨૨ | ૧૫૦૦ | ૧૦ | ૮.૯૪ |
| (૩૯) | ૮.૯૯% જી.એસ.ડી.એલ.૨૦૨૨ | ૧૫૦૦ | ૧૦ | ૮.૯૯ |
| (૪૦) | ૯.૨૩% જી.એસ.ડી.એલ.૨૦૨૨ | ૧૫૦૦ | ૧૦ | ૯.૨૩ |
| | **કુલ** | **૧૬૫૦૦** | | |
| | **નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩** | | | |
| (૪૧ | ૯.૧૩% જી.એસ.ડી.એલ.૨૦૨૨ | ૧૫૦૦ | ૧૦ | ૯.૧૩ |

એચબી-૬૧૬-૩

| ક્રમ | લોનનું નામ | રકમ (રૂ.કરોડમાં) | લોનની મુદત (વર્ષમાં) | વ્યાજનો દર (ટકામાં) |
|---|---|---|---|---|
| (૪૨) | ૯.૧૨% જી.એસ.ડી.એલ.૨૦૨૨ | ૧૫૦૦ | ૧૦ | ૯.૧૨ |
| (૪૩) | ૮.૮૮% જી.એસ.ડી.એલ.૨૦૨૨ | ૧૫૦૦ | ૧૦ | ૮.૮૮ |
| (૪૪) | ૮.૮૩% જી.એસ.ડી.એલ.૨૦૨૨ | ૧૨૦૦ | ૧૦ | ૮.૮૩ |
| (૪૫) | ૮.૯૧% જી.એસ.ડી.એલ.૨૦૨૨ | ૧૨૦૦ | ૧૦ | ૮.૯૧ |
| (૪૬) | ૮.૭૧% જી.એસ.ડી.એલ.૨૦૧૬ | ૮૦૦ | ૪ | ૮.૭૧ |
| (૪૭) | ૮.૭૦% જી.એસ.ડી.એલ.૨૦૧૬ | ૮૦૦ | ૪ | ૮.૭૦ |
| (૪૮) | ૮.૭૫% જી.એસ.ડી.એલ.૨૦૧૬ | ૬૦૦ | ૪ | ૮.૭૫ |
| (૪૯) | ૮.૮૪% જી.એસ.ડી.એલ.૨૦૨૨ | ૧૦૦૦ | ૧૦ | ૮.૮૪ |
| (૫૦) | ૮.૭૯% જી.એસ.ડી.એલ.૨૦૨૨ | ૧૦૦૦ | ૧૦ | ૮.૭૯ |
| (૫૧) | ૮.૭૫% જી.એસ.ડી.એલ.૨૦૧૬ | ૯૪૬.૨૫ | ૪ | ૮.૭૫ |
| (૫૨) | ૮.૮૯% જી.એસ.ડી.એલ.૨૦૨૨ | ૧૦૦૦ | ૧૦ | ૮.૮૯ |
| (૫૩) | ૮.૫૮% જી.એસ.ડી.એલ.૨૦૨૩ | ૧૫૦૦ | ૧૦ | ૮.૫૮ |
| (૫૪) | ૮.૬૮% જી.એસ.ડી.એલ.૨૦૨૩ | ૧૦૦૦ | ૧૦ | ૮.૬૮ |
| | **કુલ** | **૧૫૫૪૬.૨૫** | | |

(૩) રાજ્ય વિકાસ આયોજનના કામો માટે તેમજ વાર્ષિક આયોજન યોજનાઓના કદ ને પહોંચી વળવા માટે કેન્દ્ર સરકારના આયોજન પંચે નિયત કરેલી મર્યાદામાં રહીને જાહેર દેવાં દ્વારા સંશાધનો પૈકી ખુલ્લા બજારમાંથી મેળવાતી રાજ્ય વિકાસ લોન એક સંશાધન છે. વાર્ષિક વિકાસ યોજનાના ખર્ચની વૃદ્ધિ અનુસાર અને કાયદા હેઠળ નક્કી કરેલ મર્યાદાની અંદર રહીને લોન સ્વરૂપે રાજ્યનું દેવું પ્રાપ્ત કરવામાં આવે છે.

--------

## ખેડા જિલ્લામાં એક જ વ્યકિતની ફિંગરપ્રિન્ટવાળા સંખ્યાબંધ ભૂતિયા રેશનકાર્ડ

અતારાંકિતઃ ૨૫૯૨ (૪-૧-૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) ખેડા જિલ્લામાં એક જ વ્યકિતની ફિંગરપ્રિન્ટથી સંખ્યાબંધ ભૂતિયા રેશનકાર્ડ બનાવવાના કિસ્સા તા.૩૦મી સપ્ટેમ્બર-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા ૬ માસમાં બહાર આવ્યા છે તે હકીકત સાચી છે,

(૨) આ ભૂતિયા બારકોડેડ રેશનકાર્ડ બનાવનાર જવાબદાર કોણ છે અને તેમના પર શી કાનૂની કાર્યવાહી થઈ છે, અને

(૩) હવે પછી ભૂતિયા બારકોડેડ રેશનકાર્ડ ન બને તે માટે શી વ્યવસ્થા થઈ છે ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :** (૧૩-૨-૧૪)

(૧) આવા કોઈ કિસ્સા ધ્યાને આવેલ નથી.

(૨) પ્રશ્ન નથી.

(૩) નવા બારકોર્ડડ રેશનકાર્ડ માટે પરિપત્ર ક્રમાંકઃ કટક-૧૦૨૦૧૦-૧૧૧-ક, તા.૨૫-૪-૨૦૧૩ થી ચૂંટણી ઓળખપત્ર ફરજીયાત કરવામાં આવેલ છે, તેમજ અ.સ.પત્રક્રમાંકઃ બારેકા-કુડકુપન-૨૮૩૧-૨૦૧૩, તા.૩-૯-૨૦૧૩ થી રેશનકાર્ડમાં ૧૫ વર્ષથી ઉપરના બધા કુટુંબના સભ્યોના બાયોમેટ્રીક લેવાનું નક્કી કરેલ છે તેમજ બાયોમેટ્રીક અને ચૂંટણી ઓળખકાર્ડનું ડી-ડુપ્લીકેશન કરવામાં આવે છે.

--------

## ધી ફુડ સિક્યોરીટી એકટ-૨૦૧૩ની જોગવાઈનો રાજ્યમાં અમલ બાબત

અતારાંકિતઃ ૨૬૨૯ (૨૫–૧–૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) ધી ફુડ સિક્યોરીટી એકટ–૨૦૧૩ની જોગવાઇઓનો અમલ રાજ્યમાં શરૂ કરી દેવા નિર્ણય કરવામાં આવ્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેનો અમલ કઈ તારીખથી થનાર છે, અને

(૩) આ કાયદાના અમલીકરણ માટે શી વ્યવસ્થા થઈ છે ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :** (૧૩–૨–૧૪)

(૧) સંસદે પસાર કરેલ કાયદાના અમલ માટે કોઈ ઔપચારિક નિર્ણય લેવાનો હોતો નથી.

(૨) કાયદાની જુદી ૨ (બે) જોગવાઇઓના અમલ માટે જુદી ૨(બે) સમયમર્યાદા છે. અમુક જોગવાઈનો અમલ એક વર્ષમાં કરવાનો છે અને અમુક જોગવાઇઓમાં કોઈ સમયમર્યાદા જણાવી નથી. જોગવાઈની સમયમર્યાદા પ્રમાણે અમલ કરવામાં આવશે.

(૩) રાજ્ય સરકારે સચિવશ્રીઓની કમિટિની રચના કરી છે.

--------

**ખાંભા તાલુકાના ગીદરડી ગામે કુવામાંથી મૃત સિંહ મળી આવવા બાબત**

અતારાંકિતઃ ૨૪૫૭ (૨૪–૧૨–૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) ખાંભા તાલુકાના ગીદરડી ગામના કુવામાંથી નખ કાઢી નંખાયેલા મૃત સિંહ ઓકટોબર–૨૦૧૩માં મળી આવ્યો હતો તે હકીકત સાચી છે,

(૨) સિંહનું મોત અકુદરતી હતું કે નહીં, અને

(૩) જો હા, તો આ સિંહના અકુદરતી મોત માટે કોણ જવાબદાર છે અને તેની સામે શાં પગલાં લેવાયાં ?

**વન મંત્રીશ્રી :** (૧૩–૨–૧૪)

(૧) ના, જી. ખાંભા તાલુકાના ગીદરડી ગામે કુવામાંથી તા.૪–૧૦–૨૦૧૩ના રોજ કોહવાઈ ગયેલ હાલતમાં સિંહનો મૃતદેહ મળી આવેલ હતો. આ મૃતદેહ કુવામાંથી બહાર કાઢતા શબ (શરીર) માંથી ૧૧ નખ મળી આવ્યા હતા. બાદ કુવાની અંદર સાવચેતીથી પાણી ઉલેચી કીચડમાં વધુ શોધખોળ કરતા વધુ–૨ નખ મળી આવતા કુલ–૧૩ નખ મળેલ. જે પંચો રૂબરૂ કબજે લેવાયેલ. બાકી પાંચ નખ કુવામાંથી વધુ કાદવ કીચડ તથા પાણીના કારણે મેળવી શકાયેલ નથી. મૃતદેહ ૧૫–૨૦ દિવસ જેવો સમય કુવાના પાણીમાં પડી જવાથી શબ કોહવાઈ ગયેલ અને અંગ–ઉપાંગો છુટા પડી ગયેલ હતા. આમ નખ કાઢી નખાયેલ મૃત સિંહ મળ્યાની બાબત સાચી નથી.

(૨) આ સિંહનું મોત અકસ્માતે અસુરક્ષિત કુવામાં પડી જવાથી અકસ્માતે થયાનું જણાયેલ હતું.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**આણંદ ખાતેના હાડગુડ રોડ ઉપર ખાનગી મકાનમાંથી નીલગાયના ગેરકાયદે રાખેલ બચ્ચાં મળવા બાબત**

અતારાંકિતઃ ૨૪૬૨ (૨૪–૧૨–૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) આણંદ ખાતેના હાડગુડ રોડ ઉપર જુલાઈ–૨૦૧૩ માં કોઈપણ જાતની પરવાનગી કે લાઈસન્સ વિના વન સંરક્ષણ કાયદામાં રક્ષિત એવા નીલગાયના બે બચ્ચાં ખાનગી મકાનમાં ગેરકાયદે રાખવામાં આવ્યા હતા તે હકીકત સાચી છે,

(૨) આ ગુનાહીત કામના આરોપીઓ કોણ છે અને તેની સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી છે,

(૩) આરોપીની ધરપકડ કરવામાં આવી છે કે કેમ અને ન કરવામાં આવી હોય તો તેના શા કારણો છે, અને

(૪) બંને રક્ષિત બચ્ચાઓને કઈ જગ્યાએ રાખવામાં આવેલા છે ?

**વન મંત્રીશ્રી :** (૧૨–૨–૧૪)

(૧) હા, જી. ખાનગી મકાનમાં નહિ પરંતુ ઘરની બાજુમાં ખેતરમાં અન્ય પ્રાણી સાથે રહેતા હતા.

(૨) (૧) શ્રી રહીમશા મોહમદશા દિવાન રહેવાસીઃ હાડગુડ (૨) યાશીનશા મોહમદશા દિવાન રહેવાસીઃ હાડગુડ છે. આ બંને આરોપીઓ સામે વન્યપ્રાણી સંરક્ષણ ધારા–૧૯૭૨ હેઠળ કાયદેસર કાર્યવાહી કરી તેની કલમ–૫૪ હેઠળ ગુનો માંડવાળ કરી બંને આરોપીઓ પાસેથી રૂા.૪,૦૦૦– દંડ પેટે વસૂલ લીધેલ છે.

(૩) ના જી, કારણ કે નીલગાયના બચ્ચા તેમના મકાનની બાજુમાં આવેલ ખેતરમાં છુટા ફરતા હતા. પરંતુ તે બચ્ચાંને તેઓ દૂધ પાતા હોય, પાલતું થઈ ગયેલ હતા અને તેઓ આ ગુના અંગે અજાણ હતા અને તેઓએ આ ગુનો કબુલેલ છે.

(૪) બંને નીલગાયના બચ્ચાને આણંદ વિભાગની આંકલાવ રેંજના મોજેઃ નવાખલ ગામમાં સુરક્ષિત જગ્યાએ મુકત કરવામાં આવેલ છે.

--------

**જામનગરની જી.જી. હોસ્પિટલમાં ન્યુરોસર્જન અને ન્યુરો ફીઝીશીયનની જગ્યાઓ ભરવા બાબત**

અતારાંકિતઃ ૨૪૭૪ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) જામનગરની જી.જી. હોસ્પિટલમાં સપ્ટેમ્બર–૨૦૧૩ની સ્થિતિએ ન્યુરોસર્જન અને ન્યુરો ફીઝીશીયનની જગ્યા ખાલી છે તે હકીકત સાચી છે,

(૨) આ જગ્યા ક્યારથી ખાલી છે અને તેના શા કારણો છે,

(૩) આ વિષયના દર્દીઓને સારવાર માટે શી વૈકલ્પિક વ્યવસ્થા કરી છે, અને

(૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધી ભરવામાં આવશે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૧૦–૨–૧૪)

(૧) જામનગરની જી.જી. હોસ્પિટલના મહેકમ પર સપ્ટેમ્બર–૨૦૧૩ની સ્થિતિએ ન્યુરોસર્જન અને ન્યુરો ફીઝીશીયનની જગ્યાઓ મંજૂર થયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ વિષયના દર્દીઓની સારવાર, ઉપલબ્ધ જનરલ સર્જન અને ફીઝીશીયન દ્વારા કરવામાં આવે છે. જે પૈકી જટિલ કેસોને જરૂરિયાત મુજબ સારવાર માટે અન્ય સરકારી હોસ્પિટલમાં રીફર કરવામાં આવે છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં જનરલ હોસ્પિટલોમાં રકતપીત ગ્રસ્તોને રીકન્ટ્રકટીવ સર્જરીની સુવિધા**

અતારાંકિતઃ ૨૫૬૯ (૧૫–૨–૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧ ઓકટોબર–૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં રકતપીત ગ્રસ્તોને રીકન્ટ્રીકટીંવ સર્જરી ક્યા ક્યા જિલ્લાની જનરલ હોસ્પિટલમાં ઉપલબ્ધ છે, અને

(૨) બાકી રહેલા જિલ્લામાં આ સુવિધા ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવનાર છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૧૩–૨–૧૪)

(૧) તા.૩૧ ઓકટોબર–૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં રકતપીતગ્રસ્તોને રીકન્ટ્રીકટીવ સર્જરી માટે સરકારી મેડીકલ કોલેજ સાથે સંલગ્ન હોસ્પિટલો કે જ્યાં પ્લાસ્ટીક સર્જરી વિભાગ છે તેવી સુરત, વડોદરા અને અમદાવાદની સીવીલ હોસ્પિટલોમાં સુવિધા ઉપલબ્ધ છે.

(૨) ''બાકી રહેલા જિલ્લાઓમાં હાલ કોઈ દરખાસ્ત પડતર નથી. વધુમાં રકતપીતના દર્દીઓ જે વિસ્તારમાંથી વધુ મળી આવે છે, તે વિસ્તારની મેડીકલ સંલગ્ન હોસ્પિટલો ખાતે પ્લાસ્ટીક વિભાગ કાર્યરત છે. અન્યત્રથી મળી આવતા દર્દીઓને નજીક પડે તે સુરત, વડોદરા કે અમદાવાદ ખાતે ઘનિષ્ટ સારવાર માટે રીફર કરવામાં આવે છે.''

--------

ફાલ્ગુન ૭, ૧૯૩૫ શાકે
અતારાંકિત પ્રશ્નોની યાદી

**રાજ્યમાં સ્ત્રી–પુરૂષ જન્મદર**

અતારાંકિતઃ ૨૫૭૦ (૩૧–૧૨–૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં તા.૩૦મી જુન–૨૦૧૩ની સ્થિતિએ ક્યા જિલ્લામાં સ્ત્રી–પુરૂષ જન્મદરમાં સૌથી વધુ તફાવત જોવા મળે છે,

(૨) તેના શા કારણો છે, અને

(૩) આ સમસ્યાના ઉકેલ માટે શા વિશિષ્ટ પગલાં લેવાયા છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૧૨–૨–૧૪)

(૧) જન્મ મરણ નોંધણીના વર્ષ ૨૦૧૨ (કેલેન્ડર વર્ષ) ના આંકડાકીય અહેવાલના અંદાજો પ્રમાણે દાહોદ જિલ્લામાં સ્ત્રી પુરૂષના જન્મદરમાં સૌથી વધુ તફાવત જોવા મળેલ છે.

(૨) સમાજમાં પિતૃપ્રધાન માનસીકતા, સંતાનમાં પુત્ર અંગેની પ્રબળ ઈચ્છા તથા તબીબો દ્વારા કરાતાં ભૃણ લીંગ પરીક્ષણોથી થતી ભૃણહત્યા એ મુખ્ય કારણો છે.

(૩) પરિશિષ્ટ–૧ મુજબ.

**પરિશિષ્ટ–૧**

- સમાજમાં ઘટતું જતું બાળકીઓનું પ્રમાણ રાજ્ય સરકાર માટે ચિંતા અને ચિંતનનો વિષય બનતાં, રાજ્યના માન. મુખ્યમંત્રીએ ગુજરાત રાજ્યમાં 'બેટી વધાવો' આંદોલન શરૂ કરેલ છે.
- બીન સરકારી સ્વૈચ્છિક સંગઠનના સહયોગથી ગુજરાત વિધાનસભાના માન.અધ્યક્ષશ્રીના અધ્યક્ષતામાં અંદાજીત ૬૫ જેટલા સંસદ સભ્યોશ્રીઓ અને વિધાનસભા સભ્યશ્રીઓની કાર્યશાળા યોજી આ પ્રશ્ન પરત્વે સેન્સીટાઈઝ કરવામાં આવ્યા હતા.
- રાજ્યના વિવિધ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ, સરપંચ સંમેલન, મહિલા સંમેલન, મહિલાઓ માટે સેમિનાર વિગેરે યોજી સ્ત્રી ભૃણ હત્યા અટકાવવા જન જાગૃતિ લાવવાના પ્રયત્નો કરવામાં આવેલ.
- બેટી વધાવોના પ્રચાર–પ્રસાર માટે પોસ્ટરો, પત્રિકાઓ તથા પ્રદર્શન સેટ તૈયાર કરી દરેક જિલ્લાને આપવામાં આવેલ છે. જેના દ્વારા ગામડાઓમાં પ્રદર્શન ગોઠવવામાં આવેલ છે.
- ટી.વી. વર્તમાનપત્રો જેવા ઈલેકટ્રોનિક પ્રિન્ટ મીડીયા મારફતે પ્રચાર પ્રસાર કરી જન જાગૃતિ ઉભી કરવામાં આવેલ છે.

**રાજ્ય સરકાર દ્વારા PC-PNDT કાયદા પ્રમાણે કરવામાં આવેલ કામગીરી –**

૧. રાજ્ય સરકારે પીસી એન્ડ પીએનડીટી કાયદાનું કડક/અસરકારક અમલીકરણ કરાવી, કાયદાના ભંગ બદલ ૩૯૬ સોનોગ્રાફી મશીન સીલ કર્યા છે અને ૨૭૮ ખાનગી તબીબો સામે કોર્ટ કેસ દાખલ કરવામાં આવ્યા છે. ૧૦૦ ગુજરાત હાઈકોર્ટના તથા ૧૭૫ કેસો જિલ્લા અદાલતોના છે.

૨. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૪૦૨૩ સંસ્થાઓની નોંધણી થઈ છે જેમાં ૧૯૬ જીનેટીક કાઉન્સીલ સેન્ટરો, ૧૬ જીનેટીક લેબોરેટરી, ૧૦૨૯ જીનેટીક કલીનીક, ૧૨૨૬ અલ્ટ્રાસાઉન્ડ સોનોગ્રાફી ધરાવતી સંસ્થાઓ, ૧૫૦૪ જોઈન્ટ રજીસ્ટ્રેશન, ૫૨ અન્ય પ્રકારની સંસ્થાઓનો સમાવેશ થાય છે.

૩. દરેક જીલ્લામાં એન્ફોર્સમેન્ટ ટીમ બનાવી સોનોગ્રાફી મશીન ધરાવતી સંસ્થાઓનું દર માસે અચૂક વેરીફીકેશન કરવા તમામ જીલ્લા એપ્રોપ્રીએટ ઓથોરીટીને સૂચના આપવામાં આવેલ છે.

૪. કાયદાનો ભંગ કરતા તબીબો/ઈસમો અંગેની માહિતી ખાનગી રાહે મેળવી કસુરવારો સામે કાર્યવાહી કરવા માટેની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે.

૫. રાજ્યમાં કુલ ૧૧ સ્ટીંગ ઓપરેશન/મેજર ઓપરેશન કરવામાં આવેલ છે.

૬. રાજ્યમાં ૬ કેસોમાં આરોપીને કસુરવાર કરાવી સજા કરવામાં આવેલ છે.

૭. રાજ્યમાં પીસી એન્ડ પીએનડીટી એકટના અમલીકરણ માટે કાયદાકીય રીતે સૂચવેલ વૈધાનિક સંસ્થાઓ– સેન્ટ્રલ સેપરવાઈઝરી બોર્ડ, સ્ટેટ એપ્રોપ્રિએટ ઓથોરીટી, સ્ટેટ એડવાઈઝરી કમીટી, સ્ટેટ ઈન્સ્પેકશન એન્ડ મોનીટરીંગ કમીટી, જિલ્લા એપ્રોપ્રિએટ ઓથોરીટી, (કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી), દરેક જિલ્લામાં જિલ્લા એડવાઈઝરી કમીટી તથા ૨૮૩ જેટલા સબ ડિસસ્ટ્રીકટ એપ્રોપ્રિએટ ઓથોરીટી તથા સબ ડિસ્ટ્રીકટ એડવાઈઝરી કમીટીઓ આ કાયદાના અસરકારક અમલીકરણ માટે કાર્યરત છે. રાજ્યના તમામ મ્યુનિ. કોર્પોરેશન વિસ્તારોમાં કાયદાના કડક અમલીકરણ માટે મ્યુનિ. કોર્પોરેશનના અધિકારીશ્રીઓને એપ્રોપ્રિએટ ઓથોરીટી તરીકે નિમવામાં આવેલ છે.

૮. રાજ્યના તમામ જિલ્લા એપ્રોપ્રિએટ ઓથોરીટીઓને પીએનડીટી એકટનું કાયદાકીય માર્ગદર્શન પુરું પાડવા માટે ગુજરાત હાઈકોર્ટના પ્રતિષ્ઠિત અને નામાંકિત સીનીયર કાઉન્સલશ્રી તથા સીઆઈડી ક્રાઈમના ઉચ્ચ અધિકારીઓ દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવેલ હતું.

૯. રાજ્યના ઔષધ અને નિયમનતંત્રના સંકલનમાં રહીને રાજ્યમાં વેચાણ થયેલ એમક્રેડીકલ અને વીક્રેડીલ ઈન્જેકશનોની માહિતી મેળવી, આ ઈન્જેકશનોનો ગેરકાયદેસર ઉપયોગ કરનાર તબીબો સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

૧૦. કેન્દ્રીય સરકારે પણ રાજ્ય સરકારની સ્ત્રી ભૃણહત્યા અટકાવવા અંગેની કામગીરીની સંસદમાં પ્રશંસા કરેલ છે.

૧૧. કેન્દ્રીય સુપરવાઈઝરી બોર્ડ દ્વારા પણ રાજ્ય સરકારે પીસી પીએનડીટી એકટના અમલીકરણની કરેલ કામગીરીની નોંધ લીધી છે.

૧૨. માન.મંત્રીશ્રી (આ) ના અધ્યક્ષપણામાં ધાર્મિક નેતાઓ તથા સંતો સાથે બેઠકનું આયોજન કરેલ હતું.

૧૩. માન.મંત્રીશ્રી (આ) ના અધ્યક્ષપણામાં ઈન્ડીયન મેડીકલ એસોશિએશન, ફેડરેશન ઓફ ગાયનેકોલજીકલ સોસાયટીઝ ઓફ ઈન્ડીયા તથા ઈન્ડીયન રેડીયોલોજીસ્ટ એસોશિએશન સાથે રાજ્યકક્ષાનો વર્કશોપ કરવામાં આવેલ હતો.

૧૪. બિન સરકારી સંસ્થાઓની સામેલગીરી દ્વારા સામાજીક ભાગીદારી ઉભી કરેલ છે.

૧૫. સોનોગ્રાફી મશીન ધારકો સાથે ૬ રીજીયોનલ વર્કશોપ કરવામાં આવેલ છે.

૧૬. જ્યુડીશીયલ સીમ્પોઝીયમ– માન.મુખ્ય ન્યાય મુર્તિશ્રી, ગુજરાત હાઈકોર્ટના અધ્યક્ષપણામાં ગુજરાત લીંગલ સર્વિસીસ ઓથોરીટીના સહયોગમાં આરોગ્ય વિભાગ દ્વારા જ્યુડીશીયલ સીમ્પોઝીયમનું આયોજન કરવામાં આવેલ હતું.

૧૭. રીઝીયન કક્ષાએ જ્યુડીશીયલ સેમીનારો – ગુજરાત લીંગલ સર્વિસીસ ઓથોરીટીના સહયોગમાં કરવામાં આવેલ છે.

૧૮. નામ.હાઈકોર્ટની સૂચના મુજબ રાજ્યના તમામ રજીસ્ટર્ડ થયેલ કલીનીકસને ફરજીયાત ઓન લાઈન ફોર્મ–એફ ભરવા સારૂં http:/betivadhaao.gujarat.gov.in સાઈટનો શુભારંભ કરેલ છે.

૧૯. જિલ્લા એપ્રોપ્રિએટ ઓથોરીટીશ્રીઓનો રાજ્ય કક્ષાનો વર્કશોપનું આયોજન કરવામાં આવેલ છે.

૨૦. રાજ્ય કક્ષાએ સોનોગ્રાફી મશીનોના ઉત્પાદકો તથા વેપારીઓ સાથે બેઠક યોજવામાં આવેલ છે.

૨૧. રાજ્ય અને જિલ્લા કક્ષાએ પીસી એન્ડ પીએનડીટી સેલનું મજબુતીકરણ કરવામાં આવેલ છે.

૨૨. ઘનિષ્ઠ પ્રચાર–પ્રસાર કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

૨૩. બેટી વધાવો બાબતે નેશનલ ગર્લ ચાઈલ્ડ વીક–૧૮ થી ૨૪ જાન્યુઆરી–૨૦૧૩ ના ઉપક્રમે ઘનિષ્ઠ કામગીરી કરવામાં આવે છે.

આમ, રાજ્ય સરકાર બેટી વધાવો અભિયાન જન આંદોલનમાં પરિવર્તિત કરી, પીસી એન્ડ પીએનડીટી એકટના અસરકારક અમલીકરણ થકી રાજ્યમાંથી સ્ત્રી ભૃણહત્યાનું કલંક દુર કરવા કટીબદ્ધ છે અને તેને સરકારશ્રી તરફથી સમર્થન આપવામાં આવે છે.

––––––––

## વડોદરા જિલ્લામાં સામૂહિક બળાત્કારના બનાવો

અતારાંકિતઃ ૫૬૮ (૨૪–૬–૨૦૧૩) **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૩–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલા સામુહિક બળાત્કારના બનાવો બન્યા છે, અને,

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તે પૈકી કેટલા આરોપીઓ પકડાયા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૧–૨–૨૦૧૪)

(૧) પત્રક–૧ મુજબ

(૨) પત્રક –૨ મુજબ

**પત્રક–૧**

| તાલુકાનું નામ | તા.૧–૪–૨૦૦૮ થી તા.૩૧–૩–૨૦૦૯ | તા.૧–૪–૨૦૦૯ થી તા.૩૧–૩–૨૦૧૦ | તા.૧–૪–૨૦૧૦ થી તા.૩૧–૩–૨૦૧૧ | તા.૧–૪–૨૦૧૧ થી તા.૩૧–૩–૨૦૧૨ | તા.૧–૪–૨૦૧૨ થી તા.૩૧–૩–૨૦૧૩ |
|---|---|---|---|---|---|
| કરજણ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| શિનોર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| સાવલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| પાદરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| વાઘોડિયા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| સંખેડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| નસવાડી | ૦ | ૦ | ૧ | ૦ | ૦ |
| ડભોઈ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| છોટા ઉદેપુર | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| ક્વાંટ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ |
| જેતપુર | ૦ | ૦ | ૧ | ૧ | ૦ |

**પત્રક–૨**

| વર્ષ | પકડાયેલ આરોપીઓ | પકડવાના બાકી આરોપીઓ |
|---|---|---|
| તા. ૧–૪–૨૦૦૮ થી તા. ૩૧–૩–૨૦૦૯ | ૦ | ૦ |
| તા. ૧–૪–૨૦૦૯ થી તા. ૩૧–૩–૨૦૧૦ | ૦ | ૦ |
| તા. ૧–૪–૨૦૧૦ થી તા. ૩૧–૩–૨૦૧૧ | ૧૧ | ૧ |
| તા. ૧–૪–૨૦૧૧ થી તા. ૩૧–૩–૨૦૧૨ | ૭ | ૦ |
| તા. ૧–૪–૨૦૧૨ થી તા. ૩૧–૩–૨૦૧૩ | ૪ | ૧ |

–––––––

## મોરબી તાલુકાનાં ઉંચી માંડલ પાસેથી ગેરકાયદેસર રીતે કતલખાનામાં લઈ જવાતાં બળદોને પકડી પાડવા બાબત

અતારાંકિતઃ ૨૪૩૬ (૩૧–૧૨–૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) મોરબી તાલુકાના ઉંચી માંડલ પાસે નવેમ્બર–૨૦૧૨માં વાહનમાં આઠ જેટલા ગૌવંશ બળદોના મોં. અને પગ ક્રુરતાપૂર્વક બાંધી દીધેલ હાલતમાં ગેરકાયદે કતલખાનામાં લઈ જતા હતા તેને ગૌરક્ષકોએ બચાવી લીધા હતા તે હકીકત સાચી છે,

(૨) આ બળદો કયા શહેરના કયા કતલખાનામાં લઈ જવાતા હતા, અને

(૩) આરોપીઓ ગૌવંશના ખરીદનારા, વેચનાર, દલાલ તથા સંડોવાયેલા કતલખાનાં સામે શી કાનુની કાર્યવાહી કયા કાયદા હેઠળ થઈ, અને

(૪) આ ગુન્હો પકડી પાડવામાં સતર્કતા ન રાખનાર અને બેદરકારી રાખનાર જવાબદાર પોલીસ સામે શાં પગલાં ભરવામાં આવ્યા છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૨-૨-૨૦૧૪)

(૧) મોરબી તાલુકાના ઉંચી માંડલ ગામ પાસે નવેમ્બર-૨૦૧૨માં વાહનમાં આઠ જેટલા ગૌવંશ બળદોને ક્રુરતાપૂર્વક બાંધી ગેરકાયદેસર લઈ જતા હતા, તે વાત સાચી છે. પરંતુ આ બળદો કોઈ કતલખાને લઈ જવાતા ન હતા.

(૨) આ બળદો અમદાવાદ શહેર ખાતે લઈ જવાતા હતા.

(૩) આ બળદોને ક્રુરતાપૂર્વક બાંધી લઈ જનાર બે આરોપીઓ વિરૂધ્ધ મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં સેકન્ડ ગુન્હા રજિસ્ટર નંબર ૩૩૨૦/૨૦૧૨ પશુ પ્રત્યે ઘાતકીપણાની કલમ-૧૧-ડી મુજબ તારીખ ૨૨-૧૧-૨૦૧૨ના રોજ ગુન્હો દાખલ કરેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**વાંકાનેર તાલુકાનાં કેરાળા ગામ નજીકથી ગેરકાયદે કતલખાને લઈ જવાતાં ગૌવંશ બળદોને પકડી પાડવા બાબત**

અતારાંકિતઃ ૨૪૩૭ (૩૧-૧૨-૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) વાંકાનેર તાલુકાના કેરાળા ગામ નજીકથી એપ્રિલ-૨૦૧૩માં મેટાડોરમાં ક્રુરતાથી ભરેલા અને ગેરકાયદે કતલખાનામાં લઈ જવાતા ગૌવંશ બળદોને ગૌરક્ષકો અને ગ્રામજનોએ બચાવી લીધા હતા હકીકત સાચી છે,

(૨) આ બળદો કયા શહેરમાં કયા કતલખાનામાં લઈ જવાતા હતા, અને

(૩) આરોપીઓ, ગૌવંશના ખરીદનારા, વેચનાર, દલાલ તથા સંડોવાયેલા કતલખાનાં સામે શી કાનુની કાર્યવાહી કયા કાયદા હેઠળ થઈ છે, અને

(૪) આ ગુન્હો પકડી પાડવામાં સતર્કતા ન રાખનાર અને બેદરકારી રાખનાર જવાબદાર પોલીસ સામે શાં પગલાં ભરવામાં આવ્યા છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૨-૨-૨૦૧૪)

(૧) વાંકાનેર તાલુકાના કેરાળા ગામ નજીકથી નહી પરંતુ લુણસરીયા ગામ પાસેથી પકડાયેલ છે.

(૨) આ બળદો કતલ ખાને નહી પરંતુ ઢોર લે-વેચનો વેપાર કરતા હોઈ થાન પાસેના મનડાસર ગામેથી ખેડૂતો પાસેથી ખરીદ કરી ગોંડલ ગુજરી બજારમાં ખેડૂતોને વેચવા માટે લઈ જતા હતા.

(૩) ગોંડલ ગુજરી બજારમાં જરૂરિયાત વાળા ખેડૂતોને વેચવા માટેના બળદો મેટાડોરમાં ક્રુરતાપૂર્વક ભરેલ મળી આવતાં, આ ગુન્હાના ત્રણ આરોપીઓ વિરૂધ્ધ વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનમાં સેકન્ડ ગુન્હા રજિસ્ટર નંબર ૩૧૪૬/૨૦૧૩ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ ની કલમ ૫, ૬, ૮, ૯, ૧૦ તેમજ પશુ પ્રત્યે ઘાતકીપણા અધિનિયમ-૧૯૬૦ ની કલમ-૧૧-ડી. ઈ. એફ. એચ. મુજબ તારીખ ૨૩-૦૪-૨૦૧૩ના રોજ ગુન્હો રજીસ્ટર કરી આરોપીઓને અટક કરવામાં આવેલ હતા.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------

**રાજકોટ જિલ્લાના ખારચીયા ગામ પાસે ગેરકાયદે કતલખાને લઈ જવાતાં બળદોને પકડવા બાબત**

અતારાંકિતઃ ૨૪૪૦ (૩૧-૧૨-૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજકોટ જિલ્લાના ખારચીયા ગામ પાસે તા. ૦૧-૧૧-૨૦૧૩ ના રોજ ક્રુરતાપૂર્વક બાંધીને કતલ માટે ટ્રકમાં લઈ જવાતા ૧૪ ગૌવંશ બળદો ગૌરક્ષકોએ બચાવી લીધા હતા તે હકીકત સાચી છે,

(૨) આ બળદો કયા શહેરમાં કયા કતલખાનામાં લઈ જવાતા હતા, અને

(૩) આરોપીઓ, ગૌવંશના ખરીદનારા, વેચનાર, દલાલ તથા સંડોવાયેલા કતલખાનાં સામે શી કાનુની કાર્યવાહી કયા કાયદા હેઠળ થઈ છે, અને

(૪) આ ગુન્હો પકડી પાડવામાં સતર્કતા ન રાખનાર અને બેદરકારી રાખનાર જવાબદાર પોલીસ સામે શાં પગલાં ભરવામાં આવ્યા છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૨–૨–૨૦૧૪)

(૧) હા, જી.

(૨) આ બળદો અમદાવાદ શહેર ખાતે લઈ જવાતા હતા.

(૩) આ ગુન્હામાં રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજિસ્ટર નંબર ૯૫/૨૦૧૩ અન્વયે પશુઓ પ્રત્યે ઘાતકીપણુ અટકાવાવના કાયદાની કલમ–૧૧(૧), એલ.ડી.ઈ.એફ.એચ.કે. મુજબ કાર્યવાહી થયેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

### રાજકોટ જિલ્લાનાં હિંગોળગઢ ગામ નજીક ગેરકાયદે કતલખાને લઈ જવાતાં ભેંસ અને પાડાને પકડવા બાબત

અતારાંકિતઃ ૨૪૪૧ (૩૧–૧૨–૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજકોટ જિલ્લાના વિંછીયા જસદણ હાઈવે પર હિંગોળગઢ ગામ નજીક માર્ચ–૨૦૧૩માં ૨૨ જેટલા ભેંસ અને પાડાને ક્રુરતાપૂર્વક બાંધેલી હાલતમાં ગેરકાયદે કતલખાનામાં લઈ જતા પોલીસે બચાવી લીધા હતા તે હકીકત સાચી છે,

(૨) આ પશુઓને કયા શહેરના કયા કતલખાનામાં લઈ જવાતા હતા, અને

(૩) આરોપીઓ, ગૌવંશના ખરીદનારા, વેચનાર, દલાલ તથા સંડોવાયેલા કતલખાનાં સામે શી કાનુની કાર્યવાહી કયા કાયદા હેઠળ થઈ છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૨–૨–૨૦૧૪)

(૧) વિછીયા–જસદણ હાઈવે પર હિંગોળગઢ ગામ નજીક માર્ચ–૨૦૧૩માં ૨૨ જેટલા ભેંસ અને પાડાને ક્રુરતાપૂર્વક બાંધેલી હાલતમાં પકડેલ હતા આ પશુને ઉપલેટાથી બારડોલી નિભાવવા માટે લઈ જતા હોવાનું તપાસમાં જણાયેલ હતું.

(૨) આ પશુઓને ઉપલેટા થી બારડોલી નિભાવવા માટે લઈ જવાતા હતા.

(૩) આ બનાવમાં ભેંસ તથા પાડાને ક્રુરતાપૂર્વક બાંધેલા હતા, ગૌવંશ ન હતા. આ ગુનામાં સંડોવાયેલ આરોપીઓ (૧) શ્રી સીરાજભાઈ ઈબ્રાહીમભાઈ ખોખર, રહે ઉપલેટા (૨) શ્રી ઈમરાન સીદીકભાઈ કારવા રહે. રાજકોટ (૩) શ્રી મહંમદ ઈસબભાઈ પટેલ રહે. લુવાડા, તા. ભરૂચ તથા (૪) શ્રી મંજુમ હનીફભાઈ ખોખર રહે જેતપુર નવાગઢની અટક કરી તેમની વિરૂધ્ધ વિંછીયા પોલીસ સ્ટેશન ગુન્હા રજિસ્ટર નંબર ૩૦૧૩/૨૦૧૩ પશુ સંરક્ષણ ધારાની કલમ–૫, ૬, ૮ તથા પશુ પ્રત્યે ઘાતકી પણાની કલમ ૧૧–ડી–એલ. મુજબનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

-------

### માંગરોળ તાલુકામાં વેરાવળ રોડ પર વાડીમાંથી ગેરકાયદે કતલખાનું પકડી પાડવા બાબત

અતારાંકિતઃ ૨૪૪૪ (૨૧–૧૨–૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) માંગરોળ તાલુકામાં વેરાવળ રોડ પર વાડીમાં ગૌવંશની ગેરકાયદે કતલ કરતું કતલખાનું પકડી પાડી ૪૫૦૦ કિલો ગૌમાંસ માંગરોળ પોલીસ નવેમ્બર–૨૦૦૯ માં પકડી પાડ્યુ હતુ તે હકીકત સાચી છે,

એચબી–૬૧૬–૫ આ ગેરકાયદે કતલખાનાનાં સંચાલકો કોણ કોણ હતા અને તે કેટલા સમયથી ચાલુ હતું, અને

(૩) આરોપીઓ સામે શી કાનુની કાર્યવાહી થઈ અને કઈ કલમ નીચે એફ.આઈ.આર. થઈ ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૨–૨–૨૦૧૪)

(૧) હા, જી.

(ર) આ ગેરકાયેદસર કતલખાનાના સંચાલકો (૧) સુલેખાન ઉર્ફે સીલીયો મહંમદ ભાટા ઘાંચી (ર) શ્રી ઈબ્રાહીમ હુસેન પોપટ ઘાંચી (૩) શ્રી સીદી મુસાભાઈ ખલીફા ઘાંચી અને (૪) શ્રી હનીફ મહંમદ હકીમ ઘાંચી રહે તમામ માંગરોળના છે. આ કતલખાનાં અંગેની હકીકત મળ્યેથી પકડી પાડેલ છે.

(૩) આરોપીઓ સામે આ ગુનાના કામે ઈ.પી. કો. કલમ ૪ર૯, ૧ર૦(બી) ૧૮૮, ૩૪ તથા પશુ સંરક્ષણ ધારા કલમ ૫, ૬, ૮, ૧૦ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ અને કેસ હાલ નામદાર કોર્ટમાં પેન્ડીંગ છે. તેમજ તમામ આરોપીઓ વિરૂધ્ધ પાસાની કાર્યવાહી પણ કરવામાં આવેલ છે.

-------

**જામનગર જિલ્લામાં તડીપાર થયેલ વ્યકિતઓ દ્વારા ભંગ સામે કાર્યવાહી બાબતે**

અતારાંકિતઃ ર૪૪૮ (૩૧-૧ર-ર૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) જામનગર જિલ્લામાં સન-ર૦૧૦, ર૦૧૧, ર૦૧ર માં વર્ષવાર કેટ કેટલી વ્યકિતઓને તડીપાર કરવામાં આવી,

(ર) તે પૈકી કુલ કેટલી વ્યકિતઓને તડીપારીનો ભંગ કર્યો, અને

(૩) ભંગ કરનાર ઈસમો સામે શાં પગલાં લેવાયાં ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) **:** (૧ર-ર-ર૦૧૪)

(૧) જામનગર જિલ્લામાં સન ર૦૧૦, ર૦૧૧, ર૦૧ર માં કોઈ વ્યકિતઓને તડીપાર કરવામાં આવેલ નથી.

(ર) ઉપરની વિગતે તડીપારીના ભંગનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉપરની વિગતે ભંગ કરનાર ઈસમો સામે પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**રાજ્યના જિલ્લાઓમાં મહિલા સુરક્ષા સ્કવોડની સ્થાપના બાબત**

અતારાંકિતઃ ર૫૬૩ (૪-૧-ર૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં કયા કયા જિલ્લામાં મહિલા સુરક્ષા સ્કવોડની સ્થાપના સપ્ટેમ્બર-ર૦૧૩ની સ્થિતિએ થયેલી છે.

(ર) તેની શી કામગીરી છે, અને

(૩) બાકી રહેતા જિલ્લામાં તેની સ્થાપના ક્યારે થનાર છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૦-ર-ર૦૧૪)

(૧) આવી સ્કવોડની સ્થાપના થયેલ નથી.

(ર) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**કચ્છ, વલસાડ અને ડાંગ જિલ્લામાં પ્રવાસનના વિકાસ બાબત**

અતારાંકિતઃ ર૪ર૮ (ર૫-૯-ર૦૧૩) **શ્રી તારાચંદ જ. છેડા(માંડવી) :** માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧–૭–૧૩ની સ્થિતિએ કચ્છ, વલસાડ અને ડાંગ જિલ્લાના કયા સ્થળોનો પ્રવાસન હેતુ વિકાસ કરવા માંગે છે, અને

(૨) તા. ૩૧–૭–૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ ક્ષેત્રે શી કામગીરી કરેલ છે ?

**પ્રવાસન મંત્રીશ્રી :** (૧૧–૨–૧૪)

(૧) તા. ૩૧–૭–૨૦૧૩ની સ્થિતિએ કચ્છ, વલસાડ અને ડાંગ જિલ્લાના નીચે મુજબના સ્થળોનો પ્રવાસન હેતુ વિકાસ કરવા માંગે છે.

**કચ્છ જિલ્લો :–**

૧ ધોરડો

૨ નારાયણ સરોવર

૩ કોટેશ્વર

૪ કાળો ડુંગર

૫ ધોળાવીરા

૬ રવેચી

૭ ભુજ ખાતે ભુજીયો ડુંગર

૮ છારી–ઢંઢ

૯ નીલાગર તા. રાપર

૧૦ લખપત

૧૧ માંડવી

**વલસાડ જિલ્લો :–**

૧ તિથલ બીચ

૨ પારનેરા, તા. વલસાડ ખાતેના પારનેરા ડુંગરનો વિસ્તાર

૩ વિલ્સનહીલ ધરમપુર તાલુકો

૪ શંકર ધોધ–વાઘવળ

૫ ઉમરગામ બીચ તા. ઉમરગામ

૬ ઉદવાડા

**ડાંગ જિલ્લો :–**

૧ ગીરા ધોધ (આંબાપાડા)વઘઈ

૨ ગીરા ધોધ (ગીરમાળ શીંગાણા પાસે)

૩ વાસુર્ણા

૪ પાંડવા ગુફા

૫ ડોન

૬ સોનગીર (કન્સરીદેવી)

૭ કાલીબેલ (માયાદેવી)

૮ સીતાવન (વાડ્યાવન)

૯ કડમાળ (સુબીર)

૧૦ વકાર્યા

૧૧ શિવારીમાળ (આર્યુવેદીક સેવા)

૧૨ કદમડુંગર (આમસરવળન)

૧૩ ચીંચલી તથા ગડદના ડુંગરો

૧૪ પંપાસરોવર

૧૫ અંજનકુંડ

૧૬ બરમ્યાવન (શિવમંદિર)

૧૭ ખાતળ (શિવમંદિર)

૧૮ બરડીપાડા (નનામીદેવી)

૧૯ નળદાદેવ (બોરખલ)

૨૦ ભીલ્યાડુંગર (વઘઈ)

૨૧ શબરી ધામ

૨૨ સાપુતારા

(૨) તા. ૩૧–૭–૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ ક્ષેત્રે નીચે મુજબની કામગીરી કરેલ છે.

**કચ્છ જિલ્લો :–**

૧ ભુજ તાલુકાના ધરમશાળા ખાતે વોર મેમોરિયલ અને વેપન્સ ડિસ્પલે સેન્ટરનું કામ

૨ ભુજ તાલુકાના ધ્રોબાણા ખાતે કાળાડુંગરના ઈકો ટુરીઝમ ડેવલપમેન્ટ માટે બ્યુટીફીકેશનની કામગીરી તથા પ્રવાસીઓ માટેની અન્ય સુવિધાઓ

૩ ભુજ તાલુકાના સફેદ રણના વિકાસ અર્થે ધોરડો ગેટ વે ટુ રણ રિસોર્ટ ખાતે વીજળીકરણ, રીસેપ્શન, કિચન, ડાઈનીંગ હોલ, રિફ્રેશમેન્ટ પ્લેસ, ફર્નિચર તથા સોફ્ટવેર વિકસાવવાની કામગીરી

૪ ભુજ તાલુકાના ધોરડો ખાતે ચાલીસા ભુંગા અને પાંચ દરબારી ભુંગા, કંમ્પાઉન્ડ વોલ, ડાઈનીંગ હોલ, પાર્કીંગ, એપ્રોચ રોડ, ઓવરહેડ ટાંકી, અન્ડર ગ્રાઉન્ડ પાણીની ટાંકી, લેન્ડસ્કેપીંગ જેવી કામગીરી પૂર્ણ કરેલ છે.

૫ ભચાઉ તાલુકાના ધોળાવીરા ખાતે આઠ ભુંગા, ડાઈનીંગ હોલ, વોચ ટાવર અને ઈન્ટરપ્રિટેશન સેન્ટર બનાવવાનું કામ

૬ ભુજ તાલુકાના ધોરડો ખાતે ટેલિકોમ્યુનિકેશન લાઇન અને વાઈ–ફાઈ સુવિધા

૭ રાપર તાલુકાના ગઢડા રાસાજીથી નીલાગર પ્રવાસન સ્થળ સુધી રસ્તાનું કામ

૮ લખપત તાલુકાના કોટેશ્વર ગામે દરિયાના પાણીથી થતું નુકશાન અટકાવવા પુર સંરક્ષણ દિવાલનું કામ

૯ લખપત અને તેની આજુબાજુના વિકાસની કામગીરી માટે આર્કીટિકની નિમણુંક કરવામાં આવેલ છે.

૧૦ લખપત તાલુકાના નારાયણ સરોવર ખાતે ઈકો ટુરીઝમ રિસોર્ટ તથા પ્રવાસીઓ માટે અન્ય વધારાની સુવિધા

૧૧ નારાયણ સરોવર કોટેશ્વર ખાતે નીચેની કામગીરી પૂર્ણ કરેલ છે.

- પોલીસ ચોકીના બાંધકામની કામગીરી
- મેઈનગેટ એટ નારાયણ સરોવર
- નારાયણ સરોવરથી કોટેશ્વર સુધીનો એપ્રોચ રોડ
- કોટેશ્વર ટેમ્પલ પરિસરના વિકાસની કામગીરી
- નારાયણ સરોવર લેકના વિકાસની કામગીરી
- સ્ટાફ ક્વાટર્સ
- નારાયણ સરોવરના બસ સ્ટેશનના રીનોવેશનની કામગીરી
- સનસેટ પોઈન્ટ એટ કોટેશ્વરના વિકાસની કામગીરી
- ટોયલેટ બ્લોકની કામગીરી
- ટુરીસ્ટ ઈન્ફરમેશન સેન્ટર

૧૨ ધોળાવીરા તથા તેની આજુબાજુના વિકાસની કામગીરી માટે આર્કીટેકટની નિમણૂંક કરવામાં આવેલ છે.

૧૩ માંડવી બીચ ખાતે કેરેવાન પાર્ક અને અન્ય પાયાની સુવિધાઓની કામગીરી માટે આર્કીટેકટની નિમણૂક કરવામાં આવેલ છે.

૧૪ માંડવી બીચ ઇકો રીસોર્ટની કામગીરી માટે આર્કીટેકટની નિમણૂક કરવામાં આવેલ છે.

**વલસાડ જિલ્લો :-**

૧. તા. ૩૧-૭-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ ક્ષેત્રે તિથલ સમુદ્ર કિનારે ગ્રામ પંચાયત તિથલ દ્વારા સ્થાનિક લોકોને રોજી-રોટી મળે તે આશયથી પ્રવાસીઓને અલ્પાહારની સુવિધા પ્રાપ્ત થાય તે માટે સ્ટોલની સુવિધા તથા પ્રવાસી બાળકોને મનોરંજન હેતુસર મનોરંજનના સાધનોની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે તેમજ આ સ્થળે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુ પોલીસ આઉટ પોસ્ટ ઉભી કરવામાં આવેલ છે.

૨. મોજે ઉમરગામના સ.નં. ૨૬૨/અ/૧/૧ પૈકી ૭૬૩૪ ચો.મી. જમીન પ્રવાસન કમિશ્નરશ્રી, ગાંધીનગરને પ્રવાસનના વિકાસ માટે ફાળવવામાં આવેલ છે.

૩. ઉદવાડાના વિકાસ માટે આર્કિટેકની નિમણૂક કરવામાં આવેલ છે.

**ડાંગ જિલ્લો :-**

૧. ગીરાધોધ (આંબાપાડા-વઘઈ) ખાતે પાઈપ રેલીંગ, ચેનલીંક ફેન્સીંગ, ટ્રાયબલ હટસ અને કુટીરની કામગીરી

૨. ગીરાધોધ (ગીરમાળા-શિંગાણા) ખાતે ગાર્ડ વોલ, વન કુટીર અને ટોયલેટ બ્લોકની કામગીરી.

| | (૩)એસ.એસ.સી. પાસ અને પી.ટી.સી. અથવા એસ.એસ.સી. પાસ અને છાત્રાલયના ગૃહપતિ તરીકે ૫ વર્ષનો અનુભવ | ૨૫૦૦ | ૨૨૫૦ |
| | (૪)સ્નાતક ગૃહપતિ | ૨૬૦૦ | ૨૩૪૦ |
| | (૫)સ્નાતક અને ગૃહપતિ તરીકે ૫ વર્ષનો અનુભવ અથવા ટ્રેઈન્ડ સ્નાતક | ૨૭૦૦ | ૨૪૩૦ |
| (બ) | (૧)રસોયા | ૧૩૦૦ | ૧૧૭૦ |
| | (૨)મદદનીશ રસોયા | ૧૨૦૦ | ૧૦૮૦ |
| | (૩)ચોકીદાર | ૧૦૦૦ | ૯૦૦ |

આ કર્મચારીઓના ઉચ્ચક વેતનદરો વર્ષ ૨૦૦૫થી અમલમાં છે. ઉત્તરોત્તર મોંઘવારીનું પ્રમાણ વધવા પામેલ છે. સરકારી કર્મચારીઓના પણ પગાર ધોરણ વધેલ છે. જાહેર સાહસોના કર્મચારીઓના પણ પગારોમાં ઉત્તરોત્તર વધારો થયેલ છે. આ કર્મચારીઓ ૨૪ કલાક માટે સેવા બજાવે છે તે હકીકત છે. પરંતુ આ કર્મચારીઓના વેતન દરમાં વધારો થયેલ નથી. જેથી આ કર્મચારીઓના વેતનદરમાં વધારો કરવો જરૂરી અને ન્યાયોચિત જણાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ તમામ બાબતો ધ્યાને રાખી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિકસતી જાતિ કલ્યાણ ખાતાના ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોમાં ફરજ બજાવતા કર્મચારીઓને નીચે મુજબનો વેતન વધારો કરવામાં આવે છે.

**Table 2**

| ક્રમ | વિગત | માસિક વેતન જુનો દર રૂપિયા | સુધારેલ હાલનો વેતનદર રૂપિયા | ૯૦ ટકા મુજબ એવરેજ ચૂકવાતું માસિક ઉચ્ચક વેતન |
|---|---|---|---|---|
| (અ) | ગૃહપતિ/ગૃહમાતા, મદદ.ગૃહપતિ/મદદ.ગૃહમાતા | | | |
| | (૧) નોન એસ.એસ.સી.ગૃહપતિ | | | |
| | (૨) એસ.એસ.સી.પાસ ગૃહપતિ | ૨૩૦૦ | | |
| | (૩) એસ.એસ.સી.પાસ અને પી.ટી.સી.અથવા એસ.એસ.સી.પાસ અને છાત્રાલયના ગૃહપતિ તરીકે ૫ વર્ષનો અનુભવ | ૨૪૦૦ | ૪૫૦૦ | ૪૦૫૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | (૪) સ્નાતક ગૃહપતિ | ૨૫૦૦ | | |
| | (૫) સ્નાતક અને ગૃહપતિ તરીકેનો | | | |
| | ૫ વર્ષનો અનુભવ અથવા ટ્રેઈન્ડ | | | |
| | સ્નાતક | | ૫૫૦૦ | ૪૯૫૦ |
| | (૧) મુખ્ય રસોયા | | | |
| | (૨) મદદનીશ રસોયા | | | |
| (બ) | (૩) ચોકીદાર | | ૩૦૦૦ | ૨૭૦૦ |
| | | ૨૬૦૦ | ૨૫૦૦ | ૨૨૫૦ |
| | | | ૨૫૦૦ | ૨૨૫૦ |
| | | ૨૭૦૦ | | |
| | | ૧૩૦૦ | | |
| | | ૧૨૦૦ | | |
| | | ૧૦૦૦ | | |

માનનીય અધ્યક્ષશ્રી, ઉપર મુજબ ૯૦ ટકા રકમ સરકારશ્રી દ્વારા ચૂકવવામાં આવે છે જયારે બાકી રહેતી ૧૦ ટકા રકમ જે તે સંસ્થા ભોગવે છે. ૨૦૦૫ પછી આજે લગભગ બમણો વધારો રાજય સરકારશ્રી તરફથી કરવામાં આવ્યો છે.

ગુજરાત વિચરતી અને વિમુકત જાતિઓના સર્વાંગી વિકાસ માટે ગુજરાત વિચરતી-વિમુકત જાતિ વિકાસ નિગમની અલગ રચના કરવા બાબત.

શ્રી રમણલાલ વોરા ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હાલ ગુજરાતમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની કુલ ૧૪૬ જાતિઓમાં ૨૮ વિચરતી અને ૧૨ વિમુકત જાતિઓ મળી કુલ ૪૦ જાતિઓ અતિ પછાત અને નબળી જાતિઓ છે. રાજયની અંદાજે ૬ કરોડની વસતિમાં ૫૦ ટકા લેખે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વસતિ ૩ કરોડ છે, તે પૈકી ૪૦ વિચરતી-વિમુકત જાતિઓની વસતિ અંદાજે ૬૦ લાખની થવા જાય છે, જે કુલ વસતિના ૧૦ ટકા જેટલી છે.

વિચરતી જાતિઓ રખડતું ભટકતું જીવન ગુજારવાને કારણે તેમજ વિમુકત જાતિઓને બ્રિટીશ સરકારે સન ૧૮૭૧માં ગુનેગાર જાતિઓ જાહેર (Notify ) કરતા અને ત્યારબાદ તેમને આઝાદ ભારત સરકારે સને ૧૯૫૨માં વિમુકત (Denotify ) જાહેર કરતા તેમની પણ રખડતી ભટકતી જીવન શૈલીને કારણે તેઓ સામાજિક, શૈક્ષણિક અને આર્થિક રીતે વધારે પછાત છે.

રાજય સરકારે આ જાતિઓ માટે છેલ્લા ૧૨ વર્ષમાં સક્રિય પહેલ કરીને વિશેષ ઘ્યાન આપીને તેમના સર્વાંગી વિકાસ માટે ઘણાં પગલાં લીધાં છે. ખાસ કરીને ગૃહ નિર્માણ ક્ષેત્રે ઘણા બધા ઘર બનાવાયાં છે, સરકારી મફત ગાળાના પ્લોટ પણ આપવામાં આવેલ છે. તેઓના માટે અલગથી બજેટ જોગવાઇ પણ કરવામાં આવેલ છે. આ ખાતા દ્વારા અમલિત તમામ કલ્યાણ લક્ષી યોજનાઓના અમલીકરણમાં વિચરતી-વિમુકત જાતિના ઇસમોને અગ્રીમતા આપવામાં આવે છે.

ગુજરાતમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકીની રબારી, ભરવાડ જાતિઓ જેવી પશુપાલક જાતિઓ માટે સન ૧૯૯૦થી ગુજરાત ગોપાલક વિકાસ બોર્ડ બનાવેલ જેને સન ૨૦૦૧ થી

અલગથી ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડમાં રૂપાંતરિત કરેલ છે. તેમજ ઠાકોર અને કોળી જાતિઓ માટે સન ૧૯૯૭થી ગુજરાત સમસ્ત ઠાકોર બોર્ડ જેને સન ૨૦૦૨થી ગુજરાત ઠાકોર કોળી વિકાસ નિગમ તરીકે રૂપાંતરિત કરીને કાર્યરત કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સમૂહો માટે વિશેષ ધ્યાન અપાય અને તેનો સર્વાંગી વિકાસ થાય તે માટે રાજયની ૪૦ વિચરતી વિમુકત જાતિઓ માટે ગુજરાત વિચરતી વિમુકત જાતિ વિકાસ નિગમની અલગ રચના સર્વથા જરૂરી, યોગ્ય અને ન્યાયોચિત જણાતાં **" ગુજરાત વિચરતી વિમુકત જાતિ વિકાસ નિગમ "** ની રચના કરવાનું જાહેર કરવામાં આવે છે.

આ નિગમ ૪૦ વિચરતી વિમુકત જાતિઓના સામાજિક, શૈક્ષણિક અને આર્થિક વિકાસ માટે રાજય સરકારને સલાહ આપશે, વિશિષ્ટ યોજનાઓ અને કાર્યક્રમો ઘડશે, તેનો અમલ કરશે. આ નિગમમાં ૪૦ જાતિઓને મહત્તમ પ્રતિનિધિત્વ મળે તે રીતે સરકારી અને બિન સરકારી અધિકારીઓ/પદાધિકારીઓની નિમણૂક કરવામાં આવશે.

## અધ્યક્ષશ્રીની જાહેરાત

ગુજરાત પરિવર્તન પાર્ટીના ભારતીય જનતા પક્ષમાં થયેલા વિલીનીકરણ અંગે

**તેરમી ગુજરાત વિધાનસભા**

**ભારતના બંધારણની દશમી અનુસૂચિ અન્વયે માનનીય અધ્યક્ષશ્રીએ કરવાની જાહેરાત**

**અધ્યક્ષશ્રી** : તા.૨૫-૨-૧૪ ના રોજ ગુજરાત પરિવર્તન પાર્ટી, વિધાનસભા પક્ષના સભ્યશ્રી નલીનભાઇ કોટડીયા (૯૪-ધારી) તરફથી મને એક અરજી મળી છે. અરજી સાથે સભ્યશ્રી કોટડીયાએ તેમના પક્ષના પ્રમુખશ્રીએ ભારતીય જનતા પક્ષના પ્રમુખશ્રીને ઉદ્દેશીને લખેલ તા. ૨૪-૨-૧૪ નો પત્ર તથા ભારતીય જનતા પક્ષના પ્રમુખશ્રીએ ગુજરાત પરિવર્તન પાર્ટીના પ્રમુખશ્રીને ઉદ્દેશીને લખેલ તે જ તારીખના પત્રની નકલો સામેલ કરીને મને રજૂઆત કરી છે કે તેમના પક્ષની તા. ૬-૨-૧૪ ના રોજ મળેલ સામાન્ય સભાની બેઠકમાં તેમના પક્ષનું ભારતીય જનતા પક્ષમાં વિલીનીકરણ કરવા અંગેની સત્તા પક્ષના પ્રમુખશ્રીને સોંપવાનો નિર્ણય કર્યો હતો. આ નિર્ણયના અનુસરણમાં તા. ૨૪-૨-૧૪ ના રોજ તેમના પક્ષના પ્રમુખશ્રીએ પક્ષના તમામ સભ્યો સાથે પરામર્શ કરીને સર્વાનુમતે ગુજરાત પરિવર્તન પાર્ટીને ભારતીય જનતા પક્ષમાં વિલીનીકરણ કરવાનો નિર્ણય લીધો છે. ભારતીય જનતા પક્ષ, ગુજરાત રાજયના પ્રમુખશ્રીએ તેમના તા. ૨૪-૨-૧૪ ના પત્રથી ગુજરાત પરિવર્તન પાર્ટીના ભારતીય જનતા પક્ષમાં વિલીનીકરણને ભારતીય જનતા પક્ષની સ્વીકૃતિની પણ મને જાણ કરી છે. ગુજરાત વિધાનસભા ભારતીય જનતા પક્ષના નેતાશ્રીએ તેમના તા. ૨૫-૨-૧૪ ના પત્રથી ગુજરાત પરિવર્તન પાર્ટીના એક માત્ર સભ્યશ્રી નલીનભાઇ કોટડીયાને બંધારણની દશમી અનુસૂચિના ફકરા ક્રમાંક-૪ ની જોગવાઇ હેઠળ તમામ હેતુઓ માટે ગુજરાત વિધાનસભા ભારતીય જનતા પક્ષના સભ્ય તરીકે માન્યતા આપવા મને વિનંતી કરી છે.

આગળ જણાવ્યા મુજબ ગુજરાત વિધાનસભામાં ગુજરાત પરિવર્તન પાર્ટીના એક માત્ર સભ્યશ્રી નલીનભાઇ કોટડીયાએ તેમના તા. ૨૫-૨-૧૪ ના પત્રથી તેઓને ભારતીય જનતા પક્ષના સભ્ય તરીકેની માન્યતા આપવા મને રજૂઆત કરી છે ત્યારે પ્રસ્તુત કિસ્સામાં બંધારણની દશમી અનુસૂચિના ફકરા ક્રમાંક-૪ ની જોગવાઇઓ પરિપૂર્ણ થતી હોવાથી, ગુજરાત પરિવર્તન પાર્ટીના ભારતીય જનતા પક્ષમાં વિલીનીકરણને મેં માન્યતા આપી છે અને હવે પછી ગુજરાત પરિવર્તન પાર્ટીના એક માત્ર સભ્યશ્રી નલીનભાઇ કોટડીયાને તમામ હેતુઓ માટે ગુજરાત વિધાનસભા ભારતીય જનતા પક્ષના સભ્ય તરીકે ગણવાના રહેશે.

સભ્યશ્રી નલીનભાઇ કોટડીયાએ તેમના પત્ર સાથે ગુજરાત વિધાનસભાના સભ્યોને (પક્ષાંતર બદલ ગેરલાયક ઠરાવવા) બાબતના નિયમો ૧૯૯૦ ના નિયમ–૫ (૨) અન્વયે નમૂના–૩ માં જરૂરી એકરારનામું રજૂ કરેલ છે.

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

ગુજરાત ફાઉન્ડેશન ફોર મેન્ટલ હેલ્થ એન્ડ એલાઇડ સાયન્સીસ કંપનીનો અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ફાઉન્ડેશન ફોર મેન્ટલ હેલ્થ એન્ડ એલાઇડ સાયન્સીસ કંપનીનો સન ૨૦૧૧–૨૦૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી બાબુભાઇ બોખીરીયા ( જળસંપત્તિ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત હાઉસીંગ બોર્ડનું અંદાજપત્ર

શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત હાઉસિંગ બોર્ડનું સન ૨૦૧૩–૧૪ના વર્ષનું અંદાજપત્ર તથા સન ૨૦૧૨–૧૩ના વર્ષનું સુધારેલ અંદાજપત્ર તથા આ અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અંદાજપત્ર, સુધારેલ અંદાજપત્ર તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશનરશ્રીનો વાર્ષિક વહીવટી અહેવાલ

શ્રી રમણલાલ વોરા ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશનરશ્રીનો સન ૨૦૧૨–૧૩ નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગની અધિસૂચનાઓ

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની–

(૧) સન ૨૦૦૦ના ગુજરાત લીફટ એન્ડ એસ્કેલેટર્સ અધિનિયમ અન્વયેની તા. ૫–૨–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–જીજે–૨૦૧૪–૧૫–એલએફટી–૧૨–૨૦૦૬–૩૫૨૪–કે

(૨) સન ૨૦૧૩ના ગુજરાત લીફટ એન્ડ એસ્કેલેટર્સ (સુધારા) અધિનિયમ અન્વયેની તા. ૫–૨–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–જીએચયુ–૨૦૧૪–૧૪–એલએફટી–૧૨૨૦૦૬–૩૫૨૪–કે

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની અધિસૂચના

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની–સન ૨૦૦૦ના ગુજરાત ઇન્ફર્મેશન ટેકનોલોજી એકટ અન્વયેની તા. ૧૯–૦૨–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–જીએસટી–૧–૨૦૧૪–આઇટીએ–૧૦–૨૦૧૨–જીઓઆઇ–૫૭–૧૧૫૦–આઇટી,

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંક–૩
# ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) વિધેયક, ૨૦૧૪

**સન ૨૦૧૫ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષના આંશિક ભાગની સેવાઓ માટે ગુજરાત રાજયના એકત્રિત ફંડમાંથી અમુક રકમોનો ઉપાડ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક**

શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાણા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, •રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૩–સન ૨૦૧૪નું ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) વિધેયકને હું આપની પરવાનગીથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૩–સન ૨૦૧૪નું ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

## અધ્યક્ષશ્રીની જાહેરાત

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે કે આજે વિનિયોગ (લેખાનુદાન) વિધેયક ચર્ચા કરવા માટે હાથ ધરવાનું છે. આ વિધેયકની ચર્ચામાં ભાગ લેવા માટે કોઇ સભ્યશ્રીએ મૃદ્દો આપેલ નથી. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૮(૫)ની જોગવાઇ અનુસાર વિનિયોગ વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા ઇચ્છતા હોય તેવા સભ્યશ્રીએ તેમનો મૃદ્દો આપવાનો રહે છે અને કોઇપણ સભ્યશ્રીએ આવા મુદ્દા આપ્યા ન હોવાથી વિનિયોગ (લેખાનુદાન) વિધેયક પર ચર્ચાનો કોઇ અવકાશ રહેતો નથી. તેથી વિનિયોગ (લેખાનુદાન) વિધેયક સીધું જ સભાગૃહના મત પર મૂકવાનું રહેશે.

**પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૩–સન ૨૦૧૪નું ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**.

**કલમ–૨, કલમ–૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘ સંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

• વિધેયક તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૪ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૩–સન ૨૦૧૪નું ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત પર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તેને પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૪

## ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૧૪

### સન ૨૦૧૪ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજયના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૧૪નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૧૪નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રીની જાહેરાત

**પૂરક વિનિયોગ વિધેયકની ચર્ચામાં ભાગ લેવા તથા સમય ફાળવવા અંગે**

અધ્યક્ષશ્રી : મારે જાહેરાત કરવાની છે કે આજે પૂરક વિનિયોગ વિધેયક ચર્ચા માટે હાથ ધરવાનું છે. પૂરક વિનિયોગ વિધેયકની ચર્ચામાં ભાગ લેવા માટે ચાર સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપેલા છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૮(૩) અન્વયે આ વિધેયકો ઉપરની ચર્ચા સભાગૃહની આ બેઠક મુલતવી રાખવાના એક કલાક પહેલાં પૂરી કરવાની રહે છે પરંતુ આજે વિનિયોગ (લેખાનુદાન) વિધેયક, ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબતનું વિધેયક, અન્ય સરકારી વિધેયકો અને છેલ્લા દિવસનો પ્રસ્તાવ પણ હાથ ધરવાનો છે. આથી નિયમ ૨૩૯થી મને મળેલી સત્તાની રૂએ પૂરક વિનિયોગ વિધેયક ઉપરની ચર્ચામાં ભાગ લેવા માટે મુદ્દા આપનાર સભ્યશ્રીઓને ચર્ચામાં ભાગ લેવા માટે પાંચ મિનિટનો સમય ફાળવવાનું ઠરાવું છું. તદ્નુસાર મુદ્દાઓ ઉપરની ચર્ચા સમાપ્ત થયા બાદ વિધેયક સભાગૃહના મત ઉપર મૂકવામાં આવશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એમાં મારે ખાસ કરીને પોલીસદળમાં પૂરતા પગારથી નવી નિમણૂકો ન થવાને કારણે આ રાજયમાં દિન પ્રતિદિન ચોરી, લૂંટ, ધાડ, ખૂન, અપહરણ જેવા બનાવો વધી ગયા છે. આજે ગુજરાતની જે વાસ્તવિક પરિસ્થિતિ ઊભી થઇ છે, એ બાબત ઉપર આપ સૌનું ધ્યાન દોરવું છે. આજે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી ગઇ છે. આજથી ૧૫–૨૦ વર્ષ પહેલા ગુજરાત શાંત પ્રદેશ કહેવાતો હતો, લોકો શાંતિથી રહી શકતા હતા. પરંતુ છેલ્લા દસ વર્ષથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ખરાબ થઇ

---

* વિધેયક તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૪ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ગઈ છે. પહેલા એવું કહેવાતું હતું કે ગુજરાતમાં વેપાર ધંધા માટે અનેક લોકો આવતા અને વેપાર કરતાં અને અહીંયા શાંતિથી રહેતા હતા કારણ કે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સારી હતી. છેલ્લા દસ વર્ષમાં લૂંટ, ચોરી જેવી સિસ્ટમમાં આજે ગુજરાત નંબર વન થઇ રહ્યું છે એ બહુ દુઃખદ બાબત છે. ગુજરાતમાં એવી પરિસ્થિતિનું નિર્માણ થઇ રહ્યું છે કે, આખા ભારતના આંકડા જોવામાં આવે તો એક જમાનામાં બિહાર, ઉત્તર પ્રદેશ સૌથી આગળ હતું. આજે ઉત્તર પ્રદેશ અને બિહાર કરતાં પણ ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બગડી છે. એનાથી લોકો ગુજરાતમાં આવતા ડરે છે. આપણે મોટા મોટા પેકેજો રજૂ કરીએ છીએ છતાંપણ આપણા રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બગડી છે. લોકો અહીં વેપાર માટે આવતાં ડરે છે. મોટા મોટા લોકો અહીં આવતાં ડરે છે એવી પરિસ્થિતિનું નિર્માણ ગુજરાતમાં થયું છે. અમદાવાદ અને સમગ્ર ગુજરાતમાં બહેનો અસલામત છે અને તેમના ઉપર બળાત્કાર થઇ રહ્યા છે. આજે ગુજરાતમાં યુ.પી. અને બિહાર જેવી પરિસ્થિતિનું નિર્માણ થતું જાય છે.

ગુજરાત સરકાર ઉત્સવો પાછળ ઘણા બધા પૈસા વાપરે છે. આ પૈસાનો ખર્ચ પોલીસનો અપૂરતો સ્ટાફ છે એના માટે વપરાય તેવું આયોજન કરવું જોઇએ. એવું કરવામાં આવે તો આજે સમગ્ર ભારતમાં ગુજરાતનું નામ બગડે છે એ ન બગડે. અમે બહાર બીજા રાજ્યોમાં જઇએ છીએ તો લોકો પૂછે છે કે, તમારે ત્યાં લૂંટ અને ધાડ જેવા બનાવો બને છે અને ગુજરાતની પરિસ્થિતિ બગડી રહી છે એ સુધારવા માટે આ ઉત્સવો પાછળ જે પૈસા ખર્ચાય છે એના બદલે પોલીસ સ્ટાફ પાછળ ખર્ચાય તો આ પરિસ્થિતિમાં સુધારો આવે અને દસ વર્ષ પહેલાંનું જે ગુજરાત હતું એવું ગુજરાત ફરીથી બની જાય તેવી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. સ્ટાફની નિમણૂક થાય છે એમને પૂરો પગાર મળે અને સારો પગાર મળે તો આ ભ્રષ્ટાચાર ઓછો થાય. ચારે બાજુ ભ્રષ્ટાચાર થઇ રહ્યો છે. સારા પોસ્ટીંગ માટે લાખો રૂપિયા ખર્ચવામાં આવે છે અને સારી જગ્યાએ જવા માટે લોકો કોશિશ કરી રહ્યા છે. સારા અધિકારીઓને સારી જગ્યાએ મૂકવામાં આવે તો ગુજરાત ફરીથી નંબર વન થઇ શકે છે. આ સિસ્ટમ બગડી રહી છે એમાં આ સુધારો થાય અને એમાં પૂરતો ખર્ચ કરવામાં આવે તેવી વિનંતી છે.

શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગરવું ગુજરાત અને ગુજરાતી વર્ષોથી વિશ્વમાં મહત્તમ દેશોની અંદર પોતાની વેપારી શાખના કારણે પ્રચલિત છે અને એ ગુજરાતી શાખે સમગ્ર વિશ્વમાં ગુજરાતને હંમેશાં ગૌરવવંતુ રાખ્યું છે. આપણો વેપાર વિશ્વમાં વખણાય છે. એ પરંપરાથી ગુજરાત એ હદે આવીને ઊભું છે કે, એ ઉદ્યોગો બંધ થઇ જાય એના શટર પડી જાય અને આવી પરિસ્થિતિમાં આવીને ગુજરાત ઊભું છે. કેન્દ્ર સરકારનો માઇક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ એક્ટ ૨૦૦૬-૦૭માં લાગુ થયો. ત્યારથી આ રાજ્યની અંદર મોટા, મધ્યમ અને નાના કદના ઉદ્યોગ હોય, કુટિર ઉદ્યોગ હોય, આવા તમામ ઉદ્યોગોનું રજિસ્ટ્રેશન કરાવવાની શરૂઆત થઇ. ઇન્ડેક્ષ-બીમાં ઓન લાઇન રિજસ્ટ્રેશન થાય.એકવીસમી તારીખના તારાંકિત પ્રશ્નોત્તરીના સત્તરમા ક્રમાંકમાં સરકારે જવાબ આપ્યો કે ૫.૨૪ ટકા ઉદ્યોગો બંધ થયા. મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આ ૧૯૮૫નો હિસાબ કિતાબ સરકાર આપી શકે, મને એ કહો કે આપ જયારે આ રાજયમાં શાસન નહોતા કરતા, ૧૯૯૫માં રાજયની અંદર કેટલા મોટા ઉદ્યોગો હતા, કેટલા મધ્યમ અને નાના કદના ઉદ્યોગો હતા? કેટલા કુટિર ઉદ્યોગો હતા અને એને રેકર્ડ ઉપર જવાબ આપવો જોઇએ.

અમે જે વારસો મૂકીને ગયા હતા એમાં ઉમેરો ન થાય તો વાંધો નહીં પણ દુઃખ એ વાતનું થાય છે કે રાજયની નીતિ વાઇબ્રન્ટ ગુજરાત મહોત્સવ વાઇબ્રન્ટ ગુજરાત મહોત્સવ ૨૦૦૩, ૨૦૦૫, ૨૦૦૭, ૨૦૦૯, ૨૦૧૧,૨૦૧૩, માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૩માં શરૂઆત કરી હતી આટલા હજાર કરોડનું રોકાણ આવશે, મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ, માત્ર સમજૂતી કરારો. સમજૂતી કરારમાં હું ફગી જાવ તો પણ કરાર ફોક અને નીતિનભાઇ સાહેબ ફગી જાય તોય કરાર ફોક. કેવા એમ.ઓ.યુ. થયા? કોઇ ઘરની ઝૂંપડી બનાવતું હોય તો એનો પણ એમ.ઓ.યુ. અમને છ કરોડ ગુજરાતીઓને આનંદ થતો હતો કે આટલું વિશાળ પ્રમાણમાં રોકાણ જો ગુજરાતની અંદર આવશે તો ગુજરાતના એક ગરીબની ઝૂંપડીમાં ઉછેરતું બાળક નવયુવાનીમાં પગ મૂકી રહ્યું છે એના માટે રોજગારનું સર્જન થશે અને મારું ગુજરાત એ ફરી પાછું વિશ્વની અંદર પોતાની શાખ

વધારશે. પણ પરિસ્થિતિ ઉલટી થઇ, ૫.૨૪ ટકાનો આંકડો છેલ્લો જે ઉદ્યોગોનો બંધ પડવાનો સર્વે થયો એ મુજબ માત્ર નોંધાયેલા યુનિટો અને એ યુનિટોના રેન્ડમલી દસ ટકા સર્વે ઉપરથી ૫.૨૪ ટકા આંકડો આપ્યો છે. ગુજરાતની અંદર આજે કેટલાય ઉદ્યોગો વર્ષોથી ચોપડે નોંધાયેલા છે. આ તો ૫ વર્ષના આકડા ઉપરથી ૫.૨૪ ટકા ઉદ્યોગો બંધ થયા એવું આપ્યું હતું. પણ તમામ ગુજરાતીઓને જાણકારી કારણ કે બધાય કયાંયને કયાંય ગામડામાં રહે છે. ભૂતકાળની અંદર જે મોટા ઉદ્યોગો સ્થાપિત થયા હતા, આ રાજય સરકારની નિષ્ફળ નીતિને કારણે એ મોટા ઉદ્યોગો બંધ થયા અથવા તો એમણે ઉત્પાદન બંધ કરવું પડયું. મધ્યમ અને નાના કદના ઉદ્યોગોએ યા તો બંધ થયા એટલે એણે સરકારના ચોપડે આ યુનિટ ફડચામાં લઇ ગયા હોય, બંધ કર્યુ હોય એ નોંધ્યું હોય પણ વાસ્તવિક પરિસ્થિતિને ધ્યાનમાં લઇએ તો છેલ્લા દસ વર્ષની અંદર દર વર્ષે દસ હજાર કરતા વધુ ઉદ્યોગો બંધ થયા છે. દરેક ઉદ્યોગની અંદર ઓછામાં ઓછા ૨૦ લોકો ગણીએ તો આઠ લાખ લોકોની રોજગારી છીનવાઇ ગઇ અને કેટલાય મારા નવયુવાનો બેરોજગાર થયા, એના પ્રતાપે આજે સરકારી આંકડા કહે છે કે ગુજરાતની અંદર દર મહિને ૯૪૩ લોકોએ આત્મહત્યા કરવી પડે છે, એને પરસેવો પાડવો છે પણ એને રોજગાર નથી મળતો, દર દર ભટકે અને માનનીય અધ્યક્ષશ્રી, એનું જયારે સ્વમાન ન સચવાય ત્યારે માણસે મોતને મીઠું કરવું પડે એવી નિષ્ફળ ઉદ્યોગ નીતિને હું વખોડી કાઢું છું અને માનનીય મંત્રીશ્રીને વિનંતી કરુ છું કે ગુજરાતના વિકાસમાં એ ઔદ્યોગિક વિકાસ હોય કે દરેક સ્તરે કોંગ્રેસ પક્ષના કાર્યકર્તા તરીકે અમારો સમગ્ર પક્ષ ગુજરાતના વિકાસમાં તમારી સાથે ખભે ખભો મિલાવીને ચાલવાનો છે પણ તમારી નિષ્ફળતાઓને છુપાવવા માટે થઇને સત્યથી વેગળી વાતો અને રેકર્ડ સાથે ચેડા કરીને આ •(xxxxxx)પ્રયાસ ન થાય એટલી મારી હૃદયપૂર્વકની વિનંતી છે.

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દો કાઢી નાખીએ છીએ.

શ્રી અમિત અ. ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જયારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી છે ત્યારથી આ રાજયમાં ભ્રષ્ટાચારને શિષ્ટાચાર બનાવવામાં આવ્યો છે. પોલીસ ઇન્સ્પેકટર હોય કે અધિકારી હોય કે નાનો કોઇ કોન્સ્ટેબલ હોય એના પગાર કરતા અનેક મોટી આવકો મેળવી અને જે રીતનો ભ્રષ્ટાચાર ગુજરાતમાં વ્યાપક બન્યો છે,એ માટેની ચિંતા કરવા અહીં ઉપસ્થિત થયો છું.

બલવંતસિંહભાઇએ વાત કરી એમ કોઇ પ્રમાણિક યુવાન હોય એ વિચારે કે હું પોલીસ ખાતામાં જોડાઇશ અને પ્રમાણિકતાથી નોકરી કરીશ. પણ જે રીતની સિસ્ટમ આ સરકારમાં ડેવલપ થઇ, આ ચંપાવતોના કારણે એક તલાટી જેવી નોકરીમાં ૧૦ લાખ રૂપિયા માગવામાં આવે તો પોલીસ ઇન્સ્પેકટરની નોકરીમાં હું માનું છું કે ૨૦ કે ૨૫ લાખ આપે તો નોકરી મળે. નોકરીમાં લેવા માટે પૈસા આપવા પડે, પોસ્ટીંગ સારી જગ્યાએ મેળવવું હોય તો એના માટે પૈસા આપવા પડે. સારી જગ્યાએ નોકરી કરવી હોય અને બદલી ન થઇ જાય એના માટે સાહેબોને ખુશ કરવા પડે તો પોલીસ ભ્રષ્ટાચાર ન કરે તો શું કરે?

મારા જિલ્લાની જ વાત કરું તો થોડા વખત પહેલા એક દારૂના અડ્ડા ઉપર વિજિલન્સની રેડ પડી. ગાંધીનગરથી વિજિલન્સના અધિકારીઓ આવ્યા અને રેડમાં ખૂબ મોટા જથ્થામાં દારૂ પકડાયો. સરકારનો નિયમ છે કે ૫૦ હજારથી ઉપરની માત્રાનો દારૂ પકડાય તો જે તે પી.એસ.આઇ.ની બદલી કરવામાં આવે અને શિક્ષાત્મક કાર્યવાહી કરવાની થાય. વિજિલન્સના અધિકારીઓએ પેલા પી.એસ.આઇ.ને એમ કહ્યું કે તેને રેડમાં જોડે બતાવવો હોય તો ૩ લાખ આપે તો જોડે બતાવીએ અને ૩ લાખ આપ્યા ત્યારે સાથે રેડ કરી છે એવા પેપર્સ કરવામાં આવ્યા. જ્યારે આવી પરિસ્થિતિનું નિર્માણ હોય ત્યારે જે અધિકારીઓ (અંતરાય) પુરાવા સાથે કહું છું અને આ બાબતે મેં ડી.જી.પી. અને તમારા સેક્રેટરીને ફરિયાદ કરી હતી. આ જાતની પરિસ્થિતિ ગુજરાતમાં હોય ત્યારે વારે ઘડીએ નવા મહોત્સવો અને ઉત્સવો કરવામાં આવે, ફોટો લઇને પૈસા ઉઘરાવવા નીકળે, સદ્ ભાવનાના નામે પૈસા ઉઘરાવવાની વાત થાય કે નાના મોટા મહોત્સવો કરવાના થાય, દરેક કાર્યક્રમમાં બસો મોકલવાની થાય ત્યારે પોલીસને કહેવામાં આવે કે આટલા પૈસા મોકલી આપો.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહની કાર્યવાહીમાંથી કાઢી નાખવામાં આવ્યા.

(અંતરાય)

**અધ્યક્ષશ્રી :** અમિતભાઇ, સબજેક્ટ ઉપર આવો. (અંતરાય) મને ખબર પડે છે, કોને સબજેક્ટ કહેવાય.

**શ્રી અમિત અ. ચાવડા :** સાહેબ, આના કારણે પોલીસમાં પણ એવી વૃતિ થઇ છે કે આપણે ઉપર એક લાખ રૂપિયા પહોંચાડવાના છે તો એના બદલે બે લાખ ઉઘરાવો અને એક લાખ ઉપર મોકલીશું અને એક લાખ આપણી પાસે રાખીશું. આના કારણે એની આવક કરતાં અનેકગણી આવક પોલીસ વિભાગના અધિકારીઓ અને ઇન્સ્પેકટરો મેળવી રહ્યા છે. મારે મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે આપણે ત્યાં એ.સી.બી. અને વિજિલન્સની અલગ વ્યવસ્થા છે. દરેક અધિકારીની પણ તપાસ થવી જોઇએ કે કયા અધિકારીઓ પાસે પહેલા નોકરીમાં જોડાયા ત્યારે કેટલી મિલકત હતી, કેટલો પગાર છે અને આજે એની મિલકતો કેટલી છે ત્યારે ખબર પડે કે ભ્રષ્ટાચાર કેટલો ચાલે છે. જ્યારે આવી વ્યવસ્થાની વાત થાય, આપણે બીજા કોઇ વિભાગમાં ટ્રેપ કરવા માટે એ.સી.બી.ની વ્યવસ્થા કરીએ તો ચોક્કસ એ.સી.બી. વિભાગ એમાં કાર્યરત થાય છે, પણ અમારો અનુભવ છે અને લોકોની લાગણી છે કે જ્યારે પોલીસ વિભાગ સામે ફરિયાદ થાય ત્યારે એની ફરિયાદની તપાસ માટે એના વિભાગની એ.સી.બી. હોય છે ત્યારે કુણી લાગણી પ્રવર્તતી હોય છે. એના માટેની જોગવાઇ થાય એ જરૂરી છે. સાથો સાથ જે રીતે અત્યારે નાનો માણસ પોલીસ સ્ટેશનમાં જાય, પોતે અત્યાચારનો ભોગ બન્યો હોય તેમ છતાં પણ પૈસા આપ્યા વગર એના રક્ષણની કાર્યવાહી થઇ શકતી નથી. આજે જે રીતની ચોરીઓ અને લૂંટો થાય છે અને જે બનાવો બને છે એમાં પણ કેટલીક જગ્યાએ આ જ અધિકારીઓ અને પોલીસનું મેળાપીપણું પણ બહાર આવે છે. આજે અનેક પ્રમાણિક અધિકારીઓ છે જે આ રીતના પૈસા ઉપર સુધી ન પહોંચાડી શકવાના કારણે સારી જગ્યાએ મૂકવામાં આવતા નથી અને હેરાન કરવામાં આવી રહ્યા છે.

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ત્રણ સભ્યોશ્રીઓએ પોતાના મુદ્ધા રજૂ કર્યા છે. (અંતરાય) ગુજરાત એક નંબર છે. વિકાસ, પ્રગતિ, શાંતિ, સલામતિ, કાયદો અને વ્યવસ્થા બધી જ બાબતોમાં ગુજરાત નંબર વન છે એ આખો દેશ જાણે છે. આ તો એમણે કહ્યું એટલે એમના સંતોષ ખાતર થોડી માહિતી આપું છું. એમને એમ ન લાગે કે અમે થોડા-ઘણા રહી ગયા છીએ એની અવગણના કરે છે એટલા માટે હું કહું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બલવંતસિંહે કહ્યું એજ બાબત અમિતભાઇમાં આવે છે કે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બગડતી જાય છે. ગુજરાત બહારથી લોકો આવતા નથી, ઉદ્યોગો સ્થપાતા નથી, બહેન-દીકરીઓ સલામત નથી વગેરે વગેરે. માનનીય અધ્યક્ષશ્રી, આજે પણ આપણા ગુજરાતમાં દાયકાઓથી નવરાત્રી, દીવાળી એવા અનેક જાહેર તહેવારો યોજાય છે. આપણી બહેન દીકરીઓ ગરબા રમવા ગઇ હોય, કોઇ લગ્નમાં ગઇ હોય, કોઇ પ્રસંગમાં ગયા હોય કે મંદિરે ગયા હોય આપણે શહેરોમાં અને ગામડામાં જોઇએ તો લાખોની સંખ્યામાં બહેન દીકરીઓ સ્કૂલ, કોલેજોમાંથી, બજારોમાંથી, બસ સ્ટેન્ડ ઉપરથી મુક્ત રીતે હરતી-ફરતી હોય છે. બિલકુલ સલામતિપૂર્વક દીકરીઓને વિશ્વાસ છે કે, આ ગુજરાતની ભાજપ સરકાર છે. આ કોઇ •(xxxxxx) એ અમારા ઉપર (અંતરાય)

અધ્યક્ષશ્રી :(xxxxxx) શબ્દો કાઢી નાંખવામાં આવે છે. કોઇ સરકાર સાથે સરખામણી નહિ . આપની વાત કરો. કીધા એનો જવાબ આપો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, ૮ કરોડની વસ્તીવાળું દિલ્હી અને ૬ કરોડની વસ્તીવાળું ગુજરાત અને કચ્છથી માંડીને વાપી સુધીનો વિસ્તાર, અંબાજીથી માંડીને સોમનાથ, દ્વારકા સુધીનો વિસ્તાર ૩ કરોડ બહેનો ગુજરાતમાં છે. દીકરીઓ, મહિલાઓ, માતાઓ બધા જ ખૂબ શાંતિથી હરેફરે છે અને જ્યાં કદાચ કોઇ બનાવ બને જે સહેજ પણ ઇચ્છનીય નથી. બીજું સાહેબ, આખી ગુજરાતની પ્રજા, આખો દેશ સારી રીતે જાણે છે કે, બીજા રાજ્યો કરતાં અનેકગણી સારી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહની કાર્યવાહીમાંથી કાઢી નાખવામાં આવ્યા.

ગુજરાતમાં છે અને ભારતની કેન્દ્ર સરકારે પણ ગુજરાતના ગૃહ વિભાગને, ગુજરાતના પોલીસ દળને અનેક એવોર્ડથી નવાજેલા છે, એટલે મારે કાંઇ કહેવાનું રહેતુ નથી.

બીજું સાહેબ, માનનીય પરેશભાઇએ ઉદ્યોગ વિભાગની વાત કરી છે. આજે ગુજરાતમાં ખેતીવાડી આગળ, ઉદ્યોગ આગળ, વેપાર વાણિજ્ય આગળ, જો અમે ઉદ્યોગો લાવવા પ્રોત્સાહનો આપીએ, ગુજરાતમાં લાખ્ખો લોકોને રોજગારી મળે, ગુજરાતની આવકમાં વધારો થાય, ગુજરાત ધમધમતું થાય એવી વ્યવસ્થા કરીએ તો આના આજ મિત્રો એક કહે છે કે, આ તો ઉદ્યોગપતિની સરકાર છે. ઉદ્યોગમાં સહેજ મંદી આવે તો પાછા આના આજ લોકો એમ કહે છે કે, ઉદ્યોગ બંધ થઇ ગયા. બેય બાજુની વાત કરે છે અને સાહેબ, કમનસીબી તો એ છે કે, ગુજરાતમાં જયારે ઉદ્યોગપતિઓ આવે, એમ.ઓ.યુ. કરે, ઉદ્યોગ સ્થાપે ત્યારે ગુજરાત કોંગ્રેસના એક નેતા જે અહીંયા સભ્ય હતા, એમણે મનમોહનસિંહજીને પત્ર લખ્યો કે, ગુજરાતમાં ઉદ્યોગો રોકાણ કરે છે, એમના વિરુદ્ધ ઇન્કમ ટેક્સની તપાસ કરાવડાવો. સાહેબ, આ એમની માનસિકતા? ગુજરાતને તમે કેટલા નડો છો એ અમે જાણીએ છીએ. આ તો ગુજરાતનું સદ્ભાગ્ય છે કે, નરેન્દ્રભાઇ મોદી જેવા ભડવીર મુખ્યમંત્રી મળ્યા છે, અમે ગુજરાતને આગળ લઇ જઇએ છીએ, નહીંતર તમે તો કયાંય પહોંચાડી દીધું હોત, તમે તો ક્યાંય પહોંચાડ્યું ( અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, પરેશભાઇએ એમ કહ્યું કે, અમારા ઉદ્યોગો સાચવો તો સારું બાકી તો તમે કાંઇ કરતા નથી. ગુજરાતની અંદર જે દહેજમાં ઉદ્યોગો સ્થપાયા, અબજો અબજો રૂપિયાના રોકાણો થયા, જે હજીરામાં ઉદ્યોગો સ્થપાયા અબજો અબજો રૂપિયાના રોકાણ થયા, લાખ્ખો લોકોને રોજગારી મળે છે. કચ્છ સાહેબ, એક જમાનામાં કચ્છ એટલે રણ વિસ્તાર, દુષ્કાળગ્રસ્ત વિસ્તાર, કોઇ ત્યાં જાય નહીં, કચ્છીઓ આખી દુનિયામાં નીકળી ગયા, આખી દુનિયાની વસ્તી, ભારતની વસ્તી વધે, કચ્છની વસ્તી ઘટતી હતી એની સામે મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઇ અમારા, જેમ હંમેશાં કહે છે કે, આફતને પણ અમે અવસરમાં પલટીએ છીએ. ધરતીકંપ આવ્યા પછી માનનીય અધ્યક્ષશ્રી, મારે આભાર માનવો છે કે, અટલ બિહારી વાજપાઇજીની એન.ડી.એ.ની સરકાર હતી, એકસાઇઝ માફી અને અન્ય વ્યવસ્થાઓ અમારી સરકારને સહયોગમાં કરી આપી. આજે સાહેબ, ગુજરાતમાં કચ્છ એટલે નંબર વન, ઉદ્યોગો માટેનું, બંદરો માટેનું એ સેન્ટર બની ગયું છે. એ કોણે બનાવ્યું, એ કયાં હતું કચ્છ એ? એવી રીતે સાહેબ, મોરબી (અંતરાય) મોરબી, હિંમતનગર, આ બાવળાનો ચાંગોદર વિસ્તાર, એવી રીતે બીજા વિસ્તારો સૌરાષ્ટ્રના આ બધા નવા સેન્ટરોમાં ઉદ્યોગો ધમધમતા થયા.

માનનીય અધ્યક્ષશ્રી, એક માનનીય સભ્યશ્રી અહીંયા છે, સિદ્ધપુર વિસ્તારના અમારા માનનીય બલવંતસિંહભાઇ, તમે સિદ્ધપુર હાઇ–વે ઉપર જાવ તો પાંચ કિલો મીટર સુધી એમની ફેક્ટરીઓની મોટી વણઝાર લાગેલી છે આ બધુ કયાંથી આવ્યું ? આ ભા.જ.પ. સરકારની ઉદ્યોગોને પ્રોત્સાહન આપનારી નીતિના કારણે આવ્યું. હમણાં ટેક્સટાઇલ પોલિસી પણ આપણે મંજૂર કરી છે એટલે પહેલા સાહેબ, કોંગ્રેસ સરકાર વખતે ઉદ્યોગ એટલે સુરતથી માંડી વડોદરા સુધી જે 'ગોલ્ડન કોરીડોર' કહેવાતો હતો એ 'ગોલ્ડન કોરીડોર'ને અમારા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ ગુજરાતનો સર્વાંગી વિકાસ કરવા માટે આખા રાજ્યમાં દરેક જિલ્લાઓમાં ઉદ્યોગ વિકસે એ માટેનું અમે આયોજન કર્યું છે એટલે આપની બધી વાત ખોટી છે. ઉદ્યોગો આવે છે, ઉદ્યોગો સ્થપાય છે, નવી રોજગારી મળે છે અને ગુજરાત ઝડપથી આગળ વધતું જાય છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન –૨૦૧૪ના વિધેયક ક્રમાંક–૪નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–ર અને ૩ અનુસૂચિ કલમ–૧ દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન– ૨૦૧૪ ના વિધેયક ક્રમાંક–૪નું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક-૪ નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨
## ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબત વિધેયક, ૨૦૧૪
### અમુક જરી પુરાણા અધિનિયમો રદ કરવા બાબત વિધેયક

શ્રી રમણલાલ વોરા (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, •રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક-૨, સન ૨૦૧૪ના ગુજરાતના અધિનિયમોને રદ કરવા બાબત વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**વિધેયક દાખલ કરવામાં આવ્યું.**

શ્રી રમણલાલ વોરા ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી)ઃ માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક-૨, સન ૨૦૧૪ના ગુજરાતના અધિનિયમોને રદ કરવા બાબતના વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી પંકજ દેસાઇ (દંડકશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, રીસેસ રદ કરીએ અને આ પૂરૂં થાય એ પછી છેલ્લા દિવસનો પ્રસ્તાવ હાથ પર લઇએ.

અધ્યક્ષશ્રી : શું કરવા?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સાહેબ, કાલે શિવરાત્રી છે, ઝડપથી પહોંચી શકાય એટલે. હું ટેકો આપું છું.

અધ્યક્ષશ્રી : રીસેસ રદ કરવામાં આવે છે અને કાર્યવાહી આગળ ચાલશે.

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત લોકલ ઓથોરિટી એક્ટ, ૧૯૬૫ની રચના રાજયમાં આવેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને માટે ૧૯૬૫માં આવેલી કટોકટીના સંદર્ભે કરવામાં આવેલ હતી. આ નિયમની મુદત ૩૦ મી જુન, ૧૯૬૭ સુધીની હતી. આમ આ અધિનિયમની જોગવાઇઓ સંપૂર્ણપણે કામચલાઉ પ્રકારની હોઇ તે રદ કરવાને પાત્ર થાય છે. ગુજરાત મ્યુનિસિપલ એક્ટ ૧૮૯૦ની જે તે સમયે મુંબઇ રાજય વડે રચના કરવામાં આવી હતી. પહેલી મે, ૧૯૬૦ના રોજ ગુજરાત રાજય અસ્તિત્વમાં આવ્યા બાદ ધ ગુજરાત મ્યુનિસિપલ એક્ટ, ૧૯૮૦ નો કાયદો ગુજરાત રાજયને પણ લાગુ પાડવામાં આવેલ છે. ગુજરાત મ્યુનિસિપલ સર્વન્ટ એક્ટ, ૧૮૯૦ની જોગવાઇઓ જોતાં તેને નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં ચોક્કસ વર્ગના કર્મચારી કે જેમની ફરજો, રજાઓ વગેરે જેવા વિષય બાબતો નિયમન અને નિયંત્રણ સંબંધિત છે. હાલ રાજયમાં મહાનગરપાલિકા અને નગરપાલિકાનો વહીવટ અનુક્રમે ધ ગુજરાત પ્રોવિન્શયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ અને ગુજરાત નગરપાલિકા અધિનિયમ,૧૯૬૩ની જોગવાઇઓને આધીન કરવામાં આવેલ છે. આમ બંને કાયદાઓથી નગરપાલિકા, મહાનગરપાલિકાના કિસ્સામાં સેવા માટે નિયમન અને નિયંત્રણ માટે પર્યાપ્ત જોગવાઇ થયેલ છે, તેથી ધી ગુજરાત મ્યુનિસિપલ સર્વન્ટ એક્ટ ૧૮૯૦ ની જોગવાઇઓનો ઉપયોગ પણ એક પણ વાર થયેલ ન હોઇ, તે નિષ્ક્રિય અવસ્થામાં હોઇ રદ કરવાને પાત્ર છે. બંને કાયદા ખૂબ જૂના છે. અત્યારે કોઈ અલગથી નવા કાયદાઓ થયા છે. તેથી આ બંને કાયદાઓ રદ કરવા માટેની હું વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪નું વિધેયક

• વિધેયક તારીખ ૧૯મી ફેબ્રુઆરી ૨૦૧૪ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ક્રમાંક–૨–સન ૨૦૧૪નું ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબત વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા, ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૧૪નું ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબત વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : **સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૧૪નું ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબત વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.**

છેલ્લા દિવસનો પ્રસ્તાવ

નર્મદા બંધની ઊંચાઇ વધારવા તેમજ દરવાજા મૂકવામાં થઇ રહેલા વિલંબ અંગે

શ્રી બચુભાઇ મ. ખાબડ(દેવગઢબારીયા) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૧૦૨ પ્રમાણે છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરું છું.

પોઇન્ટ ઓફ ઓર્ડર

છેલ્લા દિવસના પ્રસ્તાવમાં કેન્દ્ર સરકારની ટીકા અંગે

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (વિરોધ પક્ષના દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય સભ્યશ્રીએ જે નિયમ ૧૦૨ મુજબનો જે પ્રસ્તાવ લઇને આવ્યા છે. એની અંદર સ્પષ્ટપણે કેન્દ્ર સરકારની ટીકા થતી હોય તે પ્રમાણેનો આખો ઠરાવ છે. એ પ્રમાણે ઠરાવ મૂકવામાં આવ્યો છે. આપણા નિયમ મુજબ આપણે કેન્દ્ર સરકારની કે કોઇપણની ટીકા ન થાય એના માટે ભૂતકાળની અંદર માનનીય અધ્યક્ષશ્રીએ ઘણાં બધાં નિર્ણયો આપ્યા છે. ખાસ કરીને એટલા માટે કહેવું છે કે દરવાજા મૂકવાની કામગીરી ઉપર છેલ્લાં ૩ વર્ષમાં જેટલો સમય જાય તેમ છે. દરવાજા મૂકવા અને ઊંચાઇ વધારવા અંગેની કામગીરી અંગે કેન્દ્ર સરકારની મંજૂરીમાં વિલંબના કારણે નીચે દર્શાવ્યા મુજબનું આર્થિક નુકસાન થઇ રહેલ છે. આ પ્રમાણે સીધેસીધી કેન્દ્ર સરકારની આમાં ટીકા થયેલી છે. ભૂતકાળમાં પણ નર્મદાની વાત આવતી હોય ત્યારે જ્યારથી નર્મદાની શરૂઆત થઇ ત્યારથી પણ અમે સર્વાનુમતે કરેલી છે. ખાસ કરીને મારે એ કહેવું છે કે ૧૯૬૦ થી માંડીને ૧૯૮૪ દરમ્યાન અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો, તેની અંદર જે પાન નં.૪૮૩ ઉપર સ્પષ્ટપણે કહેલું છે કે એ વાત સ્પષ્ટ થાય છે...

અધ્યક્ષશ્રી : બોલો. તમે પછી જવાબ આપજો. તમને બોલવાની તક આપીશ. તેમનું પ્રવચન ચાલુ છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, પાન નં.૪૮૩ ઉપર ગૃહમાં કેન્દ્ર સરકારની ટીકા ના થઇ શકે, તે મુજબ બુકમાં લખેલ છે. આખું વર્ણન એટલા માટે નથી કરવા માગતો કે એના જેટલા પેઇજ પર લખેલ છે અને પાન નં.૪૮૩ ઉપર સ્પષ્ટ છે અને તેની છેલ્લી લીટી છે કે તે વાત સ્પષ્ટ થાય છે કે આપણે બીજા કોઇપણ સ્ટેટ ગવર્નમેન્ટ કે સેન્ટ્રલ ગવર્નમેન્ટના ટીકા કરી શકતા નથી તે વાત સ્પષ્ટ છે. વખતોવખતનું આ રૂલીંગ આપેલ છે. આટલા વર્ષોની અંદર કેટલીય વખત આ આપેલ છે. યુ કાન્ટ ક્રીટીસાઇઝ સેન્ટ્રલ ગવર્નમેન્ટ લેટ અસ બી કલીયર ઓફ ઘેટ. આવું ચોખ્ખું આમાં કહેલ છે કે આપણે કેન્દ્ર સરકારની ટીકા ન કરી શકીએ. આ ગૃહને મારે વિનંતી કરવી છે કે આ નર્મદાનો પ્રશ્ન છે તેને પોલિટીકલ નહીં બનાવવો જોઇએ. મારો પ્રશ્ન તો મૂકવા દો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : તમે પ્રવચન ચાલુ કરો છો.

અધ્યક્ષશ્રી : બોલવા દો. પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર બોલે છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, પ્રવચન ચાલુ નથી કરતો. એ જ વાત કરું છું. પોઇન્ટ ઓફ ઓર્ડરની જ વાત કરું છું. મારી વિનંતી એટલી જ છે કે આ નર્મદાનો પ્રશ્ન છે. આપણે ભૂતકાળમાં અનેકવાર વડાપ્રધાનથી માંડીને આ ગુજરાત માટે જામીન થયેલા છે, એટલે ગૃહની બંને બાજુ પછી તે આ બાજુ હોય કે બીજી બાજુ હોય. ભૂતકાળમાં નર્મદા યોજના માટે સાથે ચાલ્યા છીએ. આને પોલિટીકલ ઇસ્યુ નહીં બનાવવો જોઇએ. આ નિયમ ૧૦૨ નીચે જે પ્રસ્તાવ આવ્યો છે અને તેમાં કેન્દ્ર સરકારની સ્પષ્ટ ટીકા થાય છે. ગુજરાતને આર્થિક રીતે જે પ્રમાણે નર્મદા માટે આપણે એક થઇ ચાલીએ છીએ તેમાં પોલિટીકલી લાગી રહ્યું છે, એટલે મારે આપને વિનંતી કરવી છે કે ભૂતકાળના અધ્યક્ષશ્રીઓના નિર્ણય મુજબ આ ગૃહમાં રજૂ ન થાય.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દંડકશ્રી બલવંતસિંહે જે વાત કરી છે અને ખરેખર મને તો એમ હતું અને આપ એમ કહેશો કે ચર્ચા કરવાની જરૂર નથી અને સમગ્ર ગૃહ એક થઇ બધા જ સભ્યો પક્ષના મતભેદ ભૂલી કેન્દ્ર સરકારને અનુરોધ કરીએ કે નર્મદા યોજનાના દરવાજા બેસાડવાની શરતથી પરમીશન આપે.

અધ્યક્ષશ્રી : જવાહરભાઇ સાંભળો એ જે કહે છે તે. તમને પણ બોલવાની તક આપીશ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આ ટેકનિકલ પ્રશ્ન ઊભો કર્યો છે. આમાં કોઇ ટીકા નથી. માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૨૦૦૮થી ૨૦૧૨ દરમ્યાનના છે તેમાં ૨૨ નંબરનો જે અધ્યક્ષશ્રીનો નિર્ણય છે તેમાં પણ સ્પષ્ટ કહ્યું છે કે કેન્દ્ર સરકારની ટીકા કરી શકાય નહી. પરંતુ રાજયના હિતને વિપરીત અસર થતી હોય તેવી માહિતી કેન્દ્ર સરકારના ઉલ્લેખ સાથે કરાય. બીજું માનનીય સભ્યશ્રીએ જે પ્રસ્તાવ મૂકયો છે તેમાં કોઇ ટીકાટિપ્પણ નથી કરી. સાહેબ કન્કલુઝન જુઓ તો માનનીય સભ્યશ્રી બચુભાઇએ એમ સૂચવ્યું છે કે આપણે આ દરવાજાનું કામ ઝડપથી મંજૂર કરવામાં આવે તેવું આ ગૃહ કેન્દ્ર સરકારને અનુરોધ કરે છે. ગુજરાતના છ કરોડ નાગરિકો માટે નર્મદાની કેટલી જરૂરિયાત છે, કેટલી ઉપયોગિતા છે તે આપણે સૌ જાણીએ છીએ. આપણું ગુજરાત એવું કંઇ માયકાંગલું કે બાપડું બિચારું નથી કે કેન્દ્ર સરકારને અનુરોધ પણ ના કરી શકે. આ અનુરોધ કરવાની, તમે વાંચો આ એજન્ડામાં પ્રસ્તાવનામાં છેલ્લે અનુરોધ કરવાનું લખેલ છે. કોઇ માગણી કરવી, કોઇ રજૂઆત કરવી, કોઇ સૂચન કરવું કે કોઇ અનુરોધ કરવો તે કોઇની ટીકામાં ગણાય નહીં એટલા માટે મારી વિનંતી છે કે માનનીય બલવંતસિંહનો પોઇન્ટ ઓફ ઓર્ડર રદ કરવામાં આવે અને આ પ્રસ્તાવ ઉપર વિચારણા શરૂ કરવામાં આવે અને મારી તો ખરેખર વિનંતી છે વિપક્ષના સભ્યશ્રીઓને કે તમે પક્ષાપક્ષી બાજુમાં રાખો. હમણાં આંધ્રમાં બનાવ બન્યો. તેલંગાણા રાજયની વિરોધમાં કોંગ્રેસના તમારા જ મુખ્યમંત્રીએ મુખ્યમંત્રી પદ ઉપરથી રાજીનામુ આપી દીધું અને તેલંગાણાની પ્રજાનું હિત જોયું. તો તમે ગુજરાતની પ્રજાનું હિત જુઓ. તમે કેન્દ્રની કોંગ્રેસની સરકારને ખુશ ન કરશો, તમે ગુજરાતની છ કરોડની પ્રજાના પ્રતિનિધિ છો, એ પ્રજાનો વિશ્વાસ દ્રઢ થાય એ પ્રમાણે તમે એને મંજૂર કરો અને માનનીય સભ્યશ્રી એમનો પોઇન્ટ ઓફ ઓર્ડર પાછો ખેંચે એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : આમાં માનનીય સભ્યશ્રીએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઊઠાવ્યો છે, એમાં એમણે કહ્યું કે આમાં કેન્દ્ર સરકારની ટીકા થાય છે, પ્રશ્ન એ છે કે કેન્દ્ર સરકારે નર્મદા માટે નર્મદા કન્ટ્રોલ ઓથોરિટી બનાવી છે. જે કાંઇ વિલંબ થાય એ નર્મદા કન્ટ્રોલ ઓથોરિટી વિલંબ કરે છે અને એના વિલંબના કારણે આ ગુજરાતને નુકસાની ભોગવવી પડે છે એટલા માટે આ પ્રસ્તાવ છે, પણ કાયદામાં સ્પષ્ટ છે કે, આપણે કેન્દ્ર સરકાર તો શું, પણ કોઇ રાજય સરકારની પણ ટીકા ન કરી શકીએ. આપણે આ કામ કરી શકીએ પણ બીજાની ટીકા કરવાનો આપણને કોઇ હકક અને અધિકાર નથી. આ પ્રસ્તાવ આવ્યો, એમાં ઘણી બાબત હતી, છતાં પણ એમાંથી સુધારા કરીને કર્યું છે. બીજા જ પેરેગ્રાફમાં લખ્યું છે કે, કેન્દ્ર સરકારની નર્મદા કન્ટ્રોલ ઓથોરિટીના પર્યાવરણ પેટા જૂથ તથા પુનઃવસન અને પુનઃસ્થાપન પેટા જૂથ દ્વારા ફેઝ-૧ના સ્પીલવે પીલર્સ પૂર્ણ ઊંચાઇ સુધીના બાંધકામ (દરવાજા ખુલ્લા રાખવાની સ્થિતિમાં) બ્રીજ તથા ગેઇટ બેસાડવાની ભલામણના આધારે નર્મદા કંટ્રોલ ઓથોરિટી મંજૂરી આપવા માટે સક્ષમ સત્તા છે. વાત કરી છે કે આ જે ઓથોરિટી છે ને એને સત્તા છે એ, એટલે આપણે આમાં કેન્દ્ર સરકારની કોઇ ટીકા કરતા નથી અને આમાં આપણે કેન્દ્ર

સરકારને કહીએ છીએ કે તમારી બનાવેલી કમિટી છે અને એમાં આપણા રાજયના પ્રતિનિધિ છે, મહારાષ્ટ્રના પણ પ્રતિનિધિ છે, બીજા પણ પ્રતિનિધિ છે. જે સ્ટેટને નર્મદા યોજના લાગુ પડે છે એ સ્ટેટના પણ આમાં પ્રતિનિધિ છે અને અંતે આપણે આ તો કેન્દ્ર સરકારની જો આપણે  ટીકા કરવી હોય તો આપણે કેન્દ્ર સરકારને રિકવેસ્ટ ના કરીએ, પણ આપણે તો કેન્દ્ર સરકારને રિકવેસ્ટ કરીએ છીએ કે આ અંગે ઘટતાં પગલાં લેવા માટે કેન્દ્ર સરકારને અનુરોધ કરવા આ સભાગૃહ ચર્ચા વિચારણા કરે. આ ઠરાવ છે એ આપણે કેન્દ્ર સરકારને અનુરોધ કરીએ છીએ. (અંતરાય) એક મિનિટ, સાંભળો, આ વિલંબના કારણે આટલું આટલું અમને નુકસાન થાય છે. (અંતરાય) એક મિનિટ, પહેલું જ તમે વાંચોને, મને ગુજરાતી આવડે છે. વિદ્યુત ઉત્પાદનમાં વાર્ષિક ૧૫૩.૩ કરોડ યુનિટની ઘટને કારણે પ્રતિ યુનિટ રૂ. ૪.૦૦ મુજબ રૂ. ૬૧૩ કરોડનું નુકસાન ગુજરાતને થાય છે. (અંતરાય) સાંભળો, એવી રીતે ચર્ચા ન થાય હું રૂલિંગ આપું છું. અરે પણ, ઉપરનું બધું વાંચી લીધું છતાંય હું કહું છું કે, મેં બધુંય વાંચી લીધું છે, આ નર્મદા કન્ટ્રોલ ઓથોરિટીને તમે કેન્દ્ર સરકાર એને વિનંતી કરે એટલી જ વાત છે. એટલે આની અંદર કેન્દ્ર સરકારની કોઇ ટીકા નથી થતી, છતાં પણ હું તમામ સભ્યશ્રીઓને કહું છું  કે આની અંદર ગમે ત્યારે ધ્યાન દોરવું હતું તો પહેલા આવીને ધ્યાન દોરાય, આ  પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. રૂલિંગ આપતાં પહેલાં કંઇ કહેવું છે તમારે? તો કહો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :  માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીએ ઉપરનો ફકરો વાંચ્યો. ફકત અમારે એ જ કહેવું છે કે, અમે એમ નથી કહેતા કે આપણે નર્મદા માટે કોઇ કામ સાથે રહીને નથી કરવું કે આપણે ત્યાં થઇને રજૂઆત નથી કરવી. આમાં એવું લખ્યું છે કે, કેન્દ્ર સરકારની મંજૂરીથી થઇ રહેલા વિલંબ,  કેન્દ્ર સરકારની એમ, એના વિલંબથી, આ લખ્યું છે. જે ફકરો એ એની અંદર માનનીય અધ્યક્ષશ્રી, જે શબ્દો લખ્યા છે. એ શબ્દો હું કહું છું. આ ફકરો છે ને છેલ્લો એ હું વાચું સાહેબ, માત્ર એ એક જ લીટી વાંચીશ.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, તમે નહિ બલવંતસિંહને કહું છું, હું રૂલીંગ આપતો હતો, છતાંય એમને મોકો આપ્યો હતો. નહિ તમારે નહિ બોલવાનું, હું રૂલીંગ આપતો હતો, તમે સાંભળો પુંજાભાઇ. હું રૂલીંગ આપતો હતો છતાંય બલવંતસિંહભાઇએ મારું ધ્યાન દોર્યું તો હું કહું છું (અંતરાય) નીતિનભાઇ બોલ્યા પછી જોયું કે કોઇએ હાથ ઊંચો કર્યો નહોતો, નહિ તો ત્યારે પણ બોલવા દેત.  ચાલો હવે નર્મદાની વાત છે એટલે આમાં હું વિવાદમાં નથી પડતો કહો. તમે આમાં હવે, પોઇન્ટ ઓફ ઓર્ડર ઊઠાવ્યો છે તેના ઉપર.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : સભ્યશ્રીએ જે પ્રસ્તાવ રજૂ કર્યો છે એની અંદર ચોથી લીટીમાં એવું કહેવામાં આવ્યું છે કે, "કેન્દ્ર સરકારની મંજૂરી મળવાની બાકી છે", કેન્દ્ર સરકારે આમાં મંજૂરી આપવાની નથી આ એક વાત, પ્રસ્તાવના છેલ્લાં ફકરાની અંદર જે કહેવામાં આવ્યું છે કે "આમ, બંધની ઊંચાઇ ૧૩૮.૬૮ મીટર સુધી વધારવાની તથા બંધના દરવાજા મૂકવા માટે મંજૂરીમાં કેન્દ્ર સરકાર દ્વારા થઇ રહેલ વિલંબને કારણે", માનનીય અધ્યક્ષશ્રી, આમાં કેન્દ્ર સરકાર આવતી જ નથી એમ આપ પણ કહો છો, આમાં નર્મદા કન્ટ્રોલ ઓથોરિટી આવે છે, ત્યારે આ પ્રસ્તાવના બે મુદ્દા છે એ કેન્દ્ર સરકારની ટીકા કરવા માટે છે એ ઉચિત જણાતું નથી એટલે આપ યોગ્ય રૂલીંગ આપો એવી અપેક્ષા છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મારે એક વાત સભાગૃહના અને આપના ધ્યાન પર મૂકવી છે કે, કેન્દ્ર સરકારની જે કમિટી છે, એમાં ભારત સરકારના જળ સંસાધન વિભાગના મંત્રી કે જેને આપણે સિંચાઇ મંત્રી કહીએ છીએ, જળ સંસાધન મંત્રીના અધ્યક્ષપણા હેઠળની આ કમિટી છે અને જળસંસાધન વિભાગના સચિવ એના સચિવ છે એ મિટિંગ બોલાવતા નથી માટે મિટિંગ નથી થતી, એટલા માટે વિલંબ થાય છે, એટલા માટે લખવું તો પડે, કેન્દ્રના મંત્રી એ કમિટીના ચેરમેન છે, હું કોઇ કમિટીનો ચેરમેન હોઉં અને હું મિટીંગ ન બોલાવું તો ગુજરાત સરકાર જ મિટીંગ નથી બોલાવતી એવું થાય, એટલે કેન્દ્ર સરકાર જ મિટીંગ બોલાવતી નથી એ સાચું જ છે, બીજું એમણે વિલંબનું કહ્યું, વિલંબ થાય છે એટલા માટે તો ઠરાવ લાવવો પડ્યો, તમે અગાઉ મંજૂરી આપી હોત તો અબજો રૂપિયાનું નુકસાન ના થયું હોત, એના માટે કેન્દ્ર સરકાર એટલી જ જવાબદાર છે,

અધ્યક્ષશ્રી :હવે નીતિનભાઇ, હું મારું રૂલીંગ આપતો હતો ત્યારે હું પણ મારી રીતે સ્પષ્ટ હતો  અને હાઉસ પણ બહુ સ્પષ્ટ રહે વિલંબ થવા માટે થઇને જે ઓથોરિટી છે એ ઓથોરિટી વહેલામાં વહેલી તકે કામ

કરે એવી આપણે કેન્દ્ર સરકારને ભલામણ કરી છે, આની અંદર પણ કેન્દ્ર સરકાર એટલે કેન્દ્ર સરકારે જ આ કમિટી બનાવી છે. કેન્દ્ર સરકાર જે કંઇ હોય તે આ અંગે સૂચના આપે વહેલું કરવા માટે અને હું જે આમાં જાણું છું ત્યાં સુધી જે સ્થળાંતરનો પ્રશ્ન છે એ પૂરો થઇ ગયો છે. બધાને જગ્યા પણ મળી ગઇ છે ડિપાર્ટમેન્ટમાંથી, એટલે એ પ્રશ્ન રહ્યો નથી. એટલે જ આપણે કેન્દ્ર સરકારને કહીએ છીએ કે તમે આ કમિટીને કહો, એ જ આપણે કેન્દ્રને ભલામણ કરીએ છીએ. તમામ સભ્યને કહું છું કે આમાં શબ્દનો અર્થ બહુ જ સ્પષ્ટ રીતે સમજી લેજો. બોલવામાં પણ ધ્યાન રાખજો. કેન્દ્ર સરકારની કે એના મંત્રીશ્રીની એક પૈસાભાર ક્યાંય ટીકા કરવાની નથી. આપણે એકવાર વિનંતી કરીએ અને ટીકા કરવી એ બન્ને કોન્ટ્રાડીક્શન છે એટલે જેટલું નુકસાન થાય, એ નુકસાન ગુજરાત સરકાર ન ભોગવે અને કેન્દ્ર સરકાર આમાં એની જે કેન્દ્રની કમિટી બનાવેલી છે એને તાત્કાલિક નિર્ણય આપવા માટે થઇને એ ભલામણ કરે એ જ આપણી વાત છે કેન્દ્ર સરકારની કોઇ ટીકા કરવાની જરૂર નથી, ફરીથી કહુ છું કે બોલનાર સભ્યો ધ્યાન રાખે કેન્દ્રની કોઇ ટીકા કરવાની નથી, એમાં રચાયેલી કમિટીની પણ ટીકા નથી કરવાની, કમિટીએ જે વિલંબ કર્યો છે એના બદલે આની તાત્કાલિક કાર્યવાહી કરી આ જે છે એ રિકવેસ્ટીંગ ફોર્મની અંદર આપણો આ ઠરાવ છે કેન્દ્રનો વિરોધ કરતો આપણો ઠરાવ નથી. માનનીય બચુભાઇ. આપનો પ્રસ્તાવ રજૂ કરો.

શ્રી બચુભાઇ મ. ખાબડ(દેવગઢબારીયા) : માનનીય અધ્યક્ષશ્રી, સરદાર સરોવર યોજના એક આંતર રાજય અને બહુહેતુક યોજના છે અને ગુજરાતની જીવાદોરી સમાન છે. નર્મદા કંટ્રોલ ઓથોરિટી દ્વારા વખતોવખત આપવામાં આવેલ મંજૂરીને ધ્યાને લઇ ડિસેમ્બર, ૨૦૦૬માં નર્મદા બંધની ઊંચાઇ ૧૨૧.૯૨ મીટર સુધી પૂર્ણ થયેલ છે. બંધના છેલ્લા તબક્કાનું ૧૨૧.૯૨ મીટરથી ૧૩૮.૬૮ મીટર સુધીની ઊંચાઇ વધારવાનું બાંધકામ પૂર્ણ કરવા માટે કેન્દ્ર સરકાર તરફથી મંજૂરી મળવાની બાકી છે.

કેન્દ્ર સરકારની નર્મદા કંટ્રોલ ઓથોરિટીના પર્યાવરણ પેટા જૂથ તથા પુનઃવસન અને પુનઃસ્થાપન પેટા જૂથ દ્વારા ફેઝ–૧ના સ્પીલવે પીલર્સ પૂર્ણ ઊંચાઇ સુધીના બાંધકામ (દરવાજા ખુલ્લા રાખવાની સ્થિતિમાં) બ્રીજ તથા ગેઇટ બેસાડવાની ભલામણના આધારે નર્મદા કંટ્રોલ ઓથોરિટી મંજૂરી આપવા માટે સક્ષમ સત્તા છે.

કેન્દ્ર સરકારની નર્મદા કંટ્રોલ ઓથોરિટીના પર્યાવરણ પેટા જૂથ દ્વારા તાઃ ૧લી એપ્રિલ,૨૦૧૦ના રોજ ઉપરોકત ફેઝ–૧ના બાંધકામને આગળ વધારવાની મંજૂરી આપવા માટે ભલામણ કરેલ છે. હવે પુનઃવસન અને પુનઃસ્થાપન પેટા જૂથ દ્વારા મંજૂરી મળેથી પૂર્ણ ઊંચાઇ સુધીનું બાંધકામ અને દરવાજા બેસાડવાની કામગીરી હાથ ધરી શકાશે.

દરવાજા મૂકવાની કામગીરીમાં પણ ત્રણ વર્ષ જેટલો સમય જાય તેમ છે. દરવાજા મૂકવાની અને ઊંચાઇ વધારવા અંગેની કામગીરી અંગે કેન્દ્ર સરકારની મંજૂરીમાં થઇ રહેલ વિલંબને કારણે ગુજરાતને નીચે દર્શાવ્યા મુજબનું નુકસાન થઇ રહેલ છે.

૧. **વિદ્યુતઃ** વિદ્યુત ઉત્પાદનમાં વાર્ષિક ૧૫૩.૩ કરોડ યુનિટની ઘટને કારણે પ્રતિ યુનિટ રૂપિયા ૪.૦૦ મુજબ રૂપિયા ૬૧૩ કરોડનું નુકસાન.

૨. **પાણીઃ** બંધની ઊંચાઇ ૧૩૮.૬૮ મીટરને બદલે ૧૨૧.૯૨ મીટરને કારણે બંધની જળ સંગ્રહ ક્ષમતામાં ૪૧૯૫ મિલિયન ઘટાડો થતા પાણીના પ્રવર્તમાન દર રૂપિયા ૩૨૮ પ્રતિ હેકટર પ્રતિ વોટરીંગ મુજબ રૂપિયા ૧૧૨ કરોડનું નુકસાન.

૩. **ખેત ઉત્પાદનઃ** રાજયમાં ૬.૮ લાખ હેકટર વિસ્તારમાં ખેત–ઉત્પાદનમાં વાર્ષિક ૮૭ લાખ ટન ઘટાડો, જે પૈકી ત્રીજા ભાગનો ઘટાડો રૂપિયા ૧૦૦૦ પ્રતિ ટનના ભાવે ગણતરીમાં લેતા વાર્ષિક રૂપિયા ૨૯૦૦ કરોડનું નુકસાન.

૪. **આઇડલ ચાર્જીસઃ** બંધના હયાત ઇજારદારશ્રીને કામ બંધ રહેવાથી ચૂકવવાના થતા વળતર પેટે વાર્ષિક રૂપિયા ૩૦ કરોડનું નુકસાન.

૫. **ભાવ વધારોઃ** વાર્ષિક ૮ ટકા પ્રમાણે પ્રવર્તમાન ભાવોમાં થતા વધારાને ધ્યાને લેતા વાર્ષિક રૂપિયા ૧૭ કરોડનું નુકસાન.

૬. **વ્યાજ ભારણઃ** યોજનાને પરિપૂર્ણ કરવા માટે લીધેલ લોન તથા સહભાગી રાજયો પાસેથી તેઓને હિસ્સો સમયસર ન મળતા વ્યાજના નાણા ભરવાના કારણે વાર્ષિક રૂપિયા ૧૧૬ કરોડનું નુકસાન.

આમ, બંધની ઊંચાઇ ૧૩૮.૬૮ મીટર સુધી વધારવાની તથા બંધના દરવાજા મૂકવા માટે મંજૂરીમાં કેન્દ્ર સરકાર દ્વારા થઇ રહેલ વિલંબને કારણે ગુજરાત રાજયને વાર્ષિક આશરે રૂપિયા ૩૭૮૮ કરોડનું એટલે કે પ્રતિદિન આશરે રૂપિયા ૧૦.૩૮ કરોડનો વધારાનો બોજો સહન કરવાનો થાય છે.

આમ, કેન્દ્ર સરકારની નર્મદા કંટ્રોલ ઓથોરિટીના પુનઃવસન અને પુનઃસ્થાપન પેટા જૂથ દ્વારા ઊંચાઇ વધારવા માટેની ભલામણ અને તે સંદર્ભમાં નર્મદા કંટ્રોલ ઓથોરિટીની બેઠક તાત્કાલિક બોલાવી ડેમ પર દરવાજા મૂકવા સહિતની બાકી બાંધકામની કામગીરી વિના વિલંબે ચાલુ કરી શકાય તે માટેની મંજૂરી મેળવવા માટે ઘટતા પગલાં લેવા કેન્દ્ર સરકારને અનુરોધ કરવા આ સભાગૃહ ચર્ચા વિચારણા કરે.

અધ્યક્ષશ્રી : માનનીય બચુભાઇ, આપે આ જે ઠરાવ વાંચ્યો એના અંગે આપે એમાં કાંઇ કહેવાનું છે? જો કે આપ બહુ સ્પષ્ટ રીતે આ ઠરાવ વાંચી ગયા છો. આપે એમાં કાંઇ સ્પષ્ટતા કરવી હોય તો કરી શકો છો.

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, મેં આ જે પ્રસ્તાવ રજૂ કર્યા છે એના અનુસંધાનમાં મારે કેટલાક મારા વિચારો રજૂ કરવા છે જે રજૂ કરવાની આપની અનુમતિ માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રસ્તાવમાં ૧૧ જેટલી બાબતોનો ઉલ્લેખ કર્યો છે, •(xxxxxx) કેન્દ્ર સરકારનો કોઇ સહકાર મળતો નથી અને આ સરદાર સરોવર યોજના માટે બધા જ પ્રશ્નો આજ સુધી અનિર્ણિત છે. આ સરદાર સરોવર યોજના આંતર રાજય બહુહેતુક, મોટી, ચાર રાજયો ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન માટેની ગુજરાતની જીવાદોરી સમાન અને નર્મદા કંટ્રોલ ઓથોરિટી દ્વારા વખતોવખત આપવામાં આવેલી મંજૂરીને આધીન બંધની ઊંચાઇ ૮ મી માર્ચ ૨૦૦૬ના રોજ એને મંજૂરી આપી હતી અને ડિસેમ્બર, ૨૦૦૬ માં આ નર્મદાની ઊંચાઇ ૧૨૧.૯૨ મિટર સુધીની આપણે પૂર્ણ કરી છે. બંધની છેલ્લા તબકકાની ૧૨૧.૯૨ મિટરથી ૧૩૮.૬૮ મિટર બાંધકામ કરવાની મંજૂરી નર્મદા કંટ્રોલ ઓથોરિટીની આપવાની બાકી છે. આ સરદાર સરોવર યોજનાનો દેશના તત્કાલીન વડાપ્રધાનશ્રીના વરદ્ હસ્તે શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. એ જ અરસામાં ભાખરા નાંગલ ડેમનો પંજાબમાં પણ શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. તો એ ભાખરા નાંગલ બંધ એ તો વર્ષો પહેલાં પૂર્ણ થઇ ગયો છે, પરંતુ આ ડેમ આજે ૫૩ વર્ષ થયા છતાં પણ આ યોજના પરિપૂર્ણ થઇ નથી કારણકે એની અંદર એનું નામ (xxxxxx) અને એની ઊંચાઇ મેળવવા માટે...

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દો હું કાઢી નાંખું છું. આપણે કોઇ વિવાદાસ્પદ વાત કરવી નથી.

શ્રી બચુભાઇ મ. ખાબડ : આ ડેમનું કામ પરિપૂર્ણ કરવા માટે અને એની ઊંચાઇ વધારવા માટે આ રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી જેવા તપસ્વી પુરૂષને ૭૨-૭૨ કલાકના ઉપવાસ ઉપર બેસવું પડે છે.(અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી બચુભાઇ નર્મદા યોજનાની ચિંતા કરતો જે ઠરાવ લઇને આવયા છે, કદાચ જો આવો જ ઠરાવ છેલ્લા દિવસનો પ્રસ્તાવ કદાચ ગુજરાત સરકારને તેમણે કર્યો હોત તો મને આનંદ થાત. મારે આપશ્રીનું ધ્યાન દોરવું છે કે માત્ર ૬ કરોડ રૂપિયાની યોજના કોંગ્રેસના જે તે વખતના નેતાશ્રીએ ગુજરાત નંદનવન બને, ગુજરાત આગળ વધે (અંતરાય) ત્યારથી માંડીને આજ દિવસ સુધી કોંગ્રેસે જયાં જયાં જરૂર પડી ત્યાં આગળ નર્મદા માટે જે ભોગ આપવો પડે તે કોંગ્રેસે આપ્યો છે. મારે એ પણ ધ્યાન દોરવું છે કે...(અંતરાય)

અધ્યક્ષશ્રી : જેઠાભાઇ, આપ વચ્ચે ના બોલો.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહની કાર્યવાહીમાંથી કાઢી નાખવામાં આવ્યા.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : મારે એ કહેવું છે કે આ સરકારમાં એમ કહેવામાં આવ્યું કે અમે ૨૦૦૫ માં આ નર્મદા યોજના પૂરી કરીશું. તો આજે હું છાતી ઠોકીને પેપર ઉપર કહી શકું તેમ છું કે મને હમણાં હમણાં જ પ્રશ્નોત્તરીમાં સરકારે જવાબ આપ્યો છે કે ૩૩ જણાના પુનઃવસવાટ બીજા રાજ્યોએ પૂર્ણ ના કર્યા એના કારણે આ વિલંબ થયેલ છે અને એ વાસ્તવિકતા છે. હમણાં જ મને આ રીતનો જવાબ આપ્યો છે. મારે કહેવું છે કે જે યોજના ૨૦૦૫માં ભારતીય જનતા પાર્ટીએ એમ કહ્યું હતું કે અમે પૂરી કરીશું, ૧૮ લાખ હેકટરને પાણી આપીશું , કદાચ આ વાત એમણે પૂરી કરી હોત તો અમને ગૌરવ થાત. આજે પરિસ્થિતનું નિર્માણ છે એ પ્રમાણે થઇ રહ્યું છે કે નર્મદા યોજનાની વાસ્તવિકતા એ છે કે ગુજરાત સરકારને એની ચિંતા હોત તો છેલ્લા દસ વર્ષના આંકડા તપાસી શકો છો, કે નવ નવ હજાર કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે અને ત્રણ ત્રણ હજાર કરોડ રૂપિયાનું વ્યાજ જાય, માત્ર કામ ૨૫૦૦ કરોડ કે ત્રણ હજાર કરોડનું જ થાય છે. આજે ૬૭ ટકાથી વધારે ગુજરાત સરકારે જે બજેટમાં ફાળવેલા તે પૈસા પણ આજ સુધી ફાળવ્યા નથી.

અધ્યક્ષશ્રી : માનનીય બલવંતસિંહ, જેમ કેન્દ્રની ટીકા ન કરાય એમ તમે કેન્દ્રના વખાણ કરશો, તો પાછા તેઓ જવાબ આપશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું કેન્દ્રના વખાણ નથી કરતો, પણ આ તો જે નુકસાનીના આંકડા એમણે ગણાવ્યા, એટલે મારે આ આંકડા નુકસાનીના ગણાવવા પડે છે. મારું એટલું જ કહેવું છે કે આજે જે પદ્ધતિથી નર્મદા યોજનાના નુકસાનીના આંકડા ગણાવ્યા છે એ પ્રમાણેની પદ્ધતિની જ હું વાત કરું છું. આજે મેં મારા પહેલા પ્રવચનમાં શરૂઆતમાં જ એમ કહ્યું છે કે નર્મદા યોજના અમારી યોજના છે. આપણી ગુજરાતની યોજના છે આપણા સૌની સર્વોપરી યોજના છે. એમાં આજે અમારો ટેકો છે, કાલે પણ ટેકો રહેવાનો છે. તમે જે રીતે કહો તે રીતે અમે તમારી સાથે છીએ, માત્ર મારે એ વાત કરવી છે કે જયારે કેન્દ્રની વાત કરે છે એટલે કહું છું કે આ યોજનામાં સૌથી મોટી વાત એ સમજવા જેવી છે કે આપણે નર્મદાની વાત કરીએ છીએ, દરવાજા મૂકવાની વાત કરીએ છીએ, આજે અમે પણ ઇચ્છીએ છીએ કે દરવાજા મૂકાય, પણ એ દરવાજા કયારે મૂકાય કે જયારે ચારેય રાજયોનું પુનઃવસનનું કામ પૂર્ણ થાય, એ કામ પૂર્ણ કરવામાં આવે અને તેનું સર્ટિફિકેટ મળે ત્યારે મિટીંગ બોલાવવામાં આવે, ગુજરાત સરકારે હમણાં પૂરું કર્યું છે. અને બીજા રાજયોનું આજે પણ બાકી છે. મારું કહેવું છે કે મધ્યપ્રદેશમાં આપની સરકાર છે, આપને જો આટલી બધી ચિંતા નર્મદાની હોય તો મધ્યપ્રદેશને જઇને કહો કે આ કામ જલદીમાં જલદી પૂર્ણ કરે. રાજસ્થાનમાં પણ આપની સરકાર છે, રાજસ્થાનમાં જઇને કહે અને એ કામ પૂર્ણ થાય તો જ આ ઓથોરિટી છે તે દરવાજાની મંજૂરી આપે. મારે કહેવું છે કે આ ઓથોરિટીમાં દરવાજા મૂકાય, માનનીય અધ્યક્ષશ્રી, દરવાજા જયારે મૂકાય ત્યારે માત્ર અને માત્ર વીજળી આપણને વધારે ઉત્પન્ન થવાની છે. આજે મારે ધ્યાન દોરવું છે સરકારનું કે આજે નહેરોના કામો બાકી છે તેના કારણે...

અધ્યક્ષશ્રી : કોઇએ નથી બોલવાનું, મને ખબર પડે છે કે કયારે પોઇન્ટ ઓફ ઓર્ડર આવે, નહેરના કામો થાય કે ન થાય, દરવાજાના કામ થાય અને નુકસાની ન થાય એટલી જ વાત છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત: માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત સમજો સાહેબ, હું એક શબ્દ આઘોપાછો નહીં બોલું, મારો કહેવાનો ભાવાર્થ એટલો જ છે કે આજે આની પાછળ હિસાબ આપ્યો કે આટલું નુકસાન થયું, મારે એ કહેવું છે કે ખરેખર આ નર્મદા યોજનામાં જે નુકસાન થયું છે એ ગુજરાત સરકારના કારણે થયું છે, એમના વહીવટના કારણે થયું છે, નહેરોના કામ પૂરાં નથી થયા તેના માટે થયું છે. આજે પરિસ્થિતિનું જે નિર્માણ થયું છે તે આ સ્થિતિમાં છે. છેલ્લી સાહેબ મારી વાત એટલી જ છે.

અધ્યક્ષશ્રી : બસ, દસ મિનિટ થઇ ગઇ તમારી. આજે ૧ કલાકની ચર્ચા છે, છ જણા ભાગ લે એટલે બધાને સરખો સમય આપવો પડે.

શ્રી મોહનભાઇ ક. કુંડારિયા(ટંકારા): માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહના સભ્ય માનનીય બચુભાઇ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું. મારે એ વાત કરવી છે કે અત્યારે આ કેન્દ્રમાં છેલ્લી જે આપણે કામ પૂર્ણ કર્યું ડિસેમ્બર–૨૦૦૬ માં, આ ડેમની ટોટલ ઊંચાઇ ૧૩૮ મિટર, અને એ પૂર્ણ થાય એટલે ૪.૭૫ મિલિયન એકર ફીટ એમાં પાણી સમાવાનું છે. અત્યારે ફકત ૨૬ ટકા પાણી છે.

મારે આગળ એ વાત કરવી છે કે આ કેન્દ્ર સરકારની નર્મદા કન્ટ્રોલ ઓથોરિટી, તેની પર્યાવરણ સમિતિ છે, એ સમિતિએ સમીક્ષા અહેવાલ તૈયાર કરીને તા. ૧-૪-૨૦૧૦ ના ફેઝ નંબર ૧ ના બાંધકામને આગળ વધારવા માટેની સંમતિ આપી છે. ત્યાંથી આગળ વધીને પુનઃવસન અને પુનઃસ્થાપન માટેની કેન્દ્ર સરકારની કમિટી છે, એના વડા કેન્દ્ર સરકારના સમાજ કલ્યાણ વિભાગના સચિવ, એણે પણ સમીક્ષા કરી લીધી, એણે પણ અહેવાલ આપી દીધો. એનાથી આગળ વધીને સી.આર. સી.ની બેઠક બોલાવવા માટે ગુજરાત સરકારના મુખ્ય સચિવે તા. ૧૭-૭-૨૦૧૩ના રોજ પત્ર લખ્યો કે તમે સી.આર. સી.ની બેઠક જલદી બોલાવીને દરવાજા ચડાવવાની મંજૂરી આપો. એનાથી આગળ વધીને ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીએ તા. ૭-૯-૨૦૧૩ના પત્રથી વડાપ્રધાનને પણ જાણ કરવામાં આવી છે કે તમે અમને જલદી મંજૂરી આપો. મારે ખાસ એ વાત કરવી છે કે આ કેન્દ્ર સરકારના જળ સંપત્તિ વિભાગના સચિવશ્રીએ તારીખ ૩-૨-૨૦૧૪ના રોજ પત્ર લખ્યો કે આની સમિતિનો અહેવાલ અમને મળ્યો નથી. મારે એટલી જ વાત કરવી છે કે ઓથોરિટી હોય કે પેટા જૂથ સમિતિ હોય કે જળ સંગ્રહ કમિટી હોય. આ કેન્દ્ર સરકારની ત્રણ દીકરીઓ છે. એની પાસેથી એ અહેવાલ માગી શકે. મારે એટલું જ કહેવું છે કે આ ગુજરાતની જેને તમે જીવાદોરી કહો છો, પરંતુ એનાથી આગળ વધીને કહેવા માગું છું કે સૌરાષ્ટ્રના ખેડૂતોની ભાગ્યરેખા છે. આ બ્રાન્ચ કેનાલ હોય કે પેટા કેનાલ હોય કે પેટા શાખા હોય, પરંતુ આ સૌરાષ્ટ્રના ખેડૂતોની ભાગ્યરેખા છે. અગિયાર વર્ષથી એમ કહે કે અમે તમારી સાથે છીએ. ૨૧ મહિનાથી કમિટી નથી બોલાવી, તો લાગતા વળગતાને કહો કે કમિટી તો બોલાવો. ૨૧ મહિના થયા કમિટી નથી બોલાવી.

ખાસ કરીને કેનાલની વાત હમણાં થતી હતી. સૌરાષ્ટ્રની અંદર શાખા નહેરો ૩૮ નીકળે છે, એક કચ્છની શાખા નહેર છે, એ પણ ૨૦૧૫-૧૬માં પૂર્ણ થશે. સૌરાષ્ટ્ર શાખા નહેરની વાત કરીએ તો કડીથી જે નીકળે છે એનું કામ ૧૦૪ કિલોમીટર પૂરું થઇ ગયું છે. એમાં ખેડૂતોને હાલમાં પાણી પણ આપવામાં આવે છે. સૌરાષ્ટ્ર શાખા નહેરમાંથી પેટા શાખા નહેર સાત નીકળે છે, એમાંથી ત્રણના કામ પૂર્ણ થઇ ગયા છે અને એમાં પાણી વહી રહ્યું છે. ચારના કામ છે એ ટૂંક સમયમાં પૂરા થશે.

ખાસ કરીને આ યોજનાની બીજી આગળ વાત કરવી છે. આ યોજના એ પ્રવાસન ધામ છે, આ નર્મદા બંધને જોવા માટે વિઝિટ લેવા માટે લોકો, પ્રવાસીઓ આવે છે એની મારે વાત કરવી છે. ૨૦૦૬માં ૫ લાખ ૨૮ હજાર પ્રવાસીઓ આવ્યા હતા. છેલ્લા વર્ષે ૯,૨૯,૮૨૭ લોકોએ પ્રવાસ કર્યો હતો. ત્યાં આપણે સ્ટેચ્યુ ઓફ યુનિટી કરવાનું છે. જે સરદાર સાહેબની મારે વાત કરવી છે. આજે તો ભારતમાં કાશ્મીરથી કન્યાકુમારી અને જેસલમેરથી નાગાલેન્ડ સુધી એક ભારત હોય તો આ શ્રેષ્ઠ ભારતના પ્રણેતા સરદાર સાહેબ હતા. એના કારણે આપણે આજે છીએ. એથી આગળ મારે વાત કરવી છે સરદાર સાહેબ ઝઝૂમતા રહ્યા છે. મહારાણા પ્રતાપને પોતાના નડયા છે, એ જ રીતે સરદાર સાહેબને પોતાના જ નડયા છે અને એને કાયમી ઝઝૂમવું પડયું છે. તેથી સર્વાનુમતે આ ઠરાવ પસાર થાય તેવી મારી વિનંતી છે.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ(ઉધના): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બલવંતસિંહ હવામાં વાતો કરતા હતા, મને લાગે છે કે એમને સમજાવવા પ્રયત્ન કરે છે, પરંતુ આમાંથી તમારી વાત કોઇ સમજે તેમ નથી. દસ મિનિટમાં એમને નર્મદાની વાત સમજાવવી મુશ્કેલ છે. મારે એક વાત કહેવી છે કે તમે ગુજરાતના છો, આપણે ગુજરાતીઓ છીએ અને ગુજરાતના હિતમાં નર્મદા યોજનાની વાત કરવા આપણે એકઠા થયા છીએ. આખી દરખાસ્ત આવી છે, એને આપણે સર્વાનુમતે મંજૂર કરવાની વાત થઇ ત્યારે તમે એવો પ્રયત્ન કરો છો કે અમે આમાં ટીકા ટિપ્પણ કરવાના છો, પણ ટીકા ટિપ્પણ થાય એવું હોય તો જ ટીકા ટિપ્પણ થાય.

મારે ધ્યાન દોરવું છે કે, મહાભારતમાં દ્રૌપદી વસ્ત્રાહરણ જોયું હોય તો એ પ્રમાણે સમજતા હોય તો આજે નર્મદાનું વસ્ત્રાહરણ થઇ રહ્યું છે, અને ખૂબ જ ખરાબ રીતે આ ગુજરાતમાં ચાલી રહ્યું છે. મારે એટલા માટે કહેવું છે કે, આ દરવાજા મૂકવાની બાબતે કઇ ટેકનોલોજી છે? મને હિન્દુસ્તાનનો કોઇ એન્જિનિયર સમજાવે કે, ત્રણ વર્ષ સુધી દરવાજા મૂકાય તો ડૂબાણમાં જગ્યા જાય, ત્રણ વર્ષ સુધી પર્યાવરણ બગડે, એમાં એક ઇંચ પાણી ન ભરાય. ચારણીમાં પાણી ભરીને જોઇ જુઓ, એમાં પાણી ભરાય છે? પાણી ન ભરાય. ૫૦

ફૂટ સુધીના દરવાજા મૂકાય અને એમાં ત્રણ વર્ષ સુધી જો પાણી સ્ટોરેજ ન થાય તો કયું પર્યાવરણને નુકસાન થાય છે? ક્યા ગામડા ડૂબાણમાં જાય છે? જ્યારે પર્યાવરણ વિભાગનું કલીયરન્સ મળ્યું છે ત્યારે શું વાંધો છે?

અધ્યક્ષશ્રી : નરોત્તમભાઇનું કોઇ નથી સાંભળતા. સભ્યશ્રીને અધિકાર છે, તેઓ પોતાની વાત રજૂ કરી શ કે છે. મહેરબાની કરીને શાંતિ રાખો. પ્લીઝ..

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ દરવાજા મૂકવાથી કોઇ દબાણ કે ડૂબાણમાં જાય એવી સ્થિતિ નથી. ઊંઘતો બોલે પણ જાગતો ન બોલે. એમ આજની કેન્દ્ર સરકારમાં નર્મદા ઓથોરિટી બોલતી નથી. મારે બલવંતસિંહને એ કહેવું છે કે, આ યોજનાને ૫૦ વર્ષ નથી થયા. આ યોજનાને ૬૭ વર્ષ થયા છે. ૧૯૪૬માં આ યોજનાનો જન્મ થયો છે. દસ વર્ષ તો વિવાદમાં ગયાં અને જ્યારે ગુજરાત સરકારે એ વખતે એક ઓથોરિટીની રચના કરવાની વાત કરી તો દસ વર્ષે ઓથોરિટી નિર્ણય કરી શકી કે આની ઊંચાઇ કેટલી રાખવી? ૨૮ મિલિયન હેક્ટર ફિટ પાણી એમાં હતું. આપણે એમાંથી ૧૭ મિલિયન હેક્ટર ફિટ પાણી લેવાનું હતું. ગુજરાતે ૧૭.૫૫ મિલિયન હેક્ટર ફિટ પાણી માગ્યું. ગુજરાતને નબળાની વહુની જેમ ઉપયોગ કર્યો છે. ૧૭.૫૫ મિલિયન હેક્ટર ફિટ પાણીના બદલે એ વખતની નબળી સરકારે ૯ મિલિયન હેક્ટર ફિટ પાણીનો સ્વીકાર કર્યો છે. ખોસલા પંચે ૫૦૦ ફૂટ હાઇટની માગણી કરી, તો ૪૫૫ ફૂટની હાઇટે પૂરું કર્યું. એ પણ સ્વીકાર્યું. આજે આની અંદર બાંધકામ કરી શકતા નથી. એવી વાત સામેના મિત્રો કરે છે. ગુજરાત સરકારની કેપેસિટી એમણે જોઇ છે. જ્યારે ડેમની હાઇટ ૧૧૦ મિટરની હાઇટથી ૧૨૧ મિટરની હાઇટ માટે મંજૂરી આવી, ત્યારે વીધીન નો ટાઇમ આ સરકારે ડેમ બાંધી દીધો હતો. આજે ૨૦૦૬ની સાલથી આ લોકો આપણને સમજાવે છે કે, કેન્દ્રની ટીકા ન કરો. (અંતરાય) છ વર્ષથી તમે દરવાજા મૂકવા દેતા નથી અને છતાં કેન્દ્ર સરકારનું રક્ષણ કરો છો. તમે એમ કહેતા નથી કે, આપણે કેન્દ્ર સરકારને કહેવા જઇએ અને આવી રીતે સહકાર આપી શકાય નહીં અને નર્મદાના બજેટમાં હા પાડો છો એનો અર્થ એવો નથી કે તમે સહકાર આપો છો. •(xxxxxx) તેવી સ્થિતિમાં છો જ નહીં.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બચુભાઇ ખાબડ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર અને જ્યારથી આ સરકારનું નેતૃત્વ નરેન્દ્રભાઇ મોદી સંભાળે છે ત્યારથી લઇને આજ સુધી નર્મદા યોજનાને લાગે વળગે છે, ત્યાં સુધી આ ગૃહની અંદર અને આ ગૃહની બહાર જયારે જયારે પણ કંઇ ચર્ચા કરવાની આવે છે ત્યારે આ રાજય સરકારે કોંગ્રેસ પક્ષની અને કેન્દ્ર સરકારની સીધી યા આડકતરી રીતે ટીકા થાય એ જ ધ્યાનમાં રાખીને માનસિકતા ધરાવે છે એને હું સખત શબ્દોમાં વખોડી કાઢું છું. આ પ્રસ્તાવની પાછળ આપે પણ સ્વીકાર્યુ કે નર્મદા કંટ્રોલ ઓથોરિટીને અધિકાર છે. માનનીય બચુભાઇ બાખડે પણ કીધું છે કે નર્મદા કંટ્રોલ ઓથોરિટીને અધિકાર છે, છતાં (xxxxxx) માટેની જે વાત કરે છે એ કોઇપણ સંજોગોની અંદર ઉચિત નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે આ પ્રસ્તાવ ઉપર આવી જાવ, એમાં એવી કોઇ વાત નથી (અંતરાય) બહાર જે વાત થતી હોય એ અહીં કરવાની જરૂર નથી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : કેન્દ્ર સરકારના નામે વાત કરે છે એટલા માટે કહું છું.

અધ્યક્ષશ્રી : કોઇ એવું બોલ્યું નથી. કેન્દ્ર સરકારની કોઇએ ટીકા નથી કરી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ: નર્મદા કંટ્રોલ ઓથોરિટી દરવાજા મૂકવા માટેની વાત કરી છે. માનનીય બલવંતસિંહે જે વાત કરી છે એ વાતને હું દોહરાવીશ નહીં. દરવાજા મૂકવાને લાગે વળગે છે ત્યાં સુધી દરવાજા મૂકાયા પછી નર્મદાની અંદર જે પાણી એકત્રિત થવાનું છે એ પાણીમાંથી વીજળી પેદા થવાની છે અને જયારે જયારે પાણીની ઘટ થાય ત્યારે આ દરવાજાનો ઉપયોગ કરવાનો થાય છે. મારે એ કહેવું છે કે આ ન થવાને કારણે રાજયને એટલું નુકસાન થાય છે ત્યારે હું અમુક બાબતોની વિગતો આપના મારફત આ સભાગૃહ સમક્ષ મૂકવા માગુ છું. ચોમાસા દરમિયાન જે પાણી નર્મદાની અંદર આવે છે, પૂરનું પાણી જે આવે છે વરસાદની

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહની કાર્યવાહીમાંથી કાઢી નાખવામાં આવ્યા.

સીઝનમાં અન્ય ભાગોમાં લઈ જવાના અન્ય રાજયોના પણ પાણી લઈ જવાની છૂટ છે, હોવા છતાં, વરસાદનું પાણી દરીયામાં વહી જાય છે એમાંથી ત્રણ મિલિયન એકર ફૂટ પાણી ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છમાં વાળવાની સદંતર બેદરકારી બદલ ભા.જ.પ. સરકાર છે એ (xxxxxx) એનું મને દુઃખ છે.

અધ્યક્ષશ્રી : એ શબ્દો કાઢી નાખો, (xxxxxx) પછી સાંભળવાની ત્રેવડ રાખો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : હા, હું પછી સાંભળવા બેસીશ. હું સાંભળવા માટે બેસીશ માનનીય અધ્યક્ષશ્રી.

અધ્યક્ષશ્રી : કેન્દ્ર સરકારની વાત કરી છે, આવા કોઈ શબ્દો બોલવાની જરૂર નથી. (અંતરાય)

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, નુકસાન જાય છે એની હું વાત કરું છું. નુકસાનીની જે વાત કરી છે એની વાત કરું છું.

અધ્યક્ષશ્રી : તમને હજીએ નર્મદા વિશે પૂરી માહિતી નથી આપી. બોલો એક મિલિયન એકર ફૂટનું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ: માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ લાખ કયુસેક પાણી વીસ દિવસની અંદર વહી જાય તો અગિયાર લાખ કરોડ લીટર પાણીનો બચાવ થઈ શકે. બચુભાઈએ એમ વાત કરી કે ખેતીના ઉત્પાદનની અંદર ઘટાડો થાય છે, એટલે આટલું નુકસાન થાય છે. વર્ષ ૨૦૧૦-૧૧ની અંદર મુખ્ય નહેરની અંદર ૪૫૫૫ મીટર કયુસેક પાણી છોડવામાં આવ્યું. વહી ગયું ૪૫ ટકા પાણી એનો હિસાબ નથી. ૫૦૦ કરોડ રૂપિયાની આ રાજયની પ્રજાને ખોટ ગઈ છે. ૨૦૧૧-૧૨ના વર્ષની અંદર ૭૫૧૩ મીટર કયુસેક પાણી નર્મદાની નહેરમાં વહાવવામાં આવ્યું. રાજય સરકાર પાસે એનો હિસાબ નથી. ૭૦૦ કરોડનું નુકસાન થયું. વર્ષ ૨૦૧૨-૧૩માં ૮૪૭૦ મીટર કયુસેક પાણી છોડવામાં આવ્યું. નર્મદાની મુખ્ય કેનાલમાં, ૫૮ ટકા પાણી છોડયું. ૧૨૦૦ કરોડની નુકસાની થઈ છે. આનો હજી આજની તારીખે તમે હિસાબ પણ નથી આપતા. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, આ તમે ગુજરાત રાજયની બધી ખામીઓ કાઢો છો, આ ખામીનો પ્રસ્તાવ જ નથી. તમે જે બધું બોલ્યા છો આટલાનો હિસાબ નથી, આટલું પાણી આમ ગયું, આટલું પાણી આમ ગયું, એને અને પ્રસ્તાવને કંઈ લાગે વળગે નહીં. આ નર્મદા બાબતની સમસ્ત ચર્ચા નથી થતી, અહીં જે પ્રસ્તાવ રજૂ થયો છે એટલા પૂરતું જ બોલો, એની અંદર આવું કંઈ નથી. (અંતરાય)

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રસ્તાવની અંદર બચુભાઈ ખાબડે એમ કીધું છે કે મંજૂરી ન મળવાને કારણે રાજયને આટલું નુકસાન થાય છે એની સામે હું એમ કહેવા માગુ છું કે આ રાજય સરકારની બેદરકારીને કારણે, નિષ્ફળતાઓને કારણે રાજયને આટલું નુકસાન થયું છે એ વાત હું કહેવા માગુ છું. એ રેકર્ડ ઉપર મૂકું છું. (અંતરાય) (સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : એટલે તમે આ નુકસાન માન્ય નથી રાખતા ને? (અંતરાય)

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી,એમની નિષ્ફળતાને કારણે થયું છે. હું આજે પણ કહું છું હજી કે નર્મદા યોજનાને લાગે વળગે છે ત્યાં સુધી મહેરબાની કરીને (xxxxxx) બંધ કરો. (અંતરાય) મનમાની કરીને (xxxxxx) બંધ કરો. અમે તમારી સાથે છીએ.

**અધ્યક્ષશ્રી :** •(xxxxxx) એ શબ્દો કાઢી નાખું છું. પુંજાભાઇ, હજી બોલવામાં સંયમ રાખો.

**શ્રી પુંજાભાઇ ભી. વંશ :** આ ગૃહે સર્વાનુમતે નર્મદા માટે ઠરાવ કર્યો છે પણ તમારી (xxxxxx) (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** (xxxxxx) એ શબ્દો કાઢી નાખું છું. (અંતરાય) પુંજાભાઇ, તમે સિનિયર સભ્ય છો અને આ હાઉસમાં કયા શબ્દો બોલવા અને કયા ન બોલવા એ ખબર છે. હાથે કરીને આ હાઉસ ગરમી પકડે એવુ કંઈ બોલવાની જરૂર નથી. હજી કહુ છું કે જે પ્રસ્તાવ મૂકાયો છે એ અંગે તમે આમાંથી કાંઈ બોલ્યા નથી. તમારા તમામ શબ્દો કદાચ કાઢી નાખવા પડશે એના કરતાં તમે હજી પ્રસ્તાવ ઉપર આવો અને બોલો.

**શ્રી પુંજાભાઇ ભી. વંશ :** પ્રસ્તાવની અંદર સ્વયંસ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે નર્મદા કન્ટ્રોલ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહની કાર્યવાહીમાંથી કાઢી નાખવામાં આવ્યા.

ઓથોરિટીએ આ મંજૂરી આપવાની થાય છે અને આ સભાગૃહમાં અનુરોધ કરવા માટે પ્રસ્તાવ લઇને આવ્યા છે ત્યારે આ સભાગૃહમાં આપના માધ્યમથી શાસક પક્ષને વિનંતી કરું છું કે કેન્દ્ર સરકારની જગ્યાએ નર્મદા કન્ટ્રોલ ઓથોરિટી વહેલામાં વહેલી તકે મિટિંગ બોલાવે અને એનો નિર્ણય કરે એમ કરો એમાં અમે સંપૂર્ણપણે સહકાર આપવા તૈયાર છીએ.

**અધ્યક્ષશ્રી :** પ્રસ્તાવ આ જ છે, તમે વાંચ્યો નથી.

**શ્રી પુંજાભાઇ ભી. વંશ :** કેન્દ્ર સરકારની વાત કાઢી નાખો.

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (નર્મદા વિકાસ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, રાજકારણમાં અને જાહેર જીવનમાં અનેક રીતના લોકો જોયા છે. બધા જોયા છે પણ ભર્યા તળાવમાંથી કોરા નીકળે એવા (xxxxxx) (અંતરાય) મેં એમને નથી કહ્યું.

અધ્યક્ષશ્રી : પુંજાભાઇ બોલતા હતા ત્યારે ઉભા થવું હતું ને?

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** મેં તમને કહ્યું જ નથી. તમે એવા ક્યાં છો? મેં ક્યાં એમ કહ્યું છે કે તમે (xxxxxx)

**અધ્યક્ષશ્રી :** બધા બંધ બેસતી પાઘડી માથે ન લઇ લે. તમે શાંતિથી સાંભળો. અસંસદીય શબ્દો હશે તો કાઢી નાખીશ.

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** જ્યારે રાષ્ટ્રીય હિત હોય અને રાજ્યનું હિત હોય ત્યારે સ્વભાવિક છે કે આપણી પરંપરા છે કે આપણે રાજકારણ હંમેશાં બાજુમાં રાખ્યું છે. હું પણ ઘણા સમયથી આ ગૃહમાં છું અને ઘણી વખત નર્મદાના પ્રસ્તાવો આવ્યા છે. નાની મોટી નોક–ઝોક થાય, ટીકા–ટિપ્પણ થાય એમાં સંમત છું. પણ છેલ્લે જે પ્રસ્તાવ મૂકાયો હોય એને મંજૂરી આપવા માટે સર્વાનુમતે આપણે ઠરાવ કરતા હોઇએ છીએ. માનનીય સ્વ. ચીમનભાઇ પટેલ જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે મેધા પાટકરે આંદોલન ઊભું કરેલું અને એ વખતે આપણે બધા ગુજરાતીઓએ, ગુજરાત સરકારે જ્યારે આહ્વાન કર્યું કે ફેરકૂવા માટે કેવડિયા આખું ગુજરાત ઉમટી પડે અને આ નર્મદા વિરોધીઓને આપણે ગુજરાતમાં પેસવા દેવા નથી. એમને ગુજરાતની શક્તિનો પ્રભાવ બતાવો અને આપણી ગુજરાતની સંઘ શક્તિ બતાવવાની છે. મને યાદ છે કે ચીમનભાઇની સરકાર હતી એ વખતે આખું ગુજરાત સરકારના આહ્વાનને માન આપી ફેરકૂવા આવેલું. ત્યારે આ તો એક ઠરાવ કરીએ છીએ, એક અનુમોદન કરીએ છીએ છતાં પણ કેટલા બધા વાંધા વચકા અને •(xxxxxx) એ દેખાઇ આવે છે.

**અધ્યક્ષશ્રી :** તમારી પાસે પેટના દુઃખાવા માટેની દવા છે એ બતાવો.

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** દવા તો ૨૦૧૪માં એવી કરવી છે કે આવો ઠરાવ જ ન લાવવો પડે. ત્યાં જઇને ઠરાવ લઇ પાછા આવીએ એવી દવા મારી પાસે છે.

**અધ્યક્ષશ્રી :** પેટમાં હવા છે કે નહીં એ નથી પૂછતો, દવાનું પૂછું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, આપણી બિલકુલ સાદી વાત છે, આને કોઇ રાજકીય આટાપાટા, કોઇ વિઘ્નતાભર્યા ભાષણો કે એને કોઇ ગૂંચવવાની આમાં જરૂર નથી. માનનીય દંડકશ્રી બળવંતસિંહે એમ કહ્યું કે, રાજસ્થાનમાં પણ પુન:સ્થાપનનું કામ થઇ ચૂક્યું છે. હવે અહીં મારે એમને નમ્ર ધ્યાન ઉપર મૂકવું છે કે, રાજસ્થાનમાં તો નર્મદાની નદીની એક નાની અડધાની પાઇપલાઇન નથી જતી. નર્મદા નદીનું (અંતરાય) સાહેબ, સાંભળો, સાંભળો, તમે રેકર્ડ કાઢીને જોજો. તમે ભૂલી ગયા હશો. (અંતરાય) આ પુન:સ્થાપનનું કામ ગુજરાત, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં કરવાનું છે. સુપ્રીમ કોર્ટે જ્યારે નર્મદાનો ચુકાદો આપ્યો ત્યારે તા.૧૮–૧૦–૨૦૦૦માં સુપ્રીમકોર્ટે સ્પષ્ટ કર્યું હતું અને સુપ્રીમકોર્ટે જે કમિટીઓ બનાવી એમાં સુપ્રીમ કમિટી રાખી એ નર્મદા કંટ્રોલ ઓથોરિટી રાખી, એની સાથે પર્યાવરણ પેટાજૂથ એટલે કે નર્મદા યોજનાથી પર્યાવરણ ઉપર શું અસર થાય છે એના તપાસવા માટે નિષ્ણાતોની એક કમિટી અને હાઇકોર્ટના નિવૃત્ત જજો વિગેરેને કેન્દ્ર સરકારે અને સુપ્રીમ કોર્ટે કમિટીમાં મૂકેલા છે એવી જ રીતે

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહની કાર્યવાહીમાંથી કાઢી નાખવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, પર્યાવરણ જૂથની સાથે સાથે સુપ્રીમ કોર્ટે બીજી એક એવી કમિટી બનાવી દરેક રાજ્યમાં જ્યાં જ્યાં પુન:વસન કરવાનું છે ત્યાં ગુજરાત, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર એ પુન:વસન જૂથના અધ્યક્ષ સુપ્રીમ કોર્ટના આદેશ પ્રમાણે હાઇકોર્ટના નામદાર રિટાયર કોઇપણ એક જજને જે તે રાજ્યની સરકારોએ તેમાં નિમણૂક આપવાની હોય છે. ગુજરાતમાં પણ આ કમિટી છે, મહારાષ્ટ્રમાં પણ આ કમિટી છે, મધ્યપ્રદેશમાં પણ આ કમિટી છે ત્રણેય કમિટીના અધ્યક્ષો હાઇકોર્ટના નિવૃત્ત નામદાર જજશ્રીઓ છે. હવે આ કમિટી પર્યાવરણની હોય કે પુન:વસનની હોય એમણે ત્રણેય રાજ્યોએ આ અંગે શું શું કામ કર્યુ, વિસ્થાપિતોની વ્યવસ્થા થઇ કે નહિ? પર્યાવરણને થતું નુકસાન બંધ થયું કે નહિ? આનાથી પર્યાવરણને શું અસર થશે? બધો અભ્યાસ કરી આ બંને કમિટીઓએ જે સુપ્રીમ કમિટી છે જેને આપણે નર્મદા કંટ્રોલ ઓથોરિટી તરીકે ગણીએ છીએ. જે ભારત સરકારના નેજા નીચે છે. એ કમિટીને આ બંને કમિટીઓએ રિપોર્ટ રજૂ કરવાનો હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જે પ્રશ્ન છે કે, જે પુન:વસન જૂથ બંને અને પર્યાવરણ જૂથ બંનેના ત્રણેય રાજ્યોના હાઇકોર્ટના જજશ્રીઓએ ભારત સરકારની કમિટીને પોતાના અહેવાલ આપી દીધા. ગુજરાતે આપ્યો, મધ્યપ્રદેશે આપ્યો, મહારાષ્ટ્રે આપ્યો. ત્રણેય કમિટીઓએ એમ કહ્યું કે ત્રણેય રાજ્યમાં, અમારે ત્યાં પુન:વસનનું કામ પૂર્ણ થઇ ગયું છે. પર્યાવરણની જાળવણી માટેનું કામ પણ પૂર્ણ થઇ ચૂક્યું છે. આ ત્રણેય રાજ્યોના અહેવાલોના આધારે નર્મદા કંટ્રોલ ઓથોરિટી અને પુન:વસન જૂથની આ મંજૂરીઓ મેળવી અને એની મિટીંગ બોલાવીને મંજૂરી આપવાની હોય છે. આપણે જેને એન.ઓ.સી. કહીએ કે કોઇ એન.એ. કરવાનું હોય, ઓ.એન.જી.સી.નું એન.ઓ.સી. આવી જાય એટલે જિલ્લા પંચાયતમાં આપી દઇએ. આ તો હાઇકોર્ટ જજશ્રી કક્ષાની કમિટીઓએ એન.ઓ.સી. ભારત સરકારને આપી દીધી છે પણ ભારત સરકારના બે વિભાગો એમાં લાગું પડે છે એક આપણને યાદ હોય તો માનનીય નરેન્દ્રભાઇની જેમ અહીંયા અમારા માનનીય સભ્યશ્રીઓએ કહ્યું કે, ૧૨૧ મિટરની ઊંચાઇએ લઇ જવા માટે અમદાવાદમાં ઉપવાસ ઉપર બેસવું પડ્યું હતું અને એના પછી ૧૨૧ મિટરની કેન્દ્ર સરકારે પરવાનગી આપી હતી. એ વખતે હું ભૂતકાળ યાદ દેવડાવું અમિતભાઇ, તમને યાદ આવશે. સાહેબ, સફૂદ્દીન શોઝ એ વખતે કેન્દ્રમાં મંત્રી હતા એમણે અટકાવી રાખ્યું હતું. માનનીય મુખ્યમંત્રી (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, નહિ, નહિ, અમિતભાઇ એ રેકર્ડ ઉપર છે. (અંતરાય) કોઇ વાંધો નહિ. તમે ચાલો આગળ. (અંતરાય) એક મિનિટ, બાકીના બોલોમાં.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : બલવંતસિંહ, ગુજરાતનું હિત જૂઓને યાર. તમને ભવિષ્યમાં ટિકિટ મળશે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, બલવંતસિંહ વચ્ચે ડિસ્ટર્બ ન કરો. બોલો તમારૂં. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, કેન્દ્ર સરકારની નર્મદા કંટ્રોલ ઓથોરિટી, પર્યાવરણ પેટાજૂથ દ્વારા પહેલી એપ્રિલ, ૨૦૧૦ના રોજઉપરોક્ત ફેઝનું બાંધકામ આગળ વધારવા મંજૂરી આપવાની ૨૦૧૦માં ભલામણ કરી. એ પછી નર્મદા કંટ્રોલ ઓથોરિટીના પુન:વસન અને પુન:સ્થાપન પેટા જુથ દ્વારા તા.૨૭-૬-૨૦૧૩ના રોજ ૭૭મી બેઠકમાં આ મુદ્દાને ધ્યાને લઇ ચર્ચા કરી અને ત્રણેયે નક્કી કર્યું કે, ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશે પુન:વસનનું કામ પૂરું કર્યું છે. જેમ અહીંયા માનનીય નરોત્તમભાઇએ અને માનનીય મોહનભાઇએ કહ્યું એમ, હજુ તો ફકત દરવાજા બેસાડવાની ત્રણ વર્ષની કામગીરી કરવાની છે. આ દરવાજા બેસાડયા પછી હજુ શું થવાનું છે એ કહું. અત્યારે તો ફક્ત દરવાજા બેસાડવાની જ મંજૂરી લેવાની છે. એ પછી જયારે નર્મદાના દરવાજા બંધ કરવાના આવશે ત્યારે ફરીથી નર્મદા કંટ્રોલ ઓથોરિટી એ ચેક કરશે પછી મંજૂરી મળશે, પછી દરવાજા બંધ કરી અને આખો, ફૂલ ડેમ ભરવાનો છે. પણ સાહેબ, જે સરકાર દરવાજા મૂકવાની જ પરવાનગી આપવામાં આટલા વર્ષ કરે એ •(xxxxxx) નહી ? એ તમે કહો. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : આ કેન્દ્રની ટીકા કરે છે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહની કાર્યવાહીમાંથી કાઢી નાખવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : ના, કેન્દ્ર કયાં છે? આ પર્યાવરણ કમિટીની વાત કરે છે. હવે તમારે બહાર જવું છે એમ કહોને, (અંતરાય) તો પછી આમ આમ શું જઓ છો ? બેસો શાંતિથી. તમે એમ કહો છો કે, નર્મદામાં અમે સાથે છીએ અને અત્યારે પાછા ભાગી જવાની વાત. (અંતરાય) બેસોને હવે પાંચ મિનિટ છે, બોલો (અંતરાય) (આ તકે કોંગ્રેસના હાજર રહેલા તમામ સભ્યો પોતાના સ્થાન ઉપર ઊભા થતાં) બેસો બેસો, બહાર નીકળશો તો વળી નર્મદા વિરોધી થશો (અંતરાય) એમણે કોઇ કેન્દ્રની ટીકા નથી કરી (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : તમે બહાર જશો તો ગુજરાતની પ્રજાનું અહિત કરો છો, તમે કોંગ્રેસના નેતાની ( અંતરાય )

અધ્યક્ષશ્રી : (અંતરાય) એક મિનિટ, હવે તમારું બોલી લીધા પછી તમારે નીકળી જવું? (અંતરાય, સતત ઘોંઘાટ વચ્ચે) ભાઇ, સાંભળવાની ત્રેવડ ના હોય તો બેસવું ના જોઇએ. (અંતરાય) ખોટી વાત નહીં, એક મિનિટ ચાલો. ચાલુ રાખો તમારૂં પ્રવચન. (અંતરાય) (આ તકે કોંગ્રેસ પક્ષના હાજર રહેલા તમામ સભ્યો સભાત્યાગ કરી ગયા.) (અંતરાય) એક મિનિટ, હવે ભાઇ, નીતિનભાઇને બોલવા દો ને ભાઇ, એમની સામે વાંધો હોય એ હાથ ઊંચા કરો. ચાલો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમે જે વર્ષોથી કહેતા હતા કે, આ કોંગ્રેસના (xxxxxx) એ આજે કોંગ્રેસે અહીંયા (અંતરાય)

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દો કાઢી નાખીએ છીએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : કાઢી નાખીએ એ શબ્દો, સંમત છું પણ ગુજરાતની પ્રજાએ આજે જોયું અને અમે તો સાહેબ,ગુજરાતની પ્રજાને વર્ષોથી કહીએ છીએ. સાહેબ, હું આપને યાદ દેવડાવું કે ગઇ વખતે પણ વિધાનસભાની ચૂંટણી પહેલાં જયારે હું સિંચાઇ મંત્રી હતો ત્યારે આ હાઉસમાં પણ મેં કહ્યું હતું કે, હું ત્યારે આગળ બેસતો હતો, મેં એમ કહેલું હતું કે, એ વખતે વિધાનસભાની ચૂંટણી પહેલાં ગુજરાતના કોંગ્રેસના નેતા અત્યારના વિપક્ષના નેતા માનનીય શંકરસિંહજી વાઘેલા, શ્રી શક્તિસિંહ ગોહેલ, તે વખતે ધારાસભ્ય હતા, શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા જે કોંગ્રેસના પ્રમુખ અને શ્રી સિદ્ધાર્થભાઇ પટેલ આ ચાર જણા સાહેબ, ગઇ વિધાનસભાની ૨૦૧૨ની ચૂંટણીમાં જયારે અમે બધા અહીંયા ચૂંટાઇને, નરેન્દ્રભાઇ ચોથીવાર મુખ્ય મંત્રી બન્યા ત્યારની વાત કરું છું સાહેબ. એ વખતે મને પાક્કી માહિતી હતી, મેં હાઉસમાં પણ રેકર્ડ ઉપર મૂકેલું છે કે, આ ચાર નેતાઓ ગુજરાતમાંથી દિલ્હી ગયેલા, સોનિયા ગાંધીને, મનમોહન સિંઘને અને એમના નેતાઓને મળેલા અને અહેમદ પટેલને ત્યાં જઇને એમણે રિક્વેસ્ટ કરેલી કે, તમે નર્મદા યોજનાની ઊંચાઇ વધારવાની પરવાનગી આપશો નહીં, નહીંતર આ નરેન્દ્રભાઇ મોદી કોંગ્રેસના ગુજરાતમાં સુપડા સાફ કરી નાખશે અને સાહેબ, કમનસીબે •(xxxxxx) માની. આજ સુધી સાહેબ. સાહેબ, અમે જીત્યા, ગુજરાતની પ્રજાએ અમને સૌને જીતાડ્યા છે, ગુજરાતની પ્રજાએ, અમારો વિકાસ અમારી પારદર્શકતા, અમારી નિષ્ઠા, અમારા ઉપર વિશ્વાસ મૂક્યો છે. સાહેબ, આ કોંગ્રેસના લોકો ગુજરાતની પ્રજાને (xxxxxx) કહેવાયને સાહેબ..

અધ્યક્ષશ્રી : ના, એ ન બોલાય.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : નહીં, કહું સાહેબ.

અધ્યક્ષશ્રી : કોઇકના વાંકે, કોઇકને ડામ એ કહોને, સમજી જશે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : કોઇકના વાંકે, કોઇકને સજા સાહેબ. સાહેબ, ગુજરાતની પ્રજાનું તો કશું બગાડી શકે તેમ નથી. કારણ કે, ગુજરાતની પ્રજાના રક્ષણ માટે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇની આ ભા.જ.પ. સરકાર અને અમારો ભારતીય જનતા પક્ષ અડીખમ ઊભો છે.પણ સાહેબ, થોડો નબળો માણસ હોય તો બીજું તો શું કરે? એમ અત્યારે પણ સાહેબ, હજુ રેકર્ડ ઉપર કહું છું કે આ જ કોંગ્રેસના નેતાઓ દિલ્હી જઇને કહી આવ્યા છે કે નરેન્દ્રભાઇ આખા દેશમાં લોકપ્રિય થઇ રહ્યાં છે. પ્રજા એમને ચારે બાજુ બધા રાજયોમાં

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહની કાર્યવાહીમાંથી કાઢી નાખવામાં આવ્યા.

આવકાર આપી રહી છે. ગુજરાતમાં લોકસભાની ૨૬ સીટ છે કોંગ્રેસને જો બે ચાર સીટ ઉપર પણ બચાવવી હોય તો દરવાજા બેસાડવાની મંજૂરી આપતા નહીં, એટલે મંજૂરી આપતા નથી, પણ હું તો એમ માનું છું કે આટલો બધો આપણે ઇંતજાર કર્યો છે તો બે મહિના વધારે. આમેય ચાર દિવસમાં, અઠવાડિયામાં આચારસંહિતા આવી જવાની છે. આ લોકો પાછા સાહેબ દર વખતે એમ કહે છે કે તમે કહો એમ અમે કરીએ. મેં સાહેબ, શકિતસિંહજીને કીધું હતું કે એમ કરો આપણે ઓલ પાર્ટી ડેલીગેશન પાંચ તમારા નેતા, પાંચ અમારા ભા.જ.પ.માંથી નેતા દસ લોકો આપણે વડાપ્રધાનશ્રીની એપોઇન્ટમેન્ટ માગીએ. આપણે મળવા જઇએ અને તમે ત્યાં એમ કહો કે સાહેબ, નર્મદાની મંજૂરી આપો, અમે ગુજરાતની પ્રજા વતી તમારી પાસે વિનંતી કરવા આવ્યા છીએ. સાહેબ, અહીંયા મીઠી મીઠી વાતો કરી પણ પછી કદી સામે વળીને આવ્યા નથી.(અંતરાય) નહીં, નહીં, રમણભાઇ એક મિનિટ. એ પછી મને ખબર હતી કે આ લોકો કેવા છે. મેં રેકર્ડ ઉપર મંત્રી તરીકે એમને પત્ર લખ્યો કે આપ એપોઇન્ટમેન્ટ લો એટલે અમને જાણકારી કરજો એટલે અમે આપના બધાની ટીકીટ વિમાનની આવવા જવાની લઇ અને આપણે વડાપ્રધાનને મળીશું. સાહેબ, કદી કોઇ વાત કરી નથી. અમારા મુખ્યમંત્રીશ્રી હંમેશાં કહે છે. હમણા જ સાહેબે કીધું સાહેબ, સૌનીના ખાતમૂહુર્ત વખતે રાજકોટમાં લાખોની મેદનીમાં. મુખ્યમંત્રી હંમેશાં કહે છે કે મારે મારા નામની તકતી નથી જોઇતી, મારા નામનું કોઇ બોર્ડ નથી જોઇતું. અમે કર્યુ હોય એવું અમે માનતા નથી. કોંગ્રેસે જ નર્મદા કરી એવી તમે કહો તો તકતી લગાવીશું. તમે કહો તો સોનિયા ગાંધીને બોલાવી અને દરવાજો ઉપર ચડાવડાવીશું, પણ મંજૂરી આપો. છતાં પણ મંજૂરી આપતા નથી. એમને પેલું જે કહેવત છે ને કે ખરો સમય આવે એટલે માણસ ભૂલો પડે. સાહેબ, અત્યાર સુધી નર્મદામાં અમારો ટેકો છે, અમારો ટેકો છે, એમ કરતા હતા, પણ અત્યારે વોકઆઉટ કર્યો. ગુજરાતની વિધાનસભામાં સર્વાનુમતે આ ઠરાવ મંજૂર કરવામાં એમણે સંમતિ ન આપી, એટલે આજે સાબિત થઇ ચૂકયું. આપની અધ્યક્ષતામાં સાબિત થઇ ચૂકયું કે કોંગ્રેસવાળા ગુજરાતનો વિકાસ, ગુજરાતની પ્રગતિ, ખેડૂતોની સમૃદ્ધિ અને અબોલ જીવો ગાયો, ભેંસો, પશુ, પંખી (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમારો અવાજ ના પડે છે. હવે નર્મદાનું પાણી લઇ આવો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : પતી ગયું સાહેબ, આ લોકો સ્વીકારતા નથી પણ ચોકકસપણે હું કહીશ કે ગુજરાત વિધાનસભામાં માનનીય બચુભાઇ ખાબડે આ જે પ્રસ્તાવ મૂકયો છે એ સર્વાનુમતે મંજૂર કરી આપશ્રી વહેલામાં વહેલી તકે કેન્દ્રમાં મોકલી આપો.

અધ્યક્ષશ્રી : આમાં પ્રસ્તાવ મત ઉપર ન મૂકવાનો હોય. ચર્ચા અહીંયા પૂર્ણ થાય છે. નેકસ્ટ.

## નિયમ ૮૭ (ક) હેઠળ વિધાનસભાના મેજ ઉપર મૂકવાના અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો

**સચિવશ્રીઃ** માનનીય અધ્યક્ષશ્રી, હું જેના લેખિત જવાબો સત્ર દરમિયાન મળ્યા છે, પણ સમયના અભાવે સભ્યશ્રીઓને મોકલી શકાયા નથી, તેવા ૯૩ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો વિધાનસભાના નિયમોના નિયમ–૮૭(ક) હેઠળ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

# અતારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૭(ક) અન્વયે તા.૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવેલ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની યાદી

| ક્રમ | સભ્યશ્રીનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | શ્રી મણીલાલ વાઘેલા | ૨૫૩૦, ૨૫૩૩ | ૦૨ |
| ૨ | ડૉ. તેજશ્રીબેન પટેલ | ૩૮૧, ૩૯૨, ૪૦૧, ૭૨૫, ૨૦૭૨, ૨૭૯૭, ૨૭૯૮, ૨૭૯૯, ૨૮૦૦, ૨૮૦૧, ૨૮૦૫, ૨૮૦૬, ૨૮૧૩, ૨૮૧૮, ૨૮૨૦, ૨૮૨૧, ૨૮૨૨ | ૧૭ |
| ૩ | શ્રી ગ્યાસુદ્દીન શેખ | ૫૭૮, ૭૮૫, ૭૮૬ | ૦૩ |
| ૪ | શ્રી શૈલેષ પરમાર | ૪૧ | ૦૧ |
| ૫ | શ્રીમતી ભાનુબેન બાબરીયા | ૨૪૧૯ | ૦૧ |

| | | | |
|---|---|---|---|
| ૬ | શ્રી મેઘજીભાઈ ચાવડા | ૨૪૨૦ | ૦૧ |
| ૭ | શ્રી રાઘવજી પટેલ | ૧૭૭, ૧૨૯૫, ૧૨૯૮, ૧૫૧૯, ૧૬૪૩, ૧૯૯૫, ૨૧૮૯, ૨૩૨૨, ૨૪૩૫, ૨૪૩૮, ૨૪૩૯, ૨૪૪૩, ૨૪૪૭, ૨૪૫૩, ૨૪૮૪, ૨૪૯૧, ૨૫૦૦, ૨૫૦૩, ૨૫૦૬, ૨૫૦૭, ૨૫૪૮, ૨૫૫૮, ૨૫૫૯, ૨૫૬૨, ૨૫૬૬, ૨૫૬૭, ૨૫૭૧, ૨૫૭૨, ૨૫૭૩, ૨૫૭૮, ૨૫૮૯, ૨૫૯૦, ૨૬૧૯, ૨૬૨૦, ૨૬૨૧, ૨૬૪૧, ૨૬૫૧, ૨૬૫૬, ૨૬૫૯, ૨૬૬૩, ૨૬૭૦ | ૪૧ |
| ૮ | શ્રી પરેશ ધાનાણી | ૨૧૫, ૧૭૪૦, ૨૩૬૯, ૨૩૭૧, ૨૩૭૩, ૨૪૦૦, ૨૪૦૨, ૨૪૦૪, ૨૬૧૫, ૨૭૧૨, ૨૭૧૩, ૨૭૧૪, ૨૭૨૦, ૨૭૭૩, ૨૭૮૦ | ૧૫ |
| ૯ | શ્રી નટવરસિંહ ઠાકોર | ૨૫૩૬, ૨૫૩૮, ૨૫૩૯, ૨૫૪૦, ૨૫૯૯, ૨૬૦૨, ૨૬૦૩ | ૦૭ |
| ૧૦ | શ્રી ગેંદાલભાઈ ડામોર | ૨૫૨૧ | ૦૧ |
| ૧૧ | શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ | ૨૪૨૬ | ૦૧ |
| ૧૨ | શ્રીમતી મનીષા વકીલ | ૨૪૨૩ | ૦૧ |
| ૧૩ | શ્રી પુનાભાઈ ગામીત | ૨૪૩૦ | ૦૧ |
| ૧૪ | શ્રી કાંતીલાલભાઈ ગામીત | ૨૪૨૭ | ૦૧ |
| | | **કુલ** | **૯૩** |

એચબી-૬૭૩-૧ **'લ્લામાં કૃષિ વપરાશ માટે મોનોક્રોટોફોસ નામની નકલી દવા બનાવતી ફેકટરી/કંપની સામે કાર્યવાહી બાબત**

અતારાંકિતઃ ૨૮૦૦ (૨૫-૧-૨૦૧૪) **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં રાજકોટ જિલ્લામાં કૃષિ વપરાશ માટે મોનોક્રોટોફોસ નામની નકલી દવા બનાવતી કઈ કઈ ફેકટરી/કંપનીઓ પકડવામાં આવેલ છે,

(૨) ફેકટરીઓવાર કેટ કેટલી બનાવટી દવાનો જથ્થો અને અન્ય સામગ્રી પકડાઈ, અને

(૩) આ ગેરકાનુની નકલી દવા બનાવી ફેકટરી ચલાવનાર આરોપીઓ સામે શી કાનુની કાર્યવાહી કરવામાં આવી?

**કૃષિ મંત્રીશ્રી :** (૨૦-૨-૨૦૧૪)

(૧) રાજકોટ જિલ્લામાં કૃષિ વપરાશ માટે નકલી મોનોક્રોટોફોસ દવા બનાવતી ફેકટરી/કંપનીઓની વિગત વર્ષવાર નીચે મુજબ છે.

| વર્ષ | પકડાયેલ ફેકટરી/કંપનીઓ/વ્યકિતઓની વિગત |
|---|---|
| ૨૦૧૦-૧૧ | એકપણ કિસ્સો બનેલ નથી. |
| ૨૦૧૧-૧૨ | એકપણ કિસ્સો બનેલ નથી. |
| ૨૦૧૨-૧૩ | ભાવેશ ધીરજલાલ પટેલ તેમજ અન્ય બે વ્યકિતઓ |
| ૨૦૧૩-૧૪ (તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતીએ). | એકપણ કિસ્સો બનેલ નથી. |

(૨) ભાવેશ ધીરજલાલ પટેલ તેમજ અન્ય બે વ્યકિતઓ પાસેથી નકલી મોનોક્રોટોફોસ એક લીટર પેકિંગની ૫૦૦૦ બોટલો તથા ૪૦૦ લીટર (૨૦૦ લીટરના બે બેરલ) મળી કુલ ૫૪૦૦ લીટર દવાનો જથ્થો, તેમજ નકલી દવા બનાવવા માટે વપરાતા સાઈકલોથીન નામના કેમીકલનું એક બેરલ અને પ્લાસ્ટીક પેક કરવાનું મશીન તથા દવા બનાવવાની સાધન સામગ્રી પકડાઈ છે.

(૩) આરોપી ભાવેશ ધીરજલાલ પટેલ, યોગેશભાઈ છગનભાઈ અજમેરીયા અને રમેશભાઈ અજરામભાઈ દલસાણીયા (કુલ ત્રણ આરોપી) વિરૂધ્ધ રાજકોટ શહેર ભકિતનગર પો.સ્ટેશનમાં ૧૯૭/૧૨ તારીખ ૦૫–૧૨–૨૦૧૨ થી એફ.આર.આઈ. દાખલ કરવામાં આવેલ છે.

–––––––

## જામનગર જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન એકટના અમલ બાબત

અતારાંકિતઃ ૨૪૮૪ (૨૪–૧૨–૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) જામનગર જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટનો કઈ કઈ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં સને ૨૦૧૩ના શૈક્ષણિક વર્ષમાં અમલ કરવામાં આવ્યો નથી,

(૨) આ કાયદાનો અમલ ન કરવાના શા કારણો છે, કાયદાનો અમલ ન કરવા માટે કોને જવાબદાર ઠરાવવામાં આવ્યા છે,

(૩) જવાબદારો સામે શી શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી છે, અને

(૪) ઉક્ત કાયદાનો અમલ બાકી રહેલ તમામ શાળાઓમાં આ કાયદાનો અમલ કયારે કરવામાં આવનાર છે?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૭–૨–૨૦૧૪)

(૧) જામનગર જિલ્લામાં તમામ પ્રાથમિક શાળાઓમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટનો અમલ સને ૨૦૧૩ના શૈક્ષણિક વર્ષથી કરવામાં આવેલ છે.

(૨) કાયદાનો અમલ થઈ ગયેલ હોઈ જવાબદારી ઠેરવવાનો પ્રશ્ન રહેતો નથી.

(૩) કાયદાનો અમલ થઈ ગયેલ હોઈ કોઈ કાર્યવાહી કરવાનો પ્રશ્ન રહેતો નથી.

(૪) તમામ શાળાઓમાં કાયદાનો અમલ થઈ ગયેલ હોય પ્રશ્ન રહેતો નથી.

–––––––

## રાઈટ ટુ એજ્યુકેશન કાયદાનું ગાંધીનગર શહેરની શાળાઓમાં અમલીકરણ બાબત

અતારાંકિતઃ ૨૫૩૬ (૨૪–૧૨–૨૦૧૩) **શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર(મહુધા) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૦૪–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શિક્ષણ વિભાગ રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ ગાંધીનગર શહેરની કેટલી સરકારી અને ગ્રાન્ટેડ તથા નોન–ગ્રાન્ટેડ શાળાઓમાં રાઈટ ટુ એજ્યુકેશનનો અમલીકરણ કરવામાં આવ્યું,

(૨) શાળાઓ પ્રમાણે રાઈટ ટુ એજ્યુકેશનના લાભાર્થી વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાઈટ ટુ એજ્યુકેશન કાયદા મુજબ અંગ્રેજી માધ્યમની કઈ શાળાઓએ કેટલા વિદ્યાર્થીઓને એડમીશન આપ્યા, અને

(૪) રાઈટ ટુ એજ્યુકેશનનું અમલીકરણ ન કરનાર શાળા સામે સરકારે શાં પગલાં લીધા?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૮–૨–૨૦૧૪)

(૧) સરકારી અને ગ્રાન્ટેડ તમામ શાળાઓમાં તથા નોન ગ્રાન્ટેડ શાળાઓમાં રાઈટ ટુ એજ્યુકેશન એકટનું અમલીકરણ કરવામાં આવ્યું

(૨) શાળાઓ પ્રમાણે રાઈટ ટુ એજ્યુકેશનના લાભાર્થી વિદ્યાર્થીઓની સંખ્યા ૫૨૨ છે.

(૩) એસ.જી. ઈંગ્લીશ મીડીયમ પ્રાયમરી સ્કૂલ સેકટર નં. ૨૩, ગાંધીનગર ૨૧ વિદ્યાર્થીઓને એડમીશન આપેલ છે.

(૪) રાઈટ ટુ એજ્યુકેશન એકટની કલમ ૨૦૦૯ની કલમ ૧૨ (i)(b) મુજબ શાળામાં ૨૫ % બાળકોને મફત શિક્ષણ ફરજીયાત આપવાની જોગવાઈ છે જે અન્વયે રાજ્ય સરકારે રાઈટ ટુ એજ્યુકેશન રૂલ્સ ૨૦૧૨ના નિયમ–૬(i)( i i) માં ૨૫ % બાળકોને મફત શિક્ષણ આપવાની જોગવાઈ કરેલ હોઈ પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

## પ્રાથમિક શિક્ષકોની માંદગીના કિસ્સામાં જિલ્લા ફેર બદલીની પડતર અરજીઓ

અતારાંકિતઃ ૨૫૩૮ (૩૧–૧૨–૨૦૧૩) **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૧૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શિક્ષણ વિભાગમાં કેટલી પ્રાથમિક શિક્ષકોની માંદગી બાબતની ખાસ કિસ્સાની જિલ્લા ફેર બદલીની અરજીઓ પડતર છે, અને

(૨) ઉક્ત બદલી સંદર્ભે કેટલી ફાઈલો મળતી નથી, તે અન્વયે શા પગલાં લીધા?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૭–૨–૨૦૧૪)

(૧) ૪૪

(૨) ફાઈલો મળતી નથી તેવો પ્રશ્ન નથી, જેથી પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

## પ્રાથમિક શિક્ષકોની ખાસ કિસ્સાની માંદગીમાં થેલેસિમિયાના પડતર કેસો

અતારાંકિતઃ ૨૫૩૯ (૩૧–૧૨–૨૦૧૩) **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

તા.૩૦–૧૧–૨૦૧૩ની સ્થિતિએ શિક્ષણ વિભાગમાં પ્રાથમિક શિક્ષકોની ખાસ કિસ્સાની માંદગીમાં મેજર થેલેસિમિયાની બિમારીનો ખર્ચ મંજૂરના કેટલા કેસો–કેટલા સમયથી કયા કારણોસર પડતર છે?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૭–૨–૨૦૧૪)

એક પણ નહી.

–––––––

## અમદાવાદ અને જામનગર જિલ્લામાં પ્રાથમિક શાળામાં યોજાયેલ ગુણોત્સવ

અતારાંકિતઃ ૨૫૮૯ (૨૪–૧૨–૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) અમદાવાદ અને જામનગર જિલ્લામાં તા. ૩૧મી ઓકટોબર–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પ્રાથમિક શાળામાં ગુણોત્સવ છેલ્લે કયારે યોજાયો,

(૨) આ કાર્યક્રમમાં તાલુકાવાર કેટલી શાળાઓ નબળી અને અત્યંત નબળી જણાઈ, અને

(૩) તેનું શિક્ષણ સ્તર સુધારવા શી વ્યવસ્થા થઈ છે?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૭–૨–૨૦૧૪)

(૧) અમદાવાદ અને જામનગર જિલ્લામાં તા૧૨–૪–૨૦૧૩ના રોજ ગુણોત્સવ યોજાયો હતો જેમાં શિક્ષકો મારફતે સ્વ મૂલ્યાંકન કરવામાં આવેલ.

(૨) નીચે મુજબ તાલુકાવાર શાળાઓ નબળી અને અત્યંત નબળી જણાઈઃ–

| **(અ)** | **અમદાવાદ જિલ્લો** | | |
|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **નબળી** | **અત્યંત નબળી** |
| ૧ | બરવાળા | ૯ | ૦ |
| ૨ | બાવળા | ૨૧ | ૨ |
| ૩ | સીટી | ૨ | ૦ |

| | | | |
|---|---|---|---|
| ૪ | દસક્રોઈ | ૧૨ | ૫ |
| ૫ | દેત્રોજ–રામપુર | ૭ | ૬ |
| ૬ | ધંધુકા | ૨૫ | ૪ |
| ૭ | ધોળકા | ૧૬ | ૫ |
| ૮ | માંડલ | ૧ | ૫ |
| ૯ | રાણપુર | ૮ | ૨ |
| ૧૦ | સાણંદ | ૧૪ | ૩ |
| ૧૧ | વિરમગામ | ૧૬ | ૨ |
| | **કુલ** | **૧૩૧** | **૩૪** |
| **(બ)** | **જામનગર જિલ્લો** | | |
| ૧ | જામનગર | ૬૦ | ૧૩ |
| ૨ | ધ્રોલ | ૧૪ | ૨ |
| ૩ | જોડિયા | ૧૦ | ૧ |
| ૪ | કાલાવડ | ૦૯ | ૦ |
| ૫ | લાલપુર | ૪૨ | ૨ |
| ૬ | ભાણવડ | ૩૬ | ૫ |
| ૭ | જામજોધપુર | ૨૨ | ૧ |
| ૮ | ખંભાળીયા | ૪૪ | ૪ |
| ૯ | કલ્યાપુર | ૩૧ | ૭ |
| ૧૦ | દ્વારકા | ૧૯ | ૪ |
| | **કુલ** | **૨૮૭** | **૩૯** |

(૩) ઉપચારાત્મક શિક્ષણ કાર્ય હાથ ધરવામાં આવેલ.

–––––––

**રાજ્યમાં સ્થાપેલા અમાન્ય અને ગેરકાયદે યુનિવર્સિટીના શિક્ષણ કેન્દ્રો બંધ કરાવવા બાબત**

અતારાંકિતઃ ૨૫૯૦ (૪–૧–૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં કઈ કઈ અમાન્ય અને ગેરકાયદે યુનિવર્સિટીઓએ તેના શિક્ષણ કેન્દ્રો ઓકટોબર–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં સ્થાપેલા હોવાનું સરકારના ધ્યાને આવેલ છે,

(૨) આ યુનિવર્સિટીના કેન્દ્રોમાં કઈ કઈ ફેકલ્ટીનું શિક્ષણ આપવામાં આવે છે,

(૩) આવી અમાન્ય અને ગેરકાયદે યુનિવર્સિટીઓના કેન્દ્રો તત્કાળ બંધ કરી દેવા શી કાર્યવાહી થઈ છે, અને

(૪) કઈ કઈ યુનિવર્સિટીઓનો કેન્દ્રો બંધ કરાવાયાં અને બાકીના કયારે બંધ કરાવવામાં આવશે?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૪–૨–૨૦૧૪)

(૧) આવી કોઈ બાબત ધ્યાન ઉપર આવી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી આમ છતાં સરકારશ્રીના ધ્યાન પર આવી કોઈ બાબત આવશે તો તે અંગે નિયમ અનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

(૪) હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

**સરકારી પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૧ થી ૮ ને સળંગ એકમની ગણતરી મહેકમ નક્કી કરવા બાબત**

અતારાંકિતઃ ૨૬૧૫ (૪–૧–૨૦૧૪) **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૮–૨૦૧૩ ની સ્થિતિએ સરકારી પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૧ થી ૮ ને સળંગ એકમની ગણતરી કરી મહેકમ નક્કી કરવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિને કારણે ધોરણ ૧ થી ૫ માં શિક્ષકોની વધ રહે છે, જ્યારે ધો.૫ થી ૬ માં શાળાઓમાં ધોરણ ૧ થી ૮ નું સંયુક્ત મહેકમ પૂરતું હોવા છતાં પણ ધોરણ ૫ થી ૬ માં ઘટ સર્જાવાના કારણે વિદ્યાર્થીઓનું ભાવિ જોખમમાં મુકાયેલ છે, તે હકીકત સાચી છે, અને

(૩) તે પરિસ્થિતિ દૂર કરવા સરકાર શાં પગલાં લીધા ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૭–૨–૨૦૧૪)

(૧) ના, જી.

(૨) ના, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

**જામનગર જિલ્લામાં ગ્રાહક સુરક્ષા મંડળોની માન્યતા**

અતારાંકિતઃ ૧૫૧૯ (૧૫–૭–૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) જામનગર જિલ્લાના કેટલા ગ્રાહક સુરક્ષા મંડળોની માન્યતા કન્ઝ્યુમર્સ એફેર્સ એન્ડ પ્રોટેકશન એજન્સી ઓફ ગુજરાત (કા.પા.ગ.) સમક્ષ તા.૩૦મી જુન ૨૦૧૩ ની સ્થિતિએ પડતર છે,

(૨) તેને માન્યતા ન આપવાના શા કારણો છે, અને

(૩) તેને ક્યારે માન્યતા આપવામાં આવશે ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :** (૧૭–૨–૨૦૧૪)

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

**અમદાવાદ જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનો**

અતારાંકિતઃ ૨૮૧૩ (૧૦–૨–૨૦૧૪) **ડો તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી વ્યાજબી ભાવની દુકાનો છે.

(૨) તાલુકાવાર કેટલી દુકાનો ખૂટે છે, કે ઓછી છે, અને

(૩) ખૂટતી/ઓછી દુકાનો ક્યાં સુધી ખોલવામાં આવશે ?

એચબી–૬૭૩–૨ **શ્રી :** (૧૭–૨–૨૦૧૪)

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર ૫૧૫ વ્યાજબી ભાવની દુકાનો છે. તાલુકાવાર વિગતો સાથે રાખેલ **પત્રક માં** સામેલ છે.

(૨) તાલુકાવાર વિગતો આ સાથે રાખેલ **પત્રક માં** સામેલ છે.

(૩) જિલ્લાની ૧૦ ખૂટતી દુકાનો પૈકી ૬(છ) દુકાનોના જાહેરનામાં બહાર પાડેલ છે. બાકીની ૪ દુકાનોના જાહેરનામાં બહાર પાડવાની કામગીરી બનતી ત્વરાથી પુરી કરવામાં આવશે.

**પત્રક**

| **અ.નં.** | **તાલુકો** | **વ્યાજબી** | **ખૂટતી વ્યાજબી ભાવની** |
|---|---|---|---|

| | | ભાવની દુકાનોની સંખ્યા | દુકાનની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | માંડલ | ૨૮ | ૧ |
| ૨ | દેત્રોજ | ૩૫ | ૧ |
| ૩ | વિરમગામ | ૬૬ | ૩ |
| ૪ | સાણંદ | ૬૫ | ૨ |
| ૫ | દસ્ક્રોઇ | ૭૧ | ૧ |
| ૬ | ધોળકા | ૮૦ | ૦ |
| ૭ | બાવળા | ૪૯ | ૦ |
| ૮ | રાણપુર | ૩૩ | ૧ |
| ૯ | બરવાળા | ૨૬ | ૧ |
| ૧૦ | ધંધુકા | ૬૨ | ૦ |
| | **કુલઃ** | **૫૧૫** | **૧૦** |

-------

**ચોટીલા તાલુકાના ઝીંઝુડા ગામે મોરની શિકારી ગેંગે કરેલ હત્યા**

અતારાંકિતઃ ૨૪૫૩ (૨૫-૦૧-૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) ચોટીલા તાલુકાના ઝીંઝુડા ગામે જુન-૨૦૧૩માં એકી સાથે ૭ જેટલા માદા મોરની શિકારી ગેંગે હત્યા કરી હતી તેના મૃતદેહો મળી આવ્યા હતા તે હકીકત સાચી છે,

(૨) આ ગુનાહિત કામના આરોપીઓ કોણ છે અને તેની સામે શી કાનુની કાર્યવાહી થઇ છે,

(૩) આરોપીઓ સામે ક્યા કાયદા નીચે ફર્સ્ટ ઑફેન્સ રિપોર્ટ/એફ.આઇ.આર. નોંધાઇ છે, અને

(૪) આ વિસ્તારમાં રાષ્ટ્રીય પક્ષીને સંરક્ષણ પૂરી પાડવા શી વ્યવસ્થા થઇ છે ?

**વન મંત્રીશ્રી :** (૨૫-૨-૨૦૧૪)

(૧) ચોટીલા તાલુકાના ઝીંઝુડા ગામે જુન-૨૦૧૩ માં એકી સાથે ૭ જેટલા માદા મોરના મૃતદેહો મળી આવ્યા હતા તે હકીકત સાચી છે. પરંતુ મોરની કોઇ શિકારી ગેંગ દ્વારા આવી કોઇ હત્યા કરવામાં આવી હોવાની હકીકત સાચી નથી. સખત ગરમીના કારણે ડીહાઇડ્રેશન થવાથી મોરના મૃત્યુ થયેલ છે.

(૨) આ ગુનાહિત કૃત્ય ન હોય કાનુની કાર્યવાહીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ ગુનાહિત કૃત્ય ન હોઇ એફ.ઓ.આર./એફ.આઇ.આર. નોંધવાનો પ્રશ્ન રહેતો નથી.

(૪) તાબાના સ્ટાફ દ્વારા વન સંરક્ષણ તથા વન્યપ્રાણીઓના રક્ષણ અર્થે સતત પેટ્રોલીંગ કરવામાં આવે છે.

-------

**રાજ્યમાં સિંહોના રક્ષણ માટે ટાસ્ક ફોર્સની રચના કરવા બાબત**

અતારાંકિતઃ ૨૪૯૧ (૨૪-૧૨-૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં સિંહોના રક્ષણ અને સુરક્ષા માટે મે-૨૦૦૭ માં ટાસ્ક ફોર્સની રચના થઇ છે તે હકીકત સાચી છે,

(૨) જુન-૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા ૫ વર્ષમાં ટાસ્ક ફોર્સ દ્વારા કેટલા સિંહોને બચાવી લેવાયા, કેટલાના રક્ષણ કરવામાં આવ્યા, કેટલાને મોતથી બચાવાયા,

(૩) ટાસ્ક ફોર્સ કેટલા શિકારીઓ પકડી પાડ્યા, અને

(૪) શિકારીઓ સામે શી કાનુની કાર્યવાહી થઇ ?

**વન મંત્રીશ્રી :** (૧૪-૨-૨૦૧૪)

(૧) રાજ્ય સરકાર દ્વારા કોઇ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવેલ નથી. પરંતુ વન વર્તુળ જુનાગઢ દ્વારા સિંહોની સંરક્ષણ માટે મંજુર થયેલ વધારાના મહેકમમાંથી ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવેલ.

(૨) ટાસ્ક ફોર્સ દ્વારા મળતી બાતમીઓના આધારે જે તે સંલગ્ન વિભાગો સાથે સંકલન કરીને બચાવની કામગીરી કરવામાં આવે છે. ટાસ્ક ફોર્સ દ્વારા બૃહદગીર વિસ્તારમાં વન્યપ્રાણીઓ અને મુખ્યત્વે સિંહોના સંરક્ષણ હેતુએ બીટ ચકાસણી, માલધારી નેસ ચકાસણી, ફોરેસ્ટ નાકા ચકાસણી, રેલવે તથા રેલવે દ્વારા થતા પાર્સલની ચકાસણી, પરપ્રાંતિય મજુરોના દંગા તથા ઝુંપડા ચકાસણી ખેતરવાડે ગેરકાયદેસર વિજ જોડાણ ચકાસણી વિગેરે કામગીરી સ્થાનિક સ્ટાફ સાથે રહીને કરવામાં આવેલ છે. તદ્ઉપરાંત વન્યપ્રાણી રક્ષણમાં રસ ધરાવતા પ્રકૃતિ પ્રેમીઓ, ઇ.ડી.સી. પ્રમુખ, સરપંચ, વન્યપ્રાણી મિત્રો સાથે લોક સંપર્ક કરી વન્યપ્રાણીઓના રક્ષણ માટેની જરૂરી માહિતીઓ તેમજ સુચનો મેળવવાની કામગીરી કરવામાં આવેલ છે. જેમાં ઘણી સફળતા મળેલ છે. વન વિભાગના સ્ટાફ ઉપરાંત જંગલ વિસ્તાર તથા તેની આજુબાજુ રહેતા લોકોમાં વન્યપ્રાણીઓનું મહત્વ અને તેના રક્ષણ માટે ઘણી જાગૃતિ આવેલ છે અને પરિણામ વન્યપ્રાણીઓને લગતા ગુનાઓમાં ઘણો ઘટાડો જોવા મળેલ છે.

જુન–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કુલ–૪૧૬ સિંહોને બચાવવામાં આવેલ છે.

(૩) ટાસ્ક ફોર્સ દ્વારા સ્વતંત્ર રીતે શિકારીઓ પકડી પાડવાની કામગીરી કરવામાં આવેલ નથી. પરંતુ છેલ્લા પાંચ વર્ષમાં ટાસ્ક ફોર્સ દ્વારા મળતી બાતમીઓના આધારે જે તે સંલગ્ન વિભાગો સાથે સંકલન કરીને કુલ–૧૬ શિકારીઓ પકડવામાં આવેલ છે.

(૪) છેલ્લા પાંચ વર્ષમાં ટાસ્ક ફોર્સ દ્વારા મળતી બાતમીઓના આધારે જે તે સંલગ્ન વિભાગો સાથે સંકલન કરીને પકડવામાં આવેલ કુલ–૧૬ શિકારીઓ પૈકી ૧૪ સામે કોર્ટ કેસ કરવામાં આવેલ જ્યારે બે સામે ખાતારાહે તડ જોડ કરી નિકાલ કરવામાં આવેલ છે.

-------

## ગીર અભયારણ્ય અને નેશનલ પાર્કમાં થયેલ દબાણ

અતારાંકિતઃ ૨૫૭૮ (૨૫–૦૧–૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) ગીર અભયારણ્ય અને નેશનલ પાર્કમાં સપ્ટેમ્બર–૨૦૧૩ ની સ્થિતિએ કેટલા દબાણો થયેલા છે,

(૨) આ દબાણ કેવા પ્રકારના છે,

(૩) દબાણ કેટલા સમયથી છે,

(૪) દબાણકર્તાઓ સામે શા પગલા લેવાયા છે, અને

(૫) આ દબાણો ક્યાં સુધીમાં હટાવવામાં આવશે ?

**વન મંત્રીશ્રી :** (૨૫–૨–૨૦૧૪)

(૧) ગીર અભયારણ્યમાં – કુલ ૫૭.૭૭૫૩ હે. વિસ્તારમાં દબાણ થયેલ છે.

ગીર નેશનલ પાર્કમાં – કોઇ દબાણ થયેલ નથી.

(૨) આ દબાણોમાં ખેતીના હે. ૫૬.૪૧૫૨ અને ધાર્મિક જગ્યાના હે. ૧.૩૬૦૧ વિસ્તારોમાં દબાણો થયેલ છે.

(૩) અમુક દબાણો ઘણા જુના સમયથી તેમજ સને ૧૯૮૭–૮૮ થી તથા ત્યારબાદના વિવિધ વર્ષોમાં થયેલ છે.

(૪) દબાણકર્તાઓ સામે ગુજરાત વન વિભાગ દ્વારા પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. અમુક કિસ્સાઓમાં સંબંધિત દબાણકર્તાઓ દ્વારા નામદાર અદાલતોમાં ન્યાયિક પ્રક્રિયા અર્થે દાવાઓ દાખલ કરવામાં આવેલ છે.

(૫) સંબંધિત કેટલાક દબાણકર્તાઓ દ્વારા નામદાર અદાલતોમાં ન્યાયિક પ્રક્રિયા અર્થે દાવાઓ દાખલ કરવામાં આવેલ છે. કાયદાની મર્યાદામાં દબાણો દૂર કરવા કાર્યવાહી આયોજિત છે.

-------

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૯૧૪
અતારાંકિત પ્રશ્નો

**અમરેલી જિલ્લામાં ધારી, દલખાણીયા રેંજના કરમદડી ગામે બાળ દીપડાને લાકડીના ફટકા મારી હત્યા કરવા બાબત**

અતારાંકિતઃ ૨૭૯૭ (૨૮-૦૧-૨૦૧૪) **ડો તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમરેલી જિલ્લામાં ધારી, દલખાણીયા રેંજના કરમદડી ગામે ૪ માસના બાળદીપડાને લાકડીના ફટકા મારી ઓકટોબર-૧૨માં હત્યા કરાઈ હતી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ આરોપીઓ સામે શી કાનુની કાર્યવાહી કરી, શી શિક્ષા કરવામાં આવી છે અને આરોપીઓ કોણ છે ?

**વન મંત્રીશ્રી :** (૨૫-૨-૧૪)

(૧) હા જી, તા.૩૧-૧૦-૨૦૧૨ના રોજ કરમદડી ગામનાં રેવન્યુ વિસ્તારમાં શ્રી લાભુબેન રત્નાભાઈના માલિકીનાં ખેતરમાંથી દીપડી માદા જીવ-૧, ઉંમર વર્ષ આશરે ૪ થી ૫ માસનો મૃતદેહ મળી આવેલ હતો. જેની ઝીણવટભરી તપાસમાં આ બચ્ચાને બોથડ પદાર્થનો ઘા મારી મૃત્યુ નિપજાવેલ હોવાનું જણાયેલ હતું.

(૨) આ બનાવમાં કુલ બે ઈસમો અનક્રમે (૧) વિનુભાઈ રત્નાભાઈ ખીમાણીયા (૨) કાળુભાઈ રત્નાભાઈ ખીમાણીયા રહેવાસી બંને કરમદડીવાળાની સામે વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ અન્વયે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી દલખાણીયા રેંજ ગુના નંબરઃ૨૯/૧૨-૧૩થી ગુનો નોંધી ધારી કોર્ટમાં ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

-------

**તાલાલા તાલુકાના રમળેચી ગીર ગામની વન ખાતાની જમીન પર દબાણ, વૃક્ષો કપાયા અને પથ્થરોનું ખોદકામ થવા બાબત**

અતારાંકિતઃ ૨૭૯૯ (૨૮-૦૧-૨૦૧૪) **ડો તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) ગીર-સોમનાથ જિલ્લાના તાલાલા તાલુકાના રમળેચી ગીર ગામની વન ખાતાની જમીન પર તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ દબાણ થયાં છે, વૃક્ષો કપાયા છે અને પથ્થરો ખોદી કાઢવામાં આવે છે તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો ઉક્ત ગેરકાનુની પ્રવૃત્તિઓ કેટલા સમયથી ચાલુ છે અને

(૩) ઉક્ત ગેરકાનુની પ્રવૃત્તિઓ અટકાવવા સરકારે શી કાર્યવાહી કરી અને ગેરકાનુની પ્રવૃત્તિ કરનાર જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**વન મંત્રીશ્રી :** (૨૫-૨-૧૪)

(૧) હા જી,

(૨) ઉક્ત ગેરકાનુની પ્રવૃત્તિ સને ૨૦૧૩-૧૪માં ધ્યાન ઉપર આવેલ હતી.

(૩) ઉક્ત ગેરકાનુની પ્રવૃત્તિઓ અટકાવી વન વિભાગ તરફથી જવાબદારો સામે વન ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે તેમજ પેશકદમી દૂર કરી આ વિસ્તારમાં પ્લાન્ટેશનની કામગીરી કરવામાં આવેલ છે.

-------

**અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કોન્ટ્રાકટ પધ્ધતિથી સફાઈ કર્મચારીઓ મૂકવા બાબત**

અતારાંકિતઃ ૨૫૦૬ (૨૦-૧૨-૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં સફાઈની કથળી ગયેલી વ્યવસ્થાને ધ્યાને લઈ કોન્ટ્રાકટ પધ્ધતિથી સફાઈ કર્મચારી મૂકવાનો તા.૩૦ જૂન-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નિર્ણયો કર્યા છે તે હકીકત સાચી છે.

(૨) તા.૩૦ જૂન-૨૦૧૩ની સ્થિતિએ આ હોસ્પિટલમાં કેટલા કોન્ટ્રાકટ પધ્ધતિના સફાઈ કાર્મચારીઓ છે, અને

(૩) બાકી રહી ગયેલ જગ્યાઓ માટે કોન્ટ્રાકટ પધ્ધતિ કર્મચારીઓ ક્યારે મૂકાશે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૨૫-૨-૧૪)

(૧) ના, જી

(૨) તા.૩૦ જૂન–૨૦૧૩ની સ્થિતિએ આ હોસ્પિટલમાં કુલ–૨૮૧ કોન્ટ્રાકટ પધ્ધતિના સફાઈ કર્મચારીઓ છે

(૩) આ સંસ્થાની વર્ગ–૪ સંવર્ગની કુલ–૨૮૧ ખાલી રહેલ જગ્યાઓ સામે આઉટસોર્સ કોન્ટ્રાકટ પધ્ધતિથી કામગીરી લેવામાં આવે છે, જેથી જગ્યાઓ બાકી રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

**રાજ્યની સિવિલ હોસ્પિટલોમાં ઓ.સી ટોમોગ્રાફી મશીન વસાવવા બાબત**

અતારાંકિતઃ ૨૫૦૭ (૨૦–૧૨–૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) આંખના ગંભીર રોગના નિદાન માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ઓ.સી.ટોમોગ્રાફી મશીન તા.૩૦ જૂન ૨૦૧૩ની સ્થિતિએ વસાવવામાં આવ્યું છે તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો આવા ટોમોગ્રાફી મશીન રાજ્યની બીજી કઈ કઈ સિવિલ હોસ્પિટલમાં વસાવવાનું આયોજન છે, અને

(૩) તે કયાં સુધીમાં વસાવવામાં આવશે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૨૬–૨–૧૪)

(૧) આ સાધન સિવિલ હોસ્પિટલ ખાતે નહીં, પરંતુ એમ. એન્ડ જે ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓપ્થેલ્મોલોજી, અમદાવાદ ખાતે તા.૩૧–૬–૧૩ની સ્થિતિએ કાર્યરત છે.

(૨) આવા ટોમોગ્રાફી મશીન રાજ્યની સિવિલ હોસ્પિટલોમાં રાષ્ટ્રિય અંધત્વ નિવારણ કાર્યક્રમ હેઠળ ફંડ ઉપલબ્ધ થયે તબક્કાવાર વસાવવા વિચારણા કરવામાં આવશે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

**આરોગ્ય વિભાગ પાસે શિક્ષણ વિભાગે માંદગી બાબતે ખાસ કિસ્સામાં માંગેલ અભિપ્રાયના પડતર કેસો**

અતારાંકિતઃ ૨૫૪૦ (૨૪–૧૨–૧૩) **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૧૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શિક્ષણ વિભાગે માંદગી બાબતે ખાસ કિસ્સામાં આરોગ્ય વિભાગના અભિપ્રાયનું જણાવવા છતાં કેટલા કેસો પડતર છે,

(૨) લાંબા સમયથી પડતર કેસોમાં વિલંબ કરનાર કયા અધિકારી સામે શાં પગલાં લીધાં, અને

(૩) આવા પડતર કેસો કયારે પૂર્ણ કરવામાં આવશે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૨૧–૨–૧૪)

(૧) તા.૩૦–૧૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શિક્ષણ વિભાગની માંદગી બાબતે અભિપ્રાય આપવાના કોઈ કેસ પડતર નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

**અડાલજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ખુલ્લા કુવામાં પડવાથી વિદ્યાર્થીનું મૃત્યુ**

અતારાંકિતઃ ૨૫૬૭ (૩૧–૧૨–૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) ગાંધીનગર જિલ્લામાં અડાલજ ખાતેના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સંકુલમાં ખુલ્લા કુવામાં પડી જતા એક વિદ્યાર્થીનું તા.૧૧–૧૨–૧૩ના રોજ મૃત્યુ થયુ હતું તે હકીકત સાચી છે,

(૨) સુપ્રિમ કોર્ટના ખુલ્લા કુવાને ઢાંકી દેવા અને ચારે બાજુથી તાર ફેન્સીંગથી સુરક્ષિત કરી દેવાના ફેબ્રુઆરી–૨૦૧૦ના સ્પષ્ટ આદેશ મુજબ આ ખુલ્લા કુવાને સુરક્ષીત કરવાની જવાબદારી કોની થતી હતી,

(૩) સુપ્રિમ કોર્ટના ચુકાદાનો અમલ નહીં કરનારા અને ગુનાહિત બેદરકારી રાખનારા જવાબદાર અધિકારી સામે શી કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, અને

(૪) અધિકારીની ગુનાહિત બેદરકારીથી મૃત્યુ પામનાર વિદ્યાર્થીને કેટલું વળતર ચૂકવાયું છે ?

એચબી–૬૭૩–૩ ૨૪–૨–૧૪)

(૧) હા, જી.

(૨) સામુહિક આરોગ્ય કેન્દ્ર અડાલજના કેમ્પસમાં આવેલા ખુલ્લા કુવાને સુરક્ષિત કરવાની જવાબદારી કચેરીના વડા તરીકે સામુહિક આરોગ્ય કેન્દ્રના અધિક્ષકશ્રીની થતી હતી.

(૩) ઘટના બાબતે અડાલજ પોલીસ સ્ટેશન ખાતે ગુન્હો નોંધવામાં આવેલ છે અને તપાસ ચાલુમાં છે. આ આકસ્મિક ઘટના બાબતે અધિક્ષકશ્રી, સામુહિક આરોગ્ય કેન્દ્ર, અડાલજ તેમજ ડી.સી.એમ.ઓ. ફોર સી.એચ.સી. કમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, ગાંધીનગરનો તપાસ અહેવાલ વિભાગીય નાયબ નિયામકશ્રી, ગાંધીનગર દ્વારા રજુ થયેલ છે. તપાસના અંતે જવાબદાર ઠરતા અધિકારીની જવાબદારી સબબ શિક્ષાત્મક પગલા લેવામાં આવશે.

(૪) જિલ્લા પંચાયત સ્વભંડોળ, ગાંધીનગરના સ્વભંડોળમાંથી મૃત્યુ પામેલ વિદ્યાર્થીના પિતાને રૂા.૫૦,૦૦૦– (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) અને વિદ્યાદીપ યોજના અંતર્ગત રૂ.૫૦,૦૦૦– (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) એમ મળી કુલ રૂ.૧,૦૦,૦૦૦– (અંકે રૂપિયા એક લાખ પુરા) ચેકથી ચુકવવામાં આવેલ છે.

–––––––

**અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ઓ.પી.ડીની મુદત વધારવા બાબત**

અતારાંકિતઃ ૨૫૭૧ (૩૧–૧૨–૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં જુદા જુદા વિભાગોમાં તા.૩૦ સપ્ટેમ્બર–૨૦૧૩ની સ્થિતિએ પ્રતિદિન ઓ.પી.ડી.ની મહત્તમ કેટલી મર્યાદા છે,

(૨) મહત્તમ મર્યાદાથી કયા કયા વિભાગોમાં ઉક્ત સ્થિતિએ બે (૨) વર્ષમાં વધુ ઓ.પી.ડી થાય છે, અને

(૩) ઓ.પી.ડીની મહત્તમ મર્યાદા વધારવા શી વ્યવસ્થા/સુવિધા થઈ છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૨૫–૨–૧૪)

(૧) સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં જુદા જુદા વિભાગોમાં તા.૩૦ સપ્ટેમ્બર–૨૦૧૩ની સ્થિતિએ પ્રતિદિન ઓ.પી.ડી.ની મહત્તમ મર્યાદા નક્કી કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

**રાજ્યમાં માનસિક રોગોની હોસ્પીટલો**

અતારાંકિતઃ ૨૫૭૨ (૪–૧–૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજયમાં ઓકટોબર–૨૦૧૩ની સ્થિતિએ માનસિક રોગોની હોસ્પિટલો કયાં ક્યાં છે,

(૨) જરૂરિયાતની દ્રષ્ટિએ રાજ્યમાં કેટલી વધુ હોસ્પિટલોની જરૂર છે, અને

(૩) તે કયાં સુધીમાં કયા શહેરમાં સ્થાપવામાં આવનાર છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૨૧–૨–૧૪)

(૧) અમદાવાદ, વડોદરા, જામનગર અને ભૂજ

(૨) ત્રણ,

(૩) હાલમાં એક હોસ્પિટલ મહેસાણા વર્ષ ૨૦૧૫–૧૬ સુધીમાં કાર્યાન્વિત કરવાનું આયોજન છે.

–––––––

**રાજ્યની હોસ્પિટલો/દવાખાનાઓમાં એઈડ્સની સારવારના ઈન્કાર ન કરવા અંગે થયેલ આદેશ**

અતારાંકિતઃ ૨૫૭૩ (૪-૧-૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં કોઈપણ હોસ્પિટલો/દવાખાનામાં એઈડ્સની સારવાર કરવા ઈન્કાર ન કરવામાં આવે તે માટે રાજ્ય સરકારે સપ્ટેમ્બર-૨૦૧૩ની સ્થિતિએ ક્યારે આદેશ આપ્યો છે, અને

(૨) આ આદેશની શી વિગત છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૨૧-૨-૨૦૧૪)

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૧-૦૩-૨૦૦૯ ના પત્ર *ક્રમાંકઃ પરચ-૨૦૦૯-૫૪૨-ગ થી આદેશ આપેલ છે.

(૨) * સામેલ રાખ્યા મુજબ.

(* પત્ર સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં વત્સક્યુલર વિભાગ દ્વારા કરવામાં આવતા ઓપરેશનની યોગ્ય પધ્ધતિ અંગે તપાસ કરવા બાબત**

અતારાંકિતઃ ૨૬૦૨ (૪-૧-૧૪) **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ સિવીલ હોસ્પિટલના વત્સક્યુલર વિભાગમાં કેટલા ઓપરેશનો કરવામાં આવ્યા,

(૨) આ ઓપરેશનની પધ્ધતિ યોગ્ય છે તે બાબતે તપાસો કરવામાં આવી છે કે કેમ,

(૩) કરવામાં આવેલ ઓપરેશનોમાં કેટલા સફળ થયા, અને

(૪) હોસ્પિટલોમાંથી રજા આપવામાં આવ્યા પછી દર્દીઓને કોઇ ફેર પડતો નથી તો તે બાબતે સરકાર તપાસ કરવા માંગે છે, કે કેમ ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૨૫-૨-૨૦૧૪)

(૧) અમદાવાદ સિવીલ હોસ્પિટલમાં વત્સક્યુલર વિભાગ અલગથી અસ્તિત્વમાં નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યમાં જિલ્લા રોગી કલ્યાણ સમિતિમાં થયેલ આવક**

અતારાંકિતઃ ૨૬૦૩ (૪-૨-૧૪) **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં કયા કયા જિલ્લાઓમાં જિલ્લા રોગી કલ્યાણ સમિતિઓમાં જિલ્લાવાર કેટલી નાણાકીય આવક થઇ,

(૨) આ આવકનો ઉપયોગ ક્યાં ક્યાં કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ કયા જિલ્લામાં કેટલી સિલક જમા છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૨૪-૨-૨૦૧૪)

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૯૧૪
અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૦-૧૧-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લાવાર રોગી કલ્યાણ સમિતિની આવક દર્શાવતું પત્રક-૧ સામેલ છે. (પત્રક-૧ મુજબ)

(૨) આ આવકનો ઉપયોગ સર્જીકલ વસ્તુઓની તાત્કાલિક કરવી પડતી ખરીદ, ડેડસ્ટોક, લીનન, દાખલ થયેલા દર્દીઓને ખાસ પ્રકારના ડાયેટનો ખર્ચ તેમજ ગરીબ દર્દીઓના હિતમાં બહારથી ખરીદ કરવી પડતી દવાઓ સહિત ગુણવત્તા સભર સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

(૩) ઉક્ત સ્થિતિએ અગાઉની જમા રકમ સહિત રૂા.૬,૬૯,૭૭,૪૦૨/- સિલક જમા છે. (જિલ્લાવાર માહિતી પત્રક-૨ મુજબ)

**પત્રક–૧**

| ક્રમ | જિલ્લા હોસ્પિટલનું નામ | તા.૩૦–૧૧–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં જિલ્લા રોગી કલ્યાણ સમિતિઓમાં જિલ્લાવાર નીચે દર્શાવ્યા મુજબની નાણાંકીય આવક થઇ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | જનરલ હોસ્પિટલ, અમરેલી | ૮૯૦૦૦૦ |
| ૨ | જનરલ હોસ્પિટલ, આહવા | ૮૭૧૪૬૮ |
| ૩ | જનરલ હોસ્પિટલ, ભરુચ | ૬૭૨૩૬૯૭ |
| ૪ | જનરલ હોસ્પિટલ, ભૂજ | ૧૧૫૦૦૦ |
| ૫ | જનરલ હોસ્પિટલ, દાહોદ | ૭૦૩૯૯૮ |
| ૬ | જનરલ હોસ્પિટલ, ગાંધીનગર | ૯૬૨૪૩૧૨ |
| ૭ | જનરલ હોસ્પિટલ, ગોધરા | ૬૮૧૨૩૮ |
| ૮ | જનરલ હોસ્પિટલ, હિંમતનગર | ૫૫૮૩૭૦ |
| ૯ | જનરલ હોસ્પિટલ, જુનાગઢ | ૮૮૮૯૩૨૩ |
| ૧૦ | જનરલ હોસ્પિટલ, જામખંભાળિયા | ૩૦૧૯૧૮૮ |
| ૧૧ | જનરલ હોસ્પિટલ, મહેસાણા | ૮૫૨૫૦૦૯ |
| ૧૨ | જનરલ હોસ્પિટલ, નડીયાદ | ૨૪૨૫૦૨૪ |
| ૧૩ | જનરલ હોસ્પિટલ, નવસારી | ૨૯૧૨૩૦૭ |
| ૧૪ | જનરલ હોસ્પિટલ, પાલનપુર | ૧૯૭૨૫૯૭ |
| ૧૫ | જનરલ હોસ્પિટલ, પાટણ | ૩૬૩૩૭૬૭ |
| ૧૬ | જનરલ હોસ્પિટલ, પેટલાદ | ૧૯૮૯૭૮ |
| ૧૭ | જનરલ હોસ્પિટલ, પોરબંદર | ૨૨૩૦૭૪૬ |
| ૧૮ | જનરલ હોસ્પિટલ, P.K. રાજકોટ | ૫૪૧૪૩૪ |
| ૧૯ | જનરલ હોસ્પિટલ, રાજપીપળા | ૫૦૨૩૦૪ |
| ૨૦ | જનરલ હોસ્પિટલ, સોલા | ૧૬૯૧૨૦૦ |
| ૨૧ | જનરલ હોસ્પિટલ, સુરેન્દ્રનગર | ૮૧૨૫૪૫ |
| ૨૨ | જનરલ હોસ્પિટલ, વડોદરા | ૩૩૦૦૧૧૪ |
| ૨૩ | જનરલ હોસ્પિટલ, વલસાડ | ૨૩૨૦૬૧૦ |
| ૨૪ | જનરલ હોસ્પિટલ, વ્યારા | ૧૩૬૬૨૧૫ |
| | **કુલઃ** | **૬૪૫૦૯૪૪૪** |

**પત્રક–૨**

| ક્રમ | જિલ્લા હોસ્પિટલનું નામ | ઉક્ત સ્થિતિએ જિલ્લામાં કેટલી સિલક જમા છે? |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | જનરલ હોસ્પિટલ, અમરેલી | ૩૦૦૩૦૦૦ |
| ૨ | જનરલ હોસ્પિટલ, આહવા | ૪૦૦૧૨૮૯ |
| ૩ | જનરલ હોસ્પિટલ, ભરુચ | ૯૩૬૨૫૯ |
| ૪ | જનરલ હોસ્પિટલ, ભૂજ | ૧૧૫૭૫૦ |
| ૫ | જનરલ હોસ્પિટલ, દાહોદ | ૧૧૬૭૩૨ |
| ૬ | જનરલ હોસ્પિટલ, ગાંધીનગર | ૦ |
| ૭ | જનરલ હોસ્પિટલ, ગોધરા | ૪૫૯૯૩૨૭ |

| ક્રમ | જિલ્લા હોસ્પિટલનું નામ | ઉક્ત સ્થિતિએ જિલ્લામાં કેટલી સિલક જમા છે? |
|---|---|---|
| ૮ | જનરલ હોસ્પિટલ, હિંમતનગર | ૭૧૭૦૦ |
| ૯ | જનરલ હોસ્પિટલ, જુનાગઢ | ૩૯૦૦૭૮૬ |
| ૧૦ | જનરલ હોસ્પિટલ, જામખંભાળિયા | ૧૮૫૮૭૨૬ |
| ૧૧ | જનરલ હોસ્પિટલ, મહેસાણા | ૨૭૧૨૫૦૬ |
| ૧૨ | જનરલ હોસ્પિટલ, નડીયાદ | ૨૯૬૦૪૨૪ |
| ૧૩ | જનરલ હોસ્પિટલ, નવસારી | ૮૫૮૧૪૫ |
| ૧૪ | જનરલ હોસ્પિટલ, પાલનપુર | ૩૬૧૨૪૬૯ |
| ૧૫ | જનરલ હોસ્પિટલ, પાટણ | ૩૧૫૨૮૮૯ |
| ૧૬ | જનરલ હોસ્પિટલ, પેટલાદ | ૧૯૮૯૭૮ |
| ૧૭ | જનરલ હોસ્પિટલ, પોરબંદર | ૮૪૦૪૨૭૨ |
| ૧૮ | જનરલ હોસ્પિટલ, P.K. રાજકોટ | ૨૪૩૩૦૭૮ |
| ૧૯ | જનરલ હોસ્પિટલ, રાજપીપળા | ૫૦૨૩૦૪ |
| ૨૦ | જનરલ હોસ્પિટલ, સોલા | ૬૪૮૪ |
| ૨૧ | જનરલ હોસ્પિટલ, સુરેન્દ્રનગર | ૨૭૭૦૭૩૨ |
| ૨૨ | જનરલ હોસ્પિટલ, વડોદરા | ૧૩૯૨૭૨૬૨ |
| ૨૩ | જનરલ હોસ્પિટલ, વલસાડ | ૬૩૭૩૯૦૮ |
| ૨૪ | જનરલ હોસ્પિટલ, વ્યારા | ૪૬૦૩૮૨ |
| | **કુલઃ** | **૬૬૯૭૭૪૦૨** |

---------

**જામનગર જિલ્લામાં ઑરેટ પ્રોગ્રામ હેઠળ હોસ્પિટલોમાં આપવામાં આવેલ સાધનો**

અતારાંકિતઃ ૨૬૪૧ (૦૪-૦૧-૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં જામનગર જિલ્લામાં ઑરેટ પ્રોગ્રામ હેઠળ કઇ કઇ હોસ્પિટલોમાં કેટલી રકમના સાધનો આપવામાં આવ્યા,

(૨) આ પૈકી કેટલા સાધનો ક્યારથી બંધ છે,

(૩) ઉક્ત સ્થિતિએ આ સાધનો રીપેર કરવા અંગે છેલ્લા એક વર્ષમાં સરકારે શી કાર્યવાહી કરી, અને

(૪) આ સાધનો રીપેર ન થવાના કારણો શાં છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૨૧-૨-૨૦૧૪)

(૧) ઑરેટ પ્રોગ્રામ હેઠળ કોઇપણ હોસ્પિટલમાં સાધનો આપવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ચોટીલા તાલુકાના બામણબોર ગામમાં નકલી દુધ બનાવતી ફેક્ટરીઓ સામે લીધેલ પગલાં**

અતારાંકિતઃ ૨૭૯૮ (૦૪-૦૧-૧૪) **ડો તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના બામણબોર ગામમાં તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં નકલી દુધ બનાવવાની ફેક્ટરી પકડી પાડવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) આ ફેક્ટરી કેટલા સમયથી કાર્યરત હતી અને કુલ કેટલું નકલી દુધ ઉત્પાદીત કર્યું હતું,

એચબી-૬૭૩-૪ મારોપીઓ સામે શી કાનુની કાર્યવાહી કરી અને શી શિક્ષા કરવામાં આવી, અને

(૪) આ ગુનાહિત પ્રવૃત્તિ કરનારા આરોપીઓ કોણ કોણ હતા ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૨૪-૨-૨૦૧૪)

(૧) હા, તા.૯-૧૧-૨૦૧૨ ના રોજ બામણબોર ગામ, તાલુકો ચોટીલાથી ફેક્ટરી નહિં પરંતુ રહેઠાણના સ્થળેથી નકલી દુધ પકડી પાડવામાં આવેલ.

(૨) તા.૨૫-૧૦-૨૦૧૨ થી નકલી દૂધ બનાવવાનું કાર્યરત હતું અને ૨૦ લીટર જેટલું નકલી દૂધ ઉત્પાદીત કર્યું હતું.

(૩) ખાદ્ય સુરક્ષા અને ધોરણો અધિનિયમ ૨૦૦૬ નીચે આરોપીઓ સામે નામદાર જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સમક્ષ ચોટીલા, જિલ્લો સુરેન્દ્રનગરની કોર્ટમાં તા.૧૮-૧૦-૨૦૧૩ ના રોજ ક્રિમિનલ કેસ ૭૪૨/૨૦૧૩ દાખલ કરવામાં આવેલ છે. જે હાલ કોર્ટમાં પડતર હોવાથી શિક્ષા થયેલ નથી.

(૪) સુરેન્દ્રનગર જિલ્લા, ચોટીલા તાલુકા, બામણબોર ગામના રહીશ સામે આરોપ છે.

---------

**મૃત વ્યક્તિની કીડનીનું વિરુધ્ધ ગૃપમાં ટ્રાંસપ્લાન્ટ કરવા બાબત**

અતારાંકિતઃ ૨૮૧૮ (૯-૧-૨૦૧૪) **ડો તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ, મૃત વ્યક્તિની કીડનીનું વિરુધ્ધ ગૃપમાં ટ્રાંસપ્લાન્ટ કરી શકાય છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો મૃત વ્યક્તિના દાન મેળવવા રાજ્ય સરકારે કોઇ કાર્યક્રમ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં હાથ ધર્યો છે કે કેમ, અને

(૩) જો હા, તો તેની વિગત શી છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૨૧-૨-૨૦૧૪)

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યમાં નોંધાયેલ આપઘાતના બનાવો**

અતારાંકિતઃ ૧૭૭ (૧૮-૬-૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં સને ૨૦૦૮ થી ૨૦૧૨માં કેટલા આપઘાત નોંધાયા,

(૨) રાજ્યમાં આપઘાતના ઉંચા પ્રમાણના શા કારણો છે, અને

(૩) આપઘાતનું પ્રમાણ ઘટાડવા શી કાર્યવાહી થઇ છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૮-૨-૨૦૧૪)

(૧) સરેરાશ આંકડા મુજબ દર વર્ષે ૬૧૭૭ કેસ નોંધવામાં આવેલ છે.

(૨) આ બનાવો આવેશ, બીક, બદનામી થવાના ભય જેવા વિવિધ કારણોસર બનતા હોય છે. આપઘાતનાં બનાવના કારણોના કોઇ આધાર પુરાવા હોતા નથી. અકસ્માત મૃત્યુ નોંધતાં મૃત્યુના કારણની ચોકસાઇ કરાય છે. આ કારણ દરેકના અંગત હોય છે અને દરેક કિસ્સામાં અલગ અલગ હોય છે.

(૩) આવા બનાવો એકાએક અને આવેશમાં આવી જવાથી બનતા હોય છે, અને સામાજિક જવાબદારી વહન કરવાની માનસિક અશક્તિને કારણે બનતા હોઇ, સામાજીક દુષણ હોઇ સમાજના સ્વતઃ જાગૃતિનાં અભિયાન માટે સામાજીક સંસ્થાઓએ આગળ આવવું જોઇએ. અલબત,

૧) જિલ્લા પોલીસ વડા અને પોલીસ કમિશ્નરશ્રીઓ જ્યારે જ્યારે લોક દરબારો યોજે ત્યારે વ્યાજે પૈસા ધીરધાર બાબતે કોઇ કનડગત હોય અને અન્ય અનિષ્ટ તત્વોનો ત્રાસ હોય, ત્યારે તાત્કાલિક મળવા અથવા ફરિયાદ વિના સંકોચે આપવા જણાવવામાં આવે છે.

૨) પરીક્ષા આપતા છોકરા/છોકરીઓને પરિણામના દિવસે માતા પિતા કે વડીલો તરફથી કોઇ ઠપકો/દબાણ નહીં કરવાની વિનંતી લોકદરબાર વખતે પણ કરવામાં આવે છે.

૩) સામાજીક સંસ્થાઓ કે જે આ દિશામાં કામ કરતી હોય તેમને પણ તેમના દ્વારા આ અંગે યોગ્ય સલાહ સુચનો પુરા પાડવા અનુરોધ કરવામાં આવે છે.

૪) જીવન આસ્થા હેલ્પ લાઇનની મદદથી જરૂરી માર્ગદર્શન અને સમસ્યાનું નિરાકરણ કરવામાં આવે છે.

૫) ઘર કંકાસ અને કૌટુંબિક ઝઘડાને કારણે મહિલાઓ દ્વારા કરવામાં આવતા આત્મઘાતના બનાવો અટકાવવા, તેવા કિસ્સાઓમાં એન.જી.ઓ. તથા મહિલા પોલીસની મદદથી તેવા ઝઘડાઓનો સમાધાનકારી અંત લાવવાનો પ્રયાસ કરવામાં આવે છે.

૬) અવાવરૂ જગ્યા, કુવા, ડેમ, તળાવ, રેલવે ટ્રેક, નહેર જેવા વિસ્તારમાં પોલીસ દ્વારા પેટ્રોલીંગ રાખી, આવા બનાવો અટકાવવાનાં પ્રયાસ કરવામાં આવે છે.

---------

**રાજ્યમાં જિલ્લાવાર ગુમ થયેલ બાળકો**

અતારાંકિતઃ ૩૮૧ (૨૦–૬–૨૦૧૩) **ડો તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૦૩/૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલા બાળકો ગુમ થયા,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ વર્ષવાર કેટલા બાળકો મળી આવ્યા, અને

(૩) કેટલા બાળકો લાપત્તા છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૧૫–૨–૨૦૧૪)

(૧) પત્રક –૧ મુજબ

(૨) પત્રક –૨ મુજબ

(૩) પત્રક –૩ મુજબ

**પત્રક–૧**

| **જિલ્લાનું નામ** | **તા.૧.૪.૨૦૦૮ થી તા.૩૧.૩.૨૦૦૯** | **તા.૧.૪.૨૦૦૯ થી તા.૩૧.૩.૨૦૧૦** | **તા.૧.૪.૨૦૧૦ થી તા.૩૧.૩.૨૦૧૧** | **તા.૧.૪.૨૦૧૧ થી તા.૩૧.૩.૨૦૧૨** | **તા.૧.૪.૨૦૧૨ થી તા.૩૧.૩.૨૦૧૩** |
|---|---|---|---|---|---|
| અમદાવાદ શહેર | ૪૮૮ | ૫૩૧ | ૫૨૮ | ૫૦૬ | ૫૨૮ |
| રાજકોટ શહેર | ૧૭૨ | ૧૭૪ | ૨૦૧ | ૨૧૨ | ૧૪૭ |
| સુરત શહેર | ૬૪૭ | ૭૩૭ | ૬૫૭ | ૭૮૧ | ૭૪૧ |
| વડોદરા શહેર | ૧૨૮ | ૧૫૮ | ૧૬૩ | ૨૧૬ | ૨૮૬ |
| અમદાવાદ ગ્રામ્ય | ૧૫ | ૪૮ | ૫૪ | ૧૦૯ | ૧૦૭ |
| ખેડા | ૪૩ | ૪૭ | ૪૨ | ૫૯ | ૬૪ |
| આણંદ | ૧૦૦ | ૧૦૮ | ૧૨૨ | ૧૨૯ | ૧૦૧ |
| ગાંધીનગર | ૧૨૩ | ૯૯ | ૧૨૬ | ૧૨૩ | ૧૨૮ |
| સાબરકાંઠા | ૨૯ | ૫૩ | ૩૩ | ૪૦ | ૪૫ |
| મહેસાણા | ૮૧ | ૧૦૩ | ૧૨૬ | ૧૨૮ | ૧૨૧ |

| જિલ્લાનું નામ | તા.૧.૪.૨૦૦૮ થી તા.૩૧.૩.૨૦૦૯ | તા.૧.૪.૨૦૦૯ થી તા.૩૧.૩.૨૦૧૦ | તા.૧.૪.૨૦૧૦ થી તા.૩૧.૩.૨૦૧૧ | તા.૧.૪.૨૦૧૧ થી તા.૩૧.૩.૨૦૧૨ | તા.૧.૪.૨૦૧૨ થી તા.૩૧.૩.૨૦૧૩ |
|---|---|---|---|---|---|
| જામનગર | ૭૨ | ૭૭ | ૧૦૩ | ૧૩૦ | ૧૫૮ |
| રાજકોટ ગ્રામ્ય | ૮૬ | ૭૫ | ૧૦૦ | ૯૮ | ૧૨૮ |
| સુરેન્દ્રનગર | ૧૨ | ૧૯ | ૧૧ | ૨૭ | ૮૭ |
| બનાસકાંઠા | ૫૧ | ૪૪ | ૭૭ | ૮૬ | ૯૫ |
| કચ્છ–ભૂજ (પૂર્વ) | ૫૫ | ૫૭ | ૬૧ | ૬૧ | ૭૧ |
| કચ્છ–ભૂજ (પશ્ચિમ) | ૪૬ | ૪૯ | ૫૦ | ૪૬ | ૬૯ |
| પાટણ | ૨૧ | ૩૩ | ૫૯ | ૫૮ | ૬૪ |
| અમરેલી | ૨૫ | ૨૪ | ૪૧ | ૫૫ | ૩૧ |
| ભાવનગર | ૭૯ | ૮૪ | ૧૦૦ | ૧૦૪ | ૮૫ |
| જૂનાગઢ | ૭૦ | ૧૦૦ | ૯૬ | ૯૮ | ૬૧ |
| પોરબંદર | ૧૬ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ |
| વડોદરા ગ્રામ્ય | ૧૧ | ૫ | ૧૮ | ૧૨ | ૪૪ |
| ભરૂચ | ૩૫ | ૪૯ | ૫૨ | ૫૮ | ૮૧ |
| નર્મદા | ૯ | ૧૨ | ૧૧ | ૫ | ૩ |
| પંચમહાલ–ગોધરા | ૪૦ | ૬૯ | ૫૮ | ૫૪ | ૫૫ |
| દાહોદ | ૨૦ | ૨૧ | ૨૪ | ૨૩ | ૨૯ |
| સુરત ગ્રામ્ય | ૨૫ | ૧૨ | ૧૩ | ૨૦ | ૪૦ |
| તાપી | ૨ | ૨ | ૯ | ૨૦ | ૧૪ |
| વલસાડ | ૫૪ | ૬૭ | ૫૨ | ૯૧ | ૯૯ |
| નવસારી | ૩૮ | ૩૧ | ૩૮ | ૫૧ | ૫૭ |
| ડાંગ–આહવા | ૪ | ૨ | ૪ | ૬ | ૧ |
| પશ્ચિમ રેલ્વે વડોદરા | ૨ | ૧ | ૪ | ૫ | ૪ |
| પશ્ચિમ રેલ્વે અમદાવાદ | ૧ | ૧ | ૩ | ૩ | ૫ |

**પત્રક–૨**

| જિલ્લાનું નામ | તા.૧.૪.૨૦૦૮ થી તા.૩૧.૩.૨૦૦૯ | તા.૧.૪.૨૦૦૯ થી તા.૩૧.૩.૨૦૧૦ | તા.૧.૪.૨૦૧૦ થી તા.૩૧.૩.૨૦૧૧ | તા.૧.૪.૨૦૧૧ થી તા.૩૧.૩.૨૦૧૨ | તા.૧.૪.૨૦૧૨ થી તા.૩૧.૩.૨૦૧૩ |
|---|---|---|---|---|---|
| અમદાવાદ શહેર | ૪૪૭ | ૫૦૫ | ૪૮૯ | ૪૬૬ | ૪૭૫ |
| રાજકોટ શહેર | ૧૭૦ | ૧૬૭ | ૧૯૭ | ૨૦૪ | ૧૩૪ |
| સુરત શહેર | ૫૭૭ | ૬૭૨ | ૫૯૨ | ૭૪૫ | ૬૬૬ |
| વડોદરા શહેર | ૧૨૬ | ૧૪૬ | ૧૫૩ | ૨૧૦ | ૨૭૭ |
| અમદાવાદ ગ્રામ્ય | ૧૫ | ૪૦ | ૪૯ | ૯૪ | ૯૦ |
| ખેડા | ૪૧ | ૪૩ | ૩૬ | ૫૪ | ૫૩ |
| આણંદ | ૯૮ | ૯૯ | ૧૧૪ | ૧૨૧ | ૮૮ |
| ગાંધીનગર | ૧૨૧ | ૯૬ | ૧૨૧ | ૧૨૧ | ૧૧૪ |
| સાબરકાંઠા | ૨૯ | ૫૩ | ૩૩ | ૩૯ | ૪૪ |
| મહેસાણા | ૮૦ | ૧૦૨ | ૧૨૩ | ૧૨૭ | ૧૧૧ |
| જામનગર | ૭૨ | ૭૩ | ૧૦૦ | ૧૨૫ | ૧૪૫ |
| રાજકોટ ગ્રામ્ય | ૭૮ | ૬૯ | ૯૪ | ૯૨ | ૧૦૫ |
| સુરેન્દ્રનગર | ૧૨ | ૧૯ | ૧૧ | ૨૭ | ૭૫ |

| **જિલ્લાનું નામ** | **તા.૧.૪.૨૦૦૮ થી તા.૩૧.૩.૨૦૦૯** | **તા.૧.૪.૨૦૦૯ થી તા.૩૧.૩.૨૦૧૦** | **તા.૧.૪.૨૦૧૦ થી તા.૩૧.૩.૨૦૧૧** | **તા.૧.૪.૨૦૧૧ થી તા.૩૧.૩.૨૦૧૨** | **તા.૧.૪.૨૦૧૨ થી તા.૩૧.૩.૨૦૧૩** |
|---|---|---|---|---|---|
| બનાસકાંઠા | ૫૦ | ૪૨ | ૭૬ | ૮૫ | ૮૮ |
| કચ્છ–ભૂજ (પૂર્વ) | ૫૨ | ૫૪ | ૫૪ | ૫૯ | ૫૮ |
| કચ્છ–ભૂજ (પશ્ચિમ) | ૪૪ | ૪૭ | ૪૮ | ૪૧ | ૫૯ |
| પાટણ | ૨૦ | ૩૧ | ૫૪ | ૫૧ | ૫૮ |
| અમરેલી | ૨૪ | ૨૪ | ૩૮ | ૫૩ | ૨૭ |
| ભાવનગર | ૭૭ | ૮૩ | ૯૫ | ૧૦૦ | ૮૪ |
| જૂનાગઢ | ૬૭ | ૯૮ | ૯૪ | ૬૪ | ૫૩ |
| પોરબંદર | ૧૬ | ૧૨ | ૧૦ | ૧૨ | ૧૧ |
| વડોદરા ગ્રામ્ય | ૧૧ | ૪ | ૧૬ | ૯ | ૩૬ |
| ભરૂચ | ૨૮ | ૪૫ | ૪૫ | ૪૯ | ૭૪ |
| નર્મદા | ૮ | ૧૨ | ૧૧ | ૪ | ૩ |
| પંચમહાલ–ગોધરા | ૩૭ | ૬૮ | ૫૬ | ૫૩ | ૪૪ |
| દાહોદ | ૧૭ | ૧૯ | ૨૧ | ૨૧ | ૨૩ |
| સુરત ગ્રામ્ય | ૨૧ | ૧૦ | ૧૩ | ૧૯ | ૩૫ |
| તાપી | ૧ | ૨ | ૯ | ૨૦ | ૧૪ |
| વલસાડ | ૪૯ | ૬૨ | ૪૭ | ૮૨ | ૮૦ |
| નવસારી | ૩૬ | ૨૯ | ૩૩ | ૪૪ | ૪૯ |
| ડાંગ–આહવા | ૪ | ૨ | ૪ | ૬ | ૧ |
| પશ્ચિમ રેલ્વે વડોદરા | ૨ | ૧ | ૪ | ૫ | ૪ |
| પશ્ચિમ રેલ્વે અમદાવાદ | ૧ | ૧ | ૩ | ૨ | ૪ |

**પત્રક–૩**

| **વર્ષ** | **તા.૧.૪.૨૦૦૮ થી તા.૩૧.૩.૨૦૦૯** | **તા.૧.૪.૨૦૦૯ થી તા.૩૧.૩.૨૦૧૦** | **તા.૧.૪.૨૦૧૦ થી તા.૩૧.૩.૨૦૧૧** | **તા.૧.૪.૨૦૧૧ થી તા.૩૧.૩.૨૦૧૨** | **તા.૧.૪.૨૦૧૨ થી તા.૩૧.૩.૨૦૧૩** |
|---|---|---|---|---|---|
| લાપત્તા બાળકો | ૧૬૯ | ૧૭૪ | ૨૦૫ | ૨૨૨ | ૩૭૯ |

--------

**રાજ્યમાં જિલ્લાવાર સામૂહિક બળાત્કારના બનાવો**

અતારાંકિતઃ ૪૦૧ (૨૪–૬–૨૦૧૩) **ડો તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૦૩/૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલા સામૂહિક બળાત્કારના બનાવો બન્યા છે, અને

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ વર્ષવાર કેટલા આરોપીઓ પકડાયા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૫–૨–૨૦૧૪)

(૧) પત્રક –૧ મુજબ

(૨) પત્રક –૨ મુજબ

**પત્રક –૧**

| જિલ્લાનું નામ | તા.૧.૪.૨૦૦૮ થી તા.૩૧.૩.૨૦૦૯ | તા.૧.૪.૨૦૦૯ થી તા.૩૧.૩.૨૦૧૦ | તા.૧.૪.૨૦૧૦ થી તા.૩૧.૩.૨૦૧૧ | તા.૧.૪.૨૦૧૧ થી તા.૩૧.૩.૨૦૧૨ | તા.૧.૪.૨૦૧૨ થી તા.૩૧.૩.૨૦૧૩ |
|---|---|---|---|---|---|
| અમદાવાદ શહેર | ૨ | ૧ | ૧ | ૫ | ૮ |
| રાજકોટ શહેર | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| સુરત શહેર | ૧ | ૨ | ૦ | ૨ | ૩ |
| વડોદરા શહેર | ૦ | ૩ | ૦ | ૦ | ૧ |
| અમદાવાદ ગ્રામ્ય | ૦ | ૦ | ૦ | ૨ | ૧ |
| ખેડા | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| આણંદ | ૦ | ૦ | ૧ | ૧ | ૨ |
| ગાંધીનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| સાબરકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| મહેસાણા | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| જામનગર | ૦ | ૧ | ૦ | ૧ | ૧ |
| રાજકોટ ગ્રામ્ય | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| સુરેન્દ્રનગર | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| બનાસકાંઠા | ૦ | ૧ | ૧ | ૧ | ૦ |
| કચ્છ–ભૂજ (પૂર્વ) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કચ્છ–ભૂજ (પશ્ચિમ) | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| પાટણ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ |
| અમરેલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ભાવનગર | ૦ | ૦ | ૨ | ૨ | ૧ |
| જૂનાગઢ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| પોરબંદર | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| વડોદરા ગ્રામ્ય | ૦ | ૦ | ૩ | ૨ | ૧ |
| ભરૂચ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ |
| એચબી–૬૭૩–૫ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| | ૦ | ૦ | ૧ | ૧ | ૦ |
| દાહોદ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| સુરત ગ્રામ્ય | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| તાપી | ૦ | ૧ | ૦ | ૧ | ૦ |
| નવસારી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| વલસાડ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| ડાંગ–આહવા | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| પશ્ચિમ રેલ્વે વડોદરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| પશ્ચિમ રેલ્વે અમદાવાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

**પત્રક –૨**

| જિલ્લાનું નામ | તા.૧.૪.૨૦૦૮ થી તા.૩૧.૩.૨૦૦૯ | | તા.૧.૪.૨૦૦૯ થી તા.૩૧.૩.૨૦૧૦ | | તા.૧.૪.૨૦૧૦ થી તા.૩૧.૩.૨૦૧૧ | | તા.૧.૪.૨૦૧૧ થી તા.૩૧.૩.૨૦૧૨ | | તા.૧.૪.૨૦૧૨ થી તા.૩૧.૩.૨૦૧૩ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પકડાયા | બાકી | પકડાયા | બાકી | પકડાયા | બાકી | પકડાયા | બાકી | પકડાયા | બાકી |
| અમદાવાદ શહેર | ૧૧ | ૦ | ૪ | ૦ | ૫ | ૦ | ૧૯ | ૦ | ૨૯ | ૧ |
| રાજકોટ શહેર | ૦ | ૦ | ૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ |
| સુરત શહેર | ૩ | ૦ | ૫ | ૦ | ૦ | ૦ | ૪ | ૨ | ૧૪ | ૧ |

| **જિલ્લાનું નામ** | **તા.૧.૪.૨૦૦૮ થી તા.૩૧.૩.૨૦૦૯** | | **તા.૧.૪.૨૦૦૯ થી તા.૩૧.૩.૨૦૧૦** | | **તા.૧.૪.૨૦૧૦ થી તા.૩૧.૩.૨૦૧૧** | | **તા.૧.૪.૨૦૧૧ થી તા.૩૧.૩.૨૦૧૨** | | **તા.૧.૪.૨૦૧૨ થી તા.૩૧.૩.૨૦૧૩** | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પકડાયા | બાકી | પકડાયા | બાકી | પકડાયા | બાકી | પકડાયા | બાકી | પકડાયા | બાકી |
| વડોદરા શહેર | ૦ | ૦ | ૧૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ |
| અમદાવાદ ગ્રામ્ય | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૨ | ૩ | ૬ | ૧ |
| ખેડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ |
| આણંદ | ૦ | ૦ | ૦ | ૦ | ૯ | ૦ | ૪ | ૦ | ૧૦ | ૦ |
| ગાંધીનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| સાબરકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| મહેસાણા | ૦ | ૦ | ૬ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| જામનગર | ૦ | ૦ | ૭ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૩ | ૦ |
| રાજકોટ ગ્રામ્ય | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| બનાસકાંઠા | ૦ | ૦ | ૪ | ૦ | ૩ | ૦ | ૪ | ૩ | ૦ | ૦ |
| કચ્છ–ભૂજ (પૂર્વ) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કચ્છ–ભૂજ (પશ્ચિમ) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૦ |
| પાટણ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| અમરેલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ભાવનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૧૨ | ૦ | ૧૫ | ૧ | ૪ | ૦ |
| જૂનાગઢ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ |
| પોરબંદર | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૦ |
| વડોદરા ગ્રામ્ય | ૦ | ૦ | ૦ | ૦ | ૧૧ | ૧ | ૭ | ૦ | ૪ | ૧ |
| ભરૂચ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૫ | ૦ | ૦ | ૦ |
| નર્મદા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૦ | ૦ | ૦ |
| ગોધરા | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૧૦ | ૧ | ૦ | ૦ |
| દાહોદ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| સુરત ગ્રામ્ય | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| તાપી | ૦ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૪ | ૦ | ૦ | ૦ |
| નવસારી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| વલસાડ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ડાંગ–આહવા | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| પશ્ચિમ રેલ્વે વડોદરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| પશ્ચિમ રેલ્વે અમદાવાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

--------

**મહેસાણા જિલ્લામાં સામૂહિક બળાત્કારના બનાવો**

અતારાંકિતઃ ૫૭૮ (૨૪–૬–૨૦૧૩) **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૦૩/૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા સામૂહિક બળાત્કારના બનાવો બન્યા છે, અને

(૨) ઉકત સ્થિતિએ વર્ષવાર તે પૈકી કેટલા આરોપીઓ પકડાયા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૫–૨–૨૦૧૪)

(૧) પત્રક –૧ મુજબ

(૨) પત્રક –૨ મુજબ

**પત્રક –૧**

| **તાલુકાનું નામ** | **તા.૧.૪.૨૦૦૮ થી તા.૩૧.૩.૨૦૦૯** | **તા.૧.૪.૨૦૦૯ થી તા.૩૧.૩.૨૦૧૦** | **તા.૧.૪.૨૦૧૦ થી તા.૩૧.૩.૨૦૧૧** | **તા.૧.૪.૨૦૧૧ થી તા.૩૧.૩.૨૦૧૨** | **તા.૧.૪.૨૦૧૨ થી તા.૩૧.૩.૨૦૧૩** |
|---|---|---|---|---|---|
| મહેસાણા | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| બહુચરાજી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કડી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| વિસનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| વિજાપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ખેરાલુ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ઉંઝા | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| વડનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| સતલાસણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

**પત્રક –૨**

| **તાલુકાનું નામ** | **તા.૧.૪.૨૦૦૮ થી તા.૩૧.૩.૨૦૦૯** | | **તા.૧.૪.૨૦૦૯ થી તા.૩૧.૩.૨૦૧૦** | | **તા.૧.૪.૨૦૧૦ થી તા.૩૧.૩.૨૦૧૧** | | **તા.૧.૪.૨૦૧૧ થી તા.૩૧.૩.૨૦૧૨** | | **તા.૧.૪.૨૦૧૨ થી તા.૩૧.૩.૨૦૧૩** | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પકડાયા | બાકી | પકડાયા | બાકી | પકડાયા | બાકી | પકડાયા | બાકી | પકડાયા | બાકી |
| મહેસાણા | ૦ | ૦ | ૬ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| બહુચરાજી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કડી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| વિસનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| વિજાપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ખેરાલુ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ઉંઝા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ |
| વડનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| સતલાસણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

––––––––

**ભરૂચ જિલ્લામાં ગુમ થયેલ બાળકો**

અતારાંકિતઃ ૭૮૫ (૨૪–૬–૨૦૧૩) **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૩/૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો ગુમ થયા, અને

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી વર્ષવાર કેટલા બાળકો મળી આવ્યા અને કેટલા બાળકો લાપત્તા છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :** (૧૫–૨–૨૦૧૪)

(૧) પત્રક –૧ મુજબ

(૨) પત્રક –૨ મુજબ

**પત્રક–૧**

| **તાલુકાનું નામ** | **તા.૧.૪.૨૦૦૮ થી તા.૩૧.૩.૨૦૦૯** | **તા.૧.૪.૨૦૦૯ થી તા.૩૧.૩.૨૦૧૦** | **તા.૧.૪.૨૦૧૦ થી તા.૩૧.૩.૨૦૧૧** | **તા.૧.૪.૨૦૧૧ થી તા.૩૧.૩.૨૦૧૨** | **તા.૧.૪.૨૦૧૨ થી તા.૩૧.૩.૨૦૧૩** |
|---|---|---|---|---|---|

| તાલુકાનું નામ | તા.૧.૪.૨૦૦૮ થી તા.૩૧.૩.૨૦૦૯ | તા.૧.૪.૨૦૦૯ થી તા.૩૧.૩.૨૦૧૦ | તા.૧.૪.૨૦૧૦ થી તા.૩૧.૩.૨૦૧૧ | તા.૧.૪.૨૦૧૧ થી તા.૩૧.૩.૨૦૧૨ | તા.૧.૪.૨૦૧૨ થી તા.૩૧.૩.૨૦૧૩ |
|---|---|---|---|---|---|
| ભરૂચ | ૧૭ | ૧૭ | ૨૨ | ૧૯ | ૪૪ |
| વાગરા | ૨ | ૨ | ૩ | ૩ | ૨ |
| આમોદ | ૦ | ૩ | ૩ | ૨ | ૧ |
| જંબુસર | ૨ | ૦ | ૪ | ૪ | ૫ |
| અંકલેશ્વર | ૧૧ | ૧૯ | ૧૫ | ૧૮ | ૨૭ |
| હાસોટ | ૦ | ૦ | ૧ | ૪ | ૦ |
| વાલીયા | ૨ | ૪ | ૧ | ૩ | ૦ |
| ઝગડીયા | ૧ | ૪ | ૩ | ૫ | ૨ |

**પત્રક–૨**

| વર્ષ | મળી આવેલ બાળકો | લાપત્તા બાળકો |
|---|---|---|
| તા. ૧–૪–૨૦૦૮ થી ૩૧–૩–૨૦૦૯ | ૨૮ | ૭ |
| તા. ૧–૪–૨૦૦૯ થી ૩૧–૩–૨૦૧૦ | ૪૫ | ૪ |
| તા. ૧–૪–૨૦૧૦ થી ૩૧–૩–૨૦૧૧ | ૪૫ | ૭ |
| તા. ૧–૪–૨૦૧૧ થી ૩૧–૩–૨૦૧૨ | ૪૯ | ૯ |
| તા. ૧–૪–૨૦૧૨ થી ૩૧–૩–૨૦૧૩ | ૭૪ | ૭ |

–––––––

**ભાવનગર જિલ્લામાં ગુમ થયેલ બાળકો**

અતારાંકિતઃ ૭૮૬ (૨૪–૦૬–૨૦૧૩) **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૦૩/૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો ગુમ થયા, અને

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી વર્ષવાર કેટલા બાળકો મળી આવ્યા અને કેટલા બાળકો લાપત્તા છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :** (૧૫–૦૨–૨૦૧૪)

(૧) પત્રક –૧ મુજબ

(૨) પત્રક –૨ મુજબ

**પત્રક–૧**

| તાલુકાનું નામ | તા.૧.૪.૨૦૦૮ થી તા.૩૧.૩.૨૦૦૯ | તા.૧.૪.૨૦૦૯ થી તા.૩૧.૩.૨૦૧૦ | તા.૧.૪.૨૦૧૦ થી તા.૩૧.૩.૨૦૧૧ | તા.૧.૪.૨૦૧૧ થી તા.૩૧.૩.૨૦૧૨ | તા.૧.૪.૨૦૧૨ થી તા.૩૧.૩.૨૦૧૩ |
|---|---|---|---|---|---|
| ભાવનગર | ૩૯ | ૪૧ | ૩૨ | ૪૮ | ૫૦ |
| ઘોઘા | ૪ | ૪ | ૨ | ૨ | ૨ |
| પાલીતાણા | ૩ | ૩ | ૬ | ૪ | ૪ |
| સિહોર | ૪ | ૩ | ૭ | ૪ | ૪ |
| ગારિયાધાર | ૧ | ૨ | ૨ | ૨ | ૨ |

| **તાલુકાનું નામ** | **તા.૧.૪.૨૦૦૮ થી તા.૩૧.૩.૨૦૦૯** | **તા.૧.૪.૨૦૦૯ થી તા.૩૧.૩.૨૦૧૦** | **તા.૧.૪.૨૦૧૦ થી તા.૩૧.૩.૨૦૧૧** | **તા.૧.૪.૨૦૧૧ થી તા.૩૧.૩.૨૦૧૨** | **તા.૧.૪.૨૦૧૨ થી તા.૩૧.૩.૨૦૧૩** |
|---|---|---|---|---|---|
| તળાજા | ૫ | ૪ | ૨ | ૨ | ૧ |
| મહુવા | ૫ | ૮ | ૧૮ | ૭ | ૧૦ |
| બોટાદ | ૧૫ | ૧૨ | ૨૦ | ૧૪ | ૮ |
| ગઢડા | ૦ | ૨ | ૫ | ૧૬ | ૩ |
| ઉમરાડા | ૦ | ૨ | ૩ | ૨ | ૧ |
| વલ્લભીપુર | ૩ | ૨ | ૩ | ૩ | ૨ |

**પત્રક–૨**

| **વર્ષ** | **મળી આવેલ બાળકો** | **લાપત્તા બાળકો** |
|---|---|---|
| તા.૧.૪.૨૦૦૮ થી તા.૩૧.૩.૨૦૦૯ | ૭૭ | ૨ |
| તા.૧.૪.૨૦૦૯ થી તા.૩૧.૩.૨૦૧૦ | ૮૨ | ૧ |
| તા.૧.૪.૨૦૧૦ થી તા.૩૧.૩.૨૦૧૧ | ૯૫ | ૫ |
| તા.૧.૪.૨૦૧૧ થી તા.૩૧.૩.૨૦૧૨ | ૧૦૦ | ૪ |
| તા.૧.૪.૨૦૧૨ થી તા.૩૧.૩.૨૦૧૩ | ૮૩ | ૪ |

--------

## રાજ્યમાં મહિલાઓ સાથે દુષ્કર્મની ઘટનાઓ રોકવા પોલીસતંત્ર માટે માર્ગદર્શિકા

અતારાંકિતઃ ૧૬૪૩ (૧૮–૦૭–૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં મહિલાઓ સાથે બનતી દુષ્કર્મની ઘટનાઓ રોકવા અને તેવા કેસોમાં ત્વરીત ન્યાય મળે તે માટે ગૃહ વિભાગે પોલીસતંત્ર માટે મે–૨૦૧૩ની સ્થિતિએ માર્ગદર્શિકા જાહેર કરી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેની શી વિગતો છે, અને

(૩) માર્ગદર્શિકાના અમલની જવાબદારી કોને સોંપાઈ છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૫–૦૨–૨૦૧૪)

(૧) હા, જી.

(૨) ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા સ્ત્રી વિરૂધ્ધના અત્યાચાર સંબંધે નીચે મુજબની માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવેલ છે.

૧. મહિલાઓ જ્યાં એકાંતમાં રહેતી હોય તેમજ વલનેરેબલ (Vulnerable) વિસ્તાર હોય તેવી જગ્યાએ થાણા ઈન્ચાર્જ તથા સુપરવાઈઝરી અધિકારીશ્રીએ મુલાકાત લઈ ભોગ બનનારને પ્રત્યક્ષ મળવું.

૨. અમદાવાદ અને સુરત જેવાં શહેરમાં ઘણા બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ એકાંત જગ્યાએ આવેલ છે ત્યાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા કરવા જણાવાયેલ છે.

૩. જિલ્લામાં નાયબ પોલીસ અધિક્ષકશ્રી, હેડ ક્વાર્ટસ હેઠળ તથા શહેરમાં નાયબ પોલીસ કમિશ્નરશ્રી, કંટ્રોલરૂમમાં સ્ત્રી સંબંધીત અત્યાચારનાં કોલ માટે અલગ ટેલીફોન નંબર : ૧૦૯૧ની વ્યવસ્થા કરી ફોન રેકોર્ડ થાય તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

૪. પોલીસ કમિશ્નરશ્રી અને પોલીસ અધિક્ષકશ્રીને જે પ્રાઈવેટ કંપનીમાં મહિલાઓ વધુ પ્રમાણમાં કામ કરે છે ત્યાં સ્ત્રી કામદાર તથા માલિકોની મીટીંગનું આયોજન કરવાની ભલામણ કરવામાં આવેલ છે.

૫. કોલેજ, ગર્લ્સ હોસ્ટેલ તથા સ્કુલની જગ્યાએ મહિલા પોલીસને પેટ્રોલીંગ રાખવાનું સુચવવામાં આવેલ છે.

૬. આવી સંસ્થાઓની બહાર કમ્પ્લેઈન બોક્ષ રાખવાની સુચના અપાયેલ છે.

૭. ગુંડા રજીસ્ટર અને મહિલા છેડતી રજીસ્ટર નિભાવવા માટે સુચના અપાયેલ છે.

૮. પોલીસ સ્ટેશનના ઇંસ્પેકશન વખતે સુપરવાઈઝરી અધિકારીશ્રીને સદરહું રજીસ્ટર ચેક કરવાની ભલામણ કરવામાં આવેલ છે.

૯. સ્ત્રી અત્યાચારના કિસ્સામાં મહિલાને પોલીસ સ્ટેશન ખાતે બોલાવવી નહીં અને તેઓના સમય પ્રમાણે તેમના રહેઠાણના ઘરે જઈ નિવેદન લેવા સુચના કરવામાં આવેલ છે.

૧૦. જિલ્લા તથા શહેર ખાતે પોલીસ અધિક્ષક /નાયબ પોલીસ કમિશ્નરશ્રીની કક્ષાએ સ્ત્રી અત્યાચાર બાબતે મહિનામાં એક કલાક માટે ઓપન હાઉસ પ્રોગ્રામનું આયોજન કરી તેમાં સ્ત્રી એક્ટીવીસ્ટ તથા એન.જી.ઓ.ને હાજર રાખી સ્ત્રી અત્યાચાર રોકવા માટેના એજન્ડા નક્કી કરવાની ભલામણ કરવામાં આવેલ છે.

(૩) માર્ગદર્શિકાના અમલની જવાબદારી તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ/જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓને સોંપવામાં આવેલ છે.

--------

**રાજ્યમાં જિલ્લાવાર મહિલાઓ ગુમ થવા અંગેની ફરીયાદો બાબત**

એચબી-૬૭૩-૬

અતારાંકિત ૧૭૪૦ (૨૯-૦૭-૨૦૧૩) **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૦૬/૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી મહિલાઓ ગુમ થયા અંગેની ફરિયાદો મળી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી મહિલાઓ પરત મળી, અને

(૩) રાજ્ય સરકાર દ્વારા બાકી મહિલાઓને શોધી કાઢવા શી વ્યવસ્થા કરવામાં આવી ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :** (૧૭-૦૨-૨૦૧૪)

(૧) } પત્રક -૧ મુજબ
(૨) }

(૩) પત્રક -૨ મુજબ

**પત્રક-૧**

| જિલ્લા/શહેર | તા. ૧/૭/૨૦૦૮ થી તા. ૩૦/૬/૨૦૦૯ | | તા. ૧/૭/૨૦૦૯ થી તા. ૩૦/૬/૨૦૧૦ | | તા. ૧/૭/૨૦૧૦ થી તા. ૩૦/૬/૨૦૧૧ | | તા. ૧/૭/૨૦૧૧ થી તા. ૩૦/૬/૨૦૧૨ | | તા. ૧/૭/૨૦૧૨ થી તા. ૩૦/૬/૨૦૧૩ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ગુમ થયેલ મહિલાઓ | મળી આવેલ મહિલાઓ | ગુમ થયેલ મહિલાઓ | મળી આવેલ મહિલાઓ | ગુમ થયેલ મહિલાઓ | મળી આવેલ મહિલાઓ | ગુમ થયેલ મહિલાઓ | મળી આવેલ મહિલાઓ | ગુમ થયેલ મહિલાઓ | મળી આવેલ મહિલાઓ |
| અમદાવાદ શહેર | ૭૯૮ | ૭૩૭ | ૮૬૬ | ૮૦૮ | ૯૪૭ | ૮૯૬ | ૧૦૦૭ | ૯૪૨ | ૧૦૨૩ | ૯૦૦ |
| રાજકોટ શહેર | ૧૯૬ | ૧૮૮ | ૨૨૮ | ૨૧૮ | ૨૪૫ | ૨૩૧ | ૨૯૩ | ૨૭૮ | ૧૭૭ | ૧૬૧ |
| સુરત શહેર | ૪૮૩ | ૪૨૨ | ૫૦૮ | ૪૩૩ | ૫૭૮ | ૫૦૧ | ૬૩૬ | ૫૭૦ | ૭૫૯ | ૬૩૮ |
| વડોદરા શહેર | ૨૦૪ | ૧૮૭ | ૨૪૧ | ૨૦૮ | ૩૦૩ | ૨૫૬ | ૨૯૨ | ૨૬૬ | ૪૧૪ | ૩૮૪ |
| અમદાવાદ ગ્રામ્ય | ૪૭ | ૪૨ | ૭૩ | ૬૭ | ૭૩ | ૪૯ | ૧૩૦ | ૯૭ | ૧૭૧ | ૧૧૫ |
| ખેડા | ૧૧૧ | ૯૦ | ૯૨ | ૭૯ | ૧૧૬ | ૧૦૬ | ૧૧૨ | ૯૩ | ૧૫૬ | ૧૧૪ |
| આણંદ | ૧૭૨ | ૧૬૩ | ૨૦૩ | ૧૯૬ | ૨૩૦ | ૨૨૪ | ૨૬૦ | ૨૪૧ | ૨૧૧ | ૧૭૦ |
| ગાંધીનગર | ૧૭૨ | ૧૫૨ | ૧૭૭ | ૧૬૯ | ૧૯૮ | ૧૮૬ | ૧૭૦ | ૧૫૭ | ૨૦૬ | ૧૬૫ |
| સાબરકાંઠા | ૭૧ | ૬૫ | ૭૭ | ૭૩ | ૮૩ | ૭૨ | ૧૩૭ | ૧૨૪ | ૧૩૯ | ૧૧૮ |
| મહેસાણા | ૧૭૯ | ૧૭૮ | ૨૫૫ | ૨૫૩ | ૩૩૬ | ૩૨૬ | ૩૩૨ | ૩૧૪ | ૩૩૨ | ૨૪૫ |
| જામનગર | ૧૨૬ | ૧૧૭ | ૧૫૫ | ૧૪૫ | ૧૭૮ | ૧૬૩ | ૨૭૦ | ૨૫૦ | ૨૯૧ | ૨૫૩ |
| રાજકોટ ગ્રામ્ય | ૧૦૨ | ૯૦ | ૧૧૨ | ૧૦૬ | ૧૧૬ | ૧૦૮ | ૨૧૦ | ૨૦૩ | ૧૯૬ | ૧૪૪ |
| સુરેન્દ્રનગર | ૧૫ | ૧૫ | ૨૧ | ૨૧ | ૨૪ | ૨૪ | ૬૭ | ૬૦ | ૧૦૫ | ૮૭ |
| બનાસકાંઠા | ૯૧ | ૮૯ | ૧૦૭ | ૧૦૩ | ૧૩૫ | ૧૩૧ | ૧૪૪ | ૧૩૩ | ૧૩૫ | ૯૦ |
| કચ્છ-ભુજ (પૂર્વ) | ૭૬ | ૭૨ | ૯૪ | ૮૭ | ૯૮ | ૮૧ | ૧૧૬ | ૯૪ | ૧૨૯ | ૧૦૩ |
| કચ્છ-ભુજ | ૮૧ | ૭૮ | ૮૮ | ૮૬ | ૧૧૧ | ૧૦૫ | ૧૨૮ | ૧૨૦ | ૧૧૬ | ૧૦૧ |

| જિલ્લા/શહેર | તા. ૧/૭/૨૦૦૮ થી તા. ૩૦/૬/૨૦૦૯ | | તા. ૧/૭/૨૦૦૯ થી તા. ૩૦/૬/૨૦૧૦ | | તા. ૧/૭/૨૦૧૦ થી તા. ૩૦/૬/૨૦૧૧ | | તા. ૧/૭/૨૦૧૧ થી તા. ૩૦/૬/૨૦૧૨ | | તા. ૧/૭/૨૦૧૨ થી તા. ૩૦/૬/૨૦૧૩ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ગુમ થયેલ મહિલાઓ | મળી આવેલ મહિલાઓ | ગુમ થયેલ મહિલાઓ | મળી આવેલ મહિલાઓ | ગુમ થયેલ મહિલાઓ | મળી આવેલ મહિલાઓ | ગુમ થયેલ મહિલાઓ | મળી આવેલ મહિલાઓ | ગુમ થયેલ મહિલાઓ | મળી આવેલ મહિલાઓ |
| (પશ્ચિમ) | | | | | | | | | | |
| પાટણ | ૬૩ | ૬૧ | ૮૪ | ૭૯ | ૧૧૫ | ૧૦૯ | ૧૧૩ | ૧૦૩ | ૧૨૨ | ૯૩ |
| અમરેલી | ૪૧ | ૪૦ | ૪૯ | ૪૭ | ૭૭ | ૭૪ | ૬૨ | ૫૩ | ૩૫ | ૨૮ |
| ભાવનગર | ૮૦ | ૭૬ | ૭૬ | ૭૩ | ૧૨૯ | ૧૨૩ | ૧૩૧ | ૧૩૦ | ૧૭૩ | ૧૪૬ |
| જૂનાગઢ | ૧૬૫ | ૧૪૬ | ૧૮૦ | ૧૫૮ | ૧૯૫ | ૧૭૮ | ૧૭૦ | ૧૪૨ | ૧૧૦ | ૭૩ |
| પોરબંદર | ૨૯ | ૨૮ | ૨૯ | ૨૯ | ૨૪ | ૨૨ | ૨૬ | ૨૪ | ૨૫ | ૧૯ |
| વડોદરા ગ્રામ્ય | ૬ | ૫ | ૬ | ૫ | ૧૪ | ૧૨ | ૨૧ | ૨૦ | ૫૩ | ૪૨ |
| ભરૂચ | ૮૦ | ૭૧ | ૮૯ | ૭૯ | ૮૫ | ૭૮ | ૧૨૫ | ૧૧૬ | ૧૨૧ | ૮૮ |
| નર્મદા | ૯ | ૯ | ૯ | ૮ | ૮ | ૭ | ૫ | ૪ | ૯ | ૬ |
| ગોધરા | ૬૫ | ૬૧ | ૭૯ | ૭૬ | ૯૫ | ૯૦ | ૯૭ | ૮૨ | ૮૨ | ૬૦ |
| દાહોદ | ૨૩ | ૨૨ | ૭ | ૭ | ૧૯ | ૧૬ | ૩૭ | ૩૨ | ૨૦ | ૧૫ |
| સુરત ગ્રામ્ય | ૧૮ | ૧૬ | ૧૧ | ૮ | ૨૫ | ૨૧ | ૩૬ | ૨૬ | ૪૩ | ૨૩ |
| તાપી | ૪ | ૪ | ૩ | ૧ | ૧૫ | ૧૪ | ૧૫ | ૧ | ૨૮ | ૨૪ |
| નવસારી | ૩૪ | ૩૨ | ૩૪ | ૩૦ | ૪૨ | ૪૦ | ૭૨ | ૬૦ | ૭૬ | ૬૦ |
| વલસાડ | ૫૦ | ૪૧ | ૬૪ | ૫૯ | ૭૭ | ૬૬ | ૯૮ | ૭૧ | ૧૫૧ | ૯૭ |
| ડાંગ–આહવા | ૪ | ૪ | ૦ | ૦ | ૧ | ૧ | ૭ | ૬ | ૩ | ૩ |
| પશ્ચિમ રેલ્વે વડોદરા | ૬ | ૫ | ૨ | ૨ | ૫ | ૫ | ૫ | ૪ | ૧૪ | ૧૧ |
| પશ્ચિમ રેલ્વે અમદાવાદ | ૩ | ૩ | ૨ | ૧ | ૫ | ૫ | ૯ | ૯ | ૧૨ | ૮ |

ગુમ થયેલ મહિલાઓ પૈકી બાકી રહેલ મહિલાઓને શોધી કાઢવા માટે જીલ્લા કક્ષાએ તથા રાજ્ય કક્ષાએ એન્ટી હ્યુમન ટ્રાફીકીંગ સ્કોવોડની રચના કરવામાં આવેલ છે. દરેક જિલ્લા તથા શહેર કક્ષાએ કાર્યરત પોલીસ સ્ટેશનોમાં એક પોલીસ સબ ઈન્સ્પેક્ટર તથા બે પોલીસ કર્મચારીઓની મીસીંગ સ્કવોડ કાર્યરત કરવામાં આવેલ છે તથા તેની ઉપર દેખરેખ માટે નાયબ પોલીસ અધિક્ષક કક્ષાના અધિકારીની નોડલ અધિકારી તરીકે નિમણૂંક કરાયેલ છે. આ ઉપરાંત રાજ્ય કક્ષાએ પોલીસ મહાનિરીક્ષક કક્ષાના અધિકારીના વડવણ હેઠળ પણ “મીસીંગ સેલ” કાર્યરત છે, જે તમામની કામગીરી ઉપર દેખરેખ રાખી તથા ઘટતી સુચનાઓ આપી ગુમ થયેલ મહિલાઓ, બાળકો તથા પુરૂષોને શોધી કાઢવા સતત પ્રયત્નશીલ રહે છે.

--------

**જામનગર જિલ્લામાં મહિલાઓ ગુમ થવા અંગેની ફરિયાદો બાબત**

અતારાંકિતઃ ૧૯૯૫ (૩–૦૮–૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦/૦૬/૨૦૧૩ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી મહિલાઓ ગુમ થવા અંગેની ફરિયાદો મળી છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી મહિલાઓ પરત મળી, અને

(૩) રાજ્ય સરકાર દ્ધારા બાકી મહિલાઓને શોધી કાઢવા શી વ્યવસ્થા કરવામાં આવી છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :** (૧૭–૦૨–૨૦૧૪)

(૧) પત્રક –૧ મુજબ

(૨) પત્રક –૨ મુજબ

(૩) પત્રક–૩ મુજબ

**પત્રક–૧**

| **તાલુકાનું નામ** | **તા.૧.૭.૨૦૦૮ થી તા.૩૦.૬.૨૦૦૯** | **તા.૧.૭.૨૦૦૯ થી તા.૩૦.૬.૨૦૧૦** | **તા.૧.૭.૨૦૧૦ થી તા.૩૦.૬.૨૦૧૧** | **તા.૧.૭.૨૦૧૧ થી તા.૩૦.૬.૨૦૧૨** | **તા.૧.૭.૨૦૧૨ થી તા.૩૦.૬.૨૦૧૩** |
|---|---|---|---|---|---|
| | ગુમ થયેલ મહિલાઓ | ગુમ થયેલ મહિલાઓ | ગુમ થયેલ મહિલાઓ | ગુમ થયેલ મહિલાઓ | ગુમ થયેલ મહિલાઓ |
| જામનગર | ૮૧ | ૯૪ | ૧૦૫ | ૧૭૭ | ૧૮૪ |
| ધ્રોલ | ૫ | ૪ | ૪ | ૯ | ૯ |
| જોડીયા | ૩ | ૧૦ | ૧૦ | ૫ | ૭ |
| કાલાવાડ | ૫ | ૧૦ | ૬ | ૧૪ | ૧૦ |
| લાલપુર | ૯ | ૯ | ૮ | ૫ | ૧૧ |
| ખંભાળીયા | ૬ | ૨ | ૧૭ | ૨૦ | ૨૦ |
| દ્વારકા | ૩ | ૮ | ૧૧ | ૯ | ૨૧ |
| ભાણવડ | ૦ | ૫ | ૭ | ૧૨ | ૧૪ |
| કલ્યાણપુર | ૭ | ૯ | ૨ | ૭ | ૧૧ |
| જામજોધપુર | ૭ | ૪ | ૮ | ૧૨ | ૪ |

**પત્રક–૨**

| **તાલુકાનું નામ** | **તા.૧.૭.૨૦૦૮ થી તા.૩૦.૬.૨૦૦૯** | **તા.૧.૭.૨૦૦૯ થી તા.૩૦.૬.૨૦૧૦** | **તા.૧.૭.૨૦૧૦ થી તા.૩૦.૬.૨૦૧૧** | **તા.૧.૭.૨૦૧૧ થી તા.૩૦.૬.૨૦૧૨** | **તા.૧.૭.૨૦૧૨ થી તા.૩૦.૬.૨૦૧૩** |
|---|---|---|---|---|---|
| | **પરત મળી આવેલ મહિલાઓ** | **પરત મળી આવેલ મહિલાઓ** | **પરત મળી આવેલ મહિલાઓ** | **પરત મળી આવેલ મહિલાઓ** | **પરત મળી આવેલ મહિલાઓ** |
| જામનગર | ૭૪ | ૮૯ | ૯૬ | ૧૬૭ | ૧૭૬ |
| ધ્રોલ | ૫ | ૪ | ૪ | ૯ | ૯ |
| જોડીયા | ૩ | ૯ | ૧૦ | ૫ | ૬ |
| કાલાવાડ | ૫ | ૧૦ | ૪ | ૧૪ | ૮ |
| લાલપુર | ૮ | ૮ | ૫ | ૪ | ૧૧ |
| ખંભાળીયા | ૫ | ૨ | ૧૭ | ૧૯ | ૨૦ |
| દ્વારકા | ૩ | ૭ | ૧૦ | ૯ | ૨૦ |
| ભાણવડ | ૦ | ૫ | ૭ | ૧૨ | ૧૪ |
| કલ્યાણપુર | ૭ | ૭ | ૨ | ૫ | ૧૦ |
| જામજોધપુર | ૭ | ૪ | ૮ | ૧૧ | ૪ |

**પત્રક–૩**

ગુમ થયેલ મહિલાઓ પૈકી બાકી રહેલ મહિલાઓને શોધી કાઢવા માટે જિલ્લા કક્ષાએ તથા રાજ્ય કક્ષાએ એન્ટી હ્યુમન ટ્રાફીકીંગ સ્કવોડ કાર્યરત છે. જિલ્લા કક્ષાએ કાર્યરત પોલીસ સ્ટેશનમાં એક પોલીસ સબ ઈન્સ્પેક્ટર તથા બે પોલીસ કર્મચારીઓની મીસીંગ સ્કવોડ કાર્યરત છે, જેની ઉપર દેખરેખ માટે નાયબ પોલીસ અધિક્ષક કક્ષાના અધિકારીની નોડલ અધિકારી તરીકે નિમણૂંક કરાયેલ છે. આ ઉપરાંત રાજ્ય કક્ષાએ પોલીસ મહાનિરીક્ષક કક્ષાના અધિકારીના વડવણ હેઠળ પણ "મીસીંગ સેલ" કાર્યરત છે, જે તમામની કામગીરી ઉપર દેખરેખ રાખી તથા ઘટતી સુચનાઓ આપી, ગુમ થયેલ મહિલાઓ અને બાળકો તથા પુરૂષોને શોધી કાઢવા માટે સતત પ્રયત્નશીલ રહે છે.

–––––––

**આશારામ આશ્રમ, મોટેરા કેસ સબંધે જસ્ટીસ ત્રિવેદી પંચના રીપોર્ટ બાબત**

અતારાંકિતઃ ૨૧૮૯ (૨–૯–૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) આશારામ આશ્રમ, મોટેરા જિ. અમદાવાદમાં બે બાળકોને તાંત્રિક વિધિ કરી મારી નાખવાની તપાસ માટે રચાયેલ જસ્ટીસ ત્રિવેદી પંચનો અંતિમ રીપોર્ટ તા. ૩૧, જુલાઈ–૨૦૧૩ની સ્થિતિએ સરકારને કયારે સોંપાયો,

(૨) આ અહેવાલની મહત્વની વિગતો અને ભલામણો શી છે, અને

(૩) આ સંબંધમાં મુખ્ય આરોપીઓ કોણ કોણ છે અને તેની સામે શી કાનૂની કાર્યવાહી થઈ છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૧૭–૦૨–૨૦૧૪)

(૧) તારીખઃ ૩૧–૦૭–૨૦૧૩ના રોજ સરકારશ્રીને મળેલ છે.

(૨) અને (૩) રીપોર્ટ સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

--------

**રાજયમાં ખેડૂતોએ કરેલ આત્મહત્યા**

અતારાંકિતઃ ૨૩૨૨ (૧૯–૧૦–૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

રાજ્યમાં ૨૦૧૦, ૨૦૧૧, ૨૦૧૨માં કેટલા ખેડૂતોએ આત્મહત્યા કરી ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૧૫–૦૨–૨૦૧૪)

| અ.નં. | વર્ષ | ખેડૂતોએ આત્મહત્યા કરી |
|---|---|---|
| ૧ | ૨૦૧૦ | ૭ |
| ૨ | ૨૦૧૧ | ૧૭ |
| ૩ | ૨૦૧૨ | ૪૬ |

--------

**દાંતીવાડા તાલુકાનાં વાઘરોળ ગામની સીમમાંથી મળી આવેલ ગાયોનાં મૃતદેહો**

અતારાંકિતઃ ૨૪૩૫ (૩૧–૧૨–૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) દાંતીવાડા તાલુકાના વાઘરોળ ગામની સીમમાંથી એકીસાથે કતલ કરેલ ચામડાં ઉતારેલ ૬૫ જેટલી ગાયોના મૃતદેહો/હાડપીંજરો ઓકટોમ્બર–૨૦૧૩માં મળી આવ્યા હતા તે હકીકત સાચી છે,

(૨) આ ગાયોની હત્યા કરનાર આરોપી કોણ હતા,

(૩) ગાયોની હત્યા કયા કતલખાનામાં કરવામાં આવી હતી અને તેની સામે શી કાર્યવાહી થઈ છે,

(૪) આરોપીઓ સામે કયા કાયદા નીચે ગુન્હો નોંધવામાં આવ્યો છે અને તેની સામે શી કાનુની કાર્યવાહી થઈ છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૧૭–૦૨–૨૦૧૪)

(૧) ગાયોની એકી સાથે કતલ થયાની હકિકત ખોટી છે. તા.૦૭–૧૧–૨૦૧૩ના રોજ વાઘરોળ ગામની સીમમાં ચિત્રાસણી જતા રોડ ઉપર તળાવની બાજુમાંથી મળેલ હાડપીંજર ગાયો, ગૌવંશના વાછરડા તથા શંકરગાયોના રેડલા તેમજ ભેંસ વંશના પાડા મળી કુલ–૬૦ હાડપીંજર હતા. આ હાડપીંજરમાં મોટા પ્રમાણમાં નજીકના રાજપુર પાંજરાપોળ તથા થોડા કાંટ ગામે તે સમયે ચોમાસામાં બે ચાર દિવસમાં ઠંડી તથા વરસાદમાં મરણ ગયેલ પશુઓના મૃતદેહના હતા. જે મૃત દેહો પરથી ચામડું ઉતારી સાફ કર્યા બાદ હાડપીંજર વાઘરોળ ગામની સીમમાં નાખવામાં આવેલ હતા.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**બાબરા તાલુકાનાં કોટડાપીઠા નજીક ગેરકાયદે કતલખાને લઈ જવાતાં ગૌવંશ બળદોને પકડવા બાબત**

અતારાંકિતઃ ૨૪૩૮ (૩૧–૧૨–૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) બાબરા તાલુકાના કોટડાપીઠા ચેકપોસ્ટ નજીક પોલીસ અને ગૌરક્ષકોએ સંયુકત રીતે ગેરકાયદે કતલખાનામાં ધકેલાતા ૧૨ (બાર) ગૌવંશ બળદો ભરેલી ટ્રક ઓકટોબર–૨૦૧૩માં પકડાઈ હતી તે હકીકત સાચી છે,

(૨) આ બળદો કયા શહેરના કયા કતલખાનામાં લઈ જવાતા હતા, અને

(૩) આરોપીઓ, ગૌવંશ ખરીદનારા, વેચનાર, દલાલ તથા સંડોવાયેલા કતલખાનાં સામે શી કાનુની કાર્યવાહી થઈ છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૧૭–૦૨–૨૦૧૪)

(૧) બાબરા તાલુકાના કોટડાપીઠા ચેકપોસ્ટ નજીક પોલીસ અને ગૌરક્ષકોએ સંયુકત રીતે ગેરકાયદે ૧૨ (બાર) ગૌવંશ બળદો ભરેલી ટ્રક ઓકટોબર–૨૦૧૩માં પકડાઈ હતી તે હકીકત સાચી છે, આ ૧૨ (બાર) ગૌવંશ બળદો ભરેલી ટ્રક કઠલાલ શહેરમાં ભરાતા મેળામાં લઈ જવાતી હતી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ ગુન્હામાં સંડોવાયેલ આરોપીઓ વિરૂધ્ધ બાબરા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નંબર–૭૩/૨૦૧૩ નોંધવામાં આવેલ તથા આઈ.પી.સી. ૪૨૯, પશુ સંરક્ષણ ધારા ૬ (ક), ૫, ૮, ૯, ૧૦, પ્રાણી ક્રૂરતા અધિનિયમ ૧૯૬૦ ની કલમ ૧૧ (૧), (એ), (ડી), (એફ), (કે) તથા ૪૭ (એ), (બી), (સી), ૪૮, ૪૯(એ) (બી), જી.પી.એ ૧૧૯ મુજબ કાર્યવાહી કરેલ છે.

--------

## માણાવદરથી ગોધરા ગેરકાયદે કતલખાને લઈ જવાતાં બળદોને પકડી પાડવા બાબત

અતારાંકિતઃ ૨૪૩૯ (૩૧–૧૨–૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) માણાવદરથી ગોધરાના ગેરકાનુની કતલખાનામાં લઈ જવાતા ૧૦ ગૌવંશ બળદોને ગૌભકતોએ એપ્રિલ–૨૦૧૩માં ગોંડલ શહેરમાંથી બચાવી લીધા હતા તે હકીકત સાચી છે,

એચબી–૬૭૩–૭ ારોપીઓ સામે શી કાનુની કાર્યવાહી થઈ અને કયા કાયદા હેઠળ એફ.આઈ.આર. થઈ અને

(૩) આરોપીઓને પાસા નીચે અટકાયત થઈ છે કે કેમ ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૧૭–૦૨–૨૦૧૪)

(૧) તા.૦૭–૦૪–૨૦૧૩ના રોજ ગુંદાળા ચોકડી ગોંડલ મુકામેથી ગૌવંશ બળદ–૮ ને ટ્રકમાં ક્રુરતાપૂર્વક ઘાસચારાની તથા પાણીની સગવડ વિના દોરડાથી બાંધી લઈ જતા પકડાયેલ છે.

(૨) બળદોને ક્રુરતાપૂર્વક બાંધી લઈ જનાર બે આરોપીઓ વિરૂધ્ધ ગોંડલ સીટી પોલીસ સ્ટેશનમાં ગુન્હા રજિસ્ટર નંબર. ૩૦૫૬/૨૦૧૩, ઢોર અતિક્રમણ ધારા કલમ. ૧૧ ડી, એલ તથા પશુ સંરક્ષણ સુધારા સને ૨૦૧૧ ની કલમ–૬ (ક), ૩, ૮, ૪ મુજબનો ગુન્હો તારીખઃ૦૭–૦૪–૨૦૧૩ ના રોજ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

(૩) ના, જી.

--------

## બાબરા તાલુકાનાં ઈશ્વરીયા, કીડી તથા શિરવાણીયા ગામમાં પશુપાલકોને એન્કાઉન્ટર કરવાની ધમકી આપતાં ડી.વાય.એસ.પી. અને પી.એસ.આઈ. સામે ફરિયાદ

અતારાંકિતઃ ૨૪૪૩ (૨૧–૧૨–૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) બાબરા તાલુકાનાં ઈશ્વરીયા, કીડી તથા શિરવાણીયા ગામમાં પશુઓને ચરાવતા પશુપાલકોને ઓગસ્ટ–૨૦૧૩માં પ્રોબેશનર ડી.વાય.એસ.પી. તથા પોલીસ સબ ઈન્સ્પેકટરે ખોડિયાર મંદિર પાસે લઈ જઈ ઢોર માર મારી એન્કાઉન્ટર કરી દેવાની ધમકી આપી હતી તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો આ ઘટના બનતા ૪૮૦ જેટલાં માલધારી સમાજના પશુપાલકોએ જિલ્લા પોલીસવડાને અને જિલ્લા કલેકટરને લેખિત ફરિયાદ પણ કરી હતી તે હકીકત સાચી છે,

(૩) આવી ગુનાહિત પ્રવૃતી કરનાર પ્રોબેશનર ડી.વાય.એસ.પી. તથા પોલીસ સબ ઈન્સ્પેકટર કોણ હતા, અને

(૪) પોલીસ તંત્ર તરફથી પ્રજાના રક્ષણને બદલે થતી આવી ગુનાહિત પ્રવૃત્તિઓ રોકવા ગૃહ વિભાગ અને પોલીસ મહાનિર્દેશક તરફથી શાં પગલાં લેવામાં આવ્યા છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૧૮-૦૨-૨૦૧૪)

(૧) બાબરા તાલુકાનાં ઈશ્વરીયા, કીડી તથા શિરવાણીયા ગામમાં ખાનગી માલીકીની જમીનમાં માલીકની ફરિયાદને આધારે અનઅધિકૃત પ્રવેશ કરનાર ઈસમોને અટકાવેલ હતાં તેમને કોઈ ધમકી આપ્યાની વાત સાચી નથી.

(૨) પશુપાલકોએ જિલ્લા કલેકટર અને જિલ્લા પોલીસ વડાને રજૂઆત કરેલ હતી.

(૩) બાબરા પોલીસ સ્ટેશનના કર્મચારીઓએ ફરજના ભાગરૂપે કાર્યવાહી કરેલ છે.

(૪) બનાવની માહિતી મળતાં પ્રવર્તમાન કાયદા અનુસાર સુલેહશાંતી જાળવવાની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**અમદાવાદ, સુરત અને વડોદરા જિલ્લામાં પોલીસનાં લાઠીચાર્જ બાબત**

અતારાંકિતઃ ૨૪૪૭ (૩૧-૧૨-૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમદાવાદ, સુરત અને વડોદરા જિલ્લામાં સને ૨૦૧૧ અને ૨૦૧૨માં પોલીસે કેટલીવાર લાઠીચાર્જ કર્યો,

(૨) બીન જરૂરી લાઠીચાર્જ કરનારા જવાબદાર પોલીસ સામે શાં પગલાં લેવાયાં, અને

(૩) બીન જરૂરી લાઠીચાર્જ ન કરવા સરકારે શા આદેશો આપ્યા છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૧૭-૦૨-૨૦૧૪)

(૧)

| અ.નં. | શહેર/જિલ્લો | ૨૦૧૧ | ૨૦૧૨ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૦ | ૩ |
| ૨ | અમદાવાદ (ગ્રામ્ય) | ૦ | ૦ |
| ૩ | વડોદરા શહેર | ૦ | ૦ |
| ૪ | વડોદરા (ગ્રામ્ય) | ૦ | ૦ |
| ૫ | સુરત શહેર | ૦ | ૦ |
| ૬ | સુરત (ગ્રામ્ય) | ૦ | ૧ |

(૨) અમદાવાદ શહેર તથા સુરત જિલ્લામાં પોલીસ દ્વારા બની જરૂરી લાઠીચાર્જ કરવામાં આવેલ ન હોઈ પોલીસ સામે પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉપરની વિગતે આ અંગે કોઈ આદેશ આપવામાં આવેલ નથી.

--------

## ગોધરાથી અમદાવાદ વાહનમાં લઈ જવાતાં ગૌમાંસનો જથ્થો પકડાયા બાબત

અતારાંકિતઃ ૨૫૦૦ (૩૧-૧૨-૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ગોધરાથી અમદાવાદ વાહનમાં લઈ જવાતા ૫૭૧૦ કિ.ગ્રા. ગૌમાંસને નેશનલ હાઈવે નં. ૮ પરથી તા.૧૮-૦૮-૧૩ ના રોજ પકડી પાડવામાં આવ્યું હતું કે હકીકત સાચી છે,

(૨) આ ગૌમાંસ માટે કયા કતલખાનામાં કેટલી ગાયોની ક્યારે કતલ થઈ,

(૩) ગૌવંશની સામુહિક કતલ કરનારા આરોપી સામે શી કાનુની કાર્યવાહી થઈ,

(૪) ગુનાહીત વાહન, ગુજરાત પ્રાણી સંરક્ષણ સુધારા અધિનિયમ-૨૦૧૧ની નવી જોગવાઈ મુજબ-૬ માસ સુધી પોલીસ દ્વારા જપ્ત કરાયું છે કેમ, અને

(૫) ગૌવંશ કતલ કરતા કતલખાના/કેન્દ્રોને સંપૂર્ણ બંધ કરવા પોલીસે શી કાર્યવાહી કરી ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૧૫-૦૨-૨૦૧૪)

(૧) હા, જી.

(૨) આ ગૌમાંસ ગોધરા સાતપુલ વિસ્તારના ખુલ્લા ખેતરમાંથી માંસના ટુકડા કરેલ હાલતમાં વાહનમાં લઈ જવા અંગે, જીવદયાના કાર્યકરો તરફથી પોલીસ કંટ્રોલ રૂમને આપેલ વર્ધી મુજબ પોલીસ પહોંચી ત્યારે ગૌમાંસ વાહનમાં હતું.

(૩) આ ગુન્હામાં પકડાયેલ આરોપીઓ વિરૂધ્ધ કારેલીબાગ પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજિસ્ટર નંબર ૫૧૮/૨૦૧૩, ધી મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ-૧૯૫૪ ની કલમ-૫ (૧)ક, ૬ (૫) તથા એમ.વી. એક્ટ-૩, ૧૩૨, ૧૭૭, ૧૮૦, ૧૮૪, ૧૮૮, ૧૯૨ મુજબ અટક કરી નામદાર કોર્ટમાં મોકલી આપવામાં આવેલ છે.

(૪) હા. જી.

(૫) આ ગૌવંશ કતલખાના/કેન્દ્રોને બંધ કરાવવા માટે ગોધરા શહેર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરશ્રીને કાર્યવાહી કરવા સારૂ રીપોર્ટ કરવામાં આવેલ તેમજ પકડાયેલ આરોપીઓને ઉપરોકત ગુનાના કામે પાસા કરવામાં આવેલ છે.

--------

## રાજ્યમાં બળાત્કારનો ભોગ બનેલી પીડિતાની ઓળખ પ્રગટ ન કરવાનાં આદેશ બાબત

અતારાંકિતઃ ૨૫૦૩ (૩૧-૧૨-૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) બળાત્કારનો ભોગ બનેલ પીડિતાની ઓળખ પ્રગટ ન કરવાની કાનુની જોગવાઈ સમગ્ર દેશમાં અમલી છે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો રાજ્યમાં બળાત્કાર પીડિતાની ઓળખ કોઈપણ સંજોગોમાં પ્રગટ ન થાય તે માટે ગૃહ વિભાગ દ્વારા જુન-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કયારે અને કેવા આદેશો અપાયા છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૧૮-૦૨-૨૦૧૪)

(૧) હા, જી.

(૨) ભારત સરકારશ્રીના રાષ્ટ્રીય મહિલા આયોગના તા.૨૨-૦૨-૨૦૧૩ ના પત્ર ક્રમાંકઃ ૧૦/એમ (સીડબલ્યુકે) એનસીડબલ્યુ/૨૦૧૩થી બળાત્કાર પીડિતાની ઓળખ પ્રગટ ન કરવાનાં આદેશો અપાયેલ છે.

--------

## ગાંધીનગર જિલ્લામાં કોલવડા ખાતે જંતુનાશક દવાથી ગાયોના મૃત્યુ થવા બાબત

અતારાંકિતઃ ૨૫૪૮ (૦૪-૦૧-૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ગાંધીનગર જિલ્લાના કોલવડા ખાતે જુન-૨૦૧૩માં એક ખેતરને ફરતે ઈરાદાપૂર્વક જંતુનાશક દવા ભેળવેલ લોટ મુકી દેતાં ૪ ગાયો મૃત્યુ પામી હતી અને ૨ ગાયોને સારવાર આપી બચાવી લેવાઈ હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ ગુનાહીત કામના આરોપીઓ હતા, અને

(૩) તેની સામે શી શિક્ષાત્મક કાર્યવાહી થઈ છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૧૫-૦૨-૨૦૧૪)

(૧) આ બાબતે પોલીસ દફતરે કોઈ ગુન્હો નોંધાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**માળીયા મિયાણાં તરફથી ટીકરનાં રણમાર્ગે, કાંઠાની ધાર તરીકે ઓળખાતા વિસ્તારમાં ગેરકાયદે, કતલખાને લઈ જવાતાં પશુઓ સાથે ક્રુરતા બાબત**

અતારાંકિતઃ ૨૫૫૮ (૦૪-૦૧-૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) માળીયા મિયાણાં તરફથી ટીકરના રણમાર્ગે કાંઠાની ધાર તરીકે ઓળખાતાં વિસ્તારમાં સપ્ટેમ્બર-૨૦૧૩માં ૪૦૦ જેટલા ભૂખ તરસથી તરફડતા પ્રાણીઓને ગેરકાયદે કતલખાનામાં પગે ચલાવીને લઈ જવાતા હતા તે હકીકત સાચી છે,

(૨) આ ગુનાહીત કામના આરોપીઓ કોણ હતા અને તેની સામે ગુજરાત પ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૫૪ તથા પ્રાણી ક્રુરતા નિવારણ નિયમો-૨૦૦૧ નીચે ગુન્હો નોંધવામાં આવ્યો છે કે કેમ,

(૩) આ પ્રાણીઓને કયા કતલખાનામાં લઈ જવાતાં હતા, અને

(૪) ગેરકાયદે કતલખાના સામે શાં પગલાં ભરવામાં આવ્યા છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૧૫-૦૨-૨૦૧૪)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**હળવદ નગરપાલિકા કચેરી સામે ગાયોના મોતના આરોપીઓ સામે કાર્યવાહી બાબત**

અતારાંકિતઃ ૨૫૫૯ (૦૪-૦૧-૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) હળવદ શહેરમાં સપ્ટેમ્બર-૨૦૧૨માં નગરપાલિકા કચેરી સામે એક સાથે ૫ (પાંચ) ગાયોના મોત થયા હતાં તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ગાયોના મોત માટે કોણ જવાબદાર છે, અને

(૩) આરોપીઓ સામે શી કાનુની કાર્યવાહી થઈ છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :** (૧૭-૦૨-૨૦૧૪)

(૧) આવો કોઈ બનાવ પોલીસ દફતરે નોંધાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------

**વાવ તાલુકાના ભડવેલ પાસે પકડાયેલ ગૌવંશ બળદોને ગેરકાયદે કતલખાને લઈ જતાં આરોપીઓ સામે કાર્યવાહી બાબત**

અતારાંકિતઃ ૨૫૬૨ (૦૪-૦૧-૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) વાવ તાલુકાના ભડવેલ પાસે સપ્ટેમ્બર-2013માં ગેરકાયદે કતલ માટે લઈ જવાતાં ગૌવંશ બળદો ભરેલી મીની ટ્રક પકડાઈ હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા તો, આ ગુનાહીત કામના આરોપી કોણ છે તેની સામે કયા કાયદા હેઠળ શી કાનુની કાર્યવાહી થઈ છે,

(૩) સંડોવાયેલ કતલખાનું ક્યાં આવેલું હતું અને તેની સામે શી કાર્યવાહી થઈ છે, અને

(4) ગુનાહિત વાહનને ગુજરાત પ્રાણી સંરક્ષણ (સુધારા) અધિનિયમ–૨૦૧૧ નીચે ૬ મહિના માટે જપ્ત કરવામાં આવેલ છે કે કેમ ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :** (૧૮–૦૨–૨૦૧૪)

(૧) બે બળદ ભરેલ મીની ટ્રક પકડાયેલ હતી પરંતુ આ બળદોને કતલખાને લઈ જવાતા ન હતા.

(૨) આ ગુન્હાના આરોપીઓ (૧) શ્રી જસવંત મોતીલાલ રાવળ, રહે. જગતપુરા, સિધ્ધપુર તથા (૨) શ્રી પ્રભુરામ ઈશ્વરભાઈ બ્રાહ્મણ, રહે. માડકા, તા. વાવ નાઓ છે. તેઓ વિરૂધ્ધ આઈ.પી.સી. કલમ–૨૭૯ તથા એમ. વી. એક્ટ કલમ–૧૭૭, ૧૮૪, પશુ ક્રૂરતા અધિનિયમ–૧૯૮૪ની કલમ ૫, ૬, ૮ મુજબ કાર્યવાહી કરી અટક કરેલ છે.

(૩) બળદોને કતલખાને લઈ જવાતા ન હતા પરંતુ વગર પાસ પરમીટે ક્રૂરતા પૂર્વક ભરેલ હતા અને તે મતલબની ફરીયાદ ગૌરક્ષક નાઓએ ઉપર જણાવેલ આરોપીઓ વિરૂધ્ધમાં આપેલ છે.

(૪) હા, જી.

---------

**રાજયમાં મહિલાઓ અને બાળકો સામેના ગુન્હાઓ સામે મદદ માટે હેલ્પડેસ્ક રાખવાની જિલ્લાઓમાં અમલ બાબત**

અતારાંકિતઃ ૨૫૬૬ (૦૪–૦૧–૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ભારત સરકારના ગૃહ મંત્રાલયે તા. ૧૬–૦૭–૨૦૧૩ના રોજ આપેલ એડવાઈઝરી મુજબ તમામ પોલીસ સ્ટેશનોમાં મહિલાઓ અને બાળકો સામે બનતા ગુન્હાઓ માટે મદદ કરવા હેલ્પડેસ્ક રાખવા આદેશ આપવામાં આવ્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો સપ્ટેમ્બર–૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં તેના અમલીકરણ માટે શી કાર્યવાહી હાથ ધરાઈ છે અને શા આદેશો અપાયા છે,

(૩) કેટલા પોલીસ સ્ટેશનોમાં તેનો અમલ થયો છે કેટલામાં બાકી છે, અને

(૪) જ્યાં અમલ બાકી છે ત્યાં તેનો ક્યારે અમલ કરવાનું આયોજન છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :** (૧૮–૦૨–૨૦૧૪)

(૧) સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ તમામ શહેર/જિલ્લાના પોલીસ સ્ટેશનોમાં મહિલા હેલ્પડેસ્કની રચના કરવા જણાવવામાં આવેલ છે.

(૨) રાજ્યના તમામ શહેર/જિલ્લાના પોલીસ સ્ટેશનોમાં મહિલા હેલ્પડેસ્કની રચના કરવાના આદેશો અપાયેલ છે.

(૩) રાજ્યના ૨૯ શહેર/જિલ્લામાં મહિલા હેલ્પડેસ્કની રચના થઈ ગયેલ છે. ૪ જિલ્લાઓમાં વહીવટી મંજૂરી બાકી છે.

(૪) ૪ જિલ્લાઓમાં અમલ બાકી હોઈ વહીવટી મંજૂરી મળ્યેથી, મહિલા હેલ્પ ડેસ્ક કાર્યરત કરવામાં આવશે.

---------

એચબી–૬૭૩–૮ **અમદાવાદ શહેરમાં મોટરનાં કાચ તોડતાં આરોપીઓ સામે પગલાં**

અતારાંકિતઃ ૨૬૧૯ (૨૫–૦૧–૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) અમદાવાદ શહેરમાં તા. ૩૦મી સપ્ટેમ્બર–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોટરના કાચ તોડવાની કેટલી ઘટના બની,

(૨) કેટલા કિસ્સામાં આરોપી પકડાયા, કેટલામાં બાકી છે,

(૩) આરોપીઓ સામે શાં ગુન્હા નોંધાયા, અને

(૪) મોટરના કાચ તૂટતા રોકવા ઉચ્ચકક્ષાનું શું આયોજન થયું છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :** (૧૭–૦૨–૨૦૧૪)

(૧)

| વર્ષ | મોટરના કાચ તોડવાની કેટલી ઘટના બની |
|---|---|
| ૦૧–૧૦–૧૧ થી ૩૦–૦૯–૨૦૧૨ | ૩૯ |
| ૦૧–૧૦–૧૨ થી ૩૦–૦૯–૨૦૧૩ | ૨૭ |

(૨) ૮ ગુન્હામાં ૧૬ આરોપીઓને પકડવામાં આવેલ છે.

૧– એન. સી. ફરીયાદમાં ૪ આરોપીઓને પકડવામાં આવેલ છે.

૫૭– કિસ્સામાં આરોપીઓના નામ નમુદ ન હોય પકડાયા નથી.

(૩) ૬૫ –બનાવોમાં આરોપીઓ સામે ઈ.પી.કો. કલમ–૩૭૯, ૪૬૧ મુજબ

૧– એન.સી. ફરીયાદમાં ઈ.પી.કો. કલમ–૪૨૭ મુજબ ગુન્હા નોંધાયા

(૪) ઉચ્ચ કક્ષાઓથી અધિકારીશ્રીઓના સીધા સુપરવિઝન તથા માર્ગદર્શન હેઠળ તમામ પો. સ્ટે. ના અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓને આવા બનાવ બનતા હોય તેવી પાર્કિંગની જગ્યાઓ તથા જાહેર રોડ ઉપર વાહનોથી સખત પેટ્રોલીંગ સ્કવોડ દ્વારા બીટ, ફુટ પેટ્રોલીંગ, ખાનગીમાં વોચ રાખી આવા ગુન્હાઓ બનતા અટકાવવા સખત સુચનાઓ આપવામાં આવેલ છે અને તેની અમલવારી ચાલુ છે.

---------

## રાજ્યમાં જિલ્લામાં નાસતા–ફરતા આરોપીઓને પકડવા બાબત

અતારાંકિતઃ ૨૬૨૦ (૨૧–૧૨–૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) જામનગર જિલ્લામાં ૩૦મી સપ્ટેમ્બર–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષથી કેટલા આરોપી વોન્ટેડ છે અને કેટલા નાસતા ફરે છે,

(૨) આ આરોપીઓને પકડી પાડવા કોની જવાબદારી સોંપાઈ છે, અને

(૩) તેમને ક્યાં સુધીમાં પકડી પાડવામાં આવનાર છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :** (૧૪–૦૨–૨૦૧૪)

(૧)

| વર્ષવાર | વોન્ટેડ આરોપીઓ | નાસતા ફરતા આરોપીઓ |
|---|---|---|
| તા. ૧–૧૦–૨૦૦૮ થી તા. ૩૦–૯–૨૦૦૯ | ૧૪ | ૫૦ |
| તા. ૧–૧૦–૨૦૦૯ થી તા. ૩૦–૯–૨૦૧૦ | ૧૧ | ૩૨ |
| તા. ૧–૧૦–૨૦૧૦ થી તા. ૩૦–૯–૨૦૧૧ | ૨૧ | ૪૪ |
| તા. ૧–૧૦–૨૦૧૧ થી તા. ૩૦–૯–૨૦૧૨ | ૩૭ | ૭૪ |
| તા. ૧–૧૦–૨૦૧૨ થી તા. ૩૦–૯–૨૦૧૩ | ૬૦ | ૩૮ |
| કુલ | ૧૪૩ | ૨૩૮ |

(૨) જિલ્લાના પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ, એલ.સી.બી. એસ.ઓ.જી. અને નાસતા–ફરતાનો સ્કવોડ કાર્યરત રાખેલ છે.

(૩) અવાર–નવાર ડ્રાઈવનું આયોજન કરવામાં આવે છે અને તેઓને પકડવાના પુરતા પ્રયત્નો કરવામાં આવે છે.

---------

## જામનગર જિલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિ કરતી તાજીયા ગેન્ગ સામે પગલાં લેવા બાબત

અતારાંકિતઃ ૨૬૨૧ (૪–૦૧–૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) જામનગર જિલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિ કરતી કુખ્યાતદ ''તાજીયા ગેન્ગ'' તા. ૩૧મી ઓક્ટોબર–૨૦૧૩ની સ્થિતિએ કાર્યરત છે તે હકીકત ગૃહ વિભાગ જાણે છે.

(૨) આ ગેન્ગના સભ્યો કોણ છે અને તે કઈ કઈ ગુનાહિત પ્રવૃત્તિમાં સામેલ છે,

(૩) આ ગેન્ગ સામે તા. ૩૧મી ઓક્ટોબર–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કેટલા ગુન્હા નોંધાયા છે, અને

(૪) આ ગેન્ગને નેસ્તનાબુદ કરી દેવા શી યોજના થઈ છે અને તે જવાબદારી કોને સોંપાઈ છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :** (૧૭–૦૨–૨૦૧૪)

(૧) તાજીયા ગેન્ગની પ્રવૃત્તિ તા. ૧–૧૧–૨૦૧૨થી તા. ૩૧–૧૦–૨૦૧૩ સુધીના ગાળામાં બંધ થઈ ગયેલ છે.

(૨) (૧) શ્રી યાસીન ઉર્ફે મોટા હાજીભાઈ ઓસમાણભાઈ સુમરા, (૨) શ્રી વસીમભાઈ ઉર્ફે છોટીયો આમદભાઈ ઉમરાભાઈ, (૩) શ્રી બીપીન ઉર્ફે ઘુઘો શંકરભાઈ વિક્રમભાઈ ગોહિલ, (૪) શ્રી ડાયા ઉકા માજીરાણા ભીલ, (૫) શ્રી ગૌતમકુમારસીંગ ઉર્ફે રવિદ્રસીંગ ઉર્ફે બાબા પ્રતાપસિંગ કીનવાર, (૬) શ્રી ઈમ્તીયાઝ ઉર્ફે લીટરીયો અબ્બાસભાઈ ખીરા, (૭) શ્રી ઈરફાન જુસબભાઈ ખીરા, (૮) શ્રી રફીક હાજીભાઈ ઓસમાણ સુમરા વગેરે આ ગેન્ગના સભ્યો છે. જેઓ ગેરકાયદેસર હથિયાર રાખવામાં, શરીર સંબંધી ગુન્હા, ધાડ, લુંટ વગેરે ગુન્હામાં સામેલ છે.

(૩) ૨૫ ગુન્હા નોંધાયા છે.

(૪) આ ગેન્ગના નેસ્તનાબૂદ કરવા જિલ્લાની તમામ પોલીસ તથા એલ.સી.બી. કાર્યરત છે તથા હાલમાં આ ગેન્ગની પ્રવૃત્તિ બંધ છે.

---------

**અમરેલી અને ભાવનગર જિલ્લામાં દેશી/વિદેશી દારૂની હેરાફેરી**

અતારાંકિતઃ ૨૭૭૩ (૨૫–૦૧–૨૦૧૪) **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૧૧–૨૦૧૩ની સ્થિતિએ અમરેલી અને ભાવનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર દેશી તથા વિદેશી દારૂ ભરેલી હેરાફેરી કરતા કેવા પ્રકારના કેટલા વાહનો ક્યાંથી પકડાયા,

(૨) ઉક્ત વાહનોમાંથી દેશી તથા વિદેશી દારૂનો કેટલી કિંમતનો કેટલો જથ્થો મળ્યો,

(૩) આમાં કેટલા ઈસમોની ધરપકડ કરી અને તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) આવી ગેરકાનુની પ્રવૃત્તિને કાયમ માટે અટકાવવા સરકાર દ્વારા શાં પગલાં લેવાયા ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :** (૧૯–૦૨–૨૦૧૪)

(૧) પત્રક ''અ'' પ્રમાણે

| જિલ્લો | તા. ૦૧–૧૨–૨૦૧૦ થી તા. ૩૦–૧૧–૨૦૧૧ | તા. ૦૧–૧૨–૨૦૧૧ થી તા. ૩૦–૧૧–૨૦૧૨ | તા. ૦૧–૧૨–૨૦૧૨ થી તા. ૩૦–૧૧–૨૦૧૩ |
|---|---|---|---|
| અમરેલી | ટુ–વ્હીલર–૪૮<br>થ્રી વ્હીલર–૦૨<br>ફોર વ્હીલર–૧૮ | ટુ–વ્હીલર–૭૨<br>થ્રી વ્હીલર–૦૫<br>ફોર વ્હીલર–૪૩<br>હેવી વ્હીલર–૦૧ | ટુ–વ્હીલર–૧૨૧<br>થ્રી વ્હીલર–૦૬<br>ફોર વ્હીલર–૪૯<br>હેવી વ્હીલર–૦૫ |
| ભાવનગર | ટુ–વ્હીલર–૧૨૯<br>થ્રી વ્હીલર–૦૭<br>ફોર વ્હીલર–૪૭<br>અન્ય –૦૧ | ટુ–વ્હીલર–૧૨૧<br>થ્રી વ્હીલર–૧૪<br>ફોર વ્હીલર–૪૭<br>હેવી વ્હીલર–૦૧ | ટુ–વ્હીલર–૧૧૬<br>થ્રી વ્હીલર–૦૪<br>ફોર વ્હીલર–૩૬<br>હેવી વ્હીલર–૦૧ |

(૨) દેશી દારૂનો રૂા. ૬,૦૦,૬૮૦/–ની કિંમતનો ૨૭,૫૮૫ લીટર જથ્થો તથા વિદેશી દારૂનો રૂા. ૧,૭૮,૮૧,૦૯૯/–ની કિંમતનો ૬૮,૬૪૮ બોટલનો જથ્થો મળેલ છે.

(૩) કુલ–૧૯૯૭ ઈસમોની નશાબંધી ધારા હેઠળ ધરપકડ કરેલ છે તેમજ અવાર નવાર પ્રોહીબીશનની પ્રવૃત્તિ કરતાં ઈસમો સામે પ્રોહીબીશન કાયદાની કલમ–૯૩ હેઠળની કાર્યવાહી, તડીપાર, પાસા જેવા અટકાયતી પગલાં લેવામાં આવે છે.

(૪) જિલ્લા તથા કમિશ્નરેટ કક્ષાએ પોલીસ અધિક્ષકશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રી દ્વારા અવાર–નવાર પ્રોહીબીશન ડ્રાઈવનું આયોજન કરી પ્રોહીબીશનની પ્રવૃત્તિ કરતા ઈસમો સામે ગુન્હાઓ દાખલ કરી અટકાયતી પગલાં લેવા સૂચના આપવામાં આવે છે.

---------

**ભરૂચ, નર્મદા, તાપી અને ડાંગ જિલ્લામાં દેશી/વિદેશી દારૂની હેરાફેરી**

અતારાંકિતઃ ૨૭૮૦ (૨૫–૦૧–૨૦૧૪) **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૧૧–૨૦૧૩ની સ્થિતિએ ભરૂચ, નર્મદા, તાપી અને ડાંગ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર દેશી તથા વિદેશી દારૂ ભરી હેરાફેરી કરતા કેવા પ્રકારના કેટલા વાહનો ક્યાંથી પકડાયા,

(૨) ઉક્ત વાહનોમાંથી દેશી તથા વિદેશી દારૂનો કેટલી કિંમતનો કેટલો જથ્થો મળ્યો,

(૩) આમાં કેટલા ઈસમોની ધરપકડ કરી અને તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) આવી ગેરકાનુની પ્રવૃત્તિને કાયમ માટે અટકાવવા સરકાર દ્વારા શાં પગલાં લેવાયા ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :** (૧૯–૦૨–૨૦૧૪)

(૧) પત્રક ''અ'' પ્રમાણે

| જિલ્લો | તા. ૦૧–૧૨–૨૦૧૦ થી તા. ૩૦–૧૧–૨૦૧૧ | તા. ૦૧–૧૨–૨૦૧૧ થી તા. ૩૦–૧૧–૨૦૧૨ | તા. ૦૧–૧૨–૨૦૧૨ થી તા. ૩૦–૧૧–૨૦૧૩ |
|---|---|---|---|
| ભરૂચ | ટુ–વ્હીલર–૨૧<br>થ્રી વ્હીલર–૦૩<br>ફોર વ્હીલર–૨૨<br>હેવી વ્હીલર–૦૧ | ટુ–વ્હીલર–૨૭<br>થ્રી વ્હીલર–૦૫<br>ફોર વ્હીલર–૩૮<br>હેવી વ્હીલર–૦૧ | ટુ–વ્હીલર–૨૨<br>થ્રી વ્હીલર–૦૩<br>ફોર વ્હીલર–૩૦<br>હેવી વ્હીલર–૦૧ |
| નર્મદા | ટુ–વ્હીલર–૧૧<br>ફોર વ્હીલર–૧૧ | ટુ–વ્હીલર–૧૩<br>થ્રી વ્હીલર–૦૧<br>ફોર વ્હીલર–૧૨<br>હેવી વ્હીલર–૦૨ | ટુ–વ્હીલર–૧૬<br>થ્રી વ્હીલર–૦૨<br>ફોર વ્હીલર–૧૬<br>હેવી વ્હીલર–૦૩<br>બોટ – ૦૧ |
| તાપી | ટુ–વ્હીલર–૭૮<br>થ્રી વ્હીલર–૦૩<br>ફોર વ્હીલર–૧૪<br>હેવી વ્હીલર–૦૧ | ટુ–વ્હીલર–૪૭<br>થ્રી વ્હીલર–૦૧<br>ફોર વ્હીલર–૧૦<br>હેવી વ્હીલર–૦૭ | ટુ–વ્હીલર–૧૫<br>થ્રી વ્હીલર–૦૧<br>ફોર વ્હીલર–૧૪<br>હેવી વ્હીલર–૦૫ |
| ડાંગ | ટુ–વ્હીલર–૦<br>થ્રી વ્હીલર–૦<br>ફોર વ્હીલર–૦ | ટુ–વ્હીલર–૦<br>થ્રી વ્હીલર–૦<br>ફોર વ્હીલર–૦<br>હેવી વ્હીલર–૦ | ટુ–વ્હીલર–૦<br>થ્રી વ્હીલર–૦<br>ફોર વ્હીલર–૦<br>હેવી વ્હીલર–૦ |

(૨) દેશી દારૂનો રૂા. ૧,૬૪,૨૦૦/–ની કિંમતનો ૭,૩૯૬ લીટર જથ્થો તથા વિદેશી દારૂનો રૂા. ૧૪,૮૩,૧૧,૩૭૮/–ની કિંમતનો ૯,૨૯,૯૬૩ બોટલનો જથ્થો મળેલ છે.

(૩) કુલ–૭૧૬ ઈસમોની નશાબંધી ધારા હેઠળ ધરપકડ કરેલ છે તેમજ અવાર નવાર પ્રોહીબીશનની પ્રવૃત્તિ કરતા ઈસમો સામે પ્રોહીબીશન કાયદાની કલમ–૯૩ હેઠળની કાર્યવાહી, તડીપાર, પાસા જેવા અટકાયતી પગલાં લેવામાં આવે છે.

(૪) જિલ્લા તથા કમિશ્નરેટ કક્ષાએ પોલીસ અધિક્ષકશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રી દ્વારા અવાર–નવાર પ્રોહીબીશન ડ્રાઈવનું આયોજન કરી પ્રોહીબીશનની પ્રવૃત્તિ કરતા ઈસમો સામે ગુન્હાઓ દાખલ કરી અટકાયતી પગલાં લેવા સૂચના આપવામાં આવે છે.

---------

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૯૧૪
અતારાંકિત પ્રશ્નો

**રાજ્યમાં કાળીચૌદસના દિવસે સ્મશાનમાં તાંત્રિક વિધિઓ રોકવા પોલિસતંત્રને આદેશ બાબત**

અતારાંકિતઃ ૨૮૦૧ (૨૫-૦૧-૨૦૧૪) **ડો તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં દિવાળીના તહેવારોમાં કાળી ચૌદસનાં દિવસે સ્મશાનમાં ગુનાહીત તાંત્રિક વિધિઓ રોકવા, ચેકીંગ કરવા, રેડ પાડવા કે અન્ય કોઈ કાર્યવાહી માટે પોલિસ તંત્રને તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં કોઈ આદેશો અપાયા છે, અને

(૨) જો હા, તો તેની શી વિગતો છે?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :** (૧૮-૦૨-૨૦૧૪)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------

**વટવા જી.આઈ.ડી.સી. પાસેની ખારીકટ કેનાલમાં ઝેરી કેમિકલ છોડનારા સામે પગલાં બાબત**

અતારાંકિતઃ ૨૮૨૦ (૨૫-૦૧-૨૦૧૪) **ડો તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં અમદાવાદમાં વટવા નજીક જીઆઈડીસી પાસેથી પસાર થતી ખારીકટ કેનાલમાં રાત્રિના અંધકારમાં ઝેરી કેમિકલ છોડતાં કેટલા ટેન્કરો પોલીસ દ્વારા ક્યારે ક્યારે પકડવામાં આવ્યા,

(૨) પોલીસ દ્વારા પકડવામાં આવેલ ટેન્કરો કઈ કઈ કંપનીઓના હતા,

(૩) આવી કંપનીઓ સામે અને કંપનીના માલિકો સામે કયા-કયા ગુનાઓ નોંધવામાં આવ્યા, અને

(૪) કેટલા આરોપીઓની ધરપકડ કરી અને બાકીના આરોપીઓની ક્યાં સુધીમાં ધરપકડ કરવામાં આવશે?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :** (૧૭-૦૨-૨૦૧૪)

(૧) આવા કોઈ ટેન્કરો પોલીસ દ્વારા પકડવામાં આવ્યા નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સુરેન્દ્રનગરનાં થાનગઢ ખાતે પોલીસ દ્વારા ફાયરીંગ સંબંધમાં તપાસપંચના અહેવાલ બાબત**

અતારાંકિતઃ ૨૮૨૧ (૨૫-૦૧-૨૦૧૪) **ડો તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

